ચોથી શ્રેણી

પુસ્તક–૭૦

તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦
ફાલ્ગુન ૯, ૧૯૪૧ શાકે,
થી
તા.૩જી માર્ચ ૨૦૨૦
ફાલ્ગુન ૧૩, ૧૯૪૧ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## છઠ્ઠું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

| પુસ્તક–૭૦ | અ નુ ક્ર મ ણિ કા | ચોથી શ્રેણી |
|---|---|---|


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦ ફાલ્ગુન ૯, ૧૯૪૧ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૫ | ૧૫૪ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત(બેસ્ટ લેજીસ્લેચર એવોર્ડ આપવા અંગે) | ૧૫૫ | ૧૫૫ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર(ટેબ્લેટની ખરીદ કિંમતમાં તફાવત) | ૧૫૫ | ૧૫૭ |
| રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ) | ૧૫૮ | ૧૮૩ |
| **તા.૨જી માર્ચ, ૨૦૨૦ ફાલ્ગુન ૧૨, ૧૯૪૧ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૮૪ | ૧૯૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૯૫ | ૩૨૧ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૩૨૨ | ૩૨૫ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬) | ૩૨૬ | ૩૨૭ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો | ૩૨૮ | ૩૨૯ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૩૩૦ | ૩૫૭ |
| **તા.૩જી માર્ચ, ૨૦૨૦ ફાલ્ગુન ૧૩, ૧૯૪૧ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૩૫૮ | ૩૬૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૬૯ | ૪૮૫ |
| પોઇન્ટ ઓફ કલેરીફીકેશન (ટેબ્લેટની ખરીદ કિંમતમાં તફાવત) | ૪૮૬ | ૪૯૧ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬) | ૪૯૨ | ૪૯૯ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ અને છેલ્લો દિવસ) | ૫૦૦ | ૫૧૧ |

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦**
**ફાલ્ગુન ૯, ૧૯૪૧ શાકે**
**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**
**બોરસદ તાલુકામાં ઇંટોના ભઠ્ઠામાં બાળમજૂરી અંગેની ફરિયાદો**

* ૨૪૧૫૧ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં આવેલ ઇંટોના ભઠ્ઠાઓમાં બાળ મજૂરોને કામે રખાતા હોવા અંગેની કેટલી ફરિયાદો મળી, અને | (૧) ૦૧ (એક) |
| (૨) મળેલ ફરિયાદો અન્વયે ક્યારે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) સંસ્થા એસ.ડી.બી. ૧, બ્રિક્સ (માર્કો- S.D.B.) મું. નિસરાયા, તા. બોરસદ, જિ. આણંદના માલિક સામે તા.૧૦-૧૧-૨૦૧૮ના રોજ બાળ અને કિશોર શ્રમયોગી (પ્રતિબંધ અને નિયમન) ૧૯૮૬, અધિનિયમ હેઠળ પોલીસ સ્ટેશન બોરસદમાં એફ.આઇ.આર. નં. પી/૨૧૬/૨૦૧૮ નોંધાવેલ છે. |

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બોરસદ તાલુકામાં જે ઇંટોના ભઠ્ઠામાં ખાસ કરીને બાળ મજૂરોનો મારો પ્રશ્ન હતો. મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે કેટલા ઇંટોના ભઠ્ઠાની આપે તપાસ કરી? એમાં એક જ મજૂર પકડાયો એવું એમનું કહેવું છે. તો એફ.આઇ.આર. આપે કરી તો કઇ કઇ કલમો લગાવી? બોરસદ તાલુકામાં ગેરકાયદેસર એટલા બધા ઇંટોના ભઠ્ઠા ચાલે છે અને સરકારની રોયલ્ટી પણ એમાં જાય છે. સરકાર કોઇ ઉપર આક્ષેપ નથી અને આ અધિકારીઓની મીલીજુલી સરકારથી કેટલાય ગેરકાયદેસર ભઠ્ઠા ચાલે છે અને એની રોયલ્ટી જાય છે તો એની તપાસ કરાવવા માંગો છો કે નહીં?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દ્વારા ઇંટોના ભઠ્ઠા ઉપર બાળ મજૂરીનો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે. વિગતવાર માહિતી મેં મારા જવાબમાં પણ આપી છે અને એમનો પ્રશ્ન હતો કે કેટલી ફરિયાદ મળી? એક ફરિયાદ મળી એટલે મારા જવાબમાં મેં એક ફરિયાદનો ઉલ્લેખ કરેલો છે અને એની અંદર હું વિગતવાર માહિતી આપું તો તા.૯-૧૧-૨૦૧૮ના રોજ કલેકટરશ્રી આણંદને એસ.ડી.બી. બ્રિકસ, મુ.નિસરાયા, તા.બોરસદ, જિ. આણંદમાં ફરિયાદ મળી હતી. આ ફરિયાદ ઉત્તરપ્રદેશમાંથી દિલ્હીની અંદર કરવામાં આવી હતી અને શ્રી પ્રેમલાલ દેશરાજ, મુ. બનપુર, જિ.કાસગંજ, ઉત્તરપ્રદેશમાંથી એવી ફરિયાદ મળી હતી દિલ્હીમાં કે અમારે ત્યાંથી કેટલાક લોકોને બંદી બનાવીને ગુજરાતમાં આણંદ જિલ્લાની અંદર ઇંટોના ભઠ્ઠાની અંદર લઇ જવામાં આવ્યા છે. કલેકટરને ૯મી તારીખે ફરિયાદ મળી. તા. ૯-૧૧-૨૦૧૮ના રોજ મળી અને તા.૧૦-૧૧-૨૦૧ ના રોજ પ્રાંત અધિકારીશ્રી, મામલતદારશ્રી, પોલીસ અધિકારીશ્રી અને અમારા અધિકારીશ્રીઓ મારફત જે અમને ફરિયાદ મળી હતી એની ઉપર રેડ કરવામાં આવી અને એ રેડની અંદર અમને ત્રણ બાળ મજૂર મળી આવ્યા. શેરસિંહ હુલાસિંહ જાટ ઉંમર વર્ષ ૧૦, રાજભા હુલાસિંહ જાટ ઉ.વ.૧૦, શીવા છોટાલાલ જાટ, ઉ.વ.૧૫. એ જ દિવસે બ્રિકસવાળા ઉપર એફ.આઇ.આર. પણ દાખલ કરવામાં આવી છે અને એફ.આઇ.આર. દાખલ કર્યા પછી જે રીતે બાળકો પકડાયા એમના ઉપર એફ.આઇ.આર. દાખલ કરવામાં આવી. બાળ અને કિશોર શ્રમયોગી પ્રતિબંધક નિયમ અનુસંધાને ૧૦મી તારીખે એફ.આઇ.આર. દાખલ થઇ અને નામદાર કોર્ટની અંદર આ કેસ મૂકવામાં આવ્યો અને નામદાર કોર્ટમાં આ કલમ નીચે ૧૦૦૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો. બીજું, લઘુત્તમ વેતન અધિનિયમ અંતર્ગત જે આમાં ક્ષતિઓ જણાઇ હતી એનો પણ કેસ કરવામાં આવ્યો. ૧૫૦૦ રૂપિયા દંડ નામદાર કોર્ટે કર્યો. બીજા બાળકની અંદર આંતરરાજ્ય અહીંયા બાળ મજૂરીનો ગુનો લાગે કે બીજા રાજયમાંથી અહીંયા બંદી બનાવીને લાવ્યા છે એવી ફરિયાદના આધારે ૨૦૦૦ રૂપિયાનો દંડ બીજો પણ કરવામાં આવ્યો. સભ્યશ્રીનું કહેવું એવું છે કે માત્ર એક ફરિયાદ એક ઇંટના ભઠ્ઠા ઉપર કરી છે. ફરિયાદ મળી એટલે એના ઉપર રેડ કરી. આ સિવાય અમારું તંત્ર એમણે જે માહિતી માંગી એ મુજબ તા.૩૧-૧૨-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૯ સુધીમાં ૧૩ સંસ્થાઓ ઉપર ચકાસણી કરવામાં આવી અને બીજા વર્ષમાં ૧૯ આવા ઇંટોના ભઠ્ઠા ઉપર ચકાસણી કરવામાં આવી. માત્ર આ

એક ગુનો બન્યો એવું નથી. આ સિવાય ૮ થી ૧૦ જગ્યાએ પણ આવા ગુના દાખલ કરીને એના ઉપર ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

શ્રી ગોવિંદભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં ૨ વર્ષમાં વર્ષવાર બાળમજૂરી જનજાગૃતિ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી અને તેમાંથી કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? બાળ અને કિશોર શ્રમ પ્રતિબંધ અધિનિયમના અમલીકરણ અન્વયે રાજ્ય સરકાર દ્વારા છેલ્લે કયારે આ કાયદામાં સુધારો કરવામાં આવેલ છે? જેમાં શું જોગવાઇઓ કરવામાં આવી?

અધ્યક્ષશ્રી : કેટલી ગ્રાન્ટ, કેટલો ખર્ચ અને કાયદામાં કયારે સુધારો કર્યો? આ ત્રણ જ. ૫ મિનિટ થઇ ગઇ એક જવાબમાં?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જનજાગૃતિ લાવવા માટે આ વિભાગમાં તા.૧-૪-૨૦૧૮થી એમાં રૂ.૧,૩૦,૦૦૦/- ગ્રાન્ટ ફાળવવામાં આવી. તા.૧-૪-૨૦૧૯થી તા.૩૧-૩-૨૦૨૦ સુધીમાં રૂ.૭૭૦૦૦/- ગ્રાન્ટ ફાળવવામાં આવી. આ પૈકી ૧,૨૭,૫૯૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. એ ઇંટોના ભઠ્ઠાવાળાને પણ કલેક્ટરશ્રી મારફત એને બોલાવવામાં આવે છે. એમને બાળ મજૂરોને આવા ઇંટોના ભઠ્ઠામાં ન રાખી શકાય, એના માટે વિવિધ કોન્ફરન્સ કરીને જાણકારી આપીને આ ખર્ચ કરવામાં આવે છે. એમણે બીજું જણાવ્યું કે આ બાબતે આ અંગે કાયદામાં સુધારો કયારે કરવામાં આવ્યો? તા.૧૭-૩-૨૦૧૮ના જાહેરનામાંથી વિવિધ પ્રકારના કાયદામાં સુધારો કરવામાં આવ્યો છે.

શ્રી અમિત ચાવડા : બોરસદ તાલુકાનું દાઓલ ગામ છે. જ્યાં આવા ઇંટોના ભઠ્ઠામાં એ ભઠ્ઠાની જમીન જેમણે આપી છે તે માલિક આ ભઠ્ઠામાં જે મજૂરી કામ કરતા હતા. પૈસાની બાબતમાં વિવાદ થતા એ મજૂરને ભઠ્ઠાની અંદર નાખીને દબાવી દેવામાં આવ્યો. ત્યારપછી ઘણા લાંબા સમય પછી કંકાલ એટલે કે હાડકા મળ્યા. એના પરિવારજનોએ આ જે ફરિયાદ આપેલ એ લગભગ ૬ મહિનાનો સમય થઇ ગયો. ધારાસભ્યશ્રીએ પણ વારંવાર ડી..એસ.પી., કલેકટરશ્રીનું ધ્યાન દોર્યું તેમ છતા પણ કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી. એવા ઇંટોના ભઠ્ઠાની ફરિયાદ મળી હોય તો ગૃહ વિભાગને સાથે રાખી તપાસ કરાવી કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આવી કોઇ ફરિયાદ અમારા વિભાગને મળી નથી અને અમે જે રેડ કરી અને તપાસ કરી તેમાં આવી માહિતી આવી નથી. આવી માહિતી હોય તો અમને જાણ કરશો તો જે હશે તે તપાસ કરાવીશું.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બાળ શ્રમ નાબૂદી માટે કોઇ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલ છે તે વાત સાચી છે? હા, તો ટાસ્ક ફોર્સના સભ્ય કોણ કોણ છે? આણંદ જિલ્લામાં ટાસ્ક ફોર્સની વર્ષવાઇઝ કેટલી બેઠકો કઇ તારીખે કરવામાં આવી? આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં ૨ વર્ષમાં વર્ષવાર અત્યાર સુધીમાં કેટલી ટાસ્ક ફોર્સની રેડ કરવામાં આવેલ છે અને કેટલા નિરીક્ષણો કરવામાં આવેલ છે? નિરીક્ષણોમાં કઇ બાબતોની ચકાસણી કરવામાં આવેલ છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : રાજ્યમાં બાળ મજૂરી નાબૂદી અંગે સમગ્ર રાજ્યના બધા જિલ્લાઓમાં ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલ છે. આ ટાસ્ક ફોર્સની રચનાની અંદર કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને આ રચના કરવામાં આવેલ છે. આમાં મદદનીશ શ્રમ આયુકત હોય, જિલ્લા પોલીસ અધિક્ષક હોય, અધિક નિવાસી કલેકટર હોય છે. બે સ્વૈચ્છિક સંસ્થાના જિલ્લામાંથી પ્રતિનિધિને પણ રાખવામાં આવતા હોય છે. ડિસ્ટ્રિક્ટ જજ દ્વારા નિમાયેલ ડિસ્ટ્રિક લિગલ ઓથોરિટીના પ્રતિનિધિ પણ આ ટાસ્ક ફોર્સની અંદર હોય છે. ડિસ્ટ્રિક ટ્રાફિક યુનિટના પ્રતિનિધિ પણ હોય છે. જિલ્લા ચાઇલ્ડ વેલ્ફેર કમિટીના ચેરપર્સન પણ હોય છે. ડિસ્ટ્રિકટ ચાઇલ્ડ પ્રોટેકશન ઓફિસર પણ હોય છે, જિલ્લા શિક્ષણ અધિકારી પણ આની અંદર હોય છે. નાયબ મદદનીશ નિયામક હોય છે. ઇન્ડસ્ટ્રિયલ શેફ્ટી અને હેલ્થના અધિકારી પણ હોય છે. જિલ્લા કલેકટર મારફત આની રિવ્યુ મીટિંગ લેવામાં આવતી હોય છે. બીજો પ્રશ્ન પૂછ્યો છે કે આણંદ જિલ્લામાં ટાસ્ક ફોર્સની રચનાની કોઇ બેઠકો થઇ છે? તા.૧-૧-૨૦૧૮થી તા.૩૧-૧૨-૨૦૧૮ સુધીમાં તા.૧૩-૩-૨૦૧૮ના રોજ બેઠક થઇ. તા.૨૯-૬-૨૦૧૮ના રોજ એક બેઠક થઇ અને તા.૩-૪-૨૦૧૮ એ બેઠક થઇ. તા.૧-૧-૨૦૧૮થી ૪ બેઠકો થઇ અને તા.૧-૧-૨૦૧૯થી તા.૩૧-૧૨-૨૦૧૯ સુધીમાં ૪ બેઠકો કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બોરસદ તાલુકા અને આણંદ જિલ્લાની અંદર એકપણ ઇંટોનો ભઠ્ઠો કાયદેસર ચાલતો નથી. આ પ્રશ્ન અમે જિલ્લા સંકલનની અંદર વારંવાર પૂછીએ છીએ. પરંતુ તંત્ર દ્વારા એકપણ ભઠ્ઠાવાળા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવતી નથી. કેટલાક ભઠ્ઠાઓમાં તો વીજ જોડાણ આપવામાં આવ્યા છે. ગરીબોના છાપરામાં રેવન્યૂ સરવે નંબરમાં વીજ જોડાણ આપવામાં આવતા નથી. આવા ઇંટોના ભઠ્ઠામાં વીજ જોડાણ આપવામાં આવે છે. તો મારે પૂછવું છે કે, આણંદ જિલ્લામાં કેટલા ગેરકાયદેસર ભઠ્ઠા ચાલે છે અને કેટલા કાયદેસર ચાલે છે? ગેરકાયદેસર જે ભઠ્ઠા ચાલે છે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને મારે જણાવવાનું કે, આ ઇંટોના ભઠ્ઠાને મંજૂરી આપવાની કોઇ કાર્યવાહી અમારે કરવાની હોતી નથી. અમારે તો આવા ભઠ્ઠાઓની અંદર જેણે મંજૂરી લઇને....

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક-૨ માનનીય મંગળભાઇ ગાવીત.

ફાલ્ગુન ૯, ૧૯૪૧ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ બાકી છે.

અધ્યક્ષશ્રી : આવી ગયો જવાબ.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇએ દાઓલના ઇંટોના ભઠ્ઠામાંથી કંકાલ મળ્યા છે તેની વાત કરી છે. તેમણે જાતે અને તેના ફેમિલીના લોકોએ ડીએસપીને જાતે ફરિયાદ...

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીએ કહ્યું કે આપ તેમને મળો...

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તેની તપાસ કરાવવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : વિગત આપશો તો તે કરશે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં જાતે ફરિયાદ આપી છે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીને વિગતો આપજો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મુદ્દો એ નથી. કંકાલ મળ્યું ત્યારે ડીએસપીને મળીને રજૂઆત કરી છે...

અધ્યક્ષશ્રી : એસપીને રજૂઆત કરી પણ અહીં તમે મંત્રીશ્રીને પ્રશ્ન પૂછ્યો છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી એમ કહે છે કે, અમને આવી કોઇ જાતની ફરિયાદ મળી નથી એ બરાબર નથી.

અધ્યક્ષશ્રી : એમની પાસે નથી મળી. આ મંત્રીશ્રીને નથી મળી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રી એમ કહે છે કે, કંકાલ મળ્યું ત્યારે રજૂઆત કરી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી :પ્રશ્ન ક્રમાંક-ર શ્રી મંગળભાઇ ગાવિત... આમાં હવે આગળ ના હોય. એમણે કહ્યું કે મને વિગતો આપો હું તપાસ કરીશ. તે કયાં ના પાડે છે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પોતે જયાં સ્થળ તપાસ કરીને ગૃહ વિભાગ, સરકારને અને સ્થાનિક તંત્રને લેખીત, મૌખિક વારંવાર જાણ કરી છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ આ મંત્રીશ્રી એ જ કહે છે કે મને માહિતી આપજો હું તપાસ કરાવીશ. કહે છે તો ખરા.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ફલોર ઉપર માહિતી આપે છે.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, આપ બેસી જાઓ, પ્લીઝ. આપ શેના માટે વારેઘડીએ ઉભા થાઓ છો? આપ શેના માટે ઉભા થાઓ છ? પ્લીઝ, આપ બેસી જાઓ. વચ્ચે વચ્ચે ઉભા ના થાઓ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રી...

અધ્યક્ષશ્રી : અરે, માનનીય પરેશભાઇ ઉભા છે અને તમે વારંવાર વચ્ચે ઉભા થાઓ છો. આવું ન હોય. માનનીય પુંજાભાઇ આવું ન હોય.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ સ્પષ્ટ પ્રશ્ન કર્યો છે. એક બાળકના મૃત્યુનો પ્રશ્ન છે. તેની ગંભીરતાને લઇને ધારાસભ્યશ્રીએ ફરિયાદ કરી છે, લેખીતમાં કરી છે અને આ વિધાનસભામાં પણ કરી છે.

અધ્યક્ષશ્રી : આ વિભાગનો નથી, તેમના મંત્રીશ્રી પાસે આ પ્રશ્ન આવ્યો નથી.

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન લેબર વિભાગનો છે અને તે વિભાગના મંત્રીશ્રી તેનો જવાબ આપી રહ્યા છે. હવે માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો છે તે હોમ ડિપાર્ટમેન્ટનો છે. એટલે આખા સ્કોપની બહારનો પ્રશ્ન છે. છતાં પણ મારા મંત્રીએ જવાબ આપ્યો છે કે, મને માહિતી આપજો હું આગળ તપાસ કરવા માટે તૈયાર છું. તે કયાં ના પાડે છે.

### રાજકોટ જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ મળેલ અરજીઓ

* ૨૧૭૦૧ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૧ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯૨ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૭૩૬૮૦૦/- |

શ્રી લાખાભાઇ સાગઠિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સંત સુરદાસ યોજના કયારે અમલમાં આવી અને આ યોજનાનો હેતુ શું છે?

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦
## તારાંકિત પ્રશ્નો

શ્રી ઈશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સંત સુરદાસ યોજના ક્યારે અમલમાં આવી અને હેતુ શું છે તો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ગાંધીનગરના ઠરાવથી તા.૨૨–૯–૨૦૦૦થી તીવ્ર દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને આર્થિક સહાય આપવા માટે આ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. તેના હેતુની વાત કરું તો તીવ્ર દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓનો સર્વાંગી વિકાસ થાય તેમજ તેઓને નાણાકીય સહાય પૂરી પાડી તેમનું સામાજિક પુનઃસ્થાપન થાય તે હેતુથી આ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાંથી છૂટા પડેલા મોરબી જિલ્લાના પ્રજ્ઞા ચક્ષુઓનો પ્રશ્ન છે. તેમને લાંબા સમયથી આવી કોઇ રાહત મળી નથી તેવી રજૂઆત મને મળેલી છે. તો આવા પ્રજ્ઞા ચક્ષુઓને મળવાપાત્ર સહાય આપવામાં કેમ વિલંબ થયો છે અને જિલ્લા કક્ષાના અન્ય સહાયના કેમ્પ યોજીએ છીએ તો પ્રજ્ઞા ચક્ષુઓને સહાય આપવાનો કેમ્પ યોજવા માગો છો કે કેમ?

શ્રી ઈશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હાલ આ રાજકોટ જિલ્લાનો પ્રશ્ન છે પણ માનનીય સભ્યશ્રીએ જે એમની લાગણી વ્યક્ત કરી છે અને આ માનનીય વિજયભાઇ રૂપાણી સાહેબની સરકાર આમાં ખૂબ જ સંવેદનશીલ છે અને એમની સહાયમાં ઉત્તરોત્તર વધારો કરી રહ્યા છે ત્યારે આગામી દિવસોમાં આપ અમને સૂચન કરજો તે પ્રમાણે અમે મોરબી જિલ્લામાં પણ આયોજન કરીશું.

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સંત સુરદાસ યોજના હેઠળ યોજનાના સહાયના ધોરણોમાં ક્યારે ક્યારે અને કેટલી કેટલી રકમનો વધારો કરવામાં આવ્યો?

શ્રી ઈશ્વરભાઇ ર. પરમાર :માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, તારીખઃ ૨૦–૧૦–૨૦૦૬ના રોજ સહાયની રકમ ૧૦૦ રૂપિયા હતી એને વધારીને ૨૦૦ રૂપિયા કરવામાં આવી, તારીખઃ૩૧–૭–૨૦૧૪ના રોજ સહાયની રકમ ૨૦૦ રૂપિયા હતી એને વધારીને ૪૦૦ રૂપિયા કરવામાં આવી અને ત્રીજો સુધારો તારીખઃ૧–૪–૨૦૧૭થી સહાયની રકમ ૪૦૦ રૂપિયા હતી એમાં ૨૦૦ રૂપિયાનો વધારો કરીને ૬૦૦ રૂપિયા કરવામાં આવેલ છે અને હાલમાં પરમ દિવસે નાણાં મંત્રીશ્રીએ જે બજેટ રજૂ કર્યું એમાં પણ અમારી સંવેદનશીલ સરકાર દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧ ના બજેટમાં માનસિક દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓ માટેની સહાય ૬૦૦ રૂપિયાથી વધારીને ૧૦૦૦ રૂપિયાની કરવામાં આવી છે.

### અમરેલી અને ભાવનગર જિલ્લામાં નવા બોર/કુવા બનાવવા બાબત

* ૨૪૧૪૦ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ અને ૨૦૧૯–૨૦માં અમરેલી અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર રીજૂવીનેશન કાર્યક્રમ હેઠળ બોર/કુવા બનાવવા કુલ કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લામાં તાલુકાવાર ઉક્ત નાણાકીય વર્ષવાર કુલ કેટલા નવા બોર/કુવા બનાવવામાં આવેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા નવા બોર/કુવા બનાવવાના બાકી છે, અને

(૪) બાકી બોર/કુવા બનાવવાનું કામ કેટલા સમયમાં પુરુ કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) પરિશિષ્ટ મુજબ.

### પરિશિષ્ટ

| જિલ્લો – અમરેલી | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તાલુકા | વર્ષ ૨૦૧૮–૧૯ | | | | | | વર્ષ ૨૦૧૯–૨૦ | | | | | | | |
| | મંજૂર થયેલ બોર | પૂર્ણ થયેલ બોર | ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) | મંજૂર થયેલ કુવા | પૂર્ણ થયેલ કુવા | ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) | મંજૂર થયેલ બોર | પૂર્ણ થયેલ બોર | ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) | મંજૂર થયેલ કુવા | પૂર્ણ થયેલ કુવા | બાકી રહેલ કુવા | પૂર્ણ કરવાનું આયોજન | ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
| અમરેલી | ૧૪ | ૧૪ | ૪૬.૯૪ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૭.૪૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| લાઠી | ૨ | ૨ | ૬.૧૩ | ૦ | ૦ | ૦ | ૫ | ૫ | ૯.૮૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| લીલીયા | ૫ | ૫ | ૮.૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦.૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| બાબરા | ૩ | ૩ | ૧૧.૩૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦.૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુકાવાવ | ૭ | ૭ | ૩૨.૩૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦.૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| બગસરા | ૯ | ૯ | ૫૫.૯૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦.૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધારી | ૧૦ | ૧૦ | ૪૬.૬૫ | ૧ | ૧ | ૩.૬૪ | ૩૦ | ૩૦ | ૧૭૮.૮૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| રાજુલા | ૨ | ૨ | ૫.૯૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૧.૪૩ | ૧ | ૦ | ૧ | જુલાઈ–૨૦૨૦ | ૮.૪૨ |
| ખાંભા | ૭ | ૭ | ૨૧.૦૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૫.૬૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સાવરકુંડલા | ૧૦ | ૧૦ | ૨૭.૭૪ | ૦ | ૦ | ૦ | ૪ | ૪ | ૧૭.૫૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | **૬૯** | **૬૯** | **૨૬૨.૦૦** | **૧** | **૧** | **૦** | **૪૫** | **૪૫** | **૨૨૦.૭૧** | **૧** | **૦** | **૧** | **૦** | **૮.૪૨** |

| **જિલ્લો – ભાવનગર** | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | **વર્ષ ૨૦૧૮–૧૯** | | | | | | **વર્ષ ૨૦૧૯–૨૦** | | | | | | | |
| **તાલુકા** | **મંજૂર થયેલ બોર** | **પૂર્ણ થયેલ બોર** | **ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં)** | **મંજૂર થયેલ કુવા** | **પૂર્ણ થયેલ કુવા** | **ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં)** | **મંજૂર થયેલ બોર** | **પૂર્ણ થયેલ બોર** | **ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં)** | **મંજૂર થયેલ કુવા** | **પૂર્ણ થયેલ કુવા** | **બાકી રહેલ કુવા** | **પૂર્ણ કરવાનું આયોજન** | **ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં)** |
| ઘોઘા | ૩ | ૩ | ૮.૩૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦.૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| વલ્લભીપુર | ૩ | ૩ | ૧.૮૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦.૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ઉમરાળા | ૨ | ૨ | ૫.૪૮ | ૦ | ૦ | ૦ | ૪ | ૪ | ૧૬.૯૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| શિંહોર | ૧૨ | ૧૨ | ૫૩.૬૫ | ૦ | ૦ | ૦ | ૫ | ૫ | ૨૪.૧૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| તળાજા | ૧૦ | ૧૦ | ૩૨.૬૩ | ૦ | ૦ | ૦ | ૮ | ૮ | ૩૦.૨૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| પાલીતાણા | ૩ | ૩ | ૧૦.૪૩ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૫.૮૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મહુવા | ૩ | ૩ | ૧૪.૦૭ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૫.૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| જેસર | ૦ | ૦ | ૦.૦૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૩ | ૧૫.૫૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | **૩૬** | **૩૬** | **૧૨૬.૪૨** | **૦** | **૦** | **૦** | **૨૩** | **૨૩** | **૯૭.૭૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** |

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્ર વિસ્તાર અને એમાં પણ ખાસ કરીને અમરેલી અને ભાવનગર જિલ્લો જ્યાં નર્મદાનું પાણી મળતું નથી ત્યાં રીજૂવીનેશન યોજના નીચે બોર અને કૂવા બનાવીને લોકોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. અમે ધારાસભ્યશ્રીઓ અનેક રજૂઆતો કરીએ છીએ. માનનીય મંત્રીશ્રીએ માહિતી આપી છે કે વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં ૬૯ બોર બનાવ્યા અને ૬૯ કામ પૂર્ણ કર્યા. ધારી તાલુકામાં માત્ર એક કૂવો બનાવ્યો. પાણી પુરવઠા મંત્રી જ્યારે કોંગ્રેસના ધારાસભ્ય હતા ત્યારે મારા વિસ્તારમાં હું એમને લઇને ગયો હતો સુકરોડા ગામે બોર બન્યો આજે પણ ત્યાં પાણી પીવાય છે. આજે એમનો પડોશી વિસ્તાર છે જે વિસ્તારનો હું ધારાસભ્ય છું. અમારી બહેનો આજે પણ આટલો વરસાદ આવ્યા પછી કુંડળમાં પાણીના બેડાં લઇને ફરે છે. આજે પેપરમાં હેડલાઇન લખી છે. ત્યારે રીજૂવીનેશન યોજનામાં જે પૈસા છે એમાં વધારે ફાળવણી કરીને અમે કરેલી માગણી પ્રમાણે અમરેલી જિલ્લા અને ભાવનગર જિલ્લામાંથી બોર માટે કેટલી રજૂઆતો આવી, જિલ્લામાં કેટલા બોર હયાત છે, કેટલા બોરમાં પાણી આવતું નથી? ધારી અને રાજુલા તાલુકામાં કૂવા બનાવ્યા તેમાં કેટલા ફૂટે પાણી આવ્યું તેની વિગતો સાથે પીવાનું પાણી પૂરું પડાય તેના માટે સરકાર સતત વાતો કરે છે કે અમારી સરકાર કમિટેડ છે તો અમારા વિસ્તારમાં પાણી આપવા માટે આ બોર યોજના મારફતે કેટલા સમયમાં અમારી માગણીના કામો પૂરા કરવામાં આવશે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી વિરજીભાઇએ પીવાના પાણી માટેની જે ચિંતા વ્યક્ત કરી છે...

અધ્યક્ષશ્રી : એમના ત્રણ પ્રશ્નો છે કેટલી માગણી આવી, હયાત કેટલા છે અને કેટલા ફૂટે પાણી આવે છે આનો જવાબ ઝડપથી આપો.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા: માનનીય અધ્યક્ષશ્રી, હા, અમારી સરકાર પીવાના પાણી માટે ખૂબ ચિંતિત છે. ગત બજેટમાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રી બન્ને પીવાના પાણી માટે જોગવાઇ કરવા માટે ખૂબ વરસ્યા છે, ૨૦૧૮–૧૯ના વરસમાં જે બોર અને કૂવાની માગણી આવી હતી એ તમામ બોર અમે કરી આપ્યા છે. એક કૂવાની માગણી હતી એ પણ અમે કરી આપ્યો છે. અમરેલી જિલ્લાની હું વાત કરું તો વર્ષ ૨૦૧૮–૧૯માં કુલ ૬૯ બોરની માગણી આવેલી અને એની પાછળ રૂપિયા ૨૬૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો, એક કૂવાની માગણી આવી હતી...

અધ્યક્ષશ્રી : એમણે ખર્ચ પુછ્યો નથી.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી,એક કૂવો પણ કરી નાંખવામાં આવેલો. વર્ષ ૨૦૧૯–૨૦માં ૪૫ માગણીઓ આવેલી તે તમામ કરી આપેલી છે. કોઇપણ જગ્યાએ કૂવાની માગણી આવે તો પહેલાં તો ત્યાં ટ્રાયલ બોર કરવામાં આવે, ફીઝીબીલીટી ચેક કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : એવું પણ નથી પુછ્યું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે, તેઓ અમારા સીધા પડોશી છે અને ખાસ કરીને અમરેલી અને ભાવનગર જિલ્લો તેમાં ખારો પાટ અને મીઠો પાટ એમ પાણી બે ભાગમાં વહેંચાયેલુ છે. પાણી પીવાલાયક છે કે કેમ તેની ખાતરી કર્યા પછી જ આપણે નવા બોર કે કૂવા મંજૂર કરતા હોઇએ છીએ. આપના મારફત મારે મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે, સરકારે પાણી ઘર ઉપયોગ માટે અને પીવા માટે આ બે તબક્કા

પાડીએ તો નર્મદાનું પાણી અમરેલી, ભાવનગર, જૂનાગઢ અને સૌરાષ્ટ્રમાં લઇ જઇએ છીએ. તો ઘર–વપરાશ માટે કપડાં, વાસણ તેના માટેનો લોકલ સ્ત્રોત ઉપલબ્ધ છે પણ આપણે લઇ શકતા નથી એટલે જે ડાર, બોર અને કૂવો કરતા પહેલાં પાણી પીવાલાયક છે કે નહીં અને જો પીવાલાયક હોય તો જ આપણે નવા ડાર કે કૂવા મંજૂર કરીએ છીએ તેના બદલે ઘર–વપરાશ માટે પણ આવા વિસ્તારની અંદર મંજૂરી આપવા માગો છો કે કેમ ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીએ જે વાત કરી તેમા પહેલાં તો બોર કરીએ તે ફિઝીબલ છે કે કેમ તે ટ્રાયલ બોર થયા પછી પીવાલાયક છે કે કેમ ? અને પછી તેના આનુષંગિક કામ કરવામાં આવે છે. આ સરકારે નીતિ નક્કી કરી છે કે આગામી દિવસોમાં જયાં ખાસ કરીને ખારો પાટ વિસ્તાર છે અથવા જયાં પીવાલાયક પાણી નથી મળતું ત્યાં સરફેસ વોટર આપવું અને તેના માટે આપની પરમિશનથી હું ચોક્કસ કહીશ કે અમરેલી જિલ્લામાં ૨૩૭ ગામ એવા હતા કે જે પીવાલાયક ન મળે અથવા તો ઓછું મળતું હોય એવા ચાર શહેરોમાં લગભગ ૧૧૬૮૯ લાખ રૂપિયાની આ યોજનાઓ કયાંક નવી યોજના અથવા તો કયાંક મોડીફાઇડ યોજના અને સરફેસ વોટરીંગ ગામ સુધી મળે તે માટે અમારી આ સરકારે ગત બજેટમાં પણ જોગવાઇ કરી છે અને એની પહેલાંની જે જોગવાઇઓ મંજૂર થયેલી છે. હું વિપક્ષના નેતાશ્રીને કહું કે ખાસ કરીને જે પીવાના પાણીની મુશ્કેલીઓ સાવરકુંડલાથી ખાંભા સુધીની યોજના આ મંજૂર થઇ છે અને અત્યારે કામગીરી ચાલુ છે. એવી જ ધારી ગ્રૃપ વિસ્તારમાં જે ગાવડકા અને બોરજર વિસ્તારની અંદર જે પીવાના પાણીની થોડીક મુશ્કેલી છે એવા વિસ્તારમાં પણ ૩૪૬૭ લાખ રૂપિયાની યોજનાનું કામ આજે પ્રગતિમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવો થોડો લાઠી અને લીલીયા વિસ્તારમાં કે જયાં ૭૧ લાખ રૂપિયાની સુધારણા યોજનાનું કામ ચાલુ છે. એવી જ બીજી ૧૧ યોજનાઓ અમરેલી જિલ્લામાં આજે કાર્યરત છે કયાંક સુધારણાની યોજના છે અથવા તો કયાંક પાઇપ લાઇન નાંખી અને મોડીફાઇડ કરવા માટેની યોજના છે પણ આવા ખારાપાટ વિસ્તારની અંદર પીવાનું પાણી સરફેસ વોટરનું ચોખ્ખું અને શુદ્ધ મળી રહે તે માટેનું રાજય સરકારે આયોજન કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે પણ જે ગામડાંની અંદર ખાસ કરીને ચાવંડ, વરછડા અને સીમરણ સુધીની જે પીવાના પાણીની બલ્ક પાઇપ લાઇનનું કામ ચાલુ છે કે જેના લીધે તે કામ પૂર્ણ થતા ૧૩૫ જેવા ગામડાંની અંદર પીવાનું ચોખ્ખું પાણી મળી રહે તે માટેની પણ જોગવાઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બજેટમાં પણ માનનીય નાણામંત્રીશ્રીએ બલ્ક પાઇપ લાઇન નાંખવાની મંજૂરી આપી. જેમાં ખાસ કરીને નાવડા, બોટાદ, ગઢડા અને ચાવંડ સુધીની પાઇપ લાઇનનું કામ ચાલુ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી હવે ના બોલશો તે કહે છે મારો જવાબ જ નથી આવ્યો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન બહુ સ્પષ્ટ હતો અને આ સમગ્ર સૌરાષ્ટ્રને અસર કરતો મુદ્દો છે. આપણે કોઇપણ યોજનામાંથી બોર કે કૂવો મંજૂર કરીએ તો તેના ફિઝીબીલીટી રિપોર્ટની સાથે પાણી પીવાલાયક છે કે કેમ, એટલે ત્યાં મંજૂરી નથી આપતા તળમાં પાણી છે પણ આપણે એ તળનું પાણી ઉલેચવાની મંજૂરી આપતા નથી એટલે મારી વિનંતી એ છે કે સરફેસ વોટરથી આપ પીવાનું પાણી ઉપલબ્ધ થાય તે દૂરથી આવે છે, મોંઘુ આવે છે તો ઘર–વપરાશનું પાણી છે તે સ્થાનિક સોર્સમાંથી ઉપયોગ કરી શકાય અને પીવાનું પાણી આપણે બહારથી આપીએ તો પાણીની શોર્ટેજ જે છે તે નિવારી શકાય.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ટૂંકો પૂછોને ?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારું સકારાત્મક સૂચન છે એટલે મારી વિનંતી છે કે ઘર–વપરાશનું પાણી અને પીવાનું પાણી આ બન્ને બાયફર્ગેશન કરી બોર અને કૂવાની મંજૂરીઓ આપવા માગો છો કે કેમ ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ રીજૂવીનેશન યોજના હેઠળ જયાં માગણી આવે છે ત્યાં માગણી આવે અને તરત જ બોર કરીએ છીએ અને એ બોરમાંથી પીવાલાયક પાણી હોય તો જ આપીએ છીએ બાકી આ સરફેસ વોટર દરેક ગામ સુધી પહોંચે છે. પહેલાં ૭૦ લિટર હતું. હવે અમે ગામડાંમાં વ્યક્તિ દીઠ ૧૦૦ લિટર સુધી પાણી મળે એ માટે આયોજન કરી લીધું છે.

શ્રી પ્રતાપ દૂધાત : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, નર્મદાની પાઇપલાઇન ગામ સુધી જતી હોય પણ પાણી ન જતું હોય એવા ગામોમાં પાણી પુરવઠા બોર્ડની મંજૂરી વગર બોર કે કૂવા આપવામાં આવતા નથી તો એવા ગામોનો સરવે કરી ત્યાં બોર કે કૂવા આપવા માગો છો કે કેમ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે ગામમાંથી એની માગણી આવશે ત્યાં એની ફિઝિબીલીટી જોઇ એવા ગામમાં ચોક્કસ પીવાનું પાણી મળે એ માટે ત્યાં બોર અથવા કૂવો કરી આપવાની તૈયારી છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે, ૨ વર્ષમાં ૨૬૨ અને ૨૨૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે ત્યારે રીજૂવીનેશન યોજનામાં માટે જે વિસ્તારમાં નર્મદાનું પાણી મળતું નથી ત્યાં અમે ધારાસભ્યો માગણી કરીએ ત્યાં બોર–કૂવા કરવા માગો છો કે કેમ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં એવું છે કે જે ગામની માગણી આવે અને તરત જ ૧૦ ટકા રકમ ભરવાની તૈયારી હોય તો એ ગામમાં બોર કે કૂવો કરવાની રાજ્ય સરકારની તૈયારી છે.

ફાલ્ગુન ૯, ૧૯૪૧ શાકે

તારાંકિત પ્રશ્નો

## તાપી અને નવસારી જિલ્લામાં સરકારી જમીન પર દબાણ

* ૨૪૧૯૬ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ તાપી અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કરી જિંગા ફાર્મ ઉભા કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે,

(૧)

| | |
|---|---|
| તાપી | ના, જી. |
| નવસારી | હા, જી. |

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે, અને

(૨)

| | |
|---|---|
| તાપી | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| નવસારી | જલાલપોર તાલુકાના ભીનાર ગામે બ્લોક નં.૭૭૪માં આશરે હે.૧–૦૦–૦૦ ચો.મી. તથા બોરસી ગામે બ્લોક નં.૫૧માં આશરે હે.૧–૦૦–૦૦ ચો.મી. જેટલી જમીનના દબાણ કરવામાં આવેલ છે. |

(૩) ઉક્ત સરકારી જમીન પરના તમામ ગેરકાયદેસર દબાણ ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

(૩)

| | |
|---|---|
| તાપી | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| નવસારી | સત્વરે |

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે મારે એ જાણવું છે કે તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ તાપી અને નવસારીમાં ગેરકાયદેસર જિંગા ફાર્મ ઊભા કરવામાં આવ્યા છે. એ હકીકત સાચી છે એવું પણ એમણે લખ્યું છે ત્યારે જલાલપોર તાલુકાના ભિનાર ગામે અને બોરસી ગામે જે બે બ્લોકમાં ગેરકાયદેસર જિંગા ફાર્મ ઊભા કરવામાં આવ્યા છે એ સરકારના ધ્યાન ઉપર ક્યારે આવ્યું અને એ ઇસમો સામે કેવા પગલાં ભરવામાં આવ્યા છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એમાં આજની તારીખે બંને જગ્યાએ એક–એક હેક્ટરનું દબાણ દૂર કરી નાખ્યું છે. મારી પાસે ચોક્કસ તારીખ નથી પણ હું આપના દ્વારા સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે અવાર–નવાર મુખ્યમંત્રીશ્રીની ઓફિસમાં અને અમારી ઓફિસમાં જે ગેરકાયદેસર થતું હોય એની રજૂઆત આવતી હતી. તેથી મુખ્યમંત્રીશ્રીએ ઓક્ટોબર – ૨૦૧૮માં આદેશ આપ્યો કે એક ચોક્કસ નીતિ બનાવો, જેથી જિંગાનું ઉત્પાદન રોજગારલક્ષી, વિદેશી હુંડિયામણલક્ષી બને. ભારત સરકારે પણ મત્સ્યોધોગને પ્રોત્સાહન આપવા માટે આ નવા બજેટમાં ઘણી બધી જોગવાઇઓ કરી છે એટલે રાજ્યના હિતમાં આ ઉદ્યોગને પ્રોત્સાહન મળે એ માટે ચોક્કસ નીતિ બનાવવાનો મુખ્યમંત્રીશ્રીએ અમને આદેશ આપ્યો. ઓક્ટોબર – ૨૦૧૮માં આ દબાણો ન થાય, સરકારને આવક થાય, રોજગારી મળે એ બધા પાસાંઓને ધ્યાનમાં રાખીને એક નીતિ બનાવી છે. લગભગ આઠ જિલ્લાને અસર કરતો આ પ્રશ્ન છે. જો આપ પરમિશન આપો તો આખી નીતિ આપના દ્વારા સભાગૃહના ધ્યાને મૂકવા માગું છું.

અધ્યક્ષશ્રી : આ જિંગા જિંગા બહુ ના બોલશો. ઘણા બધાના મોઢામાં પાણી આવી જશે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ મત્સ્ય ઉછેર યોજનાને પ્રોત્સાહન આપવા માટે જે જમીન આપવામાં આવે છે એની શરતો કઇ–કઇ છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા સભાગૃહના ધ્યાન પર મૂકવા માગું છું કે જે જમીન ફાળવણીની નીતિ બનાવી છે એમાં વ્યક્તિગત ધોરણે સ્વસહાય જૂથોને આપવામાં, સહકારી મંડળીઓને આપવામાં, રાજ્ય સરકારના નિગમો, જાહેર ખાનગી કંપનીઓને જમીન આપવાની નીતિ બનાવી છે. એમાં વ્યક્તિગત રીતે ૩૫ ટકા કુલ મેપીંગ કલેક્ટર દ્વારા અને મત્સ્યોધોગ કમિશનર દ્વારા એનું માસ્ટર મેપીંગ થાય છે. એનું માસ્ટર મેપીંગ થાય છે અને એ માસ્ટર મેપીંગ કર્યા પછી ૩૦ ટકા જમીન એ વ્યક્તિગત ધોરણે, સ્વસહાય જૂથોને ૧૦ ટકા જમીન, સહકારી મંડળીઓને ૨૦ ટકા જમીન, રાજ્ય નિગમો અને જાહેર કંપનીઓને ૩૫ ટકા જમીન આપવામાં આવે છે. વ્યક્તિગત રીતે વધુમાં વધુ ૫ હેકટર, સ્વસહાય જૂથમાં વધુમાં વધુ ૧૦ હેકટર, સહકારી મંડળીઓને વધુમાં વધુ ૫૦ હેકટર, સરકારી કંપનીઓ અને જાહેર કંપનીઓને વધુમાં વધુ ૧૦૦ હેકટર. એમાં અરજી કરવાની હોય છે. વ્યક્તિગત રીતે સ્વસહાય જૂથમાં ૧૦૦ રૂપિયા, સહકારી મંડળીઓમાં ૫૦૦ રૂપિયા અને જાહેર સાહસો અને જાહેર કંપનીઓને ૧૦૦૦ રૂપિયા, લાયકાતના ધોરણો પણ નક્કી કર્યા છે. એની અંદર વ્યક્તિગત રીતે પ્રમા પત્ર અથવા મત્સ્યોધોગ કમિશનર જેને પ્રમાણપત્ર આપે એ લોકો જ અરજી કરી શકે અને અને એ રીતે અમે આપતા હોઇએ છીએ. એ પ્રથમ ૩ વર્ષ માટે ભાડા પટ્ટે જમીન આપીએ છીએ, પોતાની માલિકી નહીં, સરકારની માલિકી રહે છે. એમાં વ્યકિતગતમાં ૩ વર્ષમાં પ્રતિ હેકટરે એક હજાર રૂપિયા, સ્વસહાય જૂથમાં પ્રતિ હેકટરે ૧ હજાર રૂપિયા, સહકારી મંડળીઓને પ્રતિ હેકટરે ૫ હજાર રૂપિયા, સરકારી અને ખાનગી કંપનીઓને પ્રતિ હેકટરે ૧૦ હજાર રૂપિયા, ૪ થી ૬ વર્ષ માટે ૫ હજાર રૂપિયા,

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રી...

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ નીતિ છે એટલે બધાને ખબર પડે એટલા માટે દબાણ કરવાનો પ્રશ્ન ન થાય.

અધ્યક્ષશ્રી : હજુ કેટલું બાકી છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નીતિ પ્રમાણે થાય તો દબાણ કરવાનો પ્રશ્ન ન આવે.

અધ્યક્ષશ્રી : લેખિતમાં આપી દેજો.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : જી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, આ જિંગા ફાર્મ છે એમાં ખારું પાણી નાંખવામાં આવે છે. એ ખારું પાણી જિંગા ફાર્મની જે ઉપજ હોય તે લઇ અને જે આજુબાજુના વિસ્તારમાં નાંખવામાં આવે છે જે નુકસાન કરે છે. એ નુકસાન કરે એટલે એમને રોજી રોટી મળે તેનો વાંધો નથી, પણ બીજાની રોજી રોટી છિનવાઇ ન જાય, એટલા માટે થઇને આ પાણી છે એનો નિકાલ કરવા માટે સરકાર પાઇપ લાઇન દ્વારા દરિયામાં એ પાણી પાછું નાંખવા માગે છે કે કેમ? આ સૂચન છે એવું નહીં પણ મને જવાબ આપજો.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગે જમીન આપવાની છે એટલે મત્સ્યોધોગ કેવી રીતે થાય એ મારો પ્રશ્ન નથી. આપના દ્વારા...

અધ્યક્ષશ્રી : પછી જવાબ આપવાનો રહેતો જ નથી.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : આપના દ્વારા ગુજરાતમાં કુદરતી રીતે મત્સ્યોધોગ અને જિંગાની જે ખાસ ગુણવત્તા થાય છે એની આખા વિશ્વમાં માંગ છે. એટલે આ ઉધોગને પ્રોત્સાહન મળે એટલે સરકારે નીતિ બનાવી અને એટલે નીતિ પ્રમાણે એ થાય.

અધ્યક્ષશ્રી : એમની ચિંતા છે.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ત્યાં ખંભાળીયામાં આનો પ્રશ્ન થયો હતો. સાહેબ, અમારા એ જિંગા ફાર્મ છે એ બંધ કરાવ્યા હતા. એટલા માટે આ ખાનગીમાં પણ છે. પાણી દૂર કરવા માટેની વાત છે.

અધ્યક્ષશ્રી : આપની ચિંતા છે. પ્રશ્ન ક્રમાંક–૬

### સુરત જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ મળેલ અરજીઓ

* ૨૧૭૩૦ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૨૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૮ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૧૬૮૬૦૦/– |

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સુરત જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ તા.૧–૧–૨૦૧૮થી તા.૩૧–૧૨–૨૦૧૯ સુધી તાલુકાવાર કેટલી અરજીઓ મળી, કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી, ના મંજૂર કરી, અને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી એ મને જણાવે?

અધ્યક્ષશ્રી : એકદમ ટૂંકમાં કહો મંત્રીશ્રી, કેટલી અરજીઓ મળી?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં કુલ ૨૮ અરજીઓ મળી.

અધ્યક્ષશ્રી : કેટલી નામંજૂર કરી?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૨૮ અરજીઓ મળી અને ૨૮ મંજૂર કરી.

અધ્યક્ષશ્રી : કેટલો ખર્ચ થયો ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૧,૬૮,૬૦૦ રૂપિયાની એમાં સહાય ચૂકવવામાં આવી છે.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે, સંત સુરદાસ યોજના હેઠળ તા.૧–૧–૨૦૧૮થી તા.૩૧–૧૨–૨૦૧૯ સુધી રાજયમાં જિલ્લાવાર કુલ કેટલી અરજીઓ મળી તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી અને કેટલી સહાય ચૂકવવામાં આવી.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૨૫૦૪ અરજીઓ મળી એ પૈકી ૨૧૪૩ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને ૩૫૮ અરજીઓ નામંજૂર કરવામાં આવી. જે ત્રણ અરજીઓ પડતર હતી એનો પણ નિકાલ થઇ ગયો છે. જે ૩૫૮ અરજીઓ નામંજૂર થઇ છે એમાં ઉંમર વધુ હોવાના કારણે પાંચ અરજીઓ, દિવ્યાંગતા ઓછી હોવાના કારણે ૧૦૦

અરજીઓ, બી. પી. એલ. યાદીમાં નામ ન હોવાના કારણે ૨૪૪ અરજીઓ અને અગાઉ લાભ લીધેલ હોવાના કારણે ૬ અરજીઓ અને વારંવાર પૂર્તતા કરવા માટે લખવા છતાં અરજદાર તરફથી સમયસર પૂર્તતા ન થવાને કારણે ૩ અરજીઓ આમ કુલ ૨૫૦૪ પૈકી ૩૫૮ અરજીઓ નામંજૂર થઇ છે.

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ અને પશુધન નિરીક્ષકની મંજૂર જગ્યાઓ**

* ૨૪૦૪૦ **શ્રી શીવાભાઈ ભૂરીયા** (દિયોદર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ પશુ ચિકિત્સા અધિકારી વર્ગ–૨ અને પશુધન નિરીક્ષકની બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૧)

| અ.નં. | જિલ્લો | પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ની મંજૂર જગ્યાઓ | પશુધન નિરીક્ષક વર્ગ–૩ની મંજૂર જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૬૪ | ૧૧૧ |
| ૨ | કચ્છ | ૪૪ | ૯૮ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી ખાલી છે, અને

(૨)

| અ.નં. | જિલ્લો | પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ | | પશુધન નિરીક્ષક વર્ગ–૩ | |
|---|---|---|---|---|---|
| | | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | બનાસકાંઠા | ૫૭ | ૦૭ | ૯૫ | ૧૬ |
| ૨ | કચ્છ | ૧૯ | ૨૫ | ૩૪ | ૬૪ |

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ની અને પશુધન નિરીક્ષક, વર્ગ–૩ની રાજ્યકક્ષાની ખાલી જગ્યાઓ શક્ય તેટલી ઝડપથી ભરવામાં આવશે. જ્યારે પશુધન નિરીક્ષક, વર્ગ–૩ની પંચાયત કક્ષાની ખાલી જગ્યાઓ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ભરવાની થાય છે.

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ગ–૨ અને વર્ગ–૩ની જગ્યાઓ કઇ તારીખથી ખાલી પડેલી છે અને એ જગ્યાઓ સમયસર ન ભરાવાના કારણો શું છે અને હવે પછી ભરાશે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લાની અંદર અને કચ્છ જિલ્લાની અંદર પશુ ચિકિત્સા અને પશુ નિરિક્ષકની જગ્યાઓ કઇ તારીખથી ખાલી છે એની મારી પાસે તાલુકાવાઇઝ અને દવાખાનાવાઇઝ માહિતિ છે.

અધ્યક્ષશ્રી : ના, એ તો ટેબલ ઉપર મુકી દેજો.

શ્રી બચુભાઇ મ. ખાબડ : આ પશુ ચિકિત્સકની જગ્યા બનાસકાંઠામાં ૬૪ મંજૂર થયેલી હતી અને ૫૭ ભરાયેલી જગ્યાઓ છે અને ૭ ખાલી છે. આ ખાલી જગ્યાઓ છે તે બાકીના જે દવાખાના છે તેના ચાર્જમાં આ ખાલી જગ્યાઓવાળા દવાખાના ચલાવવામાં આવે છે. જયારે પશુધન નિરિક્ષકની મંજૂર થયેલ જગ્યાઓ ૧૧૧ છે અને તે પૈકી ૯૫ જગ્યાઓ ભરાયેલી છે અને ૧૬ જગ્યાઓ ખાલી છે. એ પણ નજીકના પશુ દવાખાનાના ડોકટરના ચાર્જથી ચલાવવામાં આવે છે. આ જગ્યાઓ પશુ ચિકિત્સા અધિકારીની જગ્યાઓ માટે અમે વર્ષ ૨૦૧૮ની ૪૦ જગ્યાઓ હતી એ અને ૨૦૧૯ની ૪૦ જગ્યાઓ એમ કુલ ૮૦ જગ્યાઓ ખાલી હતી તે ભરવા માટે તા.૧૫–૩–૧૯ના રોજ માગણાપત્રક સરકારશ્રીમાં મોકલી આપેલ છે. ગુજરાત જાહેર સેવા આયોગે તા.૨૯–૧–૨૦૨૦ના રોજ જે ૨૦૨૦ દરમિયાન પ્રસિદ્ધ થનાર જાહેરાતનો કાર્યક્રમ બહાર પાડયો છે તે મુજબ આ ૮૦ પશુ ચિકિત્સક જગ્યાઓ ભરવા માટે ક્રમ નંબર ૧૨૨ ઉપર સમાવેશ કરવામાં આવેલ છે અને તા.૧૫–૯–૨૦૨૦થી બાકી રહેલી જગ્યાઓ રાજય સરકારના દસ વર્ષિય ભરતી કેલેન્ડર અનુસાર ભરવામાં આવશે.

ડો. નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની અંદર પશુપાલન મુખ્ય ધંધો છે અને ખાસ કરીને મારા મત વિસ્તારમાં. ત્યારે એવા સંજોગોમાં આમાં જે આંકડો આપ્યો છે કે પશુ ચિકિત્સક ડોકટરોની જગ્યાઓ ખાલી છે. પશુ નિરિક્ષકની જગ્યાઓ પણ ખાલી છે. હવે લોકોમાં ખૂબ જાગૃતિ આવી છે. સરકારની જે પશુઓ માટેની સંવેદનશીલતા છે તેને લીધે પશુપાલકો નાની મોટી તકલીફમાં તાત્કાલિક ડોકટરો પાસે જતા હોય છે. એટલે એવા સંજોગોમાં પશુપાલન, પશુ ચિકિત્સક ડોકટરોની જગ્યાઓ તાત્કાલિક પૂરે પૂરી ભરાય તેવી હું વિનંતી કરું છું. એટલે કેટલા સમયમાં આ જગ્યાઓ ભરાઇ જશે? કારણ કે આપણે દસ કિલોમીટરે મોબાઇલ વાન પણ નકકી કરી છે અને દૂર્ગમ વિસ્તાર છે. જેની અંદર કિલોમીટરો સુધી માણસો કરતા પશુઓની સંખ્યા વધારે છે. ત્યારે પશુ ચિકિત્સક ડોકટરો અમારા વિસ્તાર માટે બહુ અગત્યના છે એટલે મારે જાણવું છે કે કેટલા સમયમાં આ જગ્યાઓ ભરી દેવામાં આવશે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ જવાબ આપ્યો તેમ અમારી ૨૮૦ કુલ જગ્યાઓ ખાલી છે તે પૈકીનું અમારું કેલેન્ડર મુજબ ૮૦ જગ્યાઓ ચાલુ વર્ષે ભરવા માટે અમે માંગણાપત્રક મોકલી આપેલા છે અને જેટલી બને

એટલી ખાલી જગ્યાઓ ભરવા માટે તા.૧૫-૯-૨૦૨૦ની તારીખ પણ આપેલી છે અને જાહેરાત મુજબ જેટલી બને એટલી વહેલી તકે ભરવામાં આવશે.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પશુધન નિરીક્ષકની ૩૫૦ જેટલી જગ્યાઓ પાસ કરેલી એમાંથી ૨૦૦ જણાના ઓર્ડર બાકી છે એ કેટલા સમયમાં આપવામાં આવશે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, પશુધન નિરક્ષકની ૪૦૦ જગ્યાઓની જાહેરાત બહાર પાડવામાં આવી હતી. એના માટે ગૌણ સેવા પસંદગી મંડળે ૩૫૦ની યાદી આપવામાં આવી હતી એમાંથી ૩૪૫ ઉમેદવારો પ્રમાણપત્રોની ચકાસણી માટે આવ્યા હતા, પાંચ ગેરહાજર હતા અને ૩૪૫ પૈકીની ૧૭૫ ને તા.૨૭-૧૧-૨૦૧૯ના રોજ નિમણૂંક આપવામાં આવેલી છે. ત્યારબાદ એક યુનિવર્સિટી દ્વારા કાઉન્સિલની માન્યતા નહોતી એની ફરી ચકાસણી કરતાં ૬૨ જેટલા ઉમેદવારોને ફરીને બોલાવીને એમાં ત્રણ ગુજરાતના હતા એના ફોર્મ ભરવામાં તકલીફ હતી એ ૬૫ ઉમેદવારોને તા.૫-૨-૨૦૨૦ના રોજ ...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, શું કર્યું એ નહિ કયારે કરશો એ કહો?

શ્રી બચુભાઇ મ. ખાબડ : બાકીની જે જગ્યાઓ છે એની ૬૦ ઉમેદવારની ભરતી માટે કોર્ટની પ્રક્રિયા છે, એ કોર્ટમાં ગયેલા છે એટલે એનો નિર્ણય આવ્યા પછી બાકીની કાર્યવાહી કરીને નિમણૂક આપવામાં આવશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પશુ ચિકિત્સક અધિકારીની મંજૂર, ભરેલી અને ખાલી જગ્યાની માહિતી આપવામાં આવે.

અધ્યક્ષશ્રી : તાલુકાવાર માહિતી ટેબલ કરજો.

**છોટાઉદેપુર જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ મળેલ અરજીઓ**

* ૨૧૭૧૯ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૬૧૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૪૨૦ |
| (૩) કેટલી સહાય મંજૂર કરી ? | (૩) રૂ. ૮૪,૦૦,૦૦૦/- |

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ સંકટ મોચક યોજના કયારથી અમલમાં આવી અને આ યોજનાનો હેતુ શું છે?

અધ્યક્ષશ્રી : યોજનાનો હેતુ શું છે એ ટૂંકમાં કહેજો.

શ્રી ઇશ્વરભાઇ ૨. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સંકટ મોચન યોજના એ ખરેખર સંકટ મોચન યોજના છે અને આ યોજનામાં કુટુંબના મુખ્ય કમાનાર વ્યકિતનું આકસ્મિક કે કુદરતી અવસાન થાય ત્યારે આવા કુટુંબીજનો ઉપર આવી પડેલી અણધારી આફતને કારણે કુટુંબ પર આર્થિક સંકટ આવે છે. આ આર્થિક સંકટને તાત્કાલિક નિવારી શકાય તે માટે સરકારશ્રી દ્વારા સંકટ મોચન યોજના નીચે આવા કુટુંબોને રૂપિયા ૨૦ હજારની તાત્કાલિક આર્થિક સહાય આપે છે અને આ સહાય મળવાથી એમને ફાયદો થાય છે.

અધ્યક્ષશ્રી : આ યોજના કયારે આવી, એનો હેતુ શું છે એનાથી વધારે કંઇ પૂછ્યું જ નથી.

શ્રી ઇશ્વરભાઇ ૨. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ નંબર સો એન્ડ સો થી તા. ૨૫-૯-૧૯૯૫થી અમલમાં આવી છે.

શ્રી શૈલેષભાઇ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, સંકટ મોચન યોજના હેઠળ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી એ પૈકી કેટલી મંજૂર અને કેટલી નામંજૂર અને નામંજૂર કરી હોય તો એના કારણો શું છે?

શ્રી ઇશ્વરભાઇ ૨. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૬૧૨ અરજીઓ આવી એમાંથી ૪૨૦ અરજીઓ મંજૂર કરી, ૧૯૨ અરજીઓ નામંજૂર થઇ છે. જેમાં બી.પી.એલ.ની યાદીમાં ઝીરોથી ૨૦ના સ્કોરમાં સમાવેશ ન થવાના કારણે ૧૩૮ અરજી અને મૃત્યુ પામનાર વ્યકિતની ઉંમર ૧૮ વર્ષથી ઓછી અને ૬૦ વર્ષથી વધુ હોવાના કારણે ૨૧ અરજી અને આ યોજનાની અરજીઓ બે વર્ષની સમય મર્યાદામાં કરવાની હોય છે પરંતુ બે વર્ષથી વધુ સમય પછી અરજી કરેલ હોવાના કારણે ૩૩ અરજી નામંજૂર થઇ છે એમ કુલ ૬૧૨ અરજીઓ પૈકી ૧૯૨ અરજીઓ નામંજૂર થયેલ છે.

**મહિસાગર જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

* ૨૧૭૪૩ **શ્રી જિગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯-૨૦માં મહિસાગર જિલ્લામાં ગણવેશ સહાય યોજના | (૧) ૫૯,૬૦૫ |

હેઠળ વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મળી,

| | |
|---|---|
| (૨) મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૫૯,૬૦૫ |
| (૩) કેટલી રકમની ગણવેશ સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૩,૫૭,૬૩,૦૦૦/- |

શ્રી જિગ્નેશકુમાર સેવક : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મારા મહીસાગર જિલ્લામાં ગણવેશ યોજના હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦માં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજી મળી, કેટલી મંજૂર કરી અને કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી વાસણભાઇ ગો. આહિર : મહીસાગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબની અરજીઓ મળેલ હતી.

અધ્યક્ષશ્રી : કુલ કેટલી અરજીઓ મળી છે?

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, ટોટલ ૫૯૬૦૫ અરજીઓ મળેલ છે. એ તમામ અરજીઓ મંજૂર કરીને ગણવેશ સહાય ચૂકવી દેવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : નામંજૂર એક પણ નથી?

શ્રી વાસણભાઇ ગો. આહિર : ના, એક પણ નથી. તેમણે તાલુકાવાઇઝ પૂછ્યું છે. લુણાવાડામાં ૨૩,૫૯૬ અરજીઓ મળી ૧,૪૧,૫૭,૬૦૦ રૂપિયાની સહાય આપવામાં આવી. સંતરામપુરમાં ૩,૫૪૨ અરજીઓ મળી, ૨૧,૨૫,૨૦૦ રૂપિયાનું ચૂકવણું કરવામાં આવ્યું. કડાણામાં ૧,૫૦૬ અરજીઓ મળી. ૧,૫૦૬ અરજીઓ મંજૂર કરી ૯,૦૩,૬૦૦ રૂપિયાનું ચૂકવણું કરવામાં આવ્યું. ખાનપુરમાં ૮,૦૮૪ અરજીઓ મળી, ૮,૦૮૪ અરજીઓ મંજૂર કરી, ૪૮,૫૦,૪૦૦ રૂપિયાનું ચૂકવણું કરવામાં આવ્યું. વીરપુરમાં ૧૦,૦૮૧ અરજીઓ મળી, ૬૦,૪૮,૨૦૦ રૂપિયાનું ચૂકવણું કરવામાં આવ્યું. બાલાશિનોરમાં ૧૨,૭૯૬ અરજીઓ મળી, ૧૨,૭૯૬ અરજીઓ મંજૂર કરી, ૭૬,૭૭,૬૦૦ રૂપિયાનું ચૂકવણું કરવામાં આવ્યું. આમ કુલ ૫૯,૬૦૫ અરજીઓ મળી, ૫૯,૬૦૫ અરજીઓ મંજૂર કરી અને કુલ ૩,૫૭,૬૩,૦૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ છે તેમને ગણવેશ આપવાની યોજના છે તેમ હું માનું છું. અરજીઓ કરવાની હોતી નથી. આ જે ગણવેશ આપવામાં આવે છે તેની પાછળ એક વિદ્યાર્થીદીઠ કેટલો ખર્ચ કરવામાં આવે છે અને જિલ્લાને યુનિટ ગણીને કોઇ એજન્સી ફીક્સ કરવામાં આવે છે કે જે તે શાળાની એસ.એમ.સી. આ ડ્રેસ ખરીદે છે તે જાણવું છે.

અધ્યક્ષશ્રી : અરજી કરવાની હોય છે ખરી?

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, ૧થી ૮ ધોરણ સુધી કોઇ અરજી કરવાની રહેતી નથી. તેનું જે કંઇ ચૂકવણું છે તે ડાયરેક્ટ બેનીફીટમાં તેના એકાઉન્ટમાં જમા કરવામાં આવે છે.

## વલસાડ જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

* ૨૧૭૩૬ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૧૮૦૬ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૭૭૫ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧,૧૬,૫૪,૨૫૦/- |

શ્રી અરવિંદ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ નિરાધાર વૃદ્ધ સહાય યોજનામાં વલસાડ જિલ્લામાં મને જવાબ તો મળ્યા છે પણ નિરાધાર વૃદ્ધ સહાય યોજના ક્યારથી અમલમાં આવી અને આ યોજનાનો હેતુ શું છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : હું સભ્યશ્રીને જણાવવા માગું છું કે આ યોજના રાજ્ય સરકારના મજૂર સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગના તા.૧૩-૪-૧૯૭૮ના ઠરાવથી વૃદ્ધો અને ૪૫ વર્ષથી વધુ વયના દિવ્યાંગ નિરાધારોના નિભાવ માટે રાજ્યમાં અમલમાં મૂકવામાં આવેલ છે. તેના હેતુની વાત કરું તો આ યોજનાનું લક્ષ્ય નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગ વ્યક્તિઓ છે. બેરોજગાર હોય એવા શિક્ષિત દિવ્યાંગોને બેરોજગારી ભથ્થું અને નિરાધાર હોય એવા વૃદ્ધોને પેન્શનરૂપે નાણાકીય સહાય ઉપલબ્ધ કરવા માટે અમલમાં મૂકવામાં આવેલ છે.

## ડેરી ફાર્મ સ્થાપવા બાબત

* ૨૪૦૨૮ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં | (૧) ૧૭૮૧ |

૧૨ દૂધાળા પશુઓનું એક એવા ૪૦૦૦ ડેરી ફાર્મ સ્થાપવા અંતર્ગત કેટલા ડેરી ફાર્મ છેલ્લા એક વર્ષમાં સ્થાપવામાં આવ્યા,

(૨) કેટલા કામો ઉક્ત સ્થિતિએ પ્રગતિમાં છે, અને — (૨) ૧૮૫૧

(૩) તે અન્વયે કેટલો ખર્ચ થયો? — (૩) રૂ.૪૧,૨૭,૮૪,૮૧૧/-

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં કેટલા ડેરી ફાર્મ સ્થાપવામાં આવ્યા, તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? તે પૈકી બનાસકાંઠા જિલ્લાની અંદર કેટલા ડેરી ફાર્મ મંજૂર કરવામાં આવ્યા અને તે પૈકી વાવ, ભાભર અને સુઇગામમાં કેટલા મંજૂર કરવામાં આવ્યા?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, સવાલો સાંભળ્યા ખરા? શ્રીમતી ગેનીબેન બહુ ઝડપથી બોલી ગયા છે.

શ્રી બચુભાઇ મ. ખાબડ : હા, જી સાહેબ. આ યોજના વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૨ દૂધાળા પશુઓ માટેની આવી. તે યોજનાનો ૫,૦૦૦નો લક્ષ્યાંક હતો. કુલ ૩૨૨૫ અરજીઓ આવી છે. તે પૈકી ૧૭૮૧ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. તેનો ખર્ચ રૂ. ૪૧,૨૭,૮૪,૮૧૧ કરવામાં આવ્યો છે. તેમણે જે જિલ્લાની વાત કરી છે. ૩૩ જિલ્લાની મારી પાસે માહિતી છે.

અધ્યક્ષશ્રી : તેમણે બનાસકાંઠાનું પૂછયું.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠામાં ૨૫૦નો લક્ષ્યાંક હતો અને મળેલી અરજીઓ હતી ૫૦૧. તેમાં પાત્રતા ધરાવતા ૪૭૨ અને પૂર્વ મંજૂરી ૪૭૧ અને સહાયના દાવા ૩૨૮. ચૂકવણું ૩૧૪નું રૂ. ૭,૧૦,૭૮,૬૦૩નું કરવામાં આવેલ છે.

**બેચરાજી તાલુકામાં સ્થાનિકોને રોજગારી**

* ૨૪૦૫૦ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકામાં આવેલ મારૂતિ સુઝુકી અને હીરોહોન્ડા કંપની દ્વારા ૮૫% સ્થાનિકોને રોજગારી પૂરી પાડવામાં આવતી નથી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત કંપનીઓ સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા ? | (૨) ઉક્ત કંપનીઓમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જળવાવા અંગે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>• નાયબ નિયામકશ્રી (રોજગાર), અમદાવાદ દ્વારા તા.૨૦-૦૯-૨૦૧૮, તા.૧૯-૦૨-૨૦૧૯, તા.૦૩-૦૯-૨૦૧૯ અને તા.૦૪-૦૨-૨૦૨૦ ના રોજ એકમને શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ ના ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અંગેની જોગવાઈઓનું ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.<br>• તા.૦૮-૦૧-૨૦૧૯ના રોજ સ્થાનિક સત્તાતંત્ર દ્વારા બેઠક યોજી ઠરાવની જોગવાઈઓનું પાલન સુચારૂ રીતે કરવા માટે વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.<br>• એકમના પ્રતિનિધી સાથે નાયબ નિયામક શ્રી (રોજગાર), અમદાવાદ દ્વારા તા.૨૮-૦૯-૨૦૧૮, તા.૨૭-૦૨-૨૦૧૯, તા.૦૯-૦૯-૨૦૧૯ અને તા.૧૨-૦૨-૨૦૨૦ ના રોજ બેઠક યોજી, ઠરાવની જોગવાઈનું પાલન વધુ સુચારૂ રીતે થઈ શકે, તે માટે એકમના પ્રતિનિધીને સમજ આપવામાં આવેલ છે.<br>• સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની યાદી જિલ્લા કક્ષાએથી રોજગાર કચેરી દ્વારા સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા વાણીજ્ય |

વેરા કચેરીને જરૂરી કાર્યવાહી સારૂ મોકલવામાં આવે છે.

- રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા રાજ્યમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની યાદી જરૂરી કાર્યવાહી સારૂ ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરને મોકલી આપવામાં આવેલ છે.
- તા.૧૮–૦૭–૨૦૧૯ ના રોજ અધિક મુખ્ય સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના અધ્યક્ષસ્થાને સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોના પ્રતિનિધિઓ સાથે યોજાયેલ સમીક્ષા બેઠકમાં સદર એકમના પ્રતિનિધિને સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા જરૂરી માર્ગદર્શન અને સમજ આપવામાં આવેલ.
- સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે, તે માટે રોજગાર ભરતી મેળા (જોબફેર) નું આયોજન કરી, સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે, તેવા પ્રયત્નો કરવામાં આવેલ છે.

શ્રી ભરતજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મહેસાણા અને વિરમગામ વિસ્તારમાં મારુતી સુઝુકી અને હીરો હોન્ડા જેવા ઉદ્યોગો સ્થાપવામાં આવ્યા છે પરંતુ આ કંપનીઓની અંદર ૮૫ ટકા સ્થાનિક યુવાનોને રોજગારી આપવામાં આવતી નથી તે મંત્રીશ્રીએ આજે સ્વીકાર્યું છે તો આ કંપનીઓ ઉપર પગલાં લેવા માગો છો કે કેમ? અને રોજગાર નિયામકે ચાર વખત પત્ર લખ્યો અને છતાં આ કંપનીઓ ૮૫ ટકા રોજગારીના નિયમનું પાલન નથી કરતી તો કાયદાકીય પગલાં લેવાની જોગવાઇ છે કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે તો પહેલા તો એમણે પૂછ્યું કે કોઇ જોગવાઇ છે કે કેમ? તો વર્ષ ૧૯૯૫માં ઠરાવ કરીને ૮૫ ટકા સ્થાનિકોને રોજગારી મળે એના માટે એક ઠરાવ કરવામાં આવ્યો છે. આ રાજયના નવયુવાનોને રોજગારી મળે એના માટે રાજયમાં અનેક પ્રકારના ઉદ્યોગો સ્થપાય એના માટે સરકાર મારફત પ્રયાસો કરવામાં આવે છે અને જયારે કોઇ એકમ ૮૫ ટકા રોજગારી ન જાળવતું હોય તો આવા રાજયમાં જે પ્રોત્સાહિત એકમો આવતા હોય તો અમારી કોઇ કાયદાકીય કાર્યવાહી કરવાની કોઇ જ જોગવાઇ નથી. પરંતુ આ રાજયની અંદર એકમ ચાલે તો જ આ રાજયના નવયુવાનોને રોજગારી મળવાની છે અને રોજગારી મળે એના માટે અમે પ્રયાસ કરીએ છીએ. પહેલા તો ઉદ્યોગો નહીં હોય તો રોજગારી મળવાની નથી અને રોજગારી મળે એના માટે અમારા વિભાગ મારફત અનેક પ્રકારના પ્રયાસો કરવામાં આવે છે. અમે પત્ર પણ લખીએ છીએ. આવા યુનિટોને બોલાવીને અમારા અધિકારીઓ પરામર્શ કરે છે, સ્થાનિક લેવલે પણ અમે પ્રયાસ કરીએ છીએ અને એ પ્રયાસને કારણે આજે રાજયના એકમોની અંદર આ સ્થાનિકોને રોજગારી અપાવવામાં અમને મહદ્અંશે સફળતા મળી છે.

ડો. આશાબેન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમારા ઉત્તર ગુજરાતની અંદર મારુતી સુઝુકી હોય કે કડી હોય પણ આપણી આ ભા.જ.પ. સરકારે છેલ્લા ૨૫ વર્ષોમાં ઉદ્યોગોને ધમધમતા કર્યા છે અને સ્થાનિકોને રોજગારી મળી છે એટલે જે વાત કરવામાં આવી રહી છે એ તદ્દન ખોટી છે. મારે વિશેષમાં એ જાણવું છે કે સ્થાનિક રહીશો કોને ગણવામાં આવે છે અને સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમો સામે કઇ કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એમ તા.૩૧–૩–૧૯૯૫માં રાજયની અંદર આ ઠરાવ કરવામાં આવ્યો. એટલે આ ઠરાવને આધારે સ્થાનિકોને રોજગારી મળવાની શરૂઆત થઇ. બીજો પ્રશ્ન હતો કે સ્થાનિક કોને ગણવામાં આવે તો આ રાજયની અંદર ૧૫ વર્ષ કે ૧૫ વર્ષથી વધારે સમયથી જે રહેતા હોય એમને ગુજરાતના નાગરિક ગણવામાં આવે છે. એટલે સ્થાનિકની વ્યાખ્યામાં જે ૧૫ વર્ષથી વધારે સમયથી રહેતા હોય એમને સ્થાનિક ગણવામાં આવે છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો મારુતી સુઝુકી અને હીરો હોન્ડા કંપની મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકામાં નહીં પરંતુ અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકામાં આવેલી છે એવી પટ્ટી મારી છે. જે અધિકારીએ પટ્ટી મરાવી હોય એનું ધ્યાન દોરવાની જરૂર છે. હું ગૃહનું ધ્યાન દોરવા માગું છું કે જે સુઝુકી ફેક્ટરી છે એ મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકા અને માંડલમાં બન્ને કમ્બાઇન્ડમાં આવેલી છે એટલે પહેલા તો ખોટી પટ્ટી મારી છે. માનનીય અધ્યક્ષશ્રી,

ઈન્ડસ્ટ્રીઝનું જ્યારે કોમર્શિયલ એન.એ. કરવામાં આવતું હોય છે ત્યારે એ એન.એ.ના હુકમમાં સ્પષ્ટ લખેલું હોય છે. બાપુ સાહેબ, કે ૮૫ ટકા રોજગારી સ્થાનિક લોકોને આપવી અને સરકારનો પણ નિયમ છે. મંત્રી સાહેબ કેમ આવી વાત કરે છે? માંડલ અને બેચરાજી તાલુકો એ ૮૦ ટકા બક્ષીપંચનો વિસ્તાર છે. અત્યારે ત્યાં આજુબાજુમાં ખૂબ બેરોજગારીથી યુવાનો ભટકે છે એ પણ બક્ષીપંચના છે. તેમની ચિંતા કરીને આવા ઉદ્યોગ ગૃહો પર એમણે ચાર વખત પત્ર પણ લખ્યા છે એ પત્રની દરકાર પણ કંપનીવાળા કરતા નથી. ખરેખર તો માનનીય અધ્યક્ષશ્રી, હું મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરીને કહેવા માગું છું કે, આવા વિસ્તારોની અંદર આપણા પુષ્કળ બેરોજગાર યુવાનો જ્યારે કામ કરવા માટે તત્પર હોય ત્યારે એ ગુજરાતના નહીં પણ ગુજરાત બહારના રાજ્યોના યુવાનોને લાવીને ત્યાં કામ કરાવે છે. એની જગ્યાએ ગુજરાતના સ્થાનિક યુવાનોને રોજગારી આપવા માગે છે કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ કહ્યું છે કે સ્થાનિક યુવાનોને રોજગારી મળે એના માટે સરકાર પૂરા પ્રયત્નો કરે છે. (ઘોંઘાટ) શ્રીબળદેવજી, જરા શાંતિ રાખો. તમે બોલ્યા ત્યારે મેં શાંતિથી સાંભળ્યું છે હવે તમારે શાંતિથી સાંભળવું તો પડશેને. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, પ્લીઝ, માનનીય મંત્રીશ્રીને સાંભળો.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની અંદર વધુને વધુ સ્થાનિક લોકોને રોજગારી મળે એના માટે પૂરા પ્રયત્નો રાજ્ય સરકાર કરી રહી છે અને સ્થાનિક લોકોને રોજગારી મળે એના માટે (અંતરાય)...

અધ્યક્ષશ્રી : એમને પૂરું તો કરવા દો.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ ગૃહો જે ભરતી મેળાઓ કરે છે એના આધારે સ્થાનિક રોજગારી વધારે મળી રહી છે. ક્યાંક એવા એકમો હોય (અંતરાય)...

અધ્યક્ષશ્રી : આપ બધા અવાજ કરો છો પછી સંભળાતું જ નથી. પ્લીઝ, મંત્રીશ્રીને જવાબ પૂરો કરી લેવા દો. તમારો જવાબ પાછળ આવી શકે છેને?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ક્યાંક ઉદ્યોગ ગૃહોને જોઈતા હોય એવા પુરતા માણસો પણ ઘણીવાર મળતા હોતા નથી અને ક્યાંક ઘણીવાર એકમોમાં કામ કરવા માટે જાય છે તો એને કામ અનુકૂળ ના આવે તો આપણે એમને ભરતી કરાવીએ તેમ છતાં ત્યાંથી લોકો નીકળી જતા હોય છે અને શ્રી બળદેવજી એમ કહે છે કે બક્ષીપંચ નહીં પણ ગુજરાતના તમામ નવયુવાનોને રોજગારી મળે એના માટેના અમે પ્રયાસ કરીએ છીએ. હું એક ખાલી સ્થાનિકની વાત કરવા માગું છું. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું સ્થાનિકની જ વાત કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ...

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૧૫ વર્ષથી રહેતા કોઇપણ નવયુવાનને સ્થાનિક ગણવામાં આવે છે. આમ તો એ હિન્દુસ્તાનનો નાગરિક કહેવાય. હિન્દુસ્તાનમાં ગમે ત્યાં રહી શકે. પરંતુ રાજ્ય સરકારે વર્ષ ૧૯૯૫માં ઠરાવ કરીને એ ગુજરાતમાં રહેતો હોય તો એને અહીંયા સ્થાનિક ગણીને રોજગારી મળે એના માટેના પ્રયાસ કરે છે. મારા એક શંખેશ્વર તાલુકાના એક ગામમાં ૧૧૦ બક્ષીપંચના છોકરાઓ આજે આ યુનિટોની અંદર કામ કરી રહ્યાં છે તો એને અમારે સ્થાનિક ગણવા કે કેમ? એટલે જે રીતે પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે અને તમે પણ અમારી સાથે જોડાઇને આની અંદર પ્રયાસ કરીને આગળ વધો. એટલા માટે મારુતિ સુઝૂકી હોય કે હોન્ડા કંપની હોય એમાં અમે પૂરેપૂરા પ્રયાસો કરીએ છીએ. મહિને મહિને અધિકારીઓ બોલાવીને મિટિંગો કરે છે. (અંતરાય ) માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી આપું આ સુઝૂકી કંપનીની અંદર ૧૪૫૩ મેનેજર, સુપરવાઇઝરની જગ્યાઓ છે એની અંદર અમારા પ્રયાસોના કારણે ૩૪૮ લોકોને દાખલ કર્યા છે. (ઘોંઘાટ) કામદાર વર્ગની અંદર પણ ૪૫૩૪ લોકો છે એની અંદર ૧૯૬૪ લોકો સુઝૂકી કંપનીની અંદર આ પ્રયાસોના કારણે દાખલ થયા છે. એવી જ રીતે હોન્ડા મોટર સાયકલની અંદર પણ ૭૦૮ સુપરવાઇઝરોની જગ્યાઓની અંદર ૧૫૨ લોકોને દાખલ કર્યા અને કામદાર વર્ગની અંદર ૩૮૬૫ માંથી ૨૭૩૫ લોકો એ કામદાર વર્ગની અંદર દાખલ થયા છે. ૭૧ ટકા કામદાર વર્ગની અંદર આ હોન્ડા કંપનીની અંદર અમે દાખલ કર્યા છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ સ્વીકાર્યું કે ૨૫-૩૦ ટકા લોકોને રોજગાર આપ્યો. આપણી તિજોરીમાંથી કરોડો રૂપિયાની આપણે એમને સહાય આપીએ છીએ, કર સહાય આપીએ છીએ, ટોકન ભાવે જમીન આપીએ, લાઇટ આપીએ, ઇન્ફ્રાસ્ટ્રકચર આપીએ તોય ગુજરાતના યુવાનોને નોકરી ના મળે. એટલે મારી આપના મારફત મંત્રીશ્રીને વિનંતી છે કે, *(xxx)(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેક્સ્ટ.

* આ શબ્દો અસંસદીય હોવાથી અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અતારાંકિત પ્રશ્નો

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**ડાંગ અને વલસાડ જિલ્લામાં સરકારી જમીન પર દબાણ**

૨૪૨૦૧ **શ્રી મંગળભાઈ ગાવિત** (ડાંગ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ડાંગ અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કરી જિંગા ફાર્મ ઉભા કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સરકારી જમીન પરના તમામ ગેરકાયદેસર દબાણ ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ગુલમહોર ગ્રીન્સ ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબના માલિક સામે દબાણ અંગે ફરિયાદ**

૨૪૦૮૫ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં આવેલ ગુલમહોર ગ્રીન્સ ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબના માલિક દ્વારા ખરાબા અને પડતર જમીન પર દબાણ કરેલ અને રસ્તાઓ બંધ કરી દીધા હોવાની ફરિયાદ અન્વયે ડીસ્ટ્રીક્ટ ઈન્સપેક્ટરશ્રી લેન્ડ રેકર્ડ પાસે માપણી કરીને તા.૨૦–૦૮–૨૦૧૮ના રોજ અભિપ્રાય માંગેલ તે અભિપ્રાય સરકારને તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ક્યારે મળેલ છે, | (૧) તા.૨૬–૦૯–૨૦૧૯<br>તા.૦૯–૧૦–૨૦૧૯<br>તા.૨૭–૧૧–૨૦૧૯ |
| (૨) ઉક્ત અભિપ્રાયમાં કયા પ્રકારની કેટલી જમીનમાં દબાણ કર્યાનું સામે આવ્યું, | (૨) સરકારી જમીન — હે.૨–૪૫–૦૮ ચો.મી. |
| (૩) ઉક્ત દબાણ દૂર કરવા શા પગલાં લેવામાં આવ્યા, અને | (૩) દબાણ દૂર કરવામાં આવેલ છે. |
| (૪) ઉક્ત દબાણ ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પાટણ અને મહેસાણા જિલ્લામાં સરકારી જમીન પર દબાણ**

૨૪૦૪૩ **શ્રી રઘુભાઇ દેસાઇ** (રાધનપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૯ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કરી જિંગા ફાર્મ ઉભા કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સરકારી જમીન પરના તમામ ગેરકાયદેસર દબાણ ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**હડમતીયા ડેમ માટે જમીન સંપાદન**

૨૪૧૧૫ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ દેવભૂમિ–દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકામાં આવેલ હડમતીયા ડેમ માટે કેટલી જમીન સંપાદન કરવામાં આવી,

(૧) કોઈ જમીન સંપાદન કરવામાં આવેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ગામની કેટલી જમીન સંપાદન કરવાની બાકી છે, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ પાંચ ગામોની કુલ હે.૯૬–૨૮–૨૦ ચો.મી. જમીન સંપાદન કરવાની થાય છે.

(૩) જમીન સંપાદન કરવાની બાકી હોય તો તેના કારણો શાં છે ?

(૩) નવો જમીન સંપાદન અધિનિયમ, ૨૦૧૩ તા.૦૧–૦૧–૨૦૧૪ તથા ગુજરાત સુધારો–૨૦૧૬, તા.૧૫–૦૮–૨૦૧૬ થી અમલમાં આવતાં, વહીવટી કારણોસર જમીન સંપાદનની કાર્યવાહી બાકી છે.

---------

**હિન્દુ ધર્મ સિવાયના પવિત્ર સ્થળોનો યાત્રાધામ તરીકે વિકાસ**

૨૪૧૦૩ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) : ૧૪મી ગુ.વિ.સ.ના ચોથા સત્રમાં તા.૨૨–૭–૧૯ના રોજ ચોથી અતારાંકિત યાદીમાં સભાગૃહમાં રજૂ થયેલ અતારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૫૧૨ના અનુસંધાને **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હિન્દુ ધર્મ સિવાયના કયા ધર્મના કયા સ્થળોનો યાત્રાધામ વિકાસમાં સમાવેશ કરાયો છે, અને

(૨) તે સ્થળવાર તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અને (૨) પત્રક–૧ મુજબ છે.

**પત્રક–૧**

| ક્રમ | યાત્રાધામ વિકાસમાં સમાવેશ કરવામાં આવેલ ધાર્મિક સ્થળોની વિગત | કરવામાં આવેલ ખર્ચ (રૂ. લાખમાં) | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૮ | વર્ષ ૨૦૧૯ |
| ૧ | ડેવલોપમેન્ટ ઓફ ગુરુદ્વારા, મુ. બેટ–દ્વારકા જિ. દેવભૂમિ દ્વારકા | – | – |
| ૨ | ડેવલોપમેન્ટ ઓફ ગુરુદ્વારા, મુ. લખપત જિ. કચ્છ | – | ૫૦.૦૦ |
| ૩ | ડેવલોપમેન્ટ ઓફ જૈન સર્કીટ | ૧૪.૧૬ | – |
| ૪ | પાલીતાણા સિદ્ધવડ ખાતે શૌચાલય અને પાલ બાંધવા બાબત. | – | ૦.૬૧ |
| ૫ | શ્રી દિગમ્બર જૈન મંદિર, મુ. ઉમતા તા. વિસનગર જિ. મહેસાણા | ૨૩.૯૮ | – |
| ૬ | શ્રી ગાંધીનગર શ્વેતાંબર જૈન મંદિર, તા.જિ. ગાંધીનગર (સોલાર રૂફટોપ) | ૪.૪૯ | – |
| ૭ | શ્રી ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, તા.જિ. ગાંધીનગર (સોલાર રૂફટોપ) | ૫.૨૮ | – |
| ૮ | હજરત શાહદુલ્લા શહીદ દરગાહ ટ્રસ્ટ, મુ. વાસણા જિ. આણંદ (સોલાર રૂફટોપ) | ૩.૧૬ | – |
| ૯ | શ્રી દિગમ્બર જૈન સિદ્ધક્ષેત્ર, મુ. તારંગા, તા. ખેરાલુ, જિ. મહેસાણા (સોલાર રૂફટોપ) | – | ૫.૨૮ |
| ૧૦ | શ્રી શ્વેતાંબર ચંદ્રમણી જૈન તીર્થ, મુ. વાલવોડ, તા.બોરસદ, જિ.આણંદ (સોલાર રૂફટોપ) | – | ૨.૬૪ |
| | **કુલઃ–** | **૫૧.૦૭** | **૫૮.૫૩** |

**નવસારી અને નર્મદા જિલ્લામાં સ્થાનિકોને રોજગારી**

૨૪૨૦૪ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧–૩–૧૯૯૫ ના ઠરાવની જોગવાઈ મુજબ સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ સ્થાનિક રોજગારીની મળેલ માહિતી અનુસાર નવસારી અને નર્મદા જિલ્લામાં સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન થયેલ ન હોઈ, એકમો સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ઉલ્લંઘન કરવા બદલ કેટલા એકમો સામે શા પગલાં લીધા,

(૨) ઉક્ત એકમોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્થાનિકોને રોજગારી આપવા બાબતની માહિતી ક્યારે એકત્ર કરવામાં આવી, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂન-૨૦૧૮, ડિસેમ્બર-૨૦૧૮, જૂન-૨૦૧૯ તથા ડિસેમ્બર-૨૦૧૯ અંતિત છ માસિક ધોરણે સ્થાનિક રોજગારીની માહિતી એકત્ર કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત ઠરાવની જોગવાઈ મુજબ દર છ માસે માહિતી એકત્ર ન કરવામાં આવી હોય તો જવાબદારો સામે શાં પગલાં લીધા?

(૩) દર છ માસે માહિતી એકત્ર કરવામાં આવેલ હોઈ, જવાબદારો સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કચ્છ જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૨૨૩૦ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯-૨૦માં કચ્છ જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ અનુસૂચિત જાતિની કન્યાઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૩૦૩ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૦૨ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ..૩૦,૨૦,૦૦૦/- |

---------

**સુરત જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૧૮૪૭ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯-૨૦માં સુરત જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ અનુસૂચિત જાતિની વિદ્યાર્થિનીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૩૩૬ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૨૭ |
| (૩) કેટલી સાયકલ આપવામાં આવી? | (૩) ૩૨૭ |

---------

**દાહોદ અને મહિસાગર જિલ્લામાં પાઇપલાઇનથી પીવાનું પાણી પૂરું પાડવા બાબત**

૨૪૧૭૨ **શ્રી ભાવેશભાઇ કટારા** (ઝાલોદ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ દાહોદ અને મહિસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવાનું પાણી પાઇપલાઇનથી પૂરું પાડવામાં આવે છે,

**જવાબ**

(૧) નીચેની વિગતે,

**જિલ્લોઃ દાહોદ**

| અનુ. | તાલુકો | પાઇપલાઇનથી પાણી અપાતા ગામો |
|---|---|---|
| ૧ | દાહોદ | ૭૪ |
| ૨ | ગરબાડા | ૩૪ |
| ૩ | લીમખેડા | ૪૯ |
| ૪ | સીંગવડ | ૩૮ |
| ૫ | ધાનપુર | ૬૯ |
| ૬ | દેવ બારીયા | ૭૯ |
| ૭ | ઝાલોદ | ૮૭ |
| ૮ | સંજેલી | ૩૩ |
| ૯ | ફતેપુરા | ૭૬ |

| | | |
|---|---|---|
| | **કુલ** | **૫૩૯** |

**જિલ્લોઃ મહિસાગર**

| **અનુ.** | **તાલુકો** | **પાઇપલાઇનથી પાણી અપાતા ગામો** |
|---|---|---|
| ૧ | લુણાવાડા | ૨૩૩ |
| ૨ | ખાનપુર | ૮૬ |
| ૩ | સંતરામપુર | ૧૪૮ |
| ૪ | કડાણા | ૧૨૮ |
| ૫ | બાલાશિનોર | ૪૪ |
| ૬ | વીરપુર | ૫૧ |
| | **કુલ** | **૬૯૦** |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ગામોને પીવાનું પાણી પાઇપ લાઇનથી પૂરું પાડવાનું બાકી છે,

(૨) નીચે મુજબ,

**જિલ્લોઃ દાહોદ**

| **અનુ.** | **તાલુકો** | **પાઇપ લાઇનથી પીવાનું પાણી પૂરું પાડવાનું બાકી ગામો** |
|---|---|---|
| ૧ | દાહોદ | ૧૧ |
| ૨ | ગરબાડા | ૦ |
| ૩ | લીમખેડા | ૩૧ |
| ૪ | સીંગવડ | ૩૩ |
| ૫ | ધાનપુર | ૨૧ |
| ૬ | દેવગઢ બારીયા | ૭ |
| ૭ | ઝાલોદ | ૭ |
| ૮ | સંજેલી | ૨૨ |
| ૯ | ફતેપુરા | ૨૦ |
| | **કુલ** | **૧૫૨** |

**જિલ્લોઃ મહિસાગર**

| **અનુ.** | **તાલુકો** | **પાઇપલાઇનથી પીવાનું પાણી પૂરું પાડવાનું બાકી ગામો** |
|---|---|---|
| ૧ | લુણાવાડા | ૧૮ |
| ૨ | ખાનપુર | ૦ |
| ૩ | સંતરામપુર | ૧૯ |
| ૪ | કડાણા | ૨૮ |
| ૫ | બાલાશિનોર | ૨ |
| ૬ | વીરપુર | ૧ |
| | **કુલ** | **૬૮** |

(૩) જે ગામોને પાઇપ લાઇનથી પીવાનું પાણી પૂરું ન પડાતું હોય તો તેવા ગામોને કઇ પદ્ધતિથી પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે, અને

(૩) જે ગામોને પાઇપ લાઇનથી પીવાનું પાણી પૂરું ન પાડતું હોય તેવા ગામોને હેન્ડપંપ દ્વારા પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે.

(૪) ઉક્ત તમામ ગામોને ક્યાં સુધીમાં પીવાનું પાણી પાઇપ લાઇનથી પૂરું પાડવામાં આવશે ?

(૪) આ તમામ ગામોને સર્વેક્ષણની કામગીરી હાથ ધરી સરફેસ સોર્સ આધારીત યોજનાની પાઇપ લાઇન મારફતે આગામી ત્રણ વર્ષમાં તબક્કાવાર આવરી લઈ, પાણી પૂરું પાડવાનું આયોજન છે.

---------

ફાલ્ગુન ૯, ૧૯૪૧ શાકે

અતારાંકિત પ્રશ્નો

**બનાસકાંઠા જિલ્લામાં જમીનની રીમાપણીમાં ક્ષતિઓ**

૨૪૪૨૨ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ખેતીની જમીનની રીમાપણી કરવાની કામગીરીમાં રહેલ ક્ષતિઓ સુધારવા માટે સરકારને તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલી ફરીયાદોનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર પ્રમોલગેશન કરવાનું કેટલું બાકી છે?

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ખેતીની જમીનની રીમાપણી કરવાની કામગીરીમાં રહેલ ક્ષતિઓ સુધારવા માટે સરકારને તાલુકાવાર મળેલ અરજીઓ તેમજ તે પૈકી નિકાલ કરેલ અરજીઓની વિગતો નીચે મુજબ છે.

➢ **બનાસકાંઠા જિલ્લો**

| ક્રમ | તાલુકા | ક્ષતિઓ સુધારવા માટે મળેલ અરજીઓ | નિકાલ કરેલ ફરિયાદો |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૮૦૯૬ | ૭૫૧૨ |
| ૨ | અમીરગઢ | ૯૧૦ | ૭૮૯ |
| ૩ | થરાદ | ૯૨૧૪ | ૮૯૧૨ |
| ૪ | સુઇગામ | ૧૪૭૭ | ૧૨૫૮ |
| ૫ | દાંતા | ૧૨૨૩ | ૧૦૪૭ |
| ૬ | ધાનેરા | ૪૯૭૯ | ૪૭૭૭ |
| ૭ | દિયોદર | ૩૦૬૭ | ૨૮૭૩ |
| ૮ | દાંતીવાડા | ૨૫૮૪ | ૨૩૨૬ |
| ૯ | ડીસા | ૮૮૮૩ | ૮૪૭૪ |
| ૧૦ | વાવ | ૨૮૪૯ | ૨૬૩૧ |
| ૧૧ | ભાભર | ૧૬૦૨ | ૧૨૬૪ |
| ૧૨ | કાંકરેજ | ૨૮૯૫ | ૨૭૫૮ |
| ૧૩ | લાખણી | ૫૦૯૭ | ૪૮૭૨ |
| ૧૪ | વડગામ | ૬૬૫૮ | ૫૯૯૬ |
| | **કુલ** | **૫૯૫૩૪** | **૫૫૪૮૯** |

(૩) ઉક્ત સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ પ્રમોલગેશન કરવાનું બાકી છે.

| ક્રમ | તાલુકા | પ્રમોલગેશન બાકી ગામ |
|---|---|---|
| ૧ | દાંતા | ૦૪ |
| ૨ | ડીસા | ૦૨ |
| | **કુલ** | **૦૬** |

---------

**બનાસકાંઠા જિલ્લામાં નિવાસી તાલીમવર્ગનું આયોજન**

૨૨૧૯૩ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૯માં લશ્કરી ભરતી પૂર્વે કેટલા નિવાસી તાલીમવર્ગનું આયોજન કરવામાં આવ્યુ, અને

(૨) તેમાં કેટલા ઉમેદવારોને તાલીમ આપવામાં આવી?

**જવાબ**

(૧) ૦૧

(૨) ૩૦

**હાફેશ્વર યોજના દ્વારા દાહોદ તાલુકામાં પીવાનું પાણી પૂરું પાડવા બાબત**

૨૪૧૭૫ **શ્રી વજેસિંગભાઇ પણદા** (દાહોદ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ હાફેશ્વર યોજના દ્વારા દાહોદ તાલુકાના કેટલા ગામોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે,

(૨) જો દાહોદ તાલુકાના ગામોને ઉક્ત યોજનામાંથી

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨) હાફેશ્વર જુથ પાણી પુરવઠા યોજનાની કામગીરી

પીવાનું પાણી પૂરું પાડવામાં ન આવતું હોય તો તેના કારણો શાં છે, અને — હાલ પ્રગતિ હેઠળ છે.

(૩) ક્યાં સુધીમાં ઉક્ત યોજનામાંથી દાહોદ તાલુકાના ગામોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવશે? — (૩) યોજકીય કામગીરી પૂર્ણ થયેથી ટુંક સમયમાં પીવાનું પાણી પૂરું પાડવાનું આયોજન છે.

---------

**પાટણ જિલ્લામાં પાલક માતા–પિતા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૧૭૧૩ **શ્રી પ્રદિપભાઇ પરમાર** (અસારવા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં પાલક માતા–પિતા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) ૩૬૫ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૪૩ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૭૩,૩૫,૦૦૦/– |

---------

**અમદાવાદ જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૧૭૪૯ **શ્રી કનુભાઇ પટેલ** (સાણંદ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯–૨૦માં ધોરણ–૧ થી ૮માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય મેળવવા માટેની અમદાવાદ જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | (૧) ૧,૧૯,૦૧૨ |
| (૨) મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧,૧૯,૦૧૨ |
| (૩) કેટલી રકમની ગણવેશ સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૭,૧૪,૦૭,૨૦૦ |

---------

**ગુજરાત બિનઅનામત આયોગને ફાળવેલ રકમ**

૨૪૧૧૮ **શ્રી ભીખાભાઇ જોષી** (જૂનાગઢ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં વર્ષવાર ગુજરાત બિનઅનામત આયોગને કેટલી રકમ ફાળવવામાં આવી,

(૧)

| વર્ષ | રકમ |
|---|---|
| ૨૦૧૮–૧૯ | રૂ. ૯૪.૮૦ લાખ |
| ૨૦૧૯–૨૦ (તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ ) | રૂ. ૧૩૫.૦૦ લાખ |

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ, અને

(૨)

| વર્ષ | રકમ |
|---|---|
| ૨૦૧૮–૧૯ | રૂ. ૭૭.૫૦ લાખ |
| ૨૦૧૯–૨૦ (તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ ) | રૂ. ૫૩.૨૭ લાખ |

(૩) ઉક્ત વર્ષવાર કેટલી રકમ વણવપરાયેલ રહી, તેના કારણો શા છે?

(૩)

| વર્ષ | રકમ |
|---|---|
| ૨૦૧૮–૧૯ | રૂ. ૧૭.૩૦ લાખ |
| ૨૦૧૯–૨૦ (તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ ) | રૂ. ૮૧.૭૩ લાખ |

કારણોઃ

- લોકસભા અને જે તે વિધાનસભા ચૂંટણીઓના કારણે આદર્શ આચારસંહિતા અમલમાં હોઇ, જિલ્લા તેમજ રાજ્યકક્ષાએ આયોગની બેઠકો થઇ શકેલ નથી. જેથી ખર્ચ ન થવાના કારણે રકમ વણવપરાયેલ રહેવા પામેલ છે.
- વહીવટી કારણોસર પગાર–ભથ્થાનો તથા અન્ય ખર્ચ થઇ શકેલ નથી અને બચત રહેવા પામેલ છે.

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પાઇપ લાઇનથી પીવાનું પાણી પૂરું પાડવા બાબત**

૨૪૧૧૨ **શ્રી ચિરાગભાઇ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવાનું પાણી પાઇપ લાઇનથી પૂરું પાડવામાં આવે છે,

(૧) નીચેની વિગતે.

**જિલ્લોઃ જામનગર**

| **અનુ** | **તાલુકો** | **પાઇપલાઇનથી પીવાના પાણીની વ્યવસ્થા** |
|---|---|---|
| ૧ | જામનગર | ૯૮ |
| ૨ | લાલપુર | ૭૩ |
| ૩ | ધ્રોલ | ૪૧ |
| ૪ | જોડીયા | ૩૮ |
| ૫ | કાલાવડ | ૯૮ |
| ૬ | જામજોધપુર | ૬૯ |
| | **કુલ** | **૪૧૭** |

**જિલ્લોઃ દેવભૂમિ દ્વારકા**

| **અનુ** | **તાલુકો** | **પાઇપલાઇનથી પીવાના પાણીની વ્યવસ્થા** |
|---|---|---|
| ૧ | ઓખામંડળ | ૩૯ |
| ૨ | ખંભાળીયા | ૮૧ |
| ૩ | ભાણવડ | ૫૧ |
| ૪ | કલ્યાણપુર | ૬૪ |
| | **કુલ** | **૨૩૫** |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ગામોને પીવાનું પાણી પાઇપ લાઇનથી પૂરું પાડવાનું બાકી છે,

(૨) **જિલ્લોઃ જામનગર**

જામનગર જિલ્લાના તમામ ગામોમાં પીવાનું પાણી પાઇપલાઇનથી પૂરું પાડવામાં આવે છે.

**જિલ્લોઃ દેવભૂમિ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયા તાલુકાનું ૦૧ ગામ (ટાપુ), કલ્યાણપુર તાલુકાના ૩૦ ગામો (નેસ)ને પીવાનું પાણી પાઇપ લાઇનથી પૂરું પાડવાનું બાકી છે.

(૩) જે ગામોને પાઇપ લાઇનથી પીવાનું પાણી પૂરું ન પડાતું હોય તેવા ગામોને કઇ પદ્ધતિથી પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે, અને

(૩) દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયા તાલુકાનું ૦૧ ગામ (ટાપુ), અને કલ્યાણપુર તાલુકાના ૩૦ ગામો (નેશ)ને સ્થાનિક પરિસ્થિતિ મુજબ હેન્ડપંપ / કુવાથી પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે.

(૪) ઉક્ત તમામ ગામોને ક્યાં સુધીમાં પીવાનું પાણી પાઇપ લાઇનથી પૂરું પાડવામાં આવશે?

(૪) દેવભૂમિ દ્વારકા જિલ્લાના બાકી રહેતા ગામો માટે સર્વેક્ષણની કામગીરી હાથ ધરેલ છે. જે સત્વરે પૂર્ણ કરી પાઇપ લાઇનથી પાણી પૂરું પાડવાનું આયોજન છે.

---------

**અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાના વર્ગ–૧ અધિકારીની જગ્યા ભરવા બાબત**

૨૪૪૩૦ **શ્રી જીગ્નેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યના

(૧) ૧૯ જિલ્લામાં

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

કેટલા જિલ્લામાં અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાના વર્ગ–૧ અધિકારીની જગ્યા ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૨) સીધી ભરતી/બઢતીથી ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવામાં આવશે.

----------

**આણંદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૧૭૪૦ **શ્રી ગોવિંદભાઇ પરમાર** (ઉમરેઠ): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯–૨૦માં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ આણંદ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૬૮૬ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૬૮૬ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૫૨.૯૦ લાખ |

----------

**અમરેલી અને ભરૂચ જિલ્લામાં સરકારી જમીન પર દબાણ બાબત**

૨૪૧૩૭ **શ્રી જે.વી.કાકડીયા** (ધારી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અમરેલી અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કરી જિંગા ફાર્મ ઉભા કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે, અને | (૨) નીચે મુજબઃ |

| **અમરેલી** | |
|---|---|
| **તાલુકો** | **ક્ષેત્રફળ (હે–આરે–ચો.મી.)** |
| રાજુલા | ૧૫–૦૦–૦૦ |
| અમરેલી | શૂન્ય |
| બાબરા | |
| બગસરા | |
| ધારી | |
| જાફરાબાદ | |
| ખાંભા | |
| લાઠી | |
| લીલીયા | |
| સાવરકુંડલા | |
| વડીયા | |
| **ભરૂચ** | |
| **તાલુકો** | **ક્ષેત્રફળ (હે–આરે–ચો.મી.)** |
| જંબુસર | ૪–૬૦–૦૦ |
| હાંસોટ | ૬૮–૮૫–૩૮ |
| ભરૂચ | શૂન્ય |
| વાગરા | |
| અંકલેશ્વર | |
| ઝગડીયા | |
| વાલીયા | |
| નેત્રંગ | |

(૩) ઉક્ત સરકારી જમીન પરના તમામ ગેરકાયદેસર

(૩) નિયમોનુસાર કાર્યવાહી કરી બનતી ત્વરાએ.

દબાણ ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

---------

**તળાજા તાલુકા પશ્ચિમઝોન સુધારણા પાણી પુરવઠા યોજનાની કામગીરી**

૨૪૧૪૫ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાની પશ્ચિમ ઝોન સુધારણા પાણી પુરવઠા યોજનાની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) યોજનાના કામોનું ટેન્ડર મંજૂર થયેલ છે. અને યોજનાકીય કામો રૂ.૨૧૮૮.૧૮ લાખના અંદાજીત ખર્ચે માહે ૦૩/૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ અને પશુધન નિરિક્ષકની મંજૂર જગ્યાઓ**

૨૪૧૮૬ **શ્રી પ્રેમસિંહ વસાવા** (નાંદોદ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ અને પશુધન નિરિક્ષકની નર્મદા અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લો | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ની મંજૂર જગ્યાઓ | પશુધન નિરિક્ષક, વર્ગ-૩ની મંજૂર જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | નર્મદા | ૨૦ | ૪૫ |
| ૨ | ભરૂચ | ૩૦ | ૧૦૮ |

(૨)

| અ.નં. | જિલ્લો | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ | | પશુધન નિરિક્ષક, વર્ગ-૩ | |
|---|---|---|---|---|---|
| | | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | નર્મદા | ૧૩ | ૦૭ | ૧૭ | ૨૮ |
| ૨ | ભરૂચ | ૧૪ | ૧૬ | ૩૦ | ૭૮ |

(૩) પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ની અને પશુધન નિરિક્ષક વર્ગ-૩ની રાજ્ય કક્ષાની ખાલી જગ્યાઓ શક્ય તેટલી ઝડપથી ભરવામાં આવશે. જ્યારે પશુધન નિરિક્ષક વર્ગ-૩ની પંચાયત કક્ષાની ખાલી જગ્યાઓ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ભરવાની થાય છે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૧૭૫૨ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯-૨૦માં ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના સુરેન્દ્રનગર જિલ્લાના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા માટેની કેટલી અરજીઓ મળી, | (૧) ૭૧,૮૫૭ |
| (૨) મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૧,૮૫૭ |
| (૩) કેટલી રકમની ગણવેશ સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૪,૩૧,૧૪,૨૦૦/- |

---------

**રાજ્યમાં બાંધકામ મજૂરોના વેલ્ફેર ફંડમાં સેસની જમા રકમ**

૨૪૦૮૪ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦
## અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં બાંધકામ મજૂરોના સેસના કાયદા મુજબ વેલ્ફેર ફંડમાં સેસની કુલ કેટલી રકમ જમા છે,

(૧) રૂ.૨૮૮૦.૫૦ કરોડ

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ કયા હેતુસર વાપરવામાં આવી, અને

(૨)

| વર્ષ | યોજનાકીય હેતુ | વહીવટી હેતુ |
|---|---|---|
| ૨૦૧૮ | રૂ.. ૭૮.૦૬ કરોડ | રૂ.. ૩.૧૪ કરોડ |
| ૨૦૧૯ | રૂ.. ૪૭.૪૧ કરોડ | રૂ.. ૩.૬૬ કરોડ |
| **કુલ** | **રૂ.. ૧૨૫.૪૭ કરોડ** | **રૂ.. ૬.૮૦ કરોડ** |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ જમા થઈ?

(૩)

| વર્ષ | જમા રકમ |
|---|---|
| ૨૦૧૮ | ૪૮૮.૪૮ કરોડ |
| ૨૦૧૯ | ૫૪૭.૪૦ કરોડ |

---------

### અબડાસા તાલુકામાં આવેલ પાંજરાપોળ

૨૪૦૨૨ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં રખડતાં પશુઓ માટે પાંજરાપોળ કેટલા છે,

(૧) શૂન્ય

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પાંજરાપોળની મંજૂરી આપવામાં આવી,

(૨) શૂન્ય

(૩) ઉક્ત સ્થિતિએ પાંજરાપોળ માટે મંજૂરી અને જમીન માંગણી કરતી કેટલી દરખાસ્તો ઉક્ત સ્થિતિએ પડતર છે, અને

(૩) શૂન્ય

(૪) ઉક્ત પડતર દરખાસ્તોને ક્યાં સુધીમાં મંજૂરી આપવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### જૂનાગઢ જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓની સાયકલ મેળવવાની અરજીઓ

૨૧૭૪૭ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯-૨૦માં જૂનાગઢ જિલ્લામાં વિકસતી જાતિની ધોરણ-૯ની કન્યાઓની સાયકલ મેળવવા માટેની કેટલી અરજીઓ મળી,

(૧) ૫૭૫૦

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૫૭૫૦

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી?

(૩) શૂન્ય

---------

### પાટણ જિલ્લામાં પાલક માતા-પિતા યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૧૭૧૨ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં પાલક માતા-પિતા, યોજના અન્વયે કેટલી અરજીઓ મળી,

(૧) ૩૬૫

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૨) ૩૪૩

| | |
|---|---|
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૭૩,૩૫,૦૦૦/- |

---------

**મહેસાણા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૧૭૫૭ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯-૨૦માં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૧૨૩૨ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૧૯૬ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૧૧૯.૬૦ લાખ |

---------

**ભાવનગર જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૧૭૨૪ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૨૩ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૨૨ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) ૧૦૩૨૦૦૦૦/- |

---------

**રાજ્યમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે કાર્યરત આદર્શ નિવાસી શાળા**

૨૧૮૪૩ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે કુલ કેટલી આદર્શ નિવાસી શાળા ચાલે છે, અને | (૧) ૨૮ |
| (૨) તે પૈકી કન્યાઓ માટે કેટલી આદર્શ નિવાસી શાળાઓ છે? | (૨) ૧૨ |

---------

**મોરબી અને નવસારી જિલ્લામાં પાઈપ લાઈનથી પીવાનું પાણી પૂરું પાડવા બાબત**

૨૪૧૦૦ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ મોરબી અને નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવાનું પાણી પાઇપ લાઇનથી પૂરું પાડવામાં આવે છે,

(૧) નીચેની વિગતે,

**જિલ્લોઃ- મોરબી**

| **અનુ** | **તાલુકો** | **પાઇપ લાઇનથી પીવાના પાણીની વ્યવસ્થા** |
|---|---|---|
| ૧ | મોરબી | ૯૧ |
| ૨ | માળીયા | ૪૩ |
| ૩ | હળવદ | ૬૬ |
| ૪ | ટંકારા | ૪૭ |
| ૫ | વાકાંનેર | ૯૮ |
| | **કુલ** | **૩૪૫** |

**જિલ્લોઃ- નવસારી**

| **અનુ** | **તાલુકો** | **પાઇપ લાઇનથી પીવાના પાણીની વ્યવસ્થા** |
|---|---|---|
| ૧ | ચીખલી | ૬૭ |
| ૨ | ખેરગામ | ૨૨ |
| ૩ | ગણદેવી | ૬૬ |
| ૪ | જલાલપોર | ૭૪ |
| ૫ | નવસારી | ૭૦ |
| ૬ | વાંસદા | ૯૫ |
| | **કુલ** | **૩૯૪** |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ગામોને પીવાનું પાણી પાઇપ લાઇનથી પૂરું પાડવાનું બાકી છે,

(૩) જે ગામોને પાઇપ લાઇનથી પીવાનું પાણી પૂરું ન પડાતું હોય તેવા ગામોને કઈ પદ્ધતિથી પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે, અને

(૨) અને (૩) ઉક્ત સ્થિતિએ, મોરબી અને નવસારી જિલ્લાના તમામ ગામોમાં પીવાનું પાણી પાઇપ લાઇનથી અપાય છે. મોરબીના ટંકારાના ૨ અને વાંકાનેરના ૩ ગામોમાં સોર્સની ગુણવત્તા યોગ્ય ન હોય, ટેન્કરથી પાણી આપવામાં આવતું હતું. જેમાંથી ટંકારા તાલુકાના બે ગામોમાં સુધારણા યોજના પૂર્ણ થતા ટેન્કર બંધ કરી પાઇપ લાઇનથી પાણી અપાય છે.

(૪) ઉક્ત તમામ ગામોને ક્યાં સુધીમાં પીવાનું પાણી પાઇપ લાઇનથી પૂરું પાડવામાં આવશે?

(૪) વાંકાનેર તાલુકાના ત્રણ ગામો માટે સુધારણા યોજના બનાવી ટેન્ડર સ્ટેજે છે, જે સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

**ભરૂચ જિલ્લામાં ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબીલીટી પેન્શન સ્કીમ હેઠળ મળેલ અરજીઓ**

૨૧૭૩૪ **શ્રી અરુણસિંહ રણા** (વાગરા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબીલીટી પેન્શન સ્કીમ હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૭૬ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૩ |
| (૩) કેટલું પેન્શન ચૂકવવામાં આવ્યું? | (૩) ૭,૮૮,૪૦૦/- |

---------

**ખેડા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૨૨૨૯ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ | (૧) ૭૪ |

અતારાંકિત પ્રશ્નો

વર્ષઃ૨૦૧૯-૨૦માં ખેડા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ અનુસૂચિત જાતિની કન્યાઓની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને — (૨) ૭૪

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? — (૩) રૂ.૭,૪૦,૦૦૦/-

---------

**અમરેલી જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા**

૨૨૨૦૯ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લા વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૨૨ |
| (૨) આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૩૭૮૧ |

---------

**દાહોદ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા**

૨૨૨૦૬ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લા વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૧૮ |
| (૨) આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૨૬૩૧ |

---------

**કચ્છ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા**

૨૨૨૦૮ **ડૉ. નીમાબેન આચાર્ય** (ભુજ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લા વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૪૩ |
| (૨) આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૧૬૪૧૭ |

---------

**ભાવનગર જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૧૭૨૫ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલિતાણા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૨૩ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૨૨ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૧૦૩૨૦૦૦૦/- |

---------

**અરવલ્લી જિલ્લામાં ટેલિફોન કંપનીઓને આપેલ જમીન**

૨૪૦૬૧ **શ્રી જસુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કઈ કઈ ટેલિફોન કંપનીઓને ટાવર ઉભા કરવા માટે ક્યા પ્રકારની કેટલી જમીન શા ભાવે વેચાણ કે ભાડાથી આપવામાં આવી?

(૧) શૂન્ય

---------

**લઘુમતીઓના કલ્યાણ માટે કેન્દ્ર સરકાર પાસે ગ્રાન્ટની માગણી**

૨૩૧૭૫ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર ખાડિયા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર લઘુમતીઓના કલ્યાણ માટે કેન્દ્ર સરકાર પાસે રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટની માંગણી કરવામાં આવી,

(૧)

| વર્ષ | રકમ રૂ.(લાખમાં) |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૫૮૬૫.૮૧ |
| ૨૦૧૮-૧૯ | ૫૫૯૯.૭૩ |
| ૨૦૧૯-૨૦ (તા.૩૧-૧૨-૨૦૧૯ અંતિત) | ૩૦૨૮.૨૧ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી ગ્રાન્ટની ફાળવણી કેન્દ્ર સરકારે કરી,

(૨)

| વર્ષ | રકમ રૂ.(લાખમાં) |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૫૭૯૬.૪૬ |
| ૨૦૧૮-૧૯ | ૫૫૫૫.૩૪ |
| ૨૦૧૯-૨૦ (તા.૩૧-૧૨-૨૦૧૯ અંતિત) | ૨૩૦૭.૮૯ |

(૩) તે પૈકી કેટલી રકમનો વર્ષવાર ખર્ચ થયો, અને

(૩)

| વર્ષ | રકમ રૂ.(લાખમાં) |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૫૮૨૫.૮૮ |
| ૨૦૧૮-૧૯ | ૫૫૩૨.૬૭ |
| ૨૦૧૯-૨૦ (તા.૩૧-૧૨-૨૦૧૯ અંતિત) | ૨૨૭૧.૬૪ |

(૪) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમ વણવપરાયેલી રહી અને તેના કારણો શું છે?

| વર્ષ | રકમ રૂ.(લાખમાં) |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૦.૦૦ |
| ૨૦૧૮-૧૯ | ૨૨.૬૭ |
| ૨૦૧૯-૨૦ (તા.૩૧-૧૨-૨૦૧૯ અંતિત) | ૩૬.૨૫ |

વહીવટી અને કન્ટીજન્સી ખર્ચ ઓછો થયેલ હોવાથી રકમ વણવપરાયેલ રહેલ છે.

---------

**અરવલ્લી જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૧૭૦૩ **શ્રી જગદીશભાઈ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અરવલ્લી જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૨

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯૪

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) ૮૧૪૨૦૦/-

---------

**મહેસાણા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૧૭૫૬ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯-૨૦માં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૧૨૩૨ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૧૯૬ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૧૧૯.૬૦ લાખ |

---------

**સુરત જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૧૭૨૯ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લિંબાયત) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૨૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૮ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) ૧૬૮૬૦૦/- |

---------

**અમરેલી જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાયની મળેલ અરજીઓ**

૨૨૧૮૪ **શ્રી અરવિંદ રાણા** (સુરત-પૂર્વ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૯-૨૦માં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૩ (તેર) |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૨ (બાર) |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૧૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બાર લાખ પૂરા) |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાયની મળેલ અરજીઓ**

૨૨૨૧૬ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષઃ ૨૦૧૯-૨૦માં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૪ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને — (૨) ૧૧

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? — (૩) રૂ. ૯,૫૦,૦૦૦/-

---------

**કચ્છ જિલ્લામાં અદાણી ગ્રુપની કંપનીઓને ફાળવેલ જમીન**

૨૪૧૩૩ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં અદાણી ગ્રુપની કંપનીઓને કેટલી જમીન ફાળવવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં અદાણી ગ્રુપની કંપનીઓને કુલ હે.૬૦૪૭-૮૫-૧૧ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત ફાળવવામાં આવેલ જમીનમાં શરતભંગના કેટલા કિસ્સાઓ છેલ્લા બે વર્ષમાં નોંધાયા, અને | (૨) શૂન્ય |
| (૩) તે અન્વયે કંપની સામે શા પગલાં લીધા? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**મહેસાણા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૧૮૪૫ **ડૉ. આશાબેન પટેલ** (ઉંઝા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯-૨૦માં મહેસાણા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ અનુસૂચિત જાતિની વિદ્યાર્થિનીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૧૦૬૦ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૦૬૦ |
| (૩) કેટલી સાયકલ આપવામાં આવી? | (૩) ૧૦૬૦ |

---------

**પંચમહાલ જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૧૭૨૬ **શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૧૩૫ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૧૮ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) ૮૩૨૨૦૦/- |

---------

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ અને પશુધન નિરિક્ષકની મંજૂર જગ્યાઓ**

૨૪૧૨૧ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ અને પશુધન નિરિક્ષકની જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લો | પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ની મંજૂર જગ્યાઓ | પશુધન નિરિક્ષક વર્ગ-૩ની મંજૂર જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૩૧ | ૭૩ |
| ૨ | પોરબંદર | ૧૪ | ૨૨ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી ખાલી છે, અને

(૨)

| અ.નં. | જિલ્લો | પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ | | પશુધન નિરિક્ષક વર્ગ-૩ | |
|---|---|---|---|---|---|
| | | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | જૂનાગઢ | ૨૮ | ૦૩ | ૬૨ | ૧૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | પોરબંદર | ૦૭ | ૦૭ | ૧૪ | ૦૮ |

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ની અને પશુધન નિરિક્ષક વર્ગ–૩ની રાજ્ય કક્ષાની ખાલી જગ્યાઓ શક્ય તેટલી ઝડપથી ભરવામાં આવશે. જ્યારે પશુધન નિરિક્ષક વર્ગ–૩ની પંચાયત કક્ષાની ખાલી જગ્યાઓ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ભરવાની થાય છે.

---------

**મોરબી અને રાજકોટ જિલ્લામાં સ્થાનિકોને રોજગારી**

૨૪૦૯૮ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મોરબી અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧–૩–૧૯૯૫ ના ઠરાવની જોગવાઈ મુજબ સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ કેટલા એકમો સામે શા પગલાં લીધા,

(૨) ઉક્ત એકમોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્થાનિકોને રોજગારી આપવા બાબતની માહિતી ક્યારે એકત્ર કરવામાં આવી, અને

(૩) ઉક્ત ઠરાવની જોગવાઈ મુજબ દર છ માસે માહિતી એકત્ર ન કરવામાં આવી હોય તો જવાબદારો સામે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ સ્થાનિક રોજગારીની મળેલ માહિતી અનુસાર મોરબી અને રાજકોટ જિલ્લામાં સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન થયેલ ન હોઈ, એકમો સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂન–૨૦૧૮, ડિસેમ્બર–૨૦૧૮, જૂન–૨૦૧૯ તથા ડિસેમ્બર–૨૦૧૯ અંતિત છ માસિક ધોરણે સ્થાનિક રોજગારીની માહિતી એકત્ર કરવામાં આવેલ છે.

(૩) દર છ માસે માહિતી એકત્ર કરવામાં આવેલ હોઈ, જવાબદારો સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**લઘુમતીઓના વિકાસ માટે કેન્દ્ર સરકાર પાસે ગ્રાન્ટની માગણી**

૨૪૦૭૯ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર લઘુમતીઓના વિકાસ માટે કેન્દ્ર સરકાર પાસે રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટની માગણી વર્ષવાર કરવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રાન્ટની ફાળવણી વર્ષવાર કરવામાં આવી અને તે પૈકી કેટલી રકમનો વર્ષવાર ખર્ચ થયો, અને

(૩) રકમ જો વણવપરાયેલ રહી હોય તો તેના કારણો શું છે?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **રકમ રૂ.(લાખમાં)** |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૫૮૬૫.૮૧ |
| ૨૦૧૮–૧૯ | ૫૫૯૯.૭૩ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૧–૧૨–૨૦૧૯ અંતિત) | ૩૦૨૮.૨૧ |

(૨)

| **વર્ષ** | **કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ રૂ.(લાખમાં)** | **થયેલ ખર્ચ રૂ.(લાખમાં)** |
|---|---|---|
| ૨૦૧૭–૧૮ | ૫૭૯૬.૪૬ | ૫૮૨૫.૮૮ |
| ૨૦૧૮–૧૯ | ૫૫૫૫.૩૪ | ૫૫૩૨.૬૭ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૧–૧૨–૨૦૧૯ અંતિત) | ૨૩૦૭.૮૯ | ૨૨૭૧.૬૪ |

(૩) વહીવટી અને કન્ટીજન્સી ખર્ચ ઓછો થયેલ હોવાથી રકમ વણવપરાયેલ રહેલ છે.

---------

**પંચમહાલ જિલ્લામાં લેન્ડ કમિટીની મળેલ બેઠકો**

૨૧૫૬૪ **શ્રી જેઠાભાઈ ભરવાડ** (શહેરા) : **માનનીય ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર તાલુકા લેન્ડ કમિટીની કેટલી મીટીંગો ક્યારે મળી,

(૨) તે અન્વયે કેટલા લાભાર્થીઓને પ્લોટોની ફાળવણી કરી સનદો આપવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા લાભાર્થીઓને પ્લોટ ફાળવવાના બાકી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ તાલુકા લેન્ડ કમિટીની મીટીંગો

| તાલુકાનું નામ | મળેલ લેન્ડ કમિટીની મીટીંગની સંખ્યા | તાલુકા લેન્ડ કમિટીની મીટીંગ મળ્યાની તારીખ | |
|---|---|---|---|
| | | તા.૧-૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮ | તા.૧-૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ |
| ગોધરા | ૨ | તા.૩-૩-૨૦૧૮ | - |
| | | તા.૭-૭-૨૦૧૮ | - |
| હાલોલ | ૬ | તા.૧૨-૩-૨૦૧૮ | તા.૧-૨-૨૦૧૯ |
| | | તા.૪-૭-૨૦૧૮ | તા.૯-૭-૨૦૧૯ |
| | | તા.૧૭-૯-૨૦૧૮ | તા.૨૪-૯-૨૦૧૯ |
| કાલોલ | ૦ | ૦ | ૦ |
| મોરવા(હ) | ૬ | ૦ | તા.૫-૧-૨૦૧૯ |
| | | | તા.૨-૨-૨૦૧૯ |
| | | | તા.૨-૩-૨૦૧૯ |
| | | | તા.૧-૬-૨૦૧૯ |
| | | | તા.૩-૮-૨૦૧૯ |
| | | | તા.૭-૯-૨૦૧૯ |
| ઘોઘંબા | ૩ | તા.૪-૮-૨૦૧૮ | તા.૪-૯-૨૦૧૯ |
| | | તા.૩-૧૧-૨૦૧૮ | |
| જાંબુઘોડા | ૧૪ | તા.૭-૪-૨૦૧૮ | તા.૫-૧-૨૦૧૯ |
| | | તા.૨-૬-૨૦૧૮ | તા.૨-૨-૨૦૧૯ |
| | | તા.૭-૭-૨૦૧૮ | તા.૨-૩-૨૦૧૯ |
| | | તા.૪-૮-૨૦૧૮ | તા.૧-૬-૨૦૧૯ |
| | | તા.૧-૯-૨૦૧૮ | તા.૬-૭-૨૦૧૯ |
| | | તા.૬-૧૦-૨૦૧૮ | તા.૩-૮-૨૦૧૯ |
| | | તા.૩-૧૧-૨૦૧૮ | |
| | | તા.૧-૧૨-૨૦૧૮ | |
| શહેરા | ૧ | તા.૩-૧૧-૨૦૧૮ | ૦ |
| **કુલ** | **૩૨** | | |

(૨)

| તાલુકાનું નામ | પ્લોટ ફાળવેલ લાભાર્થીઓની સંખ્યા | આપેલ સનદોની સંખ્યા |
|---|---|---|
| ગોધરા | ૩ | ૩ |
| હાલોલ | ૦ | ૦ |
| કાલોલ | ૦ | ૦ |
| મોરવા(હ) | ૦ | ૦ |
| ઘોઘંબા | ૦ | ૦ |
| જાંબુઘોડા | ૦ | ૦ |
| શહેરા | ૨૨ | ૨૨ |
| **કુલ** | **૨૫** | **૨૫** |

(૩)

| તાલુકાનું નામ | પ્લોટ ફાળવવાના બાકી હોય તેવા લાભાર્થીઓની સંખ્યા |
|---|---|
| ગોધરા | ૦ |
| હાલોલ | ૦ |
| કાલોલ | ૦ |
| મોરવા(હ) | ૦ |
| ઘોઘંબા | ૦ |

| | |
|---|---|
| જાંબુઘોડા | ૦ |
| શહેરા | ૦ |
| **કુલ** | **૦** |

(૪) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ લાભાર્થીઓને ક્યાં સુધીમાં પ્લોટની ફાળવણી કરવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વડોદરા જિલ્લામાં શ્રવણતીર્થ દર્શન યોજનાના લાભાર્થીઓ**

૨૧૮૧૧ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ શ્રવણતીર્થ દર્શન યોજનામાં વડોદરા જિલ્લાના કેટલા વરિષ્ઠ નાગરિકોએ છેલ્લા બે વર્ષમાં ભાગ લીધો, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ શ્રવણતીર્થ દર્શન યોજનામાં વડોદરા જિલ્લાના ૮,૩૩૦ વરિષ્ઠ નાગરિકોએ છેલ્લા બે વર્ષમાં ભાગ લીધો છે.

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ.૩૪,૨૬,૩૮૪/– ની સહાય ચૂકવવામાં આવેલ છે.

---------

**ખેડા અને પંચમહાલ જિલ્લામાં પાઈપ લાઈનથી પીવાનું પાણી પૂરું પાડવા બાબત**

૨૪૧૬૦ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ખેડા અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવાનું પાણી પાઈપ લાઈનથી પૂરું પાડવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ગામોને પીવાનું પાણી પાઈપ લાઈનથી પૂરું પાડવાનું બાકી છે, અને

(૩) જે ગામોને પાઈપલાઈનથી પીવાનું પાણી પૂરું ન પડાતું હોય તો તેવા ગામોને કઈ પદ્ધતિથી પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે, અને

(૪) ઉક્ત તમામ ગામોને ક્યાં સુધીમાં પીવાનું પાણી પાઈપલાઈનથી પૂરું પાડવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩)

- ખેડા જિલ્લાના તમામ ગામોમાં પીવાનું પાણી પાઈપ લાઈનથી પૂરું પાડવામાં આવે છે.
- પંચમહાલ જિલ્લાના ૫૯૧ ગામો પૈકી ૫૮૬ ગામોમાં પીવાનું પાણી પાઈપ લાઈનથી પૂરું પાડવામાં આવે છે. જેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| **અનું.** | **તાલુકો** | **પીવાના પાણીની વ્યવસ્થા** | | |
|---|---|---|---|---|
| | | **પાઈપ લાઈન** | **હેન્ડપંપ** | **કુલ** |
| ૧ | ગોધરા | ૧૧૩ | ૦ | ૧૧૩ |
| ૨ | મોરવા (હ) | ૫૧ | ૦ | ૫૧ |
| ૩ | કાલોલ | ૬૭ | ૦ | ૬૭ |
| ૪ | હાલોલ | ૧૧૯ | ૧ | ૧૨૦ |
| ૫ | જાબુઘોડા | ૫૫ | ૦ | ૫૫ |
| ૬ | ઘોઘંબા | ૯૧ | ૪ | ૯૫ |
| ૭ | શહેરા | ૯૦ | ૦ | ૯૦ |

(૪)

- ખેડા જિલ્લાના તમામ ગામોમાં પીવાનું પાણી પાઈપ લાઈનથી પૂરું પાડવામાં આવે છે જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
- પંચમહાલ જિલ્લાના પાઈપ લાઈનથી પાણી ન અપાતા ૫ ગામોને ક્રમશઃ ૦૩/૨૦૨૨ સુધીમાં પાઈપ લાઈનથી

પીવાનું પાણી પૂરું પાડવાનું આયોજન છે.

---------

**ભરૂચ જિલ્લામાં રેવન્યુ તલાટીની મંજૂર જગ્યાઓ બાબત**

૨૪૧૯૦ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર રેવન્યુ તલાટીની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૩) ભરેલ જગ્યાઓ પૈકી તાલુકાવાર કેટલી જગ્યાઓ ચાર્જથી ચાલે છે, અને

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ જગ્યાઓ નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મંજૂર થયેલ જગ્યાઓ** |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૨૩ |
| ૨ | વાગરા | ૧૪ |
| ૩ | જંબુસર | ૧૬ |
| ૪ | આમોદ | ૧૧ |
| ૫ | અંકલેશ્વર | ૧૯ |
| ૬ | હાંસોટ | ૮ |
| ૭ | ઝઘડીયા | ૧૭ |
| ૮ | વાલીયા | ૧૩ |
| ૯ | નેત્રંગ | ૧૩ |
| | **કુલ** | **૧૩૪** |

(૨) મંજૂર થયેલ જગ્યાઓ પૈકી તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ૫૯ જગ્યાઓ ભરેલી છે. તેમજ ૭૫ જગ્યાઓ સને.૨૦૧૬ થી ખાલી છે.

(૩) શૂન્ય

(૪)આ ખાલી જગ્યાઓ ભરવાનું હાલમાં કોઈ આયોજન નથી.

---------

**કચ્છ અને પાટણ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો**

૨૪૦૨૫ **શ્રીમતિ સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ કચ્છ અને પાટણ જિલ્લામાં જિલ્લા રોજગાર કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નોંધાયેલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને

(૩) આપવામાં આવેલ રોજગારી પૈકી જિલ્લાવાર કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી?

**જવાબ**

(૧) રોજગાર કચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો

| **જિલ્લો** | **શિક્ષિત** | **અર્ધ–શિક્ષિત** | **કુલ** |
|---|---|---|---|
| કચ્છ | ૧૩૦૬૧ | ૧૯૯૧ | ૧૫૦૫૨ |
| પાટણ | ૧૦૦૯૭ | ૨૮૧ | ૧૦૩૭૮ |

(૨)

| **જિલ્લો** | **રોજગાર કચેરી મારફત આપવામાં આવેલ રોજગારી** |
|---|---|
| કચ્છ | ૫૬૦૯૦ |
| પાટણ | ૮૧૯૨ |

(૩) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર રોજગાર કચેરી મારફત આપવામાં આવેલ રોજગારી

| **જિલ્લો** | **સરકારી*** | **ખાનગી** |
|---|---|---|
| કચ્છ | ૪ | ૫૬૦૮૬ |
| પાટણ | ૨૦૨ | ૭૯૯૦ |

*સરકારી નોકરીની વિગતમાં લશ્કરી ભરતીમેળામાં પસંદગી અને રોજગાર કચેરી મારફત થયેલ ભરતીના આંકડા છે. અન્ય સરકારી ભરતીનો તેમાં સમાવેશ થતો નથી.

---------

અતારાંકિત પ્રશ્નો

**વલસાડ અને ડાંગ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો**

૨૪૨૦૭ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વલસાડ અને ડાંગ જિલ્લામાં જિલ્લા રોજગાર કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે, | (૧) રોજગાર કચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો |

| **જિલ્લો** | **શિક્ષિત** | **અર્ધ-શિક્ષિત** | **કુલ** |
|---|---|---|---|
| વલસાડ | ૧૨૩૨૪ | ૪૭૮ | ૧૨૮૦૨ |
| ડાંગ | ૩૦૦૧ | ૧૩૪ | ૩૧૩૫ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નોંધાયેલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને

(૨)

| **જિલ્લો** | **રોજગાર કચેરી મારફત આપવામાં આવેલ રોજગારી** |
|---|---|
| વલસાડ | ૪૦૪૫૫ |
| ડાંગ | ૩૮૦૭ |

(૩) આપવામાં આવેલ રોજગારી પૈકી જિલ્લાવાર કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી?

(૩) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર રોજગાર કચેરી મારફત આપવામાં આવેલ રોજગારી

| **જિલ્લો** | **સરકારી*** | **ખાનગી** |
|---|---|---|
| વલસાડ | ૧૫ | ૪૦૪૪૦ |
| ડાંગ | ૦ | ૩૮૦૭ |

*સરકારી નોકરીની વિગતમાં લશ્કરી ભરતીમેળામાં પસંદગી અને રોજગાર કચેરી મારફત થયેલ ભરતીના આંકડા છે. અન્ય સરકારી ભરતીનો તેમાં સમાવેશ થતો નથી.

---------

**મહિસાગર જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૧૭૪૪ **શ્રી કુબેરભાઈ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯-૨૦માં મહિસાગર જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ વિકસતી જાતીના કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મળી, | (૧) ૫૯,૬૦૫ |
| (૨) મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૫૯,૬૦૫ |
| (૩) કેટલી રકમની ગણવેશ સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૩,૫૭,૬૩,૦૦૦/- |

---------

**ગાંધીનગર જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૧૭૩૨ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર-દક્ષિણ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૭૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૦ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) ૩૪,૧૦,૦૦૦/- |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ઓવરહેડ ટાંકીઓ મંજૂર કરવા બાબત**

૨૪૦૩૮ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦
અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પીવાના પાણીની ઓવરહેડ ટાંકીઓ બનાવવા માટેની કેટલી માંગણીઓ મળી,

(૧) નીચેની વિગતે,

| તાલુકો | વર્ષ ૨૦૧૮ | વર્ષ ૨૦૧૯ |
|---|---|---|
| | મળેલ માંગણી | મળેલ માંગણી |
| ભાભર | ૦ | ૧ |
| દાંતા | ૦ | ૧ |
| દાંતીવાડા | ૦ | ૩ |
| ડીસા | ૧ | ૦ |
| દિયોદર | ૧ | ૦ |
| ધાનેરા | ૨ | ૧ |
| કાંકરેજ | ૦ | ૧ |
| લાખણી | ૨ | ૧ |
| પાલનપુર | ૦ | ૧ |
| થરાદ | ૧ | ૦ |
| વડગામ | ૦ | ૩ |

(૨) મળેલ માંગણીઓ પૈકી તાલુકાવાર કેટલી ઓવરહેડ ટાંકીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉપરોક્ત ૧૯ માંગણીઓ પૈકી ૧૩ માંગણીઓ અન્વયે ક્ષેત્રીય કચેરી દ્વારા સર્વે કરી યોજના બનાવવા અંગેની કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે, સમાંતર ત્રણ ગામો માટે લોકફાળો એકત્રિત કરવાની પ્રક્રિયા ચાલી રહેલ છે. લોકફાળો મળ્યેથી તરત જ યોજના મંજૂર કરી કામગીરી કરવામાં આવશે.

(૩) તાલુકાવાર કેટલી માંગણીઓ કયા કારણોસર નામંજૂર કરવામાં આવી?

(૩) ૧૯ માંગણીઓ પૈકી તાલુકાવાર નીચેની વિગતે ૦૬ માંગણીઓ અન્વયેના ગામોમાં પુરતો સ્ટૌરેજ હોઈ ઓવરહેડ ટાંકીની જરૂરીયાત રહેતી નથી.

| તાલુકો | ઓવરહેડ ટાંકીની જરૂરીયાત નથી તેવી માંગણીની સંખ્યા |
|---|---|
| દિયોદર | ૦૧ |
| કાંકરેજ | ૦૧ |
| દાંતા | ૦૧ |
| ભાભર | ૦૧ |
| દાંતીવાડા | ૦૧ |
| પાલનપુર | ૦૧ |
| **કુલ** | **૦૬** |

---------

**અમદાવાદ જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૧૭૫૦ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯-૨૦માં ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય મેળવવા માટેની અમદાવાદ જિલ્લામાં કેટલી અરજીઓ મળી,

(૧) ૧,૧૯,૦૧૨

(૨) મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૧,૧૯,૦૧૨

(૩) કેટલી રકમની ગણવેશ સહાય ચૂકવવામાં આવી?

(૩) રૂ. ૭,૧૪,૦૭,૨૦૦/-

---------

## પાટણ જિલ્લામાં જમીનની રીમાપણીમાં ક્ષતિઓ

૨૪૪૨૧ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં ખેતીની જમીનની રીમાપણી કરવાની કામગીરીમાં રહેલ ક્ષતિઓ સુધારવા માટે સરકારને તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં ખેતીની જમીનની રીમાપણી કરવાની કામગીરીમાં રહેલ ક્ષતિઓ સુધારવા માટે સરકારને તાલુકાવાર મળેલ અરજીઓ તેમજ તે પૈકી નિકાલ કરેલ અરજીઓની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકા | ક્ષતિઓ સુધારવા માટે મળેલ અરજીઓ | નિકાલ કરેલ ફરિયાદો |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૭૪૨ | ૪૩૫ |
| ૨ | સિદ્ધપુર | ૫૧૩ | ૪૦૧ |
| ૩ | સમી | ૬૩૧ | ૩૫૧ |
| ૪ | રાધનપુર | ૭૩૭ | ૩૮૨ |
| ૫ | સરસ્વતી | ૧૮૪૨ | ૮૭૮ |
| ૬ | ચાણસ્મા | ૧૦૫૬ | ૭૦૩ |
| ૭ | હારીજ | ૫૧૧ | ૩૯૩ |
| ૮ | શંખેશ્વર | ૨૮૧ | ૧૬૨ |
| ૯ | સાંતલપુર | ૪૯૪ | ૨૬૬ |
| | **કુલ** | **૬૮૦૭** | **૩૯૭૧** |

**પ્રશ્ન**

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર પ્રમોલગેશન કરવાનું કેટલું બાકી છે?

**જવાબ**

(૩) ઉક્ત સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ પ્રમોલગેશન કરવાનું બાકી છે.

| ક્રમ | તાલુકા | પ્રમોલગેશન બાકી ગામ |
|---|---|---|
| ૧ | પાટણ | ૩૩ |
| ૨ | સિદ્ધપુર | ૩૪ |
| ૩ | સમી | ૨૬ |
| ૪ | રાધનપુર | ૨૭ |
| ૫ | સરસ્વતી | ૦૫ |
| ૬ | ચાણસ્મા | ૧૨ |
| ૭ | હારીજ | ૨૩ |
| ૮ | શંખેશ્વર | ૨૧ |
| ૯ | સાંતલપુર | ૩૧ |
| | **કુલ** | **૨૧૨** |

---------

## નલ સે જલ યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

૨૪૦૬૪ **ડો. સી. જે. ચાવડા** (ગાંધીનગર-ઉત્તર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ નલ સે જલ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ મળી,

(૨) મળેલ રકમ પૈકી કેટલી રકમનો વર્ષવાર ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલ રહી, અને

(૩) રકમ જો વણવપરાયેલ રહી હોય તો તેના કારણો શું છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ 'નલ સે જલ' યોજના અન્વયે કેન્દ્ર સરકાર તરફથી રૂ.૧૫૮૯૨.૬૨ લાખ ની રકમ ફાળવવામાં આવેલ છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૯ સુધીમાં 'નલ સે જલ' યોજના અન્વયે વર્ષ દરમ્યાન રૂ.૧૫૮૯૨.૬૨ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી.

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

---------

**ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં સરકારી જમીન પર દબાણ**

૨૪૧૩૧ **શ્રી ભગાભાઇ બારડ** (તાલાલા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તાલુકા | તા.૦૧/૦૧/૧૮ થી તા.૩૧/૧૨/૧૮ | તા.૦૧/૦૧/૧૯ થી તા.૩૧/૧૨/૧૯ | કુલ |
|---|---|---|---|
| અમરેલી | ૪ | – | ૪ |
| ધારી | ૧ | – | ૧ |
| કુકાવાવ | ૧ | – | ૧ |
| લાઠી | – | – | – |
| બાબરા | – | ૧ | ૧ |
| લીલીયા | – | – | – |
| સાવરકુંડલા | ૬ | – | ૬ |
| બગસરા | ૧ | ૧ | ૨ |
| ખાંભા | ૨ | – | ૨ |
| રાજુલા | – | ૧ | ૧ |
| જાફરાબાદ | ૩ | – | ૩ |
| **કુલ** | **૧૮** | **૩** | **૨૧** |

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને તેના શાં કારણો છે, અને

(૩) આ સાથે સામેલ પત્રક મુજબ.

(૪) બાકીની તમામ અરજીઓ ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવનાર છે ?

(૪) પડતર અરજીઓ ઉપર સંપૂર્ણ વહીવટી કાર્યવાહીની પૂર્તતા થયા બાદ વીમા નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા નિકાલ કરવામાં આવનાર છે.

**પત્રક**

| તાલુકા | તા.૦૧/૦૧/૧૮ થી તા.૩૧/૧૨/૧૮ | કારણો | તા.૦૧/૦૧/૧૯ થી તા.૩૧/૧૨/૧૯ | કારણો | કુલ |
|---|---|---|---|---|---|
| અમરેલી | ૫ | ૪–ડ્રાઈવીંગ લાયસન્સ ન હોવાથી. | ૦ | | ૫ |
| | | ૧–હીરા ઘસુ વ્યવસાય કરતા હોવાથી | | | |
| ધારી | ૩ | ૧–ઝેરી દવા પીવાથી આપઘાત કરેલ છે. | ૦ | | ૩ |
| | | ૧–ડ્રાઈવીંગ લાયસન્સ ન હોવાથી. | | | |
| | | ૧–એસ.ડી.એમ. રીપોર્ટ રજૂ ન થવાથી. | | | |
| કુકાવાવ | ૧ | ૧–કુદરતી રીતે અવસાન થવાથી. | ૦ | | ૧ |
| લાઠી | ૦ | | ૧ | ૧–ડ્રાઈવીંગ લાયસન્સ | ૧ |

| તાલુકા | તા.૦૧/૦૧/૧૮ થી તા.૩૧/૧૨/૧૮ | કારણો | તા.૦૧/૦૧/૧૯ થી તા.૩૧/૧૨/૧૯ | કારણો | કુલ |
|---|---|---|---|---|---|
| | | | | ન હોવાથી. | |
| બાબરા | ૦ | | ૦ | | ૦ |
| લીલીયા | ૦ | | ૦ | | ૦ |
| સાવરકુંડલા | ૧૧ | ૧–ડ્રાઈવીંગ લાયસન્સ ન હોવાથી.<br>૫–એસ.ડી.એમ. રીપોર્ટ, ઈ–ધરા પ્રમાણપત્ર, વિસેરા રીપોર્ટ અને ફાઈનલ પી.એમ. રીપોર્ટ રજૂ ન થવાથી<br>૧–વારસાઈ હક્કે જમીન ધારણ કરતા હોવાથી.<br>૧–મૃતક નોકરી કરતો હોવાથી. | ૧ | ૧–મૃતક વિદ્યાર્થી હોવાથી. | ૧૨ |
| બગસરા | ૧ | ૧–ડ્રાઈવીંગ લાયસન્સ ન હોવાથી. | ૦ | | ૧ |
| ખાંભા | ૨ | ૧–મૃતક નોકરી કરતો હોવાથી.<br>૧–ડ્રાઈવીંગ લાયસન્સ ન હોવાથી. | ૨ | ૨–પી.એમ. રીપોર્ટ અને ઈ–ધરા પ્રમાણપત્ર રજૂ ન થવાથી. | ૪ |
| રાજુલા | ૦ | | ૨ | ૧–મૃતક અસંગઠિત શ્રમિક ન હોવાથી.<br>૧–પી.એમ. રીપોર્ટ અને ઈ–ધરા પ્રમાણપત્ર રજૂ ન થવાથી. | ૨ |
| જાફરાબાદ | ૪ | ૧–ડ્રાઈવીંગ લાયસન્સ ન હોવાથી.<br>૧–મૃતક અસંગઠિત શ્રમિક ન હોવાથી.<br>૧–આપઘાત કરેલ હોવાથી<br>૧–એસ.ડી.એમ. રીપોર્ટ રજૂ ન થવાથી. | ૧ | ૧–ડ્રાઈવીંગ લાયસન્સ ન હોવાથી. | ૫ |
| **કુલ** | **૨૭** | | **૭** | | **૩૪** |

---------

**જૂનાગઢ જિલ્લામાં જમીન માપણીની પડતર અરજીઓ**

૨૪૧૨૬ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર જમીન માપણી માટે મળેલ અરજીઓ જમીન માપણી કરવાના યંત્ર (ટોટલ સ્ટેશન મશીન)ના અભાવે પડતર રહે છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) ટોટલ સ્ટેશન મશીનના અભાવે માપણી કેસો પડતર ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો જૂનાગઢ જિલ્લા ડી.આઈ.એલ.આર. કચેરી દ્વારા જમીન માપણી કરવાના યંત્ર ખરીદ કરવા માટેની કોઈ માંગણી/દરખાસ્ત સરકારને મળેલ છે કે કેમ, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો કેટલા ખર્ચે કેટલા યંત્રો ખરીદવાની માંગણી સરકારને મળેલ છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ક્યાં સુધીમાં યંત્ર ખરીદવાની મંજૂરી આપવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં સ્થાનિકોને રોજગારી**

૨૪૧૭૧ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧/૩/૧૯૯૫ના ઠરાવની જોગવાઈ મુજબ સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ કેટલા એકમો સામે શા પગલાં લીધાં,

**જવાબ**

(૧) શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧/૦૩/૧૯૯૫ ના ઠરાવની જોગવાઇ અન્વયે તા.૩૧/૧૨/૨૦૧૯ ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં સ્થાનિક રોજગારીની મળેલ માહિતી અનુસાર

(૧) મહીસાગર જીલ્લામાં સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન થયેલ ન હોઈ, એકમો સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પંચમહાલ જીલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૯ ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં નીચે જણાવેલ એકમોએ સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરેલ છે.

| **વર્ષ** | **સ્થાનિકોને રોજગારી અપવાના નિયમોનું ઉલ્લંઘન કરેલ એકમોની સંખ્યા** |
|---|---|
| ૨૦૧૮ (તા.૩૧-૧૨-૨૦૧૮ ની સ્થિતિએ) | ૦૦ |
| ૨૦૧૯ (તા.૩૧-૧૨-૨૦૧૯ ની સ્થિતિએ) | ૦૨ |

ઉક્ત એકમો સામે સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જળવાવા અંગે નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

- સબંધિત એકમોને શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧/૦૩/૯૫ ના ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અંગેની જોગવાઈઓનું ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.
- ઠરાવનો ભંગ કરતા એકમો સાથે સંબંધિત નાયબ નિયામક (રોજગાર) દ્વારા દર છ માસે બેઠક યોજીને ઠરાવની જોગવાઈનું પાલન વધુ સુચારુ રીતે થઈ શકે તેમાટે તેઓને સમજ આપવામાં આવેલ છે.
- સ્થાનિક રોજગારી નિયત ટકાવારી ન જાળવતા એકમોની યાદી જીલ્લા કક્ષાએથી રોજગાર કચેરી દ્વારા સબંધિત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા વાણીજ્ય વેરા કચેરીને જરૂરી કાર્યવાહી સારૂ મોકલવામાં આવે છે.
- રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા રાજ્યમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની યાદી જરૂરી કાર્યવાહી સારૂ ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરને મોકલી આપવામાં આવેલ છે.
- સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે રોજગાર ભરતી મેળા(જોબફેર) નું આયોજન કરી, સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત એકમોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્થાનિકોને રોજગારી આપવા બાબતની માહિતી ક્યારે

(૨) તા.૩૧/૧૨/૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂન-૨૦૧૮, ડીસેમ્બર-૨૦૧૮, જૂન-૨૦૧૯

એકત્ર કરવામાં આવી, અને

તથા ડીસેમ્બર–૨૦૧૯ અંતિત છમાસિક ધોરણે સ્થાનિક રોજગારીની માહિતી એકત્ર કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત ઠરાવની જોગવાઈ મુજબ દર છ માસે માહિતી એકત્ર ન કરવામાં આવી હોય તો જવાબદારો સામે શા પગલાં લીધાં?

(૩) દર છ માસે માહિતી એકત્ર કરવામાં આવેલ હોઈ, જવાબદારો સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**દાહોદ અને નવસારી જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો**

૨૪૧૮૦ **શ્રીમતિ ચંદ્રિકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ દાહોદ અને નવસારી જિલ્લામાં જિલ્લા રોજગાર કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

**જવાબ**

(૧) રોજગાર કચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો

| **જિલ્લો** | **શિક્ષિત** | **અર્ધ–શિક્ષિત** | **કુલ** |
|---|---|---|---|
| દાહોદ | ૧૧૧૬૫ | ૪૭ | ૧૧૨૧૨ |
| નવસારી | ૯૨૧૬ | ૪૧૧ | ૯૬૨૭ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને

(૨)

| **જિલ્લો** | **રોજગાર કચેરી મારફત આપવામાં આવેલ રોજગારી** |
|---|---|
| દાહોદ | ૫૨૯૦ |
| નવસારી | ૧૦૧૧૧ |

(૩) આપવામાં આવેલ રોજગારી પૈકી જિલ્લાવાર કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી?

(૩) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર રોજગાર કચેરી મારફત આપવામાં આવેલ રોજગારી

| **જિલ્લો** | **સરકારી*** | **ખાનગી** |
|---|---|---|
| દાહોદ | ૦ | ૫૨૯૦ |
| નવસારી | ૦ | ૧૦૧૧૧ |

*સરકારી નોકરીની વિગતમાં લશ્કરી ભરતી મેળામાં પસંદગી અને રોજગાર કચેરી મારફત થયેલ ભરતીના આંકડા હોય છે. અન્ય સરકારી ભરતીનો તેમાં સમાવેશ થતો નથી, તેથી શૂન્ય છે.

**ગાંધીનગર અને અરવલ્લી જિલ્લામાં યાત્રાધામના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ**

૨૪૦૬૯ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર યાત્રાધામના વિકાસ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કયા યાત્રાધામના વિકાસ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

**જવાબ**

(૧) ગાંધીનગર અને અરવલ્લી જિલ્લામાં યાત્રાધામના વિકાસ માટે જિલ્લાવાર કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી. ગાંધીનગર અને અરવલ્લી જિલ્લાના હાથ ધરેલ કામોની વિગત **પત્રક–૧** માં સામેલ છે.

(૨) અને (૩) **પત્રક–૧** મુજબ છે.

**પત્રક–૧**

**ગાંધીનગર જિલ્લાના યાત્રાધામની વિગત**

**વર્ષ ૨૦૧૮ (તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮) આંકડા રૂ. લાખમાં**

| **ક્રમ** | **યાત્રાધામની વિગત** | **કામની રકમ** | **કરવામાં આવેલ ખર્ચ** | **વણવપરાયેલ રકમ** | **કારણો** |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી મહાકાળી વડ કંથારપુર, તા.દહેગામ, ખાતે વિકાસની કામગીરી | ૧૪૯૬.૦૦ | ૩.૬૮ | ૧૪૯૨.૩૨ | ટેન્ડર મંજૂરીની કાર્યવાહી પ્રગતિમાં હોવાથી |
| ૨ | શ્રી વરદાયીની માતાજી મંદિર, રૂપાલ, ગાંધીનગર | ૨૨.૫૬ | ૨૨.૫૬ | ૦.૦૦ | કામગીરી પૂર્ણ |

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | યાત્રાધામની વિગત | કામની રકમ | કરવામાં આવેલ ખર્ચ | વણવપરાયેલ રકમ | કારણો |
|---|---|---|---|---|---|
| | ખાતે સોલાર રૂફટોપ સિસ્ટમ મુકવાના કામો | | | | |
| ૩ | શ્રી રામજી મંદિર, મું. માણસા, તા.માણસા, જિ.ગાંધીનગર (સોલર રૂફટોપ) | ૧.૦૬ | ૧.૦૬ | ૦.૦૦ | કામગીરી પૂર્ણ |
| ૪ | જૈન દેરાસર સેકટર–૨૨, ગાંધીનગર ખાતે લગાડવાની સોલાર રૂફટોપ સિસ્ટમની માહિતી | ૪.૫૦ | ૪.૫૦ | ૦.૦૦ | કામગીરી પૂર્ણ |
| ૫ | મહુડી મંદિર, તા.માણસા, જિ. ગાંધીનગર ખાતે લગાડવાની સોલાર રૂફટોપ સિસ્ટમની માહિતી | ૫.૨૮ | ૫.૨૮ | ૦.૦૦ | કામગીરી પૂર્ણ |
| ૬ | કૃપાનિધિ મહાદેવ મંદિર, સેકટર–૧, ગાંધીનગર ખાતે લગાડવાની સોલાર રૂફટોપ સિસ્ટમની માહિતી | ૫.૨૯ | ૫.૨૯ | ૦.૦૦ | કામગીરી પૂર્ણ |
| ૭ | બાલારામ મંદિર, ભારતીય કિસાન સંઘ, સેકટર–૧૨, ગાંધીનગર ખાતે લગાડવાની સોલાર રૂફટોપ સિસ્ટમની માહિતી | ૨.૬૪ | ૨.૬૪ | ૦.૦૦ | કામગીરી પૂર્ણ |
| ૮ | ખોડિયાર મંદિર, સોમમણિ ફાઉન્ડેશન, વાવોલ પુન્દ્રસનરોડ, ગામ–વાવોલ, તા.જિ.ગાંધીનગર | ૧.૫૮ | ૧.૫૮ | ૦.૦૦ | કામગીરી પૂર્ણ |
| ૯ | શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સેવા ટ્રસ્ટ, માધવનંદ આશ્રમ મુ. સુઘડ તા. ગાંધીનગર જિ. ગાંધીનગર | ૫.૨૮ | ૫.૨૮ | ૦.૦૦ | કામગીરી પૂર્ણ |
| ૧૦ | શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ, માઁ પલાઈ વિઘ્નેશ્વરી ધામ (પંચદેવ મંદિર, મુ. માણસા તા. માણસા જિ. ગાંધીનગર | ૫.૨૮ | ૫.૨૮ | ૦.૦૦ | કામગીરી પૂર્ણ |
| ૧૧ | ગાયત્રી પરિવાર ટ્રસ્ટ મંદિર, મુ. માણસા, તા. માણસા જિ. ગાંધીનગર | ૫.૨૮ | ૫.૨૮ | ૦.૦૦ | કામગીરી પૂર્ણ |
| ૧૨ | શ્રી સિમન્દર સ્વામિ આરાધના ટ્રસ્ટ, ત્રિમંદિર, મું.અડાલજ, તા.જિ.ગાંધીનગર | ૫.૨૮ | ૫.૨૮ | ૦.૦૦ | કામગીરી પૂર્ણ |
| | **કુલ** | **૧૫૬૦.૦૩** | **૬૭.૭૧** | **૧૪૯૨.૩૨** | |
| | | | | | |
| | **વર્ષ ૨૦૧૯ (તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯)** | | | | |
| ૧ | શ્રી ચામુંડા માતાજી મંદિર કોલવડા ખાતે રેમ્પ અને પેવર બ્લોક લગાવવાની કામગીરી | ૨૫.૦૦ | ૨૪.૮૫ | ૦.૧૫ | ટેન્ડર નીચું હોવાથી |
| ૨ | શ્રી સોમનાથ મહાદેવ મંદિર, સેકટર–૧૬, ખાતે કોમ્યુનિટિ હોલ બનાવવાની કામગીરી | ૨૦.૦૦ | ૧૯.૬૮ | ૦.૩૨ | ટેન્ડર નીચું હોવાથી |
| ૩ | શ્રી કોટેશ્વર મહાદેવ મંદિર, પીપળજ ખાતે રેમ્પ બનાવવાની કામગીરી | ૨.૦૩ | ૧.૬૮ | ૦.૩૫ | ટેન્ડર નીચું હોવાથી |
| ૪ | શ્રી લિમ્બચધામ શ્રી પ્રેરણા પ્રગતિ મંડળ, રંગમંચ પાસે, સેકટર–૧૩, ગાંધીનગર–૩૮૨૦૧૩ | ૫.૨૦ | ૦.૦૦ | ૫.૨૦ | ટેન્ડર નીચું હોવાથી |
| ૫ | શ્રી મહાકાળી માતાજી દેવસ્થાન ચેરીટેબલ ટ્રસ્ટ, મુ.વાઘોસણા,તા:કલોલ જિ.:–ગાંધીનગર | ૪.૧૬ | ૨.૯૧ | ૧.૨૫ | ટેન્ડર નીચું હોવાથી |
| ૬ | ચૈતન્યધામ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, નેશનલ હાઈવે–૮, મુ. ધણપ,તા–જી ગાંધીનગર, | ૫.૨૦ | ૫.૨૦ | ૦.૦૦ | કામગીરી પૂર્ણ |
| ૭ | શ્રી શકિત મંદિર અંબાજી ટ્રસ્ટ, મુ.ગિયોડ, તા.જિ.ગાંધીનગર | ૫.૨૦ | ૫.૨૦ | ૦.૦૦ | કામગીરી પૂર્ણ |
| ૮ | BAPS શ્રી સ્વામીનારાયણ મંદિર, પંચવટી એરીયા, મું. બોરીસણા, કલોલ –૩૮૨૭૨૧ | ૫.૨૦ | ૫.૨૦ | ૦.૦૦ | કામગીરી પૂર્ણ |
| ૯ | શ્રી જલારામ મંદિર, સરકારી સ્કુલની બાજુમાં સેક્ટર–૨૯, ગાંધીનગર–૩૮૨૦૨૯ | ૫.૨૦ | ૫.૨૦ | ૦.૦૦ | કામગીરી પૂર્ણ |
| ૧૦ | શ્રી કપિલેશ્વર મહાદેવ, મુ.કલોલ, તા.જિ.ગાંધીનગર | ૫.૨૦ | ૫.૨૦ | ૦.૦૦ | કામગીરી પૂર્ણ |

| ક્રમ | યાત્રાધામની વિગત | કામની રકમ | કરવામાં આવેલ ખર્ચ | વણવપરાયેલ રકમ | કારણો |
|---|---|---|---|---|---|
| ૧૧ | શ્રી વરદાયીની માતાજી મંદિર, રૂપાલ, ગાંધીનગર ખાતે વીજ બચત ઉપકરણો મૂકવા બાબત | ૨૨.૭૬ | ૨૧.૩૪ | ૧.૪૨ | કામગીરી પ્રગતિમાં છે |
| | **કુલ** | **૧૦૫.૧૫** | **૯૬.૪૬** | **૮.૬૯** | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | **અરવલ્લી જિલ્લાના યાત્રાધામની વિગત** | | | | |
| | **વર્ષ ૨૦૧૮ (તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮) આંકડા રૂ. લાખમાં** | | | | |
| **ક્રમ** | **યાત્રાધામની વિગત** | **કામની રકમ** | **કરવામાં આવેલ ખર્ચ** | **વણવપરાયેલ રકમ** | **કારણો** |
| ૧ | શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદિર, ભિલોડા | ૧૦૪.૦૦ | ૦.૦૦ | ૧૦૪.૦૦ | ટેન્ડરની કામગીરી પ્રગતિમાં છે |
| ૨ | શ્રી બાલકદાસજી મંદિર, મું. સાગરપાડા, તા.મોડાસા, જિ.અરવલ્લી ખાતે ઈલેક્ટ્રીફિકેશનના કામો | ૪.૯૭ | ૧.૫૮ | ૩.૩૯ | ટેન્ડર નીચું હોવાથી |
| | **કુલ** | **૧૦૮.૯૭** | **૧.૫૮** | **૧૦૭.૩૯** | |
| | **વર્ષ ૨૦૧૯ (તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯)** | | | | |
| ૧ | પ્રમુખશ્રી ગોવર્ધનનાથજી મંદિર ટ્રસ્ટ, શ્રી બાલકદાસજી મંદિર, મુ. સગરવાડા, તા. મોડાસા, જિ. અરવલ્લી | ૨.૬૦ | ૨.૬૦ | ૦.૦૦ | કામગીરી પૂર્ણ |
| ૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર,બોચાસણવાસી શ્રી અક્ષરપૂરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, મોડાસા બસ સ્ટેન્ડ પાસે, રામપાર્ક સોસાયટી, તા.મોડાસા, જિ.અરવલ્લી | ૫.૨૦ | ૫.૨૦ | ૦.૦૦ | કામગીરી પૂર્ણ |
| ૩ | BAPS શ્રી સ્વામીનારાયણ મંદિર,ખલીકપુર બાયપાસ રોડ, મેઘરજ ચાર રસ્તા પાસે, મોડાસા, જિ.અરવલ્લી | ૫.૨૦ | ૫.૨૦ | ૦.૦૦ | કામગીરી પૂર્ણ |
| ૪ | શ્રી સિદ્ધ હનુમાનજી મંદિર, મેઘરજ ચાર રસ્તા પાસે, મુ.મોડાસા, જિ.અરવલ્લી | ૩.૫૭ | ૩.૫૭ | ૦.૦૦ | કામગીરી પૂર્ણ |
| | **કુલ** | **૧૬.૫૭** | **૧૬.૫૭** | **૦.૦૦** | |

### સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સરકારી જમીન પર દબાણ

૨૪૦૫૪ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કરી જિંગા ફાર્મ ઉભા કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સરકારી જમીન પરના તમામ ગેરકાયદેસર દબાણ ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### સાબરકાંઠા અને પાટણ જિલ્લામાં રી-સર્વેની કામગીરી

૨૪૦૩૬ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં જમીન રી-સર્વેની કામગીરી કઇ એજન્સી દ્વારા હાથ ધરવામાં આવેલ, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં જમીન રી-સર્વેની કામગીરી **સિકોન પ્રા.લિ., બેંગલોર**ની એજન્સી દ્વારા હાથ ધરવામાં આવેલ છે. |

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦
## અતારાંકિત પ્રશ્નો

તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં જમીન રીસર્વેની કામગીરી **ઈ–સેન્ટ્રીક સોલ્યુશન પ્રા.લિ., હૈદરાબાદ**ની એજન્સી દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

(૨)ઉક્ત એજન્સી દ્વારા ખેડુતોને સાથે રાખ્યા વગર જમીન રી–સર્વેની કામગીરી કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) ના, જી.

(૩) તેના કારણે જમીન રી–સર્વેની કામગીરીમાં ક્ષતિઓ રહી જવા પામી છે તેવી કેટલી ક્ષતિઓ ઉક્ત જિલ્લાઓમાં તાલુકાવાર સુધારવાની બાકી છે, અને

(૩) બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં તાલુકાવાર જમીન રીસર્વેની કામગીરીમાં નીચેના કારણોસર ક્ષતિઓ ઉપસ્થિત થયેલ છે.

- અગાઉની માપણી શંકુ સાંકળથી થયેલ છે અને હાલની નવી માપણી ડીજીપીએસ ગ્રીડ આધારે આધુનિક સાધનોથી કરવામાં આવેલ હોઈ ચોક્સાઈમાં તફાવત આવતો હોય છે.
- ભાઈઓ ભાગની વહેંચણી ઘરમેળે કરી પૈકી પાનીયા અલગ કરેલ હોય, જૂના ગામ નમુના નં. ૭ મુજબ નવા ગામ નંબર ૭ નો આગ્રહ.
- જમીન સાંથણીના કિસ્સામાં સ્થળે કબજો ન હોવા છતાં જમીન માપણી કરી આપવાનો આગ્રહ. ઉક્ત કારણોસર મળેલ ક્ષતિઓમાંથી સુધારવાની બાકી હોય તેવી ક્ષતિઓની વિગતો નીચે મુજબ છે.

- **બનાસકાંઠા જિલ્લો**

| તાલુકા | ક્ષતિઓ સુધારવાની બાકી |
|---|---|
| પાલનપુર | ૫૮૪ |
| અમીરગઢ | ૧૨૧ |
| થરાદ | ૩૦૨ |
| સુઈગામ | ૨૧૯ |
| દાંતા | ૧૭૬ |
| ધાનેરા | ૨૦૨ |
| દિયોદર | ૧૯૪ |
| દાંતીવાડા | ૨૫૮ |
| ડીસા | ૪૦૯ |
| વાવ | ૨૧૮ |
| ભાભર | ૩૩૮ |
| કાંકરેજ | ૧૩૭ |
| લાખણી | ૨૨૫ |
| વડગામ | ૬૬૨ |
| **કુલ** | **૪૦૪૫** |

- **પાટણ જિલ્લો**

| તાલુકા | ક્ષતિઓ સુધારવાની બાકી |
|---|---|
| પાટણ | ૩૦૭ |
| સિદ્ધપુર | ૧૧૨ |
| સમી | ૨૮૦ |
| રાધનપુર | ૩૫૫ |
| સરસ્વતી | ૯૬૪ |
| ચાણસ્મા | ૩૫૩ |
| હારીજ | ૧૧૮ |
| શંખેશ્વર | ૧૧૯ |
| સાંતલપુર | ૨૨૮ |
| **કુલ** | **૨૮૩૬** |

(૪) ઉક્ત ક્ષતિઓ ક્યાં સુધીમાં સુધારવામાં આવશે?

(૪) ઉક્ત ક્ષતિઓનો ઝુંબેશ સ્વરૂપે નિકાલ કરવાની કામગીરી પ્રગતિમાં હોઈ સત્વરે સુધારવામાં આવશે.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

## બેસ્ટ લેજીસ્લેચર એવોર્ડ આપવા અંગે.

અધ્યક્ષશ્રી : મારે એક અગત્યની જાહેરાત કરવાની છે. ભારતીય સંસદના બંને ગૃહો અર્થાત રાજયસભા અને લોકસભાના વર્તમાન સભ્યોને તેમની સંસદસભ્ય તરીકેની ઉત્કૃષ્ટ કામગીરીની કદરરૂપે વર્ષ ૧૯૯૫થી દર વર્ષે આઉટસ્ટેન્ડીંગ પાર્લામેન્ટ્રીયન એવોર્ડ આપવામાં આવે છે. તેમજ ભારતના આસામ, રાજસ્થાન, કર્ણાટક, ઝારખંડ, ઉત્તરાખંડ સહિતના રાજયોના વિધાનમંડળો દ્વારા તેમના વિધાનમંડળના વર્તમાન સભ્યોને ધારાસભ્ય તરીકેની ઉત્કૃષ્ટ કામગીરી બદલ દર વર્ષે એક ધારાસભ્યને બેસ્ટ એમ.એલ.એ. એવોર્ડ એટલે કે બેસ્ટ લેજીસ્લેચર એવોર્ડથી પુરસ્કૃત કરવામાં આવે છે. લખનૌ ખાતે યોજાયેલ અખિલ ભારતીય પ્રમુખ અધિકારીઓની પરિષદમાં લોકસભાના માનનીય અધ્યક્ષશ્રી ઓમ બિરલાજીએ દરેક વિધાનમંડળોમાં આ પ્રકારના એવોર્ડ આપવાનું ચાલુ કરવાનું સૂચન કરેલું હતું. સંસદીય લોકશાહીમાં વિધાનસભાનું આગવું માન અને ગૌરવ છે અને તેનું જતન કરવાની જવાબદારી આપણા સૌની છે. આ સંજોગોમાં સંસદીય લોકશાહી અંગે સાચી સમજ કેળવવાની આપણા સૌની જવાબદારી છે. વિધાનસભા જેવી મહાન સંસ્થાનું ગૌરવ અને મોભો જાળવવા માટે તેની કાર્યપદ્ધતિના નિયમોને વ્યાપક સંદર્ભમાં યથાર્થ રીતે સમજવા જરૂરી છે. આ તમામ જવાબદારીઓ જે સભ્યશ્રી યથાર્થ રીતે નિભાવે તેને પ્રોત્સાહિત કરવા પણ એટલા જ જરૂરી છે તેમજ નવા ચૂંટાયેલા સભ્યશ્રીઓને પણ તેમની ફરજો અને જવાબદારીઓ સારી રીતે અદા કરવાની પ્રેરણા મળે તે આશયથી ગુજરાત વિધાનસભામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર ધારાસભ્યશ્રીને પ્રોત્સાહિત કરવાના હેતુથી વર્ષ ૨૦૧૯થી દર વર્ષે શ્રેષ્ઠ ધારાસભ્ય તરીકેનો એવોર્ડ આપવાનો મેં નિર્ણય કરેલો છે. આ હેતુ માટે પસંદગી સમિતિ અને પસંદગી માટેના ધોરણો ઠરાવતા વિગતવાર નિયમો કરવામાં આવશે. જે નકકી થયેથી સભ્યશ્રીઓને તેની જાણ કરવામાં આવશે.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

## ટેબ્લેટની ખરીદ કિંમતમાં તફાવત અંગે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે પ્રશ્નકાળ દરમિયાન માનનીય વિપક્ષી નેતાએ ટેબ્લેટ ખરીદી અંગે ઉતાવળીયા અને પાયા વગરના માહિતી વગરના જે આક્ષેપો કર્યા. વિજયભાઇ રૂપાણીની પારદર્શક સરકાર વિશે પ્રજામાં ગેરસમજ ન થાય એટલા માટે હું આ ખુલાસો અને સ્પષ્ટતા કરવા માંગું છું. પ્રશ્નકાળ પછી તરત જ હું મારા કાર્યાલયમાં ગયો. મેં માનનીય વિપક્ષી નેતાને એમણે કરેલા આક્ષેપ અંગે થોડી વિગત આપવા જણાવ્યું. તરત જ એમણે જે વિગત મને મોકલી છે જેના ઉપર આધાર રાખીને અલીબાબા ડોટ કોમ લોજીસ્ટીક એમાં એમણે જે માહિતી મોકલી છે એ મેં આપને પણ આપી છે. આપે આ મોકલેલી છે. એ માહિતી માત્ર ટચ સ્ક્રીનની માહિતી છે. ટેબ્લેટની માહિતી નથી. મોબાઇલ રીપ્લેસમેન્ટ પાર્ટસની છે અને એમાં પણ જો ૧ થી ૪૯ ખરીદવામાં આવે તો યુ.એસ.ડોલર ૨૧.૩૪, જો ૫૦ થી ૪૯૯ ખરીદવામાં આવે તો યુ.એસ. ડોલર ૨૦.૪૧ અને જો ૫૦૦ થી ઓન વર્ડઝ એટલે આપણે એમાં આવી જઇએ છીએ આપણે લાખોની સંખ્યામાં ખરીદીએ છીએ એટલા માટે યુ.એસ. ડોલર ૧૯.૫૬ એટલે આપણા રૂપિયામાં એમની વાત કરીએ તો ૧૪૦૦ રૂપિયા એ આખા ટેબ્લેટની નહીં પણ માત્ર ને માત્ર ટચ સ્ક્રીનની કિંમત છે. રીપ્લેસમેન્ટ પાર્ટ. પછી જેના ઉપર એમણે આધાર રાખ્યો છે અલીબાબા ડોટ કોમ લોજીસ્ટીક એના ઉપરથી અમે માહિતી મેળવી એ પણ મોકલી દીધું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમાં એક પીસની કિંમત જે અમે ખરીદી છે એ ૯૯ ડોલર છે અને એની કિંમત રૂપિયામાં ૭,૦૦૦ રૂપિયા થાય છે. એમાં જે સ્પેસિફિકેશન છેઃ ૪ જી.બી., લેટેસ્ટ મૉડેલ, સ્ક્રીન સાઇઝ ૭ ઇંચ, પ્રોસેસર ૧.૩ ગીગાહર્ટઝ, રેમ ૨ જી.બી., ઇન્ટર્નલ સ્ટૉરેજ ૧૬ જી.બી., કેમેરા ૨ મેગા પિક્સલ ફ્રન્ટ અને ૫ મેગા પિક્સલ બેક છે, બેટરી ૩૪૫૦ મિલિયન એમપીઆર છે. આથી ભૂલ થવાની સહેજ પણ સંભાવના નથી. પ્રોસેસ થાય છે. સૌથી પહેલા શિક્ષણ વિભાગની આઇ.ટી. કમિટી મંજૂર કરે છે. પછી જી.આઇ.એલ. ગુજરાત ઇન્ફોર્મેટિક્સ લિમિટેડ આ શિક્ષણ વિભાગ મંજૂર કર્યા પછી આ કમિટીમાં જાય છે, પછી સેક્રેટરી પરચેઝ કમિટી એમાં સિનિયર આઇ.એ.એસ. અધિકારી છે. ફાઇનાન્શિયલ બીડ અને ટેકનિકલ બીડ મંજૂર કરે છે. પછી જી.આઇ.એલ. માં આવે છે. એ ડ્રાફ્ટ પરચેઝ ઓર્ડર મંજૂર કરે છે, પછી ગ્લોબલ ટેન્ડર મંજૂર કરવામાં આવે છે. એમાં એલ-૧ આવે છે, એને અમે ઓર્ડર આપીએ છીએ. રેકર્ડ ઉપર છે તેની સ્પષ્ટતા મેં કરી છે. એમના આક્ષેપ પાછા ખેંચે અથવા ગૃહની માફી માગે તેવી મારી માગણી છે.

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦

## પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી પરેશ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, કાલે પણ મેં આ ગૃહમાં કહ્યું હતું કે સરકારની કયાંક ક્ષતિ રહેતી હોય તો બાપુ સાહેબની ચિઠ્ઠી આવી એટલે મેં તરત જ જે કોપી મારી પાસે હતી તે મોકલી આપી. કાલે મેં મારા પબ્લિક વર્ઝનમાં પણ કહ્યું કે આ ૧૪૦૮ રૂપિયાનું હતું. આજે મને માનનીય મંત્રીશ્રીએ ડીટેઇલ મોકલી છે. હું અત્યારે પણ સ્પષ્ટપણે માનું છું કે મેં વેરિફિકેશન કરાવ્યું હતું. જે ઇન્સ્ટ્રુમેન્ટ જોયું હતું, જે સરકારે આપ્યું છે. બની શકે અંદરના ફ્યુચર્સમાં કોઇ ફેરફાર હોય. વેરિફિકેશન કર્યા પછી લાગશે કે મારાથી ગેરસમજ થઇ હોય તો માફી માગવામાં નાનપ નહિ હોય, પણ ખરાઇ કરવાનો અવસર આપવામાં આવે.

અધ્યક્ષશ્રી : અવસર આપવાનો, માનવીય ભૂલ પણ થઇ શકે. પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી,અત્યારે મારું વર્ઝન યથાવત જાળવી રાખું છું કે ૬૬૬૭ રૂપિયે યુનિટ ખરીદીયું છે. તે ૧૪૦૮ રૂપિયે અલીબાબા ઓનલાઇન..

અધ્યક્ષશ્રી : આના ઉપરથી મને દેખાતું નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે ઇન્સ્ટ્રુમેન્ટ છે.

અધ્યક્ષશ્રી : માનવીય ભૂલ હોઇ શકે. આપ વેરીફાઇ કરી લેજો. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વેરીફાઇ કર્યા પછી એવું લાગશે તો આઇ એકસેપ્ટ.(અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આખું વિભાજન નહિ, એનો ભાગ. મેં જે સ્પેસિફિકેશન વાંચ્યા છે, એ બધા ભાગ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપણે મોટું હૃદય રાખીને.. આપની બધી વાત આવી ગઇ.

શ્રી વિજયકુમાર રૂપાણી (માનનીય મુખ્યમંત્રીશ્રી) : શ્રી પરેશભાઇએ કહ્યું છે એમને ચોક્કસ સમય આપવામાં આવે. એમાં કોઇ વાંધો નથી. મૂળ વાત એ છે કે ઓન રેકર્ડ વાત થઇ છે. પ્રચાર માધ્યમમાં, મીડિયા આ બધામાં પણ આ વિષય આજે પેપરમાં છપાયો છે. સરકાર ૧૫૦ કરોડનું ખોટું કરે એવી છાપ ખોટી ઉભી ન થાય, એટલા માટે આ સ્પષ્ટીકરણ એ સરકાર માટે પણ આવશ્યક હતું. અમે કરેલું છે અને હજુ પણ આ સરકારની ચેલેન્જ છે. ૧૪૦૦ રૂપિયા નહિ, ૨૦૦૦ રૂપિયામાં જો શ્રી પરેશભાઇ અપાવી દેતા હશે તો જે અધિકારીઓએ લીધું હશે એ બધા પાસેથી પૈસાની રીકવરી કરવા માટેની સરકારની તાકાત છે. પરંતુ અમે સ્પષ્ટીકરણ એટલા માટે કરીએ છીએ કે સરકારે જે ખરીદી કરી છે. એ બહુ ટેકનિકલી બધા નિયમોને જાળવીને કરેલ છે. ટેન્ડરમાં કરેલ છે. કાલે કહ્યું હતું કે આ છોકરા એટલા હોંશિયાર છે. આજે બજાર નાનું થઇ ગયું છે, ઇમ્પોર્ટ એક્ષપોર્ટની છૂટ છે. સસ્તો માલ કોઇપણ દેશ મંગાવી શકે છે. ૧૪૦૦ રૂપિયામાં મળતું હોય તો ભારતના બજારોમાં રૂપિયા ૨૦૦૦માં વેચાતું હોય. આ ડાયરેકટ ડિલિવરી કરે છે. નીચે લખ્યું છે. એક પીસ ડિલિવરીના આ ભાવ છે, ૨ પીસ ડિલિવરીના આ ભાવ છે, ૫૦થી વધારે પીસ ખરીદો તો આ ભાવ છે. કોઇ ગમે તેમ મંગાવી શકે છે. તો ૭૦૦૦ રૂપિયાનું ટેબ્લેટ જો ૧૪૦૦ રૂપિયામાં ચાઇનામાં મળતું હોય તો અહીંયા ધૂમ વેચાતું હોય અને લોકો એ ટેબ્લેટ આપણા માથામાં મારે કે ૭૦૦૦ રૂપિયાવાળું અમે આ ૨૦૦૦ રૂપિયામાં લાવ્યા છીએ. એટલે અમારો ખુલ્લો પડકાર છે. અમે કશું ખોટું કર્યું નથી. એકદમ પ્રમાણિકતાથી ખરીદી થઇ છે અને શ્રી પરેશભાઇ તપાસ કરી ચોક્કસ ઇમાનદારીથી આ વિષયને પોતે પ્રજા સમક્ષ અને મીડિયા સમક્ષ સ્પષ્ટીકરણ કરે.

અધ્યક્ષશ્રી : સભાગૃહ સમક્ષ પણ મૂકે. હવે શ્રી પુંજાભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે, પ્લીઝ.

### પોઇન્ટ ઓફ ઓર્ડર

### મંત્રીશ્રીઓને પેટા પ્રશ્નોના જવાબો ટૂંકા આપવા અંગે

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આજની પ્રશ્નોત્તરીમાં આપના દ્વારા ધારાસભ્યોના પેટા પ્રશ્નોના સવાલોમાં વારંવાર મંત્રીશ્રીઓ જે વિગતો માગી ન હોય, પ્રશ્ન ન પૂછ્યો હોય તે પ્રશ્નનો જવાબ આપવા માટેની કોશિશ માનનીય મંત્રીશ્રીઓ દ્વારા કરવામાં આવી છે. આપે વારંવાર એ મંત્રીશ્રીઓનું ધ્યાન દોર્યું છે. આ બાબતે માનનીય અધ્યક્ષશ્રીઓના અગત્યના નિર્ણયો સન ૨૦૦૮થી ૨૦૧૨ દરમ્યાન જે પૂર્વ અધ્યક્ષશ્રીઓએ નિર્ણયો આપ્યા છે તે તરફ આપનું ધ્યાન દોરવા માગું છું. તેના પાના નં.પર ઉપર તારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ટૂંકા હોવા જોઇએ. પ્રશ્નની માહિતી અને જવાબ વધારે હોય તો તે ટેબલ ઉપર મૂકવાનું રાખવું જોઇએ. તા.૧૯-૩-૨૦૦૦ના રોજની પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયા પછી સભ્યશ્રી રામસિંહ પરમારે પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો કે, સભ્યશ્રીઓઓ પોતાના વિસ્તારના પ્રશ્નનો નિકાલ થાય તેવા પ્રશ્નો પૂછે છે અને માનનીય મંત્રીશ્રીઓ તેના ખૂબ લાંબા જવાબો આપે છે. આથી પ્રશ્નોના જવાબો ટૂંકા આપે તો વધારે પ્રશ્નો ચર્ચામાં લેવાય. એ વખતે પૂર્વ અધ્યક્ષશ્રીએ ભૂતકાળમાં પૂર્વ મુખ્યમંત્રીશ્રીએ અને હું આખું જજમેન્ટ વાંચતો નથી, પણ છેલ્લી બે-ત્રણ લીટી વાંચું છું કે ભૂતકાળમાં પૂર્વ મુખ્યમંત્રીશ્રી સ્વ.બાબુભાઇ પટેલની જેમ ટૂંકમાં જવાબો આપવાની પદ્ધતિ મંત્રીઓ અપનાવે અને જવાબની માહિતી વધારે હોય તો તે ટેબલ ઉપર મૂકવાની સ્વયં સમજ અપનાવે તો પ્રશ્નકાળ દરમિયાન વધારે પ્રશ્નોને ન્યાય આપી શકાય. આ બાબતમાં આપની વારંવાર સૂચનાઓ પણ થઇ છે. તે સૂચનાઓના અનુસંધાને સરકારપક્ષે સભ્યશ્રીઓએ પૂરક પ્રશ્નોમાં ન પૂછી હોય તેવી વધારાની માહિતી માનનીય મંત્રીશ્રીઓ દ્વારા આપીને પ્રશ્નનો જવાબ લંબાવવામાં આવે છે અને તેના કારણે જે તે સભ્યશ્રીઓનો પ્રશ્ન વારામાં આવતો હોય તો તે આવી શકતો નથી અને તેના લીધે

ઓછા પ્રશ્નો ચર્ચામાં આવે છે. એટલે આ બાબતે સ્વયંસ્પષ્ટ આપનું રૂલિંગ આપવામાં આવે અને માનનીય મંત્રીશ્રીઓને કહેવામાં આવે કે ભવિષ્યમાં આ પ્રકારની સ્થિતિનું નિર્માણ ન થાય કે જેથી કરીને સભ્યો પોતાના પ્રશ્નને સારી રીતે ઉજાગર કરી શકે અને વાચા આપી શકે.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ આપે જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે તેનો ઇશ્વરીય સંકેત કદાચ મને મળી ગયો હશે એટલે આજની સભાગૃહની પ્રશ્નોત્તરીમાં સ્વયંભૂ રીતે ખૂબ ઝડપ આપણે કરી છે. તેમાં તમામ સભ્યશ્રીઓનો સાથ સહકાર રહ્યો છે. તેમાં કંઇ જવાબની જરૂર નથી. એટલે તે કાર્યવાહીનો અમલ આપના પોઇન્ટ ઓફ ઓર્ડર પહેલાં જ શરૂ કરી દીધો છે. એટલે પોઇન્ટ ઓફ ઓર્ડરમાં કંઇ કરવાનું રહેતું નથી. આપની વાત છે, આ મૂળભૂત તત્વ છે અને તે બધાએ સમજવાની જરૂર છે. માનનીય સભ્યશ્રીઓને પણ વિનંતી કે તમે પણ માત્ર ટૂંકા પ્રશ્નો પૂછો. જેના કારણે મંત્રીશ્રીને લાંબા જવાબ આપવાની તક ન મળે. જેવી રીતે મેં આ વખતે નવું જોયું છે અને પૂછે છે કે, તાલુકવાર માહિતી આપો. કોઇક માનનીય સભ્યશ્રી એમ પૂછશે કે તાલુકામાં આવેલા ગામોદીઠની માહિતી આપો તો પછી શું થશે અને તે જવાબ કયારે પૂરો થાય? એટલે તેટલી કાળજી માનનીય મંત્રીશ્રીઓ રાખશે. પોઇન્ટ ઓફ ઓર્ડરમાં કશું વિશેષ છે નથી.

**પોઇન્ટ ઓફ કલેરીફિકેશન**

**સભ્યશ્રીઓએ વારાફરથી ચર્ચામાં ભાગ લેવા બાબત**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આજની પ્રશ્નોત્તરી દરમિયાન જે સ્થિતિ ઉભી થઇ હતી અને તેમાં આપે સ્વાભાવિક છે કે જયારે કોઇપણ મુદ્દો ઉપસ્થિત થાય ત્યારે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી દ્વારા પોતાનો હાથ ઉંચો કરવામાં આવે અને આપ તેમાં અગ્રિમતા આપતા જ હોવ છો અને આપે તે પ્રમાણે અગ્રિમતા પણ આપી હતી. તે પ્રમાણે માનનીય પરેશભાઇ ધાનાણી પોતાની વાત રજૂ કરવા માટેનો પ્રયાસ કરતા હતા. એ વખતે આ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રી પુંજાભાઇ વંશ આપના દ્વારા બે થી ત્રણ વખત કહ્યા છતાં પણ પોતે સ્થાન નહોતા લેતા, વચ્ચે ઉભા રહીને સભાગૃહની અંદર વિક્ષેપ પાડવા માટેનો જે પ્રયાસ કરતા હતા, જેના કારણે સભાનો સમય વ્યતિત થયો છે, શ્રી પુંજાભાઇ એ આ સભાગૃહના બહુ સિનિયર ધારાસભ્યશ્રી છે અને સત્તાધારી પક્ષ તરીકે અમારી અપેક્ષા છે કે પ્રશ્નોત્તરીનો કાળ એ ધારાસભ્યશ્રીઓ માટેનો કાળ છે અને એમણે સમજવું જોઇએ કે અમારા વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી જ્યારે બોલે ત્યારે વચ્ચે એમાં અમારે દરમ્યાનગીરી ન કરાય. અમારા નેતાશ્રી પરેશભાઇ ધાનાણી છે. તમે નેતા બનો અને તમને તમારો પક્ષ બનાવે ત્યારે તમે કરજો. અત્યારે તમે શ્રી પરેશભાઇ ધાનાણીને તમારા નેતા માનો છો કે નથી માનતા? અને જો માનતા હોય તો શ્રી પરેશભાઇ ધાનાણીનો પણ એ અનાદર કહેવાય..

અધ્યક્ષશ્રી : ના ના, નેતા છે એટલે માનવા જ પડે એમાં કોઇના ના કહેવાથી ચાલે નહિ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારું સજેશન છે, આપના દ્વારા એમને કહેવામાં આવે અને આ પ્રમાણેની વચ્ચે દરમ્યાનગીરી કરીને સભાગૃહનો સમય બગાડવો ન જોઇએ.

અધ્યક્ષશ્રી : હું આનો જવાબ તો આપી દઉં. એકતરફી છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પ્રદીપસિંહભાઇ અમારી ચિંતા કરે છે, અમારા પરિવારમાં તો એ અનુભવની રીતે પણ વરિષ્ઠ છે, આપના મારફતે માનનીય ગૃહમંત્રીશ્રી પ્રદીપસિંહભાઇને વિનંતી કરું કે માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી વચ્ચેનો વિવાદ છે એનું સમાધાન થાળે પાડવાનું કામ કરે, અમારા ઘરની ચિંતા કરવાની જરૂર નથી. આ સરકારમાં કકળાટ છે એનું કાંઇક તો કરો!

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આ પોલીટીકલ વાત છે, અહીંયા તો જે બન્યું તેની વાત છે. માનનીય પુંજાભાઇ, આપને એમ લાગે છે, મારો પ્રશ્ન છે આપને એમ લાગે છે.. (અંતરાય) એ જ હું કહું છું આપને. હવે હું પૂંછું છું કે માનનીય પુંજાભાઇ, આપને એમ લાગે છે આપ સિનિયર સભ્ય છો અને આપણે ઘણીવાર આ ચર્ચા કરી છે અને બીજાને કહીએ પણ છીએ. માનનીય પરેશભાઇ, બેસી જાઓ, પ્લીઝ,

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું થોડીક સ્પષ્ટતા કરી લઉં કે શ્રી રાજેન્દ્રસિંહ પ્રભારી સભ્ય હતા એમની મૂળ વાતનો જવાબ નહોતો મળ્યો એટલે માનનીય પુંજાભાઇ આગ્રહપૂર્વક આપનું ધ્યાન દોરી રહ્યા હતા કે આ બહુ ગંભીર પ્રશ્ન છે અને તેમ છતાં સરકાર જવાબ આપી રહી નહોતી.

અધ્યક્ષશ્રી : મને જ્યારે જ્યારે પણ એવું લાગ્યું ત્યારે માનનીય વિરજીભાઇને પણ બીજીવાર પૂછવા દીધું છે. એટલે હું મારું એ કર્તવ્ય નિભાવું છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે હું દરમ્યાનગીરી કરવા માટે એ બન્ને લોકો ઉભા હતા એટલે ઉભો થયેલ ન હતો.

અધ્યક્ષશ્રી :આ સિસ્ટમ બરાબર છે જ નહિ. એક માનનીય સભ્યશ્રી બોલતા હોય ત્યારે અન્ય કોઇએ બોલવું ના જોઇએ. મૂળમાં આટલી જ વાત છે, આપ એવું સ્વીકારો છો કે નથી સ્વીકારતા એટલું કહો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું કહું છુંને પણ હું એ જ વાત કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, મેં જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો..

અધ્યક્ષશ્રી :ના, ના, પોઇન્ટ ઓફ ઓર્ડરની વાત જ નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો અને એની ચર્ચામાં રાજ્ય ગૃહમંત્રીશ્રી પ્રદીપસિંહજીએ જે વાત કરી છે...

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : પોઇન્ટ ઓફ ઓર્ડરના સંદર્ભમાં મેં નથી કહ્યું, મેં મુદ્દો ઉપસ્થિત કર્યો છે એ મુદ્દો એ છે કે વિપક્ષના નેતાનું સન્માન શ્રી પુંજાભાઇ કેમ જાળવતા નથી?

અધ્યક્ષશ્રી : આજે નક્કી થઇ જાય કે એક માનનીય સભ્યશ્રી જ્યારે બોલતા હશે ત્યારે અન્ય કોઇ સભ્ય બોલશે નહિ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આપનો અધિકાર છે.

અધ્યક્ષશ્રી : એ અધિકારની વાત નથી, તમારી ફરજ છે, મારા અધિકારની સાથે સાથે તમામ ધારાસભ્યશ્રીઓની ફરજ પણ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્ય ગૃહમંત્રીશ્રી પ્રદીપસિંહે જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે આ ગૃહના સિનિયર સભ્ય તરીકે મારા પક્ષના કોઇપણ સભ્યશ્રી કોઇ મુદ્દો ઉપસ્થિત કરે અને એનો સંતોષકારક જવાબ સરકાર પક્ષે ના મળે તો દરમ્યાનગીરી કરવા માટેનો અમારો અધિકાર છે અને એ અધિકાર..

અધ્યક્ષશ્રી : એના માટે આપ હાથ ઉંચો કરી શકો છો, આપ આગ્રહ કરી શકો છો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની પ્રણાલિકા જળવાય એ માટે.

અધ્યક્ષશ્રી : આપ સ્વીકારતા નથી?

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, એ જવાબદારી છે અને એ હું સ્વીકારું છું.

અધ્યક્ષશ્રી : ખુલ્લા દિલથી સ્વીકારો એટલે પછી વાત પૂરી થાય.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : એ જવાબદારી હું સ્વીકારું છું પણ અમને સલાહ આપવાની જરૂર નથી.

અધ્યક્ષશ્રી :નેકસ્ટ.

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

અધ્યક્ષશ્રી : રાજ્યપાલશ્રીના સંબોધન માટે તારીખ ૧૦મી જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ માનનીય સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇ તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્ય કુબેરભાઇ ડિંડોરે અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો–

‘‘ અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.’’

અધ્યક્ષશ્રીઃ હવે રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ અને તેના ઉપરના સુધારા ઉપરની ચર્ચા આગળ ચાલશે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇ મહામહિમ રાજ્યપાલશ્રીનો આભાર માનતો જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું અને તેમે સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાએ ટેબ્લેટનો ખુલાસો કર્યો તેવી જ રીતે ગઇકાલે આભાર પ્રસ્તાવની અંદર કોંગ્રેસના માનનીય સભ્યશ્રી કીરીટભાઇ પટેલે પણ ખબર નહીં કયાંથી રિપોર્ટ મેળવીને આ સભાગૃહની અંદર તેઓ જુદા જુદા પ્રકારના આંકડા લઇને આવ્યા હતા તેનો પણ મારે ખુલાસો કરવો છે. તેમણે તેમની વાતમાં એમ કહ્યું કે SDG ઇન્ડેકસ ૨૦૧૯ જે કેન્દ્ર સરકાર પ્રસિદ્ધ કરે છે તેમાં ગુજરાતનો ક્રમ સાતમો છે જયારે હકીકત એ છે કે, SDG ઇન્ડેકસ ૨૦૧૯માં ગુજરાતનો ક્રમ સાતમો નહીં પણ છઠ્ઠો છે. બીજુ SDG ઇન્ડેકસ ૨૦૧૯માં ૧૭ માપદંડ છે. તેમાં ગુજરાતને એકપણ ક્ષેત્રમાં નંબર વન નથી રહ્યું. ત્યારે તેમને જણાવું કે, SDG ઇન્ડેકસ ૨૦૧૯ના ૧૭ માપદંડમાં ગુજરાતને એકપણ ક્ષેત્રમાં નંબર વન નથી રહ્યું તે બાબત સત્યથી વેગળી છે. કારણ કે SDG ઇન્ડેકસ ૨૦૧૯ના માપદંડ ક્રમાંકઃ ૯ ઔદ્યોગિક નવીનીકરણ અને આંતર માળખાકીય સુવિધા તેમજ માપદંડ ક્રમાંકઃ૧૬ શાંતિ, ન્યાય અને સંસ્થાકીય સંગીનપૂર્ણ જેવા મહત્વના માપદંડમાં ગુજરાત રાજયને પ્રથમ ક્રમાંક હાંસલ કરેલ છે. ત્રીજી બાબત હેલ્થ માટેના માપદંડમાં ગુજરાત દશમા સ્થાને રહ્યું છે આવું એમણે કહ્યું હતું પરંતુ હકીકત એ છે કે, હેલ્થ માટેના માપદંડમાં ગુજરાતનો ક્રમ દશમો નહીં પણ છઠ્ઠો રહ્યો છે. ચોથી બાબત તેમણે એવી જણાવી કે peace, justice and strong institution માં પણ ગુજરાતને નહીં પણ હિમાચલ પ્રદેશને સ્થાન મળ્યું છે. તેમાં ખુલાસો એ છે કે peace, justice and strong institutionમાં ૧૬ ક્રમાંકમાં માપદંડ આવે છે તેમાં ગુજરાત રાજયએ પ્રથમ ક્રમાંક હાંસલ કરેલ છે અને હિમાચલ પ્રદેશને ત્રીજું સ્થાન મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાંચમો મુદ્દો એ છે કે, પાણી પુરવઠાની તેમણે વાત કરી હતી અને તેમાં કહ્યું હતું કે પાણી પુરવઠાનું ગુજરાતમાં કયાંય સ્થાન નથી. ત્યારે નીતિ આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા Composite Index માં છેલ્લાં ત્રણ વર્ષથી ગુજરાતે પ્રથમ ક્રમાંક હાંસલ કરેલ છે. જયારે માનનીય સભ્યશ્રી આ સભાગૃહની અંદર બોલતા હોય ત્યારે સાચી માહિતી આપવી જોઇએ. એવો જ બીજો ખુલાસો રાજયપાલશ્રીના સંબોધનના આભાર પ્રસ્તાવમાં માનનીય બળદેવજીભાઇ

ઠાકોરે કાલે જે વાત કરી હતી અને તેમની વાતમાં એમ હતું કે રાજય સરકારે ખેડૂતોને રૂપિયા ૫૭૧ કરોડ વ્યાજ સહાય આપી, આ વ્યાજ સહાય કેટલા ખેડૂતોને આપવામાં આવી છે તે બાબત પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી આવી તેમણે વાત કરી હતી. જયારે હકીકત એમ છે..(અંતરાય) આ તમારું છે હું લઇને જ આવ્યો છું.

અધ્યક્ષશ્રી : કાલે નહીં હોય તો પરમ દિવસે હશે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ તમારું છે જ હું તમને લેખિત આપીશ, ઓન રેકોર્ડ આપીશ અને તેનો ખુલાસો એ છે..

અધ્યક્ષશ્રી : હું નક્કી કરી લઇશ કે બોલ્યા કે નથી બોલ્યા.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખુલાસો આ છે કે નાબાર્ડની ક્રેડિટ પોલિસી મુજબ રાજયમાં ખેડૂતોને રૂપિયા ૩ લાખ સુધીના પાક ધિરાણ ૭ ટકાના દરે ઉપલબ્ધ કરવામાં આવે છે. ખેડૂતોને ૭ ટકાના દરે પાક ધિરાણ ઉપલબ્ધ થાય એ માટે સરકારી ધિરાણ માળખાને કેન્દ્ર સરકાર દ્વારા ૨ ટકા વ્યાજ રાહત અને રાજ્ય સરકાર દ્વારા ૨ ટકા વ્યાજ રાહત આપવામાં આવે છે. (૩) સમયસર પાક ધિરાણ પરત કરતાં કેન્દ્ર સરકાર દ્વારા ૩ ટકા વ્યાજ રાહત અને રાજ્ય સરકાર દ્વારા ૪ ટકા વ્યાજ રાહત મળે છે જેના પરિણામે ગુજરાત રાજ્યમાં ખેડૂતોને વિના વ્યાજે પાક ધિરાણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. સને ૨૦૧૯-૨૦માં રૂપિયા ૫૭૧ કરોડ વ્યાજ રાહતના પરિણામે ૧૧,૦૧,૪૫૬ ખેડૂતોને લાભ મળ્યો છે. હું હવે મારી વાત ઉપર આવું તો ગુજરાત એ ઉર્જાવાન રાજ્ય છે, ઉર્જા સરપ્લસ રાજ્ય છે અને આ ઉર્જાવાન ધરતીએ પૂજ્ય મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઇ પટેલ અને હાલમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી અને શ્રી અમિત શાહનું નેતૃત્ત્વ આ દેશને આપ્યું છે. ગુજરાતના ઉર્જાવાન મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાલ પટેલે ઉર્જાથી ભરપૂર બજેટ આપ્યું છે તે માટે હું તેમને અભિનંદન આપું છું. આપણા ગુજરાતનો વિકાસ એ આપણા પૂજ્ય મહાત્મા ગાંધીજીએ જોયેલા વિકાસના વિઝન પ્રમાણે થયો છે. એમની વાત એમ હતી કે વિકાસ ફક્ત આજ માટે નહિ પણ આવનાર ભવિષ્ય માટે હોય. આજે સમગ્ર દેશ અને દુનિયામાં ગુજરાતના વિકાસની એક આગવી ઓળખ પ્રસ્થાપિત થઇ છે ત્યારે ગુજરાતના વિકાસ માટે સાનુકૂળ વાતાવરણ સાથે તમામ ક્ષેત્રોમાં પર્યાપ્ત તકો ઉપલબ્ધ બનાવવા શ્રેણીબદ્ધ પગલાં લીધા છે જેને લઇને વિકાસલક્ષી વાતાવરણ અને મહત્તમ લાભ જનસમુદાયને મળે તે દિશામાં નક્કર પ્રયાસો કર્યા છે અને તેના પરિણામો આપણને પ્રાપ્ત થયા છે. વિકાસ એક પ્રક્રિયા છે ત્યારે ગુજરાત સરકારે અસરકારક અને પારદર્શક શાસન દ્વારા માનવ સંશાધન અને માળખાગત સુવિધાઓ દ્વારા મહત્તમ વિકાસને સર્વ સમાવેશક બનાવવો એ ગુજરાત સરકારનો અભિગમ રહ્યો છે. આજે ગુજરાત બેસ્ટ ગવર્નન્સ રાજ્ય એટલા માટે છે કે આપણી પાસે ગુડ ગવર્નન્સ છે, પોલિટીકલ સ્ટેબિલીટી છે, આપણી પાસે ઇન્ફ્રાસ્ટ્રકચર ફેસિલીટીઝ છે, લૉ એન્ડ ઓર્ડરની પરિસ્થિતિ ખૂબ સરસ છે, ખૂબ સારું એડમિનિસ્ટ્રેશન છે માટે આટલો વિકાસ થવા પામ્યો છે. ઇન્ડસ્ટ્રીયલ પીસ છે. સ્ટેબલ પબ્લિક પોલિસી છે અને આજે જોવા જઇએ તો કહી શકાય કે કોઇ સ્ટ્રાઇક નથી, કોઇ યુનિયનબાજી નથી ત્યારે આપણી પાસે સરપ્લસ એનર્જી પણ છે અને આ સરપ્લસ એનર્જી બહુ મોટો ભાગ ભજવે છે.

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં ગુજરાતની કેટલીક હકિકતો અને પાસાઓ જે વ્યક્ત નહોતા થયા એ બાબતે વાત કરવા માગું છું. કોઇ પણ પક્ષની સરકાર હોય એ શાસકપક્ષની નીતિ પ્રાથમિકતા અને શાસકની ઇચ્છાશક્તિ મુજબ શાસન ચાલતું હોય છે. કૉંગ્રેસનું શાસન હતું, કૉંગ્રેસની નીતિ હતી, કૉંગ્રેસની પ્રમાણિકતા હતી અને કૉંગ્રેસના શાસકોની ઇચ્છા શક્તિ હતી. એના કારણે આ ગુજરાતમાં અનેક પ્રાથમિક શાળાઓ બનાવી, ગ્રાન્ટેડ હાઇસ્કૂલો, કૉલેજો બનાવી, યુનિવર્સિટીઓ બનાવી, ગુજરાતના તમામ ડેમો બનાવ્યા, કારખાના અને જી.આઇ.ડી.સી. બનાવી, દવાખાના બનાવ્યા, નીતિના કારણે મફત કન્યા કેળવણી કરી, ૨૭ ટકા બક્ષીપંચને અનામત આપી. ખેડે એની જમીનનો કાયદો લાવ્યા, બાળક ત્યાં શાળા કરી, મધ્યાહન ભોજન યોજના કરી. આવા અનેક કાયદા-કાનૂન અને યોજનાઓથી આ ગુજરાતના સામાન્ય લોકો માટે સરકારે કામ કર્યું. આજે ગુજરાતમાં છેલ્લા ૨૫ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન છે અને ભાજપના શાસકોની નીતિ, પ્રમાણિકતા અને ઇચ્છાશક્તિ જોઇએ તો અત્યારે ગુજરાતમાં જે પરિસ્થિત છે અને પહેલા વર્ષોમાં પણ જે સરકારોએ કામ કર્યું એમાં વાયબ્રન્ટ સમિટ કર્યું, પતંગ મહોત્સવ કર્યા, નવરાત્રિ મહોત્સવ કર્યા. ટાટા, અંબાણી અને અદાણી એમની પ્રાથમિકતા હતી. ખાનગી યુનિવર્સિટીઓ અને શાળાઓ એમની પ્રાથમિકતા હતી. કોન્ટ્રાક્ટ અને આઉટ સોર્સિંગ યોજના લાવવાની એમની પ્રાથમિકતા હતી અને હું માનું છું કે શ્રી શિંજો આબે હોય, શ્રી જીંગ પીન હોય કે શ્રી ટ્રમ્પ હોય એ ગુજરાત સરકારની પ્રાથમિકતાઓ રહી છે. આ ૨૫ વર્ષની સરકારની નીતિ, પ્રાથમિકતાઓ અને શાસકોની ઇચ્છાશકિતના કારણે ગુજરાતમાં અલગ અલગ રૂપકડા નામથી જાહેરાતોથી નામ તો આપવામાં આવ્યા, પહેલાં શ્રી નરેન્દ્રભાઇ હતા ત્યારે સરકારને નામ અપાયું વાઇબ્રન્ટ ગુજરાત, ત્યાર પછીથી પ્રગતિશીલ અને ગતિશીલ ગુજરાત, અડીખમ અને સંવેદનશીલ ગુજરાત. ગુજરાત મૉડેલની વાતો પણ થઇ. આ ૨૫ વર્ષના શાસન પછી ગુજરાતમાં શું થયું, ગુજરાતીઓને શું મળ્યું તો ગરીબી વધી, બેકારી વધી, શિક્ષણ મોંઘુ થયું, કુપોષણ વધ્યું. મોંઘવારી, આત્મહત્યાઓ, બળાત્કારો વધ્યા અને દારૂ વધ્યો અને તેના કારણે ગુજરાતમાં જે કોંગ્રેસની નીતિ અને શાસનના કારણે ગરીબ વર્ગ મધ્યમ વર્ગ બન્યો હતો તે આ શાસનમાં મધ્યમ વર્ગ ગરીબ બન્યો, પૈસાદારો વધારે પૈસાદર બનતા ગયા. આ ખોટી નીતિઓ અને ઇચ્છાશકિતના અભાવના

કારણે આ જે સરકારે શું કરવું પડે છે કે, ગરીબો અને ગરીબીની છૂપાવવા માટે અમદાવાદ જેવા મહાનગરોમાં દિવાલો બનાવવી પડે છે.

ખેડૂતોની વાત કરીએ તો ખેડૂતોની આત્મહત્યાના પ્રશ્ન હોય તો ખેડૂતની આત્મહત્યાના કારણો છૂપાવવા માટે પ્રશ્નોમાં કયાંક સ્ટીકરો લગાવવા પડે છે. તીડ આવે તો એને ભગાવવા માટે થાળી અને વેલણ લઇને કાઢવા પડે છે. આ ખોટી નીતિઓ, ઇચ્છા શકિતનો અભાવ અને પ્રાથમિકતા ખોટી હોવાના કારણે આજે ગુજરાતમાં લોકોની હાલત એવી છે કે ગુજરાતીઓને પોતના હક્ક માટે જે આંદોલન કરવું પડે, ધરણાં કરવા પડે અને ઉપવાસ પર બેસવું પડે તેમ છતાં સરકાર પાસે એના માટે સમય નથી.

અમેરિકાના રાષ્ટ્રપતિ આવે આવકાર્ય છે આપણે પણ આવકારીએ છીએ, રાષ્ટ્રપતિ શ્રી ટ્રમ્પ આવે તો રાતોરાત રસ્તા બની જાય, લાઇટો અને રંગરોગાન થઇ જાય, સફાઇ થઇ જાય, ખર્ચ કરવાની મંજૂરીઓ મળી જાય, પરિપત્રો અને હુકમો પણ બદલાઇ જાય, તમામ સત્તાઓ આપવામાં આવે અને ૧૦૦ કરોડ રૂપિયા કરતાં વધારે ખર્ચ કરવામાં આવે. બીજી બાજુ ગુજરાતમાં ગુજરાતીઓને તકલીફ પડે તો રસ્તા, લાઇટ અને પાણીના કે શિક્ષણના પ્રશ્નો હોય તો સરકાર એના માટે જાગતી નથી. આ જે ગુજરાતમાં સીત્તેર સીત્તેર દિવસથી ગુજરાતની દીકરીઓ પોતાના હક્ક અને અધિકાર માટે એલ.આર.ડી. ની પરીક્ષા માટે આંદોલન કરે, ઉપવાસ કરે, તડકો હોય કે ઠંડી હોય ધરણા કરે પણ એના માટે સરકાર પાસે સમય નથી.

આદિવાસી સમાજ હોય કે માલધારી સમાજ હોય પોતાના પ્રશ્નોને લઇને ઘણા લાંબા સમયથી આંદોલન કરે તો એ સરકારની પ્રાથમિકતામાં આવતું નથી. આજે આશાવર્કર કે આંગણવાડી બહેનો હોય, જીઇબીના કર્મચારી હોય, કે મહેસૂલી તલાટીઓ હોય, આઉટસોર્સીંગના કે કોન્ટ્રેકટના કર્મચારી હોય, ટેટ કે ટાટના ઉમેદવારો હોય કે સરકારી કર્મચારીઓ હોય એ પોતાના પ્રશ્નો લઇને લડે પણ સરકારને એની માટે સમય નથી, એમના પ્રશ્નનોનો નિકાલ કરવાની એમની પ્રાથમિકતા નથી. આજે આંદોલન થકી પણ એમના પ્રશ્નોનું નિરાકરણ નથી થયું. અમેરિકાના રાષ્ટ્રપતિ આવે, પરિવાર સાથે આવે એને પણ આપણે આવકારીએ છીએ, પરિવારની આગતા સ્વાગતા થાય, એમના માટે સગવડો થાય, શું ખાવું, શું પીવું, કયાં ફરવું? એની ચિંતા સરકાર કરે, દેશના વડાપ્રધાન પણ એની ચિંતા કરે. આ ગુજરાતના ગરીબ સમાજની દીકરીઓ ૭૦-૭૦ દિવસ સુધી તડકામાં, ઠંડીમાં આંદોલન કરે તો એમની ચિંતા કરવાવાળું આ રાજયમાં પણ કોઇ નથી અને દેશના વડાપ્રધાન જે ગુજરાતી છે એ પણ ચિંતા કરતા નથી. કોઇ મહેમાન આવે, શ્રી ટ્રમ્પ સાહેબ આવ્યા, ટી.વી.માં બતાવે કે સોનાની થાળીમાં જમશે, આ મેનું હશે, પેલું મેનું હશે, આપણે એને આવકારીએ છીએ, મહેમાન હોય તેની આગતા-સ્વાગતા કરો, પણ સમૃદ્ધ અને સક્ષમ ગુજરાત હતું જેને તમે અડીખમ ગુજરાત નામ આપો છો એ ગુજરાતનું બાળક આજે કુપોષણના કારણે પિડીત છે. તેના કારણે આખા વિશ્વમાં ગુજરાતનું માથું શરમથી ઝૂકી જાય એટલી સંખ્યામાં કુપોષિત બાળકો છે. આ વિધાનસભાગૃહમાં પ્રશ્નના જવાબોમાં આંકડા લીધા તો કે જુલાઇ વર્ષ ૨૦૧૯માં કુપોષિત બાળકોની સંખ્યા કેટલી તો ૧,૪૨,૧૪૨ છે અને ફેબ્રુઆરી ૨૦૨૦ના આંકડામાં જોયું તો એ સંખ્યા વધીને ૩૮૩૮૪૦ થઇ. છ મહિનાના ગાળામાં એ શ્રી ટ્રમ્પ આવ્યા, શ્રી જીનપીંગ આવ્યા કે શ્રી શેંજો આબે આવ્યા, તેમની આગતા સ્વાગતા કરી, પણ છ મહિનાના ગાળામાં ૨,૪૧,૬૯૮ કુપોષિત બાળકોની સંખ્યામાં વધારો થયો એ આપણા સૌના માટે શરમજનક અને ચિંતાની બાબત છે. ૩ કલાકની કોઇ ઇવેન્ટ થાય, કોઇ મહેમાન આવે એના માટે તિજોરી ખુલ્લી મૂકવામાં આવે અને સો કરોડ રૂપિયાનો ખર્ચ થાય અને બનાસકાંઠાના કુપોષિત બાળકોને કુપોષણમાંથી બહાર લાવવા માટે સરકારે શું કર્યું ? તો જવાબમાં લખવામાં આવે કે ૫૦ ગ્રામનો લાડુ આપવામાં આવે છે. ૩ કલાક માટે સો કરોડ રૂપિયા ખર્ચાય અને ગુજરાતના બાળકને કુપોષણમાંથી બહાર લાવવા માટે ૫૦ ગ્રામનો લાડુ આપવાની વાત આ સરકાર કરે છે. એટલે સરકારની પ્રાથમિકતા શું છે એ આના પરથી સ્પષ્ટ દેખાય છે. શિક્ષણ અને એમાં પણ ખાસ કરીને પ્રાથમિક શિક્ષણ રાજય સરકારની જવાબદારી છે. આર.ટી.ઇ.ના કાયદા હેઠળ દરેકને મફત અને ફરજિયાત શિક્ષણ આપવું જરૂરી છે અને તેની સામે આ સરકાર ૬૦૦૦ જેટલી પ્રાથમિક શાળાઓ બંધ કરવાનો નિર્ણય કરી રહી છે. કોંગ્રેસની સરકાર હતી જેણે બાળક ત્યાં શાળાનો કાયદો કર્યો. જંગલ હોય, પર્વત હોય, અંતરિયાળ વિસ્તાર હોય, વાડી હોય પરા કે ફળિયા હોય, તે દરેક જગ્યાએ પ્રાથમિક શાળાઓ શરૂ કરી અને એના કારણે ગુજરાતનો વિકાસ થયો, પ્રગતિ થઇ અને બાળકો ભણી ગણીને આગળ આવ્યા, અને આ ગુજરાત મોડેલ વાળી સરકાર આજે ૨૧મી સદીમાં એમ કહે છે કે સો થી ઓછી સંખ્યાવાળી શાળાઓ બંધ કરવામાં આવશે. અહીંયા ગઇકાલે શ્રી પ્રદિપસિંહજી શાહીનબાગની ચિંતા કરતા હતા, રામ મંદિરની ચિંતા કરતા હતા. સી. એ. એ. અને એન. આર. સી. અને દિલ્હીની ચિંતા કરતા હતા. ઇન્ડિયાઝ જસ્ટીસ રિપોર્ટ ૨૦૧૯ના આંકડા લઇએ તો ૧૮ મોટા અને મધ્યમ કદના રાજયમાં પોલીસ તંત્રમાં ગુજરાતનો બારમો નંબર છે. જેલમાં નવમો નંબર છે, ન્યાયતંત્રમાં સાતમો નંબર છે, કાયદાકીય સહાયમાં છઠ્ઠો નંબર છે. આજે ગુજરાતની પોલીસમાં ૩૧.૫ ટકા જગ્યાઓ ખાલી છે. જેલ વહીવટમાં ૩૨ ટકા જગ્યાઓ ખાલી છે. આ ગુજરાતનું અમદાવાદ માનનીય ગૃહમંત્રીશ્રીના મત વિસ્તારની બાજુમાં અસારવામાં એક પોલીસ કોન્સ્ટેબલની જાહેરમાં હત્યા થાય છે. કદાચ આપણે એની ચિંતા કરવાની જરૂર છે. શાહીનબાગની ચિંતા કરવાવાળા ત્યાં દિલ્હીમાં બેઠા છે. મોડાસામાં એક દલિત યુવતિ પર બળાત્કાર થાય તેની હત્યા કરવામાં આવે એની ચિંતા આ સરકારને નથી. રાજકોટમાં ગાંધીજીએ સ્થાપેલી......

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

શ્રી પ્રદિપસિંહ જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇ જે ઉલ્લેખો કરે છે એ સત્યથી વેગળા છે એટલા માટે એ ન કરે તો સારું. નહીંતર દરેકની સ્પષ્ટતા કરવી પડશે. જે હત્યા પુરવાર નથી થઇ, જેનો પ્રાથમિક રિપોર્ટ આવી ગયો છે જેની અંદર પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ગળે ફાંસો ખાવાના કારણે મૃત્યુ થયું છે. એટલે એને હત્યામાં ન ઠેરવે એટલી મારી વિનંતી છે.

શ્રી અમિત ચાવડા : અત્યારે પ્રાથમિક એફ.આઇ.આર.માં હત્યા થઇ છે એવી એફ.આઇ.આર. કરવામાં આવી છે, હજુ તમારી તપાસ એટલી ઢીલી છે, ૩ કલાકની ઇવેન્ટ માટે રાતો રાત સો કરોડ રૂપિયા ખર્ચવા સરકાર તૈયાર છે. પણ ગુજરાતની એક દલિત દીકરી ઉપર બળાત્કાર થાય અને મહિનાઓ થઇ ગયા છતાં સરકાર હજુ તેનું કારણ જાણી શકી નથી અને મુખ્યમંત્રીશ્રી હોય કે ગૃહમંત્રીશ્રી હોય આખા દેશની ચિંતા કરે એના કરતા રાજકોટમાં ગાંધીજીએ સ્થાપેલી શાળામાં દારૂ પકડાય છે એની ચિંતા કરીએ તો ગુજરાતનું ભલું થશે. આપણે દિલ્હીમાં એમ કહીએ કે કલ-કલ વહેતી સાબરમતી નદી, એશિયાની સૌથી સ્વચ્છ નદી શ્રી નરેન્દ્રભાઇએ બનાવી, મારું કહેવું છે કે આપણે સાબરમતી નદીને જોવા જઇએ, એમાં કેટલું પ્રદૂષિત પાણી છોડાય છે અને કેવી કલ-કલ વહે છે, કેટલી સ્વચ્છ છે એની ચિંતા કરીએ તો યોગ્ય થશે. માનનીય પ્રદિપસિંહ મારે કહેવું છે કે બિન સચિવાલયની પરીક્ષામાં આંદોલન થયું ત્યારે તમે કહેતા હતા કે કંઇ ખોટું નથી થયું. પછી ફરી સરકારે પાછળથી સ્વીકાર્યું કે હા ખોટું થયું છે અને પરીક્ષા રદ કરી છે. આજે પણ એ લાખો ઉમેદવારો ફરી પરીક્ષા લેવાય એની રાહ જોઇને બેઠા છે એની ચિંતા કરીએ તો યોગ્ય થશે. વર્ષ ૨૦૧૨ની ચૂંટણી જીતવા માટે શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર હતી કે જેમણે ગુજરાતમાં કાચા ઝૂંપડાઓનો સરવે કરાવ્યો અને ચૂંટણીમાં વચન આપ્યું કે દરેકને પાકા ઘર આપવામાં આવશે. સરવેમાં ૫૦ લાખ ઝૂંપડાઓના ફોટા પાડ્યા પરંતુ આજે વર્ષ ૨૦૨૦ના બજેટમાં એમ કહીએ છીએ કે ૨૦૨૦ સુધીમાં આ લોકોને પાકા મકાનો મળશે. ભરતી કૌભાંડો થાય છે. આજે ગુજરાતના યુવાનોને આ સરકાર ઉપર વિશ્વાસ નથી, મોંઘુ શિક્ષણ લઇને ભણી ગણીને બહાર આવશે ત્યારે સરકારી નોકરી માટે અરજી કરશે તો પરીક્ષા સાચી થશે કે કેમ, પૈસા આપ્યા વગર નોકરી મળશે કે કેમ, ફરી પરીક્ષા આપવી પડશે કે કેમ, પેપરો ફૂટશે તો નહિને, પરીક્ષા આપ્યા પછી મેરિટમાં નંબર આવશે કે કેમ અને નોકરી મળશે કે કેમ એની ચિંતા કરવાવાળી આ સરકાર નથી. મધ્ય પ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી ત્યારે સૌથી મોટું વ્યાપમ કૌભાંડ થયું હતું એનાથી મોટું ભરતી કૌભાંડ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થયું છે એની ચિંતા થાય તો ગુજરાત ચોક્કસ આગળ વધશે. ખાલી મોટા નામ, રૂપકડાં સૂત્રો આપીને ગુજરાતની પ્રગતિ નહિ થાય. અમે પણ ગુજરાત આગળ આવે, ગુજરાતી આગળ વધે પણ જેટલી ચિંતા શ્રી ટ્રમ્પની કરી, જેટલી ચિંતા શ્રી જિનપીંગની કરી એટલી જ ચિંતા ગુજરાતના સામાન્ય માણસોની કરશો તો ગુજરાત આગળ વધશે, તો જ ગુજરાત મોડલ સફળ થશે. બાકી ગુજરાત મોડેલના નામે વાતો અને જાહેરાતો કરવાનું બંધ કરે તેવી વિનંતી સાથે આ પ્રવચન સાથે હું સહમત થઇ શકતો નથી.

અધ્યક્ષશ્રી : આપે લીધેલ વધારાનો સમય બાકીના આપના સભ્યોમાંથી કાપી લેવામાં આવશે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માહમહીમ રાજયપાલશ્રીનો આભાર પ્રસ્તાવ લઇને માનનીય સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇ આવ્યા છે અને જેને માનનીય સભ્યશ્રી કુબેરભાઇ ડીંડોરે ટેકો આપ્યો છે એને હું સમર્થન કરું છું.

જેમણે ભગવાન સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો તેવા ભારતના નાયબ વડાપ્રધાન અને આપણા લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલ કે જેમણે આખા વિશ્વમાં કોઇ કામ ન કરી શકે તેવા ૫૬૨ જેટલા રજવાડાઓને એકત્ર કરીને કર્યું છે. આપણે એમની પ્રતિભાને શોભે તેવી વૈશ્વિક ઓળખ બનાવવા માટે સન ૨૦૦૮માં આપણા તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના ભારતના વડાપ્રધાન આદરણી શ્રી નરેન્દ્રભાઇએ દુનિયામાં સૌથી ઉંચુ સ્મારક સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવવાનો સંકલ્પ કર્યો. સન ૨૦૧૩માં ભૂમિપૂજન કર્યું અને સન ૨૦૧૮માં લોકાર્પણ કર્યું. સરદાર સાહેબ એ ભૂમિ પુત્ર હતા એમના માટે આખા ભારત દેશના ૧ લાખ ૭૦ હજાર જેટલા ગામડાંમાં જઇને ખેડૂતોને પ્રિય ઓજાર લઇને એના નાના નાના ટૂકડા લઇને આખા દેશના ૧ લાખ ૭૦ હજાર ગામડાંનું લોખંડ મંગાવ્યું અને એની પ્રતિમા બનાવી. અત્યારે આપણે જોઇએ તો એના માટે કોંગ્રેસ તરફથી એ લોખંડ માટે શબ્દ વાપર્યો છે એ હું કહેતો નથી. આજના તબક્કે હું ઉલ્લેખ કરીશ કે એ સરદાર પટેલ સાહેબ એના માટે હરહંમેશ *(xxx) કોંગ્રેસે સરદાર વલ્લભભાઇ પટેલનું અપમાન કરવાનું કયારેય બાકી રાખ્યું નથી. સરદાર વલ્લભભાઇ પટેલ આખા દેશના સર્વોચ્ચ નેતા ન બને એ માટેના પ્રયત્નો કરેલા છે. તમે એમને ભારત રત્ન પણ નથી આપ્યો એનો જવાબ કોંગ્રેસ આપે. સરદાર વલ્લભભાઇને ભારત રત્ન પણ આપ્યો નથી. સરદાર વલ્લભભાઇ પટેલને ભારત રત્ન પણ આપે આપ્યો નથી. આપના શાસનમાં. એક પરિવારના બધા લોકોને મળ્યા અને સરદાર પટેલને એમણ ભારત રત્ન નથી આપ્યો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પછી કહેજો. એમનું વકતવ્ય પૂરું થાય પછી કહેજો.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : સરદાર સરોવર યોજના. સરદારનું નામ હતું તેના કારણે સાત-સાત વર્ષ સુધી તમે ખેંચી. સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિભાને વૈશ્વિક ઓળખ આપવા માટે માનનીય નરેન્દ્રભાઇએ આ પ્રયત્ન કર્યો છે. એમને આ તબક્કે હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

---

* આ શબ્દો અસંસદીય હોવાથી અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આ સ્ટેચ્યુ ઓફ યુનિટી એટલે એકતાનું પ્રતિક. ગઇકાલે અમારા શ્રી શૈલેષભાઇ અને શ્રી હિંમતસિંહભાઇ ખૂબ ટેન્શનમાં હતા. કારણ કે કોંગ્રેસના બધા કોર્પોરેટર નેતા માટેનો ઝઘડો હતો. મારો તેમને એક સુઝાવ છે કે આ એકતાના પ્રતિક સ્ટેચ્યુ ઓફ યુનિટીએ બધાને લઇ જાય તો તેમનો ઝઘડો સોલ્વ થઇ જશે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની વાત જ્યારે કોંગ્રેસ કરે છે, કોંગ્રેસ કહે કે ખેડૂતો માટે અમે આટલું બધું કર્યું. સરદાર વલ્લભભાઇ પટેલ ખેડૂતોના નેતા હતા. આખા દેશના અને વિશ્વના નેતા હતા. ખેડૂતો માટેની જ્યારે વાત છે તો અમે જ્યારે નાના હતા. અત્યારે ખેડૂતોના ભાવની વાત કરે છે તો અમારે ઉત્તર ગુજરાતમાં મરચાં બહુ પાકે. મરચાં, રીંગણ. તેના એવા ભાવ હતા કે અમે વીણી વીણીને ચોકડીમાં નાખતા હતા. ચોકડીઓ ભરતા હતા. ખાડા ભરતા હતા. એક દાખલો આપું કે એકવાર અમારા ગામના ખેડૂતોએ મરચાંનો ૨૦ કિલોનો દોઢ રૂપિયો ભાવ હતો તો પછી નક્કી કર્યું કે આપણે અમદાવાદ જઇએ. ત્યાં ભાવ વધારે હોય. તો ટ્રક કરીને ત્યાં ગયા. ત્યાં આગળ ૩ રૂપિયા ભાવ હતો. પછી કોઇએ કહ્યું કે સુરત જાવ. તો સુરત ગયા તો ત્યાં પણ એટલો જ ભાવ હતો. પછી ત્યાં એમને ખબર પડી કે સોલાપુર જઇએ તો ૧૦ રૂપિયા ભાવ છે ૨૦ કિલોનો. તો પછી સોલાપુર ગયા. ત્યાં સાડાત્રણ રૂપિયા ભાવ હતો. પેલો ટ્રકવાળો આ ખેડૂતોને છોડે નહીં. આમાં જે વેચાણના પૈસા આવવાના હતા તેનાથી વધારે ભાડું હતું. આ કોંગ્રેસનું શાસન. એ વખતે ખેડૂતોને ભાવ નહોતા મળતા. લાઇટ માટે પણ મારે કહેવું છે કે અમે નાના હતા તો અડધો પોણો કિલોમીટરના ઢાળીયા કહેતા હતા. અત્યારે તમે નીક કહેતા હશો. તેનું ધ્યાન રાખવા અમે જતાં. તો એક વીઘો પાવામાં અમારા જો ગીનીસ બુકમાં લખાતું હોત તો કદાચ હું કરીશ પણ એક વીઘો પાતા દોઢ દિવસ થયો હતો. આવી લાઇટની સિસ્ટમ હતી કોંગ્રેસની અને કોંગ્રેસ અત્યારે ખેડૂતોની હામી બને છે!

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો એક આખો દિવસ કોંગ્રેસે ખેડૂતો માટે શું કર્યું અને ભારતીય જનતા પાર્ટીએ શું કર્યું એના માટેની જો ડિબેટ રાખવામાં આવે તો બધું જ ખુલ્લું થઇ જાય.

અધ્યક્ષશ્રી : માનનીય સુરેશભાઇ, આવો કોઇ જ પ્રસ્તાવ તમે મૂકશો નહીં. (અંતરાય) પ્લીઝ, પ્લીઝ. મેં એમને ના પાડી.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્ટેચ્યુ ઓફ યુનિટી. આપણે જોયું કે માત્ર સવા વર્ષમાં.. આ શ્રી નરેન્દ્રભાઇનું વિઝન જુઓ. અત્યારે ભલે તમે બોલતા પણ ખાનગીમાં તો તેમના વખાણ જ કરો છો કે ચાર કલાક સૂતો અને આખો દિવસ જાગી અને આ દેશનું ભલું કરવાવાળો આવો વડાપ્રધાન આખી દુનિયામાં કોઇના ત્યાં નથી. આપણે ત્યાં છે. આપણને ગૌરવ હોવું જોઇએ. ત્યાં એવી વ્યવસ્થાના કારણે સવા વર્ષની અંદર લગભગ ૪૦ લાખ લોકોએ આની મુલાકાત લીધી અને દુનિયાની આઠમી અજાયબી તરીકે તેને ગૌરવ મળ્યું છે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સદસ્યશ્રીએ તેમના વક્તવ્યમાં એમ જણાવ્યું કે કોંગ્રેસ પાર્ટીએ સરદાર સાહેબનું અપમાન કર્યું છે. તો એમણે કાં તો સાબિત કરવું પડે અન્યથા આ ગૃહની માફી માગવી પડે અને તેના માટે જરૂર હોય તો એક કલાકની ચર્ચા..

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર. તો તો કોઇ વક્તવ્ય જ નહીં થાય. બેસી જાવ, પ્લીઝ. પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર. પ્લીઝ, બેસી જાવ. કોઇએ બોલવાની જરૂર નથી. એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર એ રેઇઝ કરી શકે છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રસ્તાવના અનુસંધાને હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. બે દિવસથી મારી ખુરશી ઉપર બેઠા બેઠા સાંભળું છું કે ૨૫ વર્ષમાં કોઇ પાર્ટીએ કશું કર્યું ના હોય અને બધું ભા.જ.પે. જ કર્યું હોય એવું સાંભળવા મળે છે ત્યારે મારે આપના દ્વારા કહેવું છે કે ગુજરાતમાં અને આખા દેશમાં મોંઘવારીએ માઝા મૂકી છે, યુવાનો બેરોજગાર બન્યા છે અને વારેવારે ગતિશીલ ગુજરાત, વિકાસશીલ ગુજરાતની વાતો કરે છે ત્યારે આ ગતીશીલ ગુજરાતમાં સો કિલોમીટરની ઝડપે ગતી વધી છે અને વિકાસ પણ વધ્યો છે. ૨૫ વર્ષ પહેલા ડીઝલના ભાવ ૯ રૂપિયા હતા એ વધીને ૬૮ રૂપિયા થયો. પેટ્રોલનો ભાવ ૨૧ રૂપિયા હતો એ વધીને આજે ૭૦ રૂપિયા થયો. એલ. પી.જી. ગેસના બાટલાના ભાવ ૯૩ રૂપિયા હતા એ વધીને ૮૦૦ રૂપિયા થયા છે. કિલો ડુંગળીનો એક રૂપિયા ભાવ હતો એ વધીને આજે ૧૦૦ રૂપિયા થયો છે. ડી.એ.પી. ખાતરની થેલી ૨૫ વર્ષ પહેલા માત્ર ૨૦૦ રૂપિયામાં મળતી હતી એ આજે ૧૨૦૦ રૂપિયામાં મળતી થઇ છે. યુરીયા ખાતરની થેલી ફક્ત ૬૩ રૂપિયામાં ૨૫ વર્ષ પહેલા મળતી હતી એ આજે ૨૬૬ રૂપિયે મળતી થઇ છે. વીજળી યુનિટ દીઠ પહેલા ૧૦૦ યુનિટ સુધી ૨૦ કે ૨૫ પૈસામાં મળતી હતી એ આજે ૩.૫૦ રૂપિયામાં વીજળી મળતી થઇ છે. બસ ભાડું જે ૧૦ રૂપિયા હતું એનું હજાર રૂપિયા થયું છે. કેરોસીન ૨ રૂપિયા અને ૫૨ પૈસા હતું એના આજે ૫૦ રૂપિયા ભાવ થયો છે. આ ગતિશીલ ગુજરાત અને વિકાસશીલ ગુજરાતમાં ૧૦૦ કિલોમિટરની ઝડપે આ મોંઘવારી વધી છે. હું વારંવાર આ ગૃહમાં વાત કરતો આવ્યો છું કે આપણે બધા જ ખેડૂતોના હામી છીએ, આપણે બધા જ ખેડૂત છીએ અને ખેડૂતની વાત આવે એટલે તમામે તમામ સભ્યો ઉભા થઇ અને હું જ ખેડૂતનો હામી હોઉં એવી વાતો કરીએ છીએ ત્યારે હું રી–સરવેની વાત ફરી વખત આ ગૃહમાં દોહરાવવા માગું છું. ચુડાસમા સાહેબ, રી–સરવેની વાતમાં હું આ નકશો લઇને આવ્યો છું. મારા પોતાના ગામનો નકશો છે. ૭૦ ટકા નકશામાં ખેતર એ ચોરસ હોય અને નકશામાં ત્રિકોણાકાર બની ગયું છે. કોઇ જગ્યાએ ખેતર લાંબુ હોય એ ટૂંકું બની ગયું છે. આ સરકારની નિંદા કરવા માટે કે ટીકા કરવા માટેની વાત કરતો નથી. રી–સરવેના કારણે કરોડો રૂપિયા ગુજરાત સરકારના બીજી કંપનીઓ લઇ ગઇ અને ખેડૂતોને અંદરોઅંદર ઝઘડતા મૂકી અને એ કંપનીઓ જતી રહી

છે. મારે ખેડૂત માટે એક વાત કરવી છે કે જૂનું હતું એ પ્રમાણે તમે ખેડૂતનો સાત–બાર કરી નાખો, જૂનો નકશો હતો એ અમલમાં લાવો અને તમને આ સુધારીને સાચું લાગે એ દિવસે આ નવા નકશા અને રી–સરવે તમે અમલમાં મૂકજો. આ હકીકત છે. હું નકશા લઇને એટલા માટે લઇને આવ્યો છું કે મારા પોતાના પાંચ ખેતર ચોરસ હતા એ ત્રિકોણાકાર થઇ ગયા છે. આ રી–સરવેની ભૂલ છે. સરકારની ભૂલ નથી એટલે આ વાત હું સરકારના ધ્યાને મૂકવા માગું છું. વારંવાર બજેટ બને છે. આજે શ્રી નીતિનભાઇ નથી, નહીં તો મારે શ્રી નીતિનભાઇને કહેવું હતું કે એ બજેટની અંદર ઠાકોર કોળી વિકાસ બોર્ડ બનાવેલું છે. નાણામંત્રીને દેખાતું નથી કાં તો સરકારને દેખાતું નથી. ૫–૬ કરોડ રૂપિયા ફાળવી દીધા, ત્યાં ઓફીસનું ઠેકાણું નથી, ખુરશીનું ઠેકાણું નથી. આ રાજયની અંદર આવડો મોટો ઠાકોર કોળી સમાજ હોય એના માટે કોઇ સ્પેશિયલ બજેટ ફાળવવામાં આવતું નથી એવું પ્રથમ દ્રષ્ટિએ દેખાય છે. શાસક પક્ષમાં બેઠેલા અમારા ઠાકોર કોળી સમાજના ધારાસભ્યો પણ પોતાના સમાજ માટે વાત કરી શકતા નથી. આવડું મોટું બોર્ડ જયારે ગુજરાત સરકારમાં અમલમાં હોય, ભાજપ– કોંગ્રેસ બન્ને પક્ષના ધારાસભ્યો હોય અને પોતાના સમાજ માટે જો આપણે વાત ના કરી શકીએ એથી વિશેષ દુઃખ અમારા માટે બીજું હોઇ શકે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૫ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારે આ રાજ્યની અંદર પાંચ લાખ કર્મચારીઓ નોકરી કરતા હતા. આજે આ રાજ્યની વસ્તી ૬.૨૫ કરોડ એટલે કે સવા છ કરોડની વસ્તી થઇ છતાં કર્મચારીઓની સંખ્યા પાંચ લાખ જ છે. સરકાર જે ભરતી કરે છે એનો આંકડો બતાવે છે પણ કેટલા નિવૃત્ત થાય છે એની વાત પણ આજ દિન સુધી આ સરકાર કરી શકી નથી. માનનીય અધ્યક્ષશ્રી, વારે વારે ગાંધીજીની અને સરદારની વાત આ ગૃહમાં સાંભળવા મળે છે. કયા મોંઢે તમે ગાંધીજીની વાત કરો છો? શેના માટે તમે ગાંધીજીની વાત કરો છો? ગાંધીજીને પ્રાર્થનામાં ત્રણ ગોળી કોણે મારી હતી? કઇ વિચાર ધારાએ મારી હતી? એથીય આગળ જઇને વાત કરું તો સમગ્ર ગુજરાત રાજ્યની અંદર ગાંધી જયંતિ ઊજવવા માટે ૧૮૫૧૨ ગ્રામ પંચાયતોની અંદર ૧૦,૦૦૦ રૂપિયાનું બોર્ડ એ ૬૦,૦૦૦ રૂપિયામાં લગાવવામાં આવ્યું છે. કરોડોનો ખર્ચ કરીને ભ્રષ્ટાચાર કર્યો છે. ૧૦,૦૦૦ રૂપિયાના બોર્ડના ૬૦,૦૦૦ રૂપિયા ગ્રામ પંચાયત પાસે ઊઘરાવવામાં આવ્યા છે. એથી બીજો કોઇ મોટો ભ્રષ્ટાચાર ગાંધીજીના નામે હોઇ શકે નહીં. ગામડે ગામડે ૧૮૫૧૨ ગ્રામ પંચાયતોમાં આ બોર્ડ લગાવવામાં આવ્યું છે. શૌચાલય મુક્ત ગામ, ઓ.ડી.એફ. એવા બોર્ડના ૫૦૦ રૂપિયાના ગ્રામ પંચાયતોના સરપંચ પાસેથી ૨૫૦૦–૨૫૦૦ રૂપિયા લેવામાં આવ્યા છે. આ સરકારે સમાજ–સમાજ વચ્ચે ભાગલા પડાવવાનું કામ તા.૧/૮/૨૦૦૦નો ઠરાવ કરીને અંદરો અંદર ઝઘડાવવાની કામગીરી કરી છે. એ ઠરાવ કરવાનું શું કામ હતું? કોને અન્યાય કરવાનો હતો? કેમ તમારે એસ.ટી., એસ.સી., ઓ.બી.સી.ની અનામત કાઢવી હતી? એ મને સમજાવો તો ખરા.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ખંભાત અને દિલ્હી બંનેમાં કોમવાદની આગ લાગેલી છે. સૌ પ્રથમ તો આપણે બધા એવી આશા રાખીએ કે દિલ્હી અને ખંભાતમાં લાગેલી કોમવાદની આગ બૂઝાય અને રમખાણોમાં હિન્દુ, મુસ્લિમ જે પણ નાગરિકોએ પોતાના જીવ ગુમાવ્યા છે એ બધાના પરિવારજનો પ્રતિ આપણે બધા સાથે મળીને આપણી સંવેદના પ્રગટ કરીએ. સાથો સાથ એટલી કોમેન્ટ ચોક્કસ કરવા માગું છું કે, જો આ દેશમાં દાયકાઓ સુધી ત્રિશૂળો અને તલવારોના બદલે ડો. ભીમરાવ બાબા સાહેબ આંબેડકરના બંધારણની નકલો ડિસ્ટ્રીબ્યુટ કરવામાં આવી હોત તો કદાચ આપણે આજે આ દિવસ જોવાનો વારો ના આવ્યો હોત. આજે સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબને યાદ કરવામાં આવ્યા. આપણે પોતાને સવાલ પૂછવાની જરૂર છે કે નીતિમત્તા અને સાદગીનું પ્રતિક અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલ આજે આપણી વચ્ચે હોત અને જો શ્રી ડોનાલ્ડ ટ્રમ્પની ગુજરાતની મુલાકાત થવાની હોત, આપણે પોતાને પૂછીએ, સત્તાધારી પક્ષ પોતાને પૂછે તો એમણે આ મેલા–ઘેલાં મજૂરીયા, કાળી મજૂરી કરનારા, અર્ધનગ્ન અવસ્થામાં જીવનારા ઝૂંપડપટ્ટીના ગરીબોના ચહેરા ઢાંકવાનું કૃત્ય સરદાર વલ્લભભાઇ પટેલે ના કર્યું હોત. રાઇટ ટુ લાઇફ જીવન જીવવાનો અધિકાર આ દેશના બંધારણે ફંડામેન્ટલ રાઇટ તરીકે આપ્યો છે એનો મતલબ છે કે રાઇટ ટુ લાઇફ વીથ હ્યુમન ડીગ્નીટી. માનવીય ગૌરવ જળવાય એ રીતે દરેકને જીવન જીવવાનો અધિકાર છે. શ્રી ડોનાલ્ડ ટ્રમ્પના કારણે ગુજરાતની સાડા છ કરોડની જનતા કે દેશની ૧૩૦ કરોડની જનતા ઊજળી નથી પણ ચાલીઓ અને ઝૂંપડપટ્ટીમાં વસતા એક ગરીબ કાળી મજૂરી કરનારા શ્રમજીવીઓના કારણે તમે અને હું અને ગુજરાતની જનતા ઊજળી છે. શ્રી ઝવેરચંદ મેઘાણીએ કહ્યું છે કે, ''પૃથ્વી પર રાજ કોના? સાચા શ્રમજીવીઓના, ખેડૂતના, ખાણીયાના અને ઉદ્યમવંતોના.'' આ ઉદ્યમવંતોના ચહેરા એક પ્રસંગ માટે આપણે ઢાંકીએ એનાથી આવનારી પેઢી આપણને કદાચ માફ નહીં કરે. મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી સાહેબે પોતાની સુવિધા માટે એક હવાઇ જહાજ ખરીદ્યું. એમની વ્યક્તિગત પસંદગી છે. સવાલ એટલો થાય છે કે રૂપિયા ૧૭૦ થી ૧૯૦ કરોડના ખર્ચે આ રાજ્યમાં હવાઇ જહાજ ખરીદવામાં આવે છે પણ કોઇપણ સફાઇ કામદારે ક્યારેય ગટરમાં ઊતરીને મરવાનો વારો ના આવે એના માટે આધુનિક મશિનો ખરીદવામાં આવતા નથી. લગભગ બીજી વખત હું આની રજૂઆત કરી રહ્યો છું.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. તમારું પ્રવચન પૂરું થાય છે તેમ છતાં એક મિનિટ વધારે આપુ છું. પ્લીઝ.. ગો અહેડ

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : છેલ્લી એક જ મિનિટમાં એટલી વિનંતી કરવા માગું છું કે અપક્ષના ધારાસભ્ય હોવાને કારણે મને સમય પ્રમાણમાં ઓછો મળે છે પણ રાજયની સરકારને એટલી વિનંતી કરું છું કે ૨૦૪૦ સુધીમાં સમગ્ર દેશની અંદર ૩૫ થી ૪૦ કરોડ લોકોને પીવાના પાણીના સાંસા હશે એવો નીતિ આયોગનો રીપોર્ટ કહે છે. મારા મતવિસ્તાર વડગામની

અંદર મુકતેશ્વર ડેમ અને કરમાવત તળાવ છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ ત્યાં આવે, રીબીન કાપે પણ મારા મતવિસ્તારના મુકતેશ્વર ડેમ અને કરમાવત તળાવમાં પાણી લાવે એવી મારા મતવિસ્તારના સૌ મતદાર ભાઇઓ વતી મારી લાગણી પ્રગટ કરું છું અને એ બાબતે રાજયની સરકારને મારી વિનંતી કરું છું. ધન્યવાદ.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. ગૃહ ફરી ૧૨-૩૦ કલાકે મળશે. માનનીય જીજ્ઞેશભાઇ, આપે જે વાત કરી કે સમય ઓછો મળ્યો છે, મને ઓફીસમાં મળજો.

**વિરામ બપોરના ૧૨-૦૦ થી ૧૨-૩૦**

**વિરામ બાદ**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી શૈલેષભાઇ ક. મહેતા(ડભોઇ): માનનીય અધયક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના આભાર પ્રવચનનો પ્રસ્તાવ માનનીય પિયુષભાઇ લાવ્યા છે એના સમર્થન માટે ઉભો થયો છું. હમણાં છેલ્લા બે દિવસથી જે ચર્ચાઓ ચાલે છે અને ૨૫ વર્ષ પહેલા અમે આમ કર્યું હતું તેમ કર્યું એવી ચર્ચાઓ સામેના પક્ષ તરફથી આવે છે. આક્ષેપો પણ થાય છે. (અંતરાય) એ આગળથી કે પાછળથી એ અમે નક્કી કરીશું. ભારતીય જનતા પાર્ટીએ જયારથી ગુજરાતની સત્તાનું સુકાન સંભાળ્યું છે ત્યારથી ગુજરાતનો સર્વાંગી વિકાસ થાય એ દિશામાં દીર્ઘદ્રષ્ટિ કેળવીને બહુ આયામી પ્રોજેકટો શરૂ કરવામાં આવ્યા છે. આ પૈકીના ઘણા પ્રોજેકટ પૂર્ણ થયા છે અને તેના સારા પરિણામો પણ મળી રહ્યા છે. શહેરી વિસ્તારની વાત કરીએ તો અગાઉના વર્ષોમાં આટલી બધી ગ્રાન્ટો શહેરો અને નગરોના વિકાસ માટે કયારેય ફાળવાઇ નથી. ઓકટ્રોય બંધ થવાને કારણે આર્થિક તરલતા ઉપર ચોક્કસપણે થોડીક અસર થઇ છે. શહેરોમાં સ્વભંડોળની આવક એટલે કે વેરાની આવક એ મુખ્ય આવકનો સ્ત્રોત રહેલો છે. ઓક્ટ્રોય માટે મળતી ગ્રાન્ટ એ સાતમા પગાર પંચના અમલીકરણને કારણે મહેકમ ખર્ચમાં વપરાઇ જતી હોય છે અને માળખાગત સુવિધા ઉભી કરવા માટે સ્થાનિક સ્વરાજયની સંસ્થા પાસે એટલુ ફંડ હોતું નથી. સ્વર્ણિમ જયંતિના વર્ષથી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી વિકાસ યોજના શરૂ કરવામાં આવી. કરોડો રૂપિયાની ગ્રાન્ટ શહેરી વિસ્તાર અને નગરપાલિકા વિસ્તારમાં આંતરમાખાકીય સુવિધા ઉભી કરવા માટે આપવામાં આવી. મહાનગરપાલિકાઓમાં રૂપિયા ૧૭૩૭૨.૪૦ કરોડના કામને વહીવટી મંજૂરી આપવામાં આવી છે. રૂપિયા ૧૪૦૭૧.૯૮ કરોડની ગ્રાન્ટની ચૂકવણી કરવામાં આવી છે, જયારે નગરપાલિકામાં રૂપિયા ૩૭૪૯.૫૮ને મંજૂરી આપવામાં આવી. ભા.જ.પ.ની સરકાર દ્વારા દરેક શહેર અને નગરપાલિકાને એક નવી દિશા ચીંધી અને તે દરેક શહેર અને નગરપાલિકા પોતાની આગવી ઓળખ ઉભી કરી તે અંતર્ગત કામો સૂચવે તે માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવી છે. તેના સારા પરિણામ પણ જોવા મળ્યા. મહાનગરપાલિકા, નગરપાલિકા દ્વારા પોતાના શહેરને અન્ય શહેરની સરખામણીમાં શ્રેષ્ઠ, આગવું કરવા માટે કામોનું આયોજન કર્યું અને આ આયોજનમાં પણ સરકારે ગ્રાન્ટ સ્વરૂપે રૂપિયા આપી પ્રોત્સાહિત કર્યા એમાં તાજેતરમાં શિવરાત્રીના દિવસે જે સુખસાગર તળાવનું લોકાર્પણ થયું, જે બ્યુટીફીકેશન થયું, ૩૪ કરોડ રૂપિયા વડોદરા શહેરના સુખસાગરના ડેવલપમેન્ટ માટે આપ્યા. આપણા મુખ્યમંત્રીશ્રીએ એનું લોકાર્પણ કર્યું અને આપ પણ એમાં ઉપસ્થિત હતા તમે જોઇ શકો છો કે આગવી ઓળખના ભાગરૂપે એ કામ થયું છે. સાથેસાથે જે છાયાપૂરી રેલ્વેસ્ટેશન બન્યું છે, ગ્રીન સેટેલાઇટ રેલ્વે સ્ટેશન જે ગુજરાતમાં કદાચ પહેલું ગ્રીન સેટેલાઇટ રેલ્વે સ્ટેશન બનાવવામાં આવ્યું. એની સાથે જ માનનીય મુખ્યમંત્રીશ્રીએ વડોદરા શહેરમાંથી નીકળતી વિશ્વામિત્રી નદી માટે પણ પ્રોજેકટ તૈયાર કરવાની સૂચના આપી છે. વિશ્વામિત્રી હોલીસ્ટીક ડેવલપમેન્ટ પ્રોજેકટ જે હવે હાથમાં લેવાના છે અને જયાંથી વિશ્વામિત્રી ઉદગમ સ્થાન છે. ત્યાંથી ખંભાતના અખાતના દરિયામાં મળે ત્યાં સુધી વિશ્વામિત્રીનું ડેવલપમેન્ટ કરવાનું એવું મુખ્યમંત્રીશ્રીએ કમિશનરશ્રી અને અધિકારીશ્રીઓ સાથેની બેઠકમાં સૂચના આપી છે એને માટે અલગ વ્યવસ્થા પણ ગોઠવી છે. આગવી ઓળખ માટે મહાનગરપાલિકાઓમાં રૂપિયા ૧૨૭૩.૨૬ કરોડના વીજ કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી અને રૂપિયા ૧૧૪૬.૭૦ કરોડની ગ્રાન્ટની ચૂકવણી કરવામાં આવી. નગરપાલિકાઓમાં રૂપિયા ૩૦૩.૧૨ કરોડના વીજ કામો માટે સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે શહેરીકરણના કારણે શહેરમાં ટ્રાફિકની સમસ્યા વધી છે. આ ટ્રાફિકના સરળીકરણ માટે સમગ્ર દેશમાં ગંભીરતાથી વિચારણા થઇ. તે અંતર્ગત રોડ પહોળા કરવા, દબાણ દૂર કરવા, પાર્કીંગ પોલિસી બાબતે કડકપણે અમલ કરવો, જેવી વિવિધ બાબતો ઉપર ગુજરાત સરકાર કાર્ય કરે છે. મહત્વનું પાસું એટલે ફ્લાય ઓવર. મને જણાવતા આનંદ થાય છે કે રાજય મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારોમાં ૩૦ ફ્લાય ઓવર રૂપિયા ૧૪૫૪ કરોડના ખર્ચે બનાવવાની મંજૂરી આપવામાં આવી છે અને આ થવાથી ઇંધણની બચત થશે અને માનવ કલાકોની પણ બચત થશે. વર્ષોથી ગરીબો, ખેડૂતો માટે બજેટોમાં જોગવાઇ હતી. ભારતીય જનતા પાર્ટીના શાસનકાળ દરમિયાન મધ્યમવર્ગ જે સોસાયટીઓમાં રહે છે, જે લોકો ટેક્સ ભરે છે, એની સુખાકારી માટે કંઇક કરવું જોઇએ. એ માટે ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારીથી યોજના શરૂ કરવામાં આવી. આ યોજના હેઠળ સોસાયટીમાં રહેતા લોકો તેમની સોસાયટીઓમાં પાણી, રસ્તો, ડ્રેનેજ, લાઇટની કામગીરી કરી શકે એ માટેનું આયોજન કરવામાં આવ્યું.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, આપનો સમય પૂરો થયો છે. શ્રી ગ્યાસુદીન શેખ.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરિયાપુર) : माननीय अध्यक्षजी, राज्यपाल के आभार प्रस्ताव पर मैं अपने विचारों को प्रस्तुत करने के लिये इस सम्मानीय सभागृह में प्रस्तुत हुआ हुं । वैसे तो

मौका नहीं है दूसरी कुछ बात करने का लेकिन हमारे गृह के सम्मानीय गृहमंत्री श्री प्रदीपसिंह झाडेजा ने कल कहा कि इस सदन के विधानसभा सदस्य शाहीनबाग गए थे और मुझे उस पर शर्म है । मैं कहना चाहूगां की शाहीनबाग पाकिस्तान में नहीं है, वह दिल्ली में हैं । मुझे जहॉ तक जानकारी है वहॉ पासपोर्ट लेने की जरुरत नहीं हैं । मैं बिना बुलाए बिरियानी खाने पाकिस्तान नहीं गया हुं । मैं देश की राजधानी में गया था और उस राजधानी में मुझे शर्म नहीं, गर्व होता है कुछ कहने के लिये वहॉ पर सच्चा हिन्दुस्तानी शाहीनबाग में मिला । वहॉ पर बात की गई सर्जील इमाम की घटना वो शाहीनबाग की नहीं है, वो घटना अलीगढ़ की हैं । शाहीनबाग में एक भी कृत्य ऐसा नहीं हुआ है कि जिससे हमको शर्म आए, अगर देशद्रोह का कृत्य हुआ है तो उसके सामने कानूनी कार्यवाही करनी चाहिये । राजद्रोह का कानून है, कानून के दायरे में रहकर कार्यवाही करनी चाहिये । आज हम बेटी बचाओ, बेटी पढ़ाओ की बातें कर रहे हैं । हिन्दुस्तान की बेटीयां, हिन्दुस्तान के संविधान को बचाने की बात कर रही हैं, ऐसे वक्त पर बेटी बचावो, बेटी पढ़ाओं की बात करने वाले लोग की आज वहां पर जिस तरह की परिस्थतियां हैं, मैंने देखा है कि एक हाथ पर गीता है और एक हाथ पर तिरंगा हैं, एक हाथ में कुरान हैं, एक हाथ पर तिरंगा हैं, वहॉ पर नारा है वो कोई धार्मिक नारा नहीं हैं । मुझे वहॉ जाकर एक अदभूत दृश्य लगा कि वहॉ पर मुस्लीम समाज हिन्दु समाज के साथे बोल रहा था कि भारत माता जय । वंदे मातरम, हिन्दुस्तान जिंदाबाद । ये नारे लग रहे थे । मुझे शर्म नहीं, गर्व होना चाहिये, शर्म तो उस बात की है देश के अंदर इतने जवाबदार लोगों बयानबाजी करते है और ३८-३८ लोगों की निर्दोष हिन्दु और मुस्लीमों की जान जाती है । आज मुझे चिन्ता है कि हिन्दुस्तान की डेली के अंदर एक मंदिर को मुसलमानों ने बचाया है । हिन्दु भाईयों ने वहॉ पर मस्जिद को बचाया हैं । मैं साथ में कहना चाहूंगा कि ३८ लोगों की जाने गई हैं, जो बहनें विधवा हुई हैं, जिसके बच्चा अनाथ हुआ है उनको जाकर पूछो कि उनकी परिस्थिती आनेवाले दिनों में क्यां होगी ? मैं यहां यह कहना चाहूगां की इतने दिनों से ये आंदोलन चल रहा हैं तो उसके साथ संवाद क्यों नहीं हो रहा हैं, संवाद होना चाहिए । लोकशाही में हर आदमी को अधिकार हैं अपनी संमति दर्शाने का । मैं यह नहीं कहुंगा कि विरोध होना चाहिए । मैं यह भी कहूंगा कि पाकिस्तान में हिन्दुस्तानीयों को प्रताडित क्यों किया जाता हैं ? पाकिस्तान एक नापाक देश हैं । पाकिस्तान के कृत्य खराब हैं । हम कहते है कि वो आतंकवादी राष्ट्र हैं, पाकिस्तान में हिन्दुओं को प्रता़डित किया जाता हैं । पाकिस्तान, अफगानिस्तान के हिन्दुओं को हम लेते है तो कुछ बुरा नहीं है । हिन्दुओं को लेना चाहिए । हिन्दुभाईयों को जाने के लिये सीर्फ दो रास्ता हैं, एक पाकिस्तान, हिन्दुस्तान और एक नेपाल । हमारी बात इतनी है कि धर्म के आधार से मुसलमानों को गैर समझ हैं । इतनी बात को लेकर हिन्दु समाज का कोई विरोध नहीं है, पाकिस्तान इतना नापाक देश है कि उसका नाम लेना मैं नहीं चाहूंगा । उसके कर्मो की सजा वहॉ की लघुमती में पाकिस्तान में हिन्दु है उसको भुगतनी पडती है ऐसा नहीं हैं, उसकी नापाक हरकतों की सजा हमको यानी हिन्दुस्तान में लघुमतियों को भुगतना पडती हैं । रही बात आतंकवादी की, आतंकवाद को हाथों से दबाना चाहिये, आतंकवाद का मजबूती के साथ खात्मा करना चाहिये । हम तो यहॉ तक

कहते है कि पाकिस्तान जैसा आतंकवादी देश का भी ,खात्मा करना चाहिये वो एक धर्म के आधार पर बना है, भारत देश जो है, हमारा देश सर्वधर्म आधार पर बना है, आज हमारा देश विश्व की महासत्ता बनने जा रहा हैं । आज पाकिस्तान को देखों वो पतन की ओर जा रहा हैं । पाकिस्तान में, खाने को अनाज नहीं हैं, पाकिस्तान की जो व्यवस्था हैं वो व्यवस्था बिल्कुल खत्म हो चुकी हैं, जब कि हिन्दुस्तान में गर्व से कहते है कि आज भी चाहे कितनी भी कोशिशें हो गई लेकिन आज भी गंगाजल की तहजीब, हिन्दु - मुस्लिम का भाई-चारा आज भी मौजूद हैं और मैं यह मानता हूं कि तब तक ये दुनिया कायम रहेगी हिन्दुस्तान के भाईचारे को कोई खत्म नहीं कर पाएगा । वो कितनी भी बात कर लें हिन्दुस्तान का भाईचारा है और रहेगा । हर बार जब भी गृहमंत्रीजी खडे होते हैं आलीया, मालिया, जमालिया क्या है ये ? आप गुजरात के गृहमंत्री हो आप ऐसी बात करो जिससे गुजरात का सम्मान बढे, लोगों को ठेस न पहुंचे, लोगों का प्यार बढे, लोगों का एक दूसरे के लिये सम्मान बढे लेकिन आलिया, मालिया, जमालीया, की बात करके लोगों को ठेस पहुंचाना, लोगों को तंग करना, मैं यह मानता हूं कि ये सही नहीं है । मैं अध्यक्षजी से विनंती करुगां ।

अध्यक्षश्री : माननीय प्रदीपसिंहजी यहॉ पर हैं, कृपया आप सभी शांति बनाए रखिए ।

श्री ग्यासुददीन. ह. शेख : और में आज ये भी कहना चाहूगॉ ।

श्री प्रदीपसिंह. भ. जाडेजा : माननीय अध्यक्षजी, मैंने मेरे प्रवचन में आलिया, मालिया, जमालिया, का उल्लेख किया था परन्तु पाकिस्तान के लोग गुजरात एवं समग्र देश के अंदर आतंकवाद फैला रहे हैं उनके लिए वह शब्द का उल्लेख किया था । साहब बंध बेसती पगडी पहनने की जरुरत नहीं हैं । मैं इसके लिये उल्लेख किया था कि शाहिनबाग में भारत से आसाम को अलग करने की जो बात कहीं थीं ।

अध्यक्षश्री: स्पष्टता आ गई हैं। अब आगे बढीए। इसलिए आपसभी को ना कहा था ।

श्री ग्यासुददीन. ह. शेख : माननीय अध्यक्षजी, अगर मैं यह कहता हूं कि अगर वहॉ कोई देशविरोधी नारा लगता है, हमारे सम्माननीय प्रधानमंत्री के खिलाफ कोई बात होती है, हमारे सम्मानीय गृहमंत्री के खिलाफ कोई बात होती हैं, क्योंकि दोनों हमारे गुजराती है । हमको जो है उनके सामने राष्ट्रद्रोह का गुन्हा दाखिल करना चाहिये । विचारों के मतभेद हो सकते है । दोनों की विचारधारा अलग हो सकती है, लेकिन जो उनका पद है वो सम्मानीय है वो गलत बोलता है, उनके खिलाफ कोई बोलता है तो क्यूं नहीं कर रहे है उनके खिलाफ केस ? केस दायर करें । सुप्रीम कोर्ट कहती हैं की वहां की बहन- बेटीयां अभिमान है कि वहॉ की बहन- बेटीयां इस देश के संविधान को बचाने के लिये, इस देश की लोकशाही को बचाने के लिये बैठे है । मैं इतना कहना चाहूगां की दिल्ली की जो घटनाएँ बनी है, मैं इस सदन से विनंती करना चाहूंगा की ये सदन शांति और भाई-चारे की अपील करें और हिन्दु-मुस्लिम जिनका भी नुकसान हुआ है उन तमाम आत्मा को ईश्वर- अल्लाह शांति दें ऐसा ठराव हम लोगों को करना चाहिये और शांति की अपील करनी चाहिये । मैं कहूंगा । मैं ऐसा नहीं कहूगां, गलत बात नही करुगां । गृहमंत्री ने, मुख्यमंत्री ने बहुत गंभीरता से इस चीज को लिया । जो जिम्मेदार अधिकारी था उनको बदला, वहॉ की स्थिति को नियंत्रित किया । मैं उनका

सम्मान करता हूं । मैं कभी भी इस राजकीय टिप्पणी की बात नहीं करुगां क्योंकि यह संवेदनशील बावत है, उस पर कभी भी गलत टिप्पणी नहीं करुगां । बहुत मजबूती से शिवानंद झा साहब को भेजकर खंभात में राईट को रोकने का काम सरकार ने किया । मैं यहीं कहना चाहता हूं कि इतना अच्छा भाई-चारे का माहौल बना हुआ है और अगर कोई आदमी सी. ए. ए के खिलाफ और सी. ए. ए के समर्थन में हिंसा करता हैं तो, उस हिंसा करनेवाले को न मेरा, न मेरे समाज का और न मेरी पार्टी का कोई समर्थन नहीं है । हम कहते है जो अहिंसा का राजधर्म करेगा, गांधीवादी तरीके से करेगा, संविधान को बचाने के लिये करेगा उस हर आदमी को हमारा सहयोग हैं, लेकिन जहां हिंसा होगी, जहॉं गांधी के विचारों की हत्या होगी वो किसी भी आंदोलन को हमारा समर्थन नहीं हैं । मेरा समर्थन तो अंहिसा और गांधीवाद का बात में हैं । मैं कहना चाहूगां कि जिस तरीके से दिल्ली की जो घटनाएँ बनी, उसके मूल कारण को हम देखें तो कारण एक ही है जो जवाबदार लोग हैं, वो हर पार्टी के हैं, वो जवाबदार लोगों की भडकाऊ वाणी, उनके भडकाऊ भाषण, जीमने वालीस पठान हो और कपील मिश्रा हो ऐसे तमाम लोगों को हमको दबाना चाहिये । ऐसे तमाम के सामने कड़क से कड़क कार्यवाही करनी चाहिये ।

अध्यक्षश्री : आपका प्रवचन पूरा होता हैं । माननीय डॉ नीमाबेन आचार्य ।

ડો.નીમાબેન ભા. આચાર્ય(ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના પ્રવચનનો આભાર પ્રસ્તાવ શ્રી પિયુષભાઇ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું આજે આપની સમક્ષ આવી છું. સૌ પહેલાં તો હું રાજ્ય સરકારના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે બજેટની અંદર નર્મદાના કામ માટે કચ્છ માટે નર્મદા એ એક જ વિકલ્પ છે. એટલે નર્મદાનું કામ ઝડપથી થાય અને કચ્છને વન મિલિયન એકર ફીટ પાણી જલ્દીથી મળે એ આશયથી ૧૨૦૦ કરોડ રૂપિયા જેવી રકમ એ બજેટની અંદર ફાળવી છે એના માટે સરકારને લાખ લાખ અભિનંદન અને આજે કચ્છમાંથી અનેક લોકો સરકારને અભિનંદન આપવા અને મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીનું સન્માન કરવા માટે બધા આગેવાનો અને સૌ લોકો આવ્યા છે એટલે સૌ પહેલાં તો હું ખૂબ ખૂબ આભાર માનું છું અને અભિનંદન પણ આપું છું.

કચ્છ એક એવો પ્રદેશ છે કે ત્યાં કુદરતી આપત્તિઓ સતત આવતી હોય છે ત્યારે હમણાં જ આપને કહું જે રીતે ભૂકંપ પછી શૂન્યાવકાશ થઇ ગયો હતો, લોકો નિરાધાર અને નિઃસહાય બન્યા હતા, એવા સમયે આજના વડાપ્રધાન અને તે વખતના મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કચ્છની અંદર દસ વરસમાં ૮૬ વાર મુલાકાત લીધી. રૂબરૂ જઇને કચ્છનો વિકાસ થાય, કચ્છના લોકોને શું જરૂર છે, શું તકલીફ છે એના માટે અનેક યોજનાઓ કચ્છના વિકાસ માટે કરી અને આજે એક નાના બાળકની જેમ એનો ઉછેર કરીને કચ્છને આજે કમાતું ધમાતું અને વિશ્વના નકશામાં એને ટુરિસ્ટોથી ભરપુર ટુરિઝમનું હબ બનાવેલ છે. આજે બજેટની અંદર માતાના મઢ, કોટેશ્વરથી માંડીને ધોળાવીરા સુધી અને સફેદ રણ આવી અનેક યોજનાઓ મૂકી અને વિશ્વના નકશામાં કચ્છને મૂક્યું છે ત્યારે હું ખૂબ ખૂબ અભિનંદન રાજ્ય સરકાર અને ભારતીય જનતા પાર્ટીની સરકારને આપું છું. કચ્છની પ્રજા એ ક્યારેય પણ એનું ઋણ ચૂકવી નહિ શકે. હમણાંનો જ એક દાખલો આપું કે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇને આપણે સંવેદનશીલ મુખ્યમંત્રી કહીએ છીએ. જ્યારે દુષ્કાળ પડ્યો ત્રીજો દુષ્કાળ પડ્યો, ક્યાંય પાણી નહોતા, તળમાં પણ પાણી નહોતા, એવા સમયે પશુપાલનનો મુખ્ય ધંધો કરતા અમારા આ કચ્છ જિલ્લાની અંદર તમામ રીતે જે કંઇ કચ્છના લોકોએ માગ્યું એ આપ્યું, છેલ્લે ૭૦ રૂપિયા ઘાસની સબસિડીમાં આપ્યા, ઘાસની ટ્રેઇનો મોકલી અને એક પણ પશુ મરે નહિ એની પુરેપૂરી તકેદારી રાખીને ખૂબ જબરદસ્ત કામ એ કચ્છના લોકો માટે કર્યું છે ત્યારે એના માટે પણ હું લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જે મહિલા અને બાળ વિકાસની જો વાત કરું તો બહુ અગત્યનો વિષય એ છે કે, સરકાર એ હંમેશા સ્ત્રી ઉત્થાન અને એના દ્વારા સમાજ ઉત્થાનના મંત્ર સાથે અનેક યોજનાઓ સરકારે મહિલાઓ માટે બનાવી છે. મહિલાઓ સ્વમાનભેર જીવી શકે, મહિલા સુરક્ષિત રહે, સલામત રહે એવી અનેક યોજનાઓ કરી છે અને જ્યારે શ્રી નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા ત્યારે આવતાની સાથે જ એમણે પહેલાં મહિલા અને બાળ વિકાસનું અલગ મંત્રાલય કરી અને અનેક યોજનાઓ બનાવી અને બધી યોજનાઓની જો વાત કરવી હોય તો એક અઠવાડિયા જેટલો સમય પણ ઓછો પડે. એટલું બહેનોની સુરક્ષા માટે કર્યું છે. અત્યારના જે બે મુખ્ય વિષય છે જે બાળ વિકાસના કુપોષણનો એના વિશે હું વાત કરવા માગું છું.

કુપોષણ એ કોઇ બિમારી છે, એ કોઇ સરકારની ભૂલ છે કે સરકારને લીધે થાય છે એવું નથી. સરકારે પૂરક પોષણ આપવાની વાત કરી છે. અહીંયા વાત થતી હતી કે નવ રૂપિયામાં શું થાય? એ પૂરક પોષણ છે, બાળકને શેની જરૂર છે, એને વિટામીન, એના આરોગ્યની રક્ષા, એ બિમાર હોય તો એને કઇ રીતે પોષણ આપી અને આપણે વધારે સારું કરી શકીએ? બાળકને એવા વિષય સાથે કુપોષણની ઝુંબેશ મારી દૃષ્ટિએ ક્રાંતિ છે, એક જાગૃતિ અભિયાન છે અને અહીંયા બેઠેલા આપણે તમામ લોકોએ આની અંદર પાર્ટીસીપેટ કરવું જોઇએ અને ગાંધીજીએ કહ્યું છે કે રાજકીય સત્તા એ સમાજસેવાનું ઉત્તમ સાધન છે અને અહીંયા બેઠેલા તમામ ધારાસભ્યશ્રીઓને મારી વિનંતી છે કે કુપોષણનો જે વિષય છે એમાં આપણે બધા સાથે મળીને પોતપોતાના વિસ્તારમાં આ જાગૃતિ અભિયાનમાં જોડાઇએ. મુખ્યમંત્રીશ્રીએ તો કહ્યું પણ છે કે બધા બાળકને દત્તક લે અને જો એ રીતે પ્રોત્સાહિત થાય તો કુપોષણમુક્ત ગુજરાત કરવાનો વિષય આપણો પૂરો થાય. બીજું, કહું કે ૧૦૦૦ દીકરાઓએ ૮૯૦ દીકરીઓનું પ્રમાણ છે. એના માટે સરકારે બેટી બચાવો અભિયાન, બેટી પઢાઓ અભિયાન એવી અનેક યોજનાઓ મૂકી છે. સગર્ભા સ્ત્રીઓને પોષણ આપીને, કિશોરીઓને પોષણ આપીને આવતીકાલની જે માતા છે એને પણ સારી રીતે પોષણ આપીને એ પણ ખૂબ આરોગ્યસભર જીવન જીવે અને સારી માતા બને એવા અનેક વિષયોને લીધા છે. સ્ત્રીનું માન સન્માન વધે એના માટે મહિલાઓના નામે આવા અનેક નારી કેન્દ્રો સ્ત્રી પોતે ન્યાય મેળવી શકે એના માટે દરેક તાલુકાની અંદર નારી અદાલતો કરી છે. પોલીસ સ્ટેશનોમાં પણ મહિલા પોલીસ મૂકવામાં આવી છે અને આવી અનેક યોજનાઓ મૂકીને મહિલાઓનો જે વિકાસ કર્યો છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય ગૃહના સભ્યશ્રી જે આદરણીય રાજયપાલશ્રીના પ્રવચન બદલ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના વિકાસ માટે ઘણી બધી વાતો થઇ છે પણ મૂળ વાત સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં જેઓએ પોતાની જમીનનો ભોગ આપ્યો છે તે લોકો માટે એક પણ શબ્દ આ પ્રવચનમાં જોવા મળ્યો નથી. ઘણા બધા પ્રોગ્રામો ચાલે છે, ઘણી બધી યોજનાઓ ચાલે છે સ્થાનિક લોકોને રોજગારી આપવા માટેની વાત કરી છે. લગભગ ૩ હજાર સ્થાનિક લોકોને રોજગારી મળી કે બહારના લોકોને રોજગારી મળે છે તેનો ઉલ્લેખ આ પ્રવચનમાં કોઇ જગ્યાએ નથી. મેં તે વખતે કહ્યું અને આજે પણ કહું છું કે સ્ટેચ્યુ ઓફ યુનિટીની આજુબાજુનો વિસ્તાર કે જેનો વિકાસ થાય તેના માટે કોઇને વાંધો નથી પરંતુ તેઓની જે જમીન જાય છે, મકાનો જાય છે, રોજીરોટીના જે સાધનો છે તે જાય છે તેના માટે સ્થાનિક લોકોનો વિરોધ છે અને વારંવાર આ વિરોધ પ્રદર્શન થાય છે. હાલમાં ૧૪ ગામોને આ સત્તા મંડળના વિકાસ માટેનો જે વિસ્તાર છે તેમાં આવરી લેવામાં આવ્યા છે. તેમાં નજીકમાં જ લીંબડી ગામ આવે છે, નવાગામ, કેવડિયા આવે છે, કોટી આવે છે, નાના મોટા પીપરીયા આવે છે, વસંતપર આવે છે અને બીજા ૪ એટલે ૯ વત્તા ૫, તેમાં ૯ ગામ સંપૂર્ણ જાય છે. તેમના વિસ્તારનો સમાવેશ થાય છે અને ૫ ગામોનો આંશિક સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગામોના લોકોમાં એટલો ભય છે કે અમારી જમીન સરકાર લેશે તેનું વળતર મળશે કે કેમ ? વળતર મળશે તો કેટલું મળશે તેવો ભય તે લોકોમાં છે. એવી જ રીતે જયારે જયારે આ વિસ્તારના વિકાસ માટે જે ગામો છે લગભગ ૭૨ ગામો છે અને તે ગામના લોકોમાં પણ આજે ભય છે, ચિંતા છે કે અમારી જમીન અથવા અમારા ગામો સંપાદન તો નહીં થાયને ? અમારે અમારા વતનથી બીજે બહાર તો જવું ના પડે તેના માટેની મોટી ચિંતા છે તો આ ચિંતા સરકારે દૂર કરવી જોઇએ એમ હું અંગત રીતે માનુ છું. જે સ્થાનિક લોકોના યુવાનો છે તે ભણેલા-ગણેલાં છે તે લોકોને જે પ્રોજેકટ ચાલે છે તેમાં રોજગારી આપવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારને હું વારંવાર એ જ વિનંતી કરું છું કે તમે આ જે અસરગ્રસ્તો છે, ગામના લોકોની જમીનો જાય છે તેમની સાથે શાના માટે સંવાદ નથી કરતા ? એમને તમે વિશ્વાસ આપો કે અમે તમારા વિકાસ માટે પણ અમે એટલું જ કરીએ છીએ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય પી.ડી.અનેક વખત હું અને શ્રી ગણપતભાઇ અનેક વખત મળ્યાં છીએ અને મહદ્અંશે પ્રશ્નોનું સોલ્યુશન પણ થયું છે અને એ પ્રક્રિયા હજુ ચાલુ જ છે. શા માટે સંવાદ નથી કરતા એવું કહેવું ઉચિત નથી અમે વારંવાર મળીએ છીએ અને અહીંયા આવે છે ત્યારે અમે કામમાં હોઇએ તો પણ તેમને બેસાડીને વાત કરીએ છીએ અને ફરી વખત જયારે જરૂર પડશે ત્યારે મળીશું.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય બાપુ, હું એટલું જ કહીશ કે આ સંવાદ ચાલે છે તો સ્થાનિક એમ.એલ.એ., એમ.પી.ને શા માટે સાથે રાખવામાં આવતા નથી? અમે હેલ્પફૂલ થઇશું. મારે એટલું જ કહેવું છે કે માનનીય વનમંત્રીશ્રી ગણપતભાઇ, બાપુ, એ લોકોના મનમાં જે સંશય છે એને વહેલામાં વહેલી તકે દૂર કરો. નહિ તો તમે ગમે તેટલું કહેશો કે આ બહું સારું છે પણ જ્યાં સુધી સ્થાનિક લોકોને રોજી ન મળે અને બીજા લોકોને લાભ મળે એ મને ઉચિત લાગતું નથી. વિકાસ કરો તો બધાનો સરખો કરો. સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિકાસનું આપણું પ્રિય સૂત્ર છે. તો આ સૌના સાથમાં એ લોકો નથી આવતા? અને જો આવે છે તો એમના માટે આપણે કંઇક કરવું જોઇએ. કારણ કે, બધાં આપવાની જ વાત કરે છે. જે રીતે તમે નર્મદાના અસરગ્રસ્તોને લાભ આપ્યા છે એ રીતે લાભ આપો.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના સંબોધન માટે શ્રી પિયુષભાઇ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એને મારું સમર્થન છે. કૃષિ સંલગ્ન અવિરત વિકાસથી ગુજરાત રાજયએ સમગ્ર દેશમાં આગવી

ઓળખ ઊભી કરી છે. ગુજરાત આજે વિકસિત અને મજબૂત રાજ્ય તરીકે ઉભરાઇ આવ્યું છે. આજ સુધીના શાસનને લીધે બાકીના રાજ્યો માટે આપણું રાજ્ય દિવાદાંડીરૂપ બની રહ્યું છે. કૃષિ સંલગ્ન અદ્યતન ટેકનોલોજી અને કેન્દ્રના સહકારથી ખેડૂતો પ્રોત્સાહિત થઈ રહ્યા છે અને અથાગ પરિશ્રમથી ગુજરાત રાજ્ય આજે દેશમાં અગ્રેસર રાજ્ય ગણાય છે. હરિયાળી ક્રાંતિના લીધે ખાદ્ય પાકો, તેલિબિયાં, કપાસ વગેરેના ઉત્પાદનમાં ગુજરાત અગ્રેસર છે. દિવેલાના ઉત્પાદનમાં ગુજરાત ૯૫ ટકાના ઉત્પાદન સાથે દેશમાં મોકાનું સ્થાન ધરાવે છે. મગફળીના ઉત્પાદનમાં ૪૩ ટકા ઉત્પાદન સાથે ગુજરાત દેશમાં પ્રથમ નંબરે છે. મારે કહેવું જોઇએ કે જીરૂ અને ધાણાના ઉત્પાદનમાં ગુજરાત પ્રથમ નંબરે છે. મારે બીજી વાત એ પણ કરવી જોઇએ કે વરિયાળીના ઉત્પાદનમાં ગુજરાત દેશમાં પ્રથમ નંબરે છે. કપાસના ઉત્પાદનમાં પણ ગુજરાત પ્રથમ નંબરે છે. ગુજરાતમાં આઠ એગ્રો ક્લાયમેટ ઝોન છે, ૯૬ લાખ હેક્ટર ખેતીલાયક જમીન છે. ૪૪ લાખ હેક્ટર ચોખ્ખા પિયતની જમીન આવેલી છે. ૪૫ ટકા વિસ્તાર પિયતમાં છે. ૬ લાખ કરતાં પણ વધુ દૂધાળા પશુઓ ગુજરાતમાં છે. જી.ડી.પીમાં દેશના કુલ ઉત્પાદનમાં કપાસ ૩૦ ટકા, દિવેલા ૮૪ ટકા, જીરૂ ૭૦ ટકા, મગફળી ૪૩ ટકા, વરિયાળી ૭૦ ટકા, પપૈયા ૨૦ ટકા અને દાડમ ૧૧ ટકા છે. ૭૬ ટકા મેટ્રિક ટન ધરાવતા પાકોનું ઉત્પાદન ૮૦ લાખ મેટ્રિક ટન તેલિબિયાં, ૧૦૧ લાખ ગાંસડી કપાસનું ઉત્પાદન કરે છે. ૯૦ લાખ મેટ્રિક ટન ફળફળાદિઓનું ઉત્પાદન થાય છે. ૧,૩૨,૦૦૦ શાકભાજીનું ઉત્પાદન થાય છે. ૧૦ લાખ મેટ્રિક ટન મસાલાનું ઉત્પાદન થાય છે. કુલ ઉત્પાદન ૧,૪૪,૦૦૦ મેટ્રિક ટન થાય છે. ઈંડાનું ઉત્પાદન પણ ૧૮૫ કરોડ નંગ થાય છે. દરિયામાં મત્સ્યોદ્યોગમાં ૭–૮ મેટ્રિક ટન ઉત્પાદન થાય છે. મારો કહેવાનો ભાવાર્થ એ છે કે આ કયારે થાય આ ત્યારે જ થાય છે કે વાવણીથી શરૂ કરી અને પાકના વેચાણ સુધી આની ચિંતા ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. અમારી સરકાર ખેડૂતોના પડખે ઉભી છે, અમે જગતના તાતની પડખે છીએ અને વાવણીથી મેં જેમ વાત કરી એમ અમે કાયમ માટે ખેડૂતોની ચિંતા કરી છે. મારે એ પણ કહેવું જોઇએ કે ખેડૂતની ચિંતા જો કોઇએ કરી હોય તે ભારતીય જનતા પાર્ટીએ કરી છે. જૂના જમાનામાં અતિશય વરસાદ પડે, મહિના સુધી હેલી થાય, ૧૫–૧૫ દિવસ સુધી ખેડૂત બહાર ન નિકળી શકે, આ બધું જ પાણી દરિયામાં ઠલવાતું હતું, ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ગામનું પાણી ગામમાં સીમનું પાણી સીમમાં તેના લીધે પાણીના તળ ઉંચા આવ્યા અને ખેડૂત સમૃદ્ધ થયો.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અમરીષભાઇ જી. ડેર (રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના મહામહીમ રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી જે પોતાનું પ્રવચન લઇને આવ્યા છે અને તેના ઉપર આ ગૃહના સદસ્યશ્રી જે પ્રસ્તાવ લાવ્યા છે તેના પર હું મારા વિચારો રજૂ કરવા ઇચ્છું છું.

જો વૃતિઓ શ્રેષ્ઠ હશે તો કોઇ પણ પ્રવૃતિઓ શ્રેષ્ઠ જ થવાની. માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની અંદર એક બે બાબતોમાં આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા ઇચ્છું છું. ભૂતકાળમાં જે દાતાઓએ જુદી જુદી સ્કૂલોના બિલ્ડીંગો જે બનાવ્યા છે, એ માધ્યમિક શાળાઓ કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કે પ્રાથમિક શાળાઓ હોય આજે ઘણા બધા બિલ્ડીંગોની હાલત ઘણી દયનીય છે, આવા બિલ્ડીંગો મરામત ઇચ્છી રહ્યા છે. યોગ્ય મરામત ન થવાના હિસાબે, ગરીબ પરિવારના બાળકો પણ પ્રાઇવેટ શિક્ષણ તરફ જઇ રહ્યા છે અને ફરી વખત આ બધા આપણી સરકારની સ્કૂલોમાં આવા બિલ્ડીંગોની યોગ્ય મરામત માટે જે ગ્રાન્ટ આપવામાં આવે છે તેમાં વધારો કરવામાં આવે. એક વખત એનું સરવે કરવાની ગુજરાતની બધી જ આવી શાળાઓ જે છે જો એને એક સાથે ફડીંગ આપવામાં આવે તો આવનારી પરિસ્થિતિ શિક્ષણ માટે ઘણી બધી સુધરે તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એ બાબતની પણ વિનંતી કરવા ઇચ્છું છું કે મોડેલ કે મોર્ડન સ્કૂલો હોય, સિઝનલ હોસ્ટેલો હોય, આશ્રમ કે સીમ શાળાઓ હોય કે કસ્તુરબા બાલિકા શાળાઓ હોય, આ બધી શાળાઓમાં પણ ઇન્ફ્રાસ્ટ્રકચરનો માળખાકીય સુવિધાઓનો ઘણો બધો અભાવ છે. સાથે સાથે જે સીટો છે એ સીટોમાં પણ વધારો કરવામાં આવશે તો કયાંકને કયાંક જે વંચિતો અને પિડીતોની વાત છે અને શોષિતોની વાત છે એ બાબતમાં આપણે ઘણું બધું કરી શકીશું.

મારો બીજો મુદ્દો છે શહેરી વિકાસનો. વર્ષ ૨૦૧૩–૧૪ની અંદર જે તે નગરપાલિકાઓની અંદર તેમજ મહાનગરપાલિકઓની અંદર અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેઝના કામો જે કરવામાં આવ્યા છે તે બહુ દુઃખ સાથે કહેવું પડે છે કે મોટા ભાગની પાલિકાઓની અંદર આજે એ ગટરો શરૂ થઇ નથી અને જેના જેના કનેકશનો આપવામાં આવ્યા છે તેમાં સામેથી ગટરોના પાણી બહાર આવે છે. નગરપાલિકાઓએ રસ્તા જે બનાવવાના થાય છે એ રસ્તા તો એકવાર થાય છે પણ ગટરના હિસાબે ફરી વખત તોડવામાં આવે છે તો મારી આપ બધાને વિનંતી છે કે આપના મારફતથી માનનીય અધ્યક્ષશ્રી, કે આ બાબતને ગંભીરતાથી લઇ અને પી.એમ.સી.ની જે જવાબદારી હતી, એની જવાબદારી નક્કી કરી અને જવાબદાર કોન્ટ્રાકટરો સામે પગલાં લેવામાં આવે. જેથી કરીને લોકોને મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે. રસ્તાઓની જો શહેરી વિકાસમાં વાત કરીએ તો થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન આપણે કરીએ છીએ, જુદા જુદા ટ્યૂબ ટેસ્ટ આપણે કરીએ છીએ, મટિરિયલ્સ ટેસ્ટ પણ આપણે કરાવીએ છીએ તો પણ રોડની સુવિધાઓ સુધરતી નથી તો આવનારા સમયમાં આપણે એવા પ્રાવધાન કરીએ કે ટેન્ડર કલોઝની અંદર ઘણું બધું સારું કરી શકીએ.

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇ અને પાણી પૂરવઠાની વાત કરું તો એટલું ચોક્કસ પણે કહેવું છે કે રેઇન વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ એ પાણી સ્ટૉરેજ માટેની જે તે ગામડાઓમાં ટાંકીઓ બનાવવાના પ્રોજેકટો જે ઘણા સમયથી બંધ પડયા છે એને ફરી વખત શરૂ કરવામાં આવે. રાજય સરકારને એવી વિનંતી કરી રહ્યો છું કે જે તે વિસ્તારની અંદર નાની સિંચાઇ યોજના, મોટી સિંચાઇ યોજના કે ડેમો હોય કે જે સિંચાઇ યોજનાઓ અંદાજે ૨૫–૨૭ વર્ષથી બંધ પડી છે, એ બાબતમાં યોગ્ય નિરાકરણ થાય તો ઘણું બધું સારું થઇ શકે. મારા ધાતરવાડી ડેમની જો વાત કરીએ તો ઉંચાઇ વધારવા માટેની પરમિશન સરકારશ્રી દ્વારા આપવામાં આવે તો વધુ પાણી સ્ટૉરેજ થઇ શકે તેમ છે. એના માટે જરા પણ જમીન સંપાદન કરવાની પ્રક્રિયા કરવી પડે એમ નથી. વાત કરીએ બંદરોની તો આજે મોટા ભાગના ફીશીંગ બંદરો છે એ ડ્રેર્જીંગના અભાવે ચિંતિત છે. માછીમારો ચિંતિત છે. તો આવનારા સમયમાં આ બાબતમાં યોગ્ય નિરાકરણ થાય અને ઝડપથી કામ શરૂ થાય એ ખૂબ જરૂરી છે. બંદરોને સાંકળવા માટે પી.એમ.ઓ.એ. સોફટવેરનો ઉપયોગ શરૂ કરાવવો જરૂરી છે. એન.ડી.સી. અને પોર્ટ ચાર્જીસ ઓન લાઇન સુવિધાઓ કરાવવી ખૂબ જરૂરી છે. આવનારા સમયમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડવા માટે રો–રો ફેરી સર્વિસનો ઉપયોગ ઝડપથી શરૂ કરવામાં આવે તો ઘણું બધું સારું થઇ શકે એમ છે. છેલ્લી વાત ઉદ્યોગોની માનનીય અધ્યક્ષશ્રીની પરમીશન સાથે કરવી છે કે ઉદ્યોગોની હાલત આજે દયનીય છે. રોજ જુદા જુદા કર્મચારીઓ છૂટા થઇ રહ્યા છે. એક વખત એમની નોકરી જશે તો એમના બાળકોની ફી ભરવાના પૈસા પણ એમની પાસે નથી. એમના પરિવારમાં કોઇ બિમાર પડે તો સારવાર માટે પણ પૈસા નથી. એટલે હું આ બાબતે પણ વિનંતી કરું છું કે ઉદ્યોગોના પ્રોત્સાહન માટે આ બાબતમાં યોગ્ય પગલાં ભરે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર શ્રી પિયુષભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. મારે કોંગ્રેસના મિત્રોને એટલું જ કહેવું છે કે હમણાં શ્રી ગ્યાસુદ્દીનભાઇ બહુ બોલતા હતા અને શાહીનબાગની વાત લઇ આવ્યા. એ પોતે ત્યાં જઇ આવ્યા હતા. કોંગ્રેસના મિત્રોને આ બધી જગ્યાએ જવા માટેનો બહુ શોખ હોય છે. પણ એ શોખ એમનો એવો છે કે જે * (xxx) જેવો શોખ છે. કોરોના વાયરસ જેવો લાગે એવો શોખ છે.

અધ્યક્ષશ્રી : એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, દા. ત. એમણે અરવલ્લીની વાત કરી, દલિત દીકરી પર બળાત્કાર થયો એની વાત કરી, મારે એટલું જ કહેવું છે કે ફરિયાદ દાખલ થયા પછી જયાં સુધી ટ્રાયલ ચાલે નહીં અને ગુનો સાબિત થાય નહીં ત્યાં સુધી એને ગુનેગાર કહેવાય નહીં. માટે જે બનાવ બન્યો છે એ ખરાબ બનાવ બન્યો છે. એના માટે આપણને દુઃખ છે, લાગણી છે, એમાં કોઇ શંકા નથી. પણ કોંગ્રેસના મિત્રોને મારે એટલું જ કહેવું છે કે શ્રી અમિતભાઇ, ભાજપના હશે કે કોંગ્રેસના નેતાઓ જાય અને પ્રજાને ઉશ્કેરણી કરે, સમાજ સમાજ વચ્ચે ભાગલા પાડો અને રાજ કરો. અંગ્રેજો એમને આપીને ગયા છે તો સાચવી રાખે એનો વાંધો નથી. પણ તમારે સમાજને જુદા પાડવાનું કામ, દલિત હોય, આદિવાસી હોય, કોઇ પણ હોય તો એ હિન્દુ છે, એ ભગવાનને માને છે, માતાજીને માને છે, દલિત, આદિવાસીને જુદા પાડવાનું કામ આ કોંગ્રેસના નેતાઓ જે કરે છે તે કરવું જોઇએ નહીં. મારી એમને એટલી જ સલાહ છે. આ ચલાવી લેવાય જ નહીં. મારે એટલું જ કહેવું છે કે જે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી પારદર્શકતા બતાવી છે, જી.એલ.ડી.સી. એમના વખતમાં મોટું કૌભાંડ હતું. એ કૌભાંડને બંધ કરવાનું કામ અમારા શ્રી વિજયભાઇ રૂપાણી અને માનનીય નીતિનભાઇની સરકારે કર્યું છે. એમાં એ.સી.બી.માં કેશવકુમાર જેવા આઇ.પી.એસ. અધિકારીઓએ આખા ગુજરાતમાં સપાટો બોલાવી અને ભ્રષ્ટાચારીઓને ખતમ કરવાનું કામ એમણે હાથ ઉપર લીધું છે ત્યારે કોંગ્રેસના મિત્રોને શું દુઃખે છે? મારે એટલું જ કહેવું છે કે કોંગ્રેસના વખતમાં જે દારૂ વેચાતો હતો, કેટલી બદી ચાલતી હતી, કેટલો જુગાર ચાલતો હતો એનો હું તાજનો સાક્ષી છું. શ્રી શૈલેષભાઇ, એટલા માટે હું તમને કહેવા માગું છું.

અધ્યક્ષશ્રી : માનનીય જેઠાભાઇ તાજના સાક્ષીનો અર્થ ખબર છે ને? પહેલા તમે આરોપી કહેવાઓ પછી તાજના સાક્ષી બનાય.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે શ્રી પરેશભાઇ, પછી તમે બોલજો, બે મિનિટ મને બોલવા દો. મારે તમને એટલું જ કહેવું છે કે તમે, પટેલ, આદિવાસી, દલિત, આ બધા ભાગલા પાડવાનું બંધ કરો. તમારે રાજનીતિ કરવી હોય તો કરો તેનો વાંધો નથી.

અધ્યક્ષશ્રી : અને રાજયપાલશ્રીના પ્રવચન ઉપર વાત કરો.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : પણ કયારના શાહીનબાગની વાત કરે છે, શાહીનબાગની અંદર જે વાત બની.

અધ્યક્ષશ્રી : માનનીય જેઠાભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય પુનમભાઇ પરમાર.

શ્રી પુનમભાઇ મા. પરમાર(સોજિત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં મારા મત વિસ્તારના વિકાસના કામોની જો વાત લેવામાં આવી હોત તો મને આનંદ થાત. તારાપુર, સોજીત્રા આણંદનો રસ્તો છે એ ચાર માર્ગીય કરવાની વાત છે. આ રસ્તા ઉપર ટ્રાફીક પણ ખૂબ જ રહે છે સરકારને આ અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં ચાર માર્ગીય રસ્તો થતો નથી. ૪૨ ગામનો મારો તારાપુર તાલુકો આવેલો છે. ૧૨૦ કિલોમીટરના એરીયામાં આવેલો છે. એક પણ સરકારી કોલેજ મારા તારાપુર તાલુકામાં આવેલ નથી. મારા ગામની વાત કરું તો સન ૨૦૧૨માં હું ચૂંટાઇને આવ્યો ત્યારથી અત્યાર સુધી સાત વર્ષ પૂરા થયા છે. સન ૨૦૧૨માં ભૂગર્ભ ગટરનું કામ પૂર્ણ કરવાનું હતું પરંતુ મને સમજાતું નથી કે સન ૨૦૨૦ માં પણ મેં ગયા વખતે પણ કહ્યું હતું કે હું જીવું ત્યાં સુધીમાં આ ગટરનું કામ પૂરું કરશો કે કેમ ?

અધ્યક્ષશ્રી : સો વર્ષના થાવ, એક બ્રાહ્મણ તરીકે તમને આશીર્વાદ આપું છું.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જાહેરમાં ખાતરી આપી છે એને પણ આઠ વર્ષ થયા છે તેમ છતાં હજુ સુધી ગટરનું કામ પૂર્ણ થયું નથી. આટલી બધી ભેદભાવવાળી નીતિ આ પાર્ટી કરે છે. આ પાર્ટી એટલી બધી ભ્રષ્ટાચારી પાર્ટી છે. મારા જીવનમાં એટલી બધી સરકારો જોઇ પણ આવી ભ્રષ્ટાચારી સરકાર આજ સુધી મેં જોઇ નથી. હું ભ્રષ્ટાચારી સરકાર એટલા માટે કહું છું કે અમુક પૂરાવા પણ આ સાથે આપવા માગું છું. મને બોલવા દો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભ્રષ્ટાચારી સરકાર કહે છે એ શબ્દો પાછા ખેંચવા જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીએ કોઇ વ્યકિતગત આક્ષેપ નથી કર્યો.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું વ્યકિતગત આક્ષેપ પણ કરવાનો છું એના પુરાવા પણ મારી પાસે છે. મેં ગઇ વિધાનસભામાં પણ રજૂઆત કરી હતી કે અમારા તારાપુર એ.પી.એમ.સી. માં આર.કે.વી.વાય. કિસાન પથ યોજનાની અંદર રૂપિયા પાંચ કરોડનો ભ્રષ્ટાચાર થયો હતો એ વાતની તપાસ દસ વર્ષ ચાલી. રૂપિયા પાંચ કરોડની ઉચાપત એની ફરિયાદ દાખલ કરવા માટે ઘનશ્યામભાઇ ચુનીભાઇ ઠક્કરે હાઇકોર્ટમાં ફરિયાદ કરવી પડી. કોર્ટે ઓર્ડર કર્યો અને પછી એફ.આર.આઇ. કરવી પડી. એ પછી સરકારે એવું ગોઠવી આપ્યું કે રૂપિયા પાંચ કરોડના આરોપીઓને કોર્ટે આગોતરા જામીન આપી દીધા. આજે એ છાતી ઠોકીને ફરી રહ્યા છે. આની અંદર એક અધિકારીનો ભોગ લેવાયો છે, એની પણ ગઇ વખતે વાત થયેલી. ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહજીએ ખાતરી આપી હતી એમની સુસાઇડ નોટ અને મારી તપાસ હું હાથોહાથ શ્રી પ્રદિપસિંહજીને આપી આવ્યો હતો. આજે વર્ષ થઇ ગયું પણ તપાસ કયાં થઇ? ગોળ ગોળ ફિંડલું વાળી દીધું. આનો જવાબ આજ સુધી મળ્યો નથી એનું અમને દુઃખ છે. અહીં આપણાં મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી સાહેબ મીડિયામાં વાતો કરે કે મારા મહેસૂલ તંત્રમાં ભ્રષ્ટાચાર થાય, મારા ગૃહ તંત્રમાં ભ્રષ્ટાચાર થાય. તો માનનીય અધ્યક્ષશ્રી, મારો બહુ સમય નથી રહ્યો. અહીં છ મહિનાથી આ પાંચ કરોડ રૂપિયાની રીકવરીનો ઓર્ડર થયો છે. પાંચ કરોડ, પોલીસ ખાતાએ રિપોર્ટ આપી દીધેલો છે. એ રિપોર્ટની અંદર નિયામકને સહી કરવા દેવામાં આવતી નથી. તો * (xxx) (આ તબક્કે માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા ઉભા થતાં)

અધ્યક્ષશ્રી : તેમનો સમય પૂરો થઇ જાય પછી. એક જ મિનિટ બાકી છે. અડધી મિનિટ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : નહીં, માનનીય અધ્યક્ષશ્રી, આવું શા માટે**?**

અધ્યક્ષશ્રી : પછી આપ કહો ને.

શ્રી પુનમભાઇ મા. પરમાર : * (xxx)...

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : સી.એમ. કહેતા હોય, આપ પોતે કહેતા હો તો આ કામ કયા અધિકારીએ રોક્યું છે એ હું નામ આપવા તૈયાર છું.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માઇક બંધ કરો. માનનીય પ્રદિપસિંહજી. (અંતરાય) શ્રી પુનમભાઇ, આપની વાત પૂરી થઇ ગઇ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે માનનીય સભ્યશ્રીએ ઉલ્લખો કર્યા છે. મુખ્યમંત્રીશ્રીએ મહેસૂલ વિભાગ, ગૃહ વિભાગ એની અંદર ભ્રષ્ટાચારની વાત કરી છે.

અધ્યક્ષશ્રી : એ શબ્દો કાઢી નાખવામાં આવે છે. એ મારા ધ્યાનમાં હતું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જે બીજો એમણે ઉલ્લેખ કર્યો કે * (xxx) એ અયોગ્ય છે. એ શબ્દો રદ કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : એ હું જોઇ લઇશ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મારી વિનંતી છે. સમયસર આપનો આદેશ થાય. નહીં તો આવતીકાલના અખબારોમાં આવા ખોટા સમાચારોના માધ્યમથી ખોટી વાત જશે.

અધ્યક્ષશ્રી : આનો પુરાવો છે આપની પાસે કોઇ? આ જે શબ્દો બોલ્યા?

શ્રી પુનમભાઇ મા. પરમાર : હા, છે. અહીંથી ખાતરી આપવામાં..

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

અધ્યક્ષશ્રી : રજૂ કરો.

શ્રી પુનમભાઇ મા. પરમાર : અહીંયાથી ખાતરી આપવામાં આવે. જે અધિકારીએ ફોન કર્યો તેની સામે જો એક્શન લેવાના હોય તો હું અધિકારીનું નામ આપવા તૈયાર છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જે પણ પુરાવા હોય એ રજૂ કરે. સરકાર તૈયાર છે.

અધ્યક્ષશ્રી : સરકાર તૈયાર છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : હુકમ ટાઇપ થયેલો, છ મહિના થયા. આજની તારીખે, નિયામકમાં એ હુકમ રોકવામાં આવ્યો છે. કયા અધિકારીએ રોક્યો છે એ પણ મને ખબર છે.

અધ્યક્ષશ્રી : *(xxx) એ કાઢી નાખવામાં આવે છે. આપની પાસે એનો પુરાવો નથી. પ્લીઝ. માનનીય અભેસિંહભાઇ તડવી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એ કાઢી નાખવામાં આવે અને માનનીય અધ્યક્ષશ્રી, કોઇ વહીવટી પ્રક્રિયમાં મોડું થાય તેનો અર્થ ભ્રષ્ટાચાર થયો એવું કહેવાય નહીં. (અંતરાય)*(xxx)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર કોર્ટના હુકમ પછી એફ.આઇ.આર. થઇ, હુકમ થઇ ગયો અને *(એ હુકમ બજવવામાં સાહેબના કાર્યાલયથી છ મહિના વિલંબ થયો.)

અધ્યક્ષશ્રી : એ વાત એમની રેકર્ડ ઉપર છે?

શ્રી પરેશ ધાનાણી : આ રેકર્ડ ઉપર વસ્તુ કહે છે અને કચેરીની અંદર પત્રો ઇનવર્ડ થયેલા હશે બાપુ, સી.એમ. કાર્યાલયની અંદર ક્યારે ઇનવર્ડ થયો, ક્યારે આઉટવર્ડ થયો, તેના રેકર્ડ હશે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, મિત્રોનો વક્તવ્યનો સમય જાય છે પ્લીઝ. આવી ગઇ વાત. એ શબ્દો કાઢી નાખ્યા છે અને જે શબ્દો રેકર્ડ પર છે એ શબ્દો રાખ્યા જ છે એમના.

શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલના સંબોધન પર આભાર પ્રસ્તાવ લઇને શ્રી પિયુષભાઇ આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું અને સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી વિજયભાઇ રૂપાણીની સરકાર, શ્રી નીતિનભાઇની સરકાર આદિવાસી સમાજને માટે રૂપિયા ૧૪,૩૦૬ કરોડનું બજેટ વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આપ્યું છે તેના માટે હું અભિનંદન આપું છું. અમારા શ્રી ગણપતભાઇ વસાવા સાહેબને પણ અભિનંદન આપું છું કે એમણે બજેટમાં આદિવાસીઓની જે વાત રજૂ કરી છે અને આદિવાસી સમાજમાં સારું કામ થાય તે બધા જાણે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હાલના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને આપણે અભિનંદન આપવા પડે કે ૪૦-૫૦ વર્ષ સુધી આ કોંગ્રેસે આદિવાસીઓના નામે રાજ કરેલું. એમાં રસ્તા નહોતા, પાણી નહોતું, વીજળી નહોતી, સ્કૂલો નહોતી એ સ્વીકારવું પડે અને આજે જયારે સારી વ્યવસ્થા ઉભી થઇ છે, આદિવાસી વિસ્તારોમાં સારી સ્કૂલો બની છે, પાણી મળ્યું છે, રસ્તા બન્યા છે, આદિવાસીઓને સિદ્ધી મળી છે ત્યારે એમના *(xxx). આદિવાસી સમાજ શ્રી નરેન્દ્રભાઇનો ઋણી છે. આદિવાસીઓ શ્રી નરેન્દ્રભાઇને માને છે. શ્રી નીતિનભાઇ સાહેબને મારે અભિનંદન આપવા પડે. મારા વિસ્તારમાં રૂપિયા ૭૮ કરોડની યોજના, ૧૪૦ ગામનું કામ પૂરું થયું છે. આને કહેવાય સંવેદનશીલ સરકાર. અમારે ત્યાં જયારે ચોમાસામાં પુલ તૂટી ગયો હતો મે રસ્તામાં શ્રી નીતિનભાઇ સાહેબને વાત કરી, શ્રી ગણપતભાઇ સાહેબને વાત કરી ત્યારે બીજા દિવસે મારો કોસીન્દ્રાનો બાર કરોડનો પુલ મંજૂર કર્યો છે આને કહેવાય સંવેદનશીલ સરકાર. આદિવાસી વિસ્તારના ૬૦ ગામો આમાંથી પસાર થાય છે. એમને લાભ મળે છે. અમારી મેડીકલની જગ્યાઓ ભરાતી નથી. *(xxx) અમારો અભ્યાસ થતો નહોતો પણ શ્રી નરેન્દ્રભાઇના લીધે અને શ્રી ગણપતભાઇના વહીવટના કારણે મેડીકલની અમારી સો એ સો ટકા જગ્યા ભરાઇ છે. અમારો આદિવાસી ડોકટર બન્યો છે એટલે વિકાસ થયો છે. બેતાલીસ વસાહતો તો મારે ત્યાં છે. શ્રી ભુપેન્દ્રસિંહ સાહેબ અને શ્રી ગણપતભાઇ આના પ્રશ્નો ઉકેલે છે એટલે કોઇ મુશ્કેલી રહેતી નથી. કોંગ્રેસના લોકો હજી પણ સામે બેસજો અને આ ભા.જ.પ.ની સરકાર હજી પણ અહીં બેસવાની છે.

અધ્યક્ષશ્રી : માનનીય અભેસીંહભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. પેટમાં દુ:ખવાના ઘણા કારણો હોય છે એટલે *(xxx) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી અભેસિંહ મો. તડવી : હા, જી સાહેબ આભાર.

શ્રીગુલાબસિંહ પી. રાજપુત(થરાદ): માનનીય અધ્યક્ષશ્રી, આજે વિધાનસભાગૃહના સભ્યશ્રી મહામહીમ રાજયપાલશ્રીના પ્રસ્તાવ ઉપર જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. શ્રી જેઠાભાઇ, ગમે તેટલા ભાજપના વખાણ કરો મંત્રી બનશે તો શ્રી કુંવરજીભાઇ બનશે કે શ્રી જવાહરભાઇ બનશે, તમે નથી બનવાના. વેઇટીંગ લીસ્ટમાં હશે તો પણ શ્રી રાઘવજીભાઇ હશે કે શ્રી સી. કે. રાઉલજી હશે પણ તમે નથી એમ તમને કહીએ છીએ એટલે સાચી

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા

વાસ્તવિકતા આ આ સદનમાં રજૂ કરો. કોઇ પક્ષાપક્ષી નહીં પણ ગુજરાતની જે સાચી સ્થિતિ છે એ બાબતે વાત કરીએ તો સારું રહેશે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપે તો મંત્રીમંડળ રચવા માંડયું.

શ્રી ગુલાબસિંહ પી. રાજપુતઃ સાહેબ, આઉટસોર્સીંગથી બધું ચાલે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું વિરોધ કરતો નથી. શ્રી ગુલાબસિંહભાઇની ઇચ્છા હશે તો રાજયસભાની ચૂંટણી છે અને અમે તો બધાનું સ્વાગત કરીએ છીએ.

શ્રી ગુલાબસિંહ પી. રાજપુતઃ આભાર બાપુ, પણ મારી કોંગ્રેસ પાર્ટીએ જે આપ્યું છે એ તમે આપી શકો એમ નથી એટલે હું કોંગ્રેસમાં જ બરાબર છું. આજે આ સદનમાં મારા વિચાર રજૂ કરું છું. ગુજરાતમાં આજે બેરોજગારીનો દર છે એ દિવસે અને દિવસે વધી રહ્યો છે. દુઃખ સાથે કહેવું પડે કે હમણાં ગુજરાતની તમામે તમામ પરીક્ષાઓ, ભરતીઓ રદ કરવામાં આવી છે. કેટલાય વર્ષોથી છોકરાઓ દિવસ–રાત ગાંધીનગરમાં રહીને મહેનત કરતા હોય, કેટલાય અલગ અલગ પરીક્ષા પાસ કરીને બેઠા છે પણ છતાંય એમનો ઓર્ડર કરવામાં આવતો નથી. પછી એ ટાટની વાત હોય, વનરક્ષકના ફોર્મ ભરેલા હોય, બિન સચિવાલય પરીક્ષાની વાત હોય આજે મને કહેતા દુઃખ થાય છે કે લાખો યુવાનોના ભવિષ્ય ઉપર પરીક્ષા રદ કરીને પૂર્ણ વિરામ મૂકી દીધું છે. ગુજરાતના યુવાનોએ ભા.જ.પ. સરકાર ઉપર વિશ્વાસ મૂકયો છે એ કયાંકને કયાંક દુઃખી થતા હશે. હમણાં શ્રી ટ્રમ્પ સાહેબ આવ્યા હતા તો હું તો એટલી જ વિનંતી કરું કે અમારા બનાસકાંઠાના થરાદ વાવની નર્મદાની કેનાલ ઉપર એક ચક્કર મરાવી દેવું હતું. ત્યાં સવાર પડેને કયાંકને કયાંક કેનાલ તૂટીના સમાચાર મળે છે. ગઇ કાલે શ્રી શૈલેષભાઇએ જે વિધાનસભામાં પ્રશ્ન પૂછયો એનો જવાબ આપવામાં આવ્યો કે આ ખેડૂતોના પાપે તૂટે છે. આ ખેડૂતોના કારણે તૂટે છે પણ કયાંય એ ઉલ્લેખ કરવામાં ના આવ્યો કે આ કેનાલ બનાવવામાં ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો, કોન્ટ્રાકટર દ્વારા ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો. કદાચ આજે વિધાનસભાના જવાબની અંદર કોન્ટ્રાક્ટરોને દોષિત માન્યા હોતને તો સમગ્ર બનાસકાંઠાના ખેડૂતો કહેત કે ના આ સરકારે સારુ કામ કર્યું છે. કંઇ નહીંને ખેડૂત આરોપી. આજે સાહેબ, એટલું ખરાબ કામ કરવામાં આવ્યું છે કે આજે હું અહીંયા વિધાનસભાના પટલ પર કહું છું કે તમે તપાસ એજન્સી બેસાડો. આ નર્મદાની જેટલી પણ કેનાલો બનાવી છે એની ક્વોલિટી ચેક કરાવો. જો ક્વોલિટીમાં પાસ થઇ જાય તો અમે કહીશું કે સરકાર સાચી અને અમે ખોટા, ખેડૂતો ખોટા પણ તપાસ કરાવવામાં નથી આવતી અને કહે છે કે ઉંદરના લીધે કેનાલો તૂટે છે, ખેડૂતોના લીધે કેનાલો તૂટી પણ ક્યાંય એમના કોન્ટ્રાકટરોનું શા માટે નામ લેવામાં આવતું નથી? એમને કેમ છાવરવામાં આવે છે એનો ખ્યાલ નથી આવતો. આજે કૃષિની વાત કરીએ તો અમારે ત્યાં તીડ આવ્યા હતા અને બે દિવસ રોકાયા હતા. સારી વાત છે. જ્યારે સહાય આપવા માટે અમે આપને પણ વિનંતી કરી હતી કે ત્યાંના અમારા ખેત મજૂરોને પૂરે પૂરી સહાય આપવા માટે એની કંઇક જોગવાઇ થવી જોઇએ પણ એની અંદર એકંદરે લાખ રૂપિયાનું નુકસાન ગયું છે પણ એને વળતર ના મળ્યું અને ખેતમજૂરોને એક પૈસો પણ આપવામાં નથી આવ્યો એ દુઃખની બાબત છે. કેમ કે, આજે ભાઇએ ભાઇ ભાગમાં કંઇ નથી આપતા તો કોઇ ખેડૂતો કે મજૂરોને આપવાના હતા નહીં. તમારે સીધા પૈસા નાખવાના હતા તો મજૂરોના ખાતામાં નાખ્યા હોત તો મજૂરોને આજે પાક નિષ્ફળ ગયો છે એને કંઇકને કંઇક વળતર મળત. (અંતરાય) સાહેબ, બે મિનિટ સમય આપજો.

અધ્યક્ષશ્રી : માનનીય ગુલાબસિંહ, આપના વકતવ્યનો સમય પૂરો થાય છે. મારી પાસે તો એકેય મિનિટ હોતી જ નથી. માનનીય શ્રી ભીખાભાઇ...

શ્રી ભીખાભાઇ ગ. જોષી(**જૂ**નાગઢ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના આભાર પ્રવચનમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. આજે જૂનાગઢમાં રોપ વેની કામગીરી ચાલુ થઇ છે. અમારાં જૂનાગઢને ગીરના જંગલો અને સિંહો કુદરતે અમને આપ્યા છે ત્યારે અને પૌરાણિક મકરબા અને હેરીટેજ સિટી તરીકે સરકારે જાહેર કરવું જોઇતું હતું એ કર્યું નથી. ત્યાં આ યોજના ચાલુ થશે ત્યારે જૂનાગઢનું ખૂબ જ મહત્વ વધી જવાનું છે. આજે આ સરકાર સાહેબ સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસની જે વાતો કરે છે ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આ નર્મદાનો ડેમ બન્યો અને કુદરતે અને કોર્ટે એને સહકાર આપ્યો અને દરવાજા મૂકવાની પરમિશન મળી એનો લાભ લઇ જાણે અમે જ કર્યું છે એવી માનસિકતામાં લોકો જીવે છે. શ્રી ચિમનભાઇને આજે યાદ કરવા પડે કે વર્લ્ડ બેંકે પૈસાની ના પાડી દીધી ત્યારે બોન્ડ ઊભા કરીને પણ એ માણસે આ ડેમ પૂરો કર્યો છે ત્યારે એક દિવસ એનું નામ લીધું હોતને તો અમને એમ થાત કે તમે અમારો પણ વિશ્વાસ જીતો છો. ૨૫ વર્ષમાં તમે પેટાશાખાઓ નથી પૂરી કરી શક્યા, ક્યાં મોઢે તમે વાત કરો છો? આજે ૨૫ વર્ષમાં પ્રશાખાઓ ખેડૂતના ખેતર સુધી નથી પહોંચાડી શક્યા. ખેડૂતના ખેતર સુધી પાણી નથી પહોંચાડી શક્યા. ખાલી કોર્ટના આધારે તમને લાભ મળ્યો અને તમે દરવાજા ઊભા કરી દીધા અને આખી ક્રેડિટ પાયામાંથી જાણે કેમ તમે આખો ડેમ બનાવી દીધો અને પાણી તમારા હિસાબે જ ભરાયું છે તેવી માનસિક્તામાં તમે જીવો છો. સાહેબ, મારે આજે દુઃખ સાથે કહેવું પડે છે કે આ વિધાનસભાના અમે સભ્યો છીએ ત્યારે મારે બે અપવાદ સાથે કહેવું પડશે કે શ્રી ભુપેન્દ્રસિંહ અને નાયબ મુખ્યમંત્રીશ્રી આવ્યા ત્યારે પોતે જૂનાગઢમાં ખાસ શ્રી ભીખાભાઇને કહેજો અને નામ લખજો અને હાજરી આપે. મેં હાજરી પણ આપી હતી. આજે મારે દરબાર સાહેબને કહેવું છે કે

તમારો યુનિવર્સિટીવાળો ત્રિવેદી. સાહેબ, મારે નામજોગ કહેવું છે કે દર વખતે પ્રોગ્રામ કરે. * (xxx) ના નામ લખે છે અને ધારાસભ્ય, સિનિયર સિટીજનનું અપમાન કરે છે.

અધ્યક્ષશ્રી : આ * (xxx) શબ્દ કાઢી નાખીએ છીએ.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : આજે સાહેબ, તમે અમારા ગૃહના નેતા છો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ગૃહના નેતા તો અહીંયા છે નહિ.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : સાહેબ, મારી હાથ જોડીને વિનંતી છે કે અમારું રખોપું કરવાવાળા તમે છો. આ બધા ૧૮૨નું અપમાન થાય છે, આમાં તમારું અપમાન થાય છે. દરબાર તમે કાર્ડમાં નામ નથી લખતા. આ વાત એટલા માટે કહું છું કે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે અમે અહીંયા આવ્યા છીએ, નહીં કે તમારી મહેરબાનીથી આવ્યા છીએ. તમારે ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે જે તે વિસ્તારમાં જાય, શ્રી પુંજાભાઇએ બહુ સાચી વાત કરી હતી કે કાર્ડમાં નામ લખવા જોઇએ. શ્રી પુંજાભાઇ ઉભા થાય એટલે ફટ કરતા શ્રી પ્રદિપસિંહ ઉભા થઇ જાય. શ્રી પ્રદિપસિંહભાઇ દિલ્હીની ઉપાધી કરે અહીંયા બે જિલ્લામાં રોજ કેટલા કરોડનો દારુ પકડાય એની ચિંતા નથી કરતા અને છાતી ઠોકીને વાત કરે પાછા. જુઠ્ઠુ બોલો જોરથી બોલો. આ માનસિકતા. પોતે સિનિયર છે આ ગૃહની મર્યાદા ન લોપાય એનું ધ્યાન એમણે રાખવું જોઇએ. કેબિનેટ મંત્રી છે અને આવી રીતનું વર્તન કરે એ મારી દ્રષ્ટિએ...

અધ્યક્ષશ્રી : તમારી સ્પષ્ટતા માટે, માનનીય પ્રદિપસિંહજી કેબિનેટ મંત્રી નથી.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : તો બનાવવા જોઇએ.

અધ્યક્ષશ્રી : બ્રાહ્મણના આશીર્વાદ મળ્યા.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : આમાં એટલા બધા અમારું અપમાન કરતા હોય તો એને બનાવવા જોઇએ.

અધ્યક્ષશ્રી : ક્યારેય અપમાન કરતા નથી. ક્યારેય કોઇનું અપમાન, શ્રી ભીખાભાઇનું અપમાન પણ ન કરે.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પુંજાભાઇ બેઠા થાય ત્યાં શ્રી પ્રદિપસિંહ પણ બેઠા થઇ જ જાય. આ પ્રવચનમાં રેંકડીવાળાઓને છત્રી આપવાની વાત કરી. અમારા જૂનાગઢમાં રેંકડીવાળા ઉભા હોયને.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થઇ ગયો.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : સાહેબ, એટલી વારમાં?

અધ્યક્ષશ્રી : બધાને એવું લાગે છે. માનનીય શૈલેષભાઇ મહેતાને પણ એવું લાગેલું.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, એક વાત પૂરી કરી લેવા દો. તમે રેંકડીવાળાને છત્રી આપવાની જે વાત કરી છે, આ રેંકડીવાળાને દબાણ શાખાવાળા દરરોજ ધકકા મારીને કાઢે છે. આ રેંકડીવાળાઓ ઝુંપડપટ્ટીમાં રહેતા હોય છે. પાઠક સાહેબ એક વખત અમારા કલેકટર હતા, એ ઝુંપડપટ્ટી રેગ્યુલરાઇઝ કરતા ગયા છે. ત્યાર પછી મેં પણ રજૂઆત કરી. ફરિયાદ સમિતિમાં મુદ્દા પણ મૂક્યા છે. આ લોકો જે ત્યાં રહે છે એને રેગ્યુલરાઇઝ કરવા માટે સરકારે કાંઇક વિચારવું જોઇએ એટલું કહીને વિરમું છું.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મહામહીમ રાજયપાલશ્રીનો આભાર પ્રસ્તાવ જે આ ગૃહના સભ્યશ્રી લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. ૧૪મી વિધાનસભાના સિનિયર અને અનુભવી ધારાસભ્યો પાસેથી અમને ઘણી બધી અપેક્ષા હતી કે ઘણી ટર્મથી ચૂંટાય છે એટલે જુનિયર ધારાસભ્યોને વહીવટ માટે કંઇક શીખવાડશે પણ બંને બાજુથી અમે આ કર્યું અને તમે શું કર્યું? એકબીજાના ભૂતકાળને, વર્તમાનને વાગોળે છે એટલે મહેરબાની કરીને અમને કાંઇક નવું શીખવાડે એવી પણ અપેક્ષા રાખું. (અંતરાય) ત્યાં આવવાની જરૂર નથી. બંને બાજુ સિનિયર ધારાસભ્યો ઘણા બધા છે. શિક્ષણમંત્રીશ્રી બાપુનું ધ્યાન દોરવા માંગું છું કે ૩૩૫૦૦ પ્રાથમિક શાળા અને ૬૫૦૦ માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળા કુલ મળીને ૭૦લાખથી વધારે વિદ્યાર્થીઓ સરકારી સ્કૂલોની અંદર અભ્યાસ કરે છે એવું બતાવવામાં આવ્યું છે. પણ પ્રાઇવેટ સ્કૂલો કેટલી છે એનો કયાંય ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. શાળામાં જે શિક્ષક નોકરી કરતા હોય એ શિક્ષકથી લઇને શરૂઆત થાય કે આઇ.એ.એસ. અને આઇ.પી.એસ. સુધી જે ઉચ્ચ અધિકારો ધરાવતા નોકરિયાત હોય કે સરપંચથી લઇને સંસદ સુધીના પદાધિકારીઓ હોય, આજે મારે દુઃખ સાથે કદાચ એમને ખોટું લાગે તો માફ કરજો. આપના માધ્યમથી સભ્યશ્રીઓની માફી માંગું છું કે ૧૮૨ જે આપણે બેઠા છીએ એમાં છાતી માથે હાથ રાખીને તમે એવું કબુલો કે તમારું કોઇપણ બાળક સરકારી પ્રાથમિક શાળામાં ભણવા માટે જાય છે? નથી જતા. સરપંચથી કરીને જે પદાધિકારીઓ હોય, પટાવાળાથી કરીને આઇ.એ.એસ.કે આઇ.પી.એસ. હોય. શાળામાં ભણાવતા શિક્ષક કે પોતે મોટા ભાગે ૯૦ ટકા, કયાંક હશે ૫-૧૦ ટકા બાકી ૮૦ થી ૮૫ ટકા આપણા અહીંયા ગૃહમાં બેઠા છે તેમાંથી તેઓ કદાચ સરકારી સ્કૂલની અંદર ભણ્યા હશે.

અધ્યક્ષશ્રી : શ્રી વાસણભાઇને ત્યાંથી જાય છે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી વાસણભાઇને અભિનંદન આપું છું. મેં મોટા ભાગની વાત કરી છે. મેં ઓવરઓલ બધા છે તેવી વાત કરી નથી. જ્યારે શિક્ષકો પોતે સ્કૂલની અંદર નોકરી કરતા હોય, પોતાના બાળકોને પોતાની શાળાને બદલે પ્રાઇવેટમાં ભણાવે તો સૌ પ્રથમ તો ભરોસો ત્યાં નથી. હમણાં દિલ્હીની રાજ્ય સરકારની ચૂંટણી થઇ અને એની અંદર આપણે બધાને જાણવા મળ્યું કે દિલ્હીની રાજ્ય સરકાર સરકારી સ્કૂલની અંદર ૯૬ ટકા પરિણામ લાવી છે. મારે આ ગૃહને અને મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આપણે ત્યાં એક ઉચ્ચ ડેલીગેશન બનાવો અને એ ડેલિગેશન અભ્યાસ કરીને ગુજરાતમાં અનુકરણ કરે જેથી કરીને સરકારી સ્કૂલમાં ૯૬ ટકા પરિણામ આવે.

અધ્યક્ષશ્રી : શ્રીમતી ગેનીબેન, આપનો સમય પૂરો થાય છે.

ડો. આશાબેન પટેલ(ઊંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવ લઇને શ્રી પિયુષભાઇ દેસાઇ આવ્યા છે અને સભ્યશ્રી કુબેરભાઇ ડીંડોરે ટેકો આપ્યો છે તે વિચાર ઉપર મારું મંતવ્ય રજૂ કરું છું.

મારે આજે કહેવું છે કે છેલ્લા ૧૯૬૦ અને પછી ૧૯૯૫, એટલે ૧૯૯૫ પછીની જે ગુજરાતની ગાથા અને એના કારણે આજે જ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજીની અંદર ગુજરાત જે હરણફાળ માંડી રહ્યુ છે. ત્યારે આજે ૨૮ ફેબ્રુઆરી નેશનલ સાયન્સ ડે છે તે માટે બધાને શુભ કામના પાઠવું છું. શ્રી સી.વી.રામનને આ દિવસે યાદ કરવા એટલા ઇમ્પોર્ટન્ટ છે કે આજે આપણને રામન ઇફેક્ટની વાત જણાવી હતી. મારે કહેવું છે કે છેલ્લાં ૨૨ દિવસની અંદર રણ હોય કે પછાત વિસ્તાર હોય કૃષિ હોય કે ઉદ્યોગ ક્ષેત્ર હોય ગુજરાતે હરણફાળ માંડી છે. એટલા માટે અન્ય મિત્રોને કહેવું છે કે કવિએ કહ્યું છે કે ''રણે ચડ્યા તો રણમાંય રસ્તા મળી ગયા, બેસી રહ્યા મંઝીલે તો ભૂલા પડી ગયા. ''એક સભ્યશ્રીએ વાત કરી હતી આંબેડકર માનવી નહિ, પણ મહામાનવ હતા. શિક્ષણની વાત છે, ત્યારે મારે કહેવું છે કે આપણા સૌના આંબેડકર જે મહામાનવ તેમને ભણાવવા માટે એ વખતના જમાનામાં આપણા સયાજીરાવ ગાયકવાડે શિષ્યવૃત્તિ આપેલી. ફોરેન મોકલેલા અને એમણે સુવર્ણ બંધારણ લખેલું. અત્યારે સંકુચિત દ્રષ્ટીથી મારામાં અને તારામાં બાંધી દેવામાં આવે છે, ત્યારે ખૂબ દુઃખ થાય છે. મારે કહેવું છે કે એમણે એમ પણ કહ્યું હતું કે આ સમાજની અંદર જ્યારે સમાજ શ્રેણી વિહિન, વર્ણ વિહિન અને વર્ગ વિહિન બનશે ત્યારે શ્રેષ્ઠ ભારત બનશે. મારે આજે ''સર્વે જન સુખાયે, સર્વ જન હિતાયે'' વાળું બજેટ લઇને ગુજરાત સરકારના નાણામંત્રીશ્રી નીતિનભાઇ આવ્યા છે, ત્યારે રૂપિયા ૩૧,૯૫૫ કરોડ શિક્ષણ વિભાગ માટે ફાળવ્યા. એમવાયએસવાય યોજના માટે રૂપિયા ૯૩૫ કરોડ ફાળવ્યા. મારા વડનગર સિટી માટે, હેરિટેજ સિટી માટે રૂપિયા ૨૦૧ કરોડ ફાળવ્યા તે બદલ ગુજરાતની તમામ પ્રજા અને મારી વડનગરની પ્રજા વતિ ખૂબ ખૂબ અભિનંદન અને આભાર પાઠવું છું. મારે ખાસ કહેવું છે કે એ.પી.જે. અબ્દુલ કલામે કહેલું કે એમનું સ્વપ્ન હતું વર્ષ ૨૦૨૦માં ભારતની ઇકોનોમી એ દુનિયાના ૫ દેશોની હરણફાળમાં હોવી જોઇએ અને એ સ્વપ્નું હવે પૂરું કર્યું. એ આપણા સ્વપ્ન દ્રષ્ટા અને જેમના દિલમાં રાષ્ટ્રહિત સિવાય બીજી કોઇ વાત જ નથી એવા વડનગરના પનોતા પુત્ર અને ગુજરાતના આપણા પનોતા પુત્ર એવા માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે. એમણે પણ એક સ્વપ્નું સેવ્યું છે કે વર્ષ ૨૦૨૫ની અંદર આપણી ઇકોનોમી એ ૫ ટ્રિલિયનની બનવી જોઇએ. એ સ્વપ્નું સાકાર થવાનું છે એના માટે હવે * (xxx) લોકો બંધ કરે.

અધ્યક્ષશ્રી : * (xxx) શબ્દ કાઢી નાખવામાં આવે છે.

ડો. આશાબેન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં શિક્ષણની ગુણવત્તા સાચવવા માટે ઉત્તરોત્તર વધારો થતો જાય છે. જેના કારણે રાષ્ટ્રીય સ્તરે આ મારે ખાસ કહેવું છે કે એમ.એચ.આર.ડી. જેવી તેવી એજન્સીઓ નહિ, ગમે તેવા આંકડા નહિ. પરંતુ રાષ્ટ્રીય સ્તરે જેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે તે પીજીઆઇ એટલે કે પર્ફોર્મન્સ ગ્રેડીંગ ઇન્ડેક્ષના સરવેમાં ગુજરાતને પ્રથમ સ્થાન મળ્યું છે. તેમાં ૧૦૦૦માંથી ૮૭૦ ગુણ મળ્યા છે. જેમાં લર્નિંગ કવોલિટીના ૧૫૨ ગુણ, એક્સેસના ૭૩ ગુણ, ઇન્ફ્રાસ્ટ્રકચર અને ફેસિલીટીના ૧૧૬ ગુણ, ઇકવાલિટીના ૨૧૫ ગુણ અને ગવર્નન્સના ૩૧૫ ગુણ એમ કુલ મળીને ૮૭૦ ગુણ મળ્યા છે. જે બતાવે છે કે, ગુજરાતમાં શિક્ષણ તે સર્વેશ્રેષ્ઠ અને ઉત્કૃષ્ઠ છે. મારે કહેવું છે કે, સરકારી શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણ આપવા માટે આજના બજેટમાં સ્કૂલ ઓફ એક્સેલન્સ, આ શબ્દ તો પહેલાંની સરકારે સાંભળ્યો પણ ન હતો કે એક્સેલન્સ એટલે શું? પરંતુ આ ભાજપની સરકારે, તાજેતરની સરકારે, સંવેદનશીલ સરકારે સ્કૂલ ઓફ એક્સેલન્સની યોજના અમલમાં મૂકી છે અને ૫૦૦ શાળાઓને સ્કૂલ ઓફ એક્સેલન્સ તરીકે વિકસાવવાનું નક્કી કર્યું છે. તેના માટે રૂપિયા ૨૫૦ કરોડની જોગવાઇ કરી છે. જેથી કરીને ગુજરાતના બાળકો ઉત્તમ શિક્ષણ મેળવી શકે.

અધ્યક્ષશ્રી : અડધી મિનિટ છે.

ડો. આશાબેન પટેલ : સાહેબ, એક મિનિટ તો આપો. દરવખત મને ઓછું આપો છો. બાળકો નિયમિત સ્કૂલમાં આવે. આ બધા મિત્રોને મારે કહેવું છે કે, સીએમ હાઉસ જઇને સીએમ ડેશબોર્ડના દર્શન કરો તો ખબર પડશે કે શું ચાલી રહ્યું છે? બાળકો નિયિમત સ્કૂલમાં આવે અને શિક્ષકો હાજર રહે તેવી ડીસીપ્લીનવાળી સિસ્ટમ ઉભી કરવા માટે, ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે, ઓનલાઇન મોનિટરીંગ થાય અને શિક્ષકો અને વિદ્યાર્થી નિયમિત બને, ગુણવત્તા સુધરે તેના માટે રૂપિયા ૧૮૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

શ્રી રઘુભાઇ મે. દેસાઇ(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર હું મારા વિચારો વ્યક્ત કરું છું. મને અત્યારે દલા તરવાડીની વાર્તા યાદ આવે છે કે, ભાઇ રીંગલા લઉં બે–ચાર તો કહે લેને દસ–બાર. આ પરિસ્થિતિ મને બજેટમાં દેખાઇ છે. મારા વિસ્તાર રાધનપુરમાં ૪૨ ગામમાં પીવાનું પાણી નથી. લોકો પાણી માટે વલખાં મારી રહ્યા છે. સરકાર નલસે જલની વાતો કરતી હોય તો રાધનપુર નગરપાલિકાના સાત વોર્ડમાંથી પાંચ વોર્ડમાં આજે પણ પાંચ દિવસે ૧૫૦૦ ટીડીએસવાળું પાણી આવે છે ત્યારે હું સરકારને કહેવા માગું છું કે, તમારી સંવેદના કયાં છે, તમારી પીડા કયાં છે? વંચિતોના શોષણની વાત કરતી આ સરકાર, આદિવાસીઓના હક્કની વાત કરતી આ સરકાર ફકત વાતો કરે છે અને પ્રજા સામે ફક્ત ભાષણોની વાતો ચાલી રહી છે. આજે તમે વાત કરો કોંગ્રેસની એ સરકાર ૧૦૦ વારના પ્લોટ ઇન્દિરા આવાસ યોજનામાં આપતી, માનનીય વડાપ્રધાન જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા અને કહીને ગયા કે અમે તમને ૫૦ લાખ આવાસો બનાવીને આપીશું. આ આવાસો કયાં છે તે હું શોધું છું. એક બાજુ સરકારી દવાખાના આ કોંગ્રેસની સરકારે બનાવીને આપ્યા. આજે દવાખાનાઓની હાલત શું છે? ૫૦ ટકા ડૉક્ટર અને નર્સની જગ્યાઓ ખાલી છે. ડૉક્ટર છે તો નર્સ નથી અને નર્સ છે તો દવા નથી. આ પરિસ્થિતિ આજે ગુજરાતની છે. આપના દ્વારા હું કહેવા માગું છું માનનીય ગુજરાતના હોમ મિનિસ્ટર જાડેજાજીને. આજે તમારા મત વિસ્તાર ઓઢવ પોલીસ સ્ટેશનમાં તા.૧૧–૨–૨૦૨૦ના દિવસે મારા વિસ્તારના હરીભાઇ રઘુરામ ઠક્કરના પત્ની જયાબેજ હરીભાઇ ઠક્કર અહીં લગ્નમાં આવ્યા હતા. તો રિક્ષામાં જતા હોય ત્યારે ધોળા દિવસે ચાકુ બતાવીને તેમને લૂંટવામાં આવે, એક ચેઇન તોડવામાં આવે, તેમના પાકિટમાંથી ૧૪૪૦૦ રૂપિયા લૂંટવામાં આવે. જયારે આ દંપતિ ગભરાઇ અને મહેસાણા જાય ત્યારે કોઇકે કહ્યું કે તમારા પોલીસ સ્ટેશનમાં જઇ ફરિયાદ નોંધાવો. તો તેમની સાથે કોઇક આવે છે અને પોલીસ સ્ટેશન જાય છે અને ફરિયાદ નોંધાવવાની વાત કરે છે. ત્યારે માનનીય ગૃહમંત્રી જાડેજાજી ત્યાં એક બીજા જાડેજાજી છે તેમને કાલે મેં ફોન કરીને વાત કરી તો ફકત અરજી જ લેવામાં આવી છે. એફઆઇઆર નોંધવામાં આવી નથી. હું તમારા દ્વારા કહેવા માગું છું કે, કયાં સંવેદના છે? જયારે વાડ જ ચીભડાં ગળતી હોય તો શું અપેક્ષા રાખી શકીએ તે પ્રજાએ વિચારવાનું છે. ત્યારે હું કહેવા માગું છું કે, ગુજરાતની જે પરિસ્થિતિ છે ઓબીસી, એસસી, એસટી અને સવર્ણ ધારાસભ્યો બેઠા છે તેમને ભવિષ્ય કોઇ દિવસ માફ નહીં કરે. ૨૦૧૮નો પરિપત્ર ગુજરાતના સમાજોને સામસામે લાવવાનો આ પરિપત્ર સરકારે રદ કરવો જોઇએ તેવી મારી જાહેરમાં માગણી છે. સરકારો સંવેદના વિહીન થઇ જાય, અમારો અવાજ એના બહેરા કાને જઇ અથડાઇને પાછો આવે ત્યારે અમને પીડા થતી હોય છે. જ્યારે હું ચુંટાયેલ હોઉં, મને અપેક્ષા હોય કે ગુજરાતની પ્રજાની વાત કરવા માટે મને ફલોર મળવાનો છે ત્યારે આ વાત કરવા માટે મારી એક ફરિયાદ જેવી બાબતમાં, એફ.આઇ.આર. નોંધવા બાબતમાં પણ જો વિધાનસભામાં આવવું પડતું હોય તો એનાથી વધારે કોઇપણ બાબત દુઃખદાયક ના હોઇ શકે. તાત્કાલિક એફ.આઇ.આર. દાખલ કરી જે પણ ગુનેગાર હોય એને કડકમાં કડક સજા થાય એ પ્રકારે પગલાં પણ સરકારે ભરવા જોઇએ એવી મારી માગણી છે. જય હિન્દ, જય ભારત, જય જય ગરવી ગુજરાત.

શ્રી વિજયકુમાર રૂપાણી(મુખ્યમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, મારી સરકારના લોક કલ્યાણકારી કામો, સિદ્ધિઓ, જનહિતના પગલાંઓનો આદરણીય રાજયપાલશ્રીએ એમના પ્રવચનમાં ઉલ્લેખ કરી સરાહના પણ કરી તે બદલ માનનીય મહામહિમ રાજ્યપાલશ્રીનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું. સાથીઓ આપણે બધા લોકશાહીના સર્વોચ્ચ મંદિરમાં બેઠા છીએ. આપણી સૌની મથામણ, ચિંતા, મનન, ચર્ચા ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ બનાવવા તરફ ઉંચાઇ પાર કરવાનું કામ આપણે કરવાનું છે. વિધાનસભાની પ્રશ્નોત્તરી, ચર્ચાઓ દરમિયાન પક્ષ, પ્રતિપક્ષ, સત્તાધારી પક્ષ કે વિરોધપક્ષ કોઇપણ પ્રશ્નોની રજૂઆત કરે, સમસ્યાઓ રજૂ કરે, જન પ્રતિનિધિ અને જનતાનો અવાજ અહીંયા આપણે રજૂ કરતા હોઇએ છીએ. એના સમાધાન માટે પણ ચર્ચાઓ થાય. વિભાગોની વિગતો તપાસાય અને નિરાકરણ પણ લવાય. આખરે તો જનતા જનાર્દનના પ્રશ્નો, એનું નિવારણ એના માટેની આ આખી એક વ્યવસ્થા છે, પરંતુ એ માટે રાજકીય સ્વાર્થ એટલી ઉંચાઇએ ના હોય કે સમાજ જીવનની વ્યવસ્થાને એ રગદોળી નાંખે, તાણાંવાણાં વીંખાઇ જાય, પીંખાઇ જાય એવા રાજકીય અપેક્ષાઓથી ચર્ચાઓ થાય એ વાજબી નથી. સમાજ જીવનના બદલે સમાજ એકતા શબ્દ મેં વાપર્યો છે. આપણો એક જ સમાજ છે, હમણાં ઘણા બધા સભ્યશ્રીઓ ચર્ચામાં બોલતા હતા, હમણાં છેલ્લે પણ સભ્યશ્રીએ પોતાના સમાજની ચર્ચા કરી, વાત કરી પરંતુ આપણો એક સમાજ છે સાડા છ કરોડ ગુજરાતી એ જ માત્ર આપણો એક સમાજ છે. સૌનો સાથ સૌનો વિકાસ એની એકતાની પરિભાષાથી આપણી ચર્ચાઓનો હાર્દ રહે એ આજના સમયની આવશ્યકતા છે. ગુજરાત રાજ્યની શરૂઆત ૧૯૬૦થી થઇ ત્યારથી આજ દિવસ સુધી અનેક લોકોએ પોતાનો પરિશ્રમ કરીને, નેતૃત્વ કરીને આ ગુજરાતને એક ઉંચાઇ પર લઇ ગયા છે. માત્ર અમે કર્યું છે એવો દંભ અમે કરતા નથી. પરંતુ અમારી પળ–પળ, ક્ષણ–ક્ષણ જે જનતાએ જવાબદારી સોંપી છે એમાં ઇમાનદારીથી અમે લોકો આ ગુજરાતને સમર્પિત થઇને આ ગુજરાતમાં વરસોથી કામગીરી કરી રહ્યા છીએ અને એટલે જ આ ચર્ચામાં હું એમ માનું છું કે કલ, આજ ઔર કલ, એનો ઉલ્લેખ આવશ્યક છે, અમે લોકો જવાબદારીથી ભાગનારા લોકો નથી, પ્રશ્નોથી ગભરાનારા લોકો પણ નથી. અમે અમારી જવાબદારી નિભાવવા માટે અમે કદી પ્રજાની અપેક્ષાઓથી ડરતા નથી. અમને થોડી ઘણી ચિંતા હોયને તો માત્ર એ ચિંતા છે કે જાહેર જીવનના મૂલ્યો ઘટે નહીં , જાહેર જીવનમાં કામ કરનારા લોકો તેની આબરૂ પણ ઓછી ના થાય એટલા માટે આ જે જાહેર જીવનના લોકો માટે જે આક્ષેપો થઇ રહ્યાં છે એવા આક્ષેપો, એવો કાદવ એ ઉછળે નહીં અને પ્રજાને આપણા બધા પ્રત્યે સન્માન રહે પ્રજા આપણને બે મુઠ્ઠી ઉંચા માનવી તરીકે જુએ છે ત્યારે

આપણો વ્યવહાર, આપણું વર્તન, આપણાં વિચાર, આપણો પ્રભાવ એ પણ એક ઇમાનદાર અને સમર્પિત કટિબદ્ધ લોકો, કમિટેડ લોકો કે જે પ્રજાના હિતની ચિંતા કરનારા લોકો છે તે જળવાય રહે તે સાહેબ અમારી ચિંતા છે. ડો.બાબાસાહેબ આંબેડકરે પણ બંધારણમાં સંસદીય લોકશાહીની સ્વચ્છ પ્રણાલિના પાયામાં સત્તાધારી પક્ષ અને વિરોધપક્ષ આ બન્ને પાસે અપેક્ષા રાખી છે. ખાલી સત્તાધારી પક્ષ નહીં પણ વિરોધપક્ષ પાસે પણ અપેક્ષા રાખી છે કે સ્વચ્છ અને તંદુરસ્ત લોકશાહી માટે સત્તાપક્ષ અને વિરોધપક્ષ એ બન્ને લોકો પોતાની જવાબદારીઓનું વહન કરે એ બંધારણની ભાવનાને અમે પણ આદર કરી અને આ સંસદીય પ્રણાલિકાને આપણે વધુ સુદ્રઢ કરવા લોકશાહી જીવતી હશે તો આપણે બધા જીવતા છીએ અને એટલા માટે લોકશાહીને વધુ મજબૂત બનાવવા માટે આપણે આપણી જવાબદારીમાં પૂરતું જેને કહીએ કે એવી એક વસ્તુ ના બને કે જેથી લોકશાહી ઢીલી પડે, લોકશાહી નબળી પડે અને એમાં આપણે સૌએ આગળ વધવું પડે. એટલે જ મારી સરકાર ગાંધી, સરદાર અને નરેન્દ્ર મોદીના પદચિન્હો પર ચાલીને સ્વરાજય પછી સુરાજય, ગુડ ગવર્નન્સ વાસ્તવમાં બને તે દિશામાં મક્કમતાથી આગળ વધી રહી છે અને એટલે જ અમારી સરકાર Pro-active, Pro-people – લોકો થકી, લોકો માટે, લોકો વડે આ સરકાર લોકો માને કે મારી સરકાર છે, હું સરકારનો ભાગ છું. મારી અપેક્ષા, આકાંક્ષા મારા અવાજનું પણ પ્રતિબિંબ આ સરકાર પાડે છે અને એટલા માટે આ સરકાર કામ કરતી સરકાર છે અને એ દિશામાં મારી સરકાર આગળ વધી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, અમે એટલે જ કહીએ છીએ કે સત્તા એ સેવાનું સાધન છે સત્તા એ માણવાનું સાધન નથી અને એટલે જ અમારા વડિલે મને જે સલાહ આપી હતી કે દીકરાઓ ખુરશી ઉપર બેસવાનું છે ખુરશી આપણા માથા ઉપર ના બેસે અને સત્તાના મદમાં અમે કોઇ કશા કામ કરવા માટે આવેલા લોકો નથી. સત્તા પ્રજાની સેવા માટે છે અને એનો ક્ષણ ક્ષણ અને પલ પલ એનો ઉપયોગ થાય અને એટલા માટે અમે સત્તાના મદમાં કદી રાચનારા લોકો નથી અમે પ્રજાના પ્રતિનિધિ તરીકે **" પથકા અંતિમ લક્ષ્ય નહીં હૈ સિંહાસન ચડતે જાના હૈ, સબ સમાજકો લીયે સાથ મેં આગે બઢતે જાના હૈ. "** સમાજ સમાજને બાંટીને, સમાજ સમાજ વચ્ચે રાગદ્વેષ ઉભા કરી અને માત્ર મત મેળવીને સત્તાના સિંહાસનો પ્રાપ્ત કરવા તે અમારી કોઇની લોકૈષણા નથી, અમારી લાલસા પણ નથી અને એટલા માટે બધા સમાજને–

**"સબ સમાજકો સાથમેં લીયે આગે બઢતે જાના હૈ. સાહેબ, ઇતના આગે ઇતના આગે કે જીસકા કોઇ છોર નહીં હો જહાં પૂર્ણતા મર્યાદા હો સીમાઓકી ડોર નહીં હો. ઇસ મહાન ઉદેશ્ય પ્રાપ્તિ કે લીયે લગે ભલે જીવન સારા જીયે ઇસ હેતુ ઔર મૃત્યુ કો ભી ઇસ હેતુ અપનાના."**

આટલા માટે સાહેબ, અમે લોકો જાહેર જીવનમાં ભારતીય જનતા પાર્ટી એના કાર્યકર્તાઓ Nation First અને રાષ્ટ્રના હિત માટે અમે કામ કરનારા લોકો આજે આપની વચ્ચે આવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૬૦થી એટલે કલ, આજ ઔર કલ ત્રણ ભાગમાં હું વાત કરવા માગું છું. કલ એટલા માટે કે વર્ષ ૧૯૬૦થી એક તબક્કો તે આપણે જોયો છે અને એ તબક્કામાં આપણને બધાને ખબર છે કે શું બન્યું હતુ કે વર્ષો સુધી વર્ષ ૧૯૬૦થી ૧૯૯૫ સુધી વહીવટી આંટીઘૂંટી, ખેડૂતોને ભાવ ના મળે, સૌરાષ્ટ્રમાંથી હું આવું છું, સૌરાષ્ટ્રના મારા સાથી સભ્યો અહીંયા બેઠાં છે. આપણે ભૂતકાળ જોઇએ તો બે–બે બેડાં પાણી માટે સૌરાષ્ટ્રની જનતા ફાંફા મારતી હતી, કચ્છની જનતા ફાંફા મારતી હતી, બનાસકાંઠાની જનતા ફાંફા મારતી હતી. અમે જોયું છે કે રાજકોટમાં ટ્રેનથી પાણી આવતું હતું. એ દિવસો પણ આપણે જોયા છે. કચ્છમાંથી દર બે વર્ષે હજારો ઢોર સ્થળાંતર થતા હતા અને રસ્તામાં અનેક ઢોર મરેલા જોવા મળતા હતા. એમના મૃતદેહો પણ મળતા હતા. હમણાં મારા મિત્ર કાયદો અને વ્યવસ્થાની શ્રી પ્રદિપસિંહને શિખામણ આપતાં હતાં. તમારા રાજમાં તો પોરબંદરમાં બોર્ડ લાગતાં હતાં કે અહીંયા કાયદો અને વ્યવસ્થાની સીમા પૂરી થાય છે અને અમને શિખામણ આપો છો? મારે એ કહેવું પડશે કે ત્યારે કરફ્યુ, હડતાલ, સ્ટેબિંગ, કોમી તોફાનો કોના રાજમાં થતા હતાં અને કોણ એને ઉત્તેજન આપતું હતું? ત્યારે ગુજરાતની સ્થિતિ શું હતી? ગુજરાતની આબરૂ પણ શું હતી? શૈક્ષણિક સવલતો પણ સિમિત હતી. વર્ષ ૧૯૯૫ સુધીમાં ગુજરાતમાં માત્ર ૯ યુનિવસિટીઓ હતી. આજે અમે ૭૦થી વધુ યુનિવર્સિટી બે દાયકામાં કરી છે. વિદ્યાર્થીઓને કોઇ તક મળતી નહોતી અને ગુજરાતના વિદ્યાર્થીઓ છેક રશિયા અને પર્શિયા સુધી ભણવા માટે જતા હતા. આજે આપણે ત્યાં વ્યવસ્થા ઊભી કરી છે. મારે એ યાદ કરાવવું છે કે એ દિવસોમાં માત્ર ૮ મેડિકલ કોલજો હતી. આજે દરેક જિલ્લામાં મેડિકલ કૉલેજ છે અને હમણાં ૩ નવી મેડિકલ કૉલેજ બન્યાની જાહેરાત કરી છે. ૩૦ થી ૩૨ મેડિકલ કૉલેજ અને જૂની ૯૦૦ સીટો હતી એ વધારીને ૬,૦૦૦ સીટો સુધી લઇ ગયા છીએ. ગઇકાલે શું હતું અને આજની સ્થિતિ શું છે? આપણે બધાં જાણીએ છીએ કે લાયસન્સ રાજમાં વેપારીઓ ફસાયેલા હતા. દરેક બાબતમાં લાયસન્સ લેવું પડતું હતું અને એ દિવસોમાં તો લાયસન્સ રાજ એટલું બધું પ્રભાવી હતું કે દરેક ધંધો લાયસન્સ વગર ન થઇ શકે. આજે તમામ લાયસન્સ દૂર કરીને છેલ્લે તો અમારી સરકારે એવો નિર્ણય કર્યો છે કે નાના ઉદ્યોગોને લાયસન્સ માટે ૧૮ જગ્યાએ જવું પડતું હતું અને પહેલાં પરમિશન પછી પ્રોડક્શન થતું હતું. મારી સરકારે હિંમતથી નિર્ણય કરીને ૩૬૦ ડિગ્રી ચેન્જ લાવીને પહેલાં પ્રોડક્શન પછી ત્રણ વર્ષમાં તમે બધી પરમિશન લો. આ ગુજરાત તમને આવકારે છે. તમે તમારું પ્રોડક્શન ચાલુ કરો. તમે યુવાનોને રોજી–રોટી આપો અને ગુજરાતને આગળ વધારો. પહેલાં પ્રોડક્શન પછી પરમિશન. ભારતમાં પહેલું રાજ્ય ગુજરાત છે કે આ હદ સુધી એક મક્કમ નિર્ણય સાથે આ સરકાર આગળ વધી રહી છે. આપણે જાણીએ છીએ કે ભૂતકાળમાં જે પ્રજાની અપેક્ષા હતી અને એના સંદર્ભમાં જે કામો થતા હતા, એમાં અત્યારે આપણે ઘણી મોકળાશથી ઘણા બધા નિર્ણયો કરતાં આવ્યા છીએ. એક જમાનામાં તો

સૌરાષ્ટ્રમાં ટેન્કર રાજ હતું. ટેન્કર સિવાય પાણીની કોઇ કલ્પના કરી ન શકે. કચ્છની કોઇ કલ્પના કરી ન શકે અને આજે ચર્ચા એ છે કે અહીં સુધી પાઇપલાઇન પહોંચી છે તો હવે આટલે ચડાવી દો ને. નેવાના પાણી મોભે ચડાવ્યા છે. નર્મદાના પાણી સૌરાષ્ટ્રના, કચ્છના, ઉત્તર ગુજરાતના, સુજલામ–સુફલામ, સૌની યોજના અને એના મારફત ૮,૦૦૦ ગામડાંઓથી શરૂ કરીને ૧૫૦થી વધુ નગરોને આજે પણ નર્મદાના પાણીથી પીવાના પાણીનો દુષ્કાળ એ ભૂતકાળ બનાવ્યો છે. હવે સિંચાઇમાં લોકોને પાણી મળે છે અને મારો ગુજરાતનો ખેડૂત એક ફસલ નહિ પણ બે–ત્રણ ફસલ મેળવે. ૩–૩ પાક લેતો થાય અને સિંચાઇની જમીન એના હેક્ટરો વધારીને આપણે પિયતવાળી જમીન વધુને વધુ થાય એ દિશામાં સરકાર આગળ વધી રહી છે. અમદાવાદમાં અમે હમણાં લોકાર્પણ કર્યું. અમદાવાદના લોકો દરરોજ જે પાણી વાપરે છે એ વાપરેલા પાણીને સાફ કરીને રી–યુઝ કરીને ખારીકટ કેનાલમાં દરરોજ ૪૦૦ એમ.એલ.ડી. પાણી નાખવામાં આવે છે. અમદાવાદના આજુબાજુના વિસ્તારના લોકો કે જે દર વખતે જાન્યુઆરીથી નર્મદાનું પાણી આપો, પાણી આપો કહેનારા લોકોને કાયમ માટે દરરોજ ૪૦૦ એમ.એલ.ડી. પાણી મળતું કરીને એક પાક નહિ પણ ડાંગરના પાકમાં પણ જેટલું પાણી પીવડાવવું હોય એટલું પીવડાવે અને ત્રણ–ચાર પાક લેતો થાય અને ખેડૂતની આવક બમણી થાય એ દિશામાં સરકાર આગળ વધી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે મારી સરકાર એ નિર્ણાયક સરકાર છે. સાહેબ. કોઇ પણ નિર્ણય કરતાં અમે અચકાતા નથી. દિવસ ઉગે અને રાત થાય અને  પ્રજા આવે અથવા અમને પ્રજાનો પોકાર સંભાળય તો અમે ધરમૂળથી નિર્ણયો કરીને એ નિર્ણાયક સરકાર તરીકે અમે પ્રસ્થાપિત કરી છે. સાહેબ, આપને થોડા નિર્ણયો યાદ દેવડાવું. છેલ્લા ત્રણ વર્ષમાં ચેકપોસ્ટ નાબૂદીનો નિર્ણય. વર્ષોથી ચર્ચા ચાલતી હતી. ૧૬ ચેકપોસ્ટો જેના કારણે લાખો વાહનોને ઉભું રહેવું પડતું હતું અને ભ્રષ્ટચારની પણ ફરિયાદો આવતી હતી અમે એક ઘાએ નિર્ણય કર્યો કે ચેકપોસ્ટ નાબૂદ અને  આ ચેકપોસ્ટ નાબૂદી પછી પણ સરકારની આવક વધી છે, લોકોને ઇઝી થઇ ગયું, ઓન લાઇન લોકોના પૈસા ભરાવવા મંડયા, લોકોને પરમિશન મળવા માંડી, લોકોના ટેક્સ ભરાવવા મંડયા અને આજે ૧૬ ચેકપોસ્ટ નાબૂદ કરીને સરકારે એક ઐતિહાસિક નિર્ણય કર્યો છે. સાહેબ, અમે ગભરાતા નથી, હિંમતથી નિર્ણય કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, બિન ખેતીમાં અહીંયાં બધાને ખબર છે, શું ચાલતું હતું? જિલ્લા પંચાયતોમાં એકરમાં વાર દીઠ શું ભાવ હતા? એ જિલ્લા પંચાયતમાંથી બંધ કરાવી અને કલેકટરમાં નાંખ્યું છે. આજે આપને કહું સાહેબ કે, આઇ–ઓરા કરીને આનાથી ઓન લાઇન વ્યવસ્થા ઉભી કરીને જે ૬–૬ મહિના સુધી એન.એ. થતું ન હતું, જે આજે ૧૦ દિવસમાં એન.એ.ની પરમિશન મળવા માંડી છે અને સરકારે બિન ખેતીનો ખુલ્લો ભ્રષ્ટાચાર આજે આ પારદર્શક વ્યવસ્થાના કારણે દૂર કરેલ છે. મારી સરકાર નિર્ણય પણ લે અને નિર્ણયમાં લોકોની અપેક્ષા પ્રમાણે બદલાવ કરવાનું લાગતું હોય તો ખુલ્લા મનનું લચીલાપણું એ મારી સરકારનું છે. એવા નિર્ણયો પણ અમે કર્યા છે અને નિર્ણયના કારણે એને અડીને, લોકો દુઃખી થાય અમારા નિર્ણયનો અહમ સંતોષવા અમારો નિર્ણય જ સાચો નિર્ણય આ એવી સરકાર નથી, આ જાડી ચામડીવાળાની પણ સરકાર નથી, આ ઋજુ લોકોની સરકાર છે અને એટલા માટે એ બિન–સચિવાલ જાહેર ભરતીની પરીક્ષાના પેપરોમાં વિદ્યાર્થીઓની ફરિયાદ આવી કે સાહેબ, આમાં પેપર લીક થયા છે. તાત્કાલિક અમે એની તપાસ કરાવી અને વિદ્યાર્થીઓની વાત સાચી હતી તો મારી સરકારે એક ટકો પણ વિચાર કર્યા વગર નિર્ણય કરી અને ફરીથી પરીક્ષા લેવાનો નિર્ણય પણ આ મારી સરકારે કર્યો છે.

હમણાં વાત કરતા હતા ધારાસભ્યશ્રી, તેમને હું સાંભળતો હતો, ખાલી પોતાના સમાજની વાત કરવાની છે, બીજા સમાજની ચિંતા નહીં  કરવાની અને એટલા માટે આજ દિવસ સુધી આ સમાજ– સમાજ વચ્ચેના ઝઘડા કરાવવાના છે. હમણાં મારી સરકારે નિર્ણય કર્યો, એલ.આર.ડીના પ્રશ્નમાં જે વર્ષ ૨૦૧૮ના જી.આર.ની વાત કરે છે, અમે કહીએ છીએ કે આ વર્ષ ૨૦૧૮ના જીઆરના કારણે સમસ્યા ઉભી થઇ છે એમાં પણ અમે નાનપ અનુભવતા નથી. એનો રસ્તો કાઢવો એ અમારી ફરજ છે અને એ અમારો રાજધર્મ છે. અમારો ધર્મ છે કે અનામત બંધારણમાં આપી છે, એ અનામત જળવાવી જોઇએ એ રીતે અમારો ધર્મ છે કે મેરિટ પણ સચાવવું જોઇએ. અમારો ધર્મ છે કે દરેક સમાજ એ આનંદથી બધા સાથે મળીને સૌનો સાથ સૌનો વિકાસ અને સામાજિક સમરસતા પણ તૂટે નહીં, અને એ રીતનો અમે ઐતિહાસિક નિર્ણય કરીને આ સુપર ન્યુમરી આખી વ્યવસ્થા ઉભી કરી અને આજે વધુ બહેનોને નોકરી આપી, દરેક સમાજને રાજી કરી અને આંદોલનનો અંત અમે લાવ્યા છીએ. હજી પણ એમાં સળગતા અંગારા નાંખવા એ પોઝિટીવ નિશાની નથી, એમાં તો માત્રને માત્ર તમારે તમારું રાજકારણ કરવું છે, એ આપણી જવાબદારી અહીં બેસનારા લોકો આટલું છીંછરું રાજકારણ કરે એ વાજબી નથી, સાહેબ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત એ પણ કહેવું છે કે, ગુજરાતમાં અત્યારે હું આપને કહું મારે ત્યાં સી.એમ. ડેસબોર્ડ ચાલુ કર્યું છે. અમે નિર્ણય કર્યો અને અહીંયા ધારાસભામાં બધા ધારાસભ્યો કહેતા હતા કે છોકરાઓ સ્કૂલમાં આવતા નથી, શિક્ષકો આવતા નથી અને આ બધું સ્કૂલોમાં ઠેકાણા નથી. સાહેબ, અમે વ્યવસ્થા એવી ઉભી કરી અને નિર્ણય કર્યો કે તમામ શિક્ષકોની ઓન લાઇન હાજરી, તમામ બાળકોની પણ ઓન લાઇન હાજરી. સાહેબ, મારા હાથમાં સ્ટેટમેન્ટ છે, ગઇ કાલની વાત કરું તો ગુજરાતમાં ૮૫ ટકા હાજરી છે. સાહેબ, પરીક્ષાઓ છે એટલે થોડું ઓછું–વત્તું હશે, ૮૫ ટકા હાજરી છે, ૭૧ લાખ છોકરાઓ, ગઇ કાલની ઓફિશિયલ એટેન્ડન્સ છે. આ ઓન લાઇન કરવાના કારણે શકય બન્યું છે. સાહેબ, ૯૦ ટકા શિક્ષકો પણ હાજર થવા માંડયા છે એ વ્યવસ્થા થઇ છે. વ્યથા નહીં સાહેબ, વ્યવસ્થા એ અમારી સરકારનો મંત્ર છે. વ્યથાઓ બહુ થઇ, ૭૦ વરસ સુધી આઝાદી પછી વ્યથાઓ કરી, હવે વ્યવસ્થાની દિશામાં આ સરકાર આગળ વધવા માગે છે. આ

ટેકનોલોજીનો ઉપયોગ કરીને વ્યવસ્થાઓમાં બદલાવ લાવીને વધુને વધુ પરફેક્ટ વ્યવસ્થા કેમ બને કે જેથી કરીને લોકોને સરળતાથી આ બધી સુવિધાઓ પ્રાપ્ત થાય એ દિશામાં પણ અમે આગળ વધીએ છીએ. મારે કહેવું છે કે બધા જ જાણે છે કે ટી. પી. સ્કીમોમાં શું ચાલે છે! સાહેબ, વર્ષોથી ટી. પી. સ્કીમો પાસ નહોતી થતી. છેલ્લા બે વર્ષથી મારી સરકાર દર વર્ષે સો થી વધુ ટી. પી. સ્કીમ પાસ કરીને રાજયના વિકાસમાં બહુ મહત્વનું કદમ ઉઠાવ્યું છે. ભૂતકાળમાં કેટલાય વર્ષનો સરવાળો કરીએ ત્યારે સો ટી. પી. સ્કીમ થતી હતી, આજે દર વર્ષે સો ટી. પી. સ્કીમ એ લક્ષ્ય સાથે આ ગુજરાત વિકાસ તરફ આગળ વધી રહ્યું છે ત્યારે એની ચિંતા અમે આ શહેરી વિકાસ વિભાગમાં કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો માટે મારે કહેવું છે. ભૂતકાળમાં ગુજરાતમાં ૨૦૦૮માં આપણે બધા જાણીએ છીએ કે એક વખત યુ.પી.એ.ની સરકારે દેવું નાબૂદ કર્યું હતું. ત્યારે ગુજરાતમાં ૧૪૫૦ કરોડ રૂપિયા ગુજરાતના ખેડૂતોના દેવા નાબૂદી પેટે દેવું માફ થયું હતું. હું તમને આ વર્ષનું જ ફકત ગણાવી દઉં તો મારી સરકારે આ વર્ષે ખેડૂતોને કેટલા પૈસા આપ્યા? ૧૧ લાખ ખેડૂતો, ૯૬૦૦ કરોડ રૂપિયાની ટેકાના ભાવની ખરીદી. ૨૦ લાખ ટનથી વધુ છેલ્લા ૩-૪ વર્ષમાં જે ખરીદી કરી એમાં અમે લોકોને પૈસા આપ્યા. આપને કહું કે એવી જ રીતે આપણે બધા જાણીએ છીએ કે શ્રી નરેન્દ્રભાઇ દ્વારા કિસાન સન્માન નિધિમાં જે ૬૦૦૦ રૂપિયા ખેડૂતને આપવામાં આવે છે. ગુજરાતના ખેડૂતોને ૩૧૦૦ કરોડ રૂપિયા આપણે આ પેટે આપ્યા છે. આજે માવઠા પછી, અહીં બેઠેલા બધા ખેડૂત આગેવાનો છે, હૃદય ઉપર હાથ મૂકીને કહેજો કે માવઠા પછી કોઇ સરકારે ભૂતકાળમાં ૩૮૫૦ કરોડ રૂપિયાનું પેકેજ કોઇ દિવસ આપ્યું હતું? આ મારી સરકારે આપ્યું અને એમાં પણ નકકી કર્યું કે અતિવૃષ્ટિ થઇ છે અને વરસાદ દિવાળી પછી પંદર વીસ દિવસ પડયો છે એ આપણે સ્વીકારીએ છીએ એટલે બધા ખેડૂતોને આપણે આપીએ. જેથીકરીને નાનું મોટું નુકસાન થયું છે એમને લાભ મળે. જગતનો તાત અમે એને માનીએ છીએ અને જગતના તાત રૂએ દિન રાત, હવે એમ નહીં, પણ જગતનો તાત ખૂશ, ગામડાં ખૂશ, અને ગામડાં ખુશ તો શહેર ખુશ થશે. આ ભાવના સાથે અમારી સરકાર આગળ વધી રહી છે. મારે કહેવું છે કે ગરીબ લોકોની વાત કરવી છે, સૂચિત સોસાયટીઓ, વર્ષો જૂનો પ્રશ્ન હતો. દરેક વખતે વાતો થતી હતી, એના ઉપર રાજકારણ પણ થતું હતું. શહેરોમાં મોંઘી જમીન, ગરીબ માણસ મકાન ન બનાવી શકે, મધ્યમવર્ગનો માણસ મકાન ન બનાવી શકે, સૂચિત સોસાયટીને રેગ્યુલર કરવાનો નિર્ણય પણ મારી સરકારનો ઐતિહાસિક નિર્ણય છે અને ગરીબ લોકોને અમે લોકોએ મકાન આપ્યા. હમણાં મકાનની પણ વાત થતી હતી, કે કયાં ગયા મકાન? આંખ ખોલો તો દેખાય, આંખ બંધ રાખીએ તો મારી પાસે જવાબ નથી. મારી સરકારે દર વર્ષે છેલ્લા પાંચ વર્ષથી પ્રધાનમંત્રી આવાસ યોજના જે શ્રી નરેન્દ્રભાઇ લાવ્યા છે. એમાં દર વર્ષે પાંચ લાખ મકાન બનાવીએ છીએ અને પાંચ વર્ષમાં ૨૫ લાખથી વધુ મકાનો થઇ ગયા છે અને દરેક ગામડાંઓમાં કેટલા ગામમાં કેટલા મકાન થયા તેનો હિસાબ આપવા પણ તૈયાર છું. અને સરકારે રોટી, કપડા, મકાન અને પ્રાથિમક આવશ્યકતા ઉપર  ગરીબોને શૌચાલય, ગરીબોને પીવાનું શુદ્ધ પાણી, ગરીબોને પોતાનું મકાન અને રોજી-રોટી મળી રહે તેના માટે પણ સરકાર ચિંતા કરી રહી છે.

સૌની યોજના છેલ્લા ૩ વર્ષમાં આ યોજના પૂરી થાય એ મંત્ર સાથે મારી સરકાર આગળ વધી રહી છે. અને ઝડપથી આ યોજનાને આગળ વધારવા અમે આગળ વધી રહ્યા છીએ. આવનારા દોઢ વર્ષમાં આ યોજના પૂરી થઇ જવાની છે. અત્યાર સુધીમાં ૭૩ જળાશયોમાં પાણી નાંખી દીધું છે. કુલ ૧૧૫ ભરવાના છે. ૭૩ જળાશયમાં સમયોચિત જયારે જરૂર પડી ત્યારે પાણી આપી દીધું. સૌરાષ્ટ્રના ૭૩ ડેમ, ૪૮ તળાવ, ૧૮૧ ચેક ડેમમાં આ નર્મદાના પાણી અમે પહોંચાડયા છે. નેવાના પાણી મોભે ચડાવ્યા છે, અશકયને શકય કર્યું છે, આ બધા જાણે છે. આ યોજના જાહેર થઇ ત્યારે કહેવાતું હતું કે પાઇપમાં પાણી આવવાનું  નથી, હવા આવવાની છે. પાણી પણ આવ્યું  છે, પાણી પણ પહોંચ્યું  છે અને અત્યાર સુધીમાં નર્મદાનું ૨૭ હજાર એમ.સી.એફ.ટી. પાણી આ સૌની યોજનામાં ગામડાં, શહેરોમાં પહોંચાડ્યું છે. અમારો ભાદર ડેમ સૌથી મોટો ડેમ કહેવાય, આઠ હજાર એમ.સી.એફ.ટી.થી કુલ ઓવર ફલો થાય તો આ ૨૭ હજાર એમ.સી.એફ.ટી. પાણી અમે નર્મદાનું સૌરાષ્ટ્રની ધરા ઉપર પહોંચાડ્યું  છે. આજની પ્રશ્નોતરીમાં અમરેલીની વાત થઇ. હું  દોઢ વર્ષમાં યોજના પૂરી કરવાની ખાતરી આપું છે કે સૌરાષ્ટ્ર, કચ્છ કે ઉત્તર ગુજરાત સુજલામ સુફલામમાં આવતા દોઢ વર્ષ પછી કોઇ ગામ નપાણીયું નહિ હોય બધાને પાણી પહોંચશે. સ્થાનિક સોર્સ નહિ હોય તો નર્મદાના પાણી પણ આપીશું. આ યોજનાઓ છે. અમે લોકો માટે સમર્પિત છીએ એટલા માટે આ યોજનાને ટોપ પ્રાયોરિટી આપીને આ રાજય સરકારે એની વ્યવસ્થા કરી છે. આપને જણાવવામાં મને આનંદ થાય છે આ આદિવાસી વિસ્તારમાં વર્ષોથી માંગ હતી અને મારી સરકારે પેસા એકટ લાગુ કર્યો. અગાઉ નહોતો પેસા એકટ, વનનો અધિકાર વનમાં રહેતા લોકોને મળે અને પેસા એકટ મુજબ ત્યાંના લોકો અધિકારો ભોગવે એ મારી સરકારે કર્યું છે. સીકલ એનેમીયાની લડાઇ અમારી સરકાર લડી રહી છે અને સીકલ એનેમીયાની પહેલી વહેલી સહાયતાની યોજના આ સરકારે આપી છે. ૪૩ એકલવ્ય શાળાઓ બનાવી છે. સાયન્સ કોલેજો પણ આ વખતે આપી છે. દાહોદ, બનાસકાંઠા, તાપી આ બધામાં મેડીકલ કોલેજ આપીને આદિવાસીનો દિકરો પણ ડોકટર બને અને લોકોની સેવા કરે. વર્ષો પછી મારી સરકારે આ વ્યવસ્થા કરાવી આપી છે. સાહેબ, સંવેદનશીલતા અમારા સંસ્કાર છે. ઘણી વખત લોકો એમ કહેતા હોય કે મુખ્યમંત્રી સરળ છે, સંવેદનશીલ છે. મને નવાઇ લાગે કે ભાઇ, માણસ માત્ર સંવેદનશીલ હોય. માણસમાં જો વેદના સમજાતી ન હોય, લોકો પ્રત્યેનો આદર ન હોય, જીવ માત્ર પ્રત્યે દયા એ અમારા સંસ્કાર છે અને માણસ તો જ કહેવાય અને એટલા માટે સરકાર સંવેદનશીલ સરકાર છે એ અમને કાયમ માટે અમારી આ છાપ અને સંસ્કાર અમારા માટે ઉભા થયા છે. સાહેબ, અમે જીવ

માત્રની ચિંતા કરીએ છીએ અને એટલે જ મારે સાહેબ કહેવું છે કે બનાસકાંઠા પાટણમાં જળ હોનારત થઈ ત્યારે અમે લોકો આઠ દિવસ સુધી ત્યાં જ બેઠા હતા. લોકો વચ્ચે બેઠા હતા લોકોના દુઃખમાં લોકો સાથે હતા અને અમે ૧૮,૬૮૮ લોકોને રેસ્કયુ કરી અને એના જીવ બચાવ્યા હતા. કેટલું બધું પાણી હતું! બનાસકાંઠાના લોકો કહેતા હતા કે આટલુ બધું પાણી અમે જીંદગીમાં જોયું નથી ૮૦ વર્ષના લોકો કહેતા હતા. ૧૮ હજાર લોકોને અમે બચાવ્યા હતા. રૂપિયા ૨૨૬૩ કરોડનું પેકેજ આપીને એક વર્ષમાં બનાસકાંઠા બેઠું થઇ જાય એટલો ત્વરિત નિર્ણય કરીને બનાસકાંઠામાં આખી વ્યવસ્થા ઉભી કરી. પશુ મૃત્યુના પણ પૈસા આપ્યા અને ઘરવખરીથી માંડીને, મિલેટરીથી માંડીને, હેલીકોપ્ટરથી લિફ્ટીંગ કરીને અમે આખી વ્યવસ્થા ઉભી કરી હતી. કુદરતી આફત સામે ઝીરો કેજ્યુલિટી એ અમારો મંત્ર છે અને એટલા માટે સાહેબ, વાયુ વાવાઝોડા વખતે મારી આખી સરકાર સજાગ હતી અને વાયુ વાવાઝોડામાં પણ એટલું ભયંકર વાવાઝોડું હતું જો આવ્યું હોત તો ત્યારે ૨ લાખ ૭૮ હજાર લોકોને શિફ્ટ કરી વાયુ વાવોઝાડા સામે પણ આપણે તૈયારી કરીને બેઠા હતા. આ તો સોમનાથ દાદા, શ્રી દ્વારકાધીશ દાદાની કૃપા કે વાયુ વાવાઝોડું ફંટાઇ ગયું. આપણી તૈયારી હતી પણ એ ભાગી ગયું અને બીજી તરફ ફંટાઇ ગયું અને આપણે એ તૈયારી સાથે બેઠા હતા અને મારે આપને કહેવું છે કે મા વાવાઝોડા વખતે પણ આ સરકાર સૂતી નહોતી. અમે રાતના ૧૨-૧૨ વાગ્યે, ૧૧-૧૧ વાગ્યે કન્ટ્રોલ રૂમમાં બેસીને કલેકટર, મામલદાર સાથે સીધી વાત કરીને એ લોકોની ચિંતા કરે છે કે નહિ એની ચિંતા કરતા હતા. માનનીય પદ્યુમનસિંહજી બેઠા છે. ગયા વર્ષે દુષ્કાળ હતો ખરેખર તો આ બધી આપત્તિ એ કુદરતી છે. આપણો તો એક ખાલી પ્રયત્ન હોય છે. પણ કુદરતી આપત્તિ સામે ગભરાયા નથી. શ્રી પ્રદ્યુમનસિંહજીને પૂછો. ગયા વર્ષે કચ્છમાં એમના વિસ્તારમાં સરેરાશ એક ઇંચ વરસાદ. આખા મોસમનો લખપતમાં એક ઇંચ વરસાદ. એક ઇંચના વરસાદ ઉપર વર્ષ કેમ જશે તેની કચ્છને ચિંતા હતી. સાહેબ, મને આનંદ છે, મને સંતોષ પણ છે કે મારી સરકારે કશું જોયા વગર કચ્છ અને બનાસકાંઠાને ૧૫૦૦ કરોડ કિલો ઘાસ આપીને એક પણ પશુ મરે નહીં એ વ્યવસ્થા કરી છે. જીવ દયાવાળી આ સરકાર છે. આ સરકાર જીવમાત્રની ચિંતા કરે છે. તેની આનાથી ઉત્તમ સાબિતી બીજી ન હોઇ શકે. મે મહિનામાં આપણી લોકસભાની ચૂંટણી હતી એટલે આચાર સંહિતા હતી. ચૂંટણી પતાવીને સીધો કચ્છ ગયો હતો. કચ્છના લોકો અને એ પણ બન્ની-ખાવડાના મુસ્લીમ લોકો સાથે બેઠો હતો. એ લોકો એમ કહેતા હતા કે સાહેબ, દુકાળમાં કોઇ દિવસ ગાય વિયાય નહીં. કારણ કે દુકાળમાં પૂરતો ખોરાક જ ન મળ્યો હોય અને એ દૂધ પણ ન આપતી હોય. તેના બદલે મને કહે કે સાહેબ, આ પહેલો દુકાળ એવો છે કે સરકારે આટલી બધી ચિંતા કરી છે અને અમને ઘાસ આપ્યું છે, ચારો આપ્યો છે, અમારી ગાયો વિયાણી છે. દૂધ આપતી ગાયો આજે પણ અમારે ત્યાં છે. આ વાસ્તવિકતા કચ્છની હતી. ત્યારે શ્રી પ્રદ્યુમનસિંહજી મારી સાથે પ્રવાસમાં પણ હતા, સાથે હતા અને મેં નક્કી કર્યું હતું કે સીધું લોકો વચ્ચે જવું છે. તંત્ર વચ્ચે નહીં અને ગામડે ગામડે જઇને અમે લોકોની વ્યથા સાંભળીને વ્યવસ્થા કરવાના પ્રયત્ન કર્યા હતા.

સાહેબ, હું જ્યારે મુખ્યમંત્રી થયો ત્યારે મને એક વડીલે કહ્યું હતું કે સાહેબ, શ્રી નરેન્દ્રભાઇએ એટલું બધું સરસ કામ કર્યું છે, ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ એટલું બધું થયું છે પણ નાના માણસોની નાની નાની તકલીફો દૂર થાય એની વ્યવસ્થા ગોઠવો. ગામડાનો નાનો માણસ, ગરીબ માણસ ક્યાં જાય? મામલતદાર ઓફિસે ધક્કા ખાતો હોય, થાકી જાય, કલેક્ટર ઓફિસે ધક્કા ખાતો હોય, થાકી જાય. કામ શું હોય? તો રેશનકાર્ડમાં તેનું નામ ચડાવવાનું હોય, રેશનકાર્ડ જોઇતું હોય, આવકનો દાખલો જોઇતો હોય, જ્ઞાતિનો દાખલો જોઇતો હોય, વિધવા પેન્શન જોઇતું હોય, દિવ્યાંગ પેન્શન જોઇતું હોય, ૭/૧૨માં નોંધ ચડાવવાની હોય, આવા બધા નાના કામ માટે ધક્કા ખાતા હોય છે. એટલા માટે સેવા સેતુ કાર્યક્રમ અમારી સરકારે આ નાના લોકો માટે કર્યો છે. કોઇપણ લાભાર્થી સરકારી યોજનામાંથી છૂટે નહીં અને નાનો માણસ હેરાન ન થાય. સાહેબ નથી અને સાહેબ આવશે, મિટિંગમાં છે અને માણસ પછી વચેટીયાને પૈસા આપે. એમાંથી બહાર કાઢીને અમે લોકોએ આ સેવાસેતુ કાર્યક્રમ દર વર્ષે બે રાઉન્ડ, અત્યાર સુધીમાં ૨ કરોડથી વધુ અરજદારોએ અરજી કરી. તેમાંથી ૯૮ ટકાનું ત્યાંને ત્યાં સ્થળ ઉપર તેના કામનું નિરાકરણ અમારી સરકારે કર્યું છે.

સાહેબ, કડક કાયદા બનાવવામાં પણ મારી સરકાર પાછી પડી નથી. આપણે બધા જાણીએ છીએ. નાની બાળકી ઉપરના બળાત્કાર બાબતે સરકારે નક્કી કર્યું છે કે કોઇને છોડવાના નથી. ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવવાની વ્યવસ્થા અમે ઉભી કરી અને મને આનંદ છે, ત્રણ જજમેન્ટ આવી ગયા. બેને જન્મટીપની સજા થઇ અને એકને ફાંસીની સજા થઇ. સુરતના લોકોને આ બાબતની ખબર હશે. આ બાબતમાં સરકાર કોઇને છોડવા માગતી નથી અને તેના માટે કડકમાં કડક કાયદા બનાવીને નાની દીકરી ઉપરના બળાત્કારમાં ઝડપથી કેસ ચાલી જાય અને ફાંસીના તખ્તા સુધી પહોંચાડીને આવા એકપણ નરપિશાચને છોડવામાં ન આવે એ પ્રકારની વ્યવસ્થા અમે લોકોએ કાયદા બનાવીને કરી છે. પહેલાં બહેનોના ગળામાંથી સોનાની ચેઇન લોકો લૂંટી જતા હતા. હવે ગુજરાતની કોઇ પણ મહિલાના ગળામાં હાથ નાંખવાની પણ કોઇ હિંમત ન કરે. સાત વર્ષની કેદનો કડક કાયદો મારી સરકારે બનાવ્યો છે. એટલા માટે કે બે-ચાર દાખલા બનશે, સાત વર્ષની સજા પડશે એટલે પછી બધા સમજશે કે આ એક દોરો લેવા જતાં સાત વર્ષની સજા પડી જાય છે. તો મહિલા સુરક્ષિત રહે એ સરકારની જવાબદારી છે. ગૌવંશ હત્યામાં પણ મારી સરકારે કડક કાયદો કર્યો છે કે ગાયની દયા ખાવાની ન હોય તો મારી સરકાર પણ એની દયા ખાવા માગતી નથી. એના માટે પણ કડકમાં કડક કાયદા, જન્મટીપ સુધીના કાયદા થાય એ અમે વિચારીએ છીએ.

સાહેબ, નશાબંધી માટે પણ અમે મક્કમ છીએ. ઘણી વખત દારૂબંધીની ચર્ચામાં લોકો જાતજાતની વાતો કરતા હોય છે. આ પ્રશ્નને રાજકારણથી બાજુએ મૂકીએ તો દારૂબંધી કે દારૂની લત આ વિષય સામાજિક વિષય છે. લોકોના વ્યસન દૂર કરવા પડે અને આપણા સંતો વર્ષોથી વ્યસનમુકિતની ઝૂંબેશ ઉપાડી રહ્યા છે. લોકોની આ લત દૂર કરવી પડે. અલગ અલગ પ્રકારનો નશો, એક નશો ના મળે તો બીજો નશો, બીજો નશો ના મળે તો ત્રીજો નશો. અમુક અમુક લોકો તો આપણને નવાઇ લાગે પણ તેજાબ પીવે છે. એ તો અંદરની હોજરીને ફાડી જ નાખે. પણ હવે લત છે તો માણસ ત્યાં સુધી પહોંચી જતો હોય છે. દારૂબંધીમાં બિહાર તો હમણાં આવ્યું છે. ભારતમાં એક માત્ર રાજય ગુજરાત હતું કે જયાં દારૂબંધી છે. દારૂબંધી, દારૂ વેચાય છે એમાં હું કોઇ જુદી ચર્ચા કરવા માગતો નથી. પોલીસ જો એમાં પણ જોડાયેલી હોય તો પોલીસ ઉપર પણ પગલાં લેવા માટે મારી સરકારની તૈયારી છે પરંતુ આ બંધ કરાવવું પડે. ગુજરાતને પંજાબ થવા ના દેવાય અને એટલા જ માટે ડ્રગ્સ, દારૂ, દારૂ વેચનારા, દારૂ ગાળનારા, બુટલેગરો, એના માટે પણ સાત વર્ષના કડક કાયદા અમારી સરકારે બનાવ્યા છે. વચ્ચે હુક્કાના બાર બહુ ચાલુ થઇ ગયા હતા અને પછી છોકરાઓ ધીરે ધીરે એ લત ઉપર ચડી જાય, આપણે એને પણ બંધ કરાવ્યા છે. આ એક સામાજિક અભિયાન છે. સામાજિક અભિયાનને આપણે બધા લોકોએ સફળ બનાવવું જોઇએ. કાયદા પણ કડક હોય, અમલવારી માટે પણ આપણે પ્રયત્ન કરીએ અને સાથે સાથે લોકો આ વ્યવસનમાંથી મુકત થાય અને એમાંથી બહાર નીકળે એ આપણી બધાની જવાબદારી બને છે. ગુજકોકનો કાયદો પણ હમણાં સરકારે મંજૂર કર્યો છે. ભૂતકાળમાં આતંકવાદીઓ માટે એક રસ્તો ગુજરાત હતો એને પણ આપણે બંધ કરી દીધો છે. ગુજરાત થકી દેશમાં આતંકવાદ ફેલાય નહીં. પાકિસ્તાનની બોર્ડર આપણને અડીને છે, એના માટે પણ સરકારે ચિંતા કરી છે. મારી સરકારે સાત હજારથી વધુ સીસીટીવી કેમેરા પોલીસતંત્ર દ્વારા જ અમે લોકોએ નંખાવ્યા છે અને એવું નેટવર્ક ઉભું કર્યું છે કે રાજયમાં કોઇ ગુનો કરનાર છટકી ના શકે. એના લીધે રાજકોટમાં સ્ટોન કીલર પકડાતો જ નહોતો પણ સીસીટીવી કેમેરામાં એની ચાલવાની સ્ટાઇલ ઉપરથી અમે એને પકડયો છે. માનનીય મેરજાસાહેબ હાજર નથી પણ હમણાં મોરબીમાં બેંક લૂંટી અને મોરબીની બહાર નીકળ્યા એ પહેલા સીસીટીવી કેમેરાના કારણે અમારી પોલીસે પકડી લીધા. પંજાબમાં અનેક લૂંટમાં સંકળાયેલા પરપ્રાંતના લોકો નીકળ્યા તો આ સીસીટીવી કેમેરા અને નેટવર્કના કારણે આ વસ્તુ બની છે. ભ્રષ્ટાચારની ઘણી બધી વાતો થાય છે. હું તો કહું છું કે ભ્રષ્ટાચાર એ દૂર કરવો જ પડે. નયા ભારતના નિર્માણમાં ગરીબી, બેકારી, ભ્રષ્ટાચાર એની સામેનું આપણું કમિટમેન્ટ જોઇશે. સરકાર આ બાબતમાં ઝીરો ટોલરન્સ સાથે આગળ વધી રહી છે. હમણાં કોઇકે મને કોટ કરીને કીધું કે મુખ્યમંત્રીએ કીધું છે કે મહેસૂલ અને પોલીસમાં ભ્રષ્ટાચાર છે. શ્રી રાજીવ ગાંધીએ પણ કીધું હતું કે એક રૂપિયો મોકલું છું તો રસ્તામાંથી ૮૫ પૈસા ખવાઇ જાય છે, ૧૫ પૈસા જ પહોંચે છે તો કેમ એ કોટ તમને યાદ નથી આવતો અને તમે મારો કોટ કરો છો? એનો મતલબ એ કે ત્યારે તમને મિસ્ટર કલીન સારા લાગતા હતા. શ્રી રાજીવ ગાંધીએ કીધું હતું કે ૮૫ પૈસા ખવાઇ જાય છે તો કોણ ખાઇ જતું હતું? કોણ વચેટીયા હતા? મારી સરકારે એન્ટી કરપ્શન બ્યુરોને સી.બી.આઇ.ની જેમ મજબૂત બનાવ્યું છે. મેં હમણાં ૩૭ અધિકારીઓ એન્ટી કરપ્શનને જ આપ્યા છે. સી.બી.આઇ.ની જેમ પકડાય પછી છૂટી ના જાય. વકીલોની પેનલ એમને જોઇતી હતી એ આપી છે. અત્યાર સુધીમાં એન્ટી કરપ્શને ૩૫૦થી વધુ રેડ પાડીને મોટા પાયે કરપ્ટ અધિકારી, કરપ્ટ કર્મચારી, ભ્રષ્ટાચાર સામે આપણો ખુલ્લો જંગ છે. ભવિષ્યમાં પણ અમે આ બાબતે કોઇ છૂટછાટ આપવા માગતા નથી, આગળ વધવા માગીએ છીએ. કાયદાઓ પણ બદલાવ્યા છે. આપણે આધુનિક સાધનોનો ઉપયોગ કરીને, ટેકનોલોજીનો ઉપયોગ કરીને પણ નિયમો એવા બનાવીએ કે ભ્રષ્ટાચારને કોઇ અવકાશ ના રહે એ દિશામાં પણ સરકાર આગળ વધી રહી છે અને એના જ કારણે આજે સ્થિતિ એ બની છે કે ગુજરાત આજે દરેક દિશામાં નંબર વન છે. રાષ્ટ્રીય સરેરાશ આવક માથાદીઠ ૧ લાખ ૧૪ હજાર રૂપિયા છે. ગુજરાતના લોકોની માથાદીઠ આવક ૧ લાખ ૭૪ હજાર રૂપિયા છે. સાહેબ, ગુજરાતનું બજેટ વર્ષ ૧૯૯૦-૯૧માં રૂપિયા ૫૫૦૦ કરોડનું હતું. આજે રૂપિયા ૨,૧૭,૦૦૦ કરોડનું બજેટ આપણે મૂક્યું છે. ગુજરાતની વસ્તી ભારતમાં ૫ ટકા, રાષ્ટ્રિય કૃષિ ઉત્પાદનમાં આપણો હિસ્સો ૧૯.૫૦ ટકા છે. ઉત્પાદન ક્ષેત્રમાં ૨૭ ટકા હિસ્સો છે અને સર્વિસ સેકટરમાં ૫૩ ટકા હિસ્સો છે. જી.એસ.ડી.પી.માં સરેરાશ ભારતના ૭.૭ ટકા ગુજરાત એકલાના છે અને રૂપિયા ૧૩,૧૫,૦૦૦ કરોડનો હિસ્સો ગુજરાત ધરાવે છે. ફિસ્કલ રિસ્પોન્સબિલિટીમાં બજેટ મેનેજમેન્ટમાં પણ જી.એસ.ડી.પી.માં ૨૭ ટકાની મર્યાદામાં ગુજરાતનું જાહેર દેવું પણ બીજા રાજ્યોની સરખામણીમાં ઘણું ઓછું છે. આપણું સરપ્લસ રેવન્યૂ બજેટ છે. ૧૨.૭૧ લાખ કરોડ રૂપિયા આપણું ઇન્ડસ્ટ્રિયલ આઉટપૂટ છે. આપણે ૩૪૦૦ લાખ મેટ્રિક ટન કાર્ગો આખા ભારતમાં સૌથી હાઇએસ્ટ આપણે છીએ. શૌચાલય મુક્તિમાં સૌથી પહેલા આપણે હતા. સસ્તા અનાજની દુકાનમાં ૧૦૦ ટકા કેશલેશ વ્યવસ્થામાં ગુજરાત નંબર વન છે. રાજ્યના ૧૫ જિલ્લાઓમાં ૧૮૦૦ કિલોમિટર ગેસની ગ્રીડ લાઇન આખા ભારતમાં કોઇ રાજ્યમાં નથી. ગેસની ગ્રીડ લાઇન ગુજરાતમાં છે. એકદમ ફાસ્ટ ગ્રોઇંગ સીટીમાં આજે સુરત અને રાજકોટનો સમાવેશ છે. વોટર સિક્યુરિટી, વોટર મેનેજમેન્ટમાં આપણું ગુજરાત નંબર વન છે. આપણ ૭૫ ટકા નળ કનેકશન સરપ્લસ લાઇન ઉપર છે. આજે મધ્યપ્રદેશ, રાજસ્થાન ૧૨ ટકા છે અમુક રાજ્ય ૫ ટકા છે. ગુજરાત ૭૫ ટકા ઉપર હાઇએસ્ટ છે. સમગ્ર ભારતમાં કપાસ, મગફળી, સોયાબીન, મસાલા આ બધાના ઉત્પાદનમાં ગુજરાત નંબર વન છે. આજે રવી ક્રોપમાં કહું તો ગયે વખતે ૨૮ લાખ હેકટર હતું. આ વર્ષે ૩૯ લાખ હેકટર રવી ઉત્પાદન હાઇએસ્ટ આપણે આ વર્ષે કરી રહ્યાં છીએ. સાહેબ, આપને જણાવતા આનંદ થાય છે કે, એકદમ સૃદ્દઢ રોડ નેટવર્ક, રોજગારની વ્યવસ્થા આ બધામાં આપણે છીએ. એક વિષયે મારે સ્પષ્ટતા કરવાની જરૂર છે કે, શ્રી ટ્રમ્પની વિઝિટ બાબતમાં પણ ઘણી ચર્ચા થઇ.

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૦

## રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

મને તો નવાઇ લાગે છે કે ઇતિહાસમાં પહેલી વખત અમેરિકાના પ્રમુખ સીધા વોશિંગ્ટનથી અમદાવાદ આવ્યા એ પહેલો બનાવ. બીજો બનાવ એ છે કે, અમેરિકાની યાત્રા કરનાર પ્રમુખ કોઇ દિવસ એકલા ભારત એક જ દેશની યાત્રામાં ભૂતકાળમાં કોઇ આવ્યું નથી. ભારત આવે તો પાકિસ્તાન જાય, ચીન જાય, બાંગ્લાદેશ પણ જાય એમ બધાને સંતોષ આપીને પાછા જાય જેથી કરીને ભારત એકલાને મહત્વ આપે છે એવું ના બને, બધાને મહત્વ આપે છે. પહેલી વખત માત્ર ભારતની વિઝિટ કરીને પાછા ગયા છે. ત્રીજી વાત, ફેમિલી સાથે કોઇ દિવસ આવતા નથી. આ ફેમીલી સાથે આવ્યા છે. બીજું, સીધા વોશિંગ્ટનથી અમદાવાદ આવ્યા. આખી દુનિયામાં ગુજરાતનું મહત્વ જે વધ્યું છેને એ અભૂતપૂર્વ વધ્યું છે. વોશિંગ્ટન ટાઇમ્સે લખ્યું છે કે આ યાત્રા ગુજરાત માટે બહુ મહત્વની બની છે અને જનરલી કહીએ તો અદભૂત જે રીતે ત્યાં સ્ટેડિયમમાં કાર્યક્રમ થયો એની વિગત વોશિંગ્ટન ટાઇમ્સે વિગત આપી છે એ પણ ગુજરાતીઓએ ગૌરવ લેવા જેવું છે. રૂપિયા ૧૦૦ કરોડની વાતો થાય છે. મને તો સમજાતું નથી કે આ રૂપિયા ૧૦૦ કરોડનો ફિગર ક્યાંથી આવ્યો? પરંતુ સરકાર તરફથી ૮ કરોડ રૂપિયા આપણે મંજૂર કરેલા છે અને કોર્પોરેશને માત્ર ૪.૫ કરોડ રૂપિયા ખર્ચ માટે આપ્યા છે. બીજા તો મોટેરાની આસપાસના રસ્તા એના કામ તો પહેલાથી મંજૂર કર્યા હતા.

અધ્યક્ષશ્રી : માનનીય સભાગૃહના નેતાશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી વિજયકુમાર રૂપાણી : એ ખાલી અમે કામ કર્યા અને એ પ્રજાના માટે ઉપયોગી છે. શ્રી ટ્રમ્પ તો આવીને જતા રહ્યાં. રોડ–રસ્તા, વ્યવસ્થા એ બધું એમના માટે થઇ છે. રૂપિયા ૧૦૦ કરોડનો ફિગર સાવ હવામાં છે. મને એમ લાગે છે કે, આ યાત્રા આખા ભારતમાં કેમ બીજે ના ગયા અને ગુજરાતમાં જ આવ્યા? આનાથી ગુજરાતનું દુનિયામાં શું મહતવ વધ્યું છે? અમેરિકાના ગુજરાતીઓને પૂછજો તો કહેશે કે સાહેબ, આ અદ્ભૂત હતું. ગુજરાતીઓનું અહીંયા માન–સન્માન વધી ગયું છે આ પ્રકારની વાતો આવી છે ત્યારે સાહેબ, હું એમ માનું છું કે ભવિષયનું ગુજરાત એ ઉત્તમમાંથી સર્વોત્તમ. હવે રસ્તા, ગટર, લાઇટ, પાણી બધામાંથી ગુજરાત બહાર છે. રસ્તા બધા થઇ ગયા છે. રીપેરીંગ કરવું એ જુદો વિષય છે. કનેકટીવીટી થઇ ગઇ છે. પોર્ટો બધા ડેવલપ થઇ ગયા છે.ઉદ્યોગોમાં પણ આપને નવાઇ લાગશે દર મહીને ૧૫૦૦૦ એમ.એસ.એમ.ઇ.ના નવા રજીસ્ટ્રેશન થાય છે તો ગુજરાત એક સ્ટેજે પહોંચી ગયું છે. હવે આપણી બધાની જવાબદારી બને છે હવે એને સર્વોત્તમ કરવું જોઇએ. સર્વોત્તમ એટલે કેવું ગુજરાત? સર્વોત્તમ એટલે હું એવું માનું છું કે આ ગુજરાત એ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ કે જેમાં પર્યાવરણની ચિંતા જેમાં ભવિષ્યમાં વોટર ડેફીશીએટમાંથી સરપ્લસ વોટર આપણે કરીએ. ઉર્જા આપણી એવી હોય, ગ્રીન કલીન ઉર્જા કેમ બને? જે રીતે અમે નિર્ણય કર્યો કે હવે કોઇપણ ખેડૂતના કનેકશન વેઇટીંગમાં ન રહેવા જોઇએ. ખેડૂત આજે એપ્લાય કરે અને કાલે કનેકશન મળી જાય. એક જમાનો હતો, સૌરાષ્ટ્રમાં આપણને બધાને ખબર છે ખેડૂતોના કનેકશનું કેટલું વેઇટીંગ રહેતું હતું? ૧૨–૧૨ વર્ષ સુધી રહેતા હતા. આજે નો પેન્ડીંગ. બીજા દિવસે મળી જ જવું જોઇએ અને હવે ગઇકાલે અમે બજેટમાં જાહેરાત કરી છે કે દિવસે વીજળી આપીશું. આ પ્રશ્નની વર્ષોથી ખેડૂતને તકલીફ હતી તો એના માટે રૂપિયા ૩૦૦૦ કરોડ ફાળવી અને આપણે હવે સર્વોત્તમ ગુજરાત બનાવવું છે. હવે ખેડૂત બિચારો બાપડો ન હોય, એનો માલ પોતાના ગોડાઉનમાં રાખે એના માટે પણ વ્યવસ્થા આ સરકારે કરી છે. એના માલને લઇ જવા માટે વાહનની વ્યવસ્થા જોઇતી હશે તો રૂપિયા ૫૦૦૦૦ની સબસિડી અમે આપીશું. એનો માલ એકસપોર્ટ થાય એ વધુ પૈસા કમાતો થાય. એવી રીતે ગાયો માટે અમે કર્યું છે. વધુ દૂધ ઉત્પાદન થાય, વાસ્તવમાં ખરા અર્થમાં આપણે ત્યાં ઘી, દૂધની નદીઓ વહે એ દિશામાં આપણે આગળ વધવું છે. અમને જણાવતા આનંદ થાય છે. ઠીક છે નાના–મોટા પ્રશ્નો હશે પણ આખા દેશમાં સૌથી ઓછી બેરોજગારી માત્ર ૪.૫ ટકા ગુજરાતમાં છે. બંગાળમાં ૩૫ ટકા બેરોજગારી છે. કેરળ જેવું નાનું રાજય, ૨૦ ટકા બેરોજગારી છે અને આપણા સાડા ચાર ટકા છે અને હજી પણ આપણી મહેનત છે કે ગુજરાતનો કોઇ યુવાન હર હાથ કો કામ, હર ખેત કો પાની. અમારા શ્રી દીનદયાળજીના સૂત્રને અમે સાકાર કરવા નીકળ્યા છીએ. એના સંદર્ભમાં નવી ઉંચાઇઓ પાર કરવા માટેનો પ્રયત્ન છે. મોટી આવશ્યકતા એ છે કે બધા ગુજરાતી જ્ઞાતિ, જાતિ, ધર્મ, ભાષા, પ્રાંત આ બધાથી ઉપર ઉઠી આપણે સૌ એક છીએ અને આમાં કોઇ ઉચ્ચ નથી કોઇ નીચ નથી. બધા એક છીએ બધા માટે સમાન તક એ આપણી ગુજરાતની વ્યવસ્થા બને અને સૌ પ્રગતિ કરે અને સૌ એકબીજાને મદદરૂપ પણ બને એ પ્રકારની આખી સામાજિક રચનાની વ્યવસ્થા બની એટલા માટે સરકાર પારદર્શિતા સાથે, સંવેદનશીલતા સાથે, નિર્ણાયકતા સાથે પ્રગતિ કરવા માટે આપણે આગળ વધી રહ્યા છીએ. છેલ્લે એક વાત કરીને મારી વાત પૂરી કરું છું. સમયનો અભાવ છે એટલે વધારે વાત કરતો નથી પરંતુ શ્રી નરેન્દ્રભાઇની કલ્પના છે નયા ભારતના નિર્માણની કે જેમાં વાસ્તવમાં નયા ભારત કેવું હોય? એમાં ખરેખર ગુજરાતમાં કોઇ બેકારી ન હોય, ગરીબી રેખાથી બધા ઉપર હોય, બધાને સમાન તક મળે, ભ્રષ્ટાચાર એ શિષ્ટાચાર છે એને ખતમ કરવો છે. આપણે અને લોકોના સરળતાથી કામો થાય. હેપ્પીનેસ ઇન્ડેક્ષ વધે અને લોકો રહેવાનું, માણવાનું માણે અને ગાંધીનું ગુજરાત, સરદારનું ગુજરાત એમાં ગૌરવ લઇ શકે એ દિશામાં આપણે આગળ વધવું છે અને એટલા માટે મારે એક જ વાત કહેવી છે,

**''સીફ઼ હંગામા ખડા કરના મેરા મકસદ નહીં હૈ, મેરી કોશિશ યે હૈ કી સુરત બદલની ચાહિયે.**
**મૈંરે સીને મેં નહીં તો તેંરે સીને મેં સહી, હો કહીં ભી આગ લેકીન આગ જલની ચાહિયે.''**

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

આ આગ, ગુજરાતના ખૂણે ખૂણે વિકાસની આગ હોવી જોઇએ. આ આગ, ગુજરાતના સાડા છ કરોડ લોકોના કલ્યાણ માટેની આગ હોવી જોઇએ. આ આગ, ગરીબ ગુજરાતી બાંધવો માટે આવાસ પૂરાં પાડે, સ્વચ્છ પાણી મળે એના માટેની હોવી જોઇએ. આ આગ, ગુજરાતના વર્લ્ડ કલાસ ઇન્ફ્રાસ્ટ્રકચર માટેની હોવી જોઇએ. આ આગ, જગતનો તાત ખેડૂત એની ડબલ ઇન્કમ થાય એટલા માટે હોવી જોઇએ. આ આગ, મહિલાઓના સામર્થ્ય માટે, મહિલાઓને શક્તિશાળી બનાવવા માટેની હોય. આ આગ, યુવાનોના કૌશલ્યના નિર્માણ માટેની જોઇએ. આ આગ, રોજગાર સ્વરોજગાર ઉભા થાય એટલા માટે બને. આ આગ, ઉદ્ધગામી બને, આ આગ, સદાય જલતી રહે અને સાહેબ, આ આગ ગુજરાતને ઉત્તમમાંથી સર્વોત્તમ બનાવે. ફરી વખત રાજ્યપાલને હું ધન્યવાદ આપું છું. આ વણથંભી વિકાસ યાત્રાને એમણે બિરદાવી છે, એટલે પુનઃ એમનો આભાર માની મારી વાત પૂરી કરું છું.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીના મંદિર એવા ગુજરાત વિધાનસભાના ગૃહના ફલક ઉપર તા.૧૦મી જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ મળેલ ૧૪મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રીએ આ સભાગૃહને સંબોધન કરવા બદલ તેમનો આભાર માનતો પ્રસ્તાવ મારા દ્વારા રજૂ કરવામાં આવેલ. આ પ્રસ્તાવને પ્રો.કુબેરભાઇએ ટેકો આપ્યો હતો. આ પ્રસ્તાવ ઉપર ગૃહના સન્માનનીય સભ્યો શાસક પક્ષના ૨૨ અને વિરોધ પક્ષના ૨૬ સભ્યો અને ૧ અપક્ષ સભ્યે ચર્ચામાં ભાગ લીધો. એ ઉપરાંત માનનીય ગૃહમંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા, માનનીય કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુ તથા માનનીય મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાહેબે સમગ્ર ચર્ચાનો જવાબ આપીને આ ગૃહને સંબોધન કરવા બદલ આભાર પ્રસ્તાવની સાથે સાથે આ રાજ્યને દેશના અગ્રેસર રાજ્ય તરીકે જે રીતે ગણના પાત્ર ગુજરાત બન્યું છે. તે દિશાની વિકાસગાથાને આ ફલક ઉપર મૂકીને મહામહીમ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવને તેમણે સમર્થન કર્યું છે, તે બદલ આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. તદુપરાંત મહામહીમ રાજ્યપાલશ્રીનું પ્રવચન એ ગુજરાત રાજ્યના વિકાસનો અને સરકારની સ્પષ્ટ નીતિનો દસ્તાવેજ છે તેમ કહું તો ખોટું નથી. મહામહીમ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવને આપણે સૌ સર્વાનુમતે પસાર કરીને રાજ્યપાલશ્રીને સંદેશો મોકલીએ એ જ અભ્યર્થના.

**સુધારા ક્રમાંક– ૧, ૪, ૫, ૬, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૫, ૧૮, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૯, ૩૩, ૩૪ અને ૩૫ મત માટે મૂકવામાં આવ્યા અને નામંજૂર કરવામાં આવ્યા.**

અધ્યક્ષશ્રી : હવે હું પ્રસ્તાવ મત માટે મૂકીશ. પ્રસ્તાવ એ છે કે રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

"અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો માનનીય રાજયપાલશ્રીએ આ સભાગૃહને કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૨–૩૯ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રી આદેશાનુસાર સોમવાર, તા. ૨જી માર્ચ, ૨૦૨૦ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા.૨જી માર્ચ, ૨૦૨૦
તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા.૨જી માર્ચ, ૨૦૨૦**
**ફાલ્ગુન ૧૨, ૧૯૪૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ શહેરમાં સાઈબર ક્રાઈમની ફરિયાદ

*૨૪૪૦૫ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ શહેરમાં સાઈબર ક્રાઈમની કેટલી ફરિયાદ સરકારને મળી,

(૧)

| **વર્ષ** | **સાઈબર ક્રાઈમની ફરિયાદ (FIR) ની સંખ્યા** |
|---|---|
| તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ | ૩૫૦ |
| તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯ | ૪૦૧ |
| **કુલ** | **૭૫૧** |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મળેલ ફરિયાદ અન્વયે ક્યારે કોની સામે શું કાર્યવાહી કરવામાં આવી,

(૨)

| **વર્ષ** | **સાઈબર ક્રાઈમની ફરિયાદ (FIR) અન્વયે ધરપકડ કરેલ આરોપીઓની સંખ્યા** | **સાઈબર ક્રાઈમની ફરિયાદ (FIR) અન્વયે કરેલ ચાર્જશીટની સંખ્યા** |
|---|---|---|
| તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ | **૫૫૮** | **૧૯૮** |
| તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯ | **૬૦૯** | **૧૬૭** |
| **કુલ** | **૧૧૬૭** | **૩૬૫** |

ઉક્ત ફરિયાદમાં મુખ્યત્વે આઈ.ટી. એકટની કલમ-૬૬(સી), ૬૬(ડી), ૬૭, ૬૭(એ) તેમજ આઈ.પી.સી. કલમ-૪૦૬, ૪૦૯, ૪૧૯ અને ૪૨૦ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) કેટલા કેસોમાં કાર્યવાહી કરવાની બાકી છે, અને

(૪) ક્યા સુધીમાં કાર્યવાહી કરવામાં આવશે ?

(૩) અને (૪) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ કુલ-૮૧ કેસોમાં ગુનાની તપાસ હાલમાં ચાલુ છે. આરોપીઓની સત્વરે શોધખોળ કરીને તેમને પકડીને તેમની અટક કરીને નિકાલ કરવાની કાર્યવાહી ચાલુ છે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નની અંદર આજે આપણે જોઈએ તો સ્માર્ટ ફોનનો ઘરે ઘરો, ગામડે ગામડે ઉપયોગ બહુ વધ્યો છે. એના પરિણામે જેને કહેવાય સોશિયલ મીડિયાનો ઉપયોગ વધ્યો છે. સોશિયલ મીડિયાના ફાયદા પણ ઘણા છે. એની સાથે સાથે નુકસાન ઘણું થાય છે, એની તકેદારી રાખવાની ખાસ જરૂર છે. કોમવાદ હોય, આંતકવાદ હોય તમામ બાબતોમાં સોશિયલ મીડિયાનો સારી રીતે ઉપયોગ કરીએ તો કાબુ મેળવી શકાય છે. એના ઉપરથી આગોતરું આયોજન કરી ગુનેગારોને પકડી શકાય છે. જે રીતનો સોશિયલ મીડિયા મારફતે કોમ્યુનલ, ભડકાઉ ભાષણો, ભડકાઉ વીડિયો જે વારયલ થાય છે. તેના ઉપર સમયસર પગલાં લઈએ અને તેના ઉપર સમયસર સકંજો કસીએ તો

તારાંકિત પ્રશ્નો

હું માનું છું કે ગુજરાતની શાંતિ, સલામતિ વધુ સુદ્દઢ થાય તેવી મારી માન્યતા છે. સાઇબર ક્રાઇમની અંદર એમ.ટેક. થયેલા કમ્પ્યૂટરના નિષ્ણાંત અધિકારી હોય એમને જવાબદારી સોંપવી જોઇએ. ખાસ કરીને મારો પ્રશ્ન છે કે આજે આપણે જોઇએ છીએ કે જે રીતે સાઇબર ક્રાઇમનો દુરુપયોગ થાય છે. પોર્ન ફિલ્મોનું ચલણ વધ્યું છે. નાના નાના કુમળા બાળકો, બહારથી ધંધા રોજગાર માટે આવતા અને એકલા રહેતા લોકો જેમ સુરતમાં ઘટના બની છે કે પોર્ન ફિલ્મો જોવાને લીધે બળાત્કારની ઘટના બની છે. આપણા સંતશ્રી પૂજ્ય મોરારી બાપુએ પણ આ બાબતે ચિંતા દર્શાવી છે. એવી રીતે ઘણા બધા સાધુ સંતો, શુભચિંતકો પણ આ અંગે ચિંતિત છે. એના માટે આયોજન કરવું જોઇએ કે જેથી કરીને પોર્ન ફિલ્મો ઉપર બેન કરી શકીએ. મારો પહેલો પ્રશ્ન પોર્ન ફિલ્મોને બેન કરવા માટે કાર્યવાહી કરવા માગીએ છીએ કે કેમ? બીજો પ્રશ્ન ઓન લાઇન છેતરપીંડી થાય છે એમાંથી લોકો પહેલેથી જાતૃતિ થાય, છાપા, મીડિયાના માધ્યમથી જાગૃતિ અભિયાન ચલાવવા માગીએ છીએ કે કેમ? મારો ત્રીજો પ્રશ્ન સાઇબર ક્રાઇમની ફરિયાદ દાખલ કરવા માટે મોટાં શહેરોમાં વ્યવસ્થા છે, પરંતુ ઓનલાઇન છેતરપીંડી થાય છે. કલાકોમાં જાણ પોલીસને કરીને ફરિયાદ નોંધીએ તો  પૈસા પાછા આવવાની શક્યતા રહે છે. સાઇબર ક્રાઇમમાં ફરિયાદ કરવા જાય તો તેમાં લાંબો સમય જાય છે અને પૈસા પાછા મળતા નથી. પોલીસ સ્ટેશનવાઇઝ, જિલ્લાવાઇઝ આપણે સાઇબર ક્રાઇમની ઓફિસો ખોલવા માગીએ છીએ કે કેમ?

શ્રી પ્રદિપસિંહ  ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી સાચા અર્થમાં શ્રી ગ્યાસુદીનભાઇ શેખ નવા પ્રકારનો પ્રશ્ન સન્માનનીય સભાગૃહ સમક્ષ લઇને આવ્યા છે. એકવીસમી સદીના યુગની અંદર ટેકનોલોજીનો જમાનો આવતો જાય છે, ત્યારે આજના સમયમાં ગુનેગારો હાઇફાઇ બન્યા છે. ગુનેગારો પણ વાઇફાઇનો ઉપયોગ કરે છે. સોશિયલ મીડિયાનો ઉપગોગ કરે છે. પહેલા એવું હતું કે કોઇને લૂંટવા હોય તો છરી મારે, એના પૈસા પડાવી લે એ પ્રમાણે લૂંટ થતી હતી. આજે ભારતના અથવા વિશ્વના કોઇપણ એક ખુણામાં બેસીને એના હાથમાં સ્માર્ટ ફોન હોય એના માધ્યમથી એના પૈસા પોતાના ખાતામાં ટ્રાન્ફસર કરી શકાય એવી ટેકનોલોજીના માધ્યમથી અનેક કિસ્સાઓ ધ્યાનમાં આવ્યા છે. ભારત સરકાર દ્વારા પણ આ ડિજિટલ ક્રાંતિના માધ્યમથી આપણા સૌનું એક ડિજિટલ ઇન્ડિયાનું સ્વપ્ન છે. આપણે સૌ જાણીએ છીએ કે સ્માર્ટ ફોન, લેપટોપ, ઇન્ટરનેટ વગેરેના માધ્યમથી નવા પ્રકારના ગુના આચરવામાં આવ્યા છે. માનનીય સભ્યશ્રી ગ્યાસુદીનભાઇ શેખે બે–ત્રણ મુદાની વાત કરી તથા રાજ્ય સરકાર સાઇબર ક્રાઇમને નાથવા માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષસ્થાને અત્યાર સુધીમાં રાજ્યમાં પોલીસ તંત્રના ઉચ્ચ અધિકારીઓની ૫ થી ૭ વખત મિટિંગ થઇ અને તે મિટિંગની અંદર આવનારા દિવસોમાં આપણા ગુજરાતના લોકો સાયબર ક્રાઇમના માધ્યમથી દંડાય તેના માટે અનેકવિધ નાના–મોટા આયામો હાથ ઉપર લીધા છે. સૌથી પહેલું કામ રાજ્યના અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત જે ચાર મહાનગરો છે તેમાં સાઇબર પોલીસ સ્ટેશન બનાવવામાં આવ્યા છે. આના ઉપરાંત આપણી જે ૯ રેન્જ છે તેની અંદર સાઇબર સેલ બનાવવામાં આવ્યા છે. તે ઉપરાંત સ્ટેટનું ક્રાઇમ બ્રાન્ચ છે તેની અંદર પણ સાઇબર સેલ બનાવવામાં આવ્યું છે. સ્ટેટના ક્રાઇમ બ્રાન્ચના સાઇબર સેલમાં ૨૪x૭ જયારે પણ કોઇને આ પ્રમાણેની મુશ્કેલી ઉભી થાય તો તાત્કાલિક ક્રાઇમ બ્રાન્ચનો સંપર્ક કરી પોતાની જે ફરિયાદ નોંધાવે તે ફરિયાદ ક્રાઇમ બ્રાન્ચના લોકો આનુષાંગિક પોલીસ સ્ટેશનમાં પહોંચાડે છે. તે સાઇબર પોલીસ સ્ટેશન ન હોય તો પણ તે લોકો ગુન્હો રજીસ્ટર કરી તે દિશાની અંદર કાર્યવાહી કરે છે. મેન પાવર પણ રાજ્યની અંદર પૂરો આપવા માટેનો પ્રયત્ન કર્યો છે અને અત્યાર સુધી કર્મચારીઓ અને અધિકારીઓ સહિત ૮૨૨ લોકોનું મહેકમ આપવામાં આવ્યું છે. જનજાગૃતિ માટે હું અહીં એક બુક બતાવું છું તેનું નામ છે સાઇબર ક્રાઇમ જાગૃતિ. રાજ્ય સરકાર દ્વારા ઇંગ્લીશ અને ગુજરાતી બંનેની સામૂહિક બુક બનાવવામાં આવી છે. જુદી જુદી સ્કૂલોની અંદર આ બુક આપીને જન જાગૃતિ આવે એટલા માટેનું કાર્ય કરવામાં આવ્યું છે.

અધ્યક્ષશ્રી : ડીઝીટલ ફોર્મમાં પણ મૂકાવજો આ બુક.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ડીઝીટલ ફોર્મની અંદર ચોક્કસ અમે અમારી વેબસાઇટની અંદર અપલોડ કરીને મૂકાવીશું. આમાં સૌથી અગત્યની વાત ટેકનોલોજીમાં સ્કીલ ડેવલપમેન્ટના માધ્યમથી લોકોને પ્રશિક્ષિત કરવાની છે. તેના માટે ૩૦ જેટલા અધિકારીઓને પ્રશિક્ષિત કર્યા છે. આ સાઇબર સેલ અને સાઇબર પોલીસ સ્ટેશન બનાવ્યા પરંતુ તેની સાથે સાથે તેના સર્વર, હાઇએન્ડ સર્વર, વર્ક સ્ટેશન અને અનેકવિધ ઇન્સ્ટ્રુમેન્ટ દરેક જગ્યાએ આપણે પહોંચતા કર્યા છે. માનનીય સભ્યશ્રીએ બહુ સાચી વાત કહી કે સમાજ સમાજ વચ્ચે, કોમ–કોમ વચ્ચે ખાઇ ઉભી કરવી હોય તો સાઇબર ક્રાઇમ..... અને શ્રી ગ્યાસુદ્દીનભાઇ પોતે પણ તે જાણે છે. હમણાં સીટીઝન એમેન્ડમેન્ટ એક્ટના કાયદાના સમર્થનમાં સમગ્ર રાજ્યની અંદર જે પ્રમાણેની પરિસ્થિતિ ઉભી થઇ તેમાં કેટલાક લોકોએ તે પરિસ્થિતિમાં વધારે વિક્ષેપ ઉભો થાય એટલે અમદાવાદ શહેરના એક વ્યક્તિ ઉત્તરપ્રદેશની કોઇ ઘટનાને અમદાવાદની અંદર સાંકળીને અમદાવાદની અંદર તોફાનો થયા છે તે પ્રકારની ભ્રામક અશાંતિ ઉભી કરી અશાંતિ થાય તેવું આ સોશિયલ મીડિયાના માધ્યમથી કર્યું હતું. અમે તેને પકડીને જેલના હવાલે કર્યો. એવો એક કિસ્સો કે જયારે ભારતીય જનતા પાર્ટીનું ઓનલાઇન સભ્યપદ ચાલતું હતું ત્યારે એક વ્યક્તિએ ઇમરાનખાનને ભારતીય જનતા પાર્ટીનો સભ્ય બનાવ્યો. એક વ્યક્તિએ પંજાબનો ગુરમિતસિંગ છે તેને સભ્ય બનાવ્યો. શ્રી ગ્યાસુદ્દીનભાઇ પણ જાણે છે. તે આરોપીને પણ જાણે છે. આ પ્રમાણે પક્ષને...

અધ્યક્ષશ્રી : આમાં હસવા જેવું શું છે? જાણે છે એટલું જ કહ્યું છે. સંબંધ છે એવું નથી કહ્યું.

શ્રી પ્રદિપસિંહ  ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આવા અનેક કિસ્સાઓ સોશિયલ મીડિયાના માધ્યમથી....

## તા.૨જી માર્ચ, ૨૦૨૦

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : કોઇ કોઇને જાણતું હોય એમાં કંઇ... ઇટ વુડ બી ટેકન સો લાઇટલી, પ્લીઝ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો આશય એ છે કે તે કિસ્સો તે જાણે છે. આપણે સ્કીલ અપગ્રેડેશનની સાથે સાથે ફોરેન્સિક સાયન્સમાં કોઇ માણસે આવો ગુન્હો કરીને તેની હાર્ડડિસ્ક તોડી નાખે તો તેમાં ડેમેજ હાર્ડડિસ્ક, સીમકાર્ડ કે મેમરી કાર્ડ જે તૂટેલા હોય તો પણ તેમાંથી ડેટા પાછા મેળવીને તે ગુનેગાર સુધી પહોંચીએ છીએ. ઘણા કેસની અંદર કોઇ મોરફીન કરીને કોઇનો ભળતો ફોટો મૂકે તેમાં પણ આપણે તેને પકડીએ છીએ. ઘણી વખતે ઇન્ટરનેશનલ લેવલે સાઇબર ટ્રેક આવતી હોય છે તો આ સાઇબર ટ્રેકના પ્રિવેન્શન માટેની આપણી સાઇબર વોચ છે. તે ઉપરાંત ઘણી વખતે કોઇ ઝાંખા વિડીયો હોય અને અસ્પષ્ટ ફોગોગ્રાફ હોય તો તે પણ આના માધ્યમથી કરી શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ સોશિયલ મીડિયાના માધ્યમથી અનેક પ્રકારના ગુના નોંધાય છે. કોઇ ખોટી પ્રોફાઇલ બનાવે અને બદનામ કરતા હોય, ઘણા લોકો અન્ય વ્યક્તિની પ્રોફાઇલને હેક કરી લે છે અને ઘણા વ્યક્તિ કોઇના અનઅધિકૃત રીતે બીજાના વિડીઓ અપલોડ કરે છે. શ્રી ગ્યાસુદ્દીનભાઇએ ચિંતા કરી ચાઇલ્ડ પોર્નોગ્રાફી અંગે. આ રાજય સરકાર ગુજરાતની અંદર ગુજરાતના નાના બાળકો કે યુવા ધન ચાઇલ્ડ પોર્નોગ્રાફીના માધ્યમથી એમની માનસીકતામાં જો વિકૃત અસર પડતી હોય અને એના કારણે બળાત્કાર કે અન્ય પ્રકારની ઘટનાઓ થતી હોય રાજય સરકાર રાજયમાં ચાઇલ્ડ પોર્નોગ્રાફી કોઇ પણ હિસાબે ચલાવી લેવા માગતી નથી અને એના સંદર્ભમાં અમે કડકમાં કડક કાર્યવાહી કરવા માટે માનનીય વિજયભાઇ રૂપાણીની સરકારનો આ સંકલ્પ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત ખોટા સમાચારો ફેલાવવા અને તોફાનો કરાવવા, ડેબીટ કાર્ડ અને ક્રેડીટ કાર્ડ સંબંધિત ગુનાઓમાં હું સન્માનીય સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે, ઝારખંડ રાજયની અંદર એક જામતારા, ગિરીધર અને દેવઘર એ પ્રકારના ગામો છે અને એ આખા ગામોનો વ્યવસાય આ પ્રમાણેના કોલ સેન્ટર ડેવલપ કરી અને પૈસા સ્વૈપ કરવાનો છે. એક વખતે ગામડાઓમાં કાચા ઝૂંપડાઓ હતા આજે ભવ્ય મોટા મોટા મકાનો બની ગયા છે. જયારે આ પ્રશ્નનું બ્રિફીંગ ચાલુ હતું ત્યારે આપણા રાજયના ડી.જી.પી. શિવાનંદ ઝા આખે આખું આ સાઇબર ક્રાઇમના સંદર્ભમાં અહીંથી સ્પેશિયલ ત્યાં ટીમ મોકલીને ગુજરાતના લોકોના સંદર્ભમાં જે ગુના બનેલા છે તેના સંદર્ભમાં આપણે તપાસ કરવાના છીએ. આપણે સાઇબર આશ્વસ્ત નામનો પ્રોજેકટ કર્યો છે અને આ સાઇબર આશ્વસ્ત નામના પ્રોજેકટથી રાજયના ૩૭૧૭ નાગરિકોના ૧,૩૨,૮૨૦૦૦ રૂપિયા આપણે બચાવવામાં સફળ થયા છીએ. ઘણા લોકો નોકરી જોબ અંગે પ્રોફાઇલ મૂકાવી દે કે તમારે નોકરી જોઇતી હોય તો તમારે આટલા રૂપિયા આમ ભરો તો એના સંદર્ભમાં, લગ્નના સંદર્ભમાં, મેટ્રીમોનિયલ સંબંધમાં પણ જે ગુનાઓ થાય છે તો એ સંદર્ભમાં પણ જુદી જુદી ગેંગો પકડી છે, બનાવટી ખોટી લોનના સંદર્ભમાં પણ કર્યું છે, ઇન્સ્યુરન્સ કંપની બાબતમાં મને જણાવતા આનંદ થાય છે કે ઇન્સ્યુરન્સ કંપનીના એક નાગરિકના ૧૧ કરોડ રૂપિયા જેવડી મોટી રકમ ગુમાવી હતી એ સાઇબર ક્રાઇમ ખાતે ગુનો નોંધાવી અને સાઇબર આશ્વસ્ત પ્રોજેકટ હેઠળ એ એકાઉન્ટમાંથી પૈસા ક્યાં ગયા એ આઇડેન્ટીફાઇ કરીને આપણે પાંચ..(અંતરાય)

અધ્યક્ષશ્રી :પહેલીવાર જ આ પ્રશ્ન સાઇબર ક્રાઇમનો આવ્યો છે અને એના માટે માહિતી હોવી વધારે જરુરી છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : શ્રી નિરંજનભાઇ, પહેલી વખત આવ્યો છે. તમારે માહિતી ન જોઇતી હોય તો મારે પરાણે આપવી નથી. આ તો માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન બહુ સારો પૂછ્યો છે અને હું માનું છું કે, આપણા બધા ધારાસભ્યો પાસે સાઇબર ક્રાઇમની ફરિયાદો આવતી હશે અને મારી પાસે એ ફરિયાદો લઇને ઘણા ધારાસભ્યો આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય નિરંજનભાઇની ઇચ્છા છે કે બીજા પેટા પ્રશ્નોમાં આગળ જઇએ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ઓનલાઇન શોપીંગમાં, લોટરી સંબંધી, ઇ–મેઇલ હેકીંગ, સીમકાર્ડ સ્વેપીંગ, કસ્ટમર કેર સંબંધી, ઓ.એલ.એકસ.ની અંદર આપણે ખરીદી કરીએ તેમાં અને રેન્સમવેર આ પ્રમાણેના રાજય સરકાર રાજયના પોલીસ વિભાગ દ્વારા ગુજરાતનો કોઇ પણ નાગરિક સાઇબર ક્રાઇમના કારણે એણે કોઇ પણ ગુનાનો ભોગ ના બને અને ગુજરાતમાં અશાંતિ ન ફેલાય અને સામાજિક, શારીરિક કે આર્થિક નુકસાન ન જાય એની સંપૂર્ણ તૈયારી કરી છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સાઇબર ક્રાઇમ ખાસ કરીને એ.ટી.એમ.માંથી પૈસા ઉપાડવાના સંદર્ભમાં ગુનાઓ અનેક બનતા હોય છે. ક્યારેક મોનિટરીંગ ડિલીંગ અને પેમેન્ટ ફ્રોડમાં કેવા કેવા પ્રકારના ગુના બને છે અને ત્યાંથી કેટલું નુકસાન થાય છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા પ્રશ્નના જવાબમાં બહુ વિગતે જણાવ્યું છે, પરંતુ એમણે જે વિશેષ વાત કરી છે ડેબીટ કાર્ડ અને ક્રેડીટ કાર્ડના સંબંધમાં, આમાં શું કરે છે કે વ્યક્તિઓ એકબીજાને વિશ્વાસમાં લઇ અને એનો ઓ.ટી.પી. નંબર મેળવી લે છે અને એમાંથી એ પૈસા પડાવી લેતા હોય છે અને આ ઉપરાંત લોન સંદર્ભે જ્યારે જુદી જુદી વાત કરતા હોય છે ત્યારે પણ કરી લેતા હોય છે. સીમકાર્ડ સ્વેપીંગમાં પણ આપણે આપણો પાસવર્ડ ગમે તેવો ગુપ્ત રાખતા હોઇએ છીએ પરંતુ આ જે હેક કરવાવાળા લોકોની અંદર એવી ક્ષમતા હોય છે કે તેઓ પાસવર્ડ જાણી લેતા હોય છે અને એના ઉપરથી ઓ.ટી.પી. જાણી લેતા હોય છે અને એના માધ્યમથી તે લોકો આ પ્રમાણેની સમસ્યા ઉભી કરતા હોય છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ વિસ્તૃત વાત કરી છે પણ આ સાયબર ક્રાઇમની સમસ્યા અને ડિજિટલ દુનિયાના દુરૂપયોગે સામાન્ય માણસનું જીવવું દુષ્કર કરી દીધું છે. ઇ–બેન્કીંગ વ્યવસ્થામાં હેકરો દ્વારા

સામાન્ય માણસના રૂપિયા બારોબાર બીજાના ખાતામાં ટ્રાન્સફર થઇ જવા, ઓનલાઇન ટ્રેડીંગમાં કોઇના નામે હજારો લાખ્ખો રૂપિયાની બારોબાર ખરીદી થઇ જવી. કેટલાય આર્થિક ગુનાઓનું ઇન્ટરનેટ પ્લેટફોર્મ ઓનલાઇન થવાના કારણે ક્યાંયને ક્યાંય આજે બન્યું છે, મિલકતની પણ હવે સલામતિ નથી રહી. આ ઓનલાઇન ટ્રાન્ઝેક્શનની અંદર આ વિધાનસભા ગૃહમાં મોડી રાત્રે ચર્ચા થઇ ત્યારે પણ ધ્યાન દોર્યું હતું. સાયબર ક્રાઇમથી મિલકતોને પણ ક્યાંયને ક્યાંય વિવાદમાં નાંખવાના હથિયાર તરીકે ઇન્ટરનેટનો ઉપયોગ થઇ રહ્યો છે. ક્યાંયને ક્યાંય સામે આવ્યું એમ ખંડણી ઉઘરાવવા માટે ધમકીઓ આપવા માટે થઇને પણ ઇન્ટરનેટનો ઉપયોગ થાય છે અને ખંડણીખોરો આ પ્લેટફોર્મનો દુરૂપયોગ કરે છે. આવી જ રીતે સામાજિક ચારિત્ર્યહનન કરવા માટે પણ આ પ્લેટફોર્મનો ખૂબ દુરૂપયોગ થઇ રહ્યો છે. રાજકીય દુષ્પ્રચાર માટે પણ ક્યાંકને ક્યાંક દુરૂપયોગ થઇ રહ્યો છે. માનનીય મંત્રીશ્રીએ સ્વીકાર્યું, શ્રી ગ્યાસુદ્દીનભાઇ જાણે છે, સરકાર છે, અમે વિપક્ષના લોકો જાણીએ છીએ કે આ દુષ્પ્રચાર કોણ કરે છે, સરકાર શું કામ નથી જાણતી? માનનીય મંત્રીશ્રીને વિનંતી કે, આ ઇન્ટરનેટના દુરૂપયોગથી ક્યાંકને ક્યાંક જાસૂસીના હથિયાર તરીકે પણ આનો ઉપયોગ થાય છે. આજે સામાન્યને એની નિજતાનો અધિકાર છે. રાઇટ ટુ પ્રાઇવેસી, આજે મારે મારા ઘરે મારા શ્રીમતીજી સાથે વાત કરવી હોય તો એ વાતની પણ ગોપનીયતા રહેશે કે કેમ એના ઉપર સવાલ ઉભો થયો છે. માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, આ ડિજિટલ દુનિયાનો દુરૂપયોગ અને સાયબર ક્રાઇમની સમસ્યાના નિવારણ માટે જે બિનઅધિકૃત એકાઉન્ટસ છે, ચાહે સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ ઉપર હોય કે, ફેસબુક હોય, ટ્વીટર હોય, વોટ્સએપ હોય જે ઓર્થેન્ટીક એકાઉન્ટ હોય છે એ સિવાયના તમામ એકાઉન્ટ્સને દૂર કરવા માટે સરકાર કોઇ પગલાં ભરવા માગે છે કે કેમ? અને બીજો મુદ્દો કે ઇન્ટરનેટ ઉપયોગ માટે જે પણ નેટનો ઉપયોગ થતો હોય, એ નેટનો ઉપયોગ કરનારા વ્યક્તિની ઓળખ કાયમી પ્રસ્થાપિત કરવા માગે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પરેશભાઇએ જે શંકા વ્યક્ત કરી એ શંકાની ચિંતાનું કોઇ કારણ નથી અને રાજ્ય સરકાર, રાજ્યના તમામ લોકોના પ્રાઇવેસી એકટ પ્રમાણે એનું સંપૂર્ણપણે પાલન કરે છે અને એ પ્રમાણે કોઇની વ્યક્તિગત જિંદગીની અંદર ક્યારેય દખલ કરવા માટેનું રાજ્ય સરકારનું પ્લાનિંગ નથી. પણ એમણે જે કહ્યું કે ખોટા આઇ.પી. એડ્રેસના માધ્યમથી આ પ્રમાણેનો મીસયુઝ કરે છે એના સંદર્ભમાં આપણે આમાં જોયું છે કે કેટલાક ગુનાઓમાં એફ.આઇ.આર. થઇ છે, કેટલાક ગુનાઓમાં પકડાયા છે અને કેટલાક ગુનાઓમાં હજી સુધી નથી પકડાયા. આમાં વિદેશના લોકો પણ અને વિદેશના સર્વર અને એ સર્વરની અંદર પણ ડૂપ્લીકેટ સર્વર હોય છે એટલે આની માહિતી એકત્રિત કરવી અને માત્ર રાજ્ય સરકારની એજન્સીઓ અથવા રાજ્ય સરકારની એકલી મશીનરીઓથી આ પૂરતું નથી, આ ઇન્ટરનેશનલ એજન્સીઓ સાથે પણ આપણે કો-ઓર્ડીનેશન કરીને એના આધાર ઉપર આપણે કરીએ છીએ પણ તમારી આ ચિંતા આ પ્રમાણેના ખોટા આઇ.પી. એડ્રેસના માધ્યમથી આવું કરતાં હશે તો તેના સંદર્ભમાં અમે સાયબર ક્રાઇમના માધ્યમથી જે પૂર્તતા કરવી પડતી હશે એ અમે ચોક્કસ કરીશું.

**વલસાડ અને નવસારી જિલ્લામાં/શહેરમાંથી પકડાયેલ ગૌમાંસ અને ગૌવંશ**

*૨૪૪૦૩ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ અને નવસારી જિલ્લા/શહેરમાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યા, | (૧) પત્રક-અ મુજબ. |

**પત્રક-અ**

| **જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક)** | **પકડાયેલ ગૌમાંસનો જથ્થો** | **પકડાયેલ ગૌવંશની સંખ્યા** | | | |
|---|---|---|---|---|---|
| | | **ગાય** | **બળદ** | **વાછરડા** | **આખલા** |
| **તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮** | | | | | |
| વલસાડ શહેર | ૦૨ કિ.ગ્રા. | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વલસાડ જિલ્લો | ૫૦ કિ.ગ્રા. | ૧૩ | ૦૦ | ૦૭ | ૦૦ |
| નવસારી શહેર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| નવસારી જિલ્લો | ૪૫૭ કિલો ૫૦૦ ગ્રામ | ૧૫ | ૦૨ | ૨૭ | ૦૧ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | | | | |
| વલસાડ શહેર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વલસાડ જિલ્લો | ૩૦૦ કિ.ગ્રા. | ૪૪ | ૦૦ | ૨૪ | ૦૦ |
| નવસારી શહેર | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ |
| નવસારી જિલ્લો | ૧૨૫ કિલો | ૪૫ | ૦૦ | ૨૨ | ૦૦ |

| | |
|---|---|
| (૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી, | (૨) પત્રક-બ મુજબ. |

**પત્રક-બ**

| **તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮** | | |
|---|---|---|
| **જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક)** | **ગૌમાંસના જથ્થાના ગુનામાં ધરપકડ કરેલ આરોપીઓની સંખ્યા** | **ગૌવંશના ગુનામાં ધરપકડ કરેલ આરોપીઓની સંખ્યા** |

| | | |
|---|---|---|
| વલસાડ શહેર | ૦૦ | ૦૦ |
| વલસાડ જિલ્લો | ૦૦ | ૨૪ |
| નવસારી શહેર | ૦૦ | ૦૦ |
| નવસારી જિલ્લો | ૧૦ | ૩૬ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | |
| વલસાડ શહેર | ૦૦ | ૦૦ |
| વલસાડ જિલ્લો | ૦૩ | ૩૧ |
| નવસારી શહેર | ૦૦ | ૦૩ |
| નવસારી જિલ્લો | ૦૪ | ૨૫ |

(૩) તેઓ સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે ?

(૪) પત્રક-ક મુજબ.

**પત્રક-ક**

| **તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮** | | |
|---|---|---|
| **જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક)** | **ગૌમાંસના જથ્થાના ગુનામાં ધરપકડ કરવાના બાકી આરોપીઓની સંખ્યા** | **ગૌવંશના ગુનામાં ધરપકડ કરવાના બાકી આરોપીઓની સંખ્યા** |
| વલસાડ શહેર | ૦૧ | ૦૦ |
| વલસાડ જિલ્લો | ૦૦ | ૦૧ |
| નવસારી શહેર | ૦૦ | ૦૦ |
| નવસારી જિલ્લો | ૦૩ | ૦૧ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | |
| વલસાડ શહેર | ૦૦ | ૦૦ |
| વલસાડ જિલ્લો | ૦૦ | ૦૫ |
| નવસારી શહેર | ૦૦ | ૦૦ |
| નવસારી જિલ્લો | ૦૨ | ૦૦ |

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એટલુ જાણવા માગું છું કે, ગૌમાંસ અને ગૌવંશ પકડવા બાબતનો પ્રશ્ન છે ખાસ કરીને વલસાડ અને નવસારી જિલ્લાની અંદર બે જિલ્લાની વાત કરુ તો ૧૩૩૪ કિલો ગૌમાંસ પકડાયેલું છે અને આજની પ્રશ્નોત્તરીની વાત કરુ તો ટોટલ ૨૩ જિલ્લાની અંદર ૧ લાખ ૪૯૦ કિલો ગૌમાંસ પકડાયેલું છે ત્યારે હું મંત્રીશ્રી પાસેથી એટલુ જાણવા માગું છું કે, તેમાં વાહનો કેટલા ડિટેઇન કર્યા છે અને વાહન ડિટેઇન કર્યા પછી તેની છોડવાની પ્રક્રિયા શું છે ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતમાં આ સંવેદનશીલ સરકાર તરીકે પ્રસ્થાપિત થયેલી સરકાર છે અને જે પશુ સંરક્ષણ અધિનિયમ હતો તે અધિનિયમના કેટલાક લુપહોલ્સ હતા એ લુપહોલ્સના કારણે આપણે ગૌહત્યા અને ગૌવંશને બચાવવાની અંદર અસરકારક કામગીરી નહોતાં બચાવી શકયા આ રાજય સરકારે નિર્ણય કર્યો કે ગુજરાતની ધરતી ઉપર જો કોઇ ગાયની દયા ના ખાતું હોય તો સરકાર તેની હરગીઝ દયા ખાવા માટે તૈયાર નથી તેના માટે જે કાયદો હતો એ કાયદાની અંદર આજીવન કેદની સજા ફરમાવતો કાયદો એ ગુજરાતની વિધાનસભાની અંદર મંજૂર કરવામાં આવ્યો. જો કોઇ વ્હિકલ આના સંદર્ભની અંદર પકડાય તો એ વ્હિકલને રાજયસાત કરવામાં આવ્યુ અને આ ગુન્હાની અંદર તેનુ કોઇ પણ સંગ્રહ કરે, કોઇ પણ કતલ કરે અથવા કોઇ વાહન હોય આની અંદર સંકળાયેલા તમામે તમામ લોકોનો બિન-જામીનપાત્ર તે રાજય સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યુ છે એટલે રાજય સરકારની ગુજરાતની ગાયો અને ગૌવંશની રક્ષા કરવા માટે અમારી કટિબદ્ધતા છે અને સાથે સાથે એ દિશાની અંદર જયારથી આ કાયદો અમલમાં આવ્યો છે ત્યારથી આનો ક્રમશઃ અગાઉની સાપેક્ષમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા જે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે કેટલા વાહનો પકડવામાં આવ્યા તો એ વાહનોના સંદર્ભમાં વર્ષ ૨૦૧૮ અને વર્ષ ૨૦૧૯માં વાહનોની સંખ્યા ઘણી છે પણ બધી ઉંડાણમાં ના કહેતા લાંબો સમય નહીં લઉં પરંતુ વર્ષ ૨૦૧૮માં વલસાડ અને નવસારીમાં કુલ-૨૨ વાહનો પકડવામાં આવ્યા અને વર્ષ ૨૦૧૯માં ૩૧ વાહનો પકડવામાં આવ્યા અને વાહનોના જુદા જુદા પ્રકાર છે એમ કરીને આ વાહનો પકડવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : તેમણે એવું પૂછ્યું કે છોડવાની પ્રક્રિયા શું ? ખરેખર છોડવાની નહીં પણ નાછૂટે તેની પ્રક્રિયા પૂછવી જોઇએ એટલે આ પ્રશ્ન હું એલાઉ કરતો નથી.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગાયને હિંદુ શાસ્ત્રોમાં પવિત્ર માનવામાં આવે છે અને મને જણાવતા આનંદ પણ થાય છે કે આ વખતના બજેટમાં આદરણીય મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રીને અભિનંદન પણ આપવાની હું ચેષ્ટા કરું છું કારણ કે ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ

વળે તેને માટેની યોજનાની જાહેરાત પણ આ બજેટમાં કરવામાં આવી છે ત્યારે હું પૂછવા માગું છું કે વલસાડ અને નવસારી જિલ્લામાં આવી ગાયોની હત્યા કરવાવાળા લોકો કોણ છે, કોને પકડવામાં આવ્યા છે ? અને તેના નામ હોય તો આપવા વિનંતી કરું છું અને પકડવાના બાકીના હોય તો કોણ બાકી છે ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પિયુષભાઇએ જે પ્રશ્ન કર્યો છે.

અધ્યક્ષશ્રી : કોઇના નામ ના આપશો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે ધારાસભ્યશ્રી તરીકે માગેલ છે અને તેમાં બધા જ છે.

અધ્યક્ષશ્રી : તેમને લીસ્ટ આપી દેજો પણ અહીંયા જાહેરમાં નામ ઉચ્ચારવા ઠીક નહીં.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી જીતુભાઇને ખબર પડે કે આ કયા કક્ષાના લોકો ગુજરાતની અંદર ગાયોની હત્યા કરે છે અને ગાયની હત્યા કરવાવાળા લોકોને તો સમાજની વચ્ચે ઉઘાડા પાડવા જ જોઇએ. આપ જો અનુમતિ આપો તો મારે કહેવું છે. કેમ કે આ ગાયની હત્યાનો સવાલ છે. અમે તો ગાયમાં તેત્રીસ કરોડ દેવતાઓનો વાસ સમજી છીએ. ગાય અમારી આસ્થાનું પ્રતિક છે. અમારી શ્રદ્ધાનું પ્રતિક છે, માનનીય અધ્યક્ષશ્રી આપ એલાઉ કરો તો મારે નામ કહેવા છે.

અધ્યક્ષશ્રી : આખું લીસ્ટ લાંબુ છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ના લાંબુ લીસ્ટ નથી. ૬–૭ નામો છે.

અધ્યક્ષશ્રી : હા બોલો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લાના જે છે એમાં શેખ શબાના અલ્લારખ્ખા, હસીલા અખતર રહેમાન, વસીમભાઇ કોકણી, જાખીર અલ્લારખ્ખુ શેખ, નવસારી જિલ્લાના જે પાંચ આરોપી છે એમાં શ્રી પિયુષભાઇ જયાંથી આવે છે એમાં ઇબ્રાહીમ મોહંમદ હાફ જલાલપોરના છે. ઇમરાન ગુલામ રસુલ, નવસારીના છે. મહેબુબ વાપી, ઇમ્તીઆઝ મુલ્લા એક માંગરોળના છે. આ પ્રકારના છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગૌમાતાના નામે ખૂબ રાજકીય વાતો અને રાજકારણ થાય છે. મા ઉમિયાનું વાહન એ ગાય છે. માનનીય મંત્રીશ્રીએ ખૂબ લંબાણપૂર્વક અને માનનીય સભ્યશ્રીએ વ્યકિતઓના નામ પણ માંગ્યા. આ રાજયમાં ગૌવંશનો કાયદો ઘડયા પછી પણ કાયદાનો અમલ કેટલો થાય છે? જેમ દારૂ બંધીનો કાયદો છે પણ એનો અમલ કચ્છ અને સુરતમાં કઇ રીતે થાય છે એ આપણે સૌ જાણીએ છીએ. ગાયની વાતો કરવી અને ગાય પર રાજકારણ કરવું, આજની આ વિધાનસભાની પ્રશ્નોત્તરીની અંદર અમારા સભ્યો દ્વારા અલગ અલગ જિલ્લાઓના પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. બે વર્ષની અંદર...

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાનો નિયમ છે કે બધા પ્રશ્નો ક્લબ કરીને ન પૂછી શકાય. સ્કોપની બહારની વાત છે, એટલે આપને વિનંતી કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું બધા પ્રશ્નોને મર્જ કરીને માનનીય મંત્રીશ્રીને મુંઝવણમાં મૂકવા માગતો નથી. હું મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે છેલ્લા બે વર્ષની અંદર ૧ લાખ કિલો કરતાં પણ વધારે ગૌ–માંસ ગાય માતાની કહેવાતી સરકારના રાજયમાં પકડાયું છે. સરકારે કાયદો ઘડયો છે પણ તેનો અમલ થતો નથી. વ્યકિત કઇ છે એ અગત્યનું નથી, આજે પણ રાજયમાં જે જગ્યાએ ગૌ–વંશના જીવતા ઢોરો પકડાય છે એમાં ભારતીય જનતા પાર્ટીના સ્ટીકરવાળા વાહનો પણ પકડાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, આપ સવાલ પૂછો છો કે જવાબ આપો છો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એ જ પૂછું છું. એમણે વાહનોની વાત કરી, ગૌવંશની વાત કરી. તો એ વાહનોના માલિકો કોણ છે, માનનીય મંત્રીશ્રીએ વાહનોની સંખ્યા અત્યારે આપી તે વાહનોના માલિક કોણ હતા, એમનાં નામ શું હતાં એ પણ માનનીય મંત્રીશ્રી આપે અને કાયદો મજબુતાઇથી રાજયમાં લાગુ પડે એના માટે સરકાર શું કરવા માગે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મને દુઃખ ત્યારે થાય છે કે, મતોના તૃષ્ટિકરણની રાજનીતિના કારણે વ્યકિતઓ કઇ કક્ષા સુધી પહોંચી જાય છે. અમે કહીને છીએ કે ગાય અમારી માતા છે અને ગાયના રક્ષણ માટે અમે કટિબદ્ધ છીએ. એટલા માટે અમે કાયદો લાવ્યા. મેં આ સભાગૃહની અંદર જે આરોપીઓનો ઉલ્લેખ કર્યો શું તમે એ લોકોને બચાવવા માગો છો, નક્કી કરવું જોઇએ તમારે એ નિર્ણય કરવો જોઇએ કે તમે ગાયને કાપવાવાળાની સાથે છો કે ગાયને બચાવવા વાળાની સાથે છો?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, હવે એમણે જે પ્રશ્ન પૂછ્યો એનો જવાબ આપો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જેમાં ભારતીય જનતા પાર્ટીના સ્ટીકરો લગાડેલા વાહનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, જવાબ સાંભળો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આ ખોટી વાત છે. મારી પાસે આવા કોઇ વાહનનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. ભારતીય જનતા પાર્ટીના સ્ટીકર વાહન ઉપર લગાડીને તેનો દૂર ઉપયોગ કરી ભારતીય જનતા પાર્ટીને બદનામ કરવાવાળા લોકો

છે. જે પક્ષના લોકો, તમારામાં તાકાત હોય તો તમે તે દિવસે આ કાયદાને સંપૂર્ણપણે સમર્થન કેમ નહોતું કર્યું? એ પૂછવા માગું છું. વાહનોના સંદર્ભમાં માનનીય શૈલેષભાઇએ વાત કરી એમાં મેં કહ્યું કે મારી પાસે આંકડો છે કે ૨૬ વાહનો, ૧૧ રાજયસાત કરવામાં આવે છે. હાઇપોકીથેશનવાળા વાહનોની પ્રક્રિયા હાલ ચાલુ છે.

અધ્યક્ષશ્રી : નામો આપો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : નામો મારી પાસે હાલ નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે આ ગૌ રક્ષાનો કાયદો પણ કોંગ્રેસ સરકાર લાવી હતી. આજે પણ રાજયમાં ગૌશાળામાં ગાયો ભૂખે મરે છે, વિતેલા વર્ષોમાં ૬ થી ૧૦ના ઉપલબ્ધ આંકડા મુજબ ૪૯૨ કરોડ ચોરસ મીટર સરકારી ખરાબો પડતર અને ગૌચરની જમીન આપણે ખાનગી ખોળે ધરી દીધી છે. ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં આજે પીન્ક રીવોલ્યુશનથી મીટ એકસપોર્ટમાં ભારત નંબર વન તરફ આગળ વધી રહ્યું છે. અને એમાંય આ ગરવી ગુજરાતમાં ગાય માતા ભૂખે મરે અને ૧ લાખ કિલો ગૌ માંસ પકડાયું એવું સરકારે સ્વીકાર્યું છે. માનનીય ગૃહમંત્રીશ્રીને વિનંતી કરું છું....

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો વાંધો છે, આ પ્રશ્નના જવાબમાં અમે સ્પષ્ટ કર્યું છે. ૧ લાખ કિલોનો કયાંય પણ મેં ઉલ્લેખ કર્યો નથી. આ પ્રશ્નને સુસંગત એ શબ્દો નથી.

અધ્યક્ષશ્રી : આપે એવો કોઇ જવાબ આપ્યો નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી એટલી કરવા માગું છું કે તમે આંકડાથી ગભરાવ નહીં. એક પણ કિલો ગાયનું માંસ ગુજરાતમાં પકડાય તો પકડાયેલો માણસ થર થર કાપે એવી નીતિ છે, એની અમલવારીમાં કયાંકને કયાંક ઉણપ છે. આ સરકારની નીતિની અમલવારીની ઉણપના કારણે આ સ્થિતિ ઉભી થઇ ત્યારે મારી એટલી વિનંતી છે કે ગાયોના નામે રાજકારણ ભલે કરો. પણ ગૌ માતાને જીવાડવા માટે થઇને સરકારે એ નીતિનો કડકમાં કડક અમલ કરવા માટે સંકલ્પબદ્ધ થવું છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર હું ફરીથી કહું છું કે આ શ્રી વિજયભાઇ રૂપાણીની સરકાર ગાયોની રક્ષા કરવા માટે કટ્ટીબદ્ધ છે. પણ હું સાથે સાથે વિપક્ષના નેતાને કહેવા માગું છું કે જયારે કસાઇઓ પકડાય ત્યારે તેને છોડાવવા માટે પોલીસ સ્ટેશનમાં કોઇ ભલામણ કરવા માટે જશો નહીં. કોઇ ભલામણ ન કરતા. ભૂતકાળની અંદર જયારે કોંગ્રેસનું શાસન હતું.

અધ્યક્ષશ્રી : આપણે કટ્ટીબદ્ધ છીએ કે નહીં?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : એક જ લીટીમાં કહેવું છે, આ સરકાર જેટલી ભગવાન રામ માટે કટ્ટીબદ્ધ છે એટલી જ આ ગૌ રક્ષા માટે પણ કટ્ટીબદ્ધ છે.

**અરવલ્લી અને ગાંધીનગર જિલ્લામાં કાર્યરત જી.આઇ.ડી.સી.**

*૨૪૨૫૬ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી જી.આઇ.ડી.સી. કાર્યરત છે,

**જવાબ**

(૧)

| જિલ્લો | તાલુકો | કાર્યરત જી.આઇ. ડી.સી.ની સંખ્યા |
|---|---|---|
| અરવલ્લી | મોડાસા | ૦૧ |
| | ભિલોડા | ૦૧ |
| | માલપુર | ૦૧ |
| ગાંધીનગર | ગાંધીનગર | ૦૫ |
| | કલોલ | ૦૨ |
| | માણસા | ૦૧ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર એકપણ જી.આઇ.ડી.સી. ન હોય તેવા તાલુકા કેટલા છે, અને

(૨) અરવલ્લી – ૦૩
ગાંધીનગર–૦૦

(૩) ઉક્ત જી.આઇ.ડી.સી. પૈકી છેલ્લાં બે વર્ષમાં કેટલી નવી જી.આઇ.ડી.સી. સ્થાપવામાં આવી ?

(૩) એકપણ નહીં.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે અરવલ્લી જિલ્લામાં કયા કયા તાલુકામાં જી.આઇ.ડી.સી. છે? એ પ્રશ્નના જવાબમાં અરવલ્લી જિલ્લામાં બાયડ તાલુકામાં જી. આઇ. ડી. સી. બની નથી. બાયડ તાલુકો એવો છે કે ઓ.બી.સી. ના લોકો, ઠાકોર લોકો અને આદિવાસી ગરીબ લોકો રહે છે. ઘણા સમયથી ત્યાં જી. આઇ.ડી. સી. બનાવવા માટેની માગણી છે. તો બાયડમાં જી. આઇ.ડી.સી. બનાવવા માગો છો કે કેમ? બીજો મારો પ્રશ્ન એ છે કે ખાસ કરીને

પણ માનનીય વડાપ્રધાન મારા મત વિસ્તારમાં ખેડબ્રહ્મામાં આવ્યા ત્યારે એમને વાત કરી હતી અને ખેડબ્રહ્મા ખાતે જી.આઇ.ડી.સી. બનાવવા માટે.દરખાસ્ત પણ કેટલીય વખત મંગાવી હતી તે પણ પેન્ડિંગછે. ત્યાં પણ મોટા ભાગના ટ્રાયબલ લોકો છે તો ખેડબ્રહ્મામાં જી.આઇ.ડી.સી. સ્થાપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : રાજયની અંદર ઘણા બધા તાલુકાઓને જી.આઇ.ડી.સી. છે. માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગિફ્ટ સિટીમાં જી.આઇ.ડી.સી. કોઇ પ્રવૃતિ કરવા માગે છે કે કેમ? જો હા હોય તો એની વિગતો આપવામાં આવે. બીજો પ્રશ્ન છે કે જી.આઇ.ડી.સી.માં ઉદ્યોગો સ્થાપવાના શું શું લાભ છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગિફ્ટ સિટીનો વિષય છે એ આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ ગુજરાતમાં ખૂબ મોટા પ્રમાણમાં રોજગારી મળે એ પ્રમાણે આ વ્યવસ્થા ઉભી કરી હતી. આજે ભારત દેશનું સૌથી મોટું ફાઇનાન્સિયલ હબ આ ગિફ્ટ સિટીમાં ઉભું થવાના આરે છે અને એમાં ૬૯૦ એકર જગ્યા આજે ગાંધીનગર જિલ્લાની અંદર ફાળવવામાં આવેલી છે. ઘણી બધી કંપનીઓ ઓપરેશનલ પણ થઇ ગઇ છે એમાં ટાટા કન્સલ્ટન્સી, બેંક ઓફ બરોડા, ઑરેકલ, ટાટા કેમિકલ્સ, બેંક ઓફ અમેરિકાથી માંડીને આજની તારીખમાં દસ લાખને રોજગારી ગિફ્ટ સિટીમાં પ્રાપ્ત થઇ રહી છે. ગિફ્ટ સિટી માટે ખાસ કરીને જે.સી.આર, આઇ.ટી. એસોસીએશન દ્વારા માગણી કરવામાં આવી હતી કે નાના નાના ભણેલા લોકોને ગિફ્ટ સિટીમાં ઓફિસ સ્પેસ જોઇતી હોય અને કામગીરી કરવી હોય તે લોકોને કોઇ તક નથી મળતી અને એટલે જી.આઇ.ડી.સી.એ પહેલ કરી અને એમાં આજની તારીખમાં છ લાખ સ્કેવર ફૂટ ફેઇઝ–૧માં બાંધવાનું નક્કી કરેલ છે અને એમાં ટેબલ સ્પેસ જે યંગ એન્જિનિયર હોય જે યંગ એન્ટરપ્રિનિયર હોય જે યંગસ્ટર હોય જે ડાયરેકટ ગિફ્ટ સિટીમાં જમીન ભાડે લઇ શકતા નથી કે બાંધકામની અંદર એ લોકો ખરીદ કરી શકતા નથી એવા લોકોને તક આપવા માટે જી.આઇ.ડી.સી. આગળ વધી રહી છે અને એની અંદર બિલ્ટઅપ અને હાઇ વ્હાઇટ કોલર લોકોને સેલ્ફ એપ્લોયમેન્ટ મળે, વ્હાઇટ કોલર લોકોને રોજગારી મળે એના માટે એ લોકોએ એક ટેક હબ બનાવવાનું નક્કી કર્યું છે અને તેના ત્રણ ટેન્ડર બિડ બહાર પાડ્યા છે ત્રણ બિડ આવ્યા છે એ થશે એટલે છ લાખ સ્કેવર ફિટનું બાંધકામનું કામ આગળ વધારવામાં આવશે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું સાબરકાંઠા અને બનાસકાંઠામાં જી.આઇ.ડી.સી. થાય એ માટેનો આ પ્રશ્ન છે પરંતુ એ જ રીતે મારા મત વિસ્તારની અંદર હમીરગઢ અને દાંતાના પાડોશી રાજસ્થાન અને સાબરકાંઠાને જોડતો વિસ્તાર છે ત્યાં જી.આઇ.ડી.સી. નવેસરથી લાગુ કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગાંધીનગર અને અરવલ્લી જિલ્લાનો પ્રશ્ન છે અને સાબરકાંઠાનો પ્રશ્ન બીજો પૂછાયેલો છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, મારે ત્યાં નરોડા, વટવા, કઠવાડા, ઓઢવ જી.આઇ.ડી.સી. આવેલી છે. આ બધી જ જી.આઇ.ડી.સી.ઓ પેક થઇ ગઇ છે એટલે આગળ કણભા, કુજાડ, મીરઝાપુર આ બધી જગ્યાએ નવા પ્રાઇવેટ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક ડેવલપ થાય છે. તો મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ પાર્કોને ઇન્ડસ્ટ્રીયલ ઝોન કરવા માગીએ છીએ અથવા નવી જી.આઇ.ડી.સી.ની રીકવાયરમેન્ટ છે એ કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે અભ્યાસ કરાવી રહ્યા છીએ. ઘણી વખત એવું બને છે કે આપણે જી.આઇ.ડી.સી. એકસસ્ટેન્સ કરીએ છીએ એની પાછળ મોટો ખર્ચા કરીને ઇન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરીને કરીએ છીએ પછી ત્યાં કોઇ ઉદ્યોગવાળા આવતા નથી અને ખોટો ખર્ચો થાય છે એટલે આપણે એક સંસ્થાને અભ્યાસ માટે આપ્યું છે એનો પ્રાથમિક રિપોર્ટ આવ્યો છે એનો ફાઇનલ રિપોર્ટ આવે એટલે જયાં જયાં કરવાની થશે ત્યાં આપણે જી.આઇ.ડી.સી. કરીશું.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે રાજય સરકારે વર્ષ ૨૦૦૯માં આ ગૃહમાં જ ખાતરી આપી હતી કે દરેક તાલુકા મથકે કમસે કમ એક જી.આઇ.ડી.સી. હોવી જોઇએ. જેમ કોલેજો માટે પણ એવી એક રજૂઆત કરી હતી એટલે દરેક તાલુકા મથકે કોલેજ હોવી જોઇએ તેવી રજૂઆત થયેલી અને એની ખાતરી આપેલી તેમ છતાં આજ દિન સુધી સમગ્ર ગુજરાતમાં ૧૦૬ એવા તાલુકા છે જયાં જી.આઇ.ડી.સી. નથી. અમારો ટ્રાયબલ વિસ્તાર છે એમાં શામળાજી નેશનલ હાઇવે ઉપર છે પાણીની સગવડ છે, ડેમ છે અને ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ થઇ ગયેલ છે અને મજૂરો પણ મળી શકે તેમ છે. તો આવા વિસ્તારોમાં અમારા મેઘરજ અને શામળાજીમાં જી.આઇ.ડી.સી. ખોલવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દરેક તાલુકામાં આપણે જી.આઇ.ડી.સી. કરીએ. માનનીય અધ્યક્ષશ્રી, આપણે જેને કહ્યું કે, દરેક તાલુકાની અંદર આપણે જી.આઇ.સી.સી. કરીએ તો સ્વાભાવિક છે કે, ઘણી જગ્યાએ જી.આઇ.સી.સી. કરીએ તો પણ લોકો આવતા નથી પણ દા.ત. હું કહું કે, આજની તારીખમાં ૧૨ જી.આઇ.સી.સી. એવી છે કે, જે અમરેલીમાં, દાહોદમાં, ભૂજમાં, રાજપીપળા, ગોધરા, પાટણ, વ્યારા, વલસાડ કે જેની અંદર ખૂબ મોટા પ્રમાણમાં રોડ – રસ્તા, પાણી, ગટર બનાવી દીધા છે પરંતુ ત્યાં કોઇ એન્ટરપ્રિન્યોર આજની તારીખમાં આવતું નથી એટલે નોન ફંક્શનલ જી.આઇ.સી.સી. છે. આપણે એવી પસંદગી કરીએ છીએ કે, જયાં એન્ટરપ્રિન્યોર્સ પણ આવે, મૂડી રોકાણ પણ થાય, માગણી પણ હોય અને રોજગારી પણ મળે. આવી રીતે ઘણી બધી ટ્રાયબલ વિસ્તારની અંદર પણ આજે ૩૦ જી.આઇ.સી.સી.ઓ ચાલે છે અને ૩૦ ચાલે છે એ બધી સારી ચાલે છે અને ટ્રાયબલ વિસ્તારમાં પણ રોજગારી મળે છે. એટલે

આજની તારીખમાં રાજ્ય સરકાર ત્રણ રીતથી રોજગારી પૂરી પાડવા ઉદ્યોગોને ડેવલપમેન્ટ કરવા માટે કરે છે. એક છે એસ.આઇ.આર., એક છે એસ.ઇ.ઝેડ અને એક છે જી.આઇ.સી.સી. એટલે જ્યારે મોટા મોટા એસ.આઇ.આર. કરતા હોઇએ છીએ ત્યારે મોટી મોટી મલ્ટી નેશનલ કંપનીઓ આવે છે અને મલ્ટી નેશનલ કંપનીઓના કારણે એન્સીલીયરી પણ આવે છે. આપ જે વાત કરો છો, નાના જી.આઇ.સી.સી.માં માત્રને માત્ર લોકલ લોકોને એન્સીલીયરી યુનિટ આવે એ પ્રમાણેની વ્યવસ્થા થાય.

ડૉ. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર શહેરમાં નોન પોલ્યુશન યુનિટો શરૂ કરવા જી.આઇ.ડી.સી. શરૂ થઇ. આજે એ જી.આઇ.ડી.સી.માં ઇન્ડસ્ટ્રીઝના બદલે અને આઇ.ટી. ડેવલપમેન્ટના બદલે ત્યાં નોન ઇન્ડસ્ટ્રીયલ ઉપયોગો થયા છે અને મોટા ભાગે રેસિડેન્સ બની રહ્યા છે. તો ખરેખર કેટલા યુનિટો સ્થાપવાની જી.આઇ.ડી.સી. હતી અને હાલ કેટલા બંધ છે અને કેટલા યુનિટોમાં ઇન્ડસ્ટ્રીઝ સિવાયના ઉપયોગમાં લેવામાં આવી રહી છે? એ માનનીય મંત્રીશ્રી જણાવે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરની અંદર ગાંધીનગર ઇલેક્ટ્રોનિક્સ એસ્ટેટ છે, જેની અંદર જે ઇન્ડસ્ટ્રીઝ છે એનાથી ૧૦,૧૩૦ લોકોને રોજગારી મળી છે, ૬૫૦ પ્લોટો એલોકેટ કર્યા છે અને નોન યુટિલાઇઝ પ્લોટ ખાલી ૫૯ છે અને એસ્ટેટ સ્ટેચ્યુરેટેટ છે. ગાંધીનગરની એન્જિનિયરીંગમાં પણ ૩૦ હેકટરની એસ્ટેટ જે પણ સ્ટેચ્યુરેટેટ છે, એન્જિનિયરીંગ અને ફેબ્રીકસ છે. ગાંધીનગરની એસ.ઇ.ઝેડ ઇલેક્ટ્રોનિક્સ ઉભી કરી છે એની અંદર ટાઇપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ, પી.સી.બી. એન્જિનિયરીંગ છે અને એની અંદર આજની તારીખમાં પ્લોટ ઉપલબ્ધ છે અને એની અંદર અત્યારે નોન સ્ટેચ્યુરેટેટ છે, જેને પણ પ્લોટ જોઇએ એને મળે છે. આઇ.ટી. પાર્ક પણ કરેલો છે એની અંદર પણ ૧૨ પ્લોટોમાંથી ૧૧ પ્લોટો આજની તારીખમાં અવાઇલેબલ છે. કોઇ એવી ફરિયાદ આવી નથી કે, આ પ્લોટોની અંદર હાઉસીંગ કોલોની થઇ હોય.

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આજની પ્રશ્નોત્તરીમાં મારો પ્રશ્ન નં ૭૯ છે, મારા મત વિસ્તારમાં કાકુશી ગામ આવેલું છે ત્યાં ૧૦થી ૧૨ હજાર જેટલી વસ્તી છે અને આજુબાજુના ૨૫ ગામડાઓમાં નાનો–મોટો ધંધો કરવામાં આવે છે. માનનીય મુખ્યમંત્રીશ્રીને મેં એક વખત કાગળ પણ લખ્યો હતો. તો કાકુશી ગામે જી.આઇ.ડી.સી. સ્થાપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું અભ્યાસ કરીને જોઇ લઇશ કે, શું પરિસ્થિતિ છે. મારી પાસે અત્યારે એનો જવાબ નથી.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રી પાસેથી જાણવા માગું છું કે, હમણાં એક પ્રશ્નના જવાબમાં એમણે કહ્યું કે, જી.આઇ.ડી.સી. બનાવીએ છીએ, વેપારીઓ આવતા નથી. જો ધોરાજી–ઉપલેટામાં વેપારીઓ તમે જે જી.આઇ.ડી.સી. બનાવો તે તમામ પ્લોટો લઇ અને ત્યાં ઉદ્યોગો સ્થાપવા માટેની લેખિતમાં ખાતરી આપે તો તમે ત્યાં જી.આઇ.ડી.સી. બનાવવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસ આપે જે વિષય મૂક્યો છે એમાં સો ટકા અમે આગળ વધીશું અને ઘણા બધા વિસ્તારોની અંદર રાજકોટની અંદર પણ આપણે જોવા જઇએ તો લોધિકાની અંદર નવી એસ્ટેટ કરવાની વિચારણા કરવા જઇ રહ્યા છીએ. ઘણા બધા વિસ્તારો છે, ચોક્કસ અને સરકારી જગ્યા નહીં મળે તો પણ આપણે નવી નીતિ પ્રમાણે કન્સેન્ટ દ્વારા ખેડૂતોની કન્સેન્ટ લઇને ખેડૂતોની બજાર ભાવથી આપણે જમીન લઇ અને આપણે એસ્ટેટ બનાવીએ છીએ અને આજની તારીખમાં ઘણી બધી એસ્ટેટો એવી છે કે, કન્સેન્ટ દ્વારા બનાવી છે. ખેડૂતોને બજાર ભાવ મળે અને ખુશ થાય અને ત્યાં એસ્ટેટ બને, આપણે ચોક્કસ વિચારીશું.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અરવલ્લી જિલ્લામાં કુલ ત્રણ જી.આઇ.ડી.સી. કાર્યરત છે, એમાં કુલ કેટલા એકમો હાલ કાર્યરત છે અને કેટલા એકમો બંધ છે. સરકારશ્રીના પરિપત્ર મુજબ ૮૫ ટકા સ્થાનિકોને રોજગારી પ્રાપ્ત કરવામાં આવે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અરવલ્લી જિલ્લાની અંદર મોડાસા તાલુકામાં ગણેશપુરા, જેની અંદર ૧૨૪ પ્લોટ છે. ૧૨૪ પ્લોટો એલોકેટ કર્યા છે અને કોઇ પણ પ્લોટ અવઇલેબલ નથી. એમાંથી સાત પ્લોટ નોન યુટીલાઇઝ છે અને એન્જિનિયરીંગ, એગ્રીકલ્ચર અને ફૂડ બેઇઝ ઇન્ડસ્ટ્રીઝ આવે છે. સાહેબ, ત્રણ છે. તેમણે માગ્યું છે તે એક જ કહ્યું. બીજું, ભીલોડામાં ૧૫ એકર છે. તેમાં પણ કુલ ૩૩ પ્લોટો આજની તારીખમાં અવેઇલેબલ છે અને ત્રીજું માલપુર છે તેમાં કોઇ પ્લોટ અવેઇલેબલ નથી.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગું છું કે મારા મત વિસ્તાર તળાજામાં બીજો કોઇ પણ ઉદ્યોગ નથી અને એશિયાનું મોટામાં મોટું અલંગ શીપ બ્રેકીંગ યાર્ડ આવેલું છે ત્યારે વિધાનસભાના પ્રથમ સત્રમાં પણ મને શ્રી નીતિનભાઇ સાહેબ દ્વારા ખાતરી આપવામાં આવેલી હતી કે અમે બને એટલી વહેલી તકે તળાજામાં જી.આઇ.ડી.સી. આપીશું. તો આના માટે યોગ્ય કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તળાજાના વિષે વાત કરી. ચોક્કસ જો કદાચ શક્ય હશે અને અમારા નાણા મંત્રીશ્રીએ વાત કરી છે. તો તળાજામાં અભ્યાસ કરી અને ભાવનગરમાં પણ અમારી પાસે લેન્ડ બેંક છે. ભાવનગર તાલુકામાં

નારી ગામ પાસે ૧૧૫ હેક્ટરની લેન્ડ બેંક છે, તો પણ હું આપના વિસ્તારની અંદર તપાસ કરીને જોઈ લઈશ. જો શક્ય હશે તો કરીશું.

**ખેડા અને આણંદ જિલ્લામાં નાગરિકોએ કરેલ આત્મહત્યાના પ્રયાસો**

*૨૪૩૬૧ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર કુલ કેટલા નાગરિકોએ આત્મહત્યા કરી અને કેટલાએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો, | (૧) |

| **તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮** | | |
|---|---|---|
| **જિલ્લા** | **આત્મહત્યા કરી** | **આત્મહત્યાના પ્રયાસો કર્યા** |
| ખેડા | ૧૦૨ | ૮૩ |
| આણંદ | ૧૧૮ | ૧૭૬ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | |
| **જિલ્લા** | **આત્મહત્યા કરી** | **આત્મહત્યાના પ્રયાસો કર્યા** |
| ખેડા | ૯૦ | ૬૧ |
| આણંદ | ૧૧૧ | ૧૩૫ |

(૨) ઉક્ત બનાવો અન્વયે જિલ્લાવાર કેટલા ગુના પોલીસ દફતરે નોંધાયા, અને

(૨)

| **જિલ્લા** | **નોંધાયેલ ગુનાની સંખ્યા** |
|---|---|
| ખેડા | ૦૦ |
| આણંદ | ૦૯ |

(૩) જિલ્લાવાર નોંધાયેલ ગુનાઓ પૈકી કેટલા ગુનાઓ ઉકેલાયા ?

(૩)

| **જિલ્લા** | **ઉકેલાયેલ ગુનાની સંખ્યા** |
|---|---|
| ખેડા | ૦૦ |
| આણંદ | ૦૯ |

શ્રી કાળાભાઈ ૨. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે ખેડા અને આણંદ જિલ્લામાં આત્મહત્યા કરવાના કારણો શા છે? આત્મહત્યા કરવામાં બેરોજગારો કેટલા અને ખેડૂતો કેટલા? આત્મહત્યા કે આત્મહત્યાના પ્રયાસોમાં જે ગુનો નોંધવામાં આવે છે. જવાબમાં જે સંખ્યા દર્શાવવામાં આવી છે તેના કરતા ઓછા ગુના ઉકેલાવાના કારણો કયા છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે અત્યારના સમયમાં દરેક લોકો માનસિક રીતે અનેક નાના મોટા તણાવમાંથી પસાર થતાં હોય છે. પદ, પ્રતિષ્ઠા અને પૈસા. તેને પામવાની લાલસા ઉપરાંત લોકોની સહનશક્તિ પણ દિનપ્રતિદિન ઘટતી જાય છે. નાની સરખી બાબતમાં પણ લાગી આવવાના કારણે આત્મહત્યાના કિસ્સા બનતા હોય છે. ઘણાં વિદ્યાર્થીઓ પોતાનું નબળું પરિણામ, કૌટુંબિક ઝઘડા, લગ્નેતર સંબંધો, આર્થિક સંકડામણ આવા અનેકવિધ કારણોના લીધે આત્મહત્યાઓ થતી હોય છે. માનનીય સભ્યશ્રીએ જે પૂછ્યું છે એના પ્રશ્નના જવાબમાં હું એવું ચોક્કસ કહીશ કે હવે સુપ્રીમ કોર્ટ દ્વારા આત્મહત્યા કરવાવાળાને ગુનાની પરિભાષામાં ગણતા નથી. માત્ર આત્મહત્યાના પ્રયાસ અંગે મેન્ટલ હેલ્થકેર એક્ટ–૨૦૧૭ની કલમ–૧૧૫ મુજબ જે પણ વ્યક્તિ આત્મહત્યાનો પ્રયાસ કરે તો એવું માની લેવામાં આવશે કે તે વ્યક્તિ ગંભીર આઘાત, ગંભીર તણાવ અને તેમની વિરુદ્ધમાં ફોજદારી કાયદા મુજબ કામ ચલાવવામાં આવશે નહીં. પરંતુ કોઈ દુષ્પ્રેરણાના કારણે તેને આત્મહત્યા કરવા માટેની ફરજ પડી હોય તો એવા કિસ્સાની અંદર ચોક્કસ આપણે ગુનો દાખલ કરીએ છીએ. આપના દ્વારા ખેડા અને આણંદના કારણો કહ્યા છે, કારણો ઘણા છે પરંતુ હું જો કહું તો બિમારી, પ્રેમસંબંધ, પરિવારિક સમસ્યાઓ, સ્વજનના મૃત્યુથી, આર્થિક સંકડામણ, સાયન્સ રાખેલ હોઈ ટેન્શનમાં આવી જવાથી, લગ્ન ન થતા હોવાથી..

અધ્યક્ષશ્રી : આમ તો કારણો નથી પૂછ્યા.

પ્રદિપસિંહ ભ. જાડેજા : પૂછ્યા છે.

અધ્યક્ષશ્રી : આપણે આટલા બધા સાંભળવાના છે? મને વાંધો નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : કૌટુંબિક કારણો હોય, મગજની..

અધ્યક્ષશ્રી : પછી તમે વાંધો ન પાડતા! આટલી જ વાત છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એમને જે જવાબ જોઈએ છે તે આમાં નથી. એટલે તમારે વંચાવવું હોય તો બધું વાંચી જઈશ. મગજની બિમારીથી કંટાળીને, ગૃહ કંકાસ. કોઈને મનમાં લાગી આવતા, કામધંધો કરતા ન હોવાથી પિતાએ ઠપકો આપતા દવા પી જવી, આમ અલગ અલગ પ્રકારના કારણોના લીધે આત્મહત્યા કરે છે. તેમણે જે કહ્યું કે કુલ ૮

ઘટના છે. તેમાં દુષ્પ્રેરણાના કારણે જે ગુના દાખલ કર્યા હતા. મારી પાસે સાતેય ઘટના છે. દુષ્પ્રેરણાના કારણો પણ છે. પોલીસે કરેલી કાર્યવાહી છે. એક ઘટના એવી છે કે જે શરૂઆતમાં આત્મહત્યા સ્વરૂપે નોંધાઇ હતી. પરંતુ પાછળથી એને ૩૦૨ની અંદર કન્વર્ટ કરવામાં આવી છે એના કારણે એક ગુનાની વિગત આની અંદર ઓછી છે. જે વાત કરી છે ખેડૂતો માટેની ખેડા અને આણંદની અંદર એક પણ કિસ્સો ખેડૂતોએ પોતાના ખેતીના કામના કારણે કોઇ સમસ્યા થઇ હોય અને આત્મહત્યા કરવી પડી હોય એવો એક પણ કિસ્સો નથી અને ખેડા અને આણંદની અંદર બેરોજગારીના સંદર્ભમાં એક પણ બેરોજગારે એની બેરોજગારીના કારણે આત્મહત્યા કરેલી હોય એવો એક પણ કિસ્સો નથી.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આત્મહત્યાના બનાવો બનતા અટકાવવા માટે શું કાર્યવાહી હાથ ધરવામાં આવે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનસિંહભાઇએ એકદમ સંવેદનશીલ પ્રશ્ન પૂછયો છે અને રાજય સરકાર પૂરી સંવેદનાથી રાજયમાં કોઇપણ આ પ્રકારની માનસીકતાના કારણે આત્મહત્યા કરવા માટે ન પ્રેરાય એના માટે બે–ત્રણ રીતે પ્રયાસ કરે છે. સામાન્ય રીતે દરેક વ્યકિતના જીવનમાં નાનું મોટું ડિપ્રેશન આવતું હોય છે અને એ ડિપ્રેશનના કારણે એ માનસિક બિમારીનો શિકાર બનતા હોય છે. પરંતુ કોઇ પોતાની જાતે પોતે માનસિક બિમાર છે એવું સ્વીકારતા નથી અને ક્રમશઃ એના કારણે એના રોગમાં વધારો થવાથી આ સ્ટેજે પહોંચે છે પણ રાજયના મહિલા વિભાગ દ્વારા ૧૮૧ જે અભયમ્ હેલ્પ લાઇન છે એમાં કોઇ આ પ્રમાણેનો માનસિક તણાવવાળો વ્યકિત ફોન કરે તો એ ૧૮૧માંથી ૧૦૪ નંબરમાં એ ટ્રાન્સફર કરવામાં આવે છે. ૧૦૪ નંબરમાં ટ્રાન્સફર કરી ત્યાં એનું કાઉન્સિલીંગ કરવામાં આવે છે. આ ટોલ ફ્રી હેલ્પલાઇન છે અને એ ૨૪ કલાક અને કાયમ માટે કાર્યરત છે. વર્ષ ૨૦૧૭થી આ શરૂ થઇ છે અને આમાં અત્યાર સુધીમાં ઘણા કાઉન્સિલીંગના કિસ્સાને કારણે એમાં સફળતા મળી છે. આ મહિલા વિભાગ દ્વારા કરવામાં આવે છે. રાજયના આરોગ્ય વિભાગ દ્વારા તા.૨૩–૧૦–૨૦૧૭ના રોજ નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા રાજયમાં સ્પીરીટ પ્રોજેકટ શરૂ કરવામાં આવ્યો, જેમાં સ્યુસાઇડ પ્રીવેન્શન એન્ડ ઇમ્પલીમેન્ટેશન રીસર્ચ ઇનીસીએટીવ એના આંતરરાષ્ટ્રીય તજજ્ઞોની સહાયથી આ આત્મહત્યા નિવારણ કાઉન્સેલીંગ અને સંશોધન કાર્યક્રમ હાથમાં લેવામાં આવ્યો છે અને એના માધ્યમથી પ્રાયોગિક ધોરણે મહેસાણા અને રાજયના અનેક ભાગોમાં રાજયના ધો.૮, ૯ અને ૧૦ના બાળકોને એના યુથ અવેર ઓફ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામના માધ્યમથી કરવામાં આવ્યું છે. આ ઉપરાંત એક જીવન આસ્થા હેલ્પલાઇન છે એ એન.જી.ઓ. દ્વારા ચાલે છે. ઘણી ઉત્તમ પ્રકારની કામગીરી કરે છે. એમાં પણ મનોચિકિત્સકના માધ્યમથી ૨૪ કલાક અને ૩૬૫ દિવસ ઉપલબ્ધ છે અને આ હેલ્પલાઇનમાં વર્ષ ૨૦૧૮માં ૧૧,૭૮૦, વર્ષ ૨૦૧૯માં ૧૬,૨૮૩ કોલ દ્વારા મદદ કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : આંકડા નથી પૂછયા. માનનીય નિરંજનભાઇ...એ કયારના હાથ ઉંચો કરે છે એટલે મેં તક આપી, (અંતરાય) હા, તમે અંદર અંદર સમજી લો તો મને વાંધો નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રીએ ખૂબ વિસ્તૃત વાત કરી છે પણ મારી પાસે ઉપલબ્ધ સરકારી આકડા મુજબ પહેલી જાન્યુઆરી ૨૦૧૮થી તા.૩૧ ડિસેમ્બર ૨૦૧૯ની વચ્ચે રાજયમાં ૧૪,૭૦૨ આત્મહત્યાના બનાવો, ૪૪૦૮૧ અપમૃત્યુ, ૨૯૨૯૮ આકસ્મિક મૃત્યુ સહિત ૮૮,૦૮૧ અકુદરતી મૃત્યુ નોંધાયા હોય એવું સરકારે સ્વીકાર્યું છે. આ મુજબ પ્રતિ દિવસ ૧૨૦ લોકો અકુદરતી રીતે મૃત્યુ પામી રહ્યા છે. પ્રતિ કલાક ૫ લોકો મૃત્યુ પામી રહ્યા છે અને દર ૧૨ મિનિટે એક માણસ અકુદરતી રીતે મૃત્યુ પામે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને માત્ર એટલું જ પૂછવું છે કે આત્મહત્યાઓ જયારે આઇ.પી.સી. ૩૦૯ નીચે નોંધાતી હોય છે અને જયારે કોઇ ભૂલથી દવા પી જાય, ભૂલથી સળગી જાય, ભૂલથી કૂવામાં પડી જાય તો એને સી.આર.પી.સી. ૧૭૪ નીચે આપણે અપમૃત્યુ માનીએ છીએ એ માનનીય મંત્રીશ્રી સ્વીકારશે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછોને, તમે એલ.એલ.બી. કર્યું છે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને એટલું પૂછવું છે કે જયારે પોલીસ ચોપડે જાણવા જોગ નોંધ પડે તો એના કોસ્ટક મુજબ, આપ પણ સાહેબ વકીલ છો. વ્યક્તિનું નામ હોય છે, એનો વ્યવસાય હોય, ઉંમર અને સરનામું હોય છે. એના વ્યવસાય કે ધંધાના ખાનામાં એણે ખેતી લખ્યું હોય તો એવી વ્યક્તિને આપણે આત્મહત્યાના આંકડામાં સમાવીએ છીએ કે કેમ? રાજયમાં ૭/૧૨, ૮–અ અને ૬ નંબરમાં નોંધાયેલ ખેડૂતો પણ આત્મહત્યા કરે તો આ સરકાર જ્યાં સુધી ખેતીના કારણોથી આત્મહત્યા કરી છે એવું પોલીસના ચોપડે પ્રસ્થાપિત ન થાય તો એ ખેડૂત ગણતા નથી. બીજી તરફ રાજ્યમાં ઓછું ઉત્પાદન, પોષણક્ષમ ભાવનો અભાવ અને આર્થિક સંકડામણના કારણે કેટલાય ખેડૂતોએ આત્મહત્યાઓ કરેલ છે. મારો પ્રશ્ન એટલો છે કે પોલીસ ફરિયાદમાં વ્યવસાયના ખાનામાં ખેતી કામ લખેલ હોય એવા વ્યક્તિને આપણે ખેડૂત ગણીએ છીએ કે કેમ?

અધ્યક્ષશ્રી : ટૂંકમાં જવાબ આપી દો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે લાંબો પ્રશ્ન કર્યો છે એટલે મારે લાંબો જવાબ આપવો પડે. વિપક્ષના નેતાને અસંતોષ થાય એવું સત્તાધારી પક્ષ કરવા માગતો જ નથી. અમે એમને સંપૂર્ણપણે સંતોષ થાય એના માટે બેઠા

છીએ. પહેલા તો એ કહેવા માગું છું કે, માનસિક આપઘાત એ માનસિક તણાવના કારણે આપઘાત કરતી એક સ્થિતિ છે. મારી પાસે પાઇ ચાર્ટ છે અને એમાં કયા કારણોસર આત્મહત્યા થાય છે એ પાઇ ચાર્ટમાં ફેમિલી પ્રોબ્લેમ્સ, ઇલનેસ, મૅરેજ રિલેટેડ અને અન્ય પ્રકારથી મહત્તમ આત્મહત્યા થાય છે. (અંતરાય) ગુજરાત એ સમૃદ્ધ રાજ્ય છે અને ભારતીય જનતા પાર્ટીનું ગુજરાતમાં ૨૫ વર્ષથી શાસન છે. ગુજરાત એ આખા દેશમાં રોજગારી આપવા માટેનું સૌથી પ્રથમ નંબરનું રાજ્ય છે. ગુજરાત એ ઔદ્યોગિક રીતે પણ પ્રથમ નંબરનું રાજ્ય છે અને ગુજરાતની સરકારે ખેડૂતોના હિત માટે જે ચિંતા કરી છે, એમાં હમણાં જ રૂપિયા ૩૭૯૫ કરોડનું ઇતિહાસમાં પહેલીવાર પકેજ આપ્યું હોય તો ગુજરાતની શ્રી વિજયભાઇ રૂપાણીની સરકાર દ્વારા આપવામાં આવ્યું છે. એમના વિષયનો મારે જવાબ આપવો છે. એમનો વિષય છે કે તમે જો ખેડૂતો હોય તો (અંતરાય) હું જવાબ આપવા માગું છું. જ્યારે કોઇપણ આત્મહત્યા થાય ત્યારે અમારા પોલીસના કર્મચારી અધિકારી ત્યાં હોય. ખેતીવાડી ખાતાના વિસ્તરણ અધિકારી હોય એ અધિકારીનું પ્રમાણપત્ર લેવામાં આવે છે અને એ પ્રમાણપત્રના આધાર ઉપર ખેતીવાડી ખાતાના અધિકારી એમાં ઉલ્લેખ કરે છે કે પાક નિષ્ફળ થવાના કારણોથી કે અન્ય ખેતીના કારણોથી આત્મહત્યા કરી છે. રાજ્યની અંદર ખેડૂતોની આત્મહત્યાનું પ્રમાણ નહિવત છે. આ ખોટી રીતે આત્મહત્યાને ગણવા માટેનો પ્રયાસ કરે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન સ્પષ્ટ છે કે જાણવા જોગ લખવામાં આવેલ ફરિયાદમાં વ્યવસાયના ખાનામાં ખેતીકામ, ખેતમજૂરી અથવા સરકારી ચોપડે ૭/૧૨, ૮–અ અને ૬ નંબરમાં નોંધાયેલા જે ખેડૂત હોય અને એવા લોકો આત્મહત્યા કરે તો એને ખેડૂતની આત્મહત્યા સરકાર ગણે છે કે નહીં?

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પરેશભાઇના સવાલમાં રાજકીય બદબૂ આવી રહી છે. એટલા માટે કે એ વાત ફેરવી ફેરવીને કહેવા માગે છે કે ખેતી લખેલ હોય એટલે ખેડૂતની જ આત્મહત્યા, ખેતીના કારણે આત્મહત્યા. જવાબમાં શ્રી પ્રદિપસિંહે એ જ પ્રયત્ન કરેલ છે કે દરેકનો વ્યવસાય અલગ અલગ હોય. કોઇ ખેડૂતો હોય, વેપારી હોય કે નોકરિયાત હોય, વિદ્યાર્થી હોય કે પછી બહેન હોય કે ભાઇ હોય. વ્યવસાય તો અલગ અલગ હોય. વ્યવસાયના કારણે આત્મહત્યા એમ પોલીસ ન માને. પોલીસ એણે લખેલ ચિઠ્ઠી, એણે લખેલ મરણોત્તર નિવેદન, એણે લખેલી વાતના આધાર પર તપાસ, કુટુંબના નિવેદનો એમાંથી આવે. ખેડૂત એનો વ્યવસાય હોઇ શકે. વ્યવસાય તરીકે પોલીસ સ્ટેશનમાં લખવામાં આવે છે. અમારો જવાબ સ્પષ્ટ છે. પરંતુ ખેતીના કારણે આત્મહત્યા થઇ છે એ વાત તપાસના અંતે જો એવું કારણ હોય તો હોય. બાકી ખેડૂત પણ આર્થિક તણાવમાં હોય, એને પણ સામાજિક પ્રશ્નો હોય, ઘણા ખેડૂતો કેન્સરની બિમારીથી પીડાઇને આત્મહત્યા કરતા હોય છે. સમાજમાં આપણે કિસ્સાઓ વાંચીએ છીએ. એટલે આ બધા કારણો હોઇ શકે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો
## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)
### ઘોઘા–દહેજ રો–રો ફેરી સર્વિસ

૨૪૨૮૮ **શ્રી ઋત્વિકભાઇ મકવાણા** (ચોટીલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઘોઘા–દહેજ રો–રો સર્વિસ ક્યારે શરૂ કરવામાં આવી, | (૧) ઘોઘા અને દહેજ વચ્ચે પેસન્જર ફેરી તેમજ રો–પેક્ષ ફેરી શરૂ કરવામાં આવેલ, રો–રો ફેરી સર્વિસ શરૂ કરવામાં આવેલ નથી. |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ઉક્ત ફેરી સર્વિસ ચાલુ છે કે બંધ, | (૨) લાગુ પડતું નથી. |
| (૩) ઉક્ત ફેરી સર્વિસ બંધ હોય તો તેના કારણો શાં છે અને તે ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવશે, અને | (૩) લાગુ પડતું નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફેરી સર્વિસ પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૪) ફેરી સર્વિસનું સંચાલન ખાનગી કંપની દ્વારા થતું હોઇ, રાજ્ય સરકારે કોઇ ખર્ચ કરેલ નથી. |

---------

### વલસાડ જિલ્લામાં સીએનજી સ્ટેશનો

૨૨૩૯૮ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઉભા કરવાની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા વલસાડ જિલ્લા(પીએનજીઆરબી, નવી દિલ્હી દ્વારા અધિકૃત કરેલ વિસ્તાર) ના કુલ ૨૪ સીએનજી સ્ટેશનો કાર્યરત કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ વલસાડ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા ક્યાં તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે ? | (૨) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા વલસાડ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા |

તા.૨જી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

વલસાડ, ધરમપુર, પારડી, ઉમરગામ તથા વાપી તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે.

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કાર્યરત જી.આઈ.ડી.સી.**

૨૪૨૫૮ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલી જી.આઈ.ડી.સી. કાર્યરત છે,

(૧)

| જિલ્લો | તાલુકો | કાર્યરત જી.આઈ. ડી.સી.ની સંખ્યા |
|---|---|---|
| સાબરકાંઠા | હિંમતનગર | ૦૧ |
| | ઈડર | ૦૧ |
| | તલોદ | ૦૧ |
| અરવલ્લી | મોડાસા | ૦૧ |
| | ભિલોડા | ૦૧ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર એકપણ જી.આઈ.ડી.સી. ન હોય તેવા તાલુકા કેટલા છે, અને

(૨) સાબરકાંઠા–૦૫
અરવલ્લી–૦૩

(૩) ઉક્ત જી.આઈ.ડી.સી. પૈકી છેલ્લાં બે વર્ષમાં કેટલી નવી જી.આઈ.ડી.સી. સ્થાપવામાં આવી ?

(૩) એકપણ નહીં.

---------

**લુણાવાડા અને બાલાશીનોર તાલુકાના વિસ્તારને સિંચાઈનો લાભ**

૨૨૩૫૨ **શ્રી જિગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના વરધરી તળાવથી લુણાવાડા તાલુકાના કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ આપવામાં આવે છે, અને

(૧) ૭૬૫ હેકટર.

(૨) ઉક્ત સ્થિતિએ વરધરી તળાવથી લુણાવાડા અને બાલાશીનોર તાલુકાના સિંચાઈથી વંચિત ગામોને સિંચાઈનો લાભ આપવાનું શું આયોજન હાથ ધરવામાં આવેલ છે ?

(૨) હયાત કેનાલ નેટવર્કને વધારીને લુણાવાડા તાલુકાના ૧૦ ગામો અને બાલાસિનોર તાલુકાના ૦૩ ગામોના ૧૮૫૫.૫૪ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ આપવાનું આયોજન છે.

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખનીજ ચોરીના બનાવો**

૨૪૩૦૯ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર ખનીજચોરીના કેટલા બનાવો નોંધાયા,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર ખનીજ ચોરીના નોંધાયેલ બનાવો નીચે મુજબ છે.

| વર્ષ | ખંભાળીયા | કલ્યાણપુર | ભાણવડ | દ્વારકા |
|---|---|---|---|---|
| ૨૦૧૮ | ૩૦ | ૩૬ | ૬ | ૧૯ |
| ૨૦૧૯ | ૬૦ | ૫૬ | ૨૦ | ૧૯ |
| **કુલ** | **૯૦** | **૯૨** | **૨૬** | **૩૮** |

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલા બનાવોમાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી, અને

(૨) તે અન્વયે તાલુકાવાર દાખલ કરેલ પોલીસ ફરિયાદ નીચે મુજબ છે.

| વર્ષ | ખંભાળીયા | કલ્યાણપુર | ભાણવડ | દ્વારકા |
|---|---|---|---|---|
| ૨૦૧૮ | શૂન્ય | ૩ | શૂન્ય | શૂન્ય |
| ૨૦૧૯ | ૨ | ૪ | ૯ | ૩ |
| **કુલ** | **૨** | **૭** | **૯** | **૩** |

(૩) ખનીજ ચોરીના તાલુકાવાર કેટલી રકમ દંડ પેટે વસૂલવામાં આવી અને કેટલી રકમ વસૂલવાની બાકી

(૩) ખનીજચોરીના તાલુકાવાર વસૂલ કરેલ રકમ અને વસૂલવાની બાકી રકમ નીચે મુજબ છે.

છે ?

| વર્ષ | ખંભાળીયા | | કલ્યાણપુર | | ભાણવડ | | દ્વારકા | |
|---|---|---|---|---|---|---|---|---|
| | વસૂલ કરેલ રકમ (રૂ.લાખમાં) | વસૂલવાની બાકી રકમ (રૂ.લાખમાં) | વસૂલ કરેલ રકમ (રૂ.લાખમાં) | વસૂલવાની બાકી રકમ (રૂ.લાખમાં) | વસૂલ કરેલ રકમ (રૂ.લાખમાં) | વસૂલવાની બાકી રકમ (રૂ.લાખમાં) | વસૂલ કરેલ રકમ (રૂ.લાખમાં) | વસૂલવાની બાકી રકમ (રૂ.લાખમાં) |
| ૨૦૧૮ | ૩૬.૭૫ | ૫૫૨.૬ | ૪૯.૪૦ | શૂન્ય | ૯.૭૨ | શૂન્ય | ૧૨.૯૭ | શૂન્ય |
| ૨૦૧૯ | ૮૦.૮૨ | ૪૧.૭૨ | ૬૭.૩૬ | ૪૪૩૨.૧ | ૧૨.૫૭ | ૦.૧ | ૧૩.૫૩ | શૂન્ય |
| **કુલ** | **૧૧૭.૫૭** | **૫૯૪.૩૨** | **૧૧૬.૭૬** | **૪૪૩૨.૧** | **૨૨.૨૯** | **૦.૧** | **૨૬.૫** | **શૂન્ય** |

---------

**અમદાવાદ જિલ્લામાં ગુજરાત ટેક્સટાઇલ પોલિસી હેઠળ મળેલ અરજીઓ**

૨૨૩૩૯ **શ્રી રાકેશ શાહ** (એલીસબ્રીજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ગુજરાત ટેક્સટાઇલ પોલિસી–૨૦૧૨ હેઠળ ટેક્સટાઇલ ક્ષેત્રની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૬૨ |
| (૨) આ એકમોમાં કેટલું મૂડીરોકાણ કરવામાં આવેલ છે? | (૨) રૂ.૩,૨૫,૦૭૨.૨૨ લાખ. |

---------

**મહિસાગર જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો**

૨૨૩૨૫ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯–૨૦ માં મહિસાગર જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) કુલ–૨૨૪ રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું. |
| (૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ? | (૨) રૂ.૪૩૬૩.૦૧ લાખ. |

**દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં કાર્યરત જી.આઈ.ડી.સી.**

૨૪૩૬૬ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી જી.આઈ.ડી.સી. કાર્યરત છે,

(૧)

| જિલ્લો | તાલુકો | કાર્યરત જી.આઈ. ડી.સી.ની સંખ્યા |
|---|---|---|
| દાહોદ | દાહોદ | ૦૨ |
| છોટાઉદેપુર | સંખેડા | ૦૧ |
| | પાવી | ૦૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર એકપણ જી.આઈ.ડી.સી. ન હોય તેવા તાલુકા કેટલા છે, અને | (૨) દાહોદ જિલ્લાના ૦૭ તાલુકામાં<br>છોટાઉદેપુર જિલ્લાના ૦૪ તાલુકામાં |
| (૩) ઉક્ત જી.આઈ.ડી.સી. પૈકી છેલ્લાં બે વર્ષમાં કેટલી નવી જી.આઈ.ડી.સી. સ્થાપવામાં આવી ? | (૩) એકપણ નહીં. |

---------

**નર્મદા કેનાલની ચાંગા પાઈપ લાઈનમાંથી તળાવો ભરવા બાબત**

૨૪૨૩૭ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે | (૧) **દાંતીવાડા તાલુકો** |

વર્ષમાં વર્ષવાર નર્મદા કેનાલની ચાંગા લાઇનમાંથી સીપુ ડેમ સુધીની પાઇપ લાઇનમાંથી બનાસકાંઠાના ધાનેરા અને દાંતીવાડા તાલુકાના કેટલા ગામના કેટલા તળાવો ભરવામાં આવ્યા, અને

| **વર્ષ** | **ગામની સંખ્યા** | **તળાવની સંખ્યા** |
|---|---|---|
| ૦૧/૦૧/૨૦૧૮ થી ૩૧/૧૨/૨૦૧૮ | – | – |
| ૦૧/૦૧/૨૦૧૯ થી ૩૧/૧૨/૨૦૧૯ | ૨ | ૨ |

**ધાનેરા તાલુકો**

ગામો પાઇપ લાઇનથી દૂર હોવાથી જોડાણ હેઠળ આવરેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા તળાવો ભરવાના બાકી છે, તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૨) પાઇપ લાઇનથી જોડેલ તમામ તળાવો ભરવામાં આવેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**મહિસાગર અને દાહોદ જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત**

૨૨૩૫૪ **શ્રી કુબેરભાઈ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહિસાગર અને દાહોદ જિલ્લામાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

(૧) ૩૬૫

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) રૂ.૭૩૩.૦૫ લાખ.

**આણંદ જિલ્લામાં નવા હથિયાર પરવાના**

૨૪૩૪૫ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા હથિયાર પરવાના નવા આપવામાં આવ્યા અને કેટલા રીન્યુ કરવામાં આવ્યા, અને

(૧)

| **તાલુકા** | **તા.૦૧/૦૧/૧૮ થી ૩૧/૧૨/૧૯** | |
|---|---|---|
| | **નવા પરવાના** | **રીન્યુ પરવાના** |
| આણંદ | ૧૨ | ૩૪૪ |
| ઉમરેઠ | ૦ | ૩૪ |
| પેટલાદ | ૦ | ૭૪ |
| સોજીત્રા | ૦ | ૮ |
| બોરસદ | ૦ | ૭૬ |
| આંકલાવ | ૦ | ૨૧ |
| ખંભાત | ૦ | ૧૬૧ |
| તારાપુર | ૧ | ૩૪૭ |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા જિલ્લા કક્ષાએથી અને કેટલા રાજ્ય કક્ષાએથી આપવામાં આવ્યા ?

(૨)

| **તાલુકા** | **તા.૦૧/૦૧/૧૮ થી ૩૧/૧૨/૧૯** | |
|---|---|---|
| | **જિલ્લા કક્ષાએથી આપેલ પરવાના** | **રાજ્ય કક્ષાએથી આપેલ પરવાના** |
| આણંદ | ૧૦ | ૨ |
| તારાપુર | ૦ | ૧ |
| **કુલ** | **૧૦** | **3** |

ફાલ્ગુન ૧૨, ૧૯૪૧ શાકે

અતારાંકિત પ્રશ્નો

**પાટણ અને મહેસાણા જિલ્લા/શહેરમાં દારૂના બુટલેગરો/અડ્ડાઓની ફરિયાદો**

૨૪૨૪૭ **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને મહેસાણા જિલ્લા/શહેરમાં દારૂના બુટલેગરો/અડ્ડાઓ અંગે કેટલી ફરિયાદો મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અંગે સરકાર દ્વારા શી કાર્યવાહી કરી અને કેટલો દારૂનો જથ્થો પકડાયો ?

**જવાબ**

(૧)

| **તા.૦૧/૦૧/૨૦૧૮ થી ૩૧/૧૨/૨૦૧૮** | |
|---|---|
| **જિલ્લા (મુખ્ય મથક સિવાય)/ શહેર (જિલ્લાનું મુખ્ય મથક)** | **મળેલ ફરિયાદો** |
| પાટણ જિલ્લો | ૨૬ |
| પાટણ શહેર | ૦૦ |
| મહેસાણા જિલ્લો | ૧૬૪ |
| મહેસાણા શહેર | ૩૫ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી ૩૧/૧૨/૨૦૧૯** | |
| **જિલ્લા (મુખ્ય મથક સિવાય)/ શહેર (જિલ્લાનું મુખ્ય મથક)** | **મળેલ ફરિયાદો** |
| પાટણ જિલ્લો | ૨૪ |
| પાટણ શહેર | ૦૨ |
| મહેસાણા જિલ્લો | ૧૦૮ |
| મહેસાણા શહેર | ૨૧ |

(૨) મળેલ ફરિયાદો પરત્વે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને ૯૦ લીટર દેશી દારૂ, ૧ બોટલ વિદેશી દારૂનો જથ્થો પકડવામાં આવેલ છે.

---------

**જામનગર જિલ્લામાં સ્પીનીંગ એકમો મંજૂર કરવા બાબત**

૨૨૪૧૧ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં ગુજરાત ટેક્સટાઇલ પોલિસી–૨૦૧૨ અંતર્ગત કેટલાં સ્પીનીંગ એકમો મંજૂર કરવામાં આવ્યા,

(૨) આ સ્પીનીંગ એકમોમાં કેટલું મુડી રોકાણ કરવામાં આવેલ છે, અને

(૩) આ સ્પીનીંગ એકમોમાં કેટલી સ્પીંડલ સ્થાપિત થયેલ છે ?

**જવાબ**

(૧) ૦૪ (ચાર).

(૨) રૂ.૨૦,૮૬૮ લાખ.

(૩) ૮૯,૧૮૪

---------

**અરવલ્લી જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાક મકાનો**

૨૨૩૦૯ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯–૨૦ માં અરવલ્લી જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન–રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) કુલ–૦૨ બિન–રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું.

(૨) રૂ.૧૫૭.૩૬ લાખ.

---------

તા.૨જી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**પાલસંડા કેનાલની સાઈટ પર ડામર રોડ બનાવવા બાબત**

૨૪૩૭૫ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાની સુખી સિંચાઈ યોજનાની પાલસંડા કેનાલની સાઈટ પરના ઈન્સ્પેકશન રોડને ડામરનો બનાવવા માટેની કેટલી રકમની માંગણી/દરખાસ્ત રાજ્ય સરકારને ક્યારે મળી, અને | (૧) રૂ.૭૯,૩૩,૧૦૦.૦૦ની રકમની દરખાસ્ત જાન્યુઆરી–૨૦૨૦માં મળી. |
| (૨) ઉક્ત રોડને ડામર રોડ બનાવવા માટેની દરખાસ્તને ક્યારે મંજૂરી આપવામાં આવશે ? | (૨) સરકારશ્રી કક્ષાએ ચકાસણી હેઠળ છે. |

---------

**મોરબી શહેરમાં તુટેલા ઝૂલતા પુલની મરામત**

૨૨૯૦૦ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ મોરબી શહેરમાં આવેલ ઐતિહાસિક ઝૂલતો પુલ તૂટેલો છે તે હકીકત સાચી છે, અને | (૧) ના મોરબી શહેરનો ઐતિહાસિક ઝૂલતો પુલ તુટેલો નથી, પરંતુ જર્જરિત હાલતમાં છે. |
| (૨) જો હા, તો તે મરામત કરવા સરકારે શા પગલાં લીધાં ? | (૨) ઝૂલતો પુલનું સંચાલન તેમજ મરામત અને નિભાવણીની કામગીરી માટે તત્કાલીન કલેકટરશ્રી, રાજકોટ દ્વારા ઑરેવા ગ્રૂપ સાથે કરાર કરવામાં આવેલ છે. જે કરાર હાલમાં જ પૂર્ણ થયેલ છે. નગરપાલિકા દ્વારા ઑરેવા ગૃપ સાથેનો કરાર રીન્યુ કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે જે થયેથી ઑરેવા ગૃપ દ્વારા ઝૂલતા પુલની જાળવણી કરવામાં આવશે. |

---------

**ક્રુડ ઓઈલ રોયલ્ટીના બાકી લેણા**

૨૪૩૮૧ **શ્રી પ્રેમસિંહ વસાવા** (નાંદોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકારના ક્રુડ ઓઈલ રોયલ્ટીના કેટલા લેણા ભારત સરકાર કે ભારત સરકારની કંપનીઓ પાસે લેવાના નીકળે છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકારને ક્રુડ ઓઈલની રોયલ્ટી પેટે ભારત સરકાર કે ભારત સરકારની કંપનીઓ પાસે કોઈ લેણા લેવાના નિકળતા નથી. |
| (૨) ઉક્ત રકમ મેળવવા છેલ્લા બે વર્ષમાં શા પ્રયાસો કરવામાં આવ્યા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જામનગર જિલ્લામાં સ્પીનીંગ એકમો મંજૂર કરવા બાબત**

૨૨૩૩૬ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઇલ પોલિસી–૨૦૧૨ અંતર્ગત કેટલા સ્પીનીંગ એકમો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૦૪ (ચાર) |
| (૨) આ સ્પીનીંગ એકમોમાં કેટલું મૂડી રોકાણ કરવામાં આવેલ છે, અને | (૨) રૂ.૨૦,૮૬૮ લાખ |
| (૩) આ સ્પીનીંગ એકમોમાં કેટલી સ્પીંડલ સ્થાપિત થયેલ છે ? | (૩) ૮૯,૧૮૪ |

---------

અતારાંકિત પ્રશ્નો

## અરવલ્લી જિલ્લામાં વાત્રક કેનાલનુ પાણી

૨૪૨૬૧ **શ્રી જશુભાઇ પટેલ** (બાયડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં વાત્રક યોજનાની કેનાલનું પાણી છેડા સુધી પહોંચતું નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો તેના કારણો શા છે, અને

(૩) ક્યાં સુધીમાં કેનાલના છેડા સુધી પાણી પહોંચાડવામાં આવશે ?

**જવાબ**

(૧) હા,જી. પરંતુ નહેરમાં મરામતના કામો કરી છેવાડાના ભાગ સુધી હાલ પાણી વહેવડાવવામાં આવી રહેલ છે.

(૨) નહેરનું મરામત કામ કરવાનું હતું.

(૩) હાલમાં છેવાડાના ભાગ સુધી પાણી પહોંચાડવામાં આવતું હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં /શહેરમાંથી પકડાયેલ ગૌમાંસ અને ગૌવંશ

૨૪૩૭૮ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને છોટાઉદેપુર જિલ્લા/શહેરમાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યા,

**જવાબ**

(૧) પત્રક–અ મુજબ.

**પત્રક–અ**

| જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક) | પકડાયેલ ગૌમાંસનો જથ્થો | પકડાયેલ ગૌવંશની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | ગાય | બળદ | વાછરડા | આખલા |
| **તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮** | | | | | |
| વડોદરા શહેર | ૩૪૮ કિ.ગ્રા. | ૧૩ | ૦૦ | ૧૧ | ૦૦ |
| વડોદરા ગ્રામ્ય | ૦૦ | ૧૨ | ૦૮ | ૧૦ | ૦૦ |
| છોટાઉદેપુર શહેર | ૦૦ | ૦૩ | ૦૪ | ૦૦ | ૦૦ |
| છોટાઉદેપુર જિલ્લો | ૦૦ | ૬૨ | ૦૨ | ૦૬ | ૪૨ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | | | | |
| વડોદરા શહેર | ૧૪૫૬કિ.ગ્રા. | ૦૩ | ૦૨ | ૦૦ | ૧૬ |
| વડોદરા ગ્રામ્ય | ૦૦ | ૨૦ | ૦૨ | ૧૯ | ૦૦ |
| છોટાઉદેપુર શહેર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી,

(૨) પત્રક–બ મુજબ.

**પત્રક–બ**

| જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક) | ગૌમાંસના જથ્થાના ગુનામાં ધરપકડ કરેલ આરોપીઓની સંખ્યા | ગૌવંશના ગુનામાં ધરપકડ કરેલ આરોપીઓની સંખ્યા |
|---|---|---|
| **તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮** | | |
| વડોદરા શહેર | ૦૩ | ૦૭ |
| વડોદરા ગ્રામ્ય | ૦૦ | ૧૯ |
| છોટાઉદેપુર શહેર | ૦૦ | ૦૫ |
| છોટાઉદેપુર જિલ્લો | ૦૦ | ૩૯ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | |
| વડોદરા શહેર | ૦૯ | ૧૪ |
| વડોદરા ગ્રામ્ય | ૦૦ | ૧૫ |
| છોટાઉદેપુર શહેર | ૦૦ | ૦૦ |
| છોટાઉદેપુર જિલ્લો | ૦૦ | ૦૯ |

(૩) તેઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) ઉકત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે ?

(૪) પત્રક–ક મુજબ.

**પત્રક–ક**

| જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક) | ગૌમાંસના જથ્થાના ગુનામાં ધરપકડ કરવાના બાકી આરોપીઓની સંખ્યા | ગૌવંશના ગુનામાં ધરપકડ કરવાના બાકી આરોપીઓની સંખ્યા |
|---|---|---|
| **તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮** | | |
| વડોદરા શહેર | ૦૦ | ૦૦ |

| | | |
|---|---|---|
| વડોદરા ગ્રામ્ય | ૦૦ | ૦૦ |
| છોટાઉદેપુર શહેર | ૦૦ | ૦૧ |
| છોટાઉદેપુર જિલ્લો | ૦૦ | ૦૦ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | |
| વડોદરા શહેર | ૦૦ | ૦૧ |
| વડોદરા ગ્રામ્ય | ૦૦ | ૦૦ |
| છોટાઉદેપુર શહેર | ૦૦ | ૦૦ |
| છોટાઉદેપુર જિલ્લો | ૦૦ | ૦૦ |

---------

**ગોધરા તાલુકા અને કલોલ તાલુકાની પાનમ હાઈલેવલ કેનાલ યોજના**

૨૨૪૨૧ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાની પાનમ હાઈલેવલ કેનાલ યોજના દ્વારા ગોધરા તાલુકાના અંબાલી ગામ તળાવમાંથી કાલોલ તાલુકાના ખરસાલિયા તળાવ સુધી પાઈપલાઈનની યોજના હાલ ક્યા તબક્કે છે, | (૧) તાંત્રિક મંજૂરી હેઠળ |
૨૪૨૯૯ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શેહરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તાબા હેઠળ કયા બોર્ડ–કોર્પોરેશન આવેલા છે,

(૧) ગુજરાત હાઉસીંગ બોર્ડ અને ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષવાર ઉક્ત બોર્ડ–કોર્પોરેશનવાર કેટલી રકમની ખોટ અને કેટલી રકમની આવક થઈ, અને

(૨) **(૧) ગુજરાત હાઉસીંગ બોર્ડઃ–**

| **નાણાંકીય વર્ષ** | **વિગત (રૂપિયામાં)** |
|---|---|
| ૨૦૧૭–૧૮ | આવક કરતાં ખર્ચમાં વધારો– ૧,૫૧,૪૦,૯૯૮.૦૦ |
| ૨૦૧૮–૧૯ | ખર્ચ કરતાં આવકમાં વધારો– ૪,૭૩,૬૮,૦૩૧.૩૨ |

**(૨) ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડઃ–**

ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડની કચેરી નફા નુકશાન કરતી વાણિજ્યીક પ્રવૃત્તિ કરતી સંસ્થા નથી, પરંતુ સરકારની મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓના વિકાસ માટેની ગ્રાન્ટ ફાળવણી કરતી નોડલ એજન્સી તરીકેની ફરજ બજાવતી કચેરી હોઈ, ખોટ કરવાનો કે આવકનો પ્રશ્ન રહેતો નથી.

(૩) બોર્ડ–કોર્પોરેશનની ખોટ ઘટાડવા શા પગલાં લીધા?

(૩) **(૧) ગુજરાત હાઉસીંગ બોર્ડઃ–**

ગુજરાત હાઉસીંગ બોર્ડ નહીં નફો કે નુકશાનના હેતુથી કાર્ય કરે છે. આવક કરતાં ખર્ચમાં વધારો થાય તો આગામી વર્ષના નફા સામે સરભર કરવામાં આવે છે. તેમજ મહેસૂલી અને મૂડી ખર્ચમાં ઘટાડો કરી કરકસરની નીતિનું અમલીકરણ કરવામાં આવે છે.

**(૨) ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડઃ–**

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આણંદ અને વલસાડ જિલ્લા/શહેરમાં ગુનાહિત કૃત્યો**

૨૪૩૫૦ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને વલસાડ જિલ્લા/શહેરમા લૂંટ, ખૂન, ધાડ, ચોરી, બળાત્કાર, અપહરણ, આત્મહત્યા, ઘરફોડ ચોરી, રાયોટીંગ, આકસ્મિક મૃત્યુ, અપમૃત્યુ, ખૂનની કોશિશના કેટલા બનાવો બન્યા,

(૧) પત્રક મુજબ.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર, જિલ્લા/શહેરવાર કેટલા ગુનાઓ ઉકેલવામાં આવ્યા, અને

(૨)

| જિલ્લા (મુખ્ય મથક સિવાય)/ શહેર (જિલ્લાનું મુખ્ય મથક) | તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮ | તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯ |
|---|---|---|
| આણંદ જિલ્લો | ૧૧૩૧ | ૧૧૩૨ |
| આણંદ શહેર | ૧૮૩ | ૧૮૮ |
| વલસાડ જિલ્લો | ૧૭૦૪ | ૧૭૫૦ |
| વલસાડ શહેર | ૨૦૪ | ૨૧૫ |

(૩) તે પૈકી જિલ્લા/શહેરવાર કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે ?

(૩)

| જિલ્લા (મુખ્ય મથક સિવાય)/ શહેર (જિલ્લાનું મુખ્ય મથક) | ધરપકડ કરી | ધરપકડ બાકી |
|---|---|---|
| આણંદ જિલ્લો | ૧૫૦૩ | ૭૩ |
| આણંદ શહેર | ૨૦૧ | ૦૦ |
| વલસાડ જિલ્લો | ૧૩૨૬ | ૮૧ |
| વલસાડ શહેર | ૨૩૬ | ૦૦ |

**પત્રક**

| તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮ | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક)** | **લૂંટ** | **ખૂન** | **ધાડ** | **ચોરી** | **બળાત્કાર** | **અપહરણ** | **આત્મહત્યા** | **ઘરફોડ ચોરી** | **રાયોટીંગ** | **આકસ્મિક મૃત્યુ** | **અપમૃત્યુ** | **ખૂનની કોશિશ** |
| આણંદ જિલ્લો | ૧૧ | ૧૮ | ૪ | ૧૪૨ | ૧૭ | ૬૯ | ૧૦૬ | ૮૩ | ૨૪ | ૩૩૪ | ૪૪૦ | ૨૫ |
| આણંદ શહેર | ૫ | ૨ | ૦ | ૫૧ | ૨ | ૧૧ | ૧૨ | ૨૧ | ૦ | ૫૨ | ૬૪ | ૨ |
| વલસાડ જિલ્લો | ૨૧ | ૨૩ | ૭ | ૨૨૩ | ૧૩ | ૬૭ | ૨૩૯ | ૧૩૩ | ૧૬ | ૪૩૯ | ૬૭૮ | ૨૫ |
| વલસાડ શહેર | ૨ | ૨ | ૦ | ૩૧ | ૪ | ૬ | ૨૮ | ૧૪ | ૨ | ૫૭ | ૮૫ | ૪ |

**તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯**

| તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮ | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક)** | **લૂંટ** | **ખૂન** | **ધાડ** | **ચોરી** | **બળાત્કાર** | **અપહરણ** | **આત્મહત્યા** | **ઘરફોડ ચોરી** | **રાયોટીંગ** | **આકસ્મિક મૃત્યુ** | **અપમૃત્યુ** | **ખૂનની કોશિશ** |
| **જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક)** | **લૂંટ** | **ખૂન** | **ધાડ** | **ચોરી** | **બળાત્કાર** | **અપહરણ** | **આત્મહત્યા** | **ઘરફોડ ચોરી** | **રાયોટીંગ** | **આકસ્મિક મૃત્યુ** | **અપમૃત્યુ** | **ખૂનની કોશિશ** |
| આણંદ જિલ્લો | ૮ | ૩૧ | ૧ | ૧૨૮ | ૧૩ | ૮૩ | ૯૫ | ૭૦ | ૨૮ | ૩૪૬ | ૪૪૧ | ૧૪ |
| આણંદ શહેર | ૨ | ૫ | ૦ | ૬૩ | ૦ | ૯ | ૧૬ | ૧૭ | ૨ | ૫૧ | ૬૭ | ૧ |
| વલસાડ જિલ્લો | ૭ | ૨૮ | ૨ | ૧૬૬ | ૧૯ | ૪૭ | ૨૬૪ | ૯૬ | ૩૧ | ૪૭૨ | ૭૩૬ | ૯ |
| વલસાડ શહેર | ૧ | ૦ | ૦ | ૧૯ | ૨ | ૩ | ૨૬ | ૧૫ | ૬ | ૬૯ | ૯૫ | ૧ |

---------

## પાટણ જિલ્લામાં તાલુકાને વિકાસશીલ જાહેર કરવા બાબત

૨૪૨૫૧ **શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાને વિકાસશીલ તાલુકો જાહેર કરવા માટે કેટલી રજુઆતો, માંગણીઓ સરકારને મળી,

(૨) મળેલ રજુઆતો, માંગણીઓ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ક્યાં સુધીમાં ઉક્ત તાલુકાને વિકાસશીલ તાલુકો જાહેર કરવામાં આવશે?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) હાલમાં આવી કોઈ બાબત વિચારણા હેઠળ નથી.

---------

## ડાંગ અને તાપી જિલ્લામાં/શહેરમાંથી પકડાયેલ ગૌમાંસ અને ગૌવંશ

૨૪૩૯૮ **શ્રી મંગળભાઈ ગાવિત** (ડાંગ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ અને તાપી જિલ્લા/શહેરમાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યા,

**જવાબ**

(૧) પત્રક-અ મુજબ.

**પત્રક-અ**

| તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ | | | | | |
|---|---|---|---|---|---|
| **જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક)** | **પકડાયેલ ગૌમાંસનો જથ્થો** | **પકડાયેલ ગૌવંશની સંખ્યા** | | | |
| | | **ગાય** | **બળદ** | **વાછરડા** | **આખલા** |
| આહવા શહેર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ડાંગ જિલ્લો | ૦૦ | ૧૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વ્યારા શહેર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| તાપી જિલ્લો | ૦૦ | ૨૦ | ૦૫ | ૧૨ | ૦૦ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | | | | |
| આહવા શહેર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ડાંગ જિલ્લો | ૭૦ કિ.ગ્રા. | ૦૮ | ૦૮ | ૧૨ | ૦૦ |
| વ્યારા શહેર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી,

(૨) પત્રક-બ મુજબ.

**પત્રક-બ**

| તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ | | |
|---|---|---|
| **જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક)** | **ગૌમાંસના જથ્થાના ગુનામાં ધરપકડ કરેલ આરોપીઓની સંખ્યા** | **ગૌવંશના ગુનામાં ધરપકડ કરેલ આરોપીઓની સંખ્યા** |
| આહવા શહેર | ૦૦ | ૦૦ |
| ડાંગ જિલ્લો | ૦૦ | ૦૩ |

| | | |
|---|---|---|
| વ્યારા શહેર | ૦૦ | ૦૦ |
| તાપી જિલ્લો | ૦૦ | ૦૫ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | |
| આહવા શહેર | ૦૦ | ૦૦ |
| ડાંગ જિલ્લો | ૧૩ | ૧૧ |
| વ્યારા શહેર | ૦૦ | ૦૦ |
| તાપી જિલ્લો | ૦૦ | ૧૦ |

(૩) તેઓ સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે?

(૪) પત્રક–ક મુજબ.

**પત્રક–ક**

| **તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮** | | |
|---|---|---|
| **જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક)** | **ગૌમાંસના જથ્થાના ગુનામાં ધરપકડ કરવાના બાકી આરોપીઓની સંખ્યા** | **ગૌવંશના ગુનામાં ધરપકડ કરવાના બાકી આરોપીઓની સંખ્યા** |
| આહવા શહેર | ૦૦ | ૦૦ |
| ડાંગ જિલ્લો | ૦૦ | ૦૦ |
| વ્યારા શહેર | ૦૦ | ૦૦ |
| તાપી જિલ્લો | ૦૦ | ૦૦ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | |
| આહવા શહેર | ૦૦ | ૦૦ |
| ડાંગ જિલ્લો | ૦૧ | ૦૧ |
| વ્યારા શહેર | ૦૦ | ૦૦ |
| તાપી જિલ્લો | ૦૦ | ૦૫ |

---------

**ખેડા અને મહીસાગર જિલ્લામાં/શહેરમાંથી પકડાયેલ ગૌમાંસ અને ગૌવંશ**

૨૪૩૫૯ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને મહીસાગર જિલ્લા/શહેરમાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યા,

(૧) પત્રક–અ મુજબ.

**પત્રક–અ**

| **તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮** | | | | | |
|---|---|---|---|---|---|
| **જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક)** | **પકડાયેલ ગૌમાંસનો જથ્થો** | **પકડાયેલ ગૌવંશની સંખ્યા** | | | |
| | | **ગાય** | **બળદ** | **વાછરડા** | **આખલા** |
| નડીયાદ શહેર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ખેડા જિલ્લો | ૧૩૦૦ કિ.ગ્રા. | ૦૧ | ૧૧ | ૧૫ | ૦૨ |
| લુણાવાડા શહેર | ૦૦ | ૦૧ | ૨૧ | ૦૦ | ૦૦ |
| મહીસાગર જિલ્લો | ૦૦ | ૦૨ | ૪૨ | ૦૦ | ૦૦ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | | | | |
| નડીયાદ શહેર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ખેડા જિલ્લો | ૦૦ | ૧૮ | ૨૨ | ૨૨ | ૦૫ |
| લુણાવાડા શહેર | ૦૦ | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૦ |
| મહીસાગર જિલ્લો | ૧૫૦ કિ.ગ્રા | ૦૧ | ૩૬ | ૦૨ | ૦૦ |

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી,

(૨) પત્રક–બ મુજબ.

**પત્રક–બ**

| **તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮** | | |
|---|---|---|
| **જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક)** | **ગૌમાંસના જથ્થાના ગુનામાં ધરપકડ કરેલ આરોપીઓની સંખ્યા** | **ગૌવંશના ગુનામાં ધરપકડ કરેલ આરોપીઓની સંખ્યા** |
| નડીયાદ શહેર | ૦૦ | ૦૦ |
| ખેડા જિલ્લો | ૦૭ | ૩૫ |
| લુણાવાડા શહેર | ૦૦ | ૦૪ |
| મહીસાગર જિલ્લો | ૦૦ | ૨૦ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | |
| નડીયાદ શહેર | ૦૦ | ૦૦ |

| | | |
|---|---|---|
| ખેડા જિલ્લો | ૦૦ | ૫૪ |
| લુણાવાડા શહેર | ૦૦ | ૦૫ |
| મહીસાગર જિલ્લો | ૦૪ | ૧૮ |

(૩) તેઓ સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે?

(૪) પત્રક-ક મુજબ.

**પત્રક-ક**

| જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક) | ગૌમાંસના જથ્થાના ગુનામાં ધરપકડ કરવાના બાકી આરોપીઓની સંખ્યા | ગોવંશના ગુનામાં ધરપકડ કરવાના બાકી આરોપીઓની સંખ્યા |
|---|---|---|
| **તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮** | | |
| નડીયાદ શહેર | ૦૦ | ૦૦ |
| ખેડા જિલ્લો | ૦૦ | ૦૦ |
| લુણાવાડા શહેર | ૦૦ | ૦૦ |
| મહીસાગર જિલ્લો | ૦૦ | ૦૩ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | |
| નડીયાદ શહેર | ૦૦ | ૦૦ |
| ખેડા જિલ્લો | ૦૦ | ૦૦ |
| લુણાવાડા શહેર | ૦૦ | ૦૧ |
| મહીસાગર જિલ્લો | ૦૦ | ૦૦ |

---------

## ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ

૨૪૨૭૮ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ ક્યારથી લાગુ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે છેલ્લા બે માસમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલા ગુનાઓ નોંધાયા,

(૩) ઉક્ત ગુનાઓ અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે ?

**જવાબ**

(૧) તા.૦૧-૧૨-૨૦૧૯થી અમલમાં આવેલ છે.

(૨) શૂન્ય.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## કચ્છ અને મહેસાણા જિલ્લા/શહેરમાંથી પકડાયેલ ગૌમાંસ અને ગૌવંશ

૨૪૨૩૦ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ અને મહેસાણા જિલ્લા/શહેરમાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યા,

**જવાબ**

(૧) પત્રક-અ મુજબ.

**પત્રક-અ**

| જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક) | પકડાયેલ ગૌમાંસનો જથ્થો | પકડાયેલ ગૌવંશની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | ગાય | બળદ | વાછરડા | આખલા |
| **તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮** | | | | | |
| ગાંધીધામ શહેર | ૫ કિ.ગ્રા. | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ભુજ શહેર | ૨૩૦ કિ.ગ્રા. | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ |
| કચ્છ-પૂર્વ જિલ્લો | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કચ્છ-પશ્ચિમ જિલ્લો | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ |
| મહેસાણા શહેર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| મહેસાણા જિલ્લો | ૨૦૦ કિ.ગ્રા. | ૦૮ | ૦૩ | ૦૧ | ૦૦ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | | | | |
| ગાંધીધામ શહેર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ભુજ શહેર | ૫૯૫ કિ.ગ્રા. | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૦ |
| કચ્છ–પૂર્વ જિલ્લો | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કચ્છ–પશ્ચિમ જિલ્લો | ૫૦ કિ.ગ્રા | ૦૦ | ૦૦ | ૦૬ | ૦૦ |
| મહેસાણા શહેર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| મહેસાણા જિલ્લો | ૭૩૮ કિ.ગ્રા. | ૦૫ | ૦૦ | ૬૯ | ૦૦ |

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી,

(૨) પત્રક–બ મુજબ.

**પત્રક–બ**

| **તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮** | | |
|---|---|---|
| **જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક)** | **ગૌમાંસના જથ્થાના ગુનામાં ધરપકડ કરેલ આરોપીઓની સંખ્યા** | **ગૌવંશના ગુનામાં ધરપકડ કરેલ આરોપીઓની સંખ્યા** |
| ગાંધીધામ શહેર | ૦૧ | ૦૦ |
| ભુજ શહેર | ૧૦ | ૦૦ |
| કચ્છ–પૂર્વ જિલ્લો | ૦૦ | ૦૦ |
| કચ્છ–પશ્ચિમ જિલ્લો | ૦૦ | ૦૧ |
| મહેસાણા શહેર | ૦૦ | ૦૦ |
| મહેસાણા જિલ્લો | ૦૬ | ૦૩ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | |
| ગાંધીધામ શહેર | ૦૦ | ૦૦ |
| ભુજ શહેર | ૧૭ | ૦૦ |
| કચ્છ–પૂર્વ જિલ્લો | ૦૦ | ૦૦ |
| કચ્છ–પશ્ચિમ જિલ્લો | ૧૯ | ૦૭ |
| મહેસાણા શહેર | ૦૦ | ૦૦ |
| મહેસાણા જિલ્લો | ૦૫ | ૦૪ |

(૩) તેઓ સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે?

(૪) પત્રક–ક મુજબ.

**પત્રક–ક**

| **તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮** | | |
|---|---|---|
| **જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક)** | **ગૌમાંસના જથ્થાના ગુનામાં ધરપકડ કરવાના બાકી આરોપીઓની સંખ્યા** | **ગૌવંશના ગુનામાં ધરપકડ કરવાના બાકી આરોપીઓની સંખ્યા** |
| ગાંધીધામ શહેર | ૦૧ | ૦૦ |
| ભુજ શહેર | ૦૦ | ૦૦ |
| કચ્છ–પૂર્વ જિલ્લો | ૦૦ | ૦૦ |
| કચ્છ–પશ્ચિમ જિલ્લો | ૦૦ | ૦૦ |
| મહેસાણા શહેર | ૦૦ | ૦૦ |
| મહેસાણા જિલ્લો | ૦૦ | ૦૦ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | |
| ગાંધીધામ શહેર | ૦૦ | ૦૦ |
| ભુજ શહેર | ૦૦ | ૦૦ |
| કચ્છ–પૂર્વ જિલ્લો | ૦૦ | ૦૦ |
| કચ્છ–પશ્ચિમ જિલ્લો | ૦૦ | ૦૦ |
| મહેસાણા શહેર | ૦૦ | ૦૦ |
| મહેસાણા જિલ્લો | ૦૧ | ૦૩ |

---------

## કોડીનાર તાલુકામાં ખનીજચોરીના બનાવો

૨૩૭૬૨ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કોડીનાર તાલુકામાંથી ખનીજચોરીના કેટલા બનાવો નોંધાયા,

(૧) ખનીજચોરીના બનાવો.

| **અનુ. નં** | **વર્ષ** | **ખનીજચોરીના બનાવો** |
|---|---|---|
| ૧ | ૨૦૧૮ | ૧૮ |

| | કુલ | ૫૯ |
|---|---|---|

(૨) ઉક્ત નોંધાયેલ બનાવો અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, — (૨) ૨૪

(૩) ઉક્ત બનાવોમાં કેટલી રકમની ક્યા પ્રકારની ખનીજ ચોરી પકડાયેલ, અને — (૩) રૂ. ૧૫૭.૦૪ લાખની ગેરકાયદેસર ખોદકામ, વહન અને સંગ્રહની ખનીજ ચોરી પકડાયેલ છે.

(૪) પકડાયેલ ઈસમો પાસેથી દંડ પેટે કેટલી રકમ વસૂલવામાં આવી? — (૪) રૂ. ૨૯.૩૮ લાખ.

---------

**રાપર શહેરની પાણી પુરવઠા યોજનાના બાકી રહેતા કામો**

૨૨૪૪૫ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રાપર શહેરની પાણી પુરવઠા યોજનાને કેટલી રકમ માટે મંજૂરી આપવામાં આવેલ છે, | (૧) રૂ. ૧૨૦૨.૧૪ લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ યોજનાના કામોની શું પરિસ્થિતિ છે, | (૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ કામો પૂર્ણ થયેલ છે. |
| (૩) આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) રૂ. ૧૦૮૪.૧૮ લાખ ખર્ચ થયેલ છે. |
| (૪) યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ દ્વારા જોડવામાં આવેલ તળાવો**

૨૨૩૬૧ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૯ સુધીમાં કેટલા તળાવો જોડવામાં આવ્યા, | (૧) ૧૨૪. |
| (૨) સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ અને તેની ડ્રેઈનોથી વર્ષ ૨૦૧૯ દરમિયાન કેટલા તળાવો ભરવામાં આવ્યા, અને | (૨) ૧૨૩. |
| (૩) કેટલા પાણીનો સંગ્રહ થયો? | (૩) ૬૩૭ એમ.સી.એફ.ટી. |

---------

**અમરેલી જિલ્લાના ધારી તાલુકામાં નવી જી.આઈ.ડી.સી.**

૨૪૩૩૨ **શ્રી જે.વી.કાકડીયા** (ધારી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ધારી તાલુકામાં કેટલી જી.આઇ.ડી.સી.ઓ આવેલી છે, અને | (૧) એકપણ નહીં. |
| (૨) ઉક્ત તાલુકામાં એકપણ જીઆઈડીસી ન હોય તો નવી જીઆઈડીસી સ્થાપવા માટેની કાર્યવાહી કયા તબક્કે છે? | (૨) હાલ કોઈ આયોજન કરેલ નથી. |

---------

**પંચમહાલ જિલ્લામાં નવા મોટા ચેકડેમના બાંધકામની કામગીરી**

૨૨૩૫૧ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

તા.૨જી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલા નવા મોટા ચેકડેમના બાંધકામની કામગીરી કરવામાં આવેલ છે, અને | (૧) ૦૫ (પાંચ). |
| (૨) સદર ચેકડેમની બાંધકામની કામગીરીમાં કેટલો ખર્ચ થયેલ છે? | (૨) રૂ. ૧૩૭૦.૪૬ લાખ. |

---------

**મોડાસા શહેરની પાણી પુરવઠા યોજનાના બાકી રહેતા કામો**

૨૨૩૭૧ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મોડાસા શહેરની પાણી પુરવઠા યોજનાને કેટલી રકમ માટે મંજૂરી આપવામાં આવેલ છે, | (૧) રૂ. ૧૩૫૮.૦૯ લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ યોજનાના કામોની શું પરિસ્થિતિ છે, | (૨) મંજૂર થયેલ કામો પૂર્ણ થયેલ છે. |
| (૩) આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) રૂ. ૧૩૭૭.૧૯ લાખ. |
| (૪) યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વલ્લભ વિદ્યાનગર શહેરની પાણી પુરવઠા યોજનાના બાકી રહેતા કામો**

૨૨૪૩૬ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વલ્લભ વિદ્યાનગર શહેરની પાણી પુરવઠા યોજનાને કેટલી રકમ માટે મંજૂરી આપવામાં આવેલ છે, | (૧) રૂ. ૯૭૫.૬૬ લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ યોજનાના કામોની શું પરિસ્થિતિ છે, | (૨) કામો પૂર્ણ થયેલ છે. |
| (૩) આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) રૂ. ૮૮૦.૭૮ લાખ. |
| (૪) યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**મહેસાણા જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ ગુન્હાહિત કેસો**

૨૪૨૫૪ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ખૂન, લૂંટ, ધાડ અને બળાત્કારના કેટલા કેસ નોંધાયા, | (૧) પત્રક-૧ |
| (૨) ઉક્ત તાલુકાવાર કેટલા કેસ ઉકેલવાના બાકી છે, અને | (૨) પત્રક-૨ |

(૩) ઉક્ત તાલુકાવાર નોંધાયેલ કેસો અન્વયે કેટલા ઈસમોને પકડવાના બાકી છે?

(૩) ૧૮

**પત્રક–૧**

| તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮ | | | | |
|---|---|---|---|---|
| **તાલુકા** | **ખૂન** | **લૂંટ** | **ધાડ** | **બળાત્કાર** |
| મહેસાણા | ૩ | ૩૨ | ૪ | ૫ |
| જોટાણા | ૩ | ૧ | ૧ | ૨ |
| બેચરાજી | ૨ | ૨ | ૨ | ૧ |
| કડી | ૧૩ | ૧૮ | ૧૨ | ૪ |
| વિસનગર | ૦ | ૫ | ૦ | ૩ |
| વિજાપુર | ૬ | ૮ | ૦ | ૦ |
| ઉંઝા | ૨ | ૨ | ૧ | ૨ |
| ખેરાલું | ૫ | ૧ | ૦ | ૦ |
| વડનગર | ૦ | ૪ | ૧ | ૪ |
| સતલાસણા | ૨ | ૩ | ૨ | ૦ |
| **તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯** | | | | |
| **તાલુકા** | **ખૂન** | **લૂંટ** | **ધાડ** | **બળાત્કાર** |
| મહેસાણા | ૭ | ૧૧ | ૩ | ૬ |
| જોટાણા | ૦ | ૨ | ૦ | ૨ |
| બેચરાજી | ૦ | ૨ | ૧ | ૧ |
| કડી | ૭ | ૧૬ | ૫ | ૩ |
| વિસનગર | ૫ | ૧ | ૧ | ૦ |
| વિજાપુર | ૪ | ૩ | ૧ | ૧ |
| ઉંઝા | ૩ | ૩ | ૦ | ૨ |
| ખેરાલું | ૧ | ૧ | ૨ | ૧ |
| વડનગર | ૩ | ૦ | ૦ | ૨ |
| સતલાસણા | ૧ | ૧ | ૦ | ૦ |

**પત્રક–૨**

| **તાલુકા** | **ખૂન** | **લૂંટ** | **ધાડ** | **બળાત્કાર** |
|---|---|---|---|---|
| મહેસાણા | ૦ | ૧૦ | ૦ | ૦ |
| જોટાણા | ૦ | ૧ | ૦ | ૦ |
| બેચરાજી | ૦ | ૨ | ૦ | ૦ |
| કડી | ૦ | ૮ | ૦ | ૦ |
| વિસનગર | ૦ | ૧ | ૦ | ૦ |
| વિજાપુર | ૦ | ૩ | ૦ | ૦ |
| ઉંઝા | ૨ | ૧ | ૦ | ૧ |
| ખેરાલું | ૦ | ૧ | ૦ | ૦ |
| વડનગર | ૧ | ૨ | ૦ | ૦ |
| સતલાસણા | ૨ | ૩ | ૦ | ૦ |

---------

## ખાણ–ખનીજ પ્રભાગના તાબા હેઠળના બોર્ડ કોર્પોરેશનની ખોટ

૨૪૨૯૬ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખાણ–ખનીજ પ્રભાગના તાબા હેઠળ કયા બોર્ડ–કોર્પોરેશન આવેલ છે, | (૧) ખાણ–ખનીજ પ્રભાગના તાબા હેઠળ ગુજરાત ખનિજ વિકાસ નિગમ આવેલ છે. |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષવાર ઉક્ત બોર્ડ–કોર્પોરેશનવાર કેટલી રકમની ખોટ અને કેટલી રકમની આવક થઈ, અને | (૨) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ખનિજ વિકાસ નિગમને નાણાંકીય વર્ષ ૨૦૧૭–૧૮માં કુલ આવક રૂ. ૨૦૬૯.૯૭ કરોડ તથા નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯માં રોજ કુલ આવક રૂ.૧૮૭૯.૬૭ કરોડની આવક થયેલ હતી તથા ખોટ થયેલ નથી. |
| (૩) બોર્ડ–કોર્પોરેશનની ખોટ ઘટાડવા શું પગલાં | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

લીધાં?

---------

**ગાંધીનગર અને અમદાવાદ જિલ્લા/શહેરમાંથી પકડાયેલ ગૌમાંસ અને ગૌવંશ**

૨૪૨૬૬ **ડૉ. સી.જે.ચાવડા** (ગાંધીનગર-ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને અમદાવાદ જિલ્લા/શહેરમાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યું,

(૧) પત્રક-અ મુજબ.

**પત્રક-અ**

| તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ | | | | | |
|---|---|---|---|---|---|
| જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક) | પકડાયેલ ગૌમાંસનો જથ્થો | પકડાયેલ ગૌવંશની સંખ્યા | | | |
| | | ગાય | બળદ | વાછરડા | આખલા |
| ગાંધીનગર શહેર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ગાંધીનગર જિલ્લો | ૯૪૦ કિ.ગ્રા. | ૦૦ | ૦૭ | ૦૨ | ૦૦ |
| અમદાવાદ શહેર | ૧૧૬૬૫ કિ.ગ્રા. | ૪૩ | ૨૧ | ૩૯ | ૩૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૯૦ કિ.ગ્રા. | ૧૭ | ૩૩ | ૧૧ | ૦૦ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | | | | |
| ગાંધીનગર શહેર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ગાંધીનગર જિલ્લો | ૫૬૫ કિ.ગ્રા. | ૧૫ | ૦૦ | ૦૫ | ૦૦ |
| અમદાવાદ શહેર | ૪૨૪૦ કિ.ગ્રા. | ૧૦ | ૦૬ | ૦૧ | ૦૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૨૩૫૦ કિ.ગ્રા. | ૧૨ | ૨૧ | ૧૭ | ૦૦ |

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી,

(૨) પત્રક-બ મુજબ.

**પત્રક-બ**

| તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ | | |
|---|---|---|
| જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક) | ગૌમાંસના જથ્થાના ગુનામાં ધરપકડ કરેલ આરોપીઓની સંખ્યા | ગૌવંશના ગુનામાં ધરપકડ કરેલ આરોપીઓની સંખ્યા |
| ગાંધીનગર શહેર | ૦૦ | ૦૦ |
| ગાંધીનગર જિલ્લો | ૦૬ | ૦૭ |
| અમદાવાદ શહેર | ૭૫ | ૨૧ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦૫ | ૩૩ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | |
| ગાંધીનગર શહેર | ૦૦ | ૦૦ |
| ગાંધીનગર જિલ્લો | ૦૨ | ૦૭ |
| અમદાવાદ શહેર | ૬૯ | ૧૨ |
| અમદાવાદ ગ્રામ્ય | ૨૦ | ૨૫ |

(૩) તેઓ સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે?

(૪) પત્રક-ક મુજબ.

**પત્રક-ક**

| તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ | | |
|---|---|---|
| જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક) | ગૌમાંસના જથ્થાના ગુનામાં ધરપકડ કરવાની બાકી આરોપીઓની સંખ્યા | ગૌવંશના ગુનામાં ધરપકડ કરવાના બાકી આરોપીઓની સંખ્યા |
| ગાંધીનગર શહેર | ૦૦ | ૦૦ |
| ગાંધીનગર જિલ્લો | ૦૦ | ૦૦ |
| અમદાવાદ શહેર | ૦૦ | ૦૪ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦૦ | ૦૪ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | |
| ગાંધીનગર શહેર | ૦૦ | ૦૦ |
| ગાંધીનગર જિલ્લો | ૦૦ | ૦૦ |
| અમદાવાદ શહેર | ૦૩ | ૦૦ |

| | | |
|---|---|---|
| અમદાવાદ ગ્રામ્ય | ૦૦ | ૦૧ |

---------

**ગીરસોમનાથ અને જામનગર જિલ્લા/શહેરમાંથી પકડાયેલ ગૌમાંસ અને ગૌવંશ**

૨૪૩૨૬ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીરસોમનાથ અને જામનગર જિલ્લા/શહેરમાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યું,

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી,

(૩) તેઓ સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે?

**જવાબ**

(૧) પત્રક-અ મુજબ.

**પત્રક-અ**

| **તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮** | | | | | |
|---|---|---|---|---|---|
| **જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક)** | **પકડાયેલ ગૌમાંસનો જથ્થો** | **પકડાયેલ ગૌવંશની સંખ્યા** | | | |
| | | **ગાય** | **બળદ** | **વાછરડા** | **આખલા** |
| વેરાવળ શહેર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૬ | ૦૦ |
| ગીરસોમનાથ જિલ્લો | ૦૦ | ૦૨ | ૦૭ | ૫૨ | ૦૦ |
| જામનગર શહેર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| જામનગર જિલ્લો | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૪૦ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | | | | |
| વેરાવળ શહેર | ૧૦૭૫ કિ.ગ્રા. | ૦૪ | ૦૦ | ૧૨ | ૦૦ |
| ગીરસોમનાથ જિલ્લો | ૧૨૦ કિ.ગ્રા. | ૦૦ | ૦૧ | ૧૨ | ૦૦ |
| જામનગર શહેર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| જામનગર જિલ્લો | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૨) પત્રક-બ મુજબ.

**પત્રક-બ**

| **તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮** | | |
|---|---|---|
| **જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક)** | **ગૌમાંસના જથ્થાના ગુનામાં ધરપકડ કરેલ આરોપીઓની સંખ્યા** | **ગૌવંશના ગુનામાં ધરપકડ કરેલ આરોપીઓની સંખ્યા** |
| વેરાવળ શહેર | ૦૦ | ૦૨ |
| ગીરસોમનાથ જિલ્લો | ૦૪ | ૩૩ |
| જામનગર શહેર | ૦૦ | ૦૦ |
| જામનગર જિલ્લો | ૦૦ | ૦૫ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | |
| વેરાવળ શહેર | ૨૨ | ૦૯ |
| ગીરસોમનાથ જિલ્લો | ૦૧ | ૦૩ |
| જામનગર શહેર | ૦૦ | ૦૦ |
| જામનગર જિલ્લો | ૦૦ | ૦૦ |

(૩) આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) પત્રક-ક મુજબ.

**પત્રક-ક**

| **તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮** | | |
|---|---|---|
| **જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક)** | **ગૌમાંસના જથ્થાના ગુનામાં ધરપકડ કરવાની બાકી આરોપીઓની સંખ્યા** | **ગૌવંશના ગુનામાં ધરપકડ કરવાના બાકી આરોપીઓની સંખ્યા** |
| વેરાવળ શહેર | ૦૦ | ૦૦ |
| ગીરસોમનાથ જિલ્લો | ૦૦ | ૦૦ |
| જામનગર શહેર | ૦૦ | ૦૦ |
| જામનગર જિલ્લો | ૦૦ | ૦૬ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | |
| વેરાવળ શહેર | ૦૧ | ૦૧ |
| ગીરસોમનાથ જિલ્લો | ૦૨ | ૦૨ |
| જામનગર શહેર | ૦૦ | ૦૦ |
| જામનગર જિલ્લો | ૦૦ | ૦૦ |

---------

તા.૨જી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**ઉદ્યોગ પ્રભાગના બોર્ડ–કોર્પોરેશનની ખોટ**

૨૪૨૮૭ **શ્રી સોમાભાઈ કોળીપટેલ** (લીંબડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ઉદ્યોગ પ્રભાગના તાબા હેઠળના કયા બોર્ડ કોર્પોરેશન આવેલ છે.

(૧)

| ક્રમ | ઉદ્યોગ પ્રભાગના તાબા હેઠળના બોર્ડ–કોર્પોરેશનના નામ |
|---|---|
| ૧ | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ |
| ૨ | ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લી. |
| ૩ | ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ |
| ૪ | ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષવાર ઉક્ત બોર્ડ–કોર્પોરેશનવાર કેટલી રકમની ખોટ અને કેટલી રકમની આવક થઈ, અને

(૨)

| ક્રમ | બોર્ડ–કોર્પોરેશનના નામ | છેલ્લા બે નાણાંકીય વર્ષવારમાં બોર્ડ–કોર્પોરેશનવાર થયેલ ખોટ અને આવક (રૂ. લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | વર્ષ | આવક | ખોટ |
| ૧ | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ | ૨૦૧૭–૧૮<br>૨૦૧૮–૧૯ | ૮૧૪૪.૪૫/–<br>૯૯૯૫.૯૦/– | --<br>-- |
| ૨ | ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લી. | ૨૦૧૭–૧૮<br>૨૦૧૮–૧૯ | ૧૧૫૩૭.૩૯/–<br>૪૪૦૯.૮૩/– | --<br>-- |
| ૩ | ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ | ૨૦૧૭–૧૮<br>૨૦૧૮–૧૯ | ૧૭૯૮.૦૦/–<br>૨૧૭૬.૦૦/– | ૧૧૫૫૩.૦૦/–<br>૧૧૪૮૭.૦૦/– |
| ૪ | ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ | રાજ્ય સરકાર તરફથી ગ્રાન્ટ–ઈન–એઈડ મળતું હોવાથી ખોટ અને આવકનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | | |

(૩) બોર્ડ–કોર્પોરેશનની ખોટ ઘટાડવા શા પગલાં લીધાં?

(૩)

| ક્રમ | બોર્ડ–કોર્પોરેશનના નામ | બોર્ડ–કોર્પોરેશનની ખોટ ઘટાડવા લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૨ | ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લી. | ઉક્ત સમયગાળામાં કોઈ ખોટ થયેલ નથી. |
| ૩ | ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ | –ક્ષેત્રીય કચેરીઓનું સંખ્યાબળ ઘટાડીને તેનું પ્રાદેશિક કચેરીઓમાં વિલીનીકરણ કરવામાં આવેલ છે.<br>–વડી કચેરીના મકાનનો અમુક ભાગ સરકારી કચેરીઓને વેચાણ કરેલ છે.<br>–વહીવટી ખર્ચમાં ઘટાડો કરેલ છે.<br>–સ્વૈચ્છિક નિવૃત્તિ તથા ફરજિયાત નિવૃત્તિ યોજના અમલમાં મૂકવામાં આવેલ હતી.<br>–બેન્ક તથા અન્ય સંસ્થાઓની નાણાકીય જવાબદારીઓનું પુનઃગઠન કરી તે મુજબ પ્રતિ ચુકવણીની વ્યવસ્થા હાથ ધરેલ છે. |
| ૪ | ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ અને દેવભૂમિ દ્વારકા જિલ્લા/શહેરમાંથી પકડાયેલ ગૌમાંસ અને ગૌવંશ**

૨૪૨૮૧ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને દેવભૂમિ દ્વારકા જિલ્લા/શહેરમાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યા,

(૧) પત્રક-અ મુજબ.

**પત્રક-અ**

| જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક) | પકડાયેલ ગૌમાંસનો જથ્થો | પકડાયેલ ગૌવંશની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | ગાય | બળદ | વાછરડા | આખલા |
| **તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮** | | | | | |
| અમદાવાદ શહેર | ૧૧૬૬૫ કિ.ગ્રા. | ૪૩ | ૨૧ | ૩૯ | ૩૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૯૦ કિ.ગ્રા. | ૧૭ | ૩૩ | ૧૧ | ૦૦ |
| જામખંભાડીયા શહેર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| દેવભૂમિ દ્વારકા જિલ્લો | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | | | | |
| અમદાવાદ શહેર | ૪૨૪૦ કિ.ગ્રા. | ૧૦ | ૦૬ | ૦૧ | ૦૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૨૩૫૦ કિ.ગ્રા. | ૧૨ | ૨૧ | ૧૭ | ૦૦ |
| જામખંભાડીયા શહેર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| દેવભૂમિ દ્વારકા જિલ્લો | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી,

(૨) પત્રક-બ મુજબ.

**પત્રક-બ**

| જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક) | ગૌમાંસના જથ્થાના ગુનામાં ધરપકડ કરેલ આરોપીઓની સંખ્યા | ગૌવંશના ગુનામાં ધરપકડ કરેલ આરોપીઓની સંખ્યા |
|---|---|---|
| **તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮** | | |
| અમદાવાદ શહેર | ૭૫ | ૨૧ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦૫ | ૩૩ |
| જામખંભાડીયા શહેર | ૦૦ | ૦૦ |
| દેવભૂમિ દ્વારકા જિલ્લો | ૦૦ | ૦૦ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | |
| અમદાવાદ શહેર | ૬૯ | ૧૨ |
| અમદાવાદ ગ્રામ્ય | ૨૦ | ૨૫ |
| જામખંભાડીયા શહેર | ૦૦ | ૦૦ |
| દેવભૂમિ દ્વારકા જિલ્લો | ૦૦ | ૦૦ |

(૩) તેઓ સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે ?

(૪) પત્રક-ક મુજબ.

**પત્રક-ક**

| જિલ્લા (મુખ્ય મથક સિવાય)/શહેર (જિલ્લાનું મુખ્ય મથક) | ગૌમાંસના જથ્થાના ગુનામાં ધરપકડ કરવાના બાકી આરોપીઓની સંખ્યા | ગૌવંશના ગુનામાં ધરપકડ કરવાના બાકી આરોપીઓની સંખ્યા |
|---|---|---|
| **તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮** | | |
| અમદાવાદ શહેર | ૦૦ | ૦૪ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦૦ | ૦૪ |
| જામખંભાડીયા શહેર | ૦૦ | ૦૦ |
| દેવભૂમિ દ્વારકા જિલ્લો | ૦૦ | ૦૦ |
| **તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯** | | |
| અમદાવાદ શહેર | ૦૩ | ૦૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦૦ | ૦૧ |
| જામખંભાડીયા શહેર | ૦૦ | ૦૦ |
| દેવભૂમિ દ્વારકા જિલ્લો | ૦૦ | ૦૦ |

---------

### કચ્છ જિલ્લામાં ખનિજોના નમુનાઓનું પૃથ્થકરણ

૨૨૩૯૧ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) રાજ્યમાં ખનિજોના નમુનાઓનાં પૃથ્થકરણ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવી વ્યવસ્થાઓ અંતર્ગત કચ્છ જિલ્લાના કુલ કેટલા નમુનાઓનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે?

(૧) હા, જી.
પેટ્રોગ્રાફી અને મીનરલ કેમેસ્ટ્રી પ્રયોગશાળા, રાયસણ, ગાંધીનગર ખાતે કાર્યરત છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ, કચ્છ જિલ્લાના ખનિજ નમુનાઓનું કરવામાં આવેલ પૃથ્થકરણની છેલ્લા બે વર્ષની વિગત નીચે પ્રમાણે છે.

| પૃથ્થકરણનો સમયગાળઓ | પૃથ્થકરણ થયેલ નમુનાની સંખ્યા |
|---|---|
| ૦૧-૦૧-૨૦૧૮ થી ૩૧-૧૨-૨૦૧૮ | ૨૯૫૧ |
| ૦૧-૦૧-૨૦૧૯ થી ૩૧-૧૨-૨૦૧૯ | ૨૦૧૯ |

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઈ-હરાજીથી ખનિજોની ફાળવણી**

૨૨૪૬૫ **શ્રી અરવિંદ રૈયાણી** (રાજકોટ-પૂર્વ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા સ્પર્ધાત્મક અને પારદર્શક રીતે ઈ-હરાજીથી ખનિજોની ફાળવણી માટે શી કાર્યવાહી કરવામાં આવી,

(૨) તે અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખનિજવાર કેટલા બ્લોક ઈ-હરાજીમાં મુકવામાં આવેલ છે, અને

(૩) ઈ-ઓક્શનમાં મુકવામાં આવેલ બ્લોક્સ પૈકી સફળ થયેલ બ્લોક્સની સંખ્યા કેટલી છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા સ્પર્ધાત્મક અને પારદર્શક રીતે ઈ-હરાજીથી ખનિજોની ફાળવણી માટે કુલ ૮૦૭ બ્લોક્સ જાહેર હરાજી માટે મુકવામાં આવ્યા.

(૨) તે અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખનિજવાર નીચેની વિગતેના બ્લોક
ઈ-હરાજીમાં મુકવામાં આવેલ છેઃ

| ખનિજ | બ્લોક્સની સંખ્યા |
|---|---|
| બ્લેકટ્રેપ | ૦૫ |
| બિલ્ડીંગ લાઇમસ્ટોન | ૦૪ |
| લાઇમસ્ટોન અને માર્લ | ૦૧ |
| **કુલ** | **૧૦** |

(૩) ઈ-ઓક્શનમાં મુકવામાં આવેલ કુલ ૧૦ બ્લોક્સ પૈકી સફળ થયેલ બ્લોક્સની સંખ્યા ૦૪ છે.

| ખનિજ | સફળ બ્લોક્સની સંખ્યા |
|---|---|
| બિલ્ડીંગ લાઇમસ્ટોન | ૦૪ |

---------

**નવસારી અને વલસાડ જિલ્લામાં કાર્યરત જી.આઈ.ડી.સી.**

૨૪૪૦૧ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ નવસારી અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી જી.આઈ.ડી.સી. કાર્યરત છે,

**જવાબ**

(૧)

| જિલ્લો | તાલુકો | કાર્યરત જી.આઈ. ડી.સી.ની સંખ્યા |
|---|---|---|
| નવસારી | નવસારી | ૦૧ |
| | ગણદેવી | ૦૧ |
| | વાંસદા | ૦૧ |
| વલસાડ | વલસાડ | ૦૧ |
| | પારડી | ૦૧ |
| | વાપી | ૦૨ |

| | | |
|---|---|---|
| | ઉમરગામ | ૦૨ |
| | કપરાડા | ૦૧ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર એકપણ જી.આઈ.ડી.સી. ન હોય તેવા તાલુકા કેટલા છે, અને

(૨) નવસારી જિલ્લાના ૦૩ તાલુકામાં
વલસાડ જિલ્લાના ૦૧ તાલુકામાં

(૩) ઉક્ત જી.આઈ.ડી.સી. પૈકી છેલ્લાં બે વર્ષમાં કેટલી નવી જી.આઈ.ડી.સી. સ્થાપવામાં આવી ?

(૩) એક પણ નહીં.

---------

**કચ્છ જિલ્લામાં ગેરકાયદેસર પકડાયેલ દારૂ**

૨૪૨૨૭ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર કયા પ્રકારનો કેટલો દારૂ ગેરકાયદેસર પકડાયો, અને

(૨) ઉક્ત તાલુકાઓમાં દારૂના પ્રતિબંધનો કડક અમલ થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) પત્રક મુજબ

(૨) દારૂની હેરફેર અટકાવવા માટે પ્રોહિબેશન ધારાની જોગવાઈઓમાં સુધારા કરી સજાનું પ્રમાણ વધારેલ છે. દારૂના હેરફેરની પ્રવૃત્તિ કરતા ઇસમો વિરુદ્ધ ઉક્ત સુધારેલ નવા કાયદાની જોગવાઇ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

સ્થાનિક પોલીસ, એસ.સી.બે., એસ.ઓ.જી., આર.આર.સેલ., એસ.એમ.સી. દ્વારા ખાનગી બાતમીદારો રોકી વધુમાં વધુ દારૂનો જથ્થો શોધી કાઢી કેસો કરવામાં આવે છે.

પ્રોહિબેશન કાયદાની અમલવારી માટે નિયમિત ડ્રાઈવ ગોઠવવામાં આવે છે. તેમજ આવી પ્રવૃત્તિ આચરનાર ઇસમો વિરુદ્ધ પ્રોહિબેશન ૯૩, જી.પી. એક્ટ ૫૫, ૫૬ અને પાસા જેવા અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

સ્ટેટ મોનીટરીંગ સેલ ખાતે પ્રજાની સીધી ફરિયાદ મળી શકે તે માટે ટોલ ફ્રી નંબર અને વોટ્સએપ નંબર કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

**પત્રક**

| **તાલુકા** | **દેશી દારૂ (લીટર)** | **વિદેશી દારૂ (બોટલ)** | **બિયર (બોટલ)** |
|---|---|---|---|
| અંજાર | ૧૧૫૯૧ | ૫૨૦૨૬ | ૧૦૧૯ |
| ગાંધીધામ | ૧૯૭૧૫ | ૩૨૨૫૨ | ૪૭૦૯ |
| ભચાઉ | ૬૧૩૬ | ૧૫૧૭૧૯ | ૮૬૮૦ |
| રાપર | ૨૯૧૦ | ૧૭૧૬૦૮ | ૧૧૦૩૮ |
| ભુજ | ૮૮૯૩ | ૩૬૭૭ | ૧૩૮૦ |
| માંડવી | ૪૦૫૮ | ૪૫૯૩ | ૮૭ |
| મુંદ્રા | ૬૮૯૯ | ૧૯૭૬૭ | ૧૭૬ |
| નખત્રાણા | ૨૫૫૩ | ૮૩૯ | ૪૭૦ |
| અબડાસા | ૧૭૪૭ | ૯૫૮૦ | ૩ |
| લખપત | ૪૩૦ | ૨૭૬ | ૭ |

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઈ–હરાજીથી ખનિજોની ફાળવણી**

૨૨૪૬૪ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

## તા.૨જી માર્ચ, ૨૦૨૦
## પોઇન્ટ ઓફ ઓર્ડર

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા સ્પર્ધાત્મક અને પારદર્શક રીતે ઈ-હરાજીથી ખનિજોની ફાળવણી માટે શી કાર્યવાહી કરવામાં આવી,

(૨) તે અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખનિજવાર કેટલા બ્લોક ઈ-હરાજીમાં મુકવામાં આવેલ છે, અને

(૩) ઈ-ઓક્શનમાં મુકવામાં આવેલ બ્લોક્સ પૈકી સફળ થયેલ બ્લોક્સની સંખ્યા કેટલી છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા સ્પર્ધાત્મક અને પારદર્શક રીતે ઈ-હરાજીથી ખનિજોની ફાળવણી માટે કુલ ૮૦૭ બ્લોક્સ જાહેર હરાજી માટે મુકવામાં આવ્યા.

(૨) તે અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખનિજવાર નીચેની વિગતેના બ્લોક ઈ-હરાજીમાં મુકવામાં આવેલ છેઃ

| ખનિજ | બ્લોક્સની સંખ્યા |
|---|---|
| બ્લેકટ્રેપ | ૦૫ |
| બિલ્ડીંગ લાઇમસ્ટોન | ૦૪ |
| લાઇમસ્ટોન અને માર્લ | ૦૧ |
| **કુલ** | **૧૦** |

(૩) ઈ-ઓક્શનમાં મુકવામાં આવેલ કુલ ૧૦ બ્લોક્સ પૈકી સફળ થયેલ બ્લોક્સની સંખ્યા ૦૪ છે.

| ખનિજ | સફળ બ્લોક્સની સંખ્યા |
|---|---|
| બિલ્ડીંગ લાઇમસ્ટોન | ૦૪ |

### પોઇન્ટ ઓફ ઓર્ડર
### તારાંકિત પ્રશ્નોત્તરીમાં પ્રશ્નો ક્લબ કરવા અંગે

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(રાજ્યકક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. પ્રશ્નોત્તરીકાળની અંદર જે રીતે આપણે વિધાનસભાની એક પરંપરા રહી છે. એ પરંપરામાં એવું હોય છે કે ડ્રોની અંદર અગ્રતાક્રમ પ્રમાણે પ્રશ્ન આવે એ પ્રશ્નનો ઉલ્લેખ કરી ટ્રેઝરી બેન્ચ પાસે એનો જવાબ લેવામાં આવે છે. ૧૪૫ નંબરનો પ્રશ્ન હોય એને તમે ૨ નંબરની સાથે ક્લબ કરી પ્રશ્નનો સ્કોપ વધાર્યો. સરકાર કોઇપણ પ્રશ્નથી ગભરાતી નથી. કદાચ ૧૪૫મો પહેલા આવ્યો હોત તો એ પ્રમાણેનો જવાબ અમે ચોક્કસ આપત. એ આપણા સન્માનનીય સભાગૃહની પરંપરા રહી છે. એ પરંપરાને હું જોઇ રહ્યો છું કે કેટલાક સભ્યશ્રીઓ કદાચ એનાથી વાકેફ નહિ હોય, એટલે પાછળના પ્રશ્નો, કુલ પ્રશ્નો એનો સરવાળો કરી જે રીતે પ્રશ્ન કરે છે. મારી પાસે સંસદીય પ્રણાલિકાની કાર્યરીતિની બુક છે ભાગ-૧. એ બુકના એના પાના નં. ૩૨૩ ઉપર લખેલ છે કે કોઇપણ ડે કે વધુ પ્રશ્ન હાથ ધરવા બાબતની અંદર, પરંતુ આની અંદર છેલ્લી લીટી જ વાંચું. પ્રથા સામે સભ્યશ્રી તરફથી વાંધો લેવામાં આવતા હવે એ પ્રથા બંધ કરવામાં આવે છે તેવા પ્રશ્નો સાથે લેવામાં આવતા નથી. મારે આપના દ્વારા સભ્યશ્રીને માર્ગદર્શન મળે કે આવા બંને પ્રશ્નો ક્લબ કરીને વાત મૂકે છે જે અયોગ્ય છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગરવા ગૃહની પરંપરા રહી છે કે વિધાનસભાના ફ્લોર ઉપર જે કાગળ મૂકાય તે પબ્લિશ થયો હોય છે. એવા દરેક સરકારી આંકડાઓ એને ચર્ચાનો હિસ્સો ગણી શકાય છે. હું આપના મારફત મંત્રીશ્રીને કહેવા માગું છું કે અહીંયા રજૂ થતા આંકડાઓ એની ઓથેન્ટિસિટી સાબિત કરવાની જવાબદારી જે તે પ્રભારી સભ્યની હોય છે. હંમેશા અમે જે આંકડા કોટ કરીએ છીએ, તે વિધાનસભાની અતારાંકિત પ્રશ્નોત્તરી કે તારાંકિત પ્રશ્નોત્તરી અને ઉપલબ્ધ ફ્લોર ઉપરના કાગળો ઉપરથી લેવાતા હોય છે. માનનીય પ્રદીપસિંહજીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે એ આજની જ વિધાનસભા કાર્યવાહીમાં જે વિવિધ અલગ પ્રશ્નો હતા એને સમરાઇઝ કરી આંકડા મૂક્યા છે. આવા આપે આપેલ આંકડાને સ્વીકારવામાં સરકારને શું તકલીફ થાય? સરકારે આપેલ આંકડા છે. એને સરકારે ફ્લોરમાં સ્વીકારવા જોઇએ, લેખિત સ્વરૂપે આપ્યા છે, ત્યારે આ પોઇન્ટ ઓફ ઓર્ડર અપ્રસ્તુત બને છે. એટલે આ પોઇન્ટ ઓર્ડર નામંજૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : કાયદાની પ્રક્રિયા એવી છે કે જવાબનો જવાબ પછી ન હોય. આનાથી રહી જતો હોય તો કહો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ ઉંમેરું છું. નવું રિપીટ કશું નહિ કરું. રાજ્ય સરકારમાં વિધાનસભાના સત્ર દરમ્યાન અનેક જાતના પ્રશ્નો માનનીય સભ્યશ્રી પૂછતા હોય છે. દરેક પ્રશ્નનો હાર્દ એનો ભૌગોલિક વિસ્તાર, પ્રશ્ન પૂછવાનો હેતુ, સરકાર જે જવાબ આપે છે, એની પાછળનાં કારણ દરેકનાં જુદાં જુદાં હોય છે. એટલે એક પ્રશ્નનો જવાબ તમે બીજે ફીટ કરી દો તે કોઇ રીતે શક્ય નથી, એટલે શ્રી પ્રદીપસિંહનો પોઇન્ટ ઓફ ઓર્ડર સાચો છે. મૂળ પ્રશ્ન મૂકાયો હોય એનો જવાબ તે પ્રશ્ન પુરતો સંદર્ભમાં ગણવો જોઇએ. ગમે ત્યાં, ગમે તે વાતને ફીટ કરી દેવી જે માનનીય પરેશભાઇ કહે છે તે યોગ્ય નથી. નહિતર તો આવો ઉમેરો કરવા જઇએ તો ક્યાંયનું ક્યાંય ચિત્ર બિહામણું થઇ જાય. આવી રીતે બિહામણું ચિત્ર રજૂ કરવામાં એમનો રસ હોય. અમે અમારું સાચું અને સારું ચિત્ર મૂકીએ છીએ. એ તો સિદ્ધાંત છે કે સરકાર જે જવાબ આપે એ સાચો છે એમ સ્વીકારવાની ગૃહની જવાબદારી અને ફરજ બંને છે, એટલે એને કોઇ રીતે તમે પડકારી ન શકો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે. સવાલ પ્રશ્ન કયો પૂછાયો છે એના સંદર્ભમાં માનનીય મંત્રીશ્રી બંધાયેલા છે કે એ પ્રશ્નના સંદર્ભમાં માનનીય મંત્રીશ્રી જવાબ આપે. વિપક્ષ

દ્વારા સરકારને જે પ્રશ્ન પૂછવામાં આવે છે એ પ્રશ્ન છે એને આધીન જ પૂછવામાં આવે છે પણ વિધાનસભા ગૃહની અંદર રજૂ કરેલી પ્રશ્નોત્તરીના જવાબની અંદર જિલ્લાવાઇઝ જે આંકડાકીય માહિતી આપેલી હોય છે જે સરકારશ્રીએ આપેલી હોય છે એનો સરવાળો કરીને...

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સંદર્ભ જુદા હોય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સંદર્ભ નથી હોતા. જે અમારા કોંગ્રેસ પક્ષ દ્વારા પૂછવામાં આવેલા તમામ પ્રશ્નો આજે ગૌવંશનો જે પ્રશ્ન પૂછવામાં આવ્યો, તમામ પ્રશ્નોત્તરીની અંદર તમામ ધારાસભ્યશ્રીઓએ પૂછેલા પ્રશ્નો એક સરખા છે અને એક સરખાને આધીન બે નંબરનો પ્રશ્ન હોય તો બે નંબરના પ્રશ્નને આધીન જ અમે પ્રશ્ન પૂછીએ છીએ.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર કહોને.

શ્રી શૈલેષ મ. પરમાર : એટલે અમે સરકારને, મંત્રીને બાંધતા નથી પણ સરકારનું અમે ધ્યાન દોરવા માગીએ છીએ કે આજના જવાબમાં ટોટલ આટલું થાય છે માટે સરકાર આ બે નંબરના જવાબની અંદર શું કરવા માંગે છે? આટલી જ વાત છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે પાછું શું? ચાર જણાએ હાથ ઉંચા કર્યા છે. આ જવાબનો, જવાબનો, જવાબનો જવાબ. પૂરું જ ન થાય.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય પ્રદિપસિંહભાઇએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે પોઇન્ટ ઓફ ઓર્ડર એનું કારણ માત્ર એટલું છે કે બિહામણું ચિત્ર જે ઉભું થાય એનાથી સરકારને ડર છે. બિહામણી સ્થિતિનો સરકાર કાગળ ઉપર સ્વીકાર કરી રહી છે અને વિપક્ષ દ્વારા ઉભા થતા કોઇપણ પ્રશ્નો એ સરકારી સંદર્ભને ટાંકી અને સરકાર સમક્ષ મૂકયા છે ત્યારે આ વિધાનસભા ગૃહની જે આદર્શ પ્રણાલિ છે એમાં સરકારી આંકડાઓ, સરકારી સંદર્ભોને ટાંકીને જે વાત કરી હોય એ રેકર્ડનો હિસ્સો બને છે. સરકારે આપેલી માહિતી છે એ સરકારે સ્વીકારવી જોઇએ અને પોઇન્ટ ઓફ ઓર્ડર જે સંદર્ભમાં એમણે ઉભો કર્યો છે એ અપ્રસ્તુત છે ત્યારે રદ કરવો જોઇએ.

અધ્યક્ષશ્રી : આ ચર્ચા ઉપર ઘણી વાત થઇ ગઇ. માનનીય પુંજાભાઇનો પણ હાથ ઉંચો છે. આપ તો સંસદીય મંત્રી છો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં કોઇ બિહામણું ચિત્ર છે નહીં અને તમે કાલ્પનિક ઉભું કરવાનો પ્રયાસ કરી રહ્યા છો.(અંતરાય) તમે કાલ્પનિક ભય ઉભો કરવાનો પ્રયાસ કરી રહ્યા છો એમ મારું કહેવું છે. છે નહીં, પણ તમે કાલ્પનિક ચિત્ર ઉભું કરીને એવું બિહામણું ચિત્ર ઉભું કરવાનો પ્રયાસ કરી રહ્યા છો, તમે કાલ્પનિક ચિત્ર ઉભું કરવાનો પ્રયાસ કરી રહ્યા છો એ ન થવું જોઇએ મારું એમ કહેવાનું છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી :પ્લીઝ, હવે મારે કોઇને સાંભળવા નથી. ઘણું બધું આપના એલ.ઓ.પી.એ કીધું, માનનીય શૈલેષભાઇએ કીધું (અંતરાય) શું? આનાથી કંઇક નોખું હોય તો કહો નહીંતર હું આપને રોકીશ. બોલો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો એ મંજૂર કરવાપાત્ર નથી એટલા માટે કે મંત્રીશ્રીએ વાત કરી છે કે સ્કોપની બહાર છે. પણ અનુભવે આ વિધાનસભામાં આ સત્રમાં અગાઉના સત્રમાં જે ધારાસભ્યશ્રીઓ દ્વારા પૂરક પ્રશ્નો પૂછવામાં આવે છે એના ટુંકા જવાબ આપવાના બદલે ન પૂછયા હોય એવા વધારાના જવાબો સરકાર રેકર્ડ ઉપર મૂકે છે અને વધારાના જવાબો સરકાર રેકર્ડ ઉપર મૂકે છે ત્યારે આજની પ્રશ્નોત્તરીમાં જે સભ્યોએ પ્રશ્નો પૂછયા છે એ જ સરકારે આપેલી માહિતીમાંથી સંદર્ભ લઇને પ્રશ્નો પૂછયા છે એ રીલેવન્ટ છે પણ વધારે પ્રશ્ન ન પૂછાય એવા હોય છતાં પણ વધારાની માહિતી માનનીય મંત્રીશ્રી આપે છે એ આ રેકર્ડ ઉપર ગૃહમાં બન્યું છે અને એટલા માટે આ પૂછવામાં આવ્યું છે એ સ્કોપમાં જ છે અને પોઇન્ટ ઓફ ઓર્ડર મંજૂર કરવાપાત્ર રહેતો નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે આ પ્રથા પડી ગઇ. બોલો આજે જેને બોલવું હોય તે બોલો.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથા નહીં, મારી આ વ્યથા છે. ત્રણ વર્ષમાં પહેલી વાર નવમો પ્રશ્ન આવ્યો. ચાર પ્રશ્નમાં વાત પૂરી થઇ જાય. મારી વિનંતી છે ગૃહને, આપને અને બધાને કે જે પ્રશ્ન છે એ આખા ગુજરાતની પબ્લિક માટે ધારાસભ્યો પ્રશ્નો પૂછે છે. આ ગૃહનો જે એક કલાકનો સમય છે એ જો દોઢ કલાકનો કરવામાં આવે, અમે અડધો કલાક, કલાક કામ વધારે કરવા પણ રાજી છીએ. આ અમારી માગણી છે બાકીની કોઇ ટીકા–ટીપ્પણી સરકારની નથી પણ જે પરિસ્થિતિ છે કે એક ધારાસભ્ય તરીકે ત્રણ વર્ષથી પ્રયત્ન કરું છું, પહેલીવાર નવમો પ્રશ્ન આવ્યો. સાડા પાંચ વાગ્યાનો ઊઠીને જામનગરથી નીકળીને ૧૨–૦૦ વાગ્યે પહોંચ્યો અને તમે ૧૨–૧૨, ૧૩–૧૩ પ્રશ્ન શરૂ કરીને હવે પૂરા કરો છો એટલે મારી વિનંતી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : જ્યારે મહત્વના પ્રશ્ન હોય ત્યારે મેં ૨૦ મિનિટ સુધી એલાઉ કર્યા છે, નહીં તો ઝડપ કરું છું.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : સાહેબ, સારું છે અને આપને ધન્યવાદ આપું છું. એમાં હું ના નથી કહેતો આજે ચાર પ્રશ્ને ગાડી અટકી ગઇ. જે કાંઇ હતું.

અધ્યક્ષશ્રી : ચાર પ્રશ્નનો સવાલ નથી.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : એની ટીપ્પણી કરવા માગતો નથી.

## તા.૨જી માર્ચ, ૨૦૨૦

## પોઇન્ટ ઓફ ઓર્ડર

અધ્યક્ષશ્રી : કેટલા માનનીય ધારાસભ્યોએ પ્રશ્ન પૂછ્યા એ મહત્વનું છે. નંબર ઓફ પર્સન્સ.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : એની પણ ટીપ્પણી કરવા માગતો નથી, પણ મારી વિનંતી છે હું બીજી કોઇ વાત કરવા માગતો નથી.

અધ્યક્ષશ્રી : હવે એવું નક્કી કરીએ બે જ પ્રશ્ન પૂછવા દેવા?

શ્રી વિક્રમભાઇ અ. માડમ : સાહેબ, મેં એમાં ટીકા–ટિપ્પણી કરી જ નથી.

અધ્યક્ષશ્રી : એ તમે પછી કામકાજ સલાહકાર સમિતિમાં કયારેક સરકાર પક્ષને આપ રિકવેસ્ટ કરો અને એમાં જે કાંઇ નક્કી થાય એ.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : સાહેબ, આ જાહેર રિકવેસ્ટ છે. આપને સમર્થન કરવું કે નહીં એ આપના હાથની વાત છે.

અધ્યક્ષશ્રી : કોઇને પોઇન્ટના સમર્થમાં કાંઇ કહેવું છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આપણી વિધાનસભા નિયમોના નિયમ પ્રમાણે ચાલે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ કાયદાની વાત છે. શ્રી જોષીકાકા.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સાથી પક્ષને હું એ વિનંતી કરું છું કે, જ્યારે એમના ધારાસભ્યો દ્વારા જે પ્રશ્ન પૂછવામાં આવે અને ટ્રેઝરી બેંચ દ્વારા જો તમને પૂરતો સમય ન અપાય તો એ અયોગ્ય કહેવાય. આપે આપના ધારાસભ્યો દ્વારા નક્કી કરવું જોઇએ કે કયા પ્રશ્નો અને કેટલા પૂછવા જેથી કરીને આપણે પ્રશ્નકાળ આગળ લઇ જઇ શકીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (બેઠા બેઠા) : અમેય તૈયારી કરીને આવીએ છીએ. અમે રાતોની રાતો જાગીએ છીએ.

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી વિક્રમભાઇએ જે વાત કરી એ બહુ સાચી છે. એટલે જેમ નવમો પ્રશ્ન આવે એટલે સભ્યને અપેક્ષા હોય કે વારો આવી જશે. અમે પણ ૨૦ પ્રશ્નો સુધી તૈયારી કરીએ છીએ. કોઇ પણ કારણસર આગળ વધ્યું તો ૨૦ સુધીના જવાબો રહેવા જોઇએ. એટલે સાહેબ, સંસદમાં એ પ્રણાલિકા છે કે મુખ્ય પ્રશ્ન પૂછનારનો પ્રશ્ન પતે પછી એક વિરોધપક્ષમાંથી અને એક સામેથી આ બે પ્રશ્ન થાયને તો સાહેબ, લાંબા પ્રશ્નો ચાલે પણ એક પ્રશ્નમાં જો ૧૦–૧૦ લોકો થાય તો ૧૦ મિનિટ, ૨૦ મિનિટ જવાની જ છે. પ્રશ્નોત્તરી આગળ ના જ વધી શકે. એટલા માટે આપણે બધા ભેગા મળીને નક્કી કરીએ.

અધ્યક્ષશ્રી : કામકાજ સલાહકાર સમિતિમાં આપણે આ પ્રશ્ન લઇશું.

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, એટલે ચુસ્તતાપૂર્વક બંને પક્ષે વળગી રહેવું પડે. અમારી તૈયારી છે જ. એવું ના લાગે કે અમે જવાબ દેવામાંથી ભાગીએ છીએ પણ આપણે બધા સંયમતાપૂર્વક કરીશું તો થાશે.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડરના પ્રશ્ને ઘણી લાંબી રજૂઆતો થઇ છે. ઘણા બધા માનનીય સભ્યશ્રીઓએ વિગતવાર રજૂઆત કરી છે. માનનીય મંત્રીશ્રીઓએ પણ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરેલ છે. એનો નિર્ણય મોકુફ રાખું છું. હું નિર્ણય પછી આપીશ. કારણ કે આ નિર્ણય એવો લેવો જોઇએ કે જેથી કાયમ આપણને માર્ગદર્શન મળે. મારો આ પ્રયાસ હશે, નેકસ્ટ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. અગાઉ પણ આ ગૃહ સમક્ષ આ વાત ઉપસ્થિત કરી હતી. આજે પણ માનનીય અધ્યક્ષશ્રી, આપણી તારાંકિત પ્રશ્નોત્તરી છે એના અગ્રતા ક્રમાંક ૨૦૦ તરફ આપનું ધ્યાન દોરવા માગું છું. અગ્રાત ક્રમ ૨૦૦ ઉપર માનનીય હિંમતસિંહભાઇએ અમદાવાદ અને અમરેલી જિલ્લામાં જી.આઇ.ડી.સી.ને લઇને પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી, તાલુકાવાર કેટલી જી.આઇ.ડી.સી. કાર્યરત છે અને કેટલા તાલુકામાં નથી. માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રશ્ન ક્રમાંક ૨૦૦ છે એ અમરેલી જિલ્લામાં ચાર તાલુકામાં જી.આઇ.ડી.સી. કાર્યરત છે એવું સરકારે સ્વીકાર્યું. પાંચ તાલુકામાં એક પણ જી.આઇ.ડી.સી. નથી એવું સરકારે સ્વીકાર્યું. માનનીય અધ્યક્ષશ્રી, હું અમરેલી જિલ્લામાં રહુ છું, ૧૧ તાલુકા છે ચારમાં જી.આઇ.ડી.સી. છે અને પાંચમાં એક પણ નથી તો આ બે તાલુકા ખોવાઇ ગયા. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ઉદ્યોગ ખાતાનું નિયંત્રણ કરે છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના વિભાગની અંદર અમરેલી જિલ્લાના ૧૧ તાલુકામાંથી ૨ તાલુકા બિલકુલ ખોવાઇ ગયા છે એટલે બે કયા તાલુકા ખોવાઇ ગયા એની જાણકારી માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહને ઉપલબ્ધ થાય એ માટે નિયમ ૯૨ અન્વયે અડધો કલાકની ચર્ચા આપવા આપ કૃપા કરશો એવી ફ્લોર ઉપરથી વિનંતી કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ મુદ્દો જ નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ માહિતી તો વિભાગમાંથી મળી રહે છે. એટલે આ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) હોય ત્યારે વિધાનસભાના નિયમો..

અધ્યક્ષશ્રી : જવાબ તો આપવો પડે ને. આપણે સાંભળવો તો પડે કે નહીં? સાંભળ્યા વગર જ નામંજૂર કરી દઉં?

---

* આ શબ્દો અસંસદીય હોવાથી અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અડધો કલાકની ખાસ ચર્ચા માટેની વિધાનસભાના નિયમોમાં જોગવાઇ છે. આ ગૃહ વિધાનસભાના નિયમો અનુસાર ચાલવા બંધાયેલ છે. એટલે આપની પાસે અપેક્ષા રાખું કે સરકારશ્રી દ્વારા ઉપલબ્ધ કરાવેલ જવાબમાં કયાંય વિસંગતતા છે. *(xxx)તેવું લાગે છે, સાચી હકીકત છૂપાવવામાં આવી હોય તેવું લાગે છે. એટલે મારો પોઇન્ટ ઓફ ઓર્ડર માન્ય કરવામાં આવે અને આ અંગે આગળની કાર્યવાહી કરવામાં આવે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આવો કોઇ મુદ્દો... એક મિનિટ શ્રી પરેશભાઇ...

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ તમે જવાબ આપજો મને ગમશે. આવો જ બીજો મુદ્દો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી એલાઉ કરે તો મને વાંધો નથી. હવે બીજો મુદ્દો કહે છે, સાહેબ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરીનો જ છે. આવું જ આજના અગ્રતાક્રમ ૨૫૧માં છે. ગૃહના નેતા અને ઉપનેતાને પણ વિનંતી કરું છું કે, વિધાનસભામાં ઉપલબ્ધ થતા આંકડાઓ અને શબ્દોની વિશ્વસનીયતા જળવાય તે આપણા સૌની સામૂહિક જવાબદારી છે. હું કયારેય એવું આરોપનામું નહીં કરું કે ટ્રેઝરી બેંચ ભૂલ કરે છે. ટ્રેઝરી બેંચને પણ સરકારના વિભાગો દ્વારા સાચી હકીકતો વિધાનસભા ગૃહ સમક્ષ લાવવા માટે...

અધ્યક્ષશ્રી : કયો પ્રશ્ન છે?

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**(અડધા કલાકની ચર્ચા આપવા બાબત)**

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આજના અગ્રતાક્રમ નં.૨૫૧ તરફ આપનું ધ્યાન દોરું છું. ગીર સોમનાથ જિલ્લામાં બે જી.આઇ.ડી.સી. અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચાર જી.આઇ.ડી.સી. કાર્યરત છે. પ્રશ્નના ખંડ-૩ના જવાબ મુજબ છેલ્લા બે વર્ષમાં એક પણ નવી જી.આઇ.ડી.સી. સ્થાપવામાં નથી આવી તેવું સરકારે આજે સ્વીકાર્યું છે. આ જ કાર્યકાળ દરમિયાન ચૌદમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં વર્ષ ૨૦૧૮ની અંદર ચોથી અતારાંકિત યાદી અને એટલા માટે કે હું અભ્યાસ કરું છું. તા.૧૯-૯-૨૦૧૮ના અતારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૩૦ પાના નં.૩૨ ઉપર મળેલ જવાબ મુજબ તા.૩૧-૩-૨૦૧૮ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં એક વેરાવળ ખાતે અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ત્રણ એટલે કે ભાણવટ, ભાટીયા અને ખંભાળીયા જી.આઇ.ડી.સી. છે એવું જણાવવામાં આવેલ છે. બે વર્ષમાં એક પણ નવી જી.આઇ.ડી.સી. સ્થાપવામાં ન આવી હોય તો ગીર સોમનાથ જિલ્લામાં સૂત્રાપાડા ખાતે અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઓખામંડળ ખાતે આ જી.આઇ.ડી.સી. આવી કયાંથી? આ મારો સીધો પ્રશ્ન છે. એટલે આ ખૂબ ગંભીર બાબત છે. આ ગૃહમાં ૧૮૨ લોકો ગુજરાતની જે જમીની સ્થિતિ છે તેમાં સત્તાપક્ષ ઉકેલ લાવે અને વિપક્ષ કમજોરીઓ બતાવે. આમાં ટીકા ટિપ્પણીઓ નથી પણ વિધાનસભામાં ઉપલબ્ધ કરાવવામાં આવતા આંકડાઓ ઉપર ગુજરાતના લોકોને અવિશ્વાસ પેદા થાય તો ગુજરાતની આવતી પેઢી મને અને તમને કયારેય માફ નહીં કરે એટલે આપના મારફત ઉદ્યોગ વિભાગના પ્રભારી મંત્રી અને માનનીય મુખ્યમંત્રીને વિનંતી કરું છું કે, આ બંને મુદ્દાઓ માટે વિધાનસભાના નિયમાનુસાર નિયમ-૯૨ અન્વયે અડધો કલાકની ચર્ચા મંજૂર કરવામાં આવે તો ભવિષ્યની અંદર સરકારી તંત્ર પાકું લેશન કરી ટ્રેઝરી બેંચને આપશે અને ગુજરાતની જનતાને સાચું જાણવાનો અધિકાર છે  તે સત્ય ઉપલબ્ધ થશે.

શ્રી પ્રદિપસિંહ જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતા સંસદીય પ્રણાલિકાઓના જાણકાર છે. મારી પાસે વિધાનસભાના નિયમોના નિયમની બુક છે તેમાં નિયમ-૯૨ જુઓ તો તે નિયમ હેઠળ આ વિધાનસભામાં નિયમ-૯૨ હેઠળનો પ્રસ્તાવ કેવી રીતે ઉપસ્થિત કરી શકાય તે છે. સભાગૃહની અંદર પોઇન્ટ ઓફ ઓર્ડરના માધ્યમથી નિયમ-૯૨ હેઠળ કોઇ ચર્ચા ઉપસ્થિત થતી નથી. તેમના દ્વારા અલગ માનનીય અધ્યક્ષશ્રીને સંબોધીને અરજી આપવામાં આવે અને તેવી એક કરતાં વધારે અરજી થઇ હોય તો તેનું બેલેટ આપવામાં આવે અને તે બેલેટ પછી સોમવાર કે બુધવારનો દિવસ નક્કી કરવામાં આવે છે. તે પછી જ તેની ચર્ચા થાય છે. એવા સંજોગોમાં આજે જયારે પૂરક માગણીઓની ચર્ચા છે ત્યારે આ પ્રમાણેનો બિનજરૂરી પોઇન્ટ ઓફ ઓર્ડર છે. બીજો નિયમ-૨૧૮(ચ) છે તેમાં જો કોઇ સભ્ય નિયમ-૨૧૮(ઘ)ના પેટા નિયમમાં દર્શાવેલ કોઇપણ બાબત ઉપસ્થિત કરવા માગતા હોય તો તેની પણ પેઇજ નં.૮૬ ઉપર આખી પ્રક્રિયા છે. નિયમ ૯૨નો કેવી રીતે ઉપયોગ કરવો એ માનનીય સભાગૃહના વિરોધપક્ષના નેતાને જો પૂરેપૂરી જાણકારી હોત તો મને લાગે છે કે એમના મુદ્દામાં વાસ્તવિકતા કે વાજબીપણું જે હોય તે પરંતુ વિધાનસભા તો નિયમોના નિયમ હેઠળ જ ચાલવી જોઇએ અને એના માટે મારો આગ્રહ છે કે, નિયમ ૯૨ના સંદર્ભમાં આ પ્રમાણેનો પોઇન્ટ ઓફ ઓર્ડર એમના દ્વારા જે ઉપસ્થિત કરવામાં આવ્યો છે એ અપ્રસ્તુત છે એવી મારી લાગણી છે.

અધ્યક્ષશ્રી : આમાં દલીલ ન આવે, આપે રજૂઆત કરવાની હતી એ કરી દીધી મેં સાંભળ્યા છે આપના પોઇન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય હવે પછી કરીશું અત્યારે આગળ વધીએ. ત્રીજો કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**માનનીય વિપક્ષના નેતાશ્રીએ માફી માગવા અંગે.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ગયા ગુરુવારની પ્રશ્નોતરી દરમ્યાન શિક્ષણ વિભાગમાં સુરત અને વડોદરા જિલ્લામાં ટેબ્લેટ વિતરણની ચર્ચા ચાલી રહી હતી ત્યારે માનનીય વિપક્ષના નેતા શ્રી પરેશભાઇ ધાનાણીએ એની

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ−૧૧૬)

કિંમત બાબતે સરકારશ્રી ઉપર ગંભીર આક્ષેપ કર્યો હતો અમે રૂપિયા ૬૬૬૭માં ખરીદીએ છીએ એજ ટેબ્લેટ બજારમાં ૧૪૦૦ રૂપિયાના ભાવથી મળે છે. બીજે જ દિવસે જે સ્ત્રોત પર આધાર રાખીને એમણે કહ્યું હતું એ જ સ્ત્રોત બતાવીને મેં એમને ચોખવટ કરી હતી અને ગૃહમાં માફી માગવા માટેની મેં માગણી કરી હતી. પણ માનનીય પરેશભાઇએ કહ્યું હતું કે મારે ચકાસણી કરવી પડશે અને હું થોડો સમય માગું છું. આપે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉદારતાપૂર્વક માનનીય વિપક્ષના નેતાને થોડો સમય આપ્યો હતો એને ત્રણ દિવસ થઇ ગયા છે આજે તો કાં તો એમની વાતની યથાર્થતા પૂરવાર કરે અથવા તો માફી માગે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેં વિધાનસભા ગૃહમાં જ્યારે પ્રશ્ન ઉપસ્થિત કર્યો ત્યારે પણ ખૂબ ખેલદિલીપૂર્વક કહ્યું હતું કે રખેને ક્યાંય ચૂક થતી હોય, ક્યાંય માનનીય મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટતા કરી એની અંદર ક્યાંક ક્ષતિ થતી હોય તો મેં ગૃહમાં સ્વીકાર્યું હતું કે, વિપક્ષના નેતા તરીકે હું જવાબદારીથી ભાગી શકું નહીં. માનવીય ભૂલ મારી થઇ હોય તો તમે ન યાદ કર્યું હોત તો પણ મેં આ ગૃહમાં કમિટમેન્ટ કર્યું છે એટલે સત્ય સામે છે એનો સ્વીકાર કરવો જોઇએ. માનનીય ભૂપેન્દ્રસિંહજીએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો, ઓલરેડી મેં વાત કમિટ કરી છે મારી ઓફીસ પાસે મેં લેશન કરાવેલું છે અને વિસ્તૃત માહિતી સાથે જે પણ વાત મારી ક્ષતિ પણ થઇ હોય અથવા તો કાંઇ વિશેષ સ્પષ્ટતા હશે તો હું સામેથી અહીંયા આવવાનો હતો. આપે યાદ કરાવ્યું છે એટલે આજનો દિવસ પૂરો થાય એ પહેલા સામેથી આપની અનુમતિ લઇ અને સ્પષ્ટતા અને જે કાંઇ હશે તે કરીશ.

અધ્યક્ષશ્રી : બીજો જે પોઇન્ટ ઓફ ઓર્ડર લીધો છે એનો નિર્ણય પણ હું મોકૂફ રાખું છું અને વિગતવાર નિર્ણય જાહેર કરીશ. નેક્સ્ટ.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ−૧૧૬)

મહુવડ રણુ ચોકડી પર ગંભીર અકસ્માત અંગે.

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર(પાદરા) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોરું છું અને તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

``તાજેતરમાં વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મહુવડ−રણુ ચોકડી પર ટેમ્પો અને ડમ્પર વચ્ચે ગંભીર અકસ્માત થતા ૧૩ જેટલા ઇસમોના કમકમાટીભર્યા મોત થયા છે અને ૨૦ જેટલા ઇસમો ઇજાગ્રસ્ત થયા છે. આ ગંભીર અકસ્માતથી આમજનતામાં ભારે ગમગીની પ્રવર્તી રહી છે ત્યારે આવા અકસ્માતો ન સર્જાય અને મૃતકના પરિવારજનોને આર્થિક સહાય મળે તે માટે રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં``

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(રા.ક.ના ગૃહ મંત્રીશ્રી) :માનનીય અધ્યક્ષશ્રી, (૧) વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મહુવડ−રણુ રોડ પર આઇસર ટ્રક અને ડમ્પર વચ્ચે ગંભીર અકસ્માત થતા ૧૩ વ્યક્તિના મોત થયા અને ૪ વ્યક્તિઓ ઇજાગ્રસ્ત થયેલ છે, જેની વિગતો નીચે મુજબ છે.

તા.૨૨.૦૨.૨૦૨૦ના રોજ આશરે સાંજના ૫.૪૫ વાગ્યે પાદરા તાલુકાના મહુવડથી રણુ જવાના રોડ પર ડમ્પર નંબર જી.જે.૦૬ ઝેડ ઝેડ ૭૬૮૪ તેમજ આઇસર ટ્રક નં.જી.જે.૧૮.એકસ ૯૪૭૩ વચ્ચે અકસ્માત થયેલ. આ અકસ્માતમાં આઇસર ટ્રકમાં બેઠેલા પેસેન્જરો પૈકી ૧૩ વ્યક્તિઓ મરણ પામેલ છે તેમજ ૪ વ્યક્તિઓને ઇજા થયેલ છે. આ અકસ્માતમાં આઇસર ટ્રકના પેસેન્જરોને નૈસર્ગિક ક્રિયા માટે ડ્રાઇવરે મહુવડથી રણુ તરફ જવાના રોડ ઉપર રોડની ડાબી બાજુએ ટ્રક ઉભી રાખી હતી તે દરમ્યાન રણુ તરફથી સામેથી આવતા ડમ્પર ચાલકે પોતાનું વાહન પૂરઝડપે હંકારીને આઇસર ટ્રક સાથે ડ્રાઇવર સાઇડમાં અથડાવી અકસ્માત કરેલ.

અકસ્માતની જાણ થતાં સ્થાનિક પોલીસે તાત્કાલિકપણે બનાવના સ્થળ પર પહોંચી ઇજાગ્રસ્તોને એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરા તથા પાદરા સરકારી હોસ્પિટલ ખાતે તાત્કાલીક સારવાર માટે મોકલી આપેલ અને મૃત્યુ પામેલ ઇસમોના ઇન્કવેસ્ટ પંચનામા કરી, પોસ્ટમોર્ટમ કરાવી તેઓના મૃતદેહો સ્વજનોને સોંપવાની કામગીરી હાથ ધરેલ.

આ અકસ્માતની જાણ થતાં અકસ્માતની ગંભીરતા ધ્યાને લઇ પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય અને નાયબ પોલીસ અધિક્ષકશ્રીએ બનાવ સ્થળની તાત્કાલિક મૂલાકાત લીધેલ હતી. આ ગંભીર અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા સારુ તપાસના કામે એફ.એસ.એલ. અને આર.ટી.ઓ. અધિકારીશ્રીએ બનાવ સ્થળની મૂલાકાત લઇ રીપોર્ટ આપેલ છે. ડમ્પરના ચાલક વિરુધ્ધ સાપરાધ મનુષ્ય વધનો આઇ.પી.સી. કલમ−૩૦૪, ૨૭૯, ૩૩૭, ૩૩૮, અને એમ.વી. એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ અને ૧૮૭ હેઠળ ગુનો દાખલ કરીને આરોપીઓની અટકાયત કરેલ છે. આ ગુનાની તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર, પાદરા પોલીસ સ્ટેશન કરી રહેલ છે.

(૨) માર્ગ અકસ્માતમાં થતાં માનવ મૃત્યુમાં ઘટાડો કરવા રાજય સરકારે લીધેલ પગલાંની વિગતોઃ

માનવ જિંદગી અમુલ્ય છે. માર્ગ અકસ્માત, તેમાં થતાં મૃત્યુ આંક તેમજ આજીવન દિવ્યાંગતા ઘટાડવા માટે રાજય સરકાર દ્વારા રાજયમાં માર્ગ સલામતી માટે મહત્વપૂર્ણ એવા ૪ ઇ (એજયુકેશન, એન્ફોર્સમેન્ટ, એન્જિનિયરીંગ અને ઇમરજન્સી રીસ્પોન્સ)ને કેન્દ્રમાં રાખીને નીચે મુજબ પ્રયત્નો કરવામાં આવે છે.

(૧) ટ્રાફીક નિયમો અને માર્ગ સલામતી માટે સામાન્ય જનતાને જોડતા જનજાગૃતિના કાર્યક્રમો કરવામાં આવે છે.

(૨) રાજયભરમાં શહેર/જિલ્લા ખાતે ટ્રાફીક નિયમોના ચુસ્ત અમલીકરણ માટે સઘન ટ્રાફીક ઝૂંબેશ રાખવામાં આવે છે.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

(૩) રાજ્યમાં પોલીસ વિભાગ દ્વારા ટ્રાફીક નિયમોના ભંગ બદલ એકત્રિત કરાયેલ સ્થળ દંડની પૂરેપૂરી રકમને રાજ્ય માર્ગ સુરક્ષા નીધિમાં ફાળવી તેમાંથી માર્ગ સલામતી માટે આયોજન કરવામાં આવે છે.

(૪) પ્રાણઘાતક અકસ્માતોના કિસ્સામાં શહેર/જિલ્લા ખાતે આર.ટી.ઓ., પોલીસ તથા માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓની સંયુકત ટીમ અકસ્માત સ્થળની મુલાકાત કરીને આવા બનાવો બનતા નિવારવા માટે પોતાની ભલામણો/સૂચનો કરે છે.

(૫) જિલ્લામાં જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટરશ્રી, શહેરમાં પોલીસ કમિશનરશ્રીના અધ્યક્ષપદે જિલ્લા રોડ સેફ્ટી કમિટી, સીટી રોડ સેફ્ટી કમિટીની નિયમિત બેઠક યોજાય છે અને આ બેઠકમાં અકસ્માતના કારણો સંદર્ભે સંયુકત ટીમના અહેવાલની સમીક્ષા કરીને આવી ઘટનાઓ ન બને તે માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.

(૬) રાજ્યકક્ષાએ વાહન વ્યવહાર મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને સ્ટેટ રોડ સેફ્ટી કાઉન્સીલની બેઠકો દર છ માસે નિયમિત રીતે યોજવામાં આવે છે, જેમાં સમગ્ર રાજ્યની માર્ગ સલામતીની કામગીરીની સમીક્ષા તથા જરૂરી આદેશ કરવામાં આવે છે.

(૭) અકસ્માતના સમયે તાત્કાલિક સારવાર મળી રહે તે હેતુસર ૧૦૮ની સેવાઓ વિસ્તારવામાં આવેલ છે. તમામ જિલ્લા કક્ષાએ ટ્રોમા સેન્ટરની સવલત પણ ઉપલબ્ધ થઇ શકે તે દિશામાં કાર્યવાહી હાથ ધરાઇ રહી છે.

(૮)માર્ગ અકસ્માતમાં ભોગ બનનાર નાણાંના અભાવે તાત્કાલિક સારવારથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ઈજા પામેલને વ્યક્તિદીઠ અકસ્માતના પ્રથમ ૪૮ કલાક માટે રૂપિયા ૫૦,૦૦૦/-ની મર્યાદામાં સારવારનો ખર્ચ સીધે સીધો હોસ્પિટલોને ચૂકવવાની જોગવાઇ કરેલ છે.

(૯) લગ્નસરામાં ટ્રક જેવા માલવાહક વાહનોમાં જાનૈયાઓનું અસલામત પરિવહન રોકવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીની સીધી સૂચનાથી ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની સુંદર-સુશોભન કરેલ બસો નજીવા ભાડાથી આપવામાં આવે છે.

(૩) રાજ્યમાં ગંભીર અકસ્માતોમાં ભોગ બનનારને આર્થિક સહાય અંગે:-

અકસ્માતમાં મૃત્યુ પામેલ તથા ઈજા પામેલ વ્યક્તિઓના કિસ્સામાં મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડની કાર્યવાહક સમિતિની ભલામણ મુજબ આર્થિક સહાય ચૂકવવામાં આવે છે.

આ બનાવમાં મૃત્યુ પામેલ દરેક મૃતક દીઠ રૂપિયા ચાર લાખની નાણાકીય સહાય આપવાનો સંવેદનશીલ નિર્ણય સરકારે કરેલ છે.

આમ, રાજ્ય સરકાર દ્વારા માર્ગ અકસ્માતો ઘટાડવા માટે વિવિધ સ્તરે લેવાયેલ પગલાંઓના પરિણામ સ્વરૂપે વર્ષ ૨૦૧૮ની સરખામણીમાં વર્ષ ૨૦૧૯માં માર્ગ અકસ્માત, માર્ગ અકસ્માતમાં મૃત્યુ અને અકસ્માતમાં ઈજા પામનારની સંખ્યામાં નીચે મુજબ નોંધપાત્ર ઘટાડો કરી શકાયેલ છે.

| **વર્ષ** | **૨૦૧૮** | **૨૦૧૯** | **ઘટાડો** | **ઘટાડાની ટકાવારી** |
|---|---|---|---|---|
| અકસ્માતોની સંખ્યા | ૧૮,૭૬૯ | ૧૭,૦૪૬ | ૧,૭૨૩ | ૯.૧૮ % |
| અકસ્માતમાં થયેલ મૃત્યુ | ૭,૯૯૬ | ૭,૩૯૦ | ૬૦૬ | ૭.૫૮ % |
| અકસ્માતમાં ઈજાગ્રસ્તોની સંખ્યા | ૧૭,૪૬૭ | ૧૬,૨૫૮ | ૧,૨૦૯ | ૬.૯૨ % |

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર : માનનીય અધ્યક્ષશ્રી, માનવ જીવન એ અમૂલ્ય છે એનું મૂલ્યાંકન આંકી શકાય એમ નથી. સરકારે એમના પરિજનો માટે જે સહાય કરી છે એ સારી બાબત છે પરંતુ માનનીય યોગેશભાઇએ પણ આ બાબતે માનનીય મુખ્યમંત્રીશ્રીને પત્ર લખ્યો હતો. પરંતુ આવા અકસ્માતો ન થાય તેના માટે પણ રસ્તા સારા હોવા જોઇએ એ પણ સરકારની પ્રાથમિકતા હોવી જોઇએ. આજે મહુવડ-રણુ રસ્તા પર જે ગંભીર અકસ્માત થયો છે. એ બિલકુલ પાદરા જંબુસર હાઇવેથી ફકત ૨૦૦ મિટર દૂર અકસ્માત થવા પામ્યો છે. પાદરા જંબુસર રોડ એ હેવી ટ્રાફીક ધરાવતો રોડ છે અને મને જણાવતા ખૂબ દુઃખ થાય છે કે છેલ્લા વર્ષોમાં એટલે કે, પાદરા જંબુસર રોડ પર વર્ષ ૨૦૧૮ અને વર્ષ ૨૦૧૯ની અંદર આ રોડ ઉપર ૧૦૪ જેટલા લોકો અકસ્માતમાં મૃત્યુ પામ્યા છે. આ જે રણુ ગામેથી મોસાળુ લઇને સાવલીના ગોઠડા મુકામે ગયા હતા, ત્યાંથી પરત ફરતા આ અકસ્માત નડ્યો તેના કારણે ૧૩ જેટલા લોકોના મૃત્યુ થવા પામ્યા છે અને વીસેક જેટલા લોકોને નાની મોટી ઈજાઓ થવા પામી હતી અને એમાંથી ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે તો માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરીશ કે આ બાબત સરકારશ્રીના ધ્યાને લઇને તાત્કાલિક ધોરણે મૃત્યુ પામેલા લોકો માટે સહાય જાહેર કરે અને ઈજાગ્રસ્તોને પણ સહાય જાહેર કરે અને પાદરા-જંબુસર રોડ વહેલામાં વહેલી તકે ફોરલેન બનાવે તેવી પણ વિનંતી કરું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ એક ખૂબજ દુઃખદ ઘટના બની છે અને રણુ ગામના ઇકબાલભાઇ અબ્બાસભાઇ ચૌહાણ પોતાની બહેનની દીકરીના મોસાળા પ્રસંગે આઇશર ટ્રક લઇને જતા હતા, એ આઇશર ટ્રકના ડ્રાયવરે એક બાજુ નૈસર્ગિક ક્રિયા કરવા માટે ગાડી ઉભી રાખી હતી, એ વખતે સામેથી એક ડમ્પર આવ્યું અને એ ડમ્પરે ઓવરટેક કરીને આ આઇશર ટ્રક જોડે અકસ્માત કરેલ અને તેના કારણે ૧૩ જેટલી વ્યક્તિઓના દુઃખદ અવસાન થયા છે. એમાં છ જેટલા સ્થળ ઉપર અને છ જેટલા રસ્તામાં સારવાર દરમિયાન મૃત્યુ પામ્યા હતા. કુલ ચાર લોકોને ઈજા થઇ છે, બે લોકોની સારવાર ચાલે છે અને બે લોકોને સામાન્ય ઈજા થયેલ છે. જે ડમ્પરચાલક હતો એની સામે મનુષ્ય વધની અધરામાં

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

અઘરી આઇ.પી.સી.ની કલમ-૩૦૪, ૨૭૯, ૩૩૭, ૩૩૮ અને એમ. વી. એકટની કલમ-૧૭૭,૧૮૪, ૧૩૪ અને ૧૮૭ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

આ ઘટનાની ખબર પડતા અમારા માનનીય યોગેશભાઇ અને સાવલીના એમ.એલ.એ. શ્રી કેતનભાઇ અને શ્રમતી સીમાબહેન એમનો પણ મત વિસ્તાર આ અકસ્માત થયો ત્યાંથી નજીક હોવાના કારણે એમણે જે તે વખતે અમારો સંપર્ક કર્યો હતો, રાજ્ય સરકારે આવા અકસ્માતમાં ઘટાડો કરવા માટે, આ મહામૂલી જિંદગી છે, અકસ્માત ગમે ત્યાં અને ગમે ત્યારે થવાના કારણે કોઇના લાડકવાયાની જિંદગી ન હોમાય એના માટે આપણે અનેકવિધ પગલાં ભર્યા છે એ હું સન્માનનીય સભાગૃહને જણાવવા માગું છું. એના માટે ઇન્ટરસેપ્શન વાન ૪૮, હાઇવે પેટ્રોલીંગ કાર ૪૨, મોટરસાયકલ, સ્પીડગન આ બધાની વ્યવસ્થા કરી છે. રસ્તામાં કેટલાક રસ્તા એવા હોય છે કે બ્લેક સ્પોટ હોય, જ્યાં એક કરતાં વધારે અવારનવાર અકસ્માતો થતા હોય છે. રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા હવે જ્યાં કોઇપણ નવા રસ્તા બને ત્યાં એનો ટેકનીકલ સરવે ચેક કરવામાં આવે છે અને એ પછી આ રસ્તા બનાવવામાં આવે છે અને આવી દુરસ્તી ઘટાડવા માટે પણ પગલાં ભર્યા છે. અકસ્માત બન્યા પછી માણસ મૃત્યુ ના પામે એને બચાવવા માટે આ સ્થળ ઉપર જ્યાં અકસ્માત થયો ત્યાં બાર મિનિટની અંદર ૧૦૮ પહોંચી ગયેલ. રાજ્યના આરોગ્ય વિભાગે ૫૮૭ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ખરીદેલ છે અને ૩૨૪ નવી બનાવેલ છે અને ૧૦૮ નહિ પરંતુ ૧૦૮ માં લઇ ગયા પછી રાજ્યમાં ૨૪ જેટલી જગ્યાએ ટ્રોમા સેન્ટર બનાવ્યા છે કે જેના કારણે સારવાર લેવાથી જીવ બચી જાય. અકસ્માત ગમે ત્યાં થયો હોય તેના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સમક્ષ જ્યારે વાત આવી ત્યારે એમણે નિર્ણય લેવડાવ્યો કે ગમે તે હોસ્પિટલમાં એને લઇ જવામાં આવે. એના માટે ગોલ્ડન ૪૮ કલાકમાં ૫૦,૦૦૦ રૂપિયા જેટલો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે. આમાં વાહન વ્યવહાર વિભાગની મદદ પણ લેવામાં આવે છે. વાહન વ્યવહાર મંત્રી કક્ષાએ પણ એની મિટિંગ થાય છે. અગાઉ આપણે સન્માનનીય સભાગૃહમાં જોયું છે કે સસ્તા ભાડાની અંદર ખાનગી વાહનમાં જાન જતી હોય છે, એ વાહનોમાં જાન જવાના કારણે મોટા અકસ્માતો થતા હતા. એવા સંજોગોમાં આવા અકસ્માતો ન થાય એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ સંવેદનશીલ નિર્ણય લઇને ઓછાં ભાડામાં એસ.ટી. બસો આપવા માટેનો નિર્ણય કર્યો છે. રાજ્યમાં એનો બહોળો પ્રચાર, પ્રસાર થાય એ માટેનો પણ નિર્ણય કર્યો છે. અને આમ અનેક રીતે રાજયના માર્ગ મકાન, વાહન-વ્યવહાર, આરોગ્ય અને ગૃહ વિભાગ સંયુકત રીતે રાજયમાં કોઇ પણ અકસ્માતના કારણે કોઇ લાડકવાયાની જીંદગી ના હોમાય તેના માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે અને આ ઘટના બન્યા બાદ જયારે અમારા મંત્રીશ્રી અને ધારાસભ્યશ્રીઓએ રજૂઆત કરી માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આ એક ગંભીર ઘટનાને અનુલક્ષીને ૪ લાખ રૂપિયા આ ૧૩એ ૧૩ વ્યકિતઓને આપવા માટેનો નિર્ણય કરીને તેના પ્રત્યે સહાનુભૂતિ બક્ષી છે.

અધ્યક્ષશ્રી : કોઇ પણ જ્ઞાતિ કે જાતિના, ધર્મના ભેદભાવ વગર મદદ કરી છે એવું પણ કહો.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તર ગુજરાતમાં બજેટમાં ખૂબ મોટા રોડ તો બને જ છે પણ સાથે સાથે ગુજરાતની સમૃદ્ધિ દિવસે દિવસે વધવાના કારણે રોજના હજારો વાહનો પણ ખેડૂતો અને બાકીના લોકો ખરીદે છે અને માર્ગ સુરક્ષાનો એક મોટો પ્રશ્ન ઉભો ન થાય તે માટે માર્ગ સુરક્ષા નિધિ હોય અને આ નિધિનો ઉપયોગ કઇ રીતે થાય છે અને કયા હેતુ માટે તેને વાપરવામાં આવે છે ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જયારે કાયમ રસ્તા ઉપરથી પસાર થતા હોઇએ અને સ્થળ ઉપર પોલીસ તંત્ર દ્વારા દંડ વસૂલ કરવામાં આવે છે અને એ જે દંડ વસૂલ કરવામાં આવે છે તે દંડ કંઇ રાજય સરકારની તિજોરીમાં લઇ જવા માટે કરવામાં આવતો નથી. હું આ સન્માનીય સભાગૃહના ધ્યાન ઉપર એ મૂકવા માગું છું કે આ પ્રકારની જે અમારી માર્ગ સુરક્ષા નિધિ છે તે માર્ગ સુરક્ષા નિધિમાં તે ગત વર્ષમાં અમોને એકત્રિત થઇ હતી તેમાંથી ૨૫૦ કરોડ રૂપિયા મળ્યા છે, સંપૂર્ણ મળ્યા છે અને એ રૂપિયા ૨૫૦ કરોડમાંથી રસ્તા પરના અકસ્માત માટે તેના નવા વિકાસ કામો, ટ્રાફિકને લગતા અભ્યાસ, નવા પ્રયોગો, ટ્રાફિક સમસ્યાનું દેખરેખ નિયંત્રણ, હંગામી સી.સી.ટી.વી., ટ્રાફિક એન્જિનિયરીંગ, ટ્રાફિક નિયમ સંબંધી પ્રચાર-પ્રસાર, ટ્રાફિક એન્ફોર્સમેન્ટ, રોડ પર સફેદ-પીળા પટ્ટા લગાડવા, સિગ્નલ લગાડવા, સાધન-સામગ્રી લગાડવી મારે ટૂંકમાં એટલું કહેવુ છે કે જયારે તમારા ખિસ્સામાંથી તમે કોઇ ટ્રાફિકના ગુનાનો કે તેનો ભંગ કરો છો એ જે દંડ છે તે દંડ રાજય સરકારની તિજોરીમાં આવતો નથી તે તમામે દંડ રાજયની અંદર અકસ્માત નિવારવા માટે જ વપરાય છે એટલા માટે હું માર્ગ સુરક્ષા નિધિ નાણાંનો ઉપયોગ આ પ્રમાણે કરવામાં આવે છે તે સન્માનીય સભાગૃહના ધ્યાને મૂકું છું.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) **:** માનનીય અધ્યક્ષશ્રી, હું નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) **:** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના વાર્ષિક અહેવાલો

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા (કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી) **:** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૫–૧૬ અને સન ૨૦૧૬–૧૭ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ટિપ્પણ, સમીક્ષા તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભ પટેલ(ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત હાઉસિંગ બોર્ડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક વહીવટી અહેવાલ

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસિંગ બોર્ડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા સન ૨૦૧૭–૧૮ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના ૨૦૧૩–૧૪ના વાર્ષિક હિસાબો

**શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના સન ૨૦૧૩–૧૪ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક હિસાબ અને
તપાસણી અહેવાલ

**શ્રી સૌરભ પટેલ(ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી)** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક હિસાબ અને તપાસણી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબ, તપાસણી અહેવાલ તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

શિક્ષણ વિભાગના જાહેરનામા

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગના સન ૨૦૧૭ ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ અનવયેના,

(૧)તા.૭–૮–૨૦૧૯ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/એસએચ/૫૯/બીએમએસ /૧૧૧૭ /૮૩/એફઆરસી સેલ

(૨)૧૪–૧૧–૨૦૧૯ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/એસએચ/૧૦૩/એમએસબી/ ૧૧૧૭/૮૩/એફઆરસી સેલ

તેમજ ઉક્ત બન્ને જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ પર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા અને વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદન સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યા.**

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના જાહેરનામા

**શ્રી સૌરભ પટેલ (ઊર્જા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના,

સન ૨૦૦૩ના વીજળી અધિનિયમ અન્વયેના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના

(૧) તા.૧૬–૧–૨૦૨૦ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો) (બીજો સુધારો) વિનિયમો, ૨૦૨૦ – જાહેરનામા ક્રમાંક–૧ /૨૦૨૦

(૨) તા.૨૩–૧–૨૦૨૦ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(નેટ મીટરિંગ રૂફટોપ સોલર પી.વી.ગ્રિડ ઇન્ટરએક્ટિવ સિસ્ટમ) (બીજો સુધારો) વિનિયમો, ૨૦૨૦ – જાહેરનામા ક્રમાંક–૨ /૨૦૨૦ સભાગૃહના મેજ પર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યાં.**

**પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

***પૂરક માગણી ક્રમાંકઃ ૩૯**

**શ્રી**શ્રી નીતિનભાઇ ર. પટેલ : **(**નાયબ મુખ્યમંત્રીશ્રી):માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્ય સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧,૩૯,૯૬,૭૪,૦૦૦/– ની પૂરક માગણી ક્રમાંક– ૩૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક– ૩૯ રજૂ કરવામાં આવી .**

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.**

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.**

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.**

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.**

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.**

શ્રી સોમાભાઇ ગાં. કોળીપટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**પૂરક માગણી ક્રમાંક–૨**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિની સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૦,૦૬,૮૯,૩૧,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક–૨ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.**

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.**

શ્રી લલીત વસોયા **:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.**

શ્રી બ્રિજેશ મેરજા **:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.**

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રધુમનસિંહ મ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.**

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.**

શ્રી નૌશાદ સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.**

**શિક્ષણ વિભાગ,**

**પૂરક માગણી ક્રમાંક–૯,**

* પહેલા દિવસની પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ વર્ષ ૨૦૧૯–૨૦ના વર્ષ માટેની ખર્ચના પૂરક પત્રક માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજયપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

ફાલ્ગુન ૧૨, ૧૯૪૧ શાકે

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૯,૪૮,૪૭,૬૪,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક–૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.**

શ્રી ભગાભાઇ બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.**

શ્રી હિંમતસિંહ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.**

શ્રી જે. વી. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.**

શ્રી બાબુભાઇ વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.**

શ્રી આનંદભાઇ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.**

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

**પૂરક માગણી ક્રમાંક–૧૩**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શક્તિ પરિયોજનાને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૪,૫૩,૯૪,૦૧,૦૦૦ની તેમજ મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧૦૦૦ની પૂરક માગણી ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનસિંહ રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.**

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.**

શ્રી જીતુભાઇ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.**

**વન અને પર્યાવરણ વિભાગ**

**પૂરક માગણી ક્રમાંક– ૨૭**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પર્યાવરણને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૪,૩૬,૫૯,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.**

શ્રી સુખરામભાઇ રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૯-૨૦૨૦ના વર્ષ** માટેની પૂરક **માગણીઓ પૈકી** સોમ**વાર, તા.૦૨-૦૩-૨૦૨૦ (પહેલો દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાયેલ માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

સન ૨૦૧૯–૨૦૨૦ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી સોમવાર તા.૦૨–૦૩–૨૦૨૦ના રોજ
ચર્ચા અને મતદાન માટે લેવાયેલ માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**<br>**માગણી નં. ૩૯** | | |
| **૧** | ૨૨૧૦–તબીબી...આરોગ્ય<br>૦૩–ગ્રામીણ...એલોપથી<br>૧૦૩–પ્રાથમિક...કેન્દ્રો<br>રૂ. ૪૧,૯૯,૯૯,૦૦૦ | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં દવાઓ અને સાધનોની અછત નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અનંતકુમાર પટેલ (પ્રવિણભાઇ મારૂ) |

| | | | | |
|---|---|---|---|---|
| | પાના નં. ૭૩ અને ૭૪ | | | |
| ૨ | -- " -- | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ગ્રામીણ વિસ્તારમાં બપોર પછી બંધ થઈ જતા હોય છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી સુનિલભાઇ ગામીત (કનુભાઇ બારૈયા) |
| ૩ | -- " -- | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડૉક્ટરોની અનિયમિતતાના કારણે દર્દીઓને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ (કાન્તિભાઇ પરમાર) |
| ૪ | -- " -- | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં જરૂરી તબીબી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર (પુનાભાઇ ગામીત) |
| ૫ | ૨૨૧૦-તબીબી....આરોગ્ય<br>૦૬-જાહેર આરોગ્ય<br>૧૦૧- રોગોની....નિયંત્રણ<br>રૂ. ૨૮,૬૦,૮૫,૦૦૦<br>પાના નં. ૭૩ અને ૭૪ | ૧૦૦ | રોગચાળો ડામવા માટે જરૂરી સ્ટાફની વ્યાપક અછત નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા (ચિરાગભાઇ કાલરીયા) |
| ૬ | -- " -- | ૧૦૦ | રોગચાળો ડામવા માટે જે દવા છંટકાવ થાય છે તેનાથી મચ્છરોનો નાશ થતો નથી જેથી દવાઓમાં જરૂરી ફેરફાર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઇમરાન ખેડાવાલા (પ્રેમસિંહભાઇ વસાવા) |
| ૭ | -- " -- | ૧૦૦ | મેલેરીયા-ડેન્ગ્યુ અને સ્વાઇન ફ્લૂ જેવા રોગોને સત્વરે કાબુમાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સોમાભાઇ કોળીપટેલ (મોહનલાલ વાળા) |
| **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**<br>**માગણી નં. ૨** | | | | |
| ૮ | ૨૪૦૧- પાક કૃષિ વ્યવસ્થા<br>૧૧૦- પાક વીમો<br>રૂ. ૧૦,૦૬,૮૯,૩૧,૦૦૦<br>પાના નં. ૩ | ૧૦૦ | સમયસર પાક વીમાની રકમ ન ચૂકવતી વીમા કંપનીઓ સામે સખ્તાઈથી પગલા લઈ બ્લેક લીસ્ટ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા (કાંતિભાઇ સોઢાપરમાર) |
| ૯ | ૨૪૦૧- પાક કૃષિ વ્યવસ્થા<br>૧૧૦- પાક વીમો<br>રૂ. ૧૦,૦૬,૮૯,૩૧,૦૦૦<br>પાના નં. ૩ | ૧૦૦ | સહાય પેકેજ જાહેર કર્યા પછી સત્વરે પુરેપૂરી સહાયની રકમ ચુકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લલીત વસોયા (ઋત્વિકભાઇ મકવાણા) |
| ૧૦ | -- " -- | ૧૦૦ | કૃષિ સહાય પેકેજ જાહેર કર્યા પછી જે ખેડૂતોને ટેકનીકલ કારણોસર અરજીઓ કરવાની બાકી રહી જાય છે તેમને પણ સહાય ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રિજેશ મેરજા (પ્રવિણભાઈ મુસડીયા) |
| ૧૧ | -- " -- | ૧૦૦ | ખેડૂતોના ઉભા પાકને થતા નુકશાનના સર્વેની કામગીરીમાં થતી વ્યાપક ગેરરીતિઓના કારણે સહાય ઓછી મળે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિક્રમભાઇ માડમ (ભાવેશભાઇ કટારા) |
| *૧૨ | -- " -- | ૧૦૦ | પાક વીમા કંપનીઓને પ્રિમિયમ ચૂકવવા છતાં ખેડૂતોને પાક વીમાની રકમો મળતી નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અંબરીષ ડેર (મહમદજાવીદ પીરઝાદા) |
| *૧૩ | -- " -- | ૧૦૦ | પાક વીમા કંપનીઓ ખેડૂતોના દાવાઓ મંજૂર કરતી નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂંજાભાઇ વંશ (કાળાભાઇ ડાભી) |
| ૧૪ | -- " -- | ૧૦૦ | પાક વીમા મુદ્દે ખેડૂતોને વીમા કંપની તરફથી ન્યાય મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લલીતભાઇ કગથરા(પ્રદ્યુમનસિંહ જાડેજા) |
| ૧૫ | -- " -- | ૧૦૦ | કૃષિ સહાય પેકેજ સત્વરે જાહેર કરવામાં ન આવતા ખેડૂતોમાં વ્યાપેલ અસંતોષ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ સી.જે.ચાવડા (વિમલભાઇ ચુડાસમા) |
| ૧૬ | -- " -- | ૧૦૦ | ખેડૂતોના ઉભા પાકને થયેલ નુકશાન અંતર્ગત સર્વે કામગીરીમાં થતો વ્યાપક વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નૌશાદ સોલંકી (રાજેન્દ્રસિંહ પરમાર) |
| ૧૭ | -- " -- | ૧૦૦ | કૃષિ સહાય પેકેજ જાહેર કર્યા પછી સત્વરે સહાય ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર (સંતોકબેન આરેઠીયા ભીખાભાઇ જોષી) |
| **શિક્ષણ વિભાગ** | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| માગણી નં. ૯ | | | | |
| **૧૮** | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૧–પ્રાંરભિક શિક્ષણ<br>૧૦૬– શિક્ષકો...સેવાઓ<br>રૂ. ૮,૪૮,૪૭,૬૪,૦૦૦<br>પાના નં. ૮ | ૧૦૦ | શિક્ષકોની વ્યાપક ઘટ સત્વરે પૂરી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભગાભાઇ બારડ<br>(નથાભાઇ પટેલ) |
| **૧૯** | -- " -- | ૧૦૦ | શિક્ષકોની અનિયમતતાના કારણે શિક્ષણ કથળતુ જાય છે અને વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનમભાઈ પરમાર<br>( હિંમતસિંહ પટેલ ) |
| **૨૦** | -- " -- | ૧૦૦ | શિક્ષકો પાસેથી લેવાતા શિક્ષણ સિવાયના અન્ય કામો સત્વરે બંધ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જે.વી.કાકડિયા<br>(લાખાભાઇ ભરવાડ) |
| **૨૧** | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૧–પ્રાંરભિક શિક્ષણ<br>૧૦૬– શિક્ષકો...સેવાઓ<br>રૂ. ૮,૪૮,૪૭,૬૪,૦૦૦<br>પાના નં. ૮ | ૧૦૦ | કથળતા જતા શિક્ષણના સ્તરને સુધારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઇ વાજા<br>(અજીતસિંહ ચૌહાણ) |
| **૨૨** | -- " -- | ૧૦૦ | વિષયવાર શિક્ષકોની ભરતી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી આનંદભાઈ ચૌધરી<br>(રાજેન્દ્રસિંહ ઠાકોર) |
| **ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**<br>માગણી નં. ૧૩ | | | | |
| **૨૩** | **૨૮૦૧–પાવર<br>૮૦–સામાન્ય<br>૧૯૦–જાહેરક્ષેત્ર...સહાય<br>૦૫–બળતણ...સહાયકી<br>રૂ. ૪,૫૩,૯૪,૦૧,૦૦૦<br>પાના નં. ૧૨** | ૧૦૦ | બળતણ કિંમત અને વિજ ખરીદી મેળ ખર્ચ માટે નિયમિત હિસાબોની ચકાસણી કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મોહનસિંહ રાઠવા<br>(જશપાલસિંહ પઢિયાર) |
| **૨૪** | -- " -- | ૧૦૦ | બળતણની કિંમત વધે છે ત્યારે વિજ ભાવ વધારાય છે પરંતુ બળતણના ભાવ ઘટે છે ત્યારે વિજદરના ભાવ ઘટતા નથી તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી વિરજીભાઇ ઠુમ્મર<br>(શીવાભાઇ ભુરીયા) |
| **૨૫** | -- " -- | ૧૦૦ | ઉર્જા માટે બળતણ કિંમત અને વિજ ખરીદીમાં ચાલતી વ્યાપક અનિયમિતતા નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી<br>(મંગળભાઇ ગાવિત) |
| **વન અને પર્યાવરણ વિભાગ**<br>માગણી નં. ૨૭ | | | | |
| **૨૬** | ૩૪૩૫– પરિસ્થિતિ...પર્યાવરણ<br>૦૩–પર્યાવરણલક્ષી...પુન:નિર્માણ<br>રૂ. ૪,૩૬,૫૯,૦૦૦<br>પાના નં. ૨૮ | ૧૦૦ | કેવડીયા ખાતે ન્યુટ્રીશન પાર્કની સાઇઝ તથા ડીઝાઇનમાં ફેરફાર થવાને કારણે લાખો રૂપિયાનો વધારાનો ખર્ચ થાય છે ત્યારે ડીઝાઇન–સાઇઝની પસંદગી પછી જ ખર્ચ થાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સુખરામભાઇ રાઠવા<br>(રઘુભાઇ દેસાઇ) |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**પૂરક માગણીઓ પર ચર્ચાની મર્યાદા અંગે**

અધ્યક્ષશ્રી : પૂરક માગણીના સંદર્ભમાં સભાગૃહમાં ચર્ચા કરવા માટે બે દિવસ ફાળવવામાં આવ્યા છે. આ ચર્ચા દરમિયાન માનનીય સભ્યશ્રીઓએ ચર્ચાની મર્યાદાનો ખ્યાલ રાખવો જરૂરી છે. આ વિષય ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૩) તરફ માનનીય સભ્યશ્રીઓનું ધ્યાન દોરું છું. આ જોગવાઇ મુજબ પૂરક માગણીઓ પર ચર્ચા કરતી વખતે મૂળ ગ્રાન્ટને લગતી નીતિની ચર્ચા ન કરતાં જે બાબતને લગતી પૂરક માગણીઓ હોય તે બાબતો પૂરતી જ ચર્ચા મર્યાદિત રાખવી જોઇએ. નવી સેવા બાબતે ધ્યાન દોરવાનું કે તે અંગેની અનુસૂચિ માનનીય સભ્યશ્રીઓને પૂરી પાડવામાં આવી છે. નવી સેવાઓને લગતી માગણીઓના સંદર્ભમાં નીતિનો પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય પરંતુ આ પ્રશ્ન જે બાબત ઉપર સભાગૃહનો મત લેવાનો છે તે પૂરતો મર્યાદિત રાખવો જોઇએ. માનનીય સભ્યશ્રીઓએ પોતાના મંતવ્ય વ્યકત કરતી વખતે આ બાબત ખાસ ધ્યાનમાં રાખશે તેવી આશા રાખું છું.

## તા.૨જી માર્ચ, ૨૦૨૦

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

ગત વર્ષે મળેલું બજેટ સત્ર પાર્લામેન્ટની ચૂંટણી હોવાને કારણે ત્રણ મહિના મોડું મળ્યું હતું અને નવ મહિનાની માગણીઓ આપણે આ ગૃહે મંજૂર કરીને રાજ્ય સરકારને અમુક સર્વાનુમતે અને અમુક બહુમતિએ મંજૂર કરીને વિભાગને કામ કરવા માટેની જવાબદારી સોંપી હતી. ત્યારે આટલી મોટી ફરી વખત માગણીઓ લઇને આવ્યા છે એ બાબતમાં માનનીય મંત્રીશ્રીને માગણી નંબર ૪૩ અને ૪૪ બાબતે મારા પ્રશ્નો ઉપસ્થિત થયા છે તે પૂછવા માગું છું.

આ રાજ્યના આરોગ્ય માટે ઘણી બધી ચિંતાઓ અને વાતો પણ થાય છે. પરંતુ છેવાડાના વિસ્તારો છે ત્યાં પી.એચ.સી. અને સી.એચ.સી. કે મોટી સિવિલ હોસ્પિટલોમાં તજજ્ઞ ડોકટરોની ભરતી કરવામાં સરકાર અત્યાર સુધીમાં સંપૂર્ણ કામગીરી બજાવી શકી નથી. સામૂહિક આરોગ્ય કેન્દ્ર હોય કે પી.એચ.સી. હોય કે જિલ્લા પંચાયત હસ્તકના આરોગ્ય વિભાગ હોય મોંટે ભાગે આઉટ સોર્સીંગથી કામગીરી ચાલે છે એના કારણે ગરીબ માણસો સામાન્ય લોકોનું આરોગ્ય જાળવવામાં સરકારને નિષ્ફળતા મળી રહી છે. સિવિલ હોસ્પિટલોમાં લાંબી લાંબી લાઇનો લાગી છે. આરોગ્ય માટે આવડું મોટું મન રાખીને વિધાનસભા દરખાસ્ત મંજૂર કરતી હોય ત્યારે મારે આરોગ્ય મંત્રીશ્રીને પૂછવું છે, માનનીય નીતિનભાઇને કહેવા માગું છું કે તમારું ઘણું બધું દર્દ છે એ સાથે હું સહમત છું, અમારા માતાજીના ગઇ કાલના કાર્યક્રમમાં પોતાનું દર્દ અમે જોયું છે હું એકલો પડી ગયો છું.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, અત્યારે આ દર્દની વાત નથી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય નીતિનભાઇ, તમે એકલા નથી તમે સાચી વાત લઇને આવો છો તે વખતે કોંગ્રેસ આખે આખો પક્ષ તમારી સાથે છે. તમારો પક્ષ ન હોય તો એની ચિંતા ન કરો,

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇની સાથે આખીય ગુજરાત ભારતીય જનતા પાર્ટી અને આખું મંત્રી મંડળ છે, એ કોઇ અલગ સંદર્ભમાં કહેલી વાતને આ રીતે જોડી દેવી એ વ્યાજબી નથી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : હું એજ કહેવા માગું છું. આખું ગુજરાત, તમે જે રીતે કામગીરી કરી રહ્યા છો એના કારણે આખા ગુજરાતના લોકો તમારી સાથે ચિંતામાં જોડાયેલા છે. તમે રસ્તા માટે કામ કરો છો, તમે આરોગ્યલક્ષી કામગીરી કરો છો, તમે નાણાં માટે કામગીરી કરો છો, ત્યારે ઉમિયા મા સહિત અમે બધા તમારી સાથે છીએ. એટલે જરા મોટું મન રાખો અને સાચી વાત તમારા પક્ષને પણ કહેજો. હું આપના મારફત એ પણ કહેવા માગું છું કે આરોગ્યલક્ષી ઘણી બધી સેવાઓ એવી છે, જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે ત્યારે ડોકટરની ચિંતા સતત કરો છો. કોંગ્રેસ પક્ષના મારા મિત્રો તમે કોઇ જગ્યાએ ડોકટર હોય તો એ આપો અમે તરત ભરવા માગીએ છીએ એવું મોટું મન છે. પરંતુ થોડા સમયથી એવું લાગી રહ્યું છે કે સામૂહિક આરોગ્ય કેન્દ્ર, દામનગર છે ત્યાં આજુબાજુમાં કુતરાનો ખૂબ ભય વ્યાપ્યો છે. હડકાયા કુતરા કરડે છે એના માટે મેં પત્રો લખ્યા છે. રસી ન હોવાના કારણે એ દર્દીઓને બીજે પ્રાઇવેટમાં જવું પડે છે એટલે દવા પૂરી પાડવાની માગણી લઇને આવ્યા હોત તો હું તમને સંમતિ આપવાનો હતો. ગરીબ માણસો છે, સામાન્ય લોકો પ્રાઇવેટ હોસ્પિટલોમાં જઇ શકતા નથી મોટી મોટી હોસ્પિટલોમાં જઇ શકતા નથી એ પોતે પોતાનું આરોગ્ય જાળવવા માટે સરકારી દવાખાને આવે પી.એચ.સી., સી.એચ.સી., રેફરલ હોસ્પિટલ અમારી લાઠીમાં છે પરંતુ દવા ન મળવાના કારણે તજજ્ઞો ન હોવાને કારણે દર્દીઓ પીડાઇ રહ્યાં છે, અમરેલી જિલ્લાની લાઠી બીજા નંબરની હોસ્પિટલ છે એમાં એક ડોકટર છે, કોઇ તજજ્ઞ ડોકટર નથી. કોઇ તજજ્ઞ ડોકટર નહીં. બે વર્ષથી હું શ્રી નીતિનભાઇ, ચિંતા કરું છું, પત્રો લખું છું. શ્રી નીતિનભાઇના પત્રોના જવાબ પણ આવે છે કે, વિભાગને જણાવ્યું છે. પણ વિભાગને જણાવ્યાના બે વર્ષમાં એક ડોકટર ન આપી શક્યા. શ્રી નીતિનભાઇ, એકાદ ડોકટર જો આપી શક્યા હોત તો હું આજે અનુમોદન આપવા ઉભો થવાનો હતો. પરંતુ આવું થઇ શક્યું નથી એના કારણે થોડુ દુ:ખ પણ વ્યકત કરું છું શ્રી નીતિનભાઇ,(અંતરાય) તમારી સાચી વાત છે, તજજ્ઞ ડોકટર કદાચ ત્યાં મારું ઓલટરનેટીવ એ પણ કહેવા માગું છું કે, ઓલટરનેટીવ ડોકટર કદાચ લાઠીમાં ન હોય તો બાજુની જે સિવિલ હોસ્પિટલ છે, કોઇ સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે એમાંથી પણ અઠવાડિયામાં બે દિવસ જાય, જેથી કરીને અમે એ વાત કરી શકીએ કે, આ બે દિવસ તજજ્ઞ ડોકટર આવશે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે ટેકો આપવાના હોય..

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : મારો તો ટેકો પહેલેથી છે શ્રી નીતીનભાઇને, સરકાર રચાઇ તે દિવસે પણ કહ્યું હતું કે, આવો શ્રી નીતિનભાઇ ૧૫ ધારાસભ્યો સાથે આવો મુખ્યમંત્રી બનો, શ્રી નીતિનભાઇને મારો ટેકો તે દિવસનો છે. મારો ટેકો હોઇ જ ન શકે એવું નહીં, આવું કામ કરનારા વ્યક્તિ માટે અમારો ટેકો ખુલ્લો છે. આ તો તમારા પક્ષવાળા તમને સમજી શકતા નથી. એનું દુ:ખ વ્યક્ત કરું છુ. (અંતરાય) હા, શ્રી બાબુભાઇને તો જરૂર નહીં પડે. કારણ કે, એમની પાસે મહેસૂલ વિભાગ નથી, એ શ્રી કૌશિકભાઇ પાસે છે.

અધ્યક્ષશ્રી : આપની મહત્વની વાતો રહી જશે. (અંતરાય)

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : ના, બાપુ પછી, રહેવા દો પછી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગયા વખતે તમારા બાર જતા રહ્યા હતા, તમારું ઘર સાચવોને, તમે અમારી ચિંતા ના કરશો.

ફાલ્ગુન ૧૨, ૧૯૪૧ શાકે

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, તમારે હમણાં ઇનામદારે રાજીનામું આપ્યું હતું. મને રહેવા દો બાપુ. તમારી નીતિઓમાં શ્રી ઇનામદારને કેમ મનાવ્યા છે એ મને ખબર છે. મારા એક મિત્ર રહે છે એણે મને કહ્યું, ભાઇ સાહેબ રાત–દિવસ અમારું આખું મંત્રીમંડળ, મુખ્યમંત્રીશ્રી, આપણા માનનીય વડાપ્રધાન સાહેબ સતત ચિંતામાં હતા. એ તો શ્રી અમિતભાઇએ દયા કરી એટલે શ્રી ઇનામદાર પાછા આવ્યા ઇમાનદારી સાથે, નહીં તો એ પણ જતા રહેવાના હતા. માનનીય અધ્યક્ષશ્રી, પોલીટિકલ ઓબ્ઝર્વેશન ન કરવાનું બાપુએ કીધું પણ એમણે ચિંતા વ્યકત કરી એટલે કહેવું પડ્યું. (અંતરાય) મારે શ્રી નીતિનભાઇ માટે વાત કરવી પડે બાપુ.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ ખાતાની પૂરક માગણીઓ લઇને આવ્યા છે માનનીય નીતિનભાઇ ત્યારે ગયા વર્ષનો ખેડૂતોનો જે પાક વિમો છે એના માટે ચિંતા કરી હોત તો જરૂર હું આમાં અનુમોદન આપી શકત. પાક વિમા માટે અમારા સૌરાષ્ટ્રના ધારાસભ્યો, ગુજરાતના ધારાસભ્યો, ખેડૂતોના પ્રતિનિધિઓ સતત, માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ દિવસે અમે અહીંયા ખેડૂતોના પાક વિમાનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો હોય તો તરત જ રાત્રે અમને ફોન આવે છે, કયાંયથી અમને સમાચાર મળે છે એટલે. બહું સેન્સેટીવ પ્રશ્ન છે, આ બાબતમાં શ્રી નીતિનભાઇ ચિંતા કરો. પિયત–બિનપિયતના નામે જુદું ન પડાય અને ખેડૂતોના પાક વિમાની ચૂકવણી માટે મોટું મન રખાય. તો આવી ખેડૂતો માટેની માંગણીઓમાં અમે બહું પોઝેટીવ મન રાખીએ છીએ. ખેડૂત એટલે જગતનો તાત છે. એ જગતનો તાત આજે પિડાઇ રહ્યો છે. એ જગતનો તાત કોઇને કોઇ કારણે આજે મુશ્કેલીમાં મૂકાઇ રહ્યો છે. એ મુશ્કેલીમાંથી બહાર લાવવા માટે ખેડૂતો માટે અછતનું જે પેકેજ જાહેર કર્યું હતું રૂપિયા ૩૭૦૦/– કરોડનું, તે રૂપિયા ૩૭૦૦/– કરોડ પૈકી રૂપિયા ૧૨૦૦/– કરોડનું ચૂકવણું થયું છે. એમાં પણ સરકારે કહ્યું હતું કે, અછતવાળા તાલુકા છે એને એક હેકટરે રૂપિયા ૬૮૦૦/– અને બે હેકટરે ડબલ. પરંતુ જે અછતવાળા તાલુકા નથી એને એક હેકટરે રૂપિયા ૪૦૦૦/– અને બે હેકટરે ડબલ આપવાની વાત હતી એને બદલે ખેડૂત બદલી નાખ્યા. ખાતેદારને રૂપિયા ૪૦૦૦/– આપ્યા. શ્રી નીતિનભાઇ આમાં પણ મોટું મન રાખો. એમાં બે હેકટરે ચારના ડબલ કરવામાં આવે તો એમાં પણ અમે અનુમોદન આપવા માગીએ છીએ. ખેડૂત જગતનો તાત છે, આજે એની શાકભાજી એક રૂપિયામાં વેચાતી નથી. લોકોને સીધી શાકભાજી પહોંચે છે એ મોંઘા ભાવની પડી જાય છે. ખેડૂતને પોતાનું વળતર મળતું નથી અને એના કારણે ખેડૂતો આત્મ વિલોપન તરફ વળે છે. ત્યારે કૃષિ ખાતાની આવી માગણીઓ લઇને આવ્યા છે એ પૂરક માગણીઓમાં મહેસૂલી ખર્ચ માટે ૩ અને ૪ જે માગણીઓ લઇને આવ્યા છે એ માગણીઓમાં એમણે જે વિધાનસભામાં જાહેર કર્યું હતું, ખેડૂતોને તમારા ઉપર વિશ્વાસ હતો, રૂપિયા ૩૭૦૦/– કરોડનું અતિવૃષ્ટિને કારણે મને પેકેજ મળશે એ મળી શક્યું નથી એનું દુ:ખ વ્યકત કરું છું. એનું ચૂકવણું પણ થયું નથી. ચૂકવણું થયું છે ત્યારે પણ જે ખેડૂત ખાતેદારને પોતાનું આધાર કાર્ડ હોવા છતાં એના તમામ ખાતાઓ હોવા છતાં, આધાર કાર્ડ બોલીએ અને ખાતા નંબર જુદું બોલે છે. એવા તમામ અનેક ખેડૂત ખાતેદારોને પોતાને બદલે અન્ય જનધન ખાતામાં રકમ જમા થઇ ચૂકી છે. આજે જ સવારમાં પહેલા નંબરનો પ્રશ્ન હતો, એવી કાંઇક ટેકનિકલ ભૂલ હોઇ, ટેકનિકલ ભૂલ સુધારવા માટે અમે જિલ્લા ખેતીવાડી અધિકારીને અમે સંકલનમાં પ્રશ્ન ઉપિસ્થત કરીએ છીએ તો જિલ્લા ખેતીવાડી અધિકારી એમ કહે છે કે, અમારી પાસે તો માત્ર લિસ્ટ આવે છે. સુધારે કોણ? માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ ખાતાની આવી માગણીઓ લઇને આવ્યા છે ત્યારે મારે શ્રી નીતિનભાઇને કહેવું છે કે, તમે આપેલું પેકેજ રૂપિયા ૬,૮૦૦/–, એક ખેડૂત ખાતેદારને અને બે હેકટર જમીન હોય તો ડબલ, એ આધાર કાર્ડ બરાબર છે, એકાઉન્ટ નંબર બરાબર છે પરંતુ અન્ય ખાતા નંબરમાં જતા રહ્યા છે, એની સંકલન સમિતિમાં પણ પ્રશ્નોત્તરીનો નિકાલ થતો નથી. એના માટે પણ કાંઇ જો ચર્ચા કરવામાં આવે તો એવી પણ હું લાગણી વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ ખાતાની પૂરક માગણીઓ લઇને આવ્યા છે. એ પૂરક માગણી નં.૭ અને ૯ બાબતે હું કહેવા માગું છું કે આજે સવારે હું બેઠો બેઠો ટી.વી. જોતો હતો. બનાસકાંઠાની એક સ્કૂલમાં પાંચમું ધોરણ ભણતી વિદ્યાર્થીની શિક્ષક દિવસ ઉજવતી હતી. માનનીય બાપુ પણ અહીં જોઇ રહ્યા છે. એ દીકરી જે બોલે છે, બહુ ખતરનાક, કે અમારા શિક્ષક ભાઇઓને ક્યાં જવું? તીડ ઉડાડવા જવું? અમારા શિક્ષક ભાઇઓને ક્યાં જવુ? વસતિ ગણતરી માટે જવું? અમારા શિક્ષક ભાઇઓને દવા છાંટવા માટેની પણ જવાબદારી આપવામાં આવે છે. પાંચમા ધોરણમાં ભણતી દીકરી શિક્ષણ માટે આવી ચિંતા કરે છે. બનાસકાંઠાનો આજે કાર્યક્રમ જોયો. બાપુ, દિલ દ્રવી જાય છે. પ્રાથમિક શિક્ષણ મહત્વનું છે. એક ખડિયાથી આપણે શરૂઆત કરેલી. હિંદુસ્તાનની સ્વતંત્રતા પછી ખડિયાની શાહીમાં કલમ બોળીને આપણે લખતા હતા અને આજે તજજ્ઞો બન્યા છે. એ તજજ્ઞો માત્ર ગુજરાતના નહીં, દુનિયાના તજજ્ઞો બન્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, આપનો સમય પૂરો થાય છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : એક સૂચન કરી દઉં. સ્કૂલમાં વિદ્યાર્થીઓ ન મળવાના કારણે આપણે શાળાઓ બંધ કરીએ છીએ. ઘણાં આદિવાસી લોકો અમારે ત્યાં મજૂરી કરવા આવે છે. એ વિદ્યાર્થીઓ પાસે કંઇ આધાર ન હોવાના કારણે તે સ્કૂલમાં દાખલ થઇ શકતા નથી. તેના વાલીઓની એફિડેવીટના નામે પણ સ્કૂલમાં દાખલ કરવામાં આવે તો એ વિદ્યાર્થીઓ ભણી શકશે અને સ્કૂલમાં સંખ્યા ઘટતી બંધ થશે. તે સાથે આના ઉપર માનનીય નીતિનભાઇ ફરી વખત વિચારે તેવી લાગણી વ્યક્ત કરું છું.

**સભાપતિશ્રી દુષ્યંતભાઇ પટેલ અધ્યક્ષસ્થાને**

## તા.૨જી માર્ચ, ૨૦૨૦

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રીકનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી શિક્ષણ અંગેની માગણી નં-૩૯, રૂ.૧૯,૪૮,૪૭,૬૪,૦૦૦ની લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું અને તેને પૂરતું સમર્થન આપું છું.

આપ સૌ સભ્યો શિક્ષણ અંગેની આ માગણી છેવાડાના વિદ્યાર્થીઓ સુધીની હોઇ સર્વાનુમતે મંજૂર કરશો એવી વિનંતી કરું છું. ખાસ કરીને શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇને અભિનંદન આપું છું કે શિક્ષણ માટે આ વર્ષે કોઇ પણ સેક્ટર કરતા સૌથી વધુ બજેટ રૂ.૩૧,૯૫૫ કરોડની જોગવાઇ કરી છે તેના માટે અભિનંદન આપું છું અને ખાસ કરીને જ્યારે ૭,૦૦૦ વર્ગખંડો માટે લગભગ રૂ.૬૫૦ કરોડનું જે આયોજન કર્યું છે અને શ્રી નીતિનભાઇએ ગૃહને ખાતરી આપી છે કે બે વર્ષમાં બધા ઓરડાઓની જરૂરિયાત પૂરી થશે. તેમને ફરીથી અભિનંદન આપું છું. પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક, ઉચ્ચતર શિક્ષણ તેમજ કોલેજના શિક્ષણ માટે ગુજરાત સરકારે નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. ગુજરાતના વિદ્યાર્થીઓ જે ગુજરાત બહાર જતા હતા તેના બદલે હવે બહારના વિદ્યાર્થીઓ ગુજરાતમાં આવે છે અને ટેક્નિકલ અને મેડિકલ શિક્ષણ લે છે. સરકારને ફરીથી અભિનંદન આપું છું અને ગુજરાતનો વિદ્યાર્થી વિશ્વના બજારમાં પોતાની ક્ષમતા બતાવી શકે તે માટેનું સંપૂર્ણ ટેક્નિકલ શિક્ષણ ગુજરાત સરકાર આપી રહી છે. વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન બે નવી સરકારી ફાર્મસી કોલેજો ગાંધીનગર અને સુરત ખાતે શરૂ કરવાનું આયોજન થયું છે અને આ વર્ષે એનો અમલ પણ થઇ ગયેલો છે. બન્ને કોલેજો શરૂ થઇ ગયેલ છે. ખાસ કરીને રાજ્યમાં અંદાજે ૩૩,૫૦૦ જેટલી પ્રાથમિક શાળાઓ છે. ૬૫૦૦ જેટલી માધ્યમિક શાળાઓ છે અને આ શાળાઓમાં ૭૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ ભણે છે અને ૨,૪૦,૦૦૦ જેટલા શિક્ષકો તેમાં શિક્ષણ કાર્ય કરે છે ત્યારે શાળાનું સંચાલન અને ગુણવત્તા સારી રીતે થાય એટલા માટે જે રીતે ડિઝીટલ વ્યવસ્થા કરીને ઓન લાઇન હાજરી પૂરવાની વ્યવસ્થા સરકારે કરી છે તેના લીધે શિક્ષણ અને હાજરીમાં ઘણો બધો સુધારો થયો છે અને આ માહિતી સી.એમ. ડેસ્કબોર્ડ સુધી પણ અવેઇલેબલ કરવામાં આવી છે. ગુજરાતની તમામ યુનિવર્સિટીઓ અને પોલિટેક્નિક કોલેજોમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાવાળા નમો ટેબ્લેટ રૂ.૧૦૦૦/-ના ટોકનથી આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન આજ દિન સુધી ૩,૧૧,૦૦૦ ટેબ્લેટ આપવાની કામગીરી ચાલી છે. ગુજરાતમાં ૭૦ યુનિવર્સિટીઓ છે. ૨૫૯૪ કોલેજો છે. જેનો ડીઝીટલ ડેટા ઉપલબ્ધ કરવામાં આવ્યો છે અને ખાસ કરીને જયારે ગયા અઠવાડિયે આપણા શિક્ષણ મંત્રીશ્રીએ વર્ષ ૧૯૫૨ થી જે એસ.એસ.સી.ના ડેટા છે અને ધોરણ ૧૦ અને ૧૨ના જે ડેટા છે એનું સંપૂર્ણ ડીઝીટલાઇઝેશન થઇ ગયું છે. એ માટે હું સરકારને અભિનંદન આપું છું.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. માનનીય નીતિનભાઇ ખૂબ મોટી રકમની લગભગ રૂપિયા સાડા નવ હજાર કરોડ જેટલી રકમની પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં રાજય સરકાર જે આયોજન કરે છે એ આયોજન પ્રમાણે વર્ષના આખરે જે પૈસા વપરાવા જોઇએ એ વપરાતા નથી અને ઘણી વખત નવું આયોજન થાય છે અને એના લીધે પછી પૂરક માગણીઓ લાવવી પડતી હોય છે. હું માગણી નંબર -૩૯ ઉપર મારા વિચારો રજૂ કરું છું. રૂપિયા ૧૩૯ કરોડ અને ૯૬ લાખની જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં ખાસ કરીને જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે, સામૂહિક આરોગ્ય કેન્દ્રો છે અને સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલો, સિવિલ હોસ્પિટલો છે, મેડીકલ કોલેજો છે એ જગ્યાએ મોટા ભાગે ડોકટરોની જગ્યા ખાલી રહે છે. આ જગ્યા ખાલી રહેવાના ઘણા કારણો છે. મેં ઘણી વખત શ્રી નીતિનભાઇ સાથે આ ચર્ચા કરી છે કે આપણી જે મેડિકલ કોલેજમાં જગ્યાઓ છે એ એટલી બધી જગ્યાઓ વધી છે ૬૩૦૦ જેટલી તો એ કયા સંજોગોમાં આટલી જગ્યાઓ આપણી ખાલી રહી છે? હું તો એમ કહું છું કે જે ડોકટરો છે એમને જો પગાર વધારો જોઇતો હોય તો પગાર વધારીને પણ આપણે આ ડોકટરોને એમાં સમાવવા જોઇએ. આપણે આ પૂરક માગણીઓ કેમ લાવવી પડી? મા વાત્સલ્ય કાર્ડ કે મા અમૃતમ કાર્ડ એમાં આપણે જે ખર્ચો કરીએ છીએ અથવા તો હીપ રીપ્લેસમેન્ટ, ની રીપ્લેસમેન્ટ કરીએ છીએ એમાં ખર્ચો કરીએ છીએ એ ખર્ચાને તમે ગણો કે કેટલો થાય છે સાહેબ? છેલ્લા થોડા સમયના મેં આંકડા જોયા રૂપિયા ત્રણ હજાર કરોડ ઉપર આમાં ખર્ચો થઇ ગયો છે. તો આટલો બધો ખર્ચો જો થતો હોય તો એના કરતાં ઓછા પગારમાં અડધા પગારમાં ડોકટરો જે તે હોસ્પિટલોના મૂકો તો તમારા મોટા ભાગના પૈસા બચી જશે એવું મને લાગે છે અને એનાથી દર્દીઓની સેવા પણ સમયસર મળી જશે. સાથે આપણે મેલેરીયા ઇન્ડીકેશન માટે પણ વધારે પૈસાની જરૂરીયાત પડી છે. આપણે મેલેરીયા નાબૂદ નથી કરી શકયા પણ સાથે અત્યારે જે રોગો વધ્યા છે, સ્વાઇન ફ્લુ છે, ડેંગ્યુ છે એવા જે રોગો વધ્યા છે એના માટે વધુ ઘનિષ્ઠતાથી તપાસ કરવાની જરૂર છે કે આ રોગો કેમ થાય છે? કારણ કે સરકારી હોસ્પિટલ છે એનો જે સ્ટાફ છે જોઇએ એ સ્ટાફ હોતો નથી અને જે સ્ટાફ ભરાય છે એ છે એ આઉટ સોર્સીંગવાળો હોય છે એ બેજવાબદારીવાળો માણસ હોય છે એટલે એમની કોઇ જવાબદારી હોતી નથી એટલે મારે મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આ વિભાગમાં તમે જે પણ સ્ટાફ ભરો એ જવાબદાર ભરો. કારણ કે સરકારને તો ખર્ચમાં કોઇ ઝાઝો ફેર પડતો નથી. આમેય આઉટસોર્સીંગવાળાને પગાર તો આપણે જ આપીએ છીએ તો આવા સંજોગોમાં સરકારી માણસ પૂરી જવાબદારી સાથેના માણસ ગોઠવો તો કદાચ સારી રીતે મદદરૂપ થશે અને એનું કામ પણ સારું થશે. માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ ખૂબ કામ કરે છે એમાં બેમત નથી અને એમના ઉપર ભારણ પણ બહુ છે છતાં પણ એક એક નાની નાની બાબત વાંચીને ફાઇલમાં લખતા હોય છે. એટલે મારી વિનંતી છે કે અડધો ભાર થોડોક તમારા નીચલા સ્ટાફને આપી દો સાહેબ. કમિશનર લેવલે આપી દો. કલાસ-૨ સુધીની બદલી કરતા હતા તે નીચલા લેવલે આપી દો તો તમારું

ભારણ ઓછું થાય. વધુ ભારણ હોવાને કારણે અમુક માણસને જયાં જવું છે ત્યાં જઇ શકતા નથી. એનાથી મુશ્કેલી એ થાય છે કે એ માણસ ત્યાં રેગ્યુલર રહેતો નથી અને અપડાઉનમાં સમય બગાડે છે એટલે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આવું ભારણ દૂર કરો. (અંતરાય) મારે વીજળી શકિતની વાત કરવી છે. અત્યારે શ્રી સૌરભભાઇ નથી પણ મારે કહેવું છે કે આપણે જે વીજળી વાપરીએ છીએ એ મોટા ભાગે આપણે વીજળી ખરીદીને વાપરીએ છીએ. આપણા જે સરકારી યુનિટ હતા એ મોટા ભાગના બંધ થઇ ગયા છે એટલે સરકાર તરફથી જે પ્રોડકશન થવું જોઇએ એ થતું નથી અને બીજું જે પ્રોડકશન થાય છે સરકારનું એ હાઇડ્રો પ્રોજેકટ છે અને સોલાર પાવર એ પણ લગભગ સરકારની જે નીતિ છે એ નીતિ પ્રમાણે તાલુકા લેવલે એની કોઇ વ્યવસ્થા હોવી જોઇએ. કારણ કે સરકારની આમ ઇચ્છા સારી છે કે સોલારથી ફાયદો થશે પણ એની વ્યવસ્થા શું? તાલુકા લેવલે કોઇ વ્યવસ્થા નથી હોતી અને જે હાઇડ્રો પ્રોજેક્ટ છે એ ઉકાઇ અને નર્મદા ડેમ સાઇટ છે ત્યાંથી હાઇડ્રો પ્રોજેક્ટ દ્વારા વીજળી પેદા થાય છે. એમાં પણ યુનિટો બંધ રાખવા પડે છે. કારણ કે વીજળીનો વપરાશ, એ લોકો કહે છે કે સરકારને જરૂરિયાત નથી એટલે બંધ રાખવા પડે છે. બીજી બાજુ બહારથી વીજળી ખરીદીએ છીએ એટલે સરકારને એના વધારે પૈસા આપવા પડે છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આપણા નર્મદા અને ઉકાઇના યુનિટો છે એ યુનિટો પૂર્ણ કક્ષાએથી ચાલે તો ૧૪૫૦ મેગાવોટ વીજળી પેદા થાય અને એમાંથી મળતો શેર આપણને મળે તો એટલા આપણા પૈસાની બચત કરી શકાય. આપણે બહારથી અમુક કંપનીઓ ફીક્સ થઇ છે એની પાસેથી ખરીદીએ છીએ. પીક લેવલ ઉપર એના ભાવો ઘણા વધારે છે. સરકારને ખૂબ મોટું નુકસાન જાય છે. રૂપિયા ૪૫૦થી ૫૦૦ કરોડ આપવા પડે છે. આવા સંજોગોમાં વિનંતી છે કે, બે બાબતો સોલાર માટે તાલુકા લેવલે વ્યવસ્થા કરો અને આપણા જે વીજ યુનિટો છે એ પૂર્ણ કક્ષાએ ચાલુ રહે અને સરકારના બીજા જે યુનિટો છે કે જે કોલસા આધારિત છે, આપ કહો છો કે એમાં ખર્ચ વધારે થાય છે. એમાં સુધારો કરો અને નજીકમાંથી કચ્છમાંથી કોલસો લાવીને વીજળી પેદા કરીએ. એવું કરીએ તો એનો વાહતૂક ખર્ચ ઓછો થઇ શકે અને આપણે વધારે વીજળી ઉત્પન્ન કરી શકીએ અને સસ્તા ભાવે વીજળી મેળવી શકીએ.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા(કતારગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે પૂરક માગણી લઇને આવ્યા છે એને હું મારું સમર્થન કરું છું અને એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રતિપક્ષના સભ્યશ્રીએ વાત કરી એના ઉપર હું થોડી વાત કરવા માગું છું. ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડના વીજ મથકો દ્વારા એપ્રિલ ૨૦૧૯થી ડિસેમ્બર ૨૦૧૯ના સમયગાળા દરમિયાન ૧૪,૭૮૬ મિલિયન યુનિટ ઉત્પાદન હાંસલ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન આ કોર્પોરેશનના વીજ મથકો દ્વારા ૨૫,૧૬૧ મિલિયન યુનિટ વીજ ઉત્પાદન હાંસલ કરવામાં આવ્યું છે. જે અગાઉ વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન હાંસલ કરેલ ૨૩,૭૨૪ મિલિયન યુનિટની સરખામણીમાં ૬.૦૬ ટકા જેટલું વધારે ઉત્પાદન હાંસલ કરવામાં આવ્યું છે. આ સિદ્ધિઓ ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ દ્વારા હાંસલ કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૮-૧૯ના સમયગાળા દરમિયાન આ નિગમના યુનિટોએ કુલ ૮૫.૩૪ પ્લાન્ટ અવેઇલિબિટી ફેક્ટર હાંસલ કરેલ છે. મને જણાવતા આનંદ થાય છે કે જ્યારથી શ્રી સૌરભભાઇ અને ભારતીય જનતા પાર્ટીની સરકાર પ્રબળ ઇચ્છાશક્તિ ધરાવે છે ત્યારથી આ નિગમના ઘણા એકમો તેમની સમય મર્યાદા પૂર્ણ કરેલ અથવા પૂર્ણ થવાના આરે છે છતાં આવા વીજ મથકો દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી વર્ષ ૨૦૦૯થી વર્ષ ૨૦૧૮-૧૯ સુધી સતત ૭૫ ટકાથી વધુ પ્લાન્ટ અવેઇલિબિટી ફેક્ટર હાંસલ કરવામાં સફળતા પ્રાપ્ત કરેલ છે. આ બધી વસ્તુ જ્યારે સરકાર દ્વારા થઇ રહી છે ત્યારે મને ખ્યાલ છે કે વર્ષો પહેલા એક ટ્રાન્સફોર્મર જોઇતું હોય કે એક ફીડર જોઇતું હોય તો તેના માટે આંદોલનો થતા હતા. પરંતુ અત્યારે સારા આયોજનના કારણે કોઇપણ જગ્યા એવી નથી કે ફીડર જોઇતું હોય તો ન મળે. એવું અમારા ગામમાં પણ આ પરિસ્થિતિ હતી. ત્યાર પછી સારા અને સુંદર આયોજનના કારણે આ નિગમના ઉકાઇ અને ગાંધીનગર વીજ મથકને મિશન એનર્જી ફાઉન્ડેશન આયોજિત પાવર પ્લાન્ટ પર્ફોમન્સ કોન્ફરન્સ એક્સપો વર્ષ ૨૦૧૮ દરમિયાન કોલ કેટેગરી માટે વિજેતા જાહેર કરવામાં આવેલ છે. તા.૫-૧૨-૨૦૧૮ના રોજ નવી દિલ્હી ખાતે યોજાયેલ સ્કોચ ઓર્ડર ઓફ મેરિટ વર્ષ ૨૦૧૮ના સમારંભ દરમિયાન વણાકબોરી વીજ મથક, ઉકાઇ વીજ મથક અને સિક્કા વીજ મથકને ભારતના પ્રથમ ૨૦ એનર્જી પ્રોજેક્ટમાં ક્વોલિફાઇ થવા બદલ ઓર્ડર ઓફ મેરિટ એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર બની ત્યારથી જે પ્રકારે અત્યારે અહીંયા વીજની માંગ પણ કરવામાં આવે છે એ માંગને ધ્યાનમાં રાખીને દિવસે પણ ખેડૂતોને પાવર આપવાનો છે એ પણ ત્યારે જ શક્ય બને અને સરકારે જાહેરાત કરી એનું વર્ષોથી પ્લાનિંગ કરવામાં આવ્યું છે અને જે સ્ત્રોતો ઊભા કરવામાં આવ્યા છે એ કાલેને કાલ જોઇતું હોય એમ ના મળી શકે. પરંતુ ખેડૂતોને આનો લાભ મળવાનો છે તો એ પૂર્વ પ્લાનિંગના કારણે એ થઇ શક્યું છે. ક્વોલીટીવાળી વીજળી અત્યારે મળે છે. પરંતુ પહેલા મોટરો બળી જાતી હતી અને ખેડૂતો હેરાન થતા હતા એમને રોડ ઉપર મોટરો બંધાવવા માટે ખર્ચા કરવા પડતા હતા. પરંતુ અત્યાર સુધીમાં ક્વોલીટીવાળી વીજળી અને અમે દિવસે પણ વીજળી આપવાની જાહેરાત કરી છે ત્યારે આ સરકાર તરફથી માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એ માગણીઓને હું મારું અનુમોદન આપું છું અને તમામ સભ્યોને વિનંતિ કરું છું કે આ માગણીઓમાં સમર્થન કરે જેથી કરીને ગુજરાતનું ઊર્જા ક્ષેત્રે આપણું યોગદાન સારુ રહી શકે.

## તા.૨જી માર્ચ, ૨૦૨૦

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

સભાપતિશ્રી : ડો. સી. જે. ચાવડા.

ડો.સી. જે. ચાવડા(ગાંધીનગર–ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. સૌ પ્રથમ તો ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગમાં રૂપિયા ૪૫૩ કરોડની માગણી લઇને આવ્યા છે અને ૧૨–૧૩ નંબરના પેઇજ ઉપર કેમ લાવ્યા છે તેના કારણો બતાવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, સરકારી ખરાબામાં સોલાર પ્રોજેક્ટ શરૂ કરવા માટે રૂપિયા ૧૦ કરોડની વધારાની માગણી મૂકી છે એ પ્રશંસનીય અને સારું કામ છે એમાં કાંઇ વાંધા સરખું નથી. પરંતુ રૂપિયા ૪૫૩ કરોડમાં વીજળીની ખરીદી કરવામાં આવી છે એના બદલે જો વીજ મથકો બંધ છે એ ચાલુ થાય તો લાંબા ગાળે આ રાજ્યને ફાયદો થાય એવા પ્રયત્નો કરવા જોઇએ એ થયા નથી. માનનીય અધ્યક્ષશ્રી, ૨૨ વર્ષના શાસનમાં કોંગ્રેસની સરકારમાં જેટલી નદીઓ ઉપર ડેમ બન્યાં અને બહુહેતુક યોજનાઓમાં વિદ્યુત મથકો બનાવવામાં આવ્યા એમાં ઉકાઇ, એ સિવાય ગાંધીનગરથી સાબરમતિમાં વિદ્યુત મથકો બનાવવામાં આવ્યા. ઓટોમિક વિદ્યુત મથકો બનાવ્યા એવું કોઇ વિદ્યુત મથક ના બનાવીને ગુજરાતની પ્રજાનું અહિત કર્યું છે. એટલે ત્યાં વિદ્યુત મથકો ચાલુ કરવા માટે વધારાના નાણાં વપરાયા હોત તો વાંધા સરખું ન હતું પણ મોટાભાગે વીજ ખરીદીમાં આપણે જે વીજળી ખરીદીએ છીએ એ કેટલા યુનિટના ભાવોથી ખરીદીએ છીએ એ આપણે બધા જાણીએ છીએ એમાં વધારે પોલિટીકલ મેનેજમેન્ટ કરવા માગતો નથી. બજેટની વાત આવશે ત્યારે પોલિટીકલ વાત કરીશું. એટલા માટે હું એમાં અનુમોદન આપી શકતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યમાં રૂપિયા ૧૩૯ કરોડ ૯૬ લાખની વધારાની માગણી લઇને આવ્યા છે. એમાં મારે એટલું જ કહેવું છે અને ખાસ કરીને જે નોંધ મૂકી છે કેમ લાવવા પડ્યા? એમાં મા–વાત્સલ્ય કાર્ડ માટે નોંધ મૂકી છે. મા–વાત્સલ્ય કાર્ડ આપવામાં આવે છે એમાં જે આવક મર્યાદા હતી એ વધારી એના કારણે મા–વાત્સલ્ય કાર્ડ વધ્યા એના કારણે આ ખર્ચો વધ્યો છે એવું પણ બતાવ્યું છે. પરંતુ એમાં સરકારે અને વિભાગે એટલી કાળજી રાખવાની જરૂર હતી કે મા–અમૃત્તમ કાર્ડ અને મા–વાત્સલ્ય કાર્ડ બને છે એમાં કેટલીક જગ્યાએ ખોટા આધાર કાર્ડ ઊભા કરીને એક જ વ્યક્તિએ ૨૦૦–૨૦૦ અને ૩૦૦–૩૦૦ મા–વાત્સલ્ય કાર્ડ ઊભા કરી દીધા છે અને સરકારના પૈસાની લૂંટ ચલાવી રહ્યાં છે એની તાત્કાલિક તપાસ થવી જોઇએ અને જે જવાબદાર અધિકારી–કર્મચારીઓ સંકળાયેલ હોય તેની સામે તાત્કાલિક પગલા લેવાવા જોઇએ એવું થયું હોત તો આ વધારાની માગણી લઇને આવવું પડ્યું ના હોત. એનાં સિવાય આરોગ્યમાં બહુ મોટું ગહન ધ્યાન રાખવા જેવો વિષય છે એ વાત બજેટમાં કરીશું. આરોગ્યને લગતી સુવિધા વધારવાનું કામ પણ સરકારે કર્યું છે. ડોક્ટરો, દવાખાના એના માટે સરકાર પ્રયત્નો કરી રહી છે. પરંતુ આજની તારીખે પણ ગુજરાતમાં કોઇ ઇંગ્લીંશ મિડિયમના ન્યુઝ પેપરોમાં એવી વાત છે કે ડેપ્યુટી સી.એમ.એ દાવો પણ કર્યો છે કે ગુજરાતમાં સરકારે જે આરોગ્યની સુવિધાઓ પૂરી પાડવી જોઇએ એના કરતા વધારે સુવિધાઓ પૂરી પાડી રહી છે એવું હોય તો પ્રસંશનીય છે. સુવિધા ઊભા થયા પછી એ દવાખાનમાં ડોક્ટર ના હોય, એ દવાખાનામાં નર્સ ના હોય, એ દવાખનામાં કે સિવિલ હોસ્પિટલમાં સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો ના હોય અથવા તો એના માટે જરૂરી ટેકનિકલ માણસો ના હોય તો તમે જે સુવિધા ઊભી કરી છે, હોસ્પિટલો ઊભી કરી છે, મકાન સરસ બનાવ્યું છે, જમીન સરસ રોકી રાખી છે, કમ્પાઉન્ડ વોલ બનાવી છે. રંગરોગાન કર્યા છે, ઉદ્‌ઘાટનો કર્યા છે એનો કોઇ અર્થ રહેતો નથી એટલે કોઇપણ રીતે આનો સ્ટાફ પૂરાય એવો પ્રયત્ન કરવો જોઇએ. માનનીય નાણામંત્રીશ્રી હમણાં જ બજેટ પ્રવચનમાં કહેતા હતા તેમ કે મેં આરોગ્ય વિભાગમાં આઉટ સોર્સીંગમાંથી શોષણ થતું અટકાવીને સરકારના ૫૦ કરોડ રૂપિયા બચાવ્યા છે અને આઉટ સોર્સીંગને પદ્ધતિસરમાં મૂકવાનો પ્રયત્ન કર્યો છે પણ અમે જુદી રીતે વર્ણવીએ છીએ કે તમે આઉટ સોર્સીંગથી ભરતી કર્યા સિવાય, જી.પી.એસ.સી., ગૌણ સેવા મંડળ અને પંચાયત પસંદગી બોર્ડ કે એના દ્વારા રેગ્યુલર ભરતી કેમ નથી કરાવતા? એ સમજી શકાય એવી બાબત છે કે મેડિકલ ઓફીસર એમ.બી.બી.એસ. સર્જન, એમ.ડી. કે એમ.એસ.ની અછત છે પણ સ્ટાફ નર્સ, કમ્પાઉન્ડર, ફાર્માસીસ્ટ, લેબોરેટરી આસીસ્ટન્ટ, ફીઝીયોથેરાપીસ્ટ અને આયુર્વેદીક ઓફીસરો આ તો પૂરતી સંખ્યામાં ગુજરાતમાં ઉપલબ્ધ છે. તમે જાહેરાત બહાર પાડો અને તાત્કાલીક ભરતી કરો તો આઉટ સોર્સીંગથી તમારે જે જાહેરાતો કરીને કે બીજી એજન્સીઓ એનું શોષણ કરીને કે સરકારના પૈસા લુંટીને જે પદ્ધતિ શરૂ થઇ છે એ બંધ કરવી જોઇએ અને જો એ વહેલા કર્યું હોત તો સારું હતું. માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ એકાદ બે વર્ષ પહેલા બંધ કર્યું હોત તો આજે જે પૂરક માગણીઓ મૂકવી પડે છે એ ન મૂકવી પડત. શિક્ષણની અંદર પણ રૂપિયા ૧૯૪૮ કરોડની વધારાની માગણીઓ મૂકી છે એમાં કેમ મૂકવી પડી એમાં વિશેષ નોંધમાં લખ્યું છે કે પગાર ભથ્થાના કારણે, કેટલીક કોર્ટ મેટરો ચાલતી હતી, કેટલાકના જજમેન્ટો આવ્યા એના કારણે આ બધા વધારાના નાણાં મૂકવા પડયા. આરોગ્યમાં એક વાત મારી રહી ગઇ કે જે મલ્ટીપર્પઝ હોસ્પિટલો આપી છે એમાં ઘુંટણ અને થાપાના રીપ્લેસમેન્ટ માટે એ લોકોએ સગવડ ઉભી કરી અને વર્ષ ૨૦૧૬ની આજુબાજુ એક પરિપત્ર કર્યો કે પેન્શનર્સને પણ આનો લાભ આપવો તો કટ ઓફ ડેટ નકકી કરીને સરકારે જાહેરાત કરી હતી એટલે ઘણા પેન્શનર્સને જેને તકલીફ હતી એવા રાજયના ૪૪ થી ૪૫ પેન્શનરોએ પોતાના ઘુંટણ બદલાવી નાખ્યા. ની–રીપ્લેસમેન્ટ કરી નાખ્યું એટલે કટ ઓફ ડેટને કારણે એ લોકોને ની–રીપ્લેસમેન્ટના પૈસા મળતા નથી. મેં પણ સરકારમાં અનેક વખત રજૂઆત કરી છે. સરકાર હકારાત્મક ચાલતી પણ હશે પણ નિર્ણય થયો નથી એના કારણે પેન્શનર્સને ની–રીપ્લેસમેન્ટ થઇ ગયું, ઘુંટણ બદલી પણ નાખ્યા પણ સરકાર પૈસા આપતી નથી.

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સરકારે નથી બદલ્યા પણ દર્દીએ બદલ્યા છે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જે ઘુંટણ હતા એ પાછા પણ નાખી શકાય એવું નથી એટલે મહેરબાની કરીને એવા પેન્શનર્સ જે છે અધિકારીઓ, નિવૃત્ત થયેલા કર્મચારીઓના નાણાં ચૂકવાય એવી વિનંતી કરું છું તો હું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણીને અનુમોદન પણ આપીશ. આ મારી વાત સાથે બીજી વાત બજેટમાં કરીશું.

શ્રી જગદીશ ઇ. પટેલ(અમરાઇવાડી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રી સન્માનનીય ગૃહ સમક્ષ આરોગ્ય વિભાગની માગણી નં. ૩૯ અને ૪૦ની વર્ષ ૨૦૧૯–૨૦ની પૂરક માગણીઓ લઇને ઉપસ્થિત થયા છે તેમાં હું મારા સમર્થન સાથે મારા વિચાર રજૂ કરું છું. રાજય સરકારે મુખ્યમંત્રી અમૃતમ યોજના, મા યોજના અને મા વાત્સલ્ય યોજના અંતર્ગત જે સેવા આપી રહ્યા છીએ. આપણે એમાં ખૂબ મોટો ખર્ચ થવા જઇ રહ્યો છે. હમણાં જ શ્રી ચાવડા સાહેબે જે વાત કરી એ બાબતમાં હું જરા આપનું ધ્યાન દોરીશ. માનનીય નરેન્દ્રભાઇ મોદી આવ્યા પછી ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા ચાલુ કરી. આ યોજના પહેલા નહોતી એવો મારો કહેવાનો અર્થ નથી. કોંગ્રેસના શાસનમાં પણ પહેલા એમ્બ્યુલન્સ હતી પણ સૌરાષ્ટ્રના એક ગામની ઘટના હું આપને વર્ણવું કે એમ્બ્યુલનસ કેવી હતી? કોઇ પ્રેગ્નન્ટ બહેનને લઇને તાત્કાલીક નજીકના જિલ્લાના સ્થળે જવાનું થયું. ગામના લોકો સરપંચને ત્યાં ગયા કહે એમ્બ્યુલન્સ આપણા ગામમાં છે તો કયાં હશે? તો લોકોએ કહ્યું કે સરપંચના ખોરડે પડી હશે ગાડી. ગોતતા ગોતતા ગયા તો બંધ હાલતમાં ઉડન ખટોલા જેવી સ્થિતિમાં ફટીચાર જેવી આ એમ્બ્યુલન્સ જેની ઉપર ૧૦ કિલો તો માટી ચઢી ગઇ હોય. બધાએ ગામના લોકોએ સાફસુફ કરી ત્યારે ખબર પડી કે આ વ્હાઇટ કલરની એમ્બ્યુલન્સ છે એની અંદર સીટો અને એવું બધું તો ગામના પાદરે પાનના ગલ્લા ઉપર હોય. ચાવી મળે નહીં એક ખીલીના આધારે એ એમ્બ્યુલન્સ ચાલુ થાય. એમ્બ્યુલન્સ ચાલુ કરવાની કોશિષ કરી તો કહે આમાં બેટરી તો છે જ નહીં તો કહે સરપંચના ટ્રેકટરમાં નાખેલી છે. આવી પરિસ્થિતિમાં ઉડનખટોલા જેવી આ એમ્બ્યુલન્સો હતી. માનનીય નરેન્દ્રભાઇ મોદી આવ્યા પછી ૧૦૮ના માધ્યમથી ગુજરાતની અંદર સેવા અપાઇ. આને કારણે ખૂબ મોટા ફંડની જરૂરિયાત ઉભી થતી હોય છે. હમણાં બજેટમાં પ્રયોજન કર્યું છે કે ૧૦૮ વધારવામાં આવે. આપણે જાણીએ છીએ કે રોડ, રસ્તા ઉપર એક્સિડંટ થતા હોય છે. અથવા આપણા ઘરમાં ચાતાયાતની દ્રષ્ટીએ જરૂરિયાત હોય, ત્યારે ફોન કરીએ તો પાંચમી જ મિનિટે ૧૦૮ આવે. મારું કહેવાનું તાત્પર્ય એવું છે કે પહેલા એમ્બ્યુલન્સ હતી, પણ સ્થિતિ કેવી હતી? અત્યારે ૧૦૮ની સ્થિતિ શું છે? ભાજપના શાસનમાં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી જે સંવેદનશીલતાની જે અમે વાત કરી રહ્યા છીએ. આને સંવેદનશીલતા કહેવાય. તમે ફોન કરો અને પાંચમી જ મિનિટે એમ્બ્યુલન્સ આવીને ઉભી રહે, એટલા માટે ખર્ચની જરૂરિયાત પડી, એટલા માટે આ પૂરક માગણીની જરૂર પડી. માનનીય સી.જે કહેતા હતા કે શેના માટે જરૂરિયાત છે? પહેલા કેવા પ્રકારની સિવિલ હોસ્પિટલ હતી? જ્યારે દર્દી બે દર્દને લઇને હોસ્પિટલમાં ગયો હોય તો તે દર્દી ઉપરથી ર વધારાના દર્દો સાથે ઘરે જાય, આવા પ્રકારની ફટીચર ઉડન ખટોલા જેવી હોસ્પિટલ હતી. આજે કોઇપણ સ્થળ તાલુકા કે જિલ્લામાં કેવા પ્રકારની હોસ્પિટલોનું સર્જન થતું હોય છે તે જુઓ. અમદાવાદમાં વી.એસ., સિવિલ હોય ચાતાયાતની જરૂર પડે તો તે હોસ્પિટલોમાં હેલીકોપ્ટર પણ ઉતરી શકે તેવા પ્રકારની વ્યવસ્થા ઉભી કરી છે. માટે પૂરક ફંડની જરૂર પડી, એટલા માટે નાયબ મુખ્યમંત્રીશ્રી જે પૂરક માગણી લઇને આવ્યા છે, એની અંદર માગણીને સમર્થન આપું છું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે, તેના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું. મારા સાથી સભ્યશ્રી હમણાં એવું કહેતા હતા કે ઉડન ખટોલા જેવી હોસ્પિટલ. અમારી સરકાર આવી ત્યારથી બધુ સારું થયું છે. વર્ષ ૨૦૦૪માં યુ.પી.એ. સરકારમાં ૯૦ ટકા ગ્રાન્ટ સાથે આ તમામ એમ્બ્યુલન્સ ચાલુ કરવામાં આવેલ હતી.(અંતરાય) પછી તમે આપજો. તમારા જવાબમાં કહેજો. અમારા વખતે ઉડન ખટોલાની વાત કરો છો, પણ તમારા સમયમાં ચૂંટણીમાં આ એમ્બ્યુલન્સોની અંદર દારૂ ભરીને ગામડે ગામડે વેચાય છે એનું ધ્યાન રાખજો. મારે આરોગ્ય મંત્રીશ્રીને કહેવું છે કે..

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય સભ્યશ્રી રજૂઆત કરે છે તે અંગેનો એક કિસ્સો બતાવે?

શ્રી બળદેવજી ચં. ઠાકોર : તમે સમય ન બગાડશો. હું તમારી ઓફિસમાં આવીને કહી જઇશ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : કહેજો કશો વાંધો નથી. પવિત્ર અને સેવાભાવ કામ કરતી વાહન હોય એના ઉપર આક્ષેપ કરવા વ્યાજબી નથી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : દાદા, મારે ન કહેવું જોઇએ. તમે કહેવડાવો એટલે કહું છું કે આ ગુજરાત સરકારના પોલીસ અધિકારીઓ કયાંથી દારૂ લાવતા, કઇ બોર્ડરેથી પકડાયો છે, કોની ફરિયાદ થઇ છે. કોને વેચ્યો છે, એમાં નથી પડવું. તમારે સાંભળવું હશે તો કહીશ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આમાં ૧૦૮ કયાં આવી?

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું દોરવા માગું છું કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બપોર પછી બંધ થઇ જાય છે. એનું કારણ એ છે કે ગામડાની અંદર સરકારે સરસ સુવિધા બનાવી હોવા છતા ડોક્ટર ત્યાં રહેતા નથી, એટલે ગામડામાં રહેતા લોકો આવી તમામ સુવિધાથી વંચિત રહી જતા હોય છે. બીજું, આપના દ્વારા મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે કોઇપણ અચાનક બનાવ બને અને એમાં કોઇનું મૃત્યુ થાય તો તેણે પી.એમ. કરાવવું

હોય તો ગામડાની અંદરથી ડોક્ટર બોલાવીએ છીએ, ત્યારે બે-ત્રણ-ચાર કલાક સુધી બેસી રહેવું પડતું હોય છે, ત્યારે એનું પી.એમ. થતું હોય છે. પી.એમ.ની જગ્યા ઉપરથી ફોન કરવામાં આવે ત્યારે ડોક્ટર તેમની મરજી મુજબ આવતા હોય છે. કોઇની ડેડ બોડીનું પી.એમ. ઝડપથી થાય એ અંગે વિચારવું જોઇએ. એવી નીતિ બનાવો કે બોડી બહુ લાંબા સમય સુધી પડી ન રહે. રોગચાળો ડામવા માટે જે દવાનો છંટકાવ થાય છે. જેમાં મચ્છરોનો નાશ થતો નથી. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે કલોલની અંદર બારમાસી મચ્છરો હોય છે. હું કલોલમાં રહું છું. છેલ્લાં ૧૦ વર્ષથી આનો નિકાલ થતો નથી. કોઇપણ સંજોગોમાં શું કરવાથી આ મચ્છરોનો નિકાલ થાય? તેના માટે સરકાર એવું વિચારે તો સારી બાબત છે. મા-અમૃતમ્ અને મા-વાત્સલ્ય કાર્ડની ચાવડા સાહેબે વાત કરી તો હું આપનું ધ્યાન દોરવા માગું છું કે, સરકાર દ્વારા જે હોસ્પિટલો નક્કી કરવામાં આવી છે તેની અંદર જેની પાસે મા કાર્ડ કે મા-અમૃતમ્ કાર્ડ હોય અને તેની લિમિટ હોય છતાં ડૉક્ટરો તે કાર્ડના કારણે તેના ઓપરેશન કરવાનું હોય કે ન કરવાનું હોય તેમાં મોટો ભ્રષ્ટાચાર થાય છે. તેમાં મોટા મોટા બિલો બને છે. દર્દીને સારવાર આપવાની હોય છે તેના કરતાં જુદા પ્રકારની સારવાર આપીને તેનું બિલ બનાવવા માટે આ મા-અમૃતમ્ કાર્ડ અને મા-વાત્સલ્ય કાર્ડનો ઉપયોગ થાય છે. આમ તો શ્રી નીતિનભાઇ હોય એટલે તેમના વિભાગમાં કયાંય ખોટું ન થાય તેવું સમગ્ર ગુજરાતની પબ્લિક કહે છે. આજે સંદેશ પેપરમાં આવ્યું છે, સંદેશ પેપરમાં આવ્યું છે કે વગર ટેન્ડરે તેમના વિભાગની અંદર કરોડોનું કામ કોઇકને આપી દેવામાં આવ્યું છે. તે કેમ આપી દેવામાં આવ્યું તે હું નથી કહેતો તે સંદેશ પેપર કહે છે. કરોડોનો કોન્ટ્રાકટ....

સભાપતિશ્રી : પેપરનો આધાર ન લઇએ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, નહીં લઉં, પણ આ તો વાત કરું છું, સાહેબ. સાચું હોય તો બરાબર છે. ખોટું હોય તો મને ખબર નથી. આ જે સમાચારપત્રોમાં આવ્યું છે અને શ્રી નીતિનભાઇ માટે મેં પહેલું કહ્યું કે શ્રી નીતિનભાઇનાથી કદી આવી ભૂલ થઇ શકે નહીં. આ પેપરવાળાએ કંઇ ખોટું આપ્યું છે કે આવો બનાવ બન્યો છે તે તમે જરાક જુઓ તો સારી બાબત કહેવાશે. હું શિક્ષણની વાત કરીશ તો શિક્ષકોની વ્યાપક ઘટ છે. શિક્ષણમંત્રીશ્રી અહીં બેઠા છે એટલે તેમને વિનંતી કરું છું. અમારા વિસ્તારની અંદર ઘણા બધા શિક્ષકો ફોરેન જાય છે અને ત્યાં જઇને વસવાટ કરતા હોય છે. અહીં રજા મૂકતા હોતા નથી. ત્યાં જઇ તેઓ તેમની નોકરી કે ધંધો ચાલુ કરી દેતા હોય છે. સરકારના ચોપડે શિક્ષકની હાજરી, ગેરહાજરી બોલતી હોય છે અને તેનું રાજીનામું ન પડ્યું હોય એટલે તેની ઘટ બોલતી હોતી નથી. એના કારણે ઘણી બધી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકની રજા મંજૂર થયેલી ના હોય તો પણ તે શિક્ષક વિદ્યાર્થીઓને ભણાવવા માટે મળતો નથી. તેના કારણે મોટી તકલીફો પડતી હોય છે. ડૉક્ટર હોય કે શિક્ષક હોય, અમે જયારે નાના હતા ત્યારે શિક્ષક પોતાના ગામમાં એટલે કે હેડ કવાર્ટરમાં રહેતા હતા. એટલે વિદ્યાર્થીએ રમવા કે ફરવા જવું હોય ત્યારે કહેતો કે હમણાં મારો શિક્ષક મને ભાળી જશે, હું લેશન કરવા બેઠો નથી તેમ કહીને તે ઘરની બહાર નીકળી શકતા ન હતા. અત્યારે ડૉક્ટર હોય કે શિક્ષક હોય તેમને શહેરમાં રહેવું છે, ગામમાં નોકરી કરવા જવું છે. આવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. એટલા માટે દિનપ્રતિદિન આવા ગામડાંઓની અંદર શિક્ષણ બગડતું જાય છે. કોઇ માને કે ન માને અમારા મંત્રીશ્રી બહુ વિદ્વાન છે અને માને તો સારી બાબત છે. ગામડાની અંદર શિક્ષણનું પ્રમાણ બગડતું જાય છે. પ્રાથમિક શાળા હોય તેમાં કોઇપણ ધારાસભ્ય હોય, કોઇપણ અધિકારી હોય કે સુખી લોક હોય તેના બાળકોને તે પ્રાથમિક શાળામાં ભણાવવા માગતા નથી અને ભણાવતા પણ નથી. અહીં આટલા બધા ધારાસભ્યો છે તેમાં બે-પાંચ ધારાસભ્યો સિવાય પોતાના બાળકોને પ્રાથમિક શાળામાં મોકલતા નથી. આપણે કેટલો બધો ખર્ચ પ્રાથમિક શાળાઓ પાછળ કરતા હોઇએ છીએ. હું માનું છું ત્યાં સુધી ૬૦ કે ૭૦ હજાર રૂપિયા પ્રાથમિક શાળાના શિક્ષકનો પગાર હશે. પ્રાઇવેટ શાળાની અંદર પાંચ કે છ હજાર પગારદાર શિક્ષક હશે. આવા શિક્ષક પાસે તમામે તમામ લોકો બાળકોને ભણાવવા માટે મોકલે છે પણ આપણે પ્રાથમિક શાળાની અંદર રૂપિયા ૬૦ કે ૭૦ હજારનો પગારદાર શિક્ષક હોવા છતાં આપણા બાળકને ત્યાં ભણાવવા માટે મોકલી શકતા નથી. શિક્ષણમંત્રીનું મારે ધ્યાન દોરવું છે અને સ્કોપ બહાર હોય તો માફ કરજો. રૂપિયા ૨૦૦ કરોડ બચાવવા માટે તમને તમારા અધિકારીએ કહ્યું કે આવી આવી શાળાઓ ચાલુ હોવાથી, બે-પાંચ કે દસ વિદ્યાર્થીઓ આવતા હોય, આવી શાળાઓ ચાલુ હોય છે તેના કારણે સરકાર પર રૂપિયા ૨૦૦ કરોડનો બોજો પડે છે. તેના કારણે રાજ્યની અંદર ઘણી બધી શાળાઓ બંધ કરી બીજી શાળાઓમાં મર્જ કરવાનો આદેશ કર્યો છે અને થયો પણ છે. મારે આપને વિનંતી કરવી છે, કાલે પણ આ ગૃહમાં ચર્ચા થઇ હતી. એક મત માટે તમે આટલો બધો ખર્ચ કરતા હોય, તેના માટે એક બૂથ ઉભું કરી શકતા હોવ તો શેના માટે તમે વર્ષોથી ચાલતી અને નાના નાના ગામડાંઓની અંદર બાળકો શિક્ષણથી વંચિત રહે અને બે કિલોમિટર દૂર જાય તેવું વિચારો છો.

સભાપતિશ્રી : ગૃહનો વિરામનો સમય થયો છે. વિરામ બાદ ગૃહ ફરીથી ૩.૦૦ કલાકે મળશે. શ્રી બળદેવજી ઠાકોર આપનું પ્રવચન પૂરું થાય છે.

**(વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૦૦)**

**સભાપતિશ્રી ડૉ. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

શ્રી રાઘવજીભાઇ પટેલ(જામનગર-ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણાં મંત્રીશ્રી પૂરક માગણીઓ લઇને આ ગૃહમાં આવ્યા છે ત્યારે માગણી નં.૨ ઉપર મારા વિચારો રજૂ કરવા અને એને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરજીભાઇ વાત કરતા હતા હું ધ્યાનથી સાંભળતો હતો કે સરકારે અતિવૃષ્ટી સહાયમાં આવડું મોટું પેકેજ જાહેર કર્યું પણ હજુ ઘણા બધા લોકોને સહાય મળી નથી. કદાચ શ્રી વિરજીભાઇની વાત સાચી હશે પણ શ્રી વિરજીભાઇને હું યાદ અપાવવા માગું છું કે આટલા વર્ષના ઇતિહાસમાં કોઇ સરકારે અતિવૃષ્ટી માટે ખેડૂતોને સહાય આપી હોય તો શ્રી વિરજીભાઇ બતાવે, માત્રને માત્ર ભારતીય જનતા પાર્ટીની સરકારે આપી છે અને એની સાથો સાથ અછત એટલે કે દુષ્કાળ માટેની જો કોઇ સરકારે ખેડૂતોને રોકડ સહાય આપી હોય તો વર્ષ ૨૦૧૮-૧૯માં માત્ર ભારતીય જનતા પાર્ટીની સરકારે આપી છે. શ્રી વિરજીભાઇને હું કહેવા માગું છું કે, આ ભારતીય જનતા પાર્ટીના દેશના વડાપ્રધાન અને ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જાહેર કર્યું છે કે, વર્ષ ૨૦૨૪ સુધીમાં આ દેશના ખેડૂતોની આવક મારે ડબલ કરવી છે અને ખેડૂતોની આવક ડબલ થાય તેના માટે સરકાર શ્રેણીબદ્ધ પગલાં લઇ રહી છે. મારે કોંગ્રેસના મિત્રોને કહેવું છે કે અત્યાર સુધી તમે ખેડૂતો પાસેથી ટેકાના ભાવે કોઇ ખરીદી કરી છે ખરી? તમે તમારો ઇતિહાસ તપાસો. આ સરકારે જ્યારે બજારમાં ટેકાના ભાવથી નીચો ભાવ જાય ત્યારે ખેડૂતોને આર્થિક નુકસાન ન જાય એના માટે સરકારે ટેકાના ભાવે મગફળી, ઘઉં, ચણા, રાયડો વગેરેની ખરીદી કરી અને ખેડૂતોને આર્થિક નુકસાની ન જાય એના માટે પહેલ કોઇએ કરી હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. તમે તમારો ઇતિહાસ તપાસો, ભૂતકાળમાં તમે ખેડૂતો પાસેથી સસ્તા ભાવે ખેત ઉત્પાદનની ચીજો પડાવી લેવા માટે લેવી દાખલ કરી હતી અને એની સામે ખેડૂતોએ આંદોલનો કરવા પડ્યા હતા, ગોળીબાર થયા હતા અને ચાર ચાર ખેડૂતોના બલિદાનો લેવાયા હતા એ તમારો ઇતિહાસ છે. *(xxx)હમણાં હમણાં ખેડૂતોની માગણી હતી કે પ્રધાન મંત્રી ફસલ વીમા યોજના જે ખેડૂતો ઉપર ફરજિયાત છે જે ખેડૂતોને આ યોજનામાં ભાગ નથી લેવો, જે ખેડૂતોને વીમો નથી લેવો, જે ખેડૂતોને પ્રિમિયમ નથી ભરવા એના માટે બેન્કો બારોબારથી આવા ખેડૂતોના પ્રિમિયમ ભરી દે છે. હમણાં પ્રધાનમંત્રીશ્રીએ નિર્ણય લીધો છે કે આ પાક વીમા યોજના સ્વૈચ્છિક બનાવવામાં આવશે અને એનો અમલ પણ શરુ થઇ ગયો છે અને એના માટે માનનીય વડાપ્રધાનશ્રીને, રાજયના મુખ્યમંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. માનનીય અધ્યક્ષશ્રી, શ્રી વિરજીભાઇ સમયનું ચકરડું બદલ્યું છે. (અંતરાય)

સભાપતિશ્રી : માનનીય રાઘવજીભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી અરવિંદભાઇ.

શ્રી અરવિંદ શાં. રાણા**(**સુરત-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૯-૨૦ માટે વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે ૪,૩૬,૫૯,૦૦૦ રૂપિયાની કેવડીયા ખાતે ન્યૂટ્રિશન પાર્ક બનાવવા માટે પૂરક માગણી લઇને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ આવ્યા છે તેને મારું અનુમોદન છે અને તેમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું. પશુ, પંખી, પ્રાણી, મનુષ્ય બધા માટે પર્યાવરણની જાળવણી ખૂબ જરૂરી છે. વીસમી સદીમાં સન ૧૯૪૦માં સ્વતંત્રતા સંગ્રામ એની ચરમસીમાએ હતો ત્યારે મહાત્મા ગાંધીજીએ તેમની પ્રાર્થના સભાના પ્રવચનમાં કહ્યું હતું કે સ્વરાજ અને સ્વચ્છતા એ બેમાંથી મારે જો કોઇ એકની પસંદગી કરવાની હોય તો હું સ્વચ્છતાથી પસંદગી કરીશ. ગાંધીજી ત્યારે જે પર્યાવરણની જાળવણીની વાત કરતા હતા એ આજે પણ પ્રસ્તૂત છે. ગુજરાતના પનોતા પુત્ર અને તત્કાલિન મુખ્યમંત્રી, હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના રોમેરોમમાં મહાત્મા ગાંધીજી વસેલા છે. ગાંધીજીના રાહબર બનીને, ગાંધીજીએ બતાવેલા રસ્તે તેઓ દેશને દોરી રહ્યા છે તે બદલ ગુજરાતના ધારાસભ્ય તરીકે હું ગૌરવ અનુભવું છું. વર્ષ ૨૦૧૪માં શ્રી નરેન્દ્રભાઇ વડાપ્રધાન બન્યા કે તરત જ સમગ્ર દેશમાં સ્વચ્છતા ઝુંબેશ ચલાવી. દેશના કોર્પોરેટ સેક્ટર, દેશના રમતવીરો, અભિનેતા, ગાયક કલાકાર, ટી.વી. કલાકારોને બ્રાન્ડ એમ્બેસેડર બનાવીને જનજનમાં સ્વચ્છતા અભિયાન દ્વારા દેશમાં બદલાવ લાવવાનું કામ એમણે કર્યું છે. વર્ષ ૨૦૧૯માં બીજી વખત દેશના વડાપ્રધાન બનીને ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૯ના દિવસે લાલ કિલ્લા પરથી પર્યાવરણને બચાવવા પ્લાસ્ટિક અને સિંગલયુઝ પ્લાસ્ટિક મુક્તિ માટે દેશભરમાં જનજાગૃતિનું અભિયાન શરૂ કરવામાં આવ્યું. રાજ્યના હાલના બજેટમાં માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે સ્વચ્છતા અને પ્લાસ્ટિકમુક્ત ગુજરાત માટે રૂપિયા ૫૬ કરોડની જોગવાઇ કરી છે. આવનારી પેઢીને પર્યાવરણની જાણકારી મળી રહે એ માટે ચિલ્ડ્રન ન્યૂટ્રિશન પાર્ક, જેનો હેતુ કેવડીયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળવા આવતા અસંખ્ય મુલાકાતીઓને પોષણની જરૂરિયાત અને રોજીંદા જીવન માટેનું મહત્વ સમજાવી તે રીતે જાગૃતિ ફેલાવવાનો છે. રાજ્યમાં કુપોષિત બાળકોની સંખ્યા ઓછી થાય તેવા હેતુને ધ્યાનમાં રાખીને સરકારશ્રી દ્વારા આ નિર્માણ કરવામાં આવેલ છે. ચિલ્ડ્રન ન્યૂટ્રિશન પાર્ક એ વિશ્વનો સૌ પ્રથમ ટેકનોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલ પાર્ક છે. આ પ્રકારનો પાર્ક ભારત દેશમાં કોઇપણ જગ્યાએ બનેલ નથી, કદાચ વિશ્વમાં પણ આવો ચિલ્ડ્રન ન્યૂટ્રિશન પાર્ક બનેલ નથી. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદષ્ટિ અનુસાર આવો પાર્ક સૌ પ્રથમ સરદાર પટેલ સાહેબની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાના સાનિધ્યમાં બન્યો છે જે આપણા માટે ગૌરવની વાત છે. આજના લોકોની જીવનચર્ચા તેમજ બાળકોના શીરે વધતી જતી ભણતરની જવાબદારીઓ ઇન્ટરનેટ તેમજ મોબાઇલના યુગમાં બાળકો તેમનું બાળપણ માણી શકતા નથી, જ્યારે બીજી બાજુ બાળકોને ઉચ્ચત્તર ભવિષ્ય આપવાની અવઢવ અને વધતી જતી જીવન જરૂરિયાતો મા બાપ તેમજ યુવા પેઢીને પ્રાકૃતિક સાનિધ્યથી દૂર કરી રહેલ છે ત્યારે ફાસ્ટફૂડનો ક્રેઝ પોષણની વ્યાખ્યાને ક્યાંક નાબૂદ કરતો જોવા મળે છે.

---

* આ શબ્દો અસંસદીય હોવાથી અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા.૨જી માર્ચ, ૨૦૨૦

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, માણસને ક્ષણે ક્ષણે ઉપયોગી થાય એવા શિક્ષણની મારે ચિંતા વ્યકત કરવી છે અને સાચા અર્થમાં સંવેદનશીલ શિક્ષણ મંત્રીશ્રી મારી આ વાત સ્વીકારશે એવી અપેક્ષા પણ અસ્થાને નહીં ગણાય.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જિલ્લા તાલુકા પંચાયતોમાં ભરતી થતી નથી પરિણામે શિક્ષકો પાસેથી કલાર્કનું કામ લેવાય છે અને બાળકોનું શિક્ષણ કથળે છે. મારા મોરબી જિલ્લામાં ૫૦ જેટલા શિક્ષકો પાસેથી આ કલાર્કનું કામ લેવાય છે તેના કારણે શાળાઓમાં બાળકોના શિક્ષણમાં ઓટ આવે છે. બીજું, એવું મહત્વનું છે કે, રાઇટ ટુ એજયુકેશન જે યુપીએ સરકારે શિક્ષણનો હક્ક આપ્યો છે, અધિકાર આપ્યો છે તેનો પણ આમાં સરેઆમ ભંગ થાય છે એટલે શિક્ષકો પાસેથી કલાર્કનું કામ ન લેવાવું જોઇએ અને જો લેવાતું હોય તો બંધ કરવુ જોઇએ. બીજી બાબત કે નેપોલીયને કહ્યું છે કે એક શાળા ખુલે એટલે એક જેલ બંધ થાય તો આપણે ખુલેલી શાળા શું કામ બંધ કરવા માગીએ છીએ તે મને સમજાતુ નથી. ત્રીજી બાબત કે ધોરણ ૧ થી થી ૫ના કલાસમાં શિક્ષકોની સંખ્યા ૨૦૦ વિદ્યાર્થીઓ વચ્ચે એક શિક્ષક છે. છેલ્લાં પાંચ વર્ષથી શિક્ષકોની ભરતી થઇ નથી તો એ તાત્કાલિક થવી જોઇએ અને શિક્ષણને કથળતું અટકાવવું જોઇએ. ચોથી મહત્વની વાત તાજેતરમાં હમણાં આ સ્ટેશનરી વિક્રેતા, પુસ્તકો વિક્રેતા દુકાનદારોનો પણ ધંધો છીનવાય જાય અને ખાનગી શાળા પુસ્તકો આપશે એવી જે ચહલ પહલ થઇ રહી છે તે પણ બંધ થવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત પર્યાવરણની કરવી છે જેમ શ્વાસ વગર જીવન ચાલતું નથી અને વિશ્વાસ વગર શાસન ચાલતું નથી તો માણસનો શ્વાસ ચાલી શકે અને માણસે શાસન ઉપર મૂકેલો વિશ્વાસ રહે તે માટે પર્યાવરણ સમતુલા ખૂબ જરૂરી છે. આપણે ક્લાયમેટ ચેન્જની ગ્લોબલ વોર્મીંગની વાતો કરીએ છીએ અને આપણાં ગુજરાત સરકારમાં ૨૫ વિભાગો હતા અને ૨૬મો વિભાગ ક્લાયમેટ ચેન્જ પણ આપણે દાખલ કર્યો. ગુજરાતમાં પ્રદુષણ ના વધે તે માટે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલની માર્ગદર્શક રેખાનો સરેઆમ ભંગ થઇ રહ્યો છે. કમનસીબે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં જે ઉદ્યોગો આવેલા છે તે બંદરો હોય, ચાહે ટેક્સટાઇલ હોય, ચાહે સોલ્ટ હોય, ચાહે કેમિકલ હોય, ચાહે ડ્રગ્સ હોય તે પ્રદુષણ નિયંત્રણની માર્ગરેખા મુજબ કામ કરતા નથી એને કારણે પણ પ્રદુષણ વધતું જાય છે અને પર્યાવરણ જોખમાતું જાય છે. મારો ચિંતાનો વિષય તમે અને હું જે વિસ્તારમાંથી આવીએ છીએ તે રણ વિસ્તારમાં ગાંડા બાવળ વાવવામાં આવે છે. હવે ગાંડા બાવળની સીંગ અને તેના બિયાં ગાય માતા ખાય છે એટલે તે મૃત્યુ પામે છે તો ગાંડા બાવળની જગ્યાએ તમારે લીંબડા વાવવા જોઇએ અને આમેય લીંબડો તે આપણું રાજય વૃક્ષ છે અને આપણો વડલો તે દેશનું વૃક્ષ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જેને કહીએ જટાયું એ આપણે કુદરતનો જેને કહીએ કે એક માતા સીતાજીનું જયારે હરણ થયુ હતું ત્યારે જટાયુંએ જે ભૂમિકા ભજવી હતી એવા જટાયું અત્યારે ગીધ તરીકે ઓળખાય છે. કરોડોમાં ગીધોની સંખ્યા હતી પણ છેલ્લાં ૨૦ વર્ષમાં તે લુપ્ત થતી જાય છે તે ડાયકલોફેન નામની દવાથી ગીધનું મૃત્યુ થાય છે એ દવા ઉપર પ્રતિબંધ મૂકવો જોઇએ. સાથો સાથ આ કુદરતી સફાઇ કામદાર ગીધ આવતીકાલે આપણે ૩જી માર્ચ, વિશ્વ વન્ય જીવ પર્યાવરણ દિવસ ઉજવીશું ત્યારે તેમાંથી આપણે આવા વન્ય પ્રાણીઓના રક્ષણ માટેની આપણે ઘડો લઇએ. વિશ્વમાં હરિયાળીમાં ભારતનો દશમો ક્રમ છે અને ગુજરાતમાં તો માંડ ૪ ટકામાં વૃક્ષાદિત જમીન છે. અમદાવાદમાં ૧૩ ટકા આપણે ગાંધીનગરમાં બેઠાં છીએ એક વખત વિશ્વમાં ગ્રીનેસ્ટ સીટી તરીકે આપણું પાટનગર પંકાતુ હતું. આજે ૧૪૦ ચોરસ કિલોમીટર વન વિસ્તાર ગાંધીનગરમાં હતો તે ઘટીને ૯૨ ચો.કિલોમીટર થઇ ગયો છે તેની પણ ચિંતા સેવવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જે રીતે કલાયમેટ ચેન્જ માટે આબોહવા, પરિવર્તન અને તેની સમજદારી કેળવવા માટે આગળ વધવું જોઇએ. ચાલો, કંઇ ના કરીએ તો ચાલોને માણસમાં થોડુંક વહાલ વાવીએ પછી વાડ થઇ વેલો ટકાવી જોઇએ એમ આપણે સૌ વૃક્ષને, વેલાને ટકાવવા માટે વાડધર્મ નિભાવીને પર્યાવરણનું સંતુલન કરવા કટિબદ્ધ બનીએ એ જ અભ્યર્થના.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ (મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, ન્યૂટ્રિશન પાર્ક અંગેની જે પૂરક માગણી છે એના અંગે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ કે, પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરવાના કારણે અત્યારે હાલ આપણો દેશ અને ગુજરાત એની અંદર આપણા બધાની એક ચિંતા છે. અત્યાર હાલનું વાતાવરણ અને બાળકોના શિરે ભણતરની જવાબદારીઓ, આજનો મોબાઇલ યુગ અને તેના કારણે બાળકો પોતાનું બાળપણ પણ માણી શકતા નથી. ખાવાના ખોરાકો પણ બદલાઇ ગયા છે. મા–બાપને બાળકોના ઉચ્ચતર ભણતરની ચિંતા અને વધતી જતી જરૂરિયાતો છે. આમ મા–બાપ તથા યુવા પેઢી આ પ્રાકૃતિક સાનિધ્યથી દૂર જઇ રહી છે. ઝંક ફૂડ જેવા કે પિઝા અને બર્ગર જેના કારણે હું માનું છું ત્યાં સુધી આપણા બધાની અને આખા ગુજરાતની ચિંતા છે. એક સભ્યશ્રીએ કહ્યું કે શું ખાવું જોઇએ તો એણે એવું કહ્યું કે તમારા દાદા–દાદી જે ખાતા હતા એ ખોરાક રાખશો તો ગુજરાતની અંદર કયારેય કુપોષણ નહીં રહે, એટલે આ જે તકલીફ અને તેના કારણે બાળકોનો ખોરાક બદલાયો છે, પણ આ નવી પેઢીમાં આપણે કશું કરી શકીએ એમ નથી. આ યુગના કારણે તો આવનારી પેઢીને પોષણયુકત બનાવવા અને એમને આહાર અને એની સમજ મળે એમાં દેશ અને વિશ્વની અંદર એક સામૂહિક

ક્રાંતિ આવે એટલા માટે આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ એમના જન્મ દિવસે જયારે સ્ટેચ્યુ ઓફ યુનિટ આવ્યા હતા ત્યારે એક ન્યુટ્રિશન પાર્ક બનાવવાનું એમણે સૂચન કરેલું અને એ બની ગયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે ન્યૂટ્રિશન પાર્ક જે છે એમાં જે સ્ટેચ્યુ ઓફ યુનિટ જોવા જે આવે એમને અને આપણને બધાને ખબર છે કે આપણા બાળકોના ભવિષ્યનો જે ખોરાક છે એ બદલાઇ રહ્યો છે પણ બાળકોને એમની ભાષામાં સમજ આપવા માટે આ ન્યૂટ્રિશન પાર્ક છે અને એની અંદર ૬૦૦ મીટરનો રેલવેનો એક ટ્રેક છે, બાળકો માટે રેલવે છે. એમાં આપણા વેદ અને આર્યુવેદના જે ગ્રંથો છે એના આધારે પાંચ સ્ટેશનો નક્કી કરવામાં આવ્યાં છે. એમાં પહેલું સ્ટેશન ફળશબજી ગ્રહ્મ, બીજું પયોનગરી, ત્રીજું સ્ટેશન અન્નપૂર્ણા, ચોથું પોષણ પુરમ અને પાંચમું સ્વસ્થ ભારતમ્. આના કારણે જે મુલાકાતીઓ અને બાળકો આવશે તો એમણે શું ખાવું જોઇએ! કારણ કે આમાં ટેકનોલોજીનો ઉપયોગ અને શ્રી નરેન્દ્રભાઇ હોય એટલે ટેકનોલોજી તો હોય જ. બાળકોને ગેઇમ દ્વારા અને એમની ટેકનોલોજીની ભાષા દ્વારા બધી ખબર પડે અને આખી દુનિયમાં પ્રચાર થાય એના માટે એમાં પહેલું છે ફળશબજી ગ્રહ્મ તો એની અંદર બાળકોને હોલોગ્રામના માધ્યમથી અને થ્રીડી ટેકનોલોજીના માધ્યમથી આ ફળ સીઝનના ફળ અને એ ખાવાથી કેટલો ફાયદો થાય એની અંદર પણ ગેઇમ છે. દોરેલું ચિત્ર હોય બાળક ફળ ઉપર હાથ મૂકે તો ૮૦ કે ૧૦૦ માર્કસ આવે અને પિઝા કે બર્ગર ઉપર હાથ મૂકે તો એમાં માઇનસ ૧૦ પોઇન્ટ આવે, આવી લેટેસ્ટ ટેકનોલોજીથી બાળકોનું ઘડતર કરવા પ્રયત્ન કરેલો છે. બીજું, એક પયોનગરી છે દૂધનું મહત્વ સમજાવવા માટે, આપણે બાળકોને સમજાવવા બે હાથ જોડવા પડે છે દૂધ પીવો પણ બધાની એક સમસ્યા છે એટલે આ દૂધનું મહત્વ સમજાવવા પયોનગરી, માના હાથના ખોરાકની કિંમત શું છે અને તેનું મહત્વ શું છે પોષણમાં એના માટે અન્નપૂર્ણામાં જુદી જુદી ટેકનોલોજી દ્વારા બાળકોને સમજણ. ત્રીસ સેંકડ. માનનીય અધ્યક્ષશ્રી. પોષણપુરમ્ કારણ કે આ જે છે એ આખા ગુજરાતનો ખૂબ અગત્યનો વિષય છે. તમારો, મારો અને સમગ્ર ગુજરાતની જે જીવનશૈલી બદલી રહી છે એના માટે આ જે કાંઇ શ્રી નરેન્દ્રભાઇએ કર્યું છે પોષણપુરમ્, પાણીના મહત્વ માટે અને સ્વસ્થ ભારતના બાળકોના વિકાસ માટે ખેલકૂદ, યોગ, ટેનિસ આને મહત્વ આપવામાં આવ્યું છે.

શ્રી વિવેક ન. પટેલ(ઉધના):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની પૂરક માગણી ક્રમાંક–૧૩ લઇને આવ્યા છે તેને સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું. મારે ખૂબ જ ગૌરવ સાથે કહેવું છે કે વાયબ્રન્ટ ભારત, વાયબ્રન્ટ ગુજરાત અને વાયબ્રન્ટ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ. ઐતિહાસિક અને વિક્રમી બજેટની અંદર ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે રૂપિયા ૧૩૯૧૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એક સમય એવો હતો કે વાળુ વખતે ઘરમાં વીજળી હોય તો એ ગુજરાતમાં મોટી સિદ્ધિ કહેવાતી હતી. હું એની ડિટેઇલમાં જવા માગતો નથી. પરંતુ જયારથી ભારતીય જનતા પાર્ટીનું ગુજરાતમાં શાસન આવ્યું ત્યારથી ઊર્જા ક્ષેત્રે ઐતિહાસિક અને ક્રાંતિકારી કામો થયા અને થઇ રહ્યા છે. આજે ઊર્જા ક્ષેત્રે ગુજરાત દેશમાં રોલ મોડલ તરીકે ભૂમિકા ભજવી રહ્યું છે. બિન પરંપરાગત ઊર્જા ક્ષેત્રે વાયબ્રન્ટ ઊર્જા વિભાગની સિદ્ધિ અને આયોજન વિષે મારે વાત કરવી છે. ગુજરાત રાજયની કુલ સ્થાપિત વીજ ક્ષમતા ૨૯૨૬૮ મેગાવોટ છે. જે પૈકી પરંપરાગત સ્રોતની ક્ષમતા ૧૯૧૩૦ મેગાવોટ છે. જયારે બિન પરંપરાગત સ્રોતની ક્ષમતા ૧૦૧૩૮ મેગાવોટ છે. લોકપ્રિય આયોજન એટલે કે સૂર્યા ગુજરાત યોજના અંતર્ગત સોલાર રૂફ ટોપ માટે ૯૧૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગઇકાલ સુધીના આંકડા રજૂ કરું તો ૧,૧૬,૦૦૦ જેટલી અરજીઓ આવી છે અને આ સિસ્ટમ દ્વારા ૪૪૪ મેગાવોટ જેટલું વીજ ઉત્પાદન થવાનું છે. ફોર્મેશન ઓફ સોલર એલાયન્સમાં દેશોએ સહીઓ કરી છે અને તેની આગેવાની આપણા આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે લીધેલી છે. વર્ષ ૨૦૨૦ સુધીમાં દેશમાં ૧ લાખ ૭૫ હજાર મેગાવોટ વીજ ઉત્પાદન થવાનું છે અને ગુજરાતમાં વર્ષ ૨૦૨૨ સુધીમાં ૨૨૦૦૦ મેગાવોટથી પણ વધારે વીજ ઉત્પાદન થવાનું છે.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેના માટે મારા વિચારો રજૂ કરું છું. એક બાજુ નાણાં મંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીશ્રી પૂરક માગણીઓ લઇને આવ્યા છે જયારે બીજી બાજુ આપણે જોઇએ તો અગાઉનો જે સી.એ.જી.નો રિપોર્ટ છે તેમાં સરકારે જે ગ્રાન્ટ ફાળવેલી હતી તે પણ પૂરે પૂરી ઉપયોગ થઇ શકયો નથી. એટલે બજેટમાં જે જોગવાઇ કરવામાં આવે છે તે નાણાં એક બાજુ વપરાતા નથી અને બીજી બાજુ કરોડો રૂપિયાની પૂરક માગણીઓ લઇને આવવાનું થાય છે. સી.એ.જી.નો રિપોર્ટ અહેવાલ–૨ ના પાના નંબર ૫૫માં અનુદાન ૯, શિક્ષણ વિભાગમાં જે માગણી રજૂ કરી છે એમાં વર્ષ ૨૦૧૫–૧૬થી ૨૦૧૮ સુધીમાં રૂપિયા ૧૩૦૧૫.૯ કરોડનો વધારાનો ખર્ચ કરવામાં આવ્યોછે અને સી.એ.જી.ના રિપોર્ટમાં તેના કોઇ કારણો પણ આપવામાં આવ્યા નથી. સી.એ.જી.નો રિપોર્ટ–૨ માં પાના નંબર ૬૦ માં એક બાજુ, અત્યાર સુધી પેપરમાં અને ટી.વી. માં મોટી મોટી જાહેરાતો આપવામાં આવતી હતી. કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી તે વખતે કે કેન્દ્ર સરકારની ગુજરાતને થપ્પડ, એવી જાહેરાત આપવામાં આવતી હતી. પણ સરકારના શિક્ષણ વિભાગમાં વર્ષ ૨૦૧૫થી ૨૦૧૮ સુધીમાં રૂપિયા ૧૨૭૩.૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. એમાંથી માત્ર ૩૯૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. એટલે કે જે જોગવાઇ કરવામાં આવી હતી એનાથી ૩૦ ટકાનો ખર્ચ થયો છે અને એ ખર્ચ ન થવાનું કારણ એવું બતાવ્યું છે કે કેન્દ્ર સરકાર તરફથી નાણાં મળતા નથી એટલે આ ખર્ચ કરવામાં આવેલ નથી. અનુદાન–૯ની અંદર શિક્ષણ, મહેસૂલની અંદર રૂપિયા ૪૩૯.૧૧ કરોડ પરત સોંપવામાં આવેલ છે. બીજી બાજુ તમે આ માગણીઓ લઇને

આવ્યા છો એટલા માટે અમે એને સ્વીકારતા નથી. સન ૨૦૧૫-૧૬માં શિક્ષકોની ભરતી કરવામાં આવી હતી. એક બાજુ શિક્ષકોની ભરતી થતી નથી અને બીજી બાજુ માધ્યમિક શાળાઓ છે એના પ્રવાસી શિક્ષકોની ભરતી માટે જે રૂપિયા ૪૩૩.૭૮ કરોડ ગ્રાન્ટ આ બજેટમાં ફાળવી હતી એમાંથી માત્ર રૂપિયા ૨૪૧.૯૮ કરોડનો જ વપરાશ થયો છે એટલે મોટા ભાગની બચત રહી છે.

આપણે અહીંયા ટેકનોલોજીની વાત કરીએ છીએ. ચાલુ બજેટની અંદર સન ૨૦૧૯-૨૦માં ૧૦૯ શાળાઓ માટે ૧.૫૦ કરોડ રૂપિયાની કમ્પ્યુટર લેબ આસિસ્ટન્ટ અને એ પણ આઉટ સોર્સીંગથી ભરવાની જોગવાઇ કરવામાં આવી હતી. આવા કાયમી શિક્ષકો ભરવાની જોગવાઇ કરવા માટે માગણી લઇને આવ્યા હોત તો અમે એને ટેકો આપત.

વાંચે ગુજરાત, બે દિવસ પહેલા બહુ મોટી ચર્ચા થઇ. એક બાજુ આપણે વાંચીએ કે રમે ગુજરાત જેવા કાર્યક્રમ કરીએ છીએ અને માત્ર ૧૦૯ શાળાઓ માટે ૫૭ લાખ રૂપિયાના જ પુસ્તકો માટેની જોગવાઇ કરવામાં આવી છે.

યુનિવર્સિટીઓની અંદર ઘણી બધી જગ્યાઓ ખાલી છે. સુરત યુનિવર્સિટીની વાત કરીએ તો એમાં હાલના કુલપતિ છે એ એન્જિનિયર છે એમને કુલપતિ બનાવી દેવામાં આવ્યા છે. ઘણી બધી ફરિયાદો છે એમના સર્વિસ રેકર્ડમાં જોઇએ તો અગાઉની સર્વિસમાં પણ એમણે ખોટું કરેલુ હતું અને આવા જેને શિક્ષણનો અનુભવ ન હોય એવા લોકોને કુલપતિ બનાવી દેવામાં આવે અને ઉચ્ચ શિક્ષણને આગળ લઇ જવાની વાતો કરવામાં આવે તો શકય નથી. અમારી યુનિવર્સિટીની વાત કરીએ. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની અંદર પેપરની અંદર કૌભાંડ થયેલ હતા. હું અભિનંદન આપીશ માનનીય નરેન્દ્રભાઇ મોદીને કે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ હતા ડો. આદેશપાલ એમને એમણે પદ ઉપરથી હટાવી દીધા હતા. લોકાયુકતની તપાસ ચાલી. સરકારે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીને એમના વિરુદ્ધ કાર્યવાહી કરવાનો પત્ર લખ્યો એમને પણ આજે બચાવવાની વાતો થઇ રહી છે. એટલે એક બાજુ ભ્રષ્ટાચાર દૂર કરવાની વાતો થતી હોય અને ઉચ્ચ શિક્ષણમાં ભરતીઓ કરવામાં ન આવે અને આવા ભ્રષ્ટાચારી લોકોને સરકાર શા માટે બચાવી રહી છે એ સમજાતું નથી. માનનીય નીતિનભાઇને મારે વાત કહેવી છે. અમારા અમદાવાદની યુ.એન. મહેતા હાર્ટ ઈન્સ્ટિટયુટ છે એની અંદર ભા.જ.પ.ના મહામંત્રી છે એમના દિકરા જે જૂન, ૨૦૧૫ સુધીમાં પાટણની એમ.એન્ડ લો કોલેજમાં નોકરી કરતા હતા એમને જૂન, ૨૦૧૩થી યુ.એન. મહેતાની અંદર નોકરીએ લીધા છે. ધારાસભ્ય તરીકે અમે માહિતી માગી પરંતુ એ આપવામાં આવતી નથી. એ રીતે એક બાજુ તમે પૂરક માગણીઓ લઇને આવો છો બીજી બાજુ શિક્ષણ અને આરોગ્યમાં ભ્રષ્ટાચાર થાય છે. માનનીય નીતિનભાઇ તમને વિનંતી કરું છું કે ભલે તમારા ભાજપના પદાધિકારી હોય પરંતુ એની તપાસ થાય તેવી વિનંતી કરું છું.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઊર્જા મંત્રીશ્રી માગણી લઇને આવ્યા છે એમાં મારું સમર્થન કરું છું.

ઊર્જાની વાત કરું તો દેશની અંદર ગુજરાતનો પ્રથમ નંબર આવે છે. એની સિદ્ધિઓની વાત કરું તો વર્ષ ૨૦૦૧માં ૪૦૦ કે.વી.ના ૯, ૨૨૦ કે.વી.ના ૪૯, ૨૩૨ કે.વી.ના ૪૯, ૬૬ કે.વી.ના ૫૮૮, ૩૩ કે.વી.ના પાંચ મળીને કુલ ૭૦૫ સબ સ્ટેશન હતા અને ૩૦,૨૬૬ કિલોમીટરની લાંબી વિદ્યુત લાઇન હતી.

માનનીય અધ્યક્ષશ્રી, દશમી પંચવર્ષિય યોજનાની અંદર મને કહેતા આનંદ થાય છે કે, ૧૭૩ નવા સબ સ્ટેશનો બનાવ્યા અને લંબાઇની વાત કરીએ તો ૪,૧૫૭ સરકીટ લંબાઇ બનાવી. અગિયારમી પંચવર્ષીય યોજનાની વાત કરીએ તો ૩૯૨ (અંતરાય) તમારા રાજમાં છતાં પાણીએ, તમે વાત ન કરાવો મને, તમે છતાં લાઇટે, ગામમાં લાઇટ હોય, ગામમાં કોઇનો પ્રસંગ હોય અને પેલાએ લાઇટ બિલ, વોટર બિલ ના ભર્યું હોય, લોકો પરેશાન થતા હતા. (અંતરાય)

સભાપતિશ્રી : આપનું પ્રવચન ચાલુ રાખો, એમને જવાબ ન આપો.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સિદ્ધિ તો જુઓ, ૩૯૨ વીજ કનેકશનો આપ્યા અને લંબાઇની વાત કરું તો, અગિયારમી પંચવર્ષિય યોજનાની અંદર, ૯૭૭૭ કિલોમીટર લંબાઇ ધરાવતી અમે લાઇન નાખી. અમે જ્યોતિ ગ્રામ યોજના આવ્યા પછી આ કોંગ્રેસને એનો ઝટકો લાગ્યો, એનો કરંટ લાગ્યો, વિદ્યુતનો કરંટ લાગ્યો, આજે ઉભા થઇ શકે એમ નથી. હું બારમી પંચવર્ષિય યોજનાની વાત કરું તો ૫૦૦ નવા સબ સ્ટેશનો બનાવ્યા અને ૧૩,૫૫૧ કિલોમીટર સરકીટ એની લાંબી લાઇન નાખી. વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૦૧ નવા સબ સ્ટેશનોની સ્થાપનાથી એવરેજ દર વર્ષે ૧૦૦ સબ સ્ટેશનો નાંખવાની આ સરકારની શકિત હતી. મિત્રો, આ સબ સ્ટેશન નાખ્યા પછી એક પણ ગામ રહી ન જાય તેની ચિંતા જો કરી હોય તો આ સરકારે કરી છે. નવી વાત કરું તો ૧,૩૦૨ સબ સ્ટેશન નવા નાંખી અને કુલ ૧૯,૬૩૦ સબ સ્ટેશનો થયા, જ્યારે ૭૦૦ સબ સ્ટેશન હતા એમાંથી આપણે ટૂંકાગાળામાં લગભગ ૨,૦૦૦ એ પહોંચ્યા અને દેશમાં વિદ્યુત માટે મારે એ વાત છેલ્લે કરવી હતી કે, ગામ આખું હોય કોઇના ત્યાં પ્રસંગ હોય અને એમના રાજ્યમાં ખેડૂતોની વાત કરતાં તમને શરમ આવવી જોઇએ. વિદ્યુત કનેકશન કપાઇ ગયું હોય વોટર વર્કસનું લોકો દુ:ખી-દુ:ખી થતા હતા. ખેડૂત અકસ્માત થાય તો એક પણ રૂપિયો નહતો મળતો. જો દારુ પીને કે લઠ્ઠો પીને મરી જાય કોંગ્રેસના રાજ્યમાં તો એને ત્યાં ડેપ્યુટી કલેકટર જાય કે તમારા દિકરાએ બહું સારું કામ કર્યું છે, લો હું ચેક લઇને આવ્યો છું. સાહેબ, આ ખેડૂતોની ચિંતા એમણે ક્યારેય કરી નહતી. આટલી વાત કરી, મને સમય આપ્યો એ બદલ આભાર.

## ફાલ્ગુન ૧૨, ૧૯૪૧ શાકે

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી અરવિંદ છો. પટેલ (ધરમપુર):માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહના નાણામંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી પૂરક માગણીઓ ઉપર માગણી ક્રમાંક : ૨૭ પર્યાવરણ ઉપર જે લઇને આવ્યા છે તેમાં મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણ મૂળભૂત રીતે આપણી સંસ્કૃતિ સાથે સંકળાયેલ છે. પર્યાવરણનું મહત્વ મહાભારત કાળથી લઇને આજ પર્યન્ત આપણી સંસ્કૃતિ તથા આપણા ગ્રંથોમાં વર્ણન કરવામાં આવેલ છે. પર્યાવરણ બચાવવાની શરૂઆત વિષ્ણુ ભગવાનના મત્સ્ય અવતારથી લઇ હાલ સુધી પણ ચાલી આવેલ છે. ભગવાન વિષ્ણુએ માછલીનું રૂપ ધારણ કરીને પૃથ્વીને બચાવી હોવાની વાત પણ વિષ્ણુ પુરાણમાં વર્ણન કરવામાં આવેલ છે. વિષ્ણુ ભગવાને જુદી જુદી યોનીઓમાં રૂપો ધારણ કરીને જેમ કે, મત્સ્ય અવતાર, કુરમા અવતાર, વરાહ અવતાર, નરસિંહ અવતાર વિગેરે વિગેરેમાં આ વર્ણવામાં આવેલ છે.

આપણું રાજ્ય પ્રગતિશીલ અને વિકસીત રાજ્ય તરીકે ગણાય છે. દર વર્ષે સેંકડો નવા ઉદ્યોગો સ્થપાતા જાય છે અને લાખો વાહનોની સંખ્યા વધતી જાય છે, તેવા સમયે આપણી સરકાર પર્યાવરણનું સંપૂર્ણ જતન થાય અને અત્યારની તથા આવનારી પેઢીને શુદ્ધ હવા અને શુદ્ધ પાણી તેમજ વાતાવરણ મળી રહે તે માટે કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણના ભોગે અમે કોઇ વિકાસ કરવા માગતા નથી. જેથી નાના નાના ગામડાંથી માંડીને મોટા શહેરો સુધી પર્યાવરણના જતન માટે અનેક વિભાગો દ્વારા અને અનેક સંસ્થાઓના માધ્યમથી ઘણી યોજનાઓ પણ અમલમાં આવેલી છે. રાજ્યના નગરોમાંથી ગંદા પાણીનો નિકાલ, ફેક્ટરીમાંથી નીકળતા પ્રદૂષિત પાણીનું શુદ્ધિકરણ કરી તેનો નિકાલ કરવાની વ્યવસ્થા પણ રાજ્ય સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગો, વાહનો અને ઘરોમાં ઇકો ફ્રેન્ડલી સી.એન.જી. અને પી.એન.જી. ગેસનો વધુમાં વધુ વપરાશ થાય એ દિશામાં પણ સરકાર દ્વારા ખૂબ વેગ આપવામાં આવ્યો છે. વિશ્વમાં જેની શરૂઆત થઇ ચૂકી છે તેવા ઇલેક્ટ્રીક વાહનોનો વપરાશ ફેક્ટરીઓ અને વાહનોથી થતાં વાયુ પ્રદૂષણ પર નિયંત્રણ કરવા માટે પણ કરવામાં આવ્યો છે. ઘન કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવા માટે અમે અનેક પગલાં લીધાં છે અને નવા આયોજનમાં પણ એમાં જોગવાઇ કરવામાં આવી છે. આ બધું કરવાના કારણે ગુજરાતનું પર્યાવરણ વધુ સારું થશે એવો મને વિશ્વાસ છે. મને કહેતા આનંદ થાય છે કે અમદાવાદ, વડોદરા અને જેતપુરના હજારો ઉદ્યોગના પ્રદૂષિત પાણીને શુદ્ધ કરી તેનો ઉંડા દરિયામાં વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવા માટેની પાઇપ લાઇન પીપીપીના ધોરણે નાંખવામાં આવશે, જેથી થતું પ્રદૂષણ પણ અટકશે અને લાખો લોકોને રોજગારી પણ મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદિવાસી વિસ્તારમાં જે ૯મી ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવે છે. અમારા આદિવાસી જળ, જંગલ અને જમીન સાથેનો નાતો ધરાવે છે અને આદિવાસીઓ પર્યાવરણના પ્રેમી પણ રહ્યા છે. પરંપરાગત રીતે વર્ષોથી ઝાડની અને નદીની પૂજા કરતા આવ્યા છે.

શ્રી પ્રતાપ દૂધાત(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ જે પૂરક માગણી લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૨૫ વર્ષમાં ગુજરાતમાં ડાયાબિટીસ નામનો રોગ આવ્યો અને આ સરકાર સાથે આવી. ડાયાબિટીસ જેમ શરીર ખોખલું કરી નાખે એમ શ્રી કાંતિકાકા, તમારી સરકારે પ્રજાને ખોખલી કરવાનું કામ કર્યું છે. તમારી સરકારની અંદર પૂરક માગણી લઇને મિનિસ્ટરો આવ્યા છે ત્યારે હોસ્પિટલની વાત કરીએ તો મારા મત વિસ્તારની અંદર ગોબા હોય કે મેકડા હોય, ત્રણ વર્ષ પહેલાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બન્યા છે. ડોક્ટરો એ હોસ્પિટલ સ્વીકારતા નથી. રોગી લોકોને સાવરકુંડલા સુધી જવું પડે. સરકારી હોસ્પિટલમાં જાય તો ત્યાં ડોક્ટરો નથી. ડોક્ટરો હોય તો ત્યાં સરકારની હોસ્પિટલમાં બિલ્ડીંગ તૈયાર છે. બિલ્ડીંગમાં બ્લડ કેમ્પ, બ્લડ ડોનેશન માટેની જે વાતો સરકાર કરે છે. બલ્ડ બેંક તૈયાર છે. અંદર સાધનો નથી. દર્દી દર દર ભટકે છે. આ પરિસ્થિતિ તમારી સરકારમાં નિર્માણ થઇ છે. પૂરક માગણીની અંદર વાત કરતા હો, મારા શ્રી રાઘવજી કાકા હમણાં *(xxx)કે વર્ષ ૨૦૨૨માં ખેડૂતની બમણી આવક અમે કરીશું.

સભાપતિશ્રી : માનનીય પ્રતાપભાઇ, આપ સારી રીતે સારી ભાષામાં વાત કરો. *(xxx) એ શબ્દ રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રી પ્રતાપ દૂધાત : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨માં શ્રી રાઘવજીભાઇ પટેલ બમણી આવકની વાત કરતા હોય તો ખેડૂતની આવકમાં ઘટાડો થયો છે. કપાસ ૧૪૦૦ રૂપિયે જે વેચાતો હતો એ સાવરકુંડલાના માર્કેટીંગ યાર્ડમાં ૮૦૦ રૂપિયામાં કોઇ ઘણી નથી. આ પરિસ્થિતિ નિર્માણ થઇ છે. બમણી આવક થઇ તો સરકારની થઇ. બમણી આવક એટલા માટે થઇ કે ખાતરના ડબલ ભાવ થયા. બિયારણના ડબલ ભાવ થયા. પેટ્રોલના ડબલ ભાવ થયા, ડિઝલના ડબલ ભાવ થયા. સરકારની આવક બમણી થઇ છે. ખેડૂત તો માઇ-બાપ પાછો ધકેલાતો જાય છે. કૃષિ મંત્રી પૂરક માગણી લઇને આવ્યા છે. ખેડૂતને રોઝ-ભૂંડના ત્રાસમાંથી મુક્તિ આપવા માટેની જો કોઇ વાત લઇને આવ્યા હોત તો ૧૦૦ ટકા સમર્થન આપત. તાર ફેન્સીંગની વાતો કરે. ૫૦ ટકા સબસિડીની વાતો કરે. કોઇ પણ જગ્યાએ તાર ફેન્સીંગનો ઉલ્લેખ થયો નથી. પરિસ્થિતિ એવી નિર્માણ થઇ છે કે ખેડૂતનો દીકરો ઘરે આવી શકતો નથી. રાત દિવસ ખેતરમાં રહે છે.

---

* માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા.૨જી માર્ચ, ૨૦૨૦

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાતો કરતા હોય તો શિક્ષકો પહેલું-બીજું ધોરણ સાથે ભણાવતા હોય, ૧થી ૬ ધોરણ, ૬ ધોરણ પછી વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી છે. તો તેના કારણે ઓરડાઓ બંધ કરવા પડે. આવી પરિસ્થિતિ મારા મત વિસ્તારમાં નિર્માણ થઇ છે. ઊર્જા મંત્રીશ્રી પૂરક માગણીઓ લઇને આવ્યા છે. મારા વીજપડીની વાત કરું. ૬૬ કે.વી.ના ૩,૦૦૦ કનેક્શનો હતા. આજે ૧૨,૦૦૦ કનેક્શનો ૧૦૦ ટકા થયા. પણ દિવસે વીજળીની વાત કરે છે. રાત્રે પણ બે કલાક-ચાર કલાક વીજળી આવતી નથી. જે સબ સ્ટેશનની અંદર, કે જે ૬૬ કે.વી.ની અંદર જે ટી.સી. બળી જાય છે એ શ્રી રાઘવજીભાઇ, પંદર દિવસે પાછા અમે લેવા જઇએ તો બળેલા ટી.સી. મૂકવામાં આવે આ પરિસ્થિતિ નિર્માણ થઇ છે. ૨૫ વર્ષની અંદર તમે વીજળીની દિવસની ભલે વાત કરો છો પણ તમે વીજળીના તાર બદલાવી શક્યા નથી, તમે થાંભલા નાંખી શક્યા નથી, આ પરિસ્થિતિ નિર્માણ થઇ છે. આ પૂરક માગણીના અસમર્થનમાં અમે છીએ. આ સરકાર જે વાતો કરે એ પ્રમાણે કામ કરતી નથી. અહીં કંઇક બીજી વાત થાય અને બહાર બીજી વાત થાય છે. ફરી વખત દોહરાવું કે ડાયાબીટીસ જેમ ખોખલા કરી નાંખે એમ આ સરકારે પ્રજાને ખોખલા કરવાનું કામ કર્યું છે ત્યારે હું મારું અસમર્થન જાહેર કરું છું.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ(દહેગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે પૂરક માગણી નં. ૨ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન અને મારા વિચારો રજૂ કરું છું. માનનીય નાણાં મંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી જે કૃષિ બજેટમાં રૂપિયા ૭૪૨૩ કરોડની જોગવાઇ કરી અને ખેડૂતોને કૃષિ અને સંકલન ક્ષેત્રે અવિરત વિકાસ થકી ગુજરાત રાજયએ સમગ્ર દેશમાં એક આગવી ઓળખ ઉભી કરી છે. આજે રાજયે દેશના વિકસિત અને મજબૂત ઉભરતા રાજય તરીકે સિદ્ધિ હાંસલ કરી છે જે દેશના બીજા રાજયો માટે દીવાદાંડીરૂપ બન્યું છે. રાજયના ખેડૂતોને અદ્યતન ટેકનોલોજી આપવા માટે કૃષિ અને સંકલન ક્ષેત્રમાં રાજય સરકાર તેમજ કેન્દ્ર સરકાર તરફથી ખેડૂતોને અપાતી વિવિધ સહાય, પ્રોત્સાહન તેમજ ખેડૂતોને અથાગ પરિશ્રમ થકી આજે રાજય કૃષિના વિવિધ પાકોમાં ખેડૂતો અગ્રેસર સ્થાન ધરાવે છે. રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત કૃષિ અને સંકલન ક્ષેત્રમાં વિવિધ પ્રોજેકટ પેટે રૂપિયા ૩૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજનામાં નવી જાહેરાત કરવામાં આવી છે. ખેડૂતોના ખેતરમાં નાના ગોડાઉન અને નોન ફાર્મ સ્ટૉરેજ સ્ટ્રકચર બનાવવા માટે રૂપિયા ૩૦હજારની સહાય અને રૂપિયા ૩૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કૃષિ યાંત્રિકરણ અંતર્ગત ૨૯,૦૦૦ ખેડૂતોને ટ્રેક્ટર દીઠ રૂપિયા ૪૫ હજારથી ૬૦ હજારની સહાય તેમજ ખેડૂતોને વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય આપવા માટે રૂ.૨૩૫ કરોડની જોગવાઇ અમારી સરકારે કરેલ છે. હવે ગુજરાતના ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે રૂ.૫૦ કરોડની બજેટમાં જોગવાઇ કરેલ છે. હવે ખેડૂતો માટે કિસાન પરિવહન યોજના માટે રૂ.૩૦ કરોડની જોગવાઇ કરેલ છે. જેમાં હળવા ભારવાહક વાહનની ખરીદી માટે રૂ.૫૦હજારથી ૭૫ હજારની સહાય આપવામાં આવે છે. ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ રૂ.૭૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. કૃષિ યુનિવર્સિટીઓ માટે કૃષિ સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને સઘન બનાવવા માટે કુલ રૂ. ૭૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નીધિ યોજનામાં રૂ.૩૧૮૬ કરોડ ખેડૂતોના ખાતામાં જમા કરેલા છે. માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણી લઇને આવ્યા છે એમાં મારું સમર્થન છે.

શ્રી મહેશકુમાર ક. રાવલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી એવા નાણામંત્રીશ્રી નીતિનીભાઇ પટેલ સાહેબ અને શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા સાહેબ આ બજેટમાં જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેના સમાર્થનમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. સૌ પ્રથમ તો હું આ રાજય સરકારને અભિનંદન આપીશ કે મારા આણંદ જિલ્લામાં એક સાથે બે બે નવી યુનિવર્સિટી આપી. મારો જિલ્લો અને એમાંય વિદ્યાનગર એ પ્રથમથી જ શિક્ષણનું હબ રહ્યું છે. ત્યાં આગળ દેશના અને વિદેશના અનેક વિદ્યાર્થીઓ ભણવા આવે છે. એક સાથે આવી અનેક યુનિવર્સિટીઓ ઉભી કરી શિક્ષણની મહત્તા શું છે અને સરકાર શિક્ષણ માટે કેટલી ચિંતિત છે એનો એ પૂરાવો છે. ખાસ કરીને મારા વિસ્તારની વાત કરું તો મારો અંતરિયાળ તાલુકો અને પછાત વિસ્તારનો તાલુકો છે. આપણે સ્લોગન આપ્યું, ' બેટી પઢાઓ, બેટી બચાવો'. પરંતુ આની સાર્થકતા સાબિત કરવી પડે. મારા અંતરિયાળ તાલુકાના અંતરિયાળ ગામો કે જ્યાં પ્રાથમિક શિક્ષણની સુવિધા ધોરણ ૧ થી ૭ અથવા ધોરણ ૧ થી ૫ હોય એવા ગામડામાં ત્યાંની દીકરીઓ, દીકરાઓ ભણે. પરંતુ પ્રાથમિક શિક્ષણ પૂરું થતાં માધ્યમિક શિક્ષણ લેવા માટે શહેરો તરફ દોટ મૂકવી પડે ત્યારે વાલીઓ પોતાની દીકરીઓને ભણાવવામાંથી ઉઠાવી લેતા હતા. સરકારશ્રીની સાગરખેડૂ યોજનાના માધ્યમથી મારા ખંભાત તાલુકાના અંતરિયાળ ગામ, એવા ગામ કે જ્યાં સામાજિક પ્રસંગોએ જવું હોય તો પણ લોકોનું મન માને નહીં એવા લુણેજ ગામ, વડગામ કે મારા પોતાના વતન મીતલી ગામ હોય ત્યાં સાગરખેડૂ યોજના અંતર્ગત નવી હાઇસ્કૂલો આપી. એ હાઇસ્કૂલોથી આ ગામડામાં દીકરા-દીકરીઓને હાઇસ્કૂલનું શિક્ષણ લેવામાં તકલીફ પડતી હતી એને ઘર આંગણે આ સરકારે શિક્ષણ પૂરું પાડયું છે. આજના આધુનિક યુગમાં દરેક વાલી એવું ઇચ્છે કે મારું બાળક ઇંગ્લિશમાં અભ્યાસ કરે. પરંતુ ઇંગ્લિશના અભ્યાસના કારણે ધીમે ધીમે આપણી માતૃભાષા ભુંસાતી જતી હતી. માતૃભાષા ભુંસાય નહીં, બાળક પોતાની માતૃભાષામાં ભણે અને માતૃભાષામાં પોતાનું શિક્ષણ મેળવે એના માટે ભાષાદિપ કાર્યક્રમ માટે ૧૦૦ દિવસનું આયોજન કર્યું છે. આ રાજ્ય સરકાર શિક્ષણ ક્ષેત્રે દેશમાં બીજો નંબર મેળવતી હોય ત્યારે અભિનંદન આપું છું રાજ્યના મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણમંત્રીશ્રીને કે જેમણે તમામ શાળાઓમાં હાજરી ઓન લાઇન કરી.

ફાલ્ગુન ૧૨, ૧૯૪૧ શાકે

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પુરક માગણી નંબર ૩૯ લઇને આવેલા છે તેને હું આવકારું છું અને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના લોકોનું આરોગ્ય સારું રહે અને લોકો સુખ શાંતિથી પોતાનો ધંધો રોજગાર કરી શકે તેના માટે આરોગ્ય મંત્રીશ્રીએ આ બજેટમાં રૂપિયા ૧૧,૨૪૩ કરોડ ફાળવેલ છે જે અભિનંદનને પાત્ર છે. આરોગ્ય મંત્રીશ્રીએ સશક્ત મહિલા સુપોષિત યોજના અમલમાં મૂકીને સગર્ભા માતા અને ધાત્રી માતાને અને આંગણવાડીમાં નોંધાયેલ કુપોષિત બાળકોને સુપોષિત કરવા માટે અને એના અસરકારક અમલ માટે સગર્ભા માતા અને બાળકોને પૂરતો પોષણયુક્ત આહાર મળી રહે તેના માટે પૂરક પોષણ યોજના પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, બાળસખા યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના એવી અનેક યોજનાઓ મારફતે ગરીબ અને મધ્યમ વર્ગની સગર્ભા બહેનો અને કુપોષિત બાળકોને પોષણક્ષમ આહાર આપીને સુપોષિત કરવા માટે નાણામંત્રીશ્રીએ સ્પેશિયલ બજેટ રૂપિયા ૨ હજાર કરોડ ફાળવેલ છે જે અભિનંદનને પાત્ર છે. જે આંગણવાડીઓમાં કુપોષિત બાળકો નોંધાયેલા છે, તેમાં મારા અમદાવાદમાં ૩ સી.એમ.ડી.સી. સેન્ટર દ્વારા ચાઇલ્ડ ન્યુટ્રીટમેન્ટ સેન્ટર દ્વારા લોકોને ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. સગર્ભામાતા પોતાનું ઇચ્છિત બાળક જન્મે તેના માર્ગદર્શન માટે ગર્ભ સંસ્કાર કેન્દ્રો ચલાવવામાં આવે છે. ગર્ભ સંસ્કાર કેન્દ્રો ચિલ્ડ્રન યુનિવર્સિટી એ ગુજરાતમાં અત્યારે સ્થપાયેલ છે અને વિશ્વમાં કદાચ પહેલી ચિલ્ડ્રન યુનિવર્સિટી એ ગાંધીનગરમાં છે. આ ગર્ભ સંસ્કાર કેન્દ્રો મારફતે માતા પોતે ઇચ્છિત બાળક કેવી રીતે જન્મે એના માટે થઇને એને કેવા વાંચનો કરવા જોઇએ? ગીતા, મહાભારત, રામાયણ એના માટે થઇને પોતે એને કઇ રીતે વ્યવહાર લોકો સાથે કરવો જોઇએ? દા.ત. મહાભારતનો વીર અભિમન્યુ કે જેને સાત કોઠાનું જ્ઞાન એણે માતાના ગર્ભમાંથી મેળવેલ હતું. કારણ કે એની માતા ઇચ્છતિ હતી કે જે આ સાત કોઠા જીતે તો તે જ રીતે આ ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં જ્ઞાન આપવામાં આવે છે અને સાથે સાથે ગામડાઓમાં જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ચાલાવવામાં આવે છે. હમણાં મારા મિત્ર શ્રી વિરજીભાઇ કહેતા હતા કે અમારે ત્યાં ડોક્ટર નથી. પરંતુ જે દામનગરની વાત કરતા હતા એ દામનગર અત્યારે જરખિયા આરોગ્ય કેન્દ્ર નીચે આવે છે. હું હમણાં જ ત્યાં દસેક દિવસ પહેલા ત્યાં જઇને જ આવ્યો છું. ત્યાં ડોકટર છે સાથે સાથે રૂપિયા સાડા ચાર કરોડના ખર્ચે સરકારે ગામડામાં મોટું દવાખાનું પણ બનાવેલ છે. સાથે સાથે ત્યાં કોઇ પણ જાતની દવાઓની પણ ઘટ નથી. હમણાં જ બે–એક મહિના પહેલાં જ અહીંયા કમિશનર જયંતિ રવીને જાણ કરી હતી કે આ મોટી હોસ્પિટલ સરકારે ગામડામાં બનાવી છે ત્યાં કમ્પાઉન્ડમાં વ્યવસ્થા નથી તો ત્યાં બ્લોક લગાવી દીધેલ છે અને જે દવાઓની ઘટ પડતી હતી એ ઘટ પણ આજે પૂરી કરેલ છે. માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું.

સભાપતિશ્રી : માનનીય શ્રી નથાભાઇ પટેલ.

શ્રી નથાભાઇ હે. પટેલ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે કૃષિ, સહકાર અને આરોગ્ય પર મારા પૂરક વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગની અંદર રૂપિયા ૩૧,૯૯૫ કરોડની જોગવાઇ કરેલ છે એ પૈકી ૭૦૦૦ ઓરડા માટે રૂપિયા ૬૫૦ કરોડ ફાળવેલ છે. પરંતુ અમારા જિલ્લામાં ૧૫૦૦ જેટલા ઓરડાની ઘટ છે. આ ૧૫૦૦ જેટલા ઓરડાની ઘટના કારણે બનાસકાંઠાને પછાત ગણીને એમાં પેકેજ તરીકે જો જોગવાઇ કરી હોત તો વધારે સારું હોત એવી સરકારશ્રીને મારી વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૭માં પૂરમાં પણ ઓરડાઓ પડી ગયેલા છે અને એ પૂરના ઓરડાઓ પણ હજુ સુધી બનાવેલ નથી અને પૂરના ઓરડા ના બનવાના કારણે ઘણી સ્કૂલમાં ખૂલ્લામાં બેસવાના પ્રસંગો ઊભા થયેલા છે એ બાબતમાં પણ સરકારે બજેટમાં જોગવાઇ કરીને કામ કરવા જોઇએ એવી મારી પોતાની વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી, શાળાઓ બંધ કરવા માટે આગળ ઘણી ચર્ચાઓ થઇ તો આવો નિર્ણય ના થાય અને અંતરિયાળ એરિયામાં કે ગમે ત્યાં દૂર હોય તો એ સરકારે આ વાતને પણ ઉપાડી લઇને ફેર વિચારણા કરવા માટે મારી સરકારને વિનંતી છે. પ્રાથમિક શાળાના શિક્ષકોમાં આગળ પણ વાત થઇ એમાં ઘટની વાત બોલે છે તો એ ઘટને પૂરી કરીને શિક્ષણ આપણે સુધારવું હશે તો એના માટે એ ઘટ પણ જેટલી બને તેટલી વહેલી પૂરી થાય એવી સરકારે વિચારણા કરવાની જરૂર છે. માનનીય અધ્યક્ષશ્રી, ''**બેટી બચાવો, બેટી પઢાવો**'' એવા સૂત્ર આપનાર સરકારને મારી વિનંતી છે કે ગ્રામ્ય વિસ્તારોમાં મોટા પાયે પ્રાથમિક શિક્ષકોની ઘટ છે અને જ્યારે એ મોટા પાયે પ્રાથમિક શિક્ષકોની ઘટ છે ત્યારે દીકરીઓને ભણાવવા માટે વાલીઓ માધ્યમિક શાળામાં બહાર મૂકવા માટે તૈયાર હોતા નથી. દીકરીઓને બહાર મોકલવા માટે તૈયાર ન હોવાથી ગ્રામ્ય વિસ્તારની દીકરી શિક્ષણથી વંચિત રહે છે. સાહેબ, સાંભળજો. શિક્ષણથી વંચિત ન રહે તે માટે શિક્ષકોની ઘટ પૂરી કરવા માટે મારી વિનંતી છે. ખાનગી માધ્યમિક શાળાઓ જયારે બનાસકાંઠામાં વધુ છે અને માધ્યમિક શાળાઓની મંજૂરી ઓછી છે ત્યારે એવી ખાનગી માધ્યમિક શાળામાં શિક્ષણ જે સારું આપતી હોય એની કવોલીટી જે ટકાવી રાખતા હોય એવી ૬૦ ટકાથી વધારે પરિણામ લાવતી શાળાને બાળક દીઠ સરકારે ૭૫૦૦ રૂપિયા આપવાની જાહેરાતો કરેલ છે પણ એનો કેટલો અમલ થાય છે અને કેટલો લાભ મળે છે એ વિશે પણ વિચારવાની જરૂર છે અને સરકારશ્રીનું જયારે કામ થતું હોય તો એમાં પણ મદદરૂપ થવા માટે પ્રયત્નો કરવા જોઇએ એવી મારી સરકારશ્રીને વિનંતી છે. સમાજ કલ્યાણ મારફત પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ તેમજ ગણવેશની સહાય આપવામાં આવે છે પરંતુ ટેકનીકલ ખામીઓના કારણે ખાતામાં રકમ જમા થઇ શકતી નથી. તેવા વિદ્યાર્થીઓ માટે નિયામકશ્રી વિકસતી જાતિ, સમાજ કલ્યાણ ખાતુ, ગાંધીનગરને રજૂઆત કરવા છતાં મુદ્દો ટેકનિકલ હોવાનું જણાવી એન.આઇ.સી. અને બેંકો દ્વારા મુદ્દાનો ઉકેલ લાવીને સીધી યોજનાનો લાભ આપવા મારી

ભલામણ છે. મારા અંદાજે ૨૦ થી ૨૫ ટકા બાળકો આ લાભથી વંચિત રહે છે તો આવા બાળકો સહાયથી વંચિત ન રહે તે માટે મારી ભલામણ છે. બનાસકાંઠા જિલ્લામાં બીજા જિલ્લાના પ્રમાણમાં સરકારી પ્રાથમિક શાળાઓ અને સરકારી માધ્યમિક શાળાઓ નહીંવત છે તો એના માટે પણ બનાસકાંઠા જિલ્લાને બીજા જિલ્લાની હરોળમાં મૂકવા માટે પેકેજ આપી બીજા જિલ્લાની માધ્યમિક શાળા અને કોલેજની હરોળમાં મૂકવા સરકારશ્રીને મારી વિનંતી છે. કૃષિની પૂરક માગણીઓમાં અત્યારે સરકારે ટેકાના ભાવે અમારા વિસ્તારમાં રાયડાની ખરીદી માટેની જાહેરાત કરેલી છે પરંતુ પોલિસી એવી બનાવેલી છે કે લાભ મેળવવામાં ખેડૂતોને ખૂબ જ મુશ્કેલી પડે છે. ઓન લાઇન નોંધણી કરાવવા માટે તાલુકા મથકની એક જ જગ્યાએ નોંધણી કરવામાં આવે છે. મગફળી વખતે ગ્રામ પંચાયતમાં નોંધણી થતી હતી આવી રીતે ગ્રામ પંચાયતમાં નોંધણી થાય તો ખેડૂતો સરળતાથી કામ કરી શકે અને લાઇનો થાય નહીં અને પોલીસની વ્યવસ્થા કરવી ન પડે અને ખેડૂતો વંચિત ન રહે તે માટે પણ સરકારશ્રીને મારી વિનંતી છે. દરરોજ બનાસકાંઠામાં નહેરમાં ભંગાણ પડવાની પરિસ્થિતિ સર્જાય છે. તો મારી એક સરકારને નવી વાત છે કે નહેરમાં ભંગાણ પડવાને કારણે ખેડૂતોનો પાક નિષ્ફળ જાય છે તો બીજી તો બધી યોજના બનાવી પણ ભંગાણ પડતા ખેડૂતોને પણ વળતર મળે એવી શ્રીમતી ગેનીબેનની અને મારી બંનેની લાગણી છે તો સરકારે આ બાબતે પણ વિચારવું જોઇએ. આ બાબતે નાયબ મુખ્યમંત્રીશ્રીને મારી વિનંતી છે કે મારા મત વિસ્તારમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રનું બિલ્ડીંગ ખૂબ જ જર્જરિત હાલતમાં છે. નવાબના વખતનું છે. નવું બનાવ્યું જ નથી. બીજા જિલ્લા અને તાલુકા મથકે બની ગયા છે. પૂર વખતે ૧૦થી ૧૫ ફુટની ઉંચાઇએ ત્યાં પાણી ભરાય છે. આજ દિવસ સુધી ત્યાં તાલુકા મથકે ત્યાં નવું બિલ્ડીંગ બનાવવા માટે કોઇ નિર્ણય મારી જાણ મુજબ લેવામાં આવેલ નથી તો સરકારશ્રીએ બજેટમાં જોગવાઇ કરી અને નવું બિલ્ડીંગ બનાવવામાં આવે તેવી મારી વિનંતી છે. સામૂહિક આરોગ્ય કેન્દ્રો જે જે જગ્યાએ છે એ કેન્દ્રો ઉપર ગાયનેક ડોકટરોને મૂકવામાં આવે તો જે ગરીબ બહેનો છે અને એને પ્રસૂતિ વખતે ખાનગી દવાખાનામાં જવું પડે છે એ ન જવું પડે સરકાર બીજા ખાનગી દવાખાનામાં પણ પૈસા તો ચૂકવે જ છે તો એ બાબતમાં પણ વિચારણા કરવાની જરૂર છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે પૂરક માગણી નં. ૯ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. સર્વ પ્રથમ તો હું આદરણીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે આ વર્ષે રૂ. ૨, ૧૭,૨૮૭ કરોડનું બજેટ લઇને આવ્યા છે અને એમાં પણ કચ્છ માટે વિશેષ ફાળવણી કરી છે તે બદલ એમનો ખૂબ ખૂબ આભાર પણ વ્યકત કરું છું. શિક્ષણ માટે પણ આ બજેટમાં રૂ.૩૧,૯૫૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તમ સમાજના મૂળમાં ઉત્તમ શિક્ષણ છે. ઉત્તમ શિક્ષણના મૂળમાં ઉત્તમ શિક્ષણનું કાર્ય છે. આજે ગુજરાતમાં આ ઉત્તમ શિક્ષણના કાર્યના મૂળમાં ભાજપની સરકાર છે. ગૌરવવંતા ગુજરાતમાં જ્યારથી ભાજપની સરકાર લોકોની સેવા કરી રહી છે, ત્યારથી દર વખતે સમયાંતરે જ્યારે આ અનેક શિક્ષણ માટેના ઐતિહાસિક નિર્ણયો લેવામાં આવે છે અને તેના કારણે આ વર્ષે સમગ્ર દેશમાં શિક્ષણ ક્ષેત્રે ગુજરાતનો પ્રથમ નંબર આવેલ છે, તે બદલ આદરણીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આજનો વિદ્યાર્થી એ આવતીકાલનું આપણા દેશનું ભવિષ્ય છે અને આ વિદ્યાર્થીઓને તમામ પ્રકારની વ્યવસ્થા પૂરી પાડવી એ આ ભાજપની સરકાર આદરણીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીની નેમ છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે આજે અનેક અલગ અલગ પ્રકારની યોજનાઓ થકી તમામ સમાજ માટે તમામ વર્ગો માટે આ ગુજરાતના લોકો શિક્ષણ મેળવી શકે તે પ્રકારની યોજના અમલમાં મૂકી છે. આજે હું ગૌરવની લાગણી અનુભવું છું કે હું ભારતીય જનતા પાર્ટીની સંવેદનશીલ સરકારની સભ્ય છું. આ એ સંવેદનશીલ સરકાર છે, જે શાળાના બાળકોને પ્રવેશોત્સવના કાર્યક્રમ અંતર્ગત નાના નાના ભૂલકાઓનો હાથ પકડી શાળામાં પ્રવેશોત્સવ અપાવી પ્રોત્સાહન પૂરું પાડે છે. આ એ સંવેદનશીલ સરકાર છે જે રાજ્યના વિદ્યાર્થીઓને શાળામાં જઇને આનંદ સાથે ભણતરથી જીવનનું ઘડતર કરી શકે તે માટે તમામ પ્રકારની સુવિધા જેમાં શાળાના સુંદર મકાન હોય, પીવાના પાણીની પુરતી સુવિધા હોય, વીજળીકરણની સુવિધા હોય, બાળકો માટે મધ્યાહન ભોજનની સુવિધા પૂરી પાડે છે. આ એ સંવેદનશીલ સરકાર છે જે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ગ્રામ્ય વિસ્તારોમાં વિદ્યાર્થીઓને તાલુકા કક્ષાએ જવા માટે પરિવહનની વ્યવસ્થા માટે પણ કન્સેશન આપે છે. આ એ સંવેદનશીલ સરકાર છે, જે આર્થિક રીતે નબળા પરિવારના બાળકોને પણ ડોક્ટર બનાવવા હોય, પાયલોટ બનાવવા હોય, અનેક તેજસ્વી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે અને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હોય, માનનીય મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ હોય, એજ્યુકેશન લોન ઉપર વ્યાજની સબસિડી યોજના હોય એવી અનેક યોજના થકી ગરીબ બાળકોનું સ્વપ્નું પૂરું કરે છે. આ એ સંવેદનશીલ સરકાર છે આજના વધતા જતા ટેકનોલોજીના યુગમાં વિદ્યાર્થીઓ માટે પોતાના શિક્ષણ કાર્ય માટે ટેકનોલોજીનો ઉપયોગ કરીને એને માત્ર રૂપિયા ૧,૦૦૦ ટોકન ભાવે નમો ઇ–ટેબ્લેટની યોજના મુજબ કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે છે. દુઃખ એ બાબતનું છે કે વિરોધપક્ષ દ્વારા પુરતી જાણકારી વિના કોઇ અલીબાબા ઓનલાઇન સ્કીમની બાબત આ ગૃહમાં રજૂ કરવામાં આવે. ગર્વ સાથે કહેવા માગું છું કે આ સરકાર સંવેદનશીલ અને પારદર્શી છે. તેથી પૂરક માગણી લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

ફાલ્ગુન ૧૨, ૧૯૪૧ શાકે

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી શશીકાન્ત મ. પંડ્યા(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કૃષિ વિભાગની માગણી લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. ગુજરાત રાજ્યની સ્થાપના થયા પછી કોઇ સરકારે ખેડૂતોની ચિંતા કરી ન હતી. ચાહે વરસાદ ઓછો હોય કે વરસાદ વધારે હોય. તીડનું આક્રમણ હોય કે કોઇપણ પ્રકારનો કુદરતી પ્રકોપ હોય. ખેડૂત બેહાલ ન થાય તે માટેની ચિંતા અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે, એટલું જ નહિ પરંતુ ખેડૂતોને જ્યારે વાવણીની સિઝન હોય, એના માટે ખેતરમાં ખેડ માટે, ખાતર માટે, બિયારણ માટે આ ભારત દેશના લોક લાડીલા આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, લોકલાડીલા સંવેદનશીલ રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે સતત ચિંતા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના હાથમાં સીધે સીધી આર્થિક વ્યવસ્થા ઉભી થાય અને ખેડૂતોને કયાંય હાથ લાંબો ન કરવો પડે તેની ચિંતા આ સરકારે કરી છે. પરિણામે ખેડૂતોને પ્રાથમિક જરૂરિયાતો માટે માથું નીચું કરીને ઉભા રહેવું ન પડે તેની પણ ચિંતા આ સરકારે કરી છે. આ બજેટમાં રૂપિયા ૭ ૪૨૩ કરોડની જોગવાઇ કૃષિ પેદાશ અને સહકાર વિભાગ માટે કરી છે. તેમજ લોન માટે ૦ ટકાના દરે રૂપિયા ૧૦૦૦ કરોડની જોગવાઇ આ સરકારે કરી છે. જે તે ખેડૂતના વીમાના પ્રીમિયમ માટે રૂપિયા ૧૧૦૦ કરોડની જોગવાઇ કરી છે. ખેડૂત તેના પાકોનો સંગ્રહ કરી શકે અને તેનો પાક ન બગડે તેના માટે ગોડાઉનો બનાવવા માટે રૂપિયા ૩૦૦ કરોડની જોગવાઇ આ સરકારે કરી છે. ખેડૂતને ટ્રેકટર લાવવા માટે રૂપિયા ૨૩૫ કરોડની જોગવાઇ આ સરકારે કરી છે. ખેડૂતને પ્રાકૃતિક ખેતી માટે, ગાયને આપણે માતા કહીએ છીએ અને ખેડૂત ગાયને ઘરે પાળે તો ૯૦૦ રૂપિયા પ્રમાણે ૫૦ હજાર ખેડૂતો માટે જોગવાઇ કરી છે. આ તો સીધે સીધા વિભાગની વાત કરું છું. જળસંપત્તિ વિભાગની વિવિધ માગણીઓ રૂપિયા ૭૨૦૦ કરોડની છે. તે પણ ખેડૂતને ફાયદો કરાવે છે. સૌની યોજના માટે રૂપિયા ૧૭૧૦ કરોડની જોગવાઇ કરી છે. ભૂગર્ભ જળ ઉંચા લાવવા માટે, અમારા ઉત્તર ગુજરાતમાં પાણીની ખૂબ તકલીફ છે અને ખૂબ ખેંચ છે તો તેના માટે જળના તળ ઉંચા લાવવા માટે અટલ ભૂતલ યોજના માટે રૂપિયા ૭૫૭ કરોડની જોગવાઇ આ સરકારે કરી છે. અમારા બનાસકાંઠા જિલ્લામાં થરાદથી સીપુ સુધી સીધી પાણીની પાઇપ લાઇન આવે, ખેડૂતોને તકલીફ ન પડે એના માટે અંદાજે છ હજાર હેકટર એટલે કે ૧૫ હજાર એકરમાં સિંચાઇ કરવા માટે રૂપિયા ૨૨૫ કરોડની જોગવાઇ કરી છે. આદિજાતિ વિસ્તારના ખેડૂતો માટે રૂપિયા ૧૧૪૨ કરોડની જોગવાઇ આ સરકારે કરી છે. એક વાત કહેવી છે, અમારા શ્રી નથાભાઇ પટેલ કહેતા હતા કે ઓરડા નથી. અરે ભાઇ, તમારા શાસનમાં તો, કોંગ્રેસના શાસનમાં તો ઝાડના છાંયડે બેસીને ભણતા હતા તે ભૂલી ગયા છો! ખેડૂતની ચિંતા કરો છો તો તમે ગોળીઓથી ધરબી દીધા હતા એટલે ખેડૂતોએ તમને ૨૫-૨૫ વર્ષથી ઘરે બેસાડી દીધા છે.

શ્રી જીગ્નેશકુમાર અં. સેવક(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ આ સન્માનનીય ગૃહ સમક્ષ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની પૂરક માગણી નં.૩૯ અને ૪૦ લઇને ઉપસ્થિત થયા છે તેમાં હું મારા સમર્થન સાથે વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની વાત કરીએ તો અમારા જિલ્લામાં એકપણ જનરલ સિવિલ હોસ્પિટલ નથી ત્યારે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે એક સિવિલ હોસ્પિટલ આપવાનું કામ કર્યું છે. એટલું જ નહીં પણ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ભૂતકાળની સરકારમાં બે થી ત્રણ હતા. ત્યારે આજની ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આઠ જેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો છે. કોસંબામાં અત્યારે નવીન કેન્દ્ર બની રહ્યું છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ભૂતકાળમાં વીસની આજુબાજુ હતા તે વધીને આજે ૩૫ જેટલા બની ગયા છે. અત્યારે નવ જેટલા કેન્દ્રોનું બાંધકામ ચાલી રહ્યું છે. એટલું જ નહીં સબ-સેન્ટરો અત્યારે હાલમાં આ સરકારમાં બની રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ૧૦૯ જેટલા નવીન હેલ્થ સેન્ટરો અમારા મહિસાગર જિલ્લામાં ઉભા થઇ રહ્યા છે. કોંગ્રેસની સરકારમાં એક પણ હેલ્થ સેન્ટર હતું જ નહીં. ત્યારે આ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપીને મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને શુભેચ્છા પાઠવું છું. પહેલાં ખિલખિલાટ ગાડી અને ૧૦૮ ગાડી અમારા જિલ્લામાં હતી જ નહીં. અત્યારે ૧૨ જેટલી ૧૦૮ ગાડીઓ અને પાંચ ખિલખિલાટ ગાડીઓ છે. આ કોંગ્રેસની સરકારમાં અમારા મહિસાગરના ગરીબ વિસ્તારમાં લોકો બિમાર થઇ જાય, નાની મોટી બિમારીઓ આવે ત્યારે દાગીના અને જમીનો ગીરવે મૂકવી પડતી હતી. મકાનો ગીરવે મૂકવા પડતા હતા. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આખા રાજ્ય અને દેશમાં આવી છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇએ એવા નિર્ણયો લીધા છે કે, મા-અમૃતમ કાર્ડ હોય કે મા-વાત્સલ્ય કાર્ડ ખિસ્સામાં હોય તે લઇને હોસ્પિટલ જાય તો તેની ચિંતા દૂર થાય છે. એટલું જ નહીં પરંતુ અમારા સબ સેન્ટરો જે હતા એમાં મેડીકલ ઓફીસરો ભૂતકાળમાં ૨૦ જેટલા હતા આજની તારીખે મહીસાગર જિલ્લામાં ૪૨ જેટલા છે. આયુષ મેડીકલ ઓફીસરો ભૂતકાળમાં ૫ હતા અત્યારે ૧૯ જેટલા છે, એવી જ રીતે ફિલ્ડ વર્કર પણ ૧૫૦ હતા એની જગ્યાએ ૨૫૯ જેટલા છે. ભૂતકાળની સરકાર કરતા ભારતીય જનતા પાર્ટીની સરકારે ખૂબ જ સારા કામો કર્યા છે અને એના માટે આ જે માગણી નં. ૩૯ અને ૪૦ની પૂરક માગણીઓ લઇને આવ્યા છે માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી એને સમર્થન આપું છું અને અભિનંદન આપું છું.

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં માગણી નં. ૨૭ ઉપર મારા વિચારો રજૂ કરવા અને તેને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પર્યાવરણ સુધારણા માટે જપ્ત કરાયેલી બેન્ક ગેરંટીની રકમનો ઉપયોગ કરવાની યોજના અને પર્યાવરણ સુધારણા માટે ઔદ્યોગિક ગંદા પાણીની શુદ્ધિકરણ માટે અને પ્રદૂષણ અને

નિયંત્રણ ઉપકરણ સ્થાપવા માટે તેમજ તેની કાર્યક્ષમતા ધરાવતા નવિન તકોની જે સામૂહિક પર્યાવરણ અને શુદ્ધિકરણ યોજનાના નવા સંશોધન માટેની કામગીરીમાં નોંધપાત્ર સુધારો કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ અમારી સરકાર જયારે આખા ગુજરાતની ખૂબ ચિંતા કરીને પર્યાવરણના શુદ્ધિકરણ કરવા માટે જયારે અમારા દાહોદ જિલ્લાના લીમખેડામાં જંગલ વિસ્તાર છે અને રતનમહાલ જેવા જંગલ વિસ્તારોમાં જંગલી પ્રાણીઓ અને અન્ય જનાવરો ત્યાં રહે છે ત્યારે જંગલને ફરતી વાડ કરેલી છે એમાં અમુક જગ્યાએ બાકી છે તેમાં અમુક મારા સૂચનો છે અને માગણીમાં તે લેવાય એવી વિનંતી છે. તેમજ તે વિસ્તારમાં પર્યાવરણ જળવાઇ રહે તે અંગેના પગલાં લેવામાં આવે એવું સૂચન છે. જયારે માણસ ગાડી બનાવે, ટ્રેક્ટર બનાવે કે અન્ય સાધન બનાવે એ બધું મનુષ્ય બનાવે છે ત્યારે મનુષ્યને કોણ બનાવે છે? મનુષ્યને ભગવાન બનાવે છે ત્યારે જે સાચું બોલવું એ પૂણ્યની વાત છે અને જૂઠું બોલવું તે પાપની વાત છે. ઘણાં લોકો જૂઠું બોલતા વિચારતા નથી, ઘણી વખતે શિક્ષકો ભણાવતા હોય ત્યારે અને તેમાં પરીક્ષા આવતી હોય ત્યારે શિક્ષક પરીક્ષાર્થીને એ–ગ્રેડ, બી–ગ્રેડ એમ ગ્રેડ આપતા હોય છે તે જ પ્રમાણે જો કોઇ સત્ય બોલતા હોય એને ભગવાન એ–ગ્રેડ આપે છે અને જૂઠું બોલતા હોય ત્યારે એને સી–ગ્રેડ કે ઓછા માર્ક મળતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગમાં અને પર્યાવરણમાં તથા બાળકો માટે પણ સરકાર ખૂબ ચિંતા કરે છે. બાળકો માટે રમત ગમત વિભાગ દ્વારા તેમજ પોષણ માટે અને પર્યાવરણ માટે પણ વિશેષ કાળજી લેવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, જયારે આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ જ્યારે ખૂબ ચિંતા કરી રહ્યા છે ત્યારે જે વિસ્તારમાં કામગીરીમાં ઘણા લોકો એમ કહે છે કે આ નથી થતું કે તે નથી થતું પણ સૌનો સાથ સૌનો વિકાસ કરવો હોય તો બધાએ સહભાગી બનવું પડે અને જે પર્યાવરણનો વિષય હોય કે બીજી કોઇ બાબત હોય એમાં આપણા વિસ્તારમાં મદદરૂપ થવું જોઇએ. વન અને પર્યાવરણ વિભાગ દ્વારા જ્યારે સરકાર અમારા દાહોદ જિલ્લામાં વન વિસ્તારની સુધારણા માટે ખૂબ ચિંતા કરી છે ત્યારે આપ સૌને વિનંતી કરું છું કે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જે આ પૂરક માગણીઓ લઇને આવ્યા છે ત્યારે એમાં સૌ સમર્થન આપે અને હું પણ મારા વિચારો રજૂ કરી મારું સમર્થ આપું છું.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર**(**મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી**,** આજે રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને નાણા મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એ માગણીઓ ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

આરોગ્ય વિશે વાત કરું તો તેમાં જે માગણીઓ લઇને આવ્યા છે, માં અને માં અમૃતમ યોજનાની એમાં અત્યારે જે ખાનગી હોસ્પિટલો છે, સરકારે જે હોસ્પિટલો નક્કી કરેલી છે એમાં જે પણ દર્દી કે જે પણ લાભાર્થી જાય છે એની સાથે જે વર્તણુંકો થાય છે, જે દર્દીને જે કંપનીના પાર્ટ્સ નાંખવાના હોય છે શરીરના એની જે કીટ સરકારે મંજૂર કરેલી છે, એમાં જે રૂલ્સ હોય છે એ મુજબ એ કીટની કિંમત રૂપિયા એક લાખ અથવા તો નેવું હજાર રૂપિયા હોય છે પણ એનાથી વધારે ખાનગી સારી કંપનીનો પાર્ટ નંખાવવો હોય તો એક લાખ પચ્ચીસ હજાર કે દોઢ લાખ રૂપિયા જેટલી કિંમત થાય છે તો એ સરભર કરતા નથી અને બાજુના રૂમમાં બોલાવીને મિટિંગ કરે છે કે ભાઇ, તમારું ઓપરેશન કરી આપું, નવો પાર્ટ્સ નાંખી આપું પણ બહાર કોઇને જઇને કહેવાનું નહિ કે આ જે યોજના છે એમાંથી આ ઓપરેશન કરાવ્યું છે, એટલે દર્દીઓ અને લાભાર્થીઓ સાથે જ્યારે આવી કોઇપણ હોસ્પિટલ કે સંસ્થાઓ ચેડાં કરતી હોય છે ત્યારે સરકારે એનું ધ્યાન દોરવું જોઇએ અને સરકારે એની ઉપર પગલાં લેવા જોઇએ. સરકાર આરોગ્ય પાછળ આટલો બધો ખર્ચો કરે છે આટલું બજેટ ફાળવે છે અને સરકારની જ્યારે વાહવાહી કરતા હોય ત્યારે સરકારની એક જવાબદારી બને છે અને જે તે ખાતાના મંત્રી છે એમની પણ એક જવાબદારી બને છે કે રાજ્યના જે પણ નાગરિકો છે, જે પ્રજા છે એની સાથે આવો અન્યાય ના થવો જોઇએ, એને ન્યાય મળવો જોઇએ. સરકાર આવી સારી યોજનાઓ લાવે છે તો એ યોજનાઓને સફળતાપૂર્વક આપણે આગળ વધારીએ એવી મારી એક આશા છે.

મારા વિસ્તારમાં જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છે અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે એ જર્જરિત છે તો એના બદલે નવા મકાનો બનાવવા અથવા એનું નવીનીકરણ કરવું, જે પી.એમ. રૂમ છે એને પણ નવીન બનાવવા અને જે સરકારી હોસ્પિટલો છે એની વાત કરું તો માર સિવિલ હોસ્પિટલ નડિયાદમાં છેલ્લા દસ વરસથી ફીઝીશીયન ડોક્ટર નથી તો ત્યાં પણ એક ફીઝીશીયન ડોક્ટર આપવો. ત્યાં ઘણો બધો સ્ટાફ નથી તો એ સ્ટાફની પણ પૂર્તતા કરવી અને આરોગ્યને સારું એવું પ્રાધાન્ય આપવું એવી મારી નાયબ મુખ્યમંત્રી પાસે માગણી છે.

બીજી, શિક્ષણની વાત કરીએ તો જે શાળાઓમાં વિદ્યાર્થીઓ બહાર બેસે છે. ઘણી પંચોતેર કે એંશી વરસ જૂની શાળાઓ છે એને નવા ઓરડાઓ આપવા અને નવા મકાનો બાંધવા એવી પણ મારી માગણી છે. તો આવનારું જે ભવિષ્ય છે તે બાળક છે. એ ભારત દેશનું ભવિષ્ય છે તો એ ભવિષ્ય સાથે ચેડાં ના થાય અને જૂના મકાનો હોવાથી અંદર વરસાદ પડતો હોય છે. વધુમાં જૂના પતરાંઓ લાગેલા છે તેના પર વાંદરાઓ કૂદાકૂદ કરતા હોવાથી એ પતરાંઓ પણ અમુક જગ્યાએ તૂટી જાય છે અને ક્યારેક વિદ્યાર્થીઓ પર પડી શકે છે એટલે જે તે શિક્ષકો વિદ્યાર્થીઓને બહાર બેસાડે છે અને શિક્ષકોને બીજા કોઇ કામમાં ન જોડતા એમને શિક્ષણની પ્રવૃત્તિમાં જ જોડી રાખે, એમને બીજું કોઇ કામ ન આપવું જોઇએ, તો તેઓ સારું શિક્ષણ આપી શકશે. ગુજરાતમાં શિક્ષણ જ્યારે કથળી રહ્યું છે ત્યારે એ શરમજનક વાત છે અને તે સારી વાત નથી. પ્રાઇવેટ શાળાઓમાં જે બાળકો જાય છે એમને સરકારી શાળાઓમાં લઇ જવા માટે સરકારે પૂરો પ્રયત્ન કરવો જોઇએ એવી મારી સરકાર પાસે માગણી છે.

જ્યારે પર્યાવરણની વાત કરીએ છીએ ત્યારે વૃક્ષોના ભોગે વિકાસ ન થવો જોઇએ. વૃક્ષોનું નિકંદન કરીને ગ્રીન સીટી બનાવવા જઇ રહ્યા છો ત્યારે ગ્રીન સીટી જોઇએ તો વેરાન જેવું બની રહ્યું છે. બીજું, પર્યાવરણની વાત કરું તો મારે ત્યાં ખેડા જિલ્લામાં શેઢી નદી છે ત્યાં રાત્રે કેમીકલયુક્ત પ્રવાહી એમાં ઠાલવવામાં આવે છે અને આજુબાજુના ખેડૂતો એ નદીમાંથી પાણી લે છે તો ખેડૂતોને પાકમાં નુકસાન થાય છે. કૃષિની વાત કરીએ તો જે વીમાનું કૃષિ પેકેજ જાહેર કરવામાં આવેલું છે. તો એમાં ઘણા બધા ખેડૂતોના ખાતાઓમાં પૈસા આવ્યા નથી. ખેડૂતોનો જે વીમો લીધેલો એ વીમાના પણ પૈસા પૂરતા પ્રમાણમાં નથી. વધારે નહિ કહેતા મને બોલવાનો મોકો આપ્યો એ માટે ખૂબ ખૂબ આભાર. ધન્યવાદ.

શ્રી પરસોત્તમ ઉ. સાબરિયા(ધ્રાંગધ્રા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રી ઊર્જા અને પેટ્રોકેમિકલ વિશેના જે માગણીઓ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ ઊર્જા માટેની વાત કરું તો સાગરકાંઠા વિસ્તારના વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પૂરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અમલમાં છે. આ યોજના હેઠળ જર્જરિત વીજ વાયર અને થાંભલા બદલવામાં આવે છે તેમજ નવા સબ સ્ટેશનો અને નવા ખેતીવાડી વીજ જોડાણ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૮–૧૯ દરમિયાન, દરિયાકાંઠાના વિસ્તારોમાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ પ્રવહન તેમજ વીજ વિતરણ ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કના શુદ્ધીકરણ માટે ૫૮૩૮ કિ.મી.કન્ડકટર અને ૮૫૩૫ પોલ એવી ૨૪ કિ.મી.ની સર્વિસ લાઇન તથા ૨૦૪ કિ.મી.એબીસી કેબલ વગેરે રૂપિયા ૬૫.૧૪ કરોડના ખર્ચે બદલવામાં આવેલ છે અને તે ૧૧૭૯૫ કૂવાનું વીજળીકરણ તથા ૧૪ નવા સબ સ્ટેશનો ઉભાં કરવાની કામગીરી રૂપિયા ૩૬૦.૦૧ કરોડના ખર્ચે કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૯–૨૦માં ડિસેમ્બર–૨૦૧૯ના અંતે વીજ પ્રવહન તેમજ વીજ વિતરણ ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કના શુદ્ધીકરણ માટે ૩૩૦૫ કિ.મી. કન્ડકટર, ૫૫૬૭ પોલ અને ૩૫૮ કિ.મી.સર્વિસ લાઇન, ૧૩૨ કિ.મી. એબીસી કેબલ વગેરે રૂપિયા ૪૧.૫૭ કરોડના ખર્ચે બદલવામાં આવેલ છે અને ૧૨૨૯૧ કૂવાનું વીજળીકરણ પીજીવીસીએલ કંપનીના વિસ્તારમાં અને નવા સબ સ્ટેશનો ઉભા કરવાની કામગીરી રૂપિયા ૩૫૬.૦૫ કરોડના ખર્ચે કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, દરિયાકાંઠા વિસ્તારને વિશેષ ધ્યાન આપી સાગરખેડુ યોજના હેઠળ GETCO દ્વારા ૧૧મી પંચવર્ષીય યોજના વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૨ દરમિયાન ૬૩ નવા સબ સ્ટેશનો અને ૧૨મી પંચવર્ષીય યોજના દરમિયાન ૭૮ નવા સબ સ્ટેશનો સ્થાપિત કરેલ છે. તેમજ વર્ષ ૨૦૧૭–૧૮માં ૨૦ નવા સબ સ્ટેશનો સ્થાપિત કરેલ છે અને વર્ષ ૨૦૧૮–૧૯માં ૧૪ નવા સબ સ્ટેશનો સ્થાપી અને સરકારે આ તકનું કાર્ય કર્યું છે, અસ્તુ.

શ્રીવી.ડી.ઝાલાવાડિયા(કામરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના બજેટ સત્રમાં પૂરક માગણીઓ અને મતદાન પરની ચર્ચામાં ભાગ લેવાનો મને અવસર મળ્યો તેનાથી હું હર્ષિત છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી તેમજ આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલની અધ્યક્ષતામાં ચાલતી આ સંવેદનશીલ સરકારને, પ્રજાલક્ષી સરકારે પ્રથમ હું કોટી કોટી ધન્યવાદ આપીશ કે જેમણે માનનીય આરોગ્ય મંત્રીશ્રી રાજયકક્ષા કુમારભાઇ કાનાણી અને આરોગ્ય વિભાગના અધિકારીઓની ટીમ સૌએ સાથે મળી આ બજેટમાં જન જનની સેવા, દરિદ્રનારાયણની સેવાના સંકલ્પને સિદ્ધ કર્યો છે. માનનીય નાણામંત્રીશ્રીએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે રૂપિયા ૧૧૦૦ કરોડ જેટલી રકમની જોગવાઇ કરી અને પ્રજાના આરોગ્ય પ્રત્યે કેટલી સમર્પિત છે તેનુ દ્રષ્ટાંત પૂરું પાડયુ છે. મને દુઃખ થાય છે કે વિપક્ષના લોકો સમાજ સેવાની વાતો કરે છે. જયારે આરોગ્ય વિભાગની પૂરક માગણીઓ હોય, રાજયની ગરીબ જનતા માટે સેવાઓ થઇ રહી છે ત્યારે આ કાપ દરખાસ્ત લાવીને પોતાનું• (xxx) કદાચ શ્રી નીતિનભાઇ બે હજાર કરોડ રૂપિયાની માગણી લઇને આવ્યા હોત.

સભાપતિશ્રી ડો.નીમાબેન આચાર્ય : * (xxx) તે શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરૂં છું.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, કદાચ બે હજાર કરોડ રૂપિયાનું બજેટ લઇને આવ્યા હોય તો આ ગુજરાતની જનતા માટે લાવ્યા છે તેમાં તેમને ખરેખર બિરદાવવા જોઇએ. પણ આવા કામોમાં તો સહકાર આપવો જોઇએ. શું ગરીબ દર્દીની સેવા કરવી અને વધારે ખર્ચ થાય તે ન કરવો? તો એ આ પાર્ટી કોંગ્રેસને શરમ આવવી જોઇએ કે ખરેખર (અંતરાય) આ મારું પોતાનું લખીને લાવ્યો છું.

સભાપતિશ્રીઃ આપ આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારી સામે બેઠેલાં મિત્રોને જણાવવાનું કે આપની સરકાર હતી ત્યારે ગરીબ લોકો હૃદય, કિડની, લીવર જેવી ગંભીર બિમારીઓમાં તમારા વખતે મૃત્યુ સામે હથિયાર હેઠાં મૂકવી દેવા પડતાં હતાં અને ખર્ચ કરી શકતા ન હતા. આજે એમને આવી બધી બિમારીઓની સારવાર માટે ગરીબી નડતી નથી કારણ કે એમની સાથે ભારતીય જનતા પાર્ટીની આ સરકાર છે. આ સરકાર લોકોના આરોગ્યની કાળજી બાબતે એટલી જાગૃત છે તેના માટે માઇક્રો

• માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

લેવલ પ્લાનીંગ કરી અને પ્રત્યેક દશ હજારની વસ્તીએ અર્બન હેલ્થ સેન્ટરની જોગવાઇ કરેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું એ લોકોને કહેવા માગું છું કે તમારી સરકારના વખતમાં આ બધી યોજનાઓ તો હતી જ પણ એની અમલવારી કરતાં તમને આવડતી નહોતી, એ માત્રને માત્ર કોઇએ કરી હોય તે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થઇ છે. તેમજ રાજયમાં પૂરતા પ્રમાણમાં નિષ્ણાત ડોકટરો મળી રહે તે હેતુથી લાંબા ગાળાનું આયોજન કરી રાજયમાં કુલ ૩૨ જેટલી કોલેજોનું આયોજન કર્યું છે. ગરીબોની બિમારીઓના નાના–મોટા નિદાન માટે પીએચસી ખાતે લોકોની નિઃશુલ્ક તપાસ ઉપલબ્ધ કરાવી છે. કોંગ્રેસના શાસનમાં આ કક્ષાની આરોગ્ય સુવિધાઓની કલ્પના પણ નહોતી થઇ શકતી. ૧૦૮ જેવી એમ્બ્યુલન્સ સેવા દિવસે–દિવસે સુદ્રઢ રીતે મજબૂત રીતે સેવા આપી રહી છે. પ્રાથમિક સંજોગોમાં મિનિટોમાં સ્થળ પર પહોંચી પ્રાથમિક સારવાર આપી હોસ્પિટલ સુધી પહોંચાડે અને જીવ બચાવે છે. આ સંવેદનશીલ સરકારે નવી ૧૫૦ એમ્બ્યુલન્સ ખરીદવા રૂ.૨૭ કરોડની જોગવાઇ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું એમને એ પણ કહેવા માગું છું કે, જયારે હું વાંસદામાં કામ કરતો હતો ત્યારે બાજુમાં મહારાષ્ટ્રની બોર્ડર અને ત્યાંના લોકો ૧૦૮ની સેવા લેવા માટે ગુજરાતમાં આવી અને ટેલિફોન કરી અને ૧૦૮ની સેવા લેતા હતા.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા (કાલાવડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણીઓ લઇને આવ્યા છે ત્યારે એમાં હું મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બાજુથી ઘણી વખત ખેડૂતલક્ષી વાતો થાય છે અને પોતે ખેડૂતોના હિતેચ્છુ અને હિમાયતી હોવાની સતત વાતો કરતા હોય છે. પરંતુ ગામડાનો ખેડૂત તમે જેટલો ધારો છો એટલો ભોળો નથી. વાસ્તવિકતાની એને ખબર છે એટલા માટે હું એક ટૂચકો કહીશ.

અમારા એક રાજકોટના ખેડૂત બાપા સુરેન્દ્રનગર જતા હતા, તેઓ થોડા મોડા પડયા અને ટ્રેન સ્ટેશન ઉપરથી ઉપડી ગઇ, આ બાપા ટ્રેનમાં બેસવા માટે દોડયા, આ ટ્રેનના એક ડબ્બામાં અમુક પોલીસવાળા ભરાઇને બેઠા હતા, એટલે એમને રમૂજ કરવાની ઇચ્છા થઇ કે આ ગામડાનો ખેડૂત બાપો છે દોડીને આવે છે અને સુરેન્દ્રનગર સુધીની સફર છે ચાલો, હાથ પકડીને ઉંચકી લ્યો આપણો ટાઇમ જતો રહેશે અને એમની મશ્કરી કરીશું. એટલે બાપનો હાથ પકડીને બાપાને ડબ્બામાં બેસાડી દીધા અને પછી સીધું જ બાપાને પૂછયું કે, બાપા કયાં જાવું છે? તો બાપા કહે સુરેન્દ્રનગર જાવું છે. કેમ શું કામ જાવું છે? તો કહે કે દીકરીના ઘરે દીકરાનો સાતમા મહિને જન્મ થયો છે એટલે કાટલું લઇને જાવું છે. એટલે પેલા લોકોએ હાસ્ય કર્યું કે બાપા સાતમા મહિને દીકરો થાય તો એ તમને શું કરી દેશે? એટલે અમારા ગામડાના બાપાએ સરસ જવાબ આપ્યો. જો સારો દીકરો થાશે તો ખેતી કરાવીશું નહીંતર તમારા પોલીસમાં ભરતી કરી દેશું. એટલે આ વાત તમારી ધ્યાનમાં રહે કે આ ગામડાનો ખેડૂત આ બાપા તમારું બધું જાણે છે.

મારે મારા વિસ્તારની વાત કરવી છે કે જામનગર અને સૌરાષ્ટ્રમાં ખૂબ મોડો વરસાદ થયો અને તેના કારણે ખેડૂતોએ બે–બે વખત બિયારણ વાવ્યું અને મોડા વરસાદના કારણે એ બિયારણ પણ ફેઇલ ગયું. ત્યારે આ ગામડાના ખેડૂતોએ પોતાનું પેટિયું રળવા, પોતાનું ગુજરાન ચલાવવા માટે એમણે પોતાની વિમાની રકમ માગી, પણ * (xxx)એમાં ધ્યાન ન આપ્યું.

સભાપતિશ્રી : * (xxx) શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું વચ્ચે શિક્ષણની વાત લઇ લઉં કે આપણે હમણાં જ આત્મીય કોલેજને યુનિવર્સિટીનો દરજ્જો આપ્યો. એ આત્મીય યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ બી.એસ.સી. કરીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એડમિશન લેવા જાય છે ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ એમ કહે છે કે તમે આત્મીય યુનિવર્સિટીના સ્ટુડન્ટ છો, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નથી. ત્યારે એના સર્ટિફિકેટમાં સ્પષ્ટ લખ્યું છે એફિલીએટેડ ટુ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી. એનો સીધો મતલબ એ થાય કે આ વિદ્યાર્થી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના છે. છતાં પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ એ વિદ્યાર્થીઓને એ દીકરીઓને એડમિશન ન આપ્યું અને આજે એ દીકરીઓમાંથી ૩ દીકરીઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ક્રાઇસ કોલેજમાં એડમિશન લે છે અને એની ગુણવત્તા ઉપર એ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિએ સવાલો કર્યા. માનનીય શિક્ષણ મંત્રીશ્રીને હું આ બાબતે લેખિતમાં રજિઆત કરવા ગયો. એમની પણ કૂણી લાગણી હતી. અમારા મુરબ્બી છે. હું એમને હંમેશને માટે માનની દ્રષ્ટિએ જોઉં છું. કુલપતિશ્રીને એમણે રજૂઆત કરી કે આ શ્રી પ્રવિણભાઇની વાત સાચી છે. ત્યારે કુલપતિએ એમનું માન્યું નહીં. ત્યારે મને અફસોસ થયો. કે (xxx) આવી સત્તાને શું કરવી?

સભાપતિશ્રી : આવી રીતે ન બોલી શકાય. સારા શબ્દોમાં વાત કરો.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે હું કહેવા માગું છું કે ખેડૂતો માટે સતત આંદોલન કરવા માટે અમે રોડ અને મેદાનમાં આવ્યા. પણ પહેલા ૧૪૦૦......

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર અત્યારે પર્યાવરણ વિષે ખૂબ જ ચિંતા કરી રહી છે. પણ હકીકતમાં થોડું ધ્યાન આપવાની જરૂર છે. આપણે જયાં પવન ચક્કીઓના ટાવર નાંખ્યા છે ત્યાં આપણા જૂના જે

---

* માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સો સો વર્ષ દોઢ સો વર્ષના જૂના ઝાડ છે એ ઝાડ કાપી નાખવામાં આવે છે અને એ પવન ચકકીવાળા બિલકુલ ધ્યાન આપતા નથી. આપણે એ ઝાડ વાવીશું તો કયારે આવડા સો દોઢ સો વર્ષના થશે? પણ અત્યારે જે મીઠી ઝાડી, ગુગળ છે, ખેર છે, બાવળ, કેશુડા, હરમો આવા અનેક ઝાડો છે જેમાં પક્ષીઓ રહે છે, મધ થાય છે, તો આમાં થોડુંક ધ્યાન દેવામાં આવે અને જરૂર હોય એટલી જ ઝાડી કાઢવામાં આવે. આ એમના વાહનો માટે ન જરૂર હોય એ ઝાડ પણ કાઢી નાખવામાં આવે છે તો થોડુ એના ઉપર ધ્યાન દેવામાં આવે તો નુકસાન ન થાય. સરકાર આટલો ખર્ચ કરે છે તો તેની સામે એ પણ ધ્યાન દેવાની જરૂર છે. બીજી માલિકીની જમીનની વાત છે તો ખેડૂતોના માલિકીના વડિલોપાર્જિત સરવે નંબર છે એમાં પણ એમને પૂછતા નથી, વિશ્વાસમાં નથી લેતા, વળતર નથી આપતા. મેં એમના ટાવર અને પવનચક્કી નાંખે છે તો એમાં સરકારી નિયમ મુજબ એમને વળતર મળવું જોઇએ. કારણ કે અમારા નબળા ખેડૂત છે, સુરત બાજુ તો ખેડૂત કોઇ પણ કામ હોય રેલવે હોય, કે રસ્તો હોય તો અટકાવી દે છે. પણ અમારા નબળા ખેડૂતો છે એમનામાં દાદાગીરીથી નાંખતા હોય તો એમાં ધ્યાન દેવામાં આવે. વાત રહી ખેડૂતની. ખાણ ખનીજવાળા જે તકેદારી રાખે એ તો બરાબર છે. પણ એના માટે નાના મજૂરો કે ખેડૂતો જે છે એ પોતાની વાડીમાં રેતી નાંખતા હોય કે માટી નાંખતા હોય તેને પણ તંત્ર હેરાન કરે છે. એટલે એમાં પણ ધ્યાન આપવું જોઇએ. નાના ખેડૂતો હોય એ એમની વાડીમાં માટી કે રેતી નાખતા હોય એમને હેરાન કરવામાં ન આવે. સો ચોરસ વારના જે મકાન બનાવે છે એને પણ રેતી ભરવા દેતા નથી. એટલે કાં તો પંચાયતમાં રોયલ્ટી ભરી શકાય તે માટે પંચાયતને પાવર આપવામાં આવે તો પંચાયતમાં રોયલ્ટી ભરવામાં અમને કોઇ વાંધો નથી. પણ આ તો ૫૦–૫૦ કિલોમીટર સુધી રોયલ્ટી ભરવા નાનો માણસ કયાં જાય? પંચાયતને પાવર આપે તો રોયલ્ટી ભરવા તૈયાર છીએ. આરોગ્યની વાત કરું તો અમુક જગ્યાએ દા. ત. નળ સરોવર, જખૌ તેમજ નખત્રાણા કે જયાં ડોકટરોની જગ્યાઓ ખાલી છે ત્યાં એક એક ડોકટર મૂકવામાં આવે તો અમારા વિસ્તારોમાં સારી સુવિધા મળી શકે. કારણ કે મારો એવો વિસ્તાર છે બસો કિલોમીરટ ભુજ થાય ત્યાં કોઇ મોટું દવાખાનું નથી. એટલે નલીયા, દયાપર અને નખત્રાણામાં એક–એક સારા ડોકટર મૂકવામાં આવે જેનાથી રાતના કોઇ તકલીફ પડે તો અમારા લોકોને ભુજ સુધી જવું ન પડે અને પ્રાઇવેટ ગાડી કરીને પણ જાવું ન પડે. તેથી મારી ખાસ આ વિનંતી છે. આમાં ખાસ ધ્યાનમાં રાખવામાં આવે અને ખેડૂત માટે અને નાના માણસો માટે ધ્યાન દેવામાં આવે એટલી મારી અપિલ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૯–૨૦ની પૂરક માગણીઓ આજે મેં રજૂ કરી છે અને એના ઉપર ૨૮ જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યકત કર્યા છે. આ ૨૮માં અમારા પક્ષના ૨૧ જેટલા ધારાસભ્યોએ અમારી પૂરક માગણીઓને સમર્થન આપેલ છે અને સાથે સાથે કેટલાક હકારાત્મક પોઝિટીવ સૂચનો પણ કરેલા છે. જયારે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યશ્રીઓએ ટીકાત્મક રીતે અવલોકન કર્યા છે જયારે કેટલાક મિત્રોએ સૂચનો પણ કરેલા છે. આ બધાને મેં વિગતવાર સાંભળ્યા છે, બધાની રજૂઆતોને સારી રીતે નોંધી છે. કેટલાક ધારાસભ્યશ્રીઓએ પૂરક બજેટની માગણી સિવાય વધારાનું પણ બોલ્યા છે છતાં પણ બધાના સૂચનોની મેં નોંધ કરી છે.

આપણી વૈધાનિક પરંપરા પ્રમાણે બજેટ મંજૂર થયા પછી આખા વર્ષમાં વિભાગોના કામકાજમાં ખર્ચમાં કોઇ જગ્યાએ વધારો પણ થતો હોય છે અને કોઇ જગ્યાએ બચત પણ થતી હોય છે. વર્ષ આખરે સન ૨૦૧૯–૨૦ના નાણાકીય વર્ષના છેલ્લા તબક્કે બેઠા છીએ. પહેલી એપ્રિલથી નવું બજેટ અમલમાં આવશે જે મેં સન્માનનીય સભાગૃહમાં ર લાખ ૧૭ હજાર કરોડ રૂપિયાનું રજૂ પણ કરી દીધેલ છે. એના ઉપર પણ હજી તમારે વિભાગવાઇઝ ચર્ચામાં ભાગ લેવાનો છે એ પહેલા જનરલ ચર્ચા પણ થશે પછી વિભાગ પ્રમાણે ચર્ચા થશે એમાં પણ દરેક સભ્યશ્રીને પૂરતી તક મળવાની છે.

અત્યારે અહીંયા જે વધારાની માગણીઓ લઇને આવ્યો છું અને એ થવાના કારણો મારે સન્માનનીય સભાગૃહને આપવાના છે. અમે જાણીએ છીએ કે આરોગ્ય વિભાગની ચર્ચા થઇ, કૃષિ વિભાગની અને શિક્ષણ વિભાગની ચર્ચા થઇ આ ત્રણેય ઉપર ઘણી બધી ચર્ચા કરી છે. દર વખતે હોય છે એ પ્રમાણે આ વખતે કૃષિ વિભાગમાં કુદરતી આપત્તિઓ આવી છે એ કંઇ કહીને આવતી નથી. આ વર્ષે બજેટ રજૂ કર્યું છે પરંતુ વર્ષ દરમિયાન શું પરિસ્થિતિ થવાની છે એમાં ચોમાસુ કેવું રહેશે, વાવાઝોડું એ સિવાય બીજી કે ત્રીજી નાની મોટી તકલીફો પડશે કે નહિ પડે એ તો ભગવાનને ખબર છે એની આપણને ખબર નથી હોતી. આપણે તો વર્ષોથી જરૂરિયાત પ્રમાણે એમાં જુદી જુદી યોજનાઓ બજેટમાં મૂકી હોય એમાં નક્કી કરેલ રકમની ફાળવણી કરીએ છીએ. ગયા વર્ષે અણધારી આપત્તિ આવી પડી, કુદરતી આપત્તિ આવી પડી એ આપણે સૌ જાણીએ છીએ. વધારે પડતો વરસાદ આવ્યો, પૂર આવ્યું એના લીધે ખેતીને નુકસાન થયું, જમીનને નુકસાન થયું, ઉગી ગયેલ તૈયાર પાકને નુકસાન થયું એના લીધે ખેડૂતોને અમારી સરકારે સહાય આપી. અમારા સભ્યશ્રીઓએ સાચે જ કહ્યું કે ઐતિહાસિક રીતે વર્ષ ૧૯૬૦ પછી કદી કોઇ ખેડૂતોને સહાય પેકેજ કોઇપણ પક્ષની સરકારે ન આપ્યું હોય તેવું અમારી શ્રી વિજયભાઇની સરકારે આપ્યું છે. એના કારણે ૩૫૦૦ કરોડ રૂપિયા કરતાં વધારાનો અણધાર્યો બોજો આવી પડ્યો છે. બનાસકાંઠામાં તીડ આવ્યા, પાટણ અને મહેસાણામાં પણ એનો પ્રભાવ દેખાયો. આપણને ખબર નહોતી કે તીડ આવશે, તીડના લીધે ખેડૂતોને નુકસાન થયું એને પણ આપણે સહાય આપી એની નાબુદી માટે ખર્ચો કરવો પડ્યો. તો એ પણ અચાનક આવેલો ખર્ચો છે. તો પણ એની આમાં જોગવાઇ કરી. આમ આવા અણધારી અફતના જે ખર્ચા આવ્યા છે એ આજે હું તમારી પાસે મંજૂર કરાવવા આવ્યો છું કે, આટલું–આટલું અમે કર્યું, એ તમે મંજૂર કરો અને બધા સભ્યશ્રીઓ મને વિશ્વાસ છે કે મંજૂર કરશે. કારણ કે, ખેડૂતો માટે માગણી કરવાની છે. ખેડૂતોને આપો–આપો બધા કરો છો પણ ખેડૂતોને આપ્યું ત્યારે કાપ દરખાસ્તો રજૂ કરો છો. હવે કાપ

દરખાસ્ત કોણે તૈયાર કરી ? કેવી રીતે અહીંયા આવી ગઇ ? કોણ શું બોલ્યું? એનું મારે વર્ણન નથી કરવું. સર્વે માનનીય સભ્યશ્રીઓએ સાંભળ્યું છે. તમે જે માગણી કરતા હતા એ જ વસ્તુ અમે ખેડૂતોને આપી છે. હવે પછી આને નામંજૂર કરવાની કાપ દરખાસ્ત લાવ્યા છો. મારી તો માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇ અહીંયા ઉપસ્થિત છે પક્ષના નેતા તરીકે, બે મોટા નેતા કાંઇ મોટા કામમાં પડી ગયા છે. એક નેતા તો એવા કામમાં પડ્યા છે કે, આ શ્રી ભૂપેન્દ્રસિંહે સવારે એવો ગોળો ફેંક્યો છે કે, તેનો જવાબ ક્યાંથી લાવવો. ૧,૪૦૦/– રૂપિયાનું આવે એમ કરીને બોલી તો ગયા. હું તો બધા સભ્યોને વિનંતી કરું છું, આજે કે ભવિષ્યમાં ગમે ત્યારે કોઇ કાગળીયું પકડાવી દે, તરત વાંચી ના લેવું અને વિધાનસભામાં તો બિલકુલ ન વાંચવું અને હું બેઠો હોઉં ત્યારે તો ગમે ત્યારે ન વાંચવું. કારણ કે આપણે ક્યાંકને ક્યાંક પકડાઇ જઇએ. હા, માનનીય પરેશભાઇનું આજે એવું થયું છે. (આ તબક્કે બેઠાબેઠા સભ્ય શ્રી શૈલેષભાઇ પરમાર, આવે છે એમ બોલતાં) હા, આવે છે. ભલે આવતા. માફી માગવાની તૈયારી કરી રહ્યા છે, મને ખ્યાલ છે. માફી માગવાના જ છે. કારણ કે, એમણે અલીબાબાનો દાખલો આપ્યો. હવે અલીબાબા એટલે અલીબાબા એમાં કાંઇ, આપણે નાના હતા ત્યારથી અલીબાબા ચાલીસ ચોરની વાર્તા વર્ષોથી સાંભળીએ છીએ. હવે અલીબાબામાંથી ઉપાડી લાવ્યા. સાહેબ, શ્રી ભૂપેન્દ્રસિંહજીને એ વખતે જ મેં કીધું હતું, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇને પણ કીધું હતું કે, સાહેબ, આ ટેબ્લેટ તો વાત બાજુમાં રહી પણ ૧,૪૦૦/– રૂપિયામાં હું નથી માનતો કે મોબાઇલ પણ આવતો હોય, સસ્તામાં સસ્તો મોબાઇલ પણ. કોઇને ખબર હોય તો કહેજો, મને તો ખબર નથી. ૧,૪૦૦/– રૂપિયામાં મોબાઇલ ન આવે અને આ તો ડ્યુઅલ કેમેરા, કેટલી બધી ફેસીલીટી (અંતરાય) ચાલો હવે આપણે એની ચર્ચા કરવી નથી. એ તમે ખરીદજો જેને ખરીદવો હોય એને. હું તો કહું છું કે, રૂપિયા ૫૦૦/–માં આવે એવી સોંઘવારી થઇ જાય, તો હું રાજી થઇ થઇશ પણ રૂપિયા ૧,૪૦૦/– માં ટેબ્લેટ ન આવે એ નક્કી છે. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : ગિફ્ટમાં આવે તો ખબર જ ના પડે કે, કેટલામાં આવ્યો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભાઇ, હું તો કશું ખરીદવા જ નથી જતો. હું તો તમારા બધાનું કામ કરું કે ખરીદવા જઉં! મારે તો સાહેબ, કયાં જવું માનનીય અધ્યક્ષશ્રી, એ ટાઇમની જ ખબર નથી પડતી.

સભાપતિશ્રી : ટાઇમ જ ના મળે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કે દિવસ ક્યારે ઉગ્યો અને રાત ક્યારે પડી. એક પતે અને ચાર ઉભા થાય છે. વાવાઝોડું જાય અને તીડ આવે છે. (આ તબક્કે વિપક્ષના નેતા શ્રી પરેશભાઇ ગૃહમાં આવતાં) શ્રી પરેશભાઇ સો વર્ષના થવાના છે. હું ભગવાનને પ્રાર્થના કરું કે, સો વર્ષના થાય અને આવીને આવી તંદુરસ્તી રહે અને આવુંને આવું કામ કર્યા કરે અને ત્યાં જ બેસે, ત્યાં જ બેસે એવી મારી શેભેચ્છા.

શ્રી પરેશ ધાનાણી : મને જાણવા માળ્યું છે કે, અમારા શ્રી નીતિનકાકા એકલા પડી ગયા છે. એટલે હું અહીંયા ટેકો આપવા આવ્યો, કાકા મુંઝાવ નહીં. તમે એકલા નથી, આખો કોંગ્રસ પક્ષ તમારી સાથે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : મેં સાહેબ, સવારે જ કહ્યું હતું કે, એમને કોંગ્રેસ પક્ષના ટેકાની બિલકુલ જરૂર નથી. આખી સરકાર અને અમારા શ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં આખીને આખી પાર્ટી અને આખું મંત્રીમંડળ શ્રી નીતિનભાઇ સાથે છે. તમારી અમારે જરૂર નથી.

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એની ચોખવટ કરવાનું હું સવારનો વિચારી રહ્યો છું. આમ તો કાલનું ટી.વી.માં ચાલુ થયેલું. આગળનું કાઢી નાખ્યું, પાછળનું કાઢી નાખ્યું અને વચ્ચેનું ચાલુ કર્યું અને હવે ક્યાંથી જવાબ આપવો એ હું વિચારું છું કે, આ સન્માનનીય ગૃહ છે એમાં એ તક લેવી કે નીચે મીડિયા છે તેમાં આ તક લેવી કે પત્રકાર પરિષદ બોલાવીને તક લેવી અથવા તેનો જવાબ જ ન આપવો. આ ચાર–પાંચ વિકલ્પો મારી પાસે છે. હજી હું નિર્ણય ઉપર નથી આવ્યો, કારણ કે એ ગૃહનો વિષય નથી. એ મારો વ્યક્તિગત વિષય છે. એનો જવાબ આપવો કે ન આપવો. તમે સભ્ય તરીકે પ્રશ્ન પૂછો તો હું મંત્રી તરીકે જવાબ આપવા બંધાયેલો છું પણ મારી વ્યક્તિગત બાબતોમાં, જાહેર મીડિયાની બાબતોમાં મારે જવાબ આપવો કે ન આપવો એ મારી મુનસફી ઉપર આધારિત છે. એટલે યોગ્ય સમયે યોગ્ય સ્પષ્ટતાઓ કરીશું. અત્યારે આપણે એમાં સમય લેવો નથી. ટૂંકમાં એટલું કહી દઉં કે કોઇએ ક્યાંય કશુંય ખુશ થવાની જરૂર નથી. બસ, આમાં બધો સંદેશો આવી જાય છે અને હું જે બોલ્યો હતો, ભાઇ, સાંભળી લેજો.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી હાજરી હતી. મારો ઉલ્લેખ થયો છે. મને પણ બે મિનિટ આપો તો હું વાત કરી લઉં.

અધ્યક્ષશ્રી : બે મિનિટ હું આપું છું. તમે આમ કહ્યું એટલે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપ. આપ. માનનીય અધ્યક્ષશ્રી, આખો ધાર્મિક કાર્યક્રમ હતો. હું પણ ત્યાં હાજર હતો. હું સૌથી છેલ્લે, લગભગ સાડા દસ અગિયાર વાગ્યે બધા સાથે પ્રસાદ લઇને ગયો. શ્રી નીતિનભાઇએ જે વાત કરી છે અને અહીંથી વિપક્ષના લોકો ઉલળી ઉલળીને જે બોલી રહ્યા છે. ટી.વી.માં તો ઘણું બધું તમારું જોઇએ છીએ. તમારા આગેવાનોની ટ્વીટ પણ જોઇએ છીએ. સમયનો અભાવ છે એટલે વિશેષ વાત નથી કરવી પણ આખી વાત કે કોઇના ઘરે મિટિંગ થઇ. ફંડ ભેગું કરવા માટે. એમાં કોઇ ભૂલી ગયા કે કોના ઘરે થઇ હતી. શ્રી નીતિનભાઇને યાદ હતું. એટલે શ્રી નીતિનભાઇએ કહ્યું કે દિપકભાઇના ઘરે મિટિંગ થઇ હતી. બધા કહે, હા, સાહેબ. થઇ હતી. એટલે શ્રી નીતિનભાઇએ વાત કરી કે મને બધું યાદ રહે છે અને હું અહીંયા બેઠો છું પણ એમાં ઘણું બધું મેં જોયું છે. મારી પાર્ટીની સામે અનેક લોકો ઘણું બધું કરે છે તો પણ હું વિધાનસભાની અંદર બરાબર રીતે તેને પહોંચી રહું છું. એકલો પહોંચી રહું છું. આવી વાત તેમણે સ્પષ્ટ કરી હતી. પાર્ટીની વાત કરી હતી. હું ત્યાં હાજર હતો. પાર્ટી વતી કહું છું એવું કહ્યું હતું. એટલે તમારે બહુ હરખ કરવાની આવશ્યકતા નથી. શ્રી નીતિનભાઇ અમારા નેતા છે. અમારા વડીલ છે. રાજ્યમાં જે રૂપિયા ૫૦૦ કરોડનું ફંડ ભગું થયું એમાં પણ શ્રી નીતિનભાઇનો સિંહફાળો છે. એમણે પકડી પકડીને કરાવ્યો છે. આખો સંદર્ભ આ હતો. એટલે કોઇ મહેરબાની કરીને અલગ રીતે ન લો. શ્રી નીતિનભાઇ અને ભારતીય જનતા પાર્ટી ૨૫ વર્ષથી જીતે છે. પ્રજાના આશીર્વાદથી જીતે છે. બહુ ઉછળકૂદ કરવાની આવશ્યકતા નથી. હજી તમારે વર્ષ ૨૦૨૨માં પણ રાહ જ જોવાની છે. તમે આવવાના નથી.

(આ તબક્કે વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી ઉભાં થતાં)

અધ્યક્ષશ્રી : હવે થઇ ગયું. એમણે આપનું નામ પણ નથી લીધું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વૈશ્વિક ઉંચાઇએ આવનારા માં ઉમાના ધામના ખાતમુહૂર્તમાં અમે પણ ગયા હતા. આ પ્રશ્ન માત્ર એટલા માટે ઉપસ્થિત થયો કે હમણાં જ શ્રી ટ્રમ્પ સાહેબ આવ્યા ત્યારે આપણા મોટા સાહેબે... (અંતરાય)

અધ્યક્ષશ્રી : ના, ના. હવે આ બીજી બધી વાતો નહીં, પ્લીઝ. શ્રી પરેશભાઇ, હવે આમાં રાજકીય વાત જવા દો. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ, આપનું પ્રવચન છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બધાનો મનથી કે જે રીતે મારા ઉપર પ્રેમ છે તે બદલ બધાનો આભાર માનું છું. કારણ જુદું જુદું હોઇ શકે. ઘણા લોકો ઘણાને પ્રેમ કરતા હોય છે પણ દરેકના કારણ જુદા હોય. માં દીકરાને પ્રેમ કરે, છોકરો ન રાખે. માંને વૃદ્ધાશ્રમમાં મૂકી આવે તો પણ માં છોકરાને પ્રેમ કરે અને પત્ની જુદી રીતે પ્રેમ કરે. એમ પ્રેમ કરવાના દરેકના આડોશી, પાડોશી, સગા, વહાલાં બધાના કારણો જુદા હોય છે. પણ બધા પ્રેમ કરે છે એ બદલ આપ સૌનો, સન્માનનીય ગૃહનો આભાર.

માનનીય અધ્યક્ષશ્રી, એટલે ખેડૂતોને મદદ કરવા માટે વધારાનો જે ખર્ચ કર્યો છે એટલે ખેડૂતોલક્ષી અમારી કૃષિ વિભાગની જે માગણીઓ છે તેમાં જેમણે કાપ દરખાસ્ત રજૂ કરી છે તેમને હું વિનંતી કરું છું કે ખેડૂતો માટે માગો કાપવાની વાત ન કરશો. ઓછું કરવાની વાત ન કરશો. તમારે તો ઉપરથી એમ કહેવું જોઇતું હતું કે શ્રી નીતિનભાઇ, આટલી વધારાની માગણી લઇને શું કરવા આવ્યા? બીજાં રૂપિયા ૫,૦૦૦ કરોડની માગણી લઇને આવવું જોઇતું હતું. વધુ સહાય આપવી જોઇતી હતી. પણ તમે તક ચૂકી ગયા છો. તમે ટ્રેન ચૂકી ગયા છો. કાયમ તમે બધું ચૂકી જ જાવ છો. એવું તમારું જે વલણ છે એ યોગ્ય નથી. એટલે કાપ દરખાસ્તો પાછી ખેંચો એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગ અંગે હું પહેલા થોડી માહિતી આપી દઉં કારણ કે માનનીય સભ્યશ્રીઓએ લાગણીથી ઘણી રજૂઆતો પણ કરી છે. શ્રી વિરજીભાઇ ઠુમ્મરે એમના અમરેલી જિલ્લાના સી.એચ.સી.નું કીધું, અમરેલી જિલ્લામાં ૧૨ સી.એચ.સી. આવ્યા છે. ૧૨ સી.એચ.સી.માં એમ.બી.બી.એસ. વર્ગ–૨ની ૩૬ જગ્યાઓ છે. ૩૬–૩૬ ભરેલી છે. સુપર સ્પેશિયાલીસ્ટ અને સ્પેશિયાલીસ્ટ કલાસ–૧ ડોકટરો મળતા નથી એ તો આપણે વારંવાર ચર્ચા થયેલી છે પણ હવે અમે મેડિકલ સીટો વધારી છે, અમે નવી પ્રક્રિયા લાવી રહ્યા છીએ, નવી યોજના લાવી રહ્યા છીએ કે પ્રેકટીસ કરતા ડોકટરોને પણ સરકારની સેવામાં જોડવા. એ પણ અમે માનદ વેતનથી વિચારી રહ્યા છીએ તો ડોકટરોની ઉપલબ્ધી ગામમાં વધશે. માનનીય પ્રદ્યુમનસિંહજીએ લાગણીથી કહ્યું કે સો–બસો કિલોમીટર જવું પડે છે. કચ્છ એ તો કેરાલા રાજય જેવડું આપણું એકલું કચ્છ છે. ત્યાં આરોગ્યની સેવાઓ પહોંચાડવી એ અમારી જવાબદારી છે પણ ડોકટરો ન મળતા હોવાને કારણે અમે થોડા પાછા પડીએ છીએ પણ હવે નવું નવું ઉમેરીને અમે એમાં વધારો કરીએ છીએ. તમે કીધું કે દામનગરમાં હડકાયા કૂતરાની રસી નથી તો એ

વાત સાચી નથી. ત્યાં ૨૪ ડોઝ આજે પણ ઉપલબ્ધ છે. આખા રાજયની રીતે વાત કરું તો આખા રાજયમાં ૪ લાખ ૧૦ હજાર વાયર અત્યારે ઉપલબ્ધ છે જ એટલે કોઇ પ્રશ્ન નથી. રાજયમાં ૫૩૦ પ્રકારની દવાઓ સરકાર તરફથી વિનામૂલ્યે આપણે આપીએ છીએ એ બધી જ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. આઉટ સોર્સીંગ વિશે મેં અગાઉ પણ કીધું જ છે કે અમે મોટો ફેરબદલ કર્યો છે જેથી જે કર્મચારીઓ કામ કરશે એમને પૂરતા પગારનું રક્ષણ મળશે અને પ્રજાને વધુ સારા સક્ષમ કર્મચારીઓ મળશે. ડો. જોષિયારા સાહેબ આપણા ખૂબ સિનિયર માનનીય સભ્યશ્રી છે, એમણે સુચન કર્યું છે કે વધુ ડોકટરો લેવા હોય તો એમનો પગાર વધારો કરવો જોઇએ. એ પણ આપણે ભવિષ્યમાં અભ્યાસ કરીશું પણ અત્યારે એક ડોકટરને ૬૦ હજાર રૂપિયા પગાર અને વધારામાં એ પ્રાયવેટ પ્રેકટીસ ના કરે એ માટે નોન પ્રેકટીસીંગ એલાઉન્સ એ પણ એમના પગારનું ૨૫ ટકા થાય છે એ પણ રકમ એમને મળે છે. સાથે કવાર્ટર મળે, બીજા ભથ્થાં મળે, એ વધારાની કામગીરી કરે તો એમને પ્રોત્સાહક ગ્રાન્ટ આપીએ છીએ. હું સંમત છું કે ડોકટર જેવા સૌથી વધુ મહેનત કરીને જે એમ.બી.બી.એસ. થયા છે એમને સારો પગાર મળવો જોઇએ, એ માટે અમે વધુ પ્રયત્નશીલ છીએ. ડોકટરો ડીલીવરી કરાવે કે વધારાના ઓપરેશન કરે તો પણ પ્રોત્સાહક રીતે આપણે એમને મદદ કરીએ છીએ. માનનીય બળદેવજીએ પણ એક સૂચન કર્યું હતું કે પી.એચ.સી.નો સમય બે ટાઇમનો રાખવો જોઇએ, પણ બે ટાઇમ છે જ શ્રી બળદેવજી, સવારે ૮-૩૦ થી બપોરે ૩-૩૦ અને સાંજે ૪-૦૦ થી ૬-૦૦ બે ટાઇમ ઓ.પી.ડી. પી.એચ.સી.માં ચાલે જ છે. ડોકટર કદાચ આઘાપાછા થતા હશે એ હું સ્વીકારું છું પણ સમય છે, બધો સ્ટાફ ઉપલબ્ધ રહે છે. બધી જ સારવાર ત્યાં આપવામાં આવે છે. પી.એમ. કરવામાં જે સમય થાય છે એવી જે રજૂઆત કરી તો પોલીસ તરફથી જે બોડીનું ઇન્કવેસ્ટ કરવાનું હોય એ ઇન્કવેસ્ટ ભરાઇ જાય એટલે આપણે મોટા ભાગે પોસ્ટમાર્ટમ કરીએ છીએ પણ જયાં સગાંવહાલાની માગણી હોય કે અમારે પેનલથી પોસ્ટમાર્ટમ કરવું છે તો થોડો વધારે સમય લાગે છે આ સૂચનો હતા એ સારા હતા, બધાને ઉપયોગી હતા એની સ્પષ્ટતા મેં કરી છે. બીજું, આપણી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને મા વાત્સલ્ય યોજના અતિ લોકપ્રિય થઇ ચૂકી છે. ઘરે ઘરે હવે લગભગ એના કાર્ડ પહોંચી ગયા છે. મોટા ભાગના ઇન્કમટેકસ ભરનારા સિવાય આનો લાભ લે છે અને દર્દીઓની સંખ્યા પણ વધે છે અને ખર્ચો પણ વધે છે એટલે વધેલા ખર્ચને આ બજેટમાં પૂરક માગણી તરીકે મંજૂર કરવાની મેં સન્માનનીય ગૃહને વિનંતી કરી છે. એવી જ રીતે બીજી પણ જે માગણીઓ છે ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગની છે. પગારોમાં જે વધારો થયો, મોંઘવારી ભથ્થું સતત વધતું જાય છે. આપણે ખૂબ મોટું મોંઘવારી ભથ્થું સરકારી કર્મચારીઓને આપીએ છીએ. એ પણ જ્યારે ભારત સરકાર જાહેર કરે એટલે એનો અમલ તબક્કાવાર કરીએ છીએ. એ પણ નક્કી હોતું નથી કે ક્યારે ભારત સરકાર મોંઘવારી ભથ્થું જાહેર કરશે. પહેલીવાર જાહેર કર્યું ત્યારે ૭૫૦ કરોડ રૂપિયાનો એકીસાથે બોજો આવેલો. વધારો થયેલ હતો માત્ર બે ટકાનો. લોકોને એમ લાગે કે ૨ ટકામાં શું? રકમમાં સરવાળો કરીએ તો રૂપિયા ૭૫૦ કરોડ થતો હતો. પછી વધારો કર્યો એ એકી સાથે રૂપિયા ૧૮૦૦ કરોડનો બોજો એ પણ આપણે આપવાની શરૂઆત કરી દીધી. આપણે એનો અમલ પણ કર્યો. એ પણ વધારાની રકમ આ બજેટમાં મંજૂર કરવાપાત્ર છે. એ રીતે વધારો માગેલ છે. પંચાયત, પ્રાથમિક શિક્ષણ અને પર્યાવરણ આ બધા વિભાગોમાં જે કરેલ ખર્ચ છે, સાચો અને પ્રજાલક્ષી ખર્ચ છે એનો વધારો માગેલ છે એ મંજૂર કરે એવી વિનંતી છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ સાહેબે ખૂબ દર્દભરી અપીલ કરી છે. બે મુદ્દા છે એમાં એક તો ચાલુ વર્ષે જે ઉભા પાકને નુકસાન થયું છે અને સરકારે કૃષિ સહાય પેકેજ જાહેર કર્યું છે અને રૂપિયા ૧૨૦૦ કરોડ ચૂકવ્યા છે અને ૩૭૦૦ કરોડ રૂપિયાનો પૂરેપૂરો ખર્ચ જે કોઇ લોકોને નુકસાન થયું છે એ તમામ લોકોને સરકાર વળતર ચૂકવવા માટે બંધાય અને પાક વીમા કંપનીઓને પ્રિમિયમ ચૂકવવા છતાં ખેડૂતોને પાક વીમાની રકમો હજુ મળી નથી. એટલે આવા ખેડૂતોને ખરીફ વર્ષ ૨૦૧૯નો પાક વીમો મળવાપાત્ર થાય છે એ ચૂકવવાની બાંહેધરી આપે તો કૃષિ વિભાગની કાપ દરખાસ્તો પરત ખેંચવા તૈયાર છીએ.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્તો અને પૂરક માગણીઓ પરના મતદાનની કાર્યવાહી પૂરી થાય ત્યાં સુધી સભાગૃહ લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

અધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) કાપ દરખાસ્તો અને પૂરક માગણીઓ પરના મતદાનની કાર્યવાહી પૂરી થાય ત્યાં સુધી સભાગૃહ લંબાવવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પરેશભાઇએ જે લાગણી વ્યક્ત કરી એનો અમલ અમે કરી ચૂક્યા છીએ. ખેડૂતોને શોધી શોધીને એક વખત જાહેરાત કરી, ઓન લાઇન અરજીઓ આવી. પૂરતી ન આવી એટલે ફરી એની સમયમર્યાદામાં વધારો કર્યો. ન આવી તો ફરી સમયમર્યાદા વધારી. અમે જે રૂપિયા ૩૭૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યું છે એ ખેડૂતોને આપવા માટે કર્યું છે. હવે ખેડૂતોની જાગૃતતા અને જવાબદારી છે કે સરકાર જે સહાય આપે છે એ સામા પગલે આવે

અને અરજી વગેરે ફોર્માલિટી હોય એ ખેડૂતોએ પૂરી કરવી જોઇએ. જેટલા આવશે એ બધાને અમે પેકેજનો લાભ આપવાના છીએ. માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ ખેડૂત સન્માન નિધિમાં દર વર્ષે ૬ હજાર રૂપિયા ખેડૂતોને આપવાના જાહેર કર્યા છે. તમને જાણીને નવાઇ લાગશે કે સરકારના અનેક પ્રયત્નો, સતત પ્રયત્નો અને ફોલો-અપ છતાં પણ જે લાભાર્થી ખેડૂતો છે એ પોતે અરજી નથી કરતા. એણે અરજી કરવાની છે અને વર્ષે ૬ હજાર રૂપિયા કશું કર્યા વગર એના બેન્કના ખાતામાં સીધે સીધા જમા થવાના છે. છતાં ખેડૂતો અરજી નથી કરતા એ પણ એક હકીકત છે. એટલે અમારા પ્રયત્નો ખેડૂતોને લાભ અપવવાના છે. પૈસા ભારત સરકાર આપે છે. ભારત સરકાર દિલથી આપે છે. ખેડૂતો માટે આપે છે તો ગુજરાતનો એક પણ ખેડૂત બાકી ન રહી જાય એ માટે કલેક્ટરો કેમ્પો કરે છે અને આયોજન કરે છે. પાક વીમા યોજનામાં અમારા શ્રી ફળદુ સાહેબ સતત ફોલો-અપ કરે છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ પણ ભારત સરકારમાં સતત ફોલો-અપ કરે છે અને વીમા કંપનીઓ ઉપર પૂરેપૂરું દબાણ ગુજરાત સરકારે બનાવેલ છે. ભારત સરકારના મંત્રીશ્રી માનનીય પરસોત્તમ રૂપાલાજી અને શ્રી મનસુખ માંડવિયાજી પણ ગુજરાત સરકાર વતી, ખેડૂતો વતી ત્યાં ફોલો-અપ કરે છે. આપણે જાણીએ છીએ કે ભારત સરકારે પણ પાક વીમા યોજનાને મરજિયાત કરી છે. એટલે ખેડૂતો ઉપર કોઇ ફરજિયાતપણું પાક વીમો લેવામાં રહેવાનું નથી. એટલે ખેડૂતોને લાભ થવાનો છે. જેમ જેમ અનુભવ થાય, કોઇ યોજના લાવીએ તો ૧૦૦ ટકા ફુલપ્રુફ હોય એવું કોઇ જગ્યાએ ન બને. યોજના અમલમાં મૂક્યા પછી જેમ જેમ એની ખામીઓ, એના સુધારા જરૂરી હોય એ અમે સરકારમાં કરતા રહીએ છીએ.

અધ્યક્ષશ્રી : આમાં પ્રશ્ન ના હોય.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી એટલી જ વિનંતી હતી અને ખૂબ સ્પષ્ટ વાત હતી. અમે સકારાત્મક વિચારી રહ્યા છીએ. એટલા માટે કહું છું કે આ ખૂબ ગંભીર પ્રશ્ન છે. સરકાર માટે અને સમગ્ર ગુજરાતના હિતની વાત છે. માનનીય નીતિનભાઇ આપે સ્વીકાર્યું છે અને આપે સરવે કરાવ્યું છે ૬૭ લાખ હેકટરમાં નુકસાન ગયું છે. ૬૨ તાલુકામાં ધારા-ધોરણ કરતા વધુ નુકસાન થયું છે. ત્યારે મારી એટલી જ વિનંતી છે કે, આ ઓન લાઇન અરજી, ઓફ લાઇન અરજીની પળોજણ છે એમાંથી મુક્તિ આપીને સરકારી ચોપડે જે ૬૭ લાખ હેકટરમાં ખેડૂતોના ઊભા પાકનું નુકસાન ગયું છે આવા લોકોને એસ.ડી.આર.એફ.ના ધારા-ધોરણ મુજબ ૧૦૦ ટકા સામેથી સહાય ચૂકવવામાં આવે અને બીજું સરકારે સ્વીકાર્યું છે અને નુકસાન ગયું છે ત્યારે કંપની પરાણે પ્રિમિયમ વસૂલે છે. રાજ્ય સરકારની અને કેન્દ્ર સરકારની પણ ઇચ્છા શક્તિ છે એમ છતાં આજ દિવસ સુધી પાક વીમો ચૂકવ્યો નથી એટલે ૧૦૦ ટકા પાક વીમો ચૂકવવામાં આવે અને નુકસાનગ્રસ્ત ખેડૂતો છે એમને ૧૦૦ ટકા વળતર ચૂકવવામાં આવે આટલી જ મારી વિનંતી છે અને હું અપેક્ષા રાખું છું કે, નાણામંત્રીશ્રી મોટું મન રાખીને આ બેય વસ્તુની ખાતરી આપશે તો અમે કૃષિ વિભાગની માગણીઓ પાછી ખેંચી લઇએ.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૪,૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧,૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક- ૩૯, ૨, ૯, ૧૩ અને ૨૭ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૦૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૩જી, માર્ચ ૨૦૨૦ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા.૩જી માર્ચ, ૨૦૨૦

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર, તા.૦૩જી માર્ચ, ૨૦૨૦**

**ફાલ્ગુન ૧૩, ૧૯૪૧ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**

**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**ડભોઇ તાલુકાની પોર શાખામાંથી માઈનોર દ્વારા પૂરું પાડેલ સિંચાઇનું પાણી**

* ૨૨૭૫૪ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડભોઇ તાલુકાની પોર શાખામાંથી નીકળતી અંગુઠણ માઈનોર દ્વારા કેટલા વિસ્તારમાં સિંચાઈનું પાણી આપવામાં આવ્યું, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડભોઇ તાલુકાની પોર શાખામાંથી નીકળતી અંગુઠણ માઈનોર દ્વારા ૧૦૬૭ એકર વિસ્તારને સિંચાઈ માટે પાણી પૂરું પાડવામાં આવેલ છે. |
| (૨) તેની યુજીપીએલ સબમાઇનોરની કામગીરી કયા તબક્કે છે, અને | (૨) અંગુઠણ માઈનોરમાંથી નીકળતી કુલ ૧૧ સબમાઈનોરમાંથી ૮ સબમાઈનોરની કામગીરી પૂર્ણ થયેલ છે. અને ૩ સબમાઈનોરની કામગીરી પ્રગતિમાં છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) ઉક્ત સ્થિતિએ તેમાં રૂ.૭૭.૯૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

અધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર. માનનીય અભેસિંહભાઇ.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું સૌ પ્રથમ તો નર્મદા યોજના માટે જે બજેટ ફાળવ્યું તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નીતિનભાઇ સાહેબનો આભાર માનું છું. ગયા વર્ષે અમારે પાણીની બહુ મુશ્કેલી હતી, ૨૦ ગામના ખેડૂતોને પાણીની બહુ તકલીફ હતી અને અમારો મકાઇનો પાક બળતો હતો.

અધ્યક્ષશ્રી : તમે પ્રશ્ન પૂછો છો કે જવાબ આપો છો?

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હા, આભાર એટલા માટે માનું છું કે, એવા સમયે આ સંવેદનશીલ સરકારે અને માનનીય નીતિનભાઇ સાહેબે અમારા ૨૦ ગામના ખેડૂતોને પાણી આપ્યું અને મકાઇનો પાક બચાવ્યો. તેનાથી ખેડૂતોને લાભ થયો છે તે બદલ માનનીય નીતિનભાઇ સાહેબનો ખૂબ ખૂબ આભાર. બીજું સાહેબ, કેટલાય સમયથી કડીલા માઇનોરનું કામ પેન્ડીંગમાં હતું, ૭ ગામોને પાણી મળવાનું હતું એટલે તે કામ માટે તેમણે રૂપિયા ૧ કરોડ જેટલી રકમ મંજૂર કરી છે તે બદલ આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : ચાલો પતી ગયું હવે, તમારે કોઇ પ્રશ્ન નથી તમારે કોઇ.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન છે સાહેબ, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું, આ ડભોઇ તાલુકાનું છે અને પેલું સંખેડા તાલુકાનું રહી જતું હતું એટલે મેં યાદ કર્યું. આ અંગુઠણ માઇનોરમાં કેટલી સબમાઇનોર આવે છે, તેમાંથી કેટલી સબમાઇનોરના કામ પૂર્ણ થયેલ છે, તેની કુલ લંબાઇ અને તેના પિયત વિસ્તાર તથા ખર્ચની વિગતો શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અભેસિંહભાઇ અમારા બહુ સીધા સારા, સાદા અને સરળ આદિવાસી નેતા છે. ગામડામાં જ રહે છે. તમે શહેરમાં છો. તે ગામડામાં રહે છે અને આદિવાસી છે. તેમનું કામ ગ્રામ્ય વિસ્તારમાં ખાસ કરીને સંખેડા તાલુકો અને છોટાઉદેપુર વિસ્તારમાં જે ખેડૂતો ખેતી કરે છે તે બધા જ ખેડૂતોને નર્મદા યોજનાનો લાભ વધુ સારી રીતે મળતો રહે તે માટે હંમેશાં સક્રિય રહે છે. તેમનો પ્રશ્ન છે કે અંગુઠણ માઇનોરની કેટલી સબમાઇનોર છે? તો અંગુઠણ સબમાઇનોરની કુલ આઠ સબમાઇનોર છે. એક માઇનોરમાંથી પાણી નીકળી આઠ નાની નાની કેનાલો મારફતે આ વિસ્તારના ખેડૂતોને નર્મદાનું પાણી ખેતી માટે પહોંચાડે છે. આખી સબમાઇનોરની કુલ લંબાઇ છ કિલોમિટરની છે. ઉપર હેકટરમાં આ કેનાલ મારફતે ખેડૂતોને સિંચાઇ માટે પૂરેપૂરું પાણી અમે પહોંચાડીએ છીએ.

શ્રી અક્ષયકુમાર ઈ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કરજણ થઇને આછોદ માઇનોર અને આશમીરા માઇનોરમાં જે કેનાલો પસાર થાય છે તેમાં આજદિન સુધી પાણી વહેતું થયું નથી તો તે ચાલુ કરવા માગે છે કે કેમ અને બીજો પ્રશ્ન છે કે આછોદ ખાડી પાસે સરકારશ્રીએ જે ચેકડેમ બનાવ્યો છે તે ચેકડેમ ભરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : બે નામ ફરી બોલો ને જરા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કહી દઉં તેમનો પ્રશ્ન આ મૂળ પ્રશ્નમાં આવતો નથી. આ પ્રશ્ન માનનીય અભેસિંહભાઇના વિસ્તારનો છે. અંગુઠણ માઇનોર પૂરતો મર્યાદિત છે. તેની પૂરતી વિગત સાથે આવ્યો છું. આમ તો સૈદ્ધાંતિક પ્રશ્ન હોત તો હું પૂરેપૂરો ચોક્કસ માનનીય અક્ષયભાઇને વિગતો આપતો. નર્મદાની લાખો કિલોમિટરની લાઇનો આખા

ગુજરાત રાજ્યમાં ફેલાયેલી છે. કુલ ૧૮ લાખ હેકટરમાં સિંચાઇ માટેની વ્યવસ્થા કરી છે એટલે તે ખૂબ મોટું તંત્ર છે. એટલે કયાંય કોઇ નાની મોટી તકલીફ હોય, રૂકાવટ થઇ હોય તો જયારે જયારે ધારાસભ્યશ્રીઓ, ખેડૂત આગેવાનો કે કોઇપણ આગેવાન રજૂઆત કરે છે ત્યારે તરત જ અમે તેનું મેઇન્ટેનન્સ કરાવી, જરૂરી કામકાજ કરાવી ખેડૂતને પાણી મળતું થઇ જાય તે અમારું લક્ષ્ય છે અને તે રીતે ખેડૂતોને અમે પાણી પહોંચાડી રહ્યા છીએ.

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે ઘણો બધો ખર્ચો કરીને ખાડીમાં ચેકડેમ બનાવ્યા છે. બે વર્ષ પહેલા એ ખાડીમાં પાણી છોડવામાં આવ્યું હતું અને હજારો ખેડૂતો એ ખાડીમાંથી પાણી લઇને ખેતરમાં નાંખતા હતા પણ છેલ્લા બે વર્ષથી એ ખાડી ભરવામાં આવતી નથી. તો માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે ફરી પાણી નાંખવામાં આવે.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અંગુઠણ માઇનોરમાં અને સબ માઇનોરમાં કામ બાકી રહેવા માટેના કારણો શું છે અને તે પૂર્ણ કરવાનું આયોજન શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બહેનનો અગત્યનો પ્રશ્ન છે. નર્મદા યોજના શરૂ થઇ ત્યારે સૌથી પહેલો ફેઇઝ દક્ષિણમાંથી આપણે શરુ કર્યો અને વડોદરા જિલ્લો લગભગ અમદાવાદ સુધીનો અને ઉપરનો થોડો વિસ્તાર એ ફેઇઝ વનમાં આવે છે. નર્મદાના ફેઝ પાડ્યા છે એટલે ફેઇઝ વન એ વિસ્તાર અને અમદાવાદનો વચ્ચેનો વિસ્તાર ફેઇઝ ટુ અને નીચેનો વિસ્તાર અપ ટુ કચ્છ સુધી બનાસકાંઠા, મહેસાણા જિલ્લો, સુરેન્દ્રનગર જિલ્લો એ બધું જ ફેઇઝ થ્રીમાં આવી જાય છે. એટલે સરદાર સરોવર ડેમ બનતો થયો અને ઉંચાઇ વધતી ગઇ તેમ તેમ આપણને પાણી પ્રાપ્ત થતું ગયું, એ પ્રમાણે ફેઇઝ વનમાં શરુઆતમાં આપણે લગભગ નર્મદાની સિંચાઇની શરુઆત કરી અને વર્ષ ૨૦૦૨–૦૩થી એટલે કે આજથી ૧૭ વર્ષ પહેલા ત્યાં કાચી કેનાલો, ઓપન કેનાલો, ઢાળિયા કેનાલો આ બધું બનાવી અને ફેઇઝ વનમાં ખેડૂતોને સિંચાઇનો લાભ આપણે શરૂ કરી દીધો હતો. એ શરૂ કર્યા પછી એ વખતે કાચી કેનાલ હતી અને સૌથી અગત્યનું સન્માનીય ગૃહની જાણકારી માટે કહું કે, નર્મદા યોજનાનો સિદ્ધાંત છે અને ટ્રિબ્યુનલે પણ એના ચૂકાદામાં કહ્યું છે કે નર્મદાનું પાણી જ્યાં જ્યાં જાય ત્યાં આગળ બધા જ ખેડૂતોએ સિંચાઇની સહકારી મંડળી બનાવી અને પોતાના વિસ્તારમાં પિયત મંડળી દ્વારા તેનો બધો જ નિર્ણય રીપેરીંગ, મેઇન્ટેનન્સ, જરૂરિયાત પ્રમાણે પાણી છોડવું, ન છોડવું, ક્યારે છોડવું એ બધો નિર્ણય એ પિયત મંડળીએ લેવાનો છે. પરંતુ કેટલાક અગત્યના કારણોસર આજ સુધી પિયત સહકારી મંડળીઓનું રજિસ્ટ્રેશન થયું છે પણ ખરેખર એની અમલવારી કરીને કાર્યવાહી શરું કરવી જોઇએ, પઝેશન લઇને એનો ઉપયોગ ચાલુ કરવો જોઇએ એ ના કર્યો એના કારણે ઘણી કેનાલોમાં નુકસાન થયું, વારંવાર રીપેરીંગ કરવું પડ્યું અને એને કારણે અમે અગાઉ ફેઇઝ વનમાં નિર્ણય કર્યો કે યુ.જી.પી.એલ. જે પી.વી.સી. પ્રકારની એક પાઇપ લાઇન છે એના મારફતે ખેડૂતોને આપણે સિંચાઇ વ્યવસ્થા આપીએ. કારણ કે ખેડૂતોની જમીનનું સંપાદન કરવું પડે ત્યારે ખેડૂતો જમીન નહોતા આપતા, ઢાળિયા બનાવવા નહોતા દેતા, ખેડૂતોના ટ્રેકટરો માલ સામાનની અવર–જવર માટે જાય તો ઢાળિયા તૂટી જતા હતા એટલે અમે નિર્ણય કર્યો કે યુ.જી.પી.એલ. પાઇપ લાઇન દ્વારા સબ માઇનોરમાં પાણી આપવાની શરુઆત કરવી. એમાં ખેડૂતની ખેતીનો બગાડ ન થાય, જમીન સંપાદન ન કરવી પડે, વારેવારે તોડફોડ ન થાય અને સતત ખેડૂતને સિંચાઇ માટેનું પૂરતું પાણી મળી રહે અને એના કિંમતી પાકનો કોઇ બગાડ ન થાય. આ કામ અમે જે શરુ કર્યું એ ફેઇઝ થ્રીમાં તો અમે અમલમાં મૂકી દીધેલું પણ ફેઇઝ વન પહેલા બનેલ હતું. મેં કહ્યું તે પ્રમાણે વર્ષ ૨૦૦૨–૦૩થી શરૂઆત થયેલી એટલે પછી અમે નર્મદા નિગમે અને વિભાગે નિર્ણય કર્યો કે, આખા રાજયમાં ફેઇઝ વનથી માંડીને ફેઇઝ થ્રી સુધી હવે ક્યાંય ખેડૂતોની જમીન સંપાદન કરવી નહીં, કાચા ઢાળિયા વગેરે બનાવવું નહીં અને યુ.જી.પી.એલ. પાઇપ લાઇન જ નાંખવી. ભલે સરકારને મોટો ખર્ચો આવે, ઘણો ખર્ચો આપણે ઉપાડ્યો પણ ખેડૂતની જમીન બચાવી, પાણી બચાવ્યું અને પાક બચાવવાનું, પાક સફળ કરવાનું કામ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે એનો બધાને લાભ મળ્યો છે.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારો પ્રશ્ન છે કે, જે નર્મદાની માઇનોર કેનાલ છે એ તૂટવાની વારંવાર ફરીયાદ મળતી હોય છે અને એ વારંવાર તૂટવાથી ખેડૂતોને સમયસર પાણી મળતું નથી. એ એટલા માટે કે જે કામ છે એ ખૂબ નબળા થયા છે તો જે નબળા કામ કર્યા છે જે કોન્ટ્રાકટરે એને બ્લેક લિસ્ટ કરવા જોઇએ. અધિકારીઓ ઉપર તો પગલાં લીધા છે પણ જે કોન્ટ્રાકટરોએ નબળા કામ કર્યા છે એના વારંવાર ટેન્ડર મંજૂર થાય છે એ ન થવું જોઇએ.

બીજું, પાણી સમિતિની મિટીંગ માટે અધિકારીઓને વારંવાર ફોન કરવા પડે છે ત્યારે એ સમિતિની મિટીંગ બોલાવે છે. ખેડૂતોને જ્યારે જરૂરિયાત હોય ત્યારે એની પહેલાં પાણી સમિતિની મિટિંગ બોલાવીને જો આપતા હોય તો સારું રહે. બીજું, ટેલ સુધી પાણી નથી પહોંચાડતા, જેથી નીચેના જે ખેડૂતો છે એને ખૂબ મોટું નુકસાન થાય છે તો એના માટે કંઇ કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : આમ તો આખો પ્રશ્ન વિષય બહાર જાય છે. પણ માનનીય નીતિનભાઇ નાયબ મુખ્યમંત્રીશ્રીને જવાબ આપવો હોય તો આપી શકે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે ખેડૂતો માટેની લાગણી વ્યક્ત કરી છે, અમે પણ આ બાબતમાં ખૂબ સક્રિય છીએ. કેનાલોમાં ગાબડાં ના પડે, બાંધકામ મજબૂત થાય, કોઇ જાતની ગેરરીતિ ન થાય અને ખેડૂતોને પૂરતું પાણી મળે તે જોઇએ છીએ. સાથે સાથે એ પણ કહેવું છે કે, આપણે બધા જાણીએ છીએ કે, અહીં બેઠેલો કોઇ નથી

જાણતું એવું નથી કે મોટા પ્રમાણમાં અનિયમિત રીતે ગેરકાયદેસર જરૂર ના હોય તો પાણી લેતા હોય છે. એક કેનાલ ૧૦૦ ખેડૂતોના ખેતરને પાણી આપતી હોય, પાંચ ખેડૂતને જરૂર હોય, જાતે જઇને દરવાજો ખોલી આવે, પૂરજોશમાં પાણી આવે, પેલાના ખેતરમાં પાણી ભરાઇ જાય, પછી બધું પાણી ઉભરાઇને ઓવરટોપ થઇ જાય એટલે કેનાલને નુકસાન થતું હોય છે. બીજું, હજારો એન્જિનો મૂકીને ખેડૂતો ના લેવાની જગ્યાએથી, હકક ના હોવા છતાં એ મોટા પ્રમાણમાં પાણી લે છે એનાથી પણ નુકસાન થાય છે. કેનાલના માળખાને, પાળાને, મજબૂતાઇને પણ નુકસાન થાય છે. પણ ગુજરાતના ખેડૂતોના સર્વાંગી હિત માટે આ બધું જ જે ખેડૂતોને કરવાનો હક્ક નથી એ કરે છે પણ ખેડૂતો માટેની અમારી આ સરકાર ચલાવી લે છે. ક્યાંક નાનો મોટો પ્રશ્ન થાય તો ભલે રિપેરીંગ કરવું પડે, પણ ખેડૂતે પાણી લીધું છે, ક્યાંય ખોટો ઉપયોગ નથી થયો, ખેતીમાં જ વપરાયું છે, પશુપાલનમાં જ વપરાયું છે એવું સમજીને અમે અત્યાર સુધી ચલાવી લીધું છે એ અમારી સરકારની ઉદારતા છે.

**અરવલ્લી જિલ્લાના વડાગામથી જીતપુર રોડને પહોળો કરવાનું આયોજન**

* ૨૨૭૪૦ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડિયા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના વડાગામ થી જીતપુર રોડને પહોળો કરવાનું આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો આ કામગીરી માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૧૧૨૫.૦૦ લાખ |

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, વડાગામથી જીતપુર રોડને પહોળો કરવાનું કામ મંજૂર થયું છે એ કામમાં કઇ કઇ કામગીરીનો સમાવેશ થાય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અરવલ્લી જિલ્લો પણ મોટાભાગે આદિવાસી અને ઓ.બી.સી. વસતિ ધરાવતો જિલ્લો છે. અમારો માર્ગ, મકાન વિભાગ અરવલ્લી જિલ્લામાં બધા જ જિલ્લાઓની જેમ રસ્તાઓના, પુલોના જે જરૂરી કામ હોય, નવા બનાવવા, હયાત રસ્તા પહોળા કરવા એ બધું કામ કરે છે ત્યારે માનનીય ભુપેન્દ્રભાઇનો જે પ્રશ્ન છે એ વડાગામથી જીતપુર સુધીનો ૧૦.૫ કિલોમીટરની લંબાઇનો જે રસ્તો અત્યારે ૫.૫ મીટરનો પહોળો છે એ ધારાસભ્યશ્રી અને બીજા બધાની માગણીને ધ્યાનમાં રાખીને ૭ મિટર પહોળો કરવાનું રૂપિયા ૧૧.૨૫ કરોડનું કામ અમે મંજૂર કર્યું છે. એ કામમાં નવા ૨૩ નાળા બનાવવાના છે, બે નવા સ્લેબીંગ બનાવવાના છે અને અન્ય કામગીરી એમાં આવી જાય છે અને આ રસ્તો થશે એટલે લગભગ વીસેક હજારની વસતિ ધરાવતા ધનસુરા અને બાયડ તાલુકાના ગામોને નાગરિકોને, ખેડૂતોને, વાહન ચાલકોને આ રસ્તાનો લાભ મળશે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ વીજ જોડાણ**

* ૨૨૬૬૮ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ કેટલા ઘરવપરાશના વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૫૩૯ વીજ જોડાણો આપવામાં આવેલ છે. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૧૬.૫૮ લાખનો ખર્ચ થયેલ છે. |

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લાં બે વરસમાં સુરેન્દ્રનગર જિલ્લામાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને અને અનુસૂચિત જાતિની પેટાજાતિ યોજના હેઠળ તાલુકાવાર અને વર્ષવાર...

અધ્યક્ષશ્રી : કયા તાલુકાનું જાણવું છે એ કહો.

શ્રી બાબુભાઇ જ. પટેલ : સુરેન્દ્રનગર.

અધ્યક્ષશ્રી :પણ કયા તાલુકાનું ? બધા તાલુકાનું હું નહિ વાંચવા દઉં, તમને કોઇ તાલુકાનું વિશેષ જાણવું હોય અથવા સૌથી વધારે કયા તાલુકામાં લાભ આપ્યો કે ઓછો લાભ ક્યાં આપ્યો,

શ્રી બાબુભાઇ જ. પટેલ : બે તાલુકામાં,

અધ્યક્ષશ્રી : બે તાલુકામાંને, ઓ.કે. (અંતરાય) પ્લીઝ, પ્લીઝ,

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બે વર્ષમાં ઘર વપરાશ માટેના શિડ્યુલ કાસ્ટ સબપ્લાનની અંદર યોજના દ્વારા કનેકશન આપવામાં આવે છે. લીંબડી તાલુકાની અંદર વર્ષ ૨૦૧૮માં ૩૬ અને વર્ષ ૨૦૧૯માં ૬૬ તેમ ૧૦૨ કનેકશન ૪ લાખ ૭૨ હજાર રૂપિયાના ખર્ચે આપવામાં આવ્યા છે અને આ યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાની અંદર કોઇ અરજીઓ પેન્ડીંગ નથી.

## તારાંકિત પ્રશ્નો

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, છેલ્લાં ઘણાં સમયથી ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૦ ચો.વારના પ્લોટો ના આપવાના કારણે મોટાભાગે ગામ તળ મંજૂર થયા સિવાય પેશકદમીની અંદર મકાનો બનાવીને આપવામાં આવ્યા છે અને એ પેશકદમીના મકાનો બનવાના કારણે જયારે વીજળીનું કનેકશન માગે છે ત્યારે તેના પુરાવા આપવાની વાત કરે છે ત્યારે રેકોર્ડ ઉપર પેશકદમી હોય છે એટલે પીજીવીસીએલ છે તે કનેકશન આપવાની ના પાડે છે અને ના પાડે છે ત્યારે તેમાં છેલ્લે જે પરિપત્ર કર્યો તે મુજબ ૩૦થી ૩૫નું જૂથ હોય તો કનેકશનો આપવા એ પણ જયોતિગ્રામમાં તો આ બાબત અસ્પષ્ટ છે એટલે જિલ્લાકક્ષાએ અને ગ્રામ્ય વિસ્તારમાં પેશકદમી થયેલા લોકોને પણ વીજ કનેકશન મળી રહે અને તે પણ જયોતિગ્રામનું મળી રહે તે માટે સરકાર શું કરવા માગે છે ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વીજળીનું કનેકશન આપવાના હોય તે રેગ્યુલેટરના નિયમો સપ્લાય રૂલ્સ હોય છે તે સપ્લાય રૂલ્સની અંદર કોને કોને કનેકશનો આપવાના અને તેની પાસે કઇ જાતના ડોકયુમેન્ટ લેવા તે બધુ રેગ્યુલેટર દ્વારા જાહેર કરેલું હોય છે અને પીજીવીસીએલ હોય કે કોઇ પણ કંપની હોય કનેકશન આપતા પહેલાં સપ્લાય રૂલ્સનું સંપૂર્ણપણે પાલન કરે છે.

બીજુ, જયોતિગ્રામ યોજનાની વાત કરી તો જયોતિગ્રામ યોજના મૂળ ગામતળની અંદર માટેની યોજના છે પરંતુ સરકારે તેની અંદર થોડી છૂટછાટ કરી છે કોઇ પણ એક જૂથ હોય ૧૫થી ૨૦ ઘરોનું જૂથ સાથે રહેતું હોય અને ૨૦ જણના જૂથની અંદર જિલ્લા વિકાસ અધિકારી કે ડીડીઓ કે અમારા સુપ્રિન્ટેન્ડીંગ એન્જિનિયર તેને સર્ટિફાઇ કરે, એના ડોકયુમેન્ટેશન પ્રોપર કરે અને યોગ્ય લાગે તો એ જૂથને, ૨૦-૨૫ ઘરનું જૂથ હોય તો એને જયોતિગ્રામ ધારામાં વીજળી આપવામાં આવે છે.

### ડીસાથી લાખણી રસ્તાને ચાર માર્ગીય કરવા બાબત

* ૨૨૭૨૭ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ડીસા થી લાખાણી રસ્તાને ચારમાર્ગીય કરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી માટે કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે? | (૨) રૂ.૮૫૦૦.૦૦ લાખ |

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રીના માધ્યમથી માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગુજરાતમાં જયારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા અનેક વિકાસના કાર્યો કરવામાં આવ્યા છે ત્યારે ડીસાથી લાખણીમાં મંજૂર થયેલ કામમાં કઇ કામગીરીનો સમાવેશ કરવામાં આવે છે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લાખણી એ બનાસકાંઠા જિલ્લાનો અમારી સરકારે નવો બનાવેલો તાલુકો છે. ખેડૂતોનો, પશુપાલકોનો વિસ્તાર છે અને આ તાલુકાને ડીસા જે બનાસકાંઠા જિલ્લાનું પાલનપુર જેવુ જ અગત્યનું શહેર છે, મોટું શહેર છે અને વ્યાપારીક રીતે, આરોગ્યની રીતે, શૈક્ષણિક રીતે ખૂબ મોટી વ્યવસ્થા ધરાવતું શહેર છે એટલે સ્વભાવિક છે કે લાખણીના નાગરિકોની માગણી હતી કે ડીસા સુધીનો રસ્તો ચારમાર્ગીય બનાવવામાં આવે. શ્રી પરબતભાઇ પટેલ કે જેઓ અત્યારે બનાસકાંઠાના સંસદ સભ્ય છે તેઓ જયારે ધારાસભ્યશ્રી હતા અને મંત્રીશ્રી હતા ત્યારે તેમની ખાસ આગ્રહપૂર્વકની રજૂઆત હતી કે ડીસાથી લાખણીનો રસ્તો ચારમાર્ગીય બનાવવામાં આવે અને તેમની અને વિસ્તારની લાગણીને ધ્યાનમાં રાખી અમે તા.૩૦-૫-૨૦૧૯ના રોજ આ રસ્તો ચારમાર્ગીય બનાવવાની માર્ગ મકાન વિભાગે મંજૂરી આપી અને ૩૨.૪૦ કિલોમીટરની લંબાઇ ચાર રસ્તાની એટલે કે ૩૨ કિલોમીટરનો રસ્તો જે અત્યારે સાત મીટર પહોળો છે તેને ચારમાર્ગીય બનાવવામાં આવશે અને તેના માટે જે ૬૦ કરોડ રૂપિયાનું લગભગ અંદાજીત ખર્ચ થવાનું છે. આ રૂપિયા ૬૦ કરોડમાંથી શ્રીમતી માલતીબહેને જે પ્રશ્ન પૂછયો તે પ્રમાણે ૪૧ નાળાને પહોળાં કરવાની કામગીરી આવી જાય છે, વર્ટીકલ ગ્રેડ સુધારણાની કામગીરી આવે છે. રોડ પર જે વિવિધ સુવિધાઓ કરવાની થાય એ પ્રકારની પણ કામગીરીનો સમાવેશ થાય છે. રૂપિયા ૬૦ કરોડના ખર્ચે આ રસ્તાનું કામ હાથ ધરવામાં આવ્યું છે.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ડીસાથી થરાદ એક પૂરો સ્ટેટ હાઇવે છે. તો શા માટે લાખણી સુધી લંબાવવાનો અને ચારમાર્ગીય બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો અને શા માટે થરાદ સુધી લંબાવવામાં ન આવ્યો? થરાદ એક વિકસિત શહેર છે અને તાલુકા મથક છે આ થરાદથી ડીસા રોડ પર ખૂબ અકસ્માતો થાય છે, જાન હાનિ થાય છે તો આપ આ રસ્તાને થરાદ સુધી લંબાવવા માગો છો કે નહીં તે જણાવવા વિનંતી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ છે કે જુદી જુદી રીતે બધા જ સભ્યશ્રીઓ અમારું ગામ, તાલુકો વિકસિત છે, અમારું થરાદ વિકસિત છે, એ આડકતરી રીતે સ્વીકારે તો છે જ એટલે આખું ગુજરાત વિકસિત છે.

માનનીય ગુલાબસિંહજીભાઇ, તમે જેમ કહો છો કે થરાદ વિકસિત છે. ગુજરાતના એક એક તાલુકાનો અમારી ભારતીય જનતા પાર્ટીએ વિકાસ કરી દીધો છે. ઉદ્યોગ, ધંધા, વેપાર, ખેતી, પશુપાલન, શિક્ષણ, આરોગ્ય બધું જ સાહેબ આપણે વિકસાવ્યું છે.

અધ્યક્ષશ્રી : હવે એમના પ્રશ્નનો જવાબ આપી દો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમની માગણી છે, એમનો પ્રશ્ન નથી. એમની લાગણી છે કે આ લાખણીનો રસ્તો છેક થરાદ સુધી લંબાવવામાં આવે. ભવિષ્યમાં એના અંગે યોગ્ય નિર્ણય કરવામાં આવશે. તબક્કાવાર બધા કામ થતા હોય. કોઇ કામ એક સાથે આખા રાજયના રાતોરાત ન થઇ જાય. તબક્કાવાર કામો કરીએ છીએ. આ ડીસાથી લાખણી એ ગયા વર્ષે જ કર્યું છે એ પતશે એટલે ભવિષ્યમાં ટ્રાફિક, જરૂરીયાત અને બીજી બધી અનુકુળતા જોઇને વિચારીશું.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત નાયબ મુખ્યમંત્રીશ્રી માર્ગ અને મકાનને પૂછવા માગું છું કે કંડલાનો નેશનલ હાઇવે માળીયાથી નિકળે છે અને નવો નેશનલ હાઇવે સાગર માલા આપ માળીયાના પીપળીયા ચાર રસ્તાથી જામનગરનો તરફનો કરો છો, વચ્ચે માળીયાથી પીપળીયા ૨૬ કિલોમીટરનો રસ્તો એની સાથે જોડવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ :સાહેબ અમે તો આખા ગુજરાતને જોડવા માગીએ છીએ. જોડયું છે અને જોડવાના છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, આપ જવાબ આપવાના છો એવું બધા જાણે છે એટલે આખા ગુજરાતનું પૂછશે. તેઓ જાણે છે કે આપ જવાબ આપશો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, મારી જવાબદારી છે. હું સૈદ્ધાંતિક વાત કરું છું, હું કોઇ એક રસ્તા વિશે વાત ના કરી શકું. પરંતુ હું ફરીથી કહું સાહેબ, કે મેં વારંવાર કહ્યું છે કે આખા ગુજરાતને વિશાળ, સુંદર, અદ્યતન, ટ્રાફિકની સરળતા થઇ જાય તો ડિઝલની બચત થાય. કોઇ જગ્યાએ રેલવે ફાટકો ન રહે. બધી નદીઓ પર પુલ બને આ બધું અમારી સરકારે નિર્ધારીત કર્યું છે. આ વર્ષે પણ મોટું બજેટ છે. તબક્કાવાર આખા ગુજરાતને ગુજરાતની અમારી સરકારની વિકાસ યાત્રાનો લાભ અમે આપીશું. એમાં માનનીય બ્રિજેશભાઇની લાગણી પણ અમે નોંધી લઇશું અને એના અંગે પણ યોગ્ય કરીશું.

શ્રી શશીકાન્ત મ. પંડ્યાઃ માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે હું એ જાણવા માગું છું કે, ડીસાથી લાખણીનો રસ્તો પહોળો કરવાથી કેટલા ગામોને લાભ થશે**?** તેમજ ગોગા ફાટક જે મારા મતવિસ્તાર સુધી અડધો રસ્તો મારા મત વિસ્તારમાં છે. માટે હું આપને વિનંતી કરું છું કે ગોગા ફાટક પાસે રેલવે લાઇન છે એ રેલવે લાઇન બનશે કે નહીં **?** (અંતરાય) અરે ભાઇ, સાંભળો તો ખરા, જુઓ સાહેબ, આ કેવી વાત કરે છે.

અધ્યક્ષશ્રી : એમને સાંભળવાનું નથી, મારે સાંભળવાનું છે અને મંત્રીશ્રીને કહોને.

શ્રી શશીકાન્ત મ. પંડ્યાઃ માનનીય અધ્યક્ષશ્રી, માંડ માંડ પ્રશ્ન આવ્યો છે અને આ બધા બધું લઇ જાય છે. ભાઇ, શાંતિ રાખો.

અધ્યક્ષશ્રી : ના, ના તમને બોલવા દઇએ છીએ. આ બાજુ, ત્યાં જોશો જ નહીં.

શ્રી શશીકાન્ત મ. પંડ્યાઃ સાહેબ, ડીસાથી લાખણી એમાં ૫૦ ટકા મારા મત વિસ્તારના ગામો આવે છે, એમાં રેલવે ટ્રેક છે. આ રેલવે ટ્રેક પર બ્રિજ બનશે કે નહીં અને આ રસ્તો ડીસા– લાખીણીનો કયારે પૂર્ણ થશે, કેટલા ગામોને લાભ મળશે અને મારી બીજી લાગણી છે કે અમે જે પ્રશ્ન પૂછીએ ત્યારે અમારા બ્રિજેશભાઇએ આખા ગુજરાતનો પ્રશ્ન કર્યો એટલે અમે તો રહી જ ગયા. એટલે અમારો જે પ્રશ્ન ચાલતો એને થોડી પ્રાયોરિટી આપો, મારા મત વિસ્તારનો છે એટલે મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : તમારા મત વિસ્તારનો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું ડીસાને જોડતો આ લાખણીનો ફોર લેન્ડ રસ્તો બની રહ્યો છે. માનનીય શશીકાન્તભાઇની પણ લાગણી સાચી છે. એમનો તાલુકો અને એમના વિસ્તારના પણ ઘણા ગામો આ રસ્તાના લાભાર્થી છે. આ રસ્તો જે બની રહ્યો છે એમાં એમણે ગામોના નામ માગ્યાં છે તો એમાં લાખણી ગામ મોટું છે, ૧૧ હજારની વસ્તી ધરાવે છે. આઠડા ગામ સવા પાંચ હજારની વસતિ ધરાવે છે. ચિત્રોડા ગામ ૨૩૦૦ની વસતિ ધરાવે છે. કાપરા ગામ ૪ હજારની વસતિ ધરાવે છે. વરનોડા ૨૮૦૦ની વસતિ ધરાવે છે. નાણી ગામ ૨૮૦૦ની વસતિ ધરાવે છે અને શ્રી શશીકાંતભાઇના તાલુકાના ડીસાનું શેરગઢ ગામ ૨૦૦૦ની વસતિ ધરાવે છે. આખોટ ૪૩૦૦ની વસતિ ધરાવે છે. ડામા ૪ હજારની વસતિ ધરાવે છે. રામપુરા સાડા પાંચ હજારની વસતિ ધરાવે છે. રામપુરા ઉગમણો વાસ ૩૨૦૦ની વસતિ ધરાવે છે. ગોઠા ગામ ૧૭૦૦ની વસતિ ધરાવે છે. જોરાપુર ૩૦૦૦ અને ડીસા ૧ લાખ ૧૫ હજારની વસતિ ધરાવતું શહેર છે. અને કુલ ૧ લાખ ૬૫ હજાર નાગરીકોને આ રસ્તો બનવાથી રૂપિયા ૬૦ કરોડના ખર્ચે જેનું કામ થાય છે તે આપણે કરી રહ્યા છીએ. માનનીય શશીકાંતભાઇએ રેલવે ઓવર બ્રિજની રજૂઆત કરી તેની અમે નોંધ લીધી છે. ભારત સરકાર એટલે કે રેલવે ૫૦ ટકા શેર ફાળો આપે અને ૫૦ ટકા રાજય સરકાર આપે એ પ્રમાણે આ ફાટક ઉપર પુલ બનાવવાના કામ માટે અમે રેલવેની પાસે દરખાસ્ત કરી છે.

### જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પાસ થયેલ એમ.બી.બી.એસ. ડૉક્ટરોની નિમણૂક

*૨૪૫૨૦ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે | (૧) અને (૨) **પત્રક–૧** આ સાથે સામેલ છે. |

વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ કેટલા ડૉક્ટરોને નિમણૂક આપવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા ડૉક્ટરો ફરજ પર હાજર થયા અને કેટલા ડૉક્ટરો હાજર ન થયા,

(૩) હાજર ન થયા હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલી અને કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) **પત્રક–૨** આ સાથે સામેલ છે.

(૪) ઉક્ત બોન્ડની બાકી રકમ વસૂલવા સરકારે શું કાર્યવાહી કરી?

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**પત્રક–૧**

| તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડોક્ટરોની નિમણૂંકોની વિગત દર્શાવતું પત્રક | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૮ | | | વર્ષ ૨૦૧૯ | | |
| | | નિમણૂક આપેલ ડોક્ટર | ફરજ પર હાજર થયેલ ડોક્ટર | ગેરહાજર રહેલ ડોક્ટર | નિમણૂક આપેલ ડોક્ટર | ફરજ પર હાજર થયેલ ડોક્ટર | ગેરહાજર રહેલ ડોક્ટર |
| ૧ | જામનગર | ૩૦ | ૪ | ૨૬ | ૧૮ | ૫ | ૧૩ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૨૮ | ૨ | ૨૬ | ૪૮ | ૨ | ૪૬ |
| | કુલ | ૫૮ | ૬ | ૫૨ | ૬૬ | ૭ | ૫૯ |

**પત્રક–૨**

| હાજર ન થયા હોય તેવા ડોક્ટરોની બોન્ડની વસૂલાતની વિગત દર્શાવતું પત્રક | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૮ | | | વર્ષ ૨૦૧૯ | | |
| | | બોન્ડની રકમની વસૂલાત કરેલ ડોક્ટરોની સંખ્યા | વસૂલાત કરેલ બોન્ડની રકમ (રૂ.) | વસૂલાત કરવાની બાકી બોન્ડની રકમ (રૂ.) | બોન્ડની રકમની વસૂલાત કરેલ ડોક્ટરોની સંખ્યા | વસૂલાત કરેલ બોન્ડની રકમ (રૂ.) | વસૂલાત કરવાની બાકી બોન્ડની રકમ (રૂ.) |
| ૧ | જામનગર | ૩ | ૪૫૦૦૦૦ | ૩૪૫૦૦૦૦ | ૧ | ૧૫૦૦૦૦ | ૬૦૦૦૦૦૦ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૩ | ૪૫૦૦૦૦ | ૩૪૫૦૦૦૦ | ૨ | ૧૦૦૦૦૦૦ | ૨૨૦૦૦૦૦૦ |
| | કુલ | ૬ | ૯૦૦૦૦૦ | ૬૯૦૦૦૦૦ | ૩ | ૧૧૫૦૦૦૦ | ૨૮૦૦૦૦૦૦ |

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે જામનગર જિલ્લામાં ગયા બે વર્ષમાં કુલ ૪૮ ડોકટરોની નિમણૂકો કરાઇ હતી અને તેમાંથી માત્ર ૯ હાજર રહ્યા અને ૩૧ ગેર હાજર રહ્યા. એ જ રીતે દેવભૂમિ દ્વારકામાં પણ ગયા બે વર્ષમાં કુલ ૭૬ નિમણૂકો કરાઇ એમાંથી માત્ર ૪ હાજર થયા અને ૭૨ ગેરહાજર રહ્યા, તો મોટા ભાગના ડોકટરો હાજર થતા નથી. તેમની પાસેથી બોન્ડની રકમ પણ વસૂલવામાં આવે છે. પણ એ રકમ આજ દિવસ સુધી વસૂલવામાં આવી નથી. અંદાજે રૂપિયા સાડા ત્રણથી પોણા ચાર કરોડની રકમ કયારે વસૂલવા માગો છો અને બીજો પ્રશ્ન એ છે કે મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા, એટલે કે એમ.સી. આઇ. કે ગુજરાત સરકાર દ્વારા આ ડોકટરોને જે ડીગ્રી આપવામાં આવે છે તે પ્રોવિઝનલ ડીગ્રી આપવી જોઇએ અને ૩ વર્ષ માટે સરકારી હોસ્પિટલમાં સેવા આપે પછી જ કાયમી ડીગ્રી આપે તેવી જોગવાઇ કરવી જોઇએ. ખાસ કરીને ત્રીજો પ્રશ્ન એ છે કે મારા વિસ્તારમાં રેફરલ હોસ્પિટલ આવેલી છે તેને અપગ્રેડ કરીને ૩૦ બેડમાંથી ૫૦ બેડની અપગ્રેડ કરવામાં આવે. અત્યારે ગાયનેકની જગ્યા ખાલી છે, ડેન્ટલની ચેર આવી ગઇ છે પણ કયારેય ડેન્ટલ ડોકટરની નિમણૂક થઇ નથી અને લાલપુર વિસ્તારમાં પણ આ જ પરિસ્થિતિ છે.

અધ્યક્ષશ્રી : આ છેલ્લો પ્રશ્ન પહેલો પૂછવાનો હતો.

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : પણ સાહેબ, ઘણા બધા પ્રશ્નો એવા છે કે ખરેખર ગ્રામ્ય વિસ્તારોમાં ડોકટરોની એટલી બધી અછત છે અને ડોકટરો ગ્રામ્ય વિસ્તારમાં આવવા માગતા નથી. જો આ રીતે પ્રોવિઝનલ ડીગ્રી આપવામાં આવે તો ફરજિયાત ૩ વર્ષ માટે એ સરકારી દવાખાનામાં સેવા આપે એ સર્ટિફાઇડ થયા પછી જ એમને ફાઇનલ ડીગ્રી આપવામાં આવે અને તો જ એ પ્રાઇવેટ કલીનીક ખોલી શકે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહમાં અનેક વખત પ્રશ્નોત્તરીમાં અને આરોગ્ય વિભાગની જુદી જુદી ચર્ચાઓ દરમ્યાન ગુજરાતમાં સરકારી ડોકટરોની અછત એ મુદ્દા અંગે ઘણી ચર્ચા થઇ છે અને મેં આમાં ઘણી વિગતવાર માહિતી વિસ્તૃત રીતે સભ્યશ્રીઓને આપી છે. ગુજરાતમાં ડોકટરોની અછત છે એ નકકી છે, એના કારણો પણ

નકકી છે. ગુજરાતમાં શરૂઆતમાં મેડિકલ કોલેજો દક્ષિણના બીજા રાજયો કરતા ઓછી હતી. ગુજરાતમાં સેલ્ફ ફાઇનાન્સ મેડિકલ કોલેજોની ભૂતકાળમાં મંજૂરી આપવામાં નહોતી આવતી. ફકત સરકારી કોલેજો અમદાવાદ, વડોદરા, સુરત, જામનગર, રાજકોટ અને પછી ભાવનગર એ શરૂઆત થઇ. મર્યાદિત સીટોમાં મર્યાદિત વિદ્યાર્થીઓ મેડિકલની ડીગ્રી મેળવ્યા પછી મોટા ભાગના વિદ્યાર્થીઓ ખાનગી પ્રેકટીસ માટે જતા રહેતા હતા. મોટા ભાગના વિદ્યાર્થીઓમાંથી ઘણા વિદ્યાર્થીઓ પરદેશ જતા રહેતા હતા. કારણ કે ગુજરાત અન્ય રાજયો કરતા વધુ સુખી અને સમૃદ્ધ રાજય છે એટલે આપણા વિદ્યાર્થીઓને પરદેશ જવું પોષાતું હતું એટલે સરકારી નોકરીમાં આજથી નહીં પણ વર્ષ ૧૯૯૦માં હું પહેલી વખત ધારાસભ્ય થયો તે વખતે પણ આ જ પ્રશ્નો અમે પૂછતા હતા અને તેવા જવાબો તે વખતના ભૂતકાળના આરોગ્ય મંત્રીશ્રીઓ હંમેશા આપતા આવ્યા છે. રેકોર્ડ જોઇ લેજો અમે ઉભો કરેલો આ પ્રશ્ન નથી. આ પ્રશ્નને હલ કરવા માટેના ઉપાયો અમે કરી રહ્યા છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીનો આક્ષેપ નથી પણ જે પૈસા બાકી છે એ વસૂલવામાં આવશે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું કે આટલા જ હાજર થયા છે એના એમણે આંકડા આપ્યા છે મેં એનો જવાબ આપ્યો છે. માનનીય ચિરાગભાઇની વાત સાથે હું સંપૂર્ણ સહમત છું. જે ડોકટરો જામનગર મેડીકલ કોલેજ તથા રાજયની અન્ય મેડીકલ કોલેજોમાં અભ્યાસ કરીને બહાર પડે છે એની પાસેથી બોન્ડ લઇએ છીએ. આ ખૂબ જ અગત્યનો પ્રશ્ન છે. ગુજરાતમાં મેડીકલના વિદ્યાર્થીઓને ગુજરાતની પ્રજાના પરસેવાના કરવેરાની કમાણથી ચાલતી મેડીકલ કોલેજોમાં ફકત છ હજાર રૂપિયામાં આપણી સરકાર ભણાવે છે. અગાઉની સરકારો વખતે પણ આ ફી છ હજાર રૂપિયા જ હતી અને અત્યારે પણ છ હજાર રૂપિયા જ છે. બાલ મંદિરમાં બાળકને દાખલ કરવામાં આવે તો ત્યાં પણ છ હજાર રૂપિયામાં પગ પણ ન મૂકવા દે. એક વિદ્યાર્થીને ભણવા માટે ૨૫-૨૫ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે. આની અંદર ગરીબ વર્ગ એસ.સી., એસ.ટી., બક્ષી પંચના વિદ્યાર્થીઓ ભણતા હોય છે એ ફી વધારીએ તો ભણી ન શકે એટલા માટે રૂપિયા છ હજાર જેવી ઓછી રકમમાં એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરાવીએ છીએ. ઓછી ફીમાં પી.જી.નો અભ્યાસ કરાવીએ છીએ અને બોન્ડ લઇએ છીએ. મારે આ એટલા માટે કહેવું છે કે મેં ગઇકાલે જ વિગતો કઢાવી કે વર્ષ ૧૯૭૨માં બે વર્ષ ગ્રામ્ય વિસ્તારમાં સેવા માટે જવું અને પાંચ હજાર રૂપિયા બોન્ડ હતો. તે વખતે પણ ડોકટરો ગ્રામ્ય વિસ્તારમાં સેવા કરવા જતા નહોતા અને આજે પણ આવતા નથી. હું સભાગૃહનો વધારે સમય નહિ લઉં. કારણ કે સભ્યશ્રીઓ મારી સામે જોઇ રહ્યા છે. પહેલા ત્રણ વર્ષની ગ્રામ્ય વિસ્તારમાં સેવા અને પાંચ લાખ બોન્ડ હતો. તેમ છતાં ડોકટરો આવતા નહોતા. પછી આપણે નવો અનુભવ કરવા માટે રૂપિયા દસ લાખ રૂપિયાનો બોન્ડ અને એક વર્ષની સેવા કરી તેમ છતાં ડોકટરો આવતા નથી. અમારો આગ્રહ છે કે વધારેમાં વધારે સરકારના પૈસે મફત ભણે, પ્રજાના પરસેવાની કમાણીમાંથી ભણે છે. જયારે બહાર ખાનગી કોલેજોમાં જાવ તો ૪૦થી ૫૦ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે. કર્ણાટક, મહારાષ્ટ્ર, કે તામિલનાડુ ભણવા જવું પડતું હતું એ અહીંયા ભણતા થયા છે. આપણી મેડીકલ કોલેજોની સીટો વધી છે એના લીધે બે ત્રણ વર્ષમાં ડોકટરો પ્રાપ્ત થશે.

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : મારો સવાલ એ હતો કે બોન્ડની રકમ કયારે વસૂલવામાં આવશે. અમારે ત્યાં ગાયનેક વગેરેની જગ્યા ખાલી છે એ કયારે ભરવામાં આવશે?

અધ્યક્ષશ્રી : બોન્ડની રકમ વસૂલ કરવાની વાત હતી, જગ્યાઓ ભરવાની વાત હતી અને એમની રેફરલ હોસ્પિટલ છે એને અપગ્રેડ કરવાનો સભ્યશ્રીનો પ્રશ્ન હતો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ત્રણ હજારથી વધારે ડોકટરો પાસેથી બોન્ડની રકમ વસૂલ કરવાની બાકી છે. એમ.બી.બી.એસ.ની ડીગ્રી ન આપવી એ બાબતે આપણી પાસે કોઇ કાયદાકીય અધિકાર નથી, પ્રોવિઝનલ સર્ટિફિકેટ આપવાનો અધિકાર નથી. કોઇ વિદ્યાર્થી એમ.બી.બી.એસ. કરે એને સરકાર સર્ટિફિકેટ આપતી નથી. હું માનનીય સભ્યશ્રીની જાણકારી માટે કહીશ કે જે તે યુનિવર્સિટી એ આપે છે.

અધ્યક્ષશ્રી : રેફરલ હોસ્પિટલ અપગ્રેડ કરવાની એમની માગણી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બોન્ડની રકમ વધારી છે અને વસૂલાત પણ વધારી છે. આ વર્ષે લગભગ ૧૯ કરોડ રૂપિયાની વસૂલાત આપણે ડોકટરો પાસેથી કરી છે. ઘણા તો જતા રહ્યા છે એમના સરનામા પણ મળતા નથી. પરંતુ હવે અમે આ બાબતે સઘન કાર્યવાહી ચાલુ કરી છે. એના માટે સ્પેશિયલ મામલતદાર મૂકીને કામગીરી કરી રહ્યા છીએ. બોન્ડ વસૂલ કરીશું અને વધારેમાં વધારે ડોકટરો સરકારી સેવામાં જોડાય એના માટેના પ્રયત્નો કરીશું અને હવે ૨૦ લાખ રૂપિયા બોન્ડ અમલમાં મૂકી દીધો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય વિક્રમભાઇ (અંતરાય) આવી ગયું, આવી ગયું ઘણું આવી ગયું, હજુ કહેશો તો બીજી દસ મિનિટ જશે, પ્લીઝ, પછી લઇએ, કાંઇક બાકી હશે તો પછી લઇએ.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ બહુ વિસ્તૃત રીતે જાણકારી આપી અને એમની કાબેલિયત ઉપર પણ મને શંકા નથી. મારા બે પ્રશ્નો છે. એક દેવભૂમિ દ્વારકાની અંદર વર્ષ ૨૦૧૮માં અઠ્યાવીસ ડોકટરોની નિમણૂક કરી, બે જ જણા હાજર થયા. વર્ષ ૨૦૧૯ની અંદર અડતાળીસ ડોકટરોની નિમણૂક કરી, બે જ જણા હાજર થયા. બોન્ડની ચર્ચા પછી કરીશું, તમે કબુલ કરો છો કે ત્યાં અડતાળીસ ડોકટરની જરૂર છે અને છતાં બે જ ડોકટરથી ચાલે છે. પોરબંદર – દ્વારકા, દૂર દૂરથી દર્દીઓ આવે છે. ઔદ્યોગિક ઝોન છે હું સમજું છું પણ અગત્યનો પ્રશ્ન છે. માનનીય અધ્યક્ષશ્રી,

કે અડતાળીસ ડોકટરની જગ્યા ઉપર બે જ ડોકટરો કેવી રીતે કામ કરી શકે? બોન્ડ તો પછી તમે લઇ શકો. બોન્ડની રકમ બે કરોડ અને વીસ લાખ રૂપિયા વસૂલ કરી નથી એમાં કોઇ મર્યાદા નથી હોતી. સરકાર કડક થાય તો એ અમલ કરી શકે. ડોકટર હાજર ન થાય એ પ્રશ્ન તમારો છે પણ બીજી જગ્યાએથી ઉપાડીને પણ ત્યાં ડોકટર મૂકવા જોઇએ એ વાત સાથે તો આપ સંમત છો? અડતાળીસ ડોકટરની જગ્યામાં બે ડોકટર કેવી રીતે કામ કરી શકે? ડોકટરની કામગીરી શું છે? લોકોની હાલત શું છે ? એ તો આપ સમજી શકો છો. તો બીજેથી ડોકટર લઇ અહીંયા ડોકટર મૂકવા માગો છો કે નહીં ? અને જે બોન્ડની રકમ બે કરોડ અને વીસ લાખ રૂપિયા છે એ આપના અધિકારની અંદર છે, કડક થઇ અને તાત્કાલિક વસૂલાત કરવા માગો છો કે નહીં ? એટલા માટે કે એ વસૂલાત નહીં કરો, એમની પાસે પૈસા નહીં હોય તો એ નોકરી ઉપર આવી જશે. એટલા માટે એક જાતનું દબાણ હોવું જરૂરી છે. આપે કીધું એ હું સમજું છું કે, પબ્લિકના પરસેવાના પૈસે ડોકટર બનતા હોય અને વિદેશ જવું હોય, એને પ્રાયવેટ કરી પૈસા કમાવવા હોય તો એમણે અહીંયા હાજર થવું પડે અથવા તો પૈસા આપવા પડે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વાત સાથે હું સંપૂર્ણ સંમત છું. એમ.બી.બી.એસ. થયા પછી ગુજરાતમાં એક, શ્રી વિક્રમભાઇ, બીજો મોટો સુધારો અને વધારો આપણે કર્યો છે. એક તો પી.એચ.સી. અને સી.એચ.સી. ભૂતકાળમાં જે હતા, હું કોઇ ટિકાત્મક રીતે નથી કહેતો, પહેલાં બસ્સો ડોકટરો મળતા હતા તો સામે જરૂરિયાત પણ મર્યાદિત હતી. અમારી સરકારે આખા ગુજરાત રાજ્યમાં બધી જ જગ્યાએ પી.એચ.સી. અને સી.એચ.સી.નું વિશાળ નેટવર્ક પૂરું કરી દીધું છે. સાથે સાથે આપણે પી.જી.ની સીટો પણ વધારી છે. એમ.બી.બી.એસ. કર્યા પછી વિદ્યાર્થી પી.જી. કરવા જાય તો આપણા નિયમો પ્રમાણે એ પોસ્ટ ગ્રેજ્યુએટ થાય તો એમ.બી.બી.એસ.ના બોન્ડ એના વસૂલ કરવાના રહેતા નથી. એ એમ.બી.બી.એસ. થઇ પી.જી.માં એડમિશન લે પછી પોસ્ટ ગ્રેજ્યુએશન પૂરું કરે એ વખતે એના પી.જી.ના બોન્ડ, જે મોટી રકમ છે એ આપણે વસૂલ કરવાની રહે છે. ગુજરાતમાં હવે એ પણ આશ્ચર્યજનક છે કે, એમ.બી.બી.એસ. થવું હવે બધાને નથી ગમતું, પી.જી. થવાનું બધા વધુ પસંદ કરે છે. પી.જી.ની સીટો પણ આપણી સરકારે વધારી છે એટલે પી.જી.માં વધુ વિદ્યાર્થીઓ જાય એટલે એના બોન્ડ આપણે વસૂલ ના કરી શકીએ, એ જતો રહ્યો છે એવું પણ ના કહેવાય. પી.જી. પૂરું કરે પછી આપણે એની પાસે બોન્ડ લેવાના હક્કદાર થઇએ છીએ. ભૂતકાળમાં પી.એચ.સી. ઓછા હતા, મર્યાદિત ડોકટરોની જરૂર હતી, એટલે ડોકટર ઓછા જોઇતા હતા. હવે અમે વિશાળ નેટવર્ક ઉભું કરી દીધું છે. એટલે તમારી વાત સાચી છે, દ્વારકામાં કોઇકને મૂકવા જાઉં તો જ્યાંથી બદલું એને જો પસંદ હોય તો એ દ્વારકા જાય નહીં. તો સાહેબ, મોટી તકલીફ એ છે કે, કોઇ ડોકટરને સહેજ આઘા–પાછા કરીએ છીએ તો તરત જ રાજીનામું, સ્વૈચ્છિક નિવૃત્તિ લઇ લે છે. હવે સ્વૈચ્છિક નિવૃત્તિ લેવાનો એનો અધિકાર છે. આપણે એને રોકી શકતા નથી. એટલે આ બધી જ જે તકલીફો છે એ તકલીફોની વચ્ચે જેટલા વાજબી શક્ય દર્દીઓને, નાગરિકોને સારવાર આપવા માટેના આપણે પ્રયત્ન કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, દ્વારકા જિલ્લામાં ચાર સી.એચ.સી. છે, એમાં બારમાંથી દસ જગ્યાઓ શ્રી વિક્રમભાઇ આપને ત્યાં ભરેલી છે અને જામનગરમાં તો મોટી મેડિકલ કોલેજ છે. તમામ સુવિધાઓ જેવી અમદાવાદ સિવિલમાં છે એના જેવી જ તમામ સુવિધાઓ જામનગરની ગુરુ ગોવિંદસિંહજી હોસ્પિટલમાં છે અને હજાર, પંદર સો કરતાં બે હજાર જેટલા દર્દીઓ રોજ ત્યાં સારવાર મેળવે છે. એટલે જામનગર હબ બની ચૂક્યું છે. ખંભાળિયામાં પણ આપણે વ્યવસ્થા કરી છે અને તમારે ત્યાં જામનગર જિલ્લામાં જે ત્રેવીસ પી.એચ.સી. છે, એ ત્રેવીસે ત્રેવીસમાં ડોકટરો ભરેલા છે. એટલે આવતા જતા રહે છે. આજે હું જવાબ આપું અને ભરેલા. કાલે કોઇક રાજીનામુ આપી દે. કાલ કોઇકને પી.જી.માં એડમિશન મળી જાય તો પી.જી. કરવા જતા રહે. તો આ આંકડા બદલાયા કરે છે. આ સરકારી કર્મચારીઓની જેમ નથી કે એકવાર દાખલ થયા કે ૫૮ વર્ષે રીટાયર્ડ થાય ત્યાં સુધી સરકારમાં જ રહેવાના. ડોક્ટરોની અવરજવર મોટા પ્રમાણમાં ચાલુ રહે છે. એટલે આ બધા પ્રશ્નો છે. પણ અમારા આરોગ્ય વિભાગના સંનિષ્ઠ અને ઉચ્ચતમ પ્રયાસો છે. અમે બધા આની પાછળ પૂરેપૂરી કાળજી રાખીએ છીએ.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : મારા પ્રશ્નનો જવાબ નથી મળ્યો. બીજેથી લઇને ડોક્ટરો મૂકવા માગો છો કે નહીં? કારણ કે ૪૮ ડોક્ટરની જગ્યાએ બે ડોક્ટર કામ કરે તો ન ચાલે. ૨૪ કલાકનું કામ છે. બીજું, મંત્રીશ્રીએ કહ્યું કે જામનગરમાં છે. સાહેબ, ૧૫૦ કિલોમીટરથી અકસ્માતનો કેસ જામનગર પહોંચે તો રસ્તામાં આપણે સમજી શકીએ છીએ કે અકસ્માતના કેસમાં ૧૫૦–૨૦૦ કિલોમીટર મહત્વના નથી. આ ડોક્ટરની વાત છે, અકસ્માતની ગંભીરતાની વાત છે. ઔદ્યોગિક ઝોન છે એટલે દ્વારકામાં ૧૫૦–૨૦૦ કિલોમીટરથી જામનગર આવે ત્યારે જામનગરમાં સુવિધા મળે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું, શ્રી વિક્રમભાઇ, કદાચ બીજા વિચારોમાં હશે એટલે ધ્યાનમાં નહીં આવ્યું હોય. નવો પ્રશ્ન મનમાં ગોઠવતા હશો. હું પણ જવાબો ગોઠવું છું કે આનો જવાબ કેવી રીતે આપવો એ ગોઠવણ કરવી પડે. માનનીય અધ્યક્ષશ્રી, હું ફરી કહું, તમારી લાગણીની હું કદર કરું છું. સાંભળો. દ્વારકા જિલ્લામાં ચાર સી.એચ.સી. છે. તેમાં ૧૨ એમ.બી.બી.એસ. ડોક્ટરોની જગ્યાઓ મંજૂર છે. આ ૧૨માંથી ૧૦ જગ્યાઓ ભરેલી છે એમ મેં આપને કહ્યું. તમારા દ્વારકા જિલ્લામાં ૨૩ પી.એચ.સી. છે. ૨૩ પી.એચ.સી.માં એમ.બી.બી.એસ. ડોક્ટરો ભરેલા છે. જગ્યા ખાલી નથી. ખાલી છે તે પી.જી. ડોક્ટરોની જગ્યાઓ ખાલી છે. અનુસ્નાતક ડોક્ટરોની જગ્યાઓ ખાલી છે. તેમાં તમે સાચા છો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રીએ વિધાનસભાગૃહમાં વિસ્તૃત જવાબ રજૂ કર્યો છે.

અધ્યક્ષશ્રી : તો પછી આગળ ન પૂછો તો આગળ જવાય.

તા.૩જી માર્ચ, ૨૦૨૦

તારાંકિત પ્રશ્નો

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તેના અનુસંધાનમાં દરેક વખતે પોતે પણ સ્વીકારે છે કે ડોક્ટરોની અછત છે. વર્ષ ૧૯૭૨માં ૫,૦૦૦નો બોન્ડ હતો અને આજે રૂપિયા ૨૦ લાખ સુધી બોન્ડ પહોંચેલો છે. તેમ છતાં પણ ડોક્ટરો બોન્ડની પણ પરવા કર્યા વગર જતા રહે છે. તેમનો અતોપતો તમે કહો છો તેમ મળતો નથી. એ વાત સાથે હું સંમત થતો નથી. મારી પાસે જે માહિતી છે એ મુજબ છેલ્લા બે વર્ષમાં ૨૨૦૦ કરતા પણ વધારે ડોક્ટરોની નિમણૂક કરવામાં આવી હતી અને તે નિમણૂક કર્યા પછી ૧૯૦૦ કરતા પણ વધારે ડોક્ટરો ફરજ ઉપર હાજર થયા નથી. તો માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે ૬૦૦૦ રૂપિયાની ફીમાં જે વિદ્યાર્થીઓ ભણે છે તેમ છતાં પણ સરકારનો નિયમ હોય એ નિયમનું પાલન કરતા નથી અને જતા રહે છે, વિદેશ ભાગી જાય છે. આપ કહો છો. તો જે રીતે ૧૯૦૦ જણા હાજર ન થયા. ભવિષ્યમાં પણ આ પ્રશ્ન ઉભો રહેવાનો છે. તો સરકારશ્રી એવી કોઇ નીતિ જાહેર કરીને એવું ચોક્કસ કરવા માગે છે કે ૬૦૦૦ રૂપિયાની ફીમાં ભણતા વિદ્યાર્થીઓ હોય તેમના માટે એક વર્ષ કે બે વર્ષ ફરજીયાત પી.એચ.સી. કે સી.એચ.સી.માં નોકરી કરે એ રીતનું કોઇ સરકાર દ્વારા આયોજન કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ તો આયોજન છે જ. બોન્ડ શેના માટે લઇએ છીએ? ગ્રામ્ય વિસ્તારમાં સેવા આપવાની ફરજીયાત જરૂરિયાત છે.

અધ્યક્ષશ્રી : તેમ છતાંય જતા રહે છે. નવી કોઇ નીતિ કરવા માગો છો એવું પૂછે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં બે રીતે કહ્યું. બધા જતા રહેતા નથી. એમ.બી.બી.એસ. પછી પી.જી.માં જાય. પછી પી.જી. થઇને જ્યારે આવે ત્યારે આપણે એને સેવાઓમાં જોડીએ છીએ. બીજું, ઘણાં બોન્ડ ભરી પણ દે છે અને પ્રાઇવેટ પ્રેક્ટીસ ચાલુ કરે. ક્લિનિક–હોસ્પિટલ ચાલુ કરે.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, આપનો જવાબ માનનીય મંત્રીશ્રીએ આપી દીધો. હું માનું છું હવે કોઇ નવો જવાબ ન હોય.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, હવે તો તેની માલ મિલકત, જમીન, તેનું ઘર તેની હરાજી કરવાનું અમે શરૂ કર્યું છે. વસૂલાતની કડક કાર્યવાહી કરી છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ગુજરાતના ગામડાની આરોગ્યથી પીડાતી પ્રજાના નિવારણનો છે. શ્રી નીતિનભાઇએ વિસ્તૃત જવાબ આપ્યો છે. માનનીય ગૃહના નેતાને પણ હું વિનંતી કરું છું કે સરકારે જવાબ આપ્યો છે ૨ વર્ષમાં ૯૩ ડોકટરો સરકારી ખર્ચે ભણીને વિદેશ જતા રહ્યા.(અંતરાય) આમાં જવાબ આપ્યો છે. ૯૩ ડોકટરો વિદેશ જતા રહ્યા એવું સરકારે સ્વીકાર્યું છે. મારી વિનંતી છે આ પ્રશ્નોત્તરીના પ્રશ્ન ક્રમાંકઃ ...

અધ્યક્ષશ્રી : આ પાછો નવો ખુલાસો આપવાનો ના થાય. હજુ એક તો બાકી છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને મારી એટલી વિનંતી છે, (અંતરાય) આ સરકારી માહિતી છે. પ્રશ્ન ક્રમાંકઃ ૭૮, એટલે મારી આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી છે અને ગૃહના બધા માનનીય સભ્યોની વિનંતી છે કે આપણે આપણા ખર્ચે કોઇ ગરીબ બાળકને ભણાવીને ડોકટર બનાવીએ અને ડોકટર બન્યા પછી માણસની જિંદગીનું મૂલ્ય ખાલી રૂપિયા સાથે સાથે તોલીયે એ એ ચલાવી શકાય નહીં. ગુજરાતમાં સરકારી હોસ્પિટલમાં સરકારી ખર્ચે બાળક ભણે છે અને એને ડોકટર બનાવવાની આ સરકાર જવાબદારી લે છે ત્યારે ગામડામાં પી.એચ.સી.માં, સી.એચ.સી.માં ઓછામાં ઓછા ત્રણ વર્ષ ફરજ નિભાવવાની જવાબદારી ઉભી થાય એવો કોઇ કાયદો ઘડવો જોઇએ, આ આખા ગૃહની લાગણી છે અને તો જ સમસ્યાનું સમાધાન થશે અને આમાં અમે ખૂબ સકારાત્મક છીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ચોખવટ કરી લઉં કે શ્રી પરેશભાઇએ પાછળનો પ્રશ્ન–૭૮ વાંચ્યો એ આખા ગુજરાત રાજયને લગતો છે. આ પ્રશ્ન દ્વારકા જિલ્લા અને ગીર સોમનાથ અને જામનગર જિલ્લાનો ચાલે છે. હું હજી કહું છું કે અનેક કારણો છે, કોઇ પી.જી. કરે, કોઇ પ્રાયવેટ પ્રેકટીસ કરે, પરદેશ જતા રહે, ભણીને બીજા રાજયમાં જતા રહે. સાહેબ, હજી મેં વધુ સમય એટલા માટે નથી લીધો કે પછી સમયની મર્યાદા છે.

અધ્યક્ષશ્રી : વધુ સમય? શું કીધું આપે? ફરી કહો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મેં વધુ સમય એટલા માટે નથી લીધો..

અધ્યક્ષશ્રી : આટલો સમય લીધો, હું કયારનો સમય જોઇ રહ્યો છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આમાં ઘણો સમય બધાને સમજાવવા માટે જોઇએ.

અધ્યક્ષશ્રી : એની જૂદી કલાકની ચર્ચા રાખીએ, તો પછી શ્રીમતી મનીષાબેનનો પ્રશ્ન રહી જશે..

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, હું એટલા માટે કહું છું કે ભારત સરકારનો કોટા પણ આમાં આવી જાય છે, ભારત સરકારના કોટા પ્રમાણેના વિદ્યાર્થીઓને આપણે બોન્ડ સિવાય ભણાવવા પડે છે એ આપણામાંથી બાદ થાય છે. ભારત સરકારે જેમને નેશનલ કોટામાં એડમિશન આપ્યું હોય એમના આપણે બોન્ડ લઇ શકતા નથી. આવા બધા પ્રશ્નો છે. અમે બધા જ પ્રયત્નો કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : ડોકટર સાહેબને તો મારે પૂછવા દેવું પડશે.

## તારાંકિત પ્રશ્નો

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ઘણા સમયથી છે અને દર વખતે અમને એકનો એક જવાબ મળે છે કે ડોકટરો હાજર થતા નથી, પ્રાયવેટમાં જતા રહે છે. આનું સોલ્યુશન કાઢવું જરૂરી છે. હું ઘણી વખત ડોકટરોને મળું છું કે કેમ તમે હાજર નથી થતા? તો એમનું એ કહેવું છે કે અમને જે પગાર આપે છે એ ઘણો ઓછો આપે છે. પ્રાયવેટમાં આના કરતા ડબલ પગાર મળે છે અને સીટીની લાઇફ મળે છે.

અધ્યક્ષશ્રી : ડોકટર, તમારો પ્રશ્ન એટલો જ છે કે આ સરકાર એકના એક જવાબ આપે છે એના કરતા કંઇક નવો જવાબ આપે.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇક પ્લાનીંગ કરે, પગાર વધારો કેવી રીતે કરવો, ફીકસ પગારમાંથી બહાર કાઢવા, કાયમી કરો એવું કંઇક પ્લાનીંગ કરો તો જગ્યા જરૂર ભરાશે. એવું કંઇક કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જોષિયારા સાહેબનો આભાર માનું છું, અમારા વડીલ છે. સિનિયર છે પણ અત્યારે હું જે જવાબ આપી રહ્યો છું એવા જવાબો આરોગ્ય મંત્રી તરીકે જોષિયારા સાહેબે અહીંયા આપ્યા હતા, હું વર્ષોથી આપું છું, એમણે એક કે બે ટર્મ આપ્યા ફરક આટલો જ છે.

અધ્યક્ષશ્રી : એમને એટલે ખબર છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એના પહેલા માનનીય મનોહરસિંહજી જાડેજા પણ આરોગ્ય મંત્રીશ્રી હતા, શ્રી શકિતસિંહ ગોહિલ આરોગ્ય મંત્રી હતા, એના પહેલા શ્રી વલ્લભભાઇ પટેલ પણ કોંગ્રેસમાંથી આરોગ્ય મંત્રી હતા. સાહેબ, આનું આ જ ચિત્ર ભૂતકાળમાં હતું, અમે તો સીટો વધારી છે, હોસ્પિટલો વધારી છે, સેવાઓ પણ વધારી છે અને બધું મફત કર્યું છે. તમે તો કશુંય નહોતા કરતા તોય પ્રશ્નો હતા.

### વડોદરા જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળના લાભાર્થીઓ

* ૨૨૮૦૩ **શ્રીમતી મનિષા વકીલ** (વડોદરા શહેર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કેટલા કાર્ડ કાઢવામાં આવ્યા, | (૧) બે વર્ષમાં ''મા'' યોજના હેઠળ – ૪૪૮ અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ – ૯૯,૩૭૮ લાભાર્થી કુટુંબોને કાર્ડ આપવામાં આવ્યા. |
| (૨) ઉક્ત જિલ્લામાં આ કાર્ડ મળી રહે તે માટે કેટલા કેન્દ્રો કાર્યરત છે, | (૨) કાર્ડ મળી રહે તે માટે કુલ – ૧૫ કેન્દ્રો કાર્યરત છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલય''યોજના હેઠળ કેટલા લાભાર્થીઓના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે, અને | (૩) ''મા'' યોજના હેઠળ–૬,૬૦૧ અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ–૧,૦૭,૪૧૨ લાભાર્થી દાવાઓ મંજૂર કરવામાં આવ્યા. |
| (૪) ઉક્ત મંજૂર કરવામાં આવેલ દાવા માટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે? | (૪) કુલ – રૂ. ૧૫૩,૪૧,૦૪,૧૨૧ (અંકે રૂપિયા એકસો ત્રેપ્પન કરોડ એકતાળીસ લાખ ચાર હજાર એકસો એકવીસ પૂરા.) દાવાની રકમ મંજૂર કરવામાં આવી. |

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના જેમાં આપે પોતે પણ વડોદરા શહેરમાં ખૂબ રસ દાખવ્યો છે, આ યોજના સંવેદનશીલ સરકારની સંવેદનશીલ યોજના છે ત્યારે મારે આપના દ્વારા જાણવું છે કે વડોદરા જિલ્લામાં યોજનાની શરૂઆતથી તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ તાલુકાવારમાં મા અને મા વાત્સલ્ય યોજનાના કેટલા કાર્ડ કાઢવામાં આવ્યા અને મારા કોંગ્રેસના ભાઇઓ જે હમણાં હોસ્પિટલો અને ડોકટરોની ચિંતા કરતા હતા ત્યારે મારે એ પણ જાણવું છે કે એમના સમયમાં આવી કોઇ યોજના થઇ હતી?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મનિષાબેનનો પ્રશ્ન ખૂબ અગત્યનો છે. એમણે બીજો પ્રશ્ન પૂછ્યો એનો પહેલા જવાબ આપું. એનું કારણ છે. (અંતરાય) એમણે એમ પૂછ્યું (અંતરાય) તમને પૂછવાનો અધિકાર છે. તમારે જવાબ આપવાનો અધિકાર હું માનતો નથી આ પેઢીમાં આવે. નવી પેઢીમાં ભગવાન લાવે તો આવે. (અંતરાય) મેં આગલા પ્રશ્નનો જવાબ આપ્યો કે ભૂતકાળમાં આવી વ્યવસ્થાઓ ન હતી. જેમ જેમ જરૂરિયાત ઉભી થઇ, સાધનો વધ્યા, સરકારની નાણાકીય સક્ષમતા વધી, ગુજરાતનો વિકાસ થયો, ગુજરાત સરકારમાં આવક વધી એના આધારે માનનીય નરેન્દ્રભાઇ મોદીજી જ્યારે આપણા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે એમણે વર્ષ ૨૦૦૭માં માં યોજનાની શરૂઆત કરી. એ વખતે બી.પી.એલ. કાર્ડ ધરાવતા હોય એમને મફત સારવાર આપવાની શરૂઆત થઇ. ત્યાર પછી લગભગ તરત જ મા વાત્સલ્ય યોજનાની પણ અમારી સરકારે શરૂઆત કરી. રૂપિયા ૩ લાખ સુધીની આવક ધરાવતા પરિવારોને બધી જ સારવાર મફત આપવાની શરૂઆત કરી. આખા દેશનું ભવિષ્ય ખુલ્યું અને શ્રી નરેન્દ્રભાઇ વડાપ્રધાન બન્યા. વડાપ્રધાન બન્યા પછી માનનીય નરેન્દ્રભાઇએ ગુજરાતની આ મા વાત્સલ્ય યોજનાની સફળતા, ગરીબ દર્દીઓની જે સેવા કરવાનો લાભ એ બધા આખા દેશ માટે અમલમાં મૂક્યો અને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સમગ્ર દેશમાં માનનીય વડાપ્રધાનશ્રીએ શરૂ કરી અને ૫ લાખ રૂપિયા સુધીની સંપૂર્ણ સારવાર ૫૦ કરોડ જેટલા ગરીબોને, દેશના મધ્યમવર્ગના લોકોના આખા પરિવારને દર વર્ષે જ્યારે જરૂર પડે ત્યારે મફત સારવાર, ઓપરેશન, દવાઓ બધું આપવાની શુભ શરૂઆત કરી. એટલે આપણા ગુજરાતમાં પણ મા

વાત્સલ્ય યોજના ચાલતી હતી એને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સાથે મર્જ કરી દીધી અને એના લાભાર્થીઓને પણ હવે રૂપિયા ૫ લાખ સુધીની આરોગ્યની સારવાર અને ભારત સરકારના સહયોગથી વિના મૂલ્યે આપીએ છીએ. એમાં માનનીય મનિષાબેનનો પ્રશ્ન છે એ પ્રમાણે વડોદરા જિલ્લો પણ મોટો લાભાર્થી છે.

શ્રી જીતેન્દ્ર ૨. સુખડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ માં યોજનામાં ૬૬૦૧ અને મા વાત્સલ્ય યોજનામાં ૧ લાખ ૭ હજાર ૪૧૨ દાવાઓ વડોદરા જિલ્લામાં મંજૂર કરવામાં આવ્યા. આ દાવાઓમાં કયા પ્રકારના રોગો વધુ છે એની જાણકારી આપવામાં આવે.

શ્રી નીતિનભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આની વિગતો મારી પાસે નથી પણ ગંભીર પ્રકારના રોગોની જે મોટા પ્રમાણમાં સારવાર કરીએ છીએ. માનનીય જીતુભાઇની લાગણી છે કે ગરીબ અને મધ્યમવર્ગને વધારે ખર્ચ થાય એમાં પણ લાભ આપો. હૃદયરોગ, કિડનીના રોગો, કેન્સરની બિમારી, ન્યુરોની બિમારી, માનસિક રોગોની બિમારી, સગર્ભા મહિલાઓના પ્રસૂતિ અંગેના રોગોની બિમારી અને દાઝી જવાથી જે તકલીફ થાય છે એમાં સર્જરી અને પછી પ્લાસ્ટિક સર્જરી એ પ્રકારના રોગો આપણે એમાં આવરી લીધા છે. કુલ ૧૭૦૦ કરતાં વધુ મેડિકલની ભાષામાં કહું તો પ્રોસિજરોને આવરી લીધી છે. ૧૭૦૦ પ્રકારની વિવિધ આરોગ્યની સુવિધાઓ, હૃદય રોગમાં વાલ્વની બિમારી, નળી બ્લોક થઇ ગઇ હોય એમ જુદી જુદી બિમારી કહેવાય છે. એમ અનેક પ્રકારની સારવારો આપણે એમાં આવરી લીધી છે.

## અરવલ્લી જિલ્લામાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને કૃષિ વિષયક વીજ જોડાણ

*૨૨૬૯૨ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં કેટલા અનુસૂચિત જાતિના લાભાર્થીઓને નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૯૬ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવેલ છે. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૧૪૩.૯૬ લાખનો ખર્ચ થયેલ છે. |

શ્રી હિતુ કનોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં બાયડ અને મોડાસા તાલુકાના અનુસૂચિત જાતિના લાભાર્થીઓને અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ તાલુકાવાર કુલ કેટલા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવેલ છે તે માટે કેટલો ખર્ચ થયો? એક કૃષિ વિષયક વીજ જોડાણ આપવા માટે સરેરાશ કેટલો ખર્ચ થાય છે? તેની સામે અનુસૂચિત જાતિના ખેડૂતને કેટલી રકમ ભરવાની થાય છે?

અધ્યક્ષશ્રી : હવે આ ખૂબ લાંબો જવાબ થાય.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ટૂંકમાં જવાબ આપી દઇશ. બાયડની અંદર વર્ષ ૨૦૧૮માં ૧૨, ૨૦૧૯માં ૨ એમ કુલ ૧૪ અને મોડાસામાં ૧૭, વર્ષ ૨૦૧૮માં અને ૧૬ કનેકશન વર્ષ ૨૦૧૯માં આમ કુલ ૩૩ કનેકશન આપવામાં આવ્યા છે અને બાયડની અંદર ખર્ચ ૨૬ લાખ રૂપિયાનો થયો છે અને મોડાસાની અંદર રૂપિયા ૪૫ લાખનો ખર્ચો થયો છે. માનનીય સભ્યશ્રીએ બીજો સવાલ પૂછ્યો કે, શિડ્યુલ કાસ્ટ બેનિફિશિયરીને રાજયની અંદર ઓવર રેટીંગ પ્રાયોરિટી મળે છે એટલે જેવું કનેકશન માગે એ પ્રમાણે એમને કનેકશન તાત્કાલિક આપવામાં આવે છે. એમને માત્ર કાસ્ટ સર્ટિફિકેટ આપવું પડતું હોય છે. એમને કોઇ ફિક્સ ચાર્જ આપવાનો નથી હોતો અને આજની તારીખમાં જે કનેકશનનો ટોટલ ખર્ચો થતો હોય છે એ એવરેજ રૂપિયા ૧ લાખ ૫૪ હજાર અરવલ્લીમાં થાય છે એની અંદર આ લોકોને રજિસ્ટ્રેશનના ૨૦૦ રૂપિયા, એગ્રિમેન્ટ ફીના ૩૦૦ રૂપિયા, ટેસ્ટ રિપોર્ટના ૨૦૦ રૂપિયા કોઇ ફિક્સ ચાર્જ આપવાનો હોતો નથી. નોર્મલ કનેકશનમાં પાંચ એચ.પી.ની મોટરમાં રૂપિયા ૭,૮૫૫ થાય એની જગ્યાએ શિડ્યુલ કાસ્ટને માત્ર ૧,૩૫૫ રૂપિયા થતો હોય છે એટલે કુલ ૬,૫૦૦ રૂપિયાનો લાભ થતો હોય છે.

## ચોટીલા તાલુકામાં દિવસે પિયત માટે વીજપુરવઠો પૂરો પાડવા બાબત

* ૨૪૫૦૨ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાં સિંહ, દિપડા, રોઝ(નીલગાય) તથા જંગલી ભુંડના કારણે રાત્રી દરમ્યાન પિયત માટે વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે ત્યારે ખેડૂતોને જાનનું જોખમ રહે છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૧) હા, જી વીજની માંગ અને પુરવઠાની સમતુલા જળવાઈ રહે તે બાબત ધ્યાને રાખીને દરેક ખેતીવાડી ગૃપને મહીનામાં એક અઠવાડિયુ સંપૂર્ણ દિવસ દરમિયાન અને ત્યારબાદના અઠવાડિયા દરમિયાન મહદંશે દિવસ દરમિયાન થ્રી ફેઈઝ વીજ પુરવઠો ઉપલબ્ધ થાય તે રીતે મહિનામાં વારાફરતી (રોટેશનથી) બે અઠવાડિયા દરરોજ સરેરાશ ૮ કલાક દિવસે વીજ પુરવઠો મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ખેડૂતોને ક્યાં સુધીમાં દિવસે પિયત માટે વિજ પુરવઠો પૂરો પાડવામાં આવશે? | (૨) આગામી સમયમાં માળખાગત સુવિધા વધારી ખેડૂતોને ફક્ત દિવસે વીજળી આપવાનું આયોજન વિચારણા હેઠળ છે. |

ફાલ્ગુન ૧૩, ૧૯૪૧ શાકે

અતારાંકિત પ્રશ્નો

શ્રી ઋત્વિકભાઈ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા કેટલાક સમયથી મારા વિસ્તારમાં સિંહ અને દીપડાનું પ્રમાણ વધ્યું છે ત્યારે સતત છેલ્લા ૩ વર્ષથી પહેલાં અતિવૃષ્ટિ પછી દુષ્કાળ પછી પાછી અતિવૃષ્ટિ આવી પરિસ્થિતિ છે. ગઇકાલે પણ સિંહે એક દીપડાનું મારણ કર્યું છે એટલે લોકોમાં એક પ્રકારનો ડરનો માહોલ બન્યો છે. એક બાજુ વીમો મળતો નથી (અંતરાય)...

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પર આવી જાવને.

શ્રી ઋત્વિકભાઈ લ. મકવાણા : અને અમે ડિવિઝન બાયફરગેશનની માગણી આપની સમક્ષ કરી હતી પણ એ કંપનીનો આંતરિક મામલો છે એવું કહીને આપે કાઢી નાખ્યું છે ત્યારે આપને એ પૂછવા માગું છું કે, છેલ્લા સતત ત્રણ વર્ષથી ખેડૂતોનો આ પ્રશ્ન છે એટલે પ્રાયોરિટીના ધોરણે ડિવિઝન બાયફરગેશન અને દિવસે વીજળી આપવાની વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, હમણાં આ જ બજેટની અંદર આપણે દિનકર યોજના જાહેર કરી છે અને (અંતરાય) બે મિનિટ બાકી છે મને જવાબ આપવા દોને.

અધ્યક્ષશ્રી : માનનીય ઋત્વિકભાઇ જવાબ સાંભળી લોને સમય ઓછો છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દિનકર યોજના દ્વારા આખા રાજ્યની અંદર દિવસે વીજળી ખેડૂતોને મળે એ પ્રમાણેની ઘોષણા કરી છે અને આ આવતા ત્રણ વર્ષની અંદર આખા રાજ્યમાં આપણે કરવા જઇ રહ્યા છીએ. સુરેન્દ્રનગર જિલ્લાની અંદર દિવસે વીજળી આપવા માટે ૮ નવા સબસ્ટેશનો ૬૬ કે.વી.ના કરવાની જરૂરી છે, ૧૫૦ કિલો મિટરની નવી લાઇનો નાખવાની જરૂર છે, ૨૨૦ કે.વી.નું એક સબસ્ટેશન કરવાની જરૂર છે. આશરે સુરેન્દ્રનગર જિલ્લાની અંદર રૂપિયા ૨૧૫ કરોડનો ખર્ચો થવાનો છે. જે પ્રમાણેનું આયોજન છે એ પ્રમાણે માર્ચ ૨૦૨૨ એટલે એનાથી વહેલા પણ કોશિશ કરીશું પણ સંપૂર્ણપણે આ ખર્ચો (અંતરાય) ... ટૂંકમાં કહુ તો વધારે જટિલ છે એ ગામોની અંદર (અંતરાય)

અધ્યક્ષશ્રી : વિગતવાર એમની પાસે મળીને આપજોને. માનનીય મંત્રીશ્રી આપની પાસે..

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૪ કલાક પૂછ્યું છે ભાઇ. આપના જે ૨૦-૨૨ ગામોનો વિષય છે એ ગામોની ડિટેઇલ મને આપજો હું જોઇ લઇશ અને એમાં શક્ય હશે તો ઝડપથી કરી આપીશ.

અધ્યક્ષશ્રી : માનનીય લલીતભાઇ આપ હાથ ઊંચો કરીને પૂછતા હતાને? શ્રી પ્રતાપભાઇ.

શ્રી પ્રતાપ દૂધાત : મારા વિસ્તારને ઇકો ઝોન જાહેર કરવામાં આવ્યો છે અને મારા વિસ્તારને બૃહદ ગીર નામ આપવામાં આવ્યું છે તો મારા તાલુકાને દિવસે વીજળી આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આખા રાજ્યને વીજળી આપવાનું આયોજન છે. મારી પાસે સમય નથી નહીં તો હું એમને ડિટેઇલમાં સમજાવું કેવી રીતથી આ આખી યોજના આખા સ્ટેટ માટે ગોઠવાય છે, એમાં કઇ કઇ કામગીરી છે, નવું જનરેશન ઊભું કરવું પડે, નવું ટ્રાન્સમિશન ઊભું કરવું પડે, નવું ડિસ્ટ્રીબ્યુશન ઊભું કરવું પડે અને રૂપિયા સાડા ત્રણ હજાર કરોડના ખર્ચે આખી યોજના ગોઠવાયેલી છે.

અધ્યક્ષશ્રી : હજુ થોડો જવાબ આપી દોને.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ખાલી આપને ડિટેઇલમાં કહું કે, અમારે દિવસે વીજળી સ્ટોર થતી નથી. માત્ર વીજળીનું જેવું ઉત્પાદન થાય એવી તરત વીજળી વાપરવી પડે. એટલે ખૂબ મોટા પ્રમાણમાં સોલાર વીજળીનું ઉત્પાદન આવતા ત્રણ વર્ષમાં ૧૦,૦૦૦ મેગાવોટનું ઉત્પાદન કરવા જઇ રહ્યા છીએ. એ ૧૦,૦૦૦ મેગાવોટનું વીજ ઉત્પાદન કરીશું એટલે ૪૦ મિલિયન એટલે ચાર કરોડ યુનિટ દિવસમાં વીજ ઉત્પાદન થશે. એ ચાર કરોડ વીજ યુનિટ ખેડૂતોને આપવા માટેનું આયોજન છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

**અતારાંકિત પ્રશ્નો**

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવવામાં આવેલ)**

**ડોલારા ઝાંખરી સબરીધામ રસ્તાને પહોળો કરવા બાબત**

*૨૪૬૦૫ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ તાપી અને | (૧) અને (૨) હાલમાં કોઈ આયોજન ન હોઈ પ્રશ્ન |

ડાંગ જિલ્લાને જોડતા ડોલારા ઝાંખરી સબરીધામ રસ્તાને ૭ મીટર પહોળો કરવાની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ બાકી કામ ક્યાં સુધીમાં કેટલા ખર્ચે કઈ એજન્સી દ્વારા પૂર્ણ કરવામાં આવશે?

ઉપસ્થિત થતો નથી.

---------

**રાજકોટ પી.ડી.યુ. હોસ્પિટલનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૨૨૭૭૩ **શ્રી પરષોત્તમ સાબરિયા** (ધ્રાંગધ્રા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ પી.ડી.યુ. હોસ્પિટલ, રાજકોટનું સંવર્ગવાર કુલ કેટલુ મહેકમ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ પી.ડી.યુ. હોસ્પિટલ, રાજકોટનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર |
|---|---|
| વર્ગ–૧ | ૨૭ |
| વર્ગ–૨ | ૮૪ |
| વર્ગ–૩ | ૯૧૬ |
| વર્ગ–૪ | ૧૭૧ |
| **કુલ** | **૧૧૯૮** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૦૧ | ૨૬ |
| વર્ગ–૨ | ૩૫ | ૪૯ |
| વર્ગ–૩ | ૬૦૭ | ૩૦૯ |
| વર્ગ–૪ | ૧૭૧ | ૦૦ |
| **કુલ** | **૮૧૪** | **૩૮૪** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) નિમણૂંકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તૂર્તજ ભરવામાં આવશે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવશે.

---------

**અમરેલી જિલ્લામાં જર્જરિત વીજ વાયરો અને થાંભલા બદલવા બાબત**

૨૨૬૭૬ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૫૬૧.૪૦ કી.મી. જર્જરિત વીજ વાયરો અને ૫૭૮ વીજ થાંભલા બદલવામાં આવેલ છે.

(૨) રૂ.૨૫૮.૬૩ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**જંબુસર અને આમોદ તાલુકામાંથી પસાર થતી નર્મદાની કેનાલોમાં સર્વિસ રોડ બનાવવા બાબત**

૨૪૫૯૮ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના જંબુસર અને આમોદ તાલુકામાંથી પસાર થતી નર્મદાની કેટલી કેનોલોમાં સર્વિસ રોડ બનાવવાની કામગીરી બાકી છે,

**જવાબ**

(૧) નર્મદા યોજનાની મુખ્ય નહેર, શાખા નહેરો, પેટા શાખા નહેરો અને વિશાખા નહેરો ઉપર સર્વિસ રોડ બનાવવાનું પ્રાવધાન છે. તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાંથી પસાર થતી શાખા નહેરો અને વિશાખા નહેરોમાં કુલ ૧૧૩.૩૧ કિ.મી.

લંબાઈમાં સર્વિસ રોડ બનાવવાના થાય છે, તે પૈકી સંપૂર્ણ લંબાઈમાં કામગીરી પૂર્ણ થયેલ છે. જ્યારે આમોદ તાલુકામાંથી પસાર થતી શાખા નહેરો અને વિશાખા નહેરોમાં કુલ ૮૧.૬૧ કિ.મી. લંબાઈમાં સર્વિસ રોડ બનાવવાના થાય છે. તે પૈકી ૩.૨૬ કિ.મી. લંબાઈમાં, ૨ શાખા નહેરમાં સર્વિસ રોડ બનાવવાની કામગીરી બાકી છે.

(૨) ઉકત સર્વિસ રોડ બનાવવાના બાકી રહેવાના શા કારણો છે, અને

(૨) ઉકત સર્વિસ રોડ, ગ્રામજનો દ્વારા શાખા નહેર પર વધારાની પુલની માંગણી માટે વિરોધ અને વધુ વરસાદના કારણે બાકી રહેવા પામેલ છે.

(૩) નર્મદાની કેનાલમાં બાકી સર્વિસ રોડ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) ઉકત બાકી સર્વિસ રોડની કામગીરી ગ્રામજનોની સંમતિ મળ્યેથી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**ભરૂચ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ**

૨૨૭૫૩ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૩૮૪ વીજ જોડાણો આપવામાં આવેલ છે.

(૨) રૂ.૩૩૪૦.૮૪ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**ઠાસરા તાલુકાના ડાકોરમાં રીંગ રોડ બનાવવાની કામગીરી**

૨૪૫૭૧ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ઠાસરા તાલુકાના ડાકોર શહેરમાં ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે રીંગ રોડ બનાવવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) ઉકત સ્થિતિએ કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) ઉકત સ્થિતિએ માર્ગ અને મકાન વિભાગ દ્વારા ડાકોર શહેરમાં રીંગ રોડ બનાવવાનું આયોજન ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમદાવાદ જિલ્લામાં જર્જરિત વીજ વાયરો અને થાંભલા બદલવા બાબત**

૨૨૭૬૫ **શ્રી રાકેશભાઈ શાહ** (એલીસબ્રિજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૪૫.૭૦ કી.મી. જર્જરિત વીજ વાયરો અને ૧૭૫૨ નંગ વીજ થાંભલા બદલવામાં આવેલ છે.

(૨) રૂ.૧૩૫.૦૭ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**મહીસાગર જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજનાના લાભાર્થીઓ**

૨૨૬૮૯ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત મહીસાગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉકત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૦૨૬ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા.

(૨) કુલ રૂ.૭૫.૪૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

તા.૩જી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**માંગરોળ અને માળીયા(હા) તાલુકામાં ખેડૂતોને વીજ જોડાણો ન આપવા બાબત**

૨૪૫૩૩ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માંગરોળ અને માળીયા(હા) તાલુકામાં નાળિયેરી તથા આંબાના બગીચાઓમાંથી ૧૧ કેવીની વીજ લાઈન પસાર ન થઈ શકવાના કારણે ખેડૂતોને કવોટેશનની રકમ ભરવા છતાં કૃષિવિષયક વીજ જોડાણો અપાતા ન હોવાની ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ ઉકત તાલુકાવાર કેટલા ખેડૂતોને કૃષિવિષયક વીજ કનેકશનો આપવાના બાકી છે ?

**જવાબ**

(૧) જી હા.

(૨)

| **તાલુકો** | **આપવાના બાકી વીજ જોડાણો** |
|---|---|
| માંગરોળ | ૪૬ |
| માળીયા (હા) | ૨૯ |

---------

**નેશનલ હેલ્થ મિશન હેઠળ રાજ્ય સરકારને કેન્દ્ર તરફથી મળેલ રકમ**

૨૪૬૦૭ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ નેશનલ હેલ્થ મિશન હેઠળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ રાજ્ય સરકારને મળી, અને

(૨) મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ વણવપરાયેલ રહેવાના શા કારણો છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ રૂ/–(લાખમાં)** |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૭૮૬૭૨.૦૫ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૧–૧૨–૨૦૧૯ અંતિત) | ૪૩૦૦૨.૪૦ |

(૨)

| **વર્ષ** | **વપરાયેલ રકમ રૂ/– (લાખમાં)** | **વણવપરાયેલ રકમ રૂ/– (લાખમાં)** | **રકમ વણવપરાયેલ રહેવાના કારણો** |
|---|---|---|---|
| ૨૦૧૮–૧૯ | ૭૮૬૭૨.૦૫ | ૦.૦૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૨૦૧૯–૨૦ (તા.૩૧–૧૨–૨૦૧૯ અંતિત) | ૪૩૦૦૨.૪૦ | ૦.૦૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં દર્દીઓની મા અમૃતમ યોજના અંતર્ગત સારવાર**

૨૩૧૮૪ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર–ખાડીયા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેર અને જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્સર, હૃદય અને કીડનીની બિમારીના કેટલા દર્દીઓને મા અમૃતમ યોજના અંતર્ગત સારવાર આપવામાં આવી, અને

(૨) ઉકત દર્દીઓને ઉકત યોજના હેઠળ કેટલી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **કેન્સર** | **હૃદય** | **કીડની** |
|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૧,૦૦,૬૬૯ | ૫૬,૪૦૦ | ૧,૬૫,૫૦૭ |
| અમદાવાદ જિલ્લો | ૦ | ૧૧ | ૧૦૦ |
| **કુલ** | **૧,૦૦,૬૬૯** | **૫૬,૪૧૧** | **૧,૬૫,૬૦૭** |

(૨) અમદાવાદ શહેરમાં ૫૪ (ચોપ્પન) અને અમદાવાદ જિલ્લામાં ૨(બે) હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી.

---------

**દહેગામ તાલુકાના બહીયલ–કનીપુર–હીલોલ–સરખેજ રોડને રીસરફેસ કરવા બાબત**

૨૨૭૩૫ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર–દક્ષિણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના બહીયલથી કનીપુર હીલોલ સરખેજ રોડને રીસરફેસ કરવા માટે મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો કેટલી લંબાઈના કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી ?

(૨) ૮.૦૦ કી.મી. લંબાઈ માટે રૂ.૨૪૦.૦૦ લાખ.

---------

**થરાદના સામૂહિક આરોગ્ય કેન્દ્રને અપગ્રેડ કરવા બાબત**

૨૪૪૪૨ **શ્રી ગુલાબસિંહ રાજપુત** (થરાદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં થરાદ ખાતે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રને સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં ક્યારે અપગ્રેડ કરવામાં આવેલ,

(૧) તા.૨૦-૦૫-૨૦૧૫ ના રોજ

(૨) અપગ્રેડ કર્યા બાદ ઉક્ત સ્થિતિએ કેટલા બેડની સુવિધા વધારવામાં આવી, અને

(૨) શૂન્ય

(૩) ઉક્ત સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં નિયમોનુસાર કેટલા બેડ હોવા જોઈએ અને કેટલા બેડની ઘટ છે?

(૩) સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં ૧ લાખ થી ૫ લાખની વસતી ધરાવતા સ્થળે ૫૦ થી લઈ ૧૦૦ બેડ હોવા જોઈએ. કોઈ ઘટ નથી.

---------

**અરવલ્લી જિલ્લામાં વાત્રક નદી પર પુલ બનાવવા બાબત**

૨૪૪૭૨ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં ખડોલથી સીમસજ રસ્તા ઉપર વાત્રક નદી ઉપર પુલ બનાવવાની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૧) અને (૨) ખડોલ અને સીમસજ ગામ પાકા રસ્તાથી જોડાયેલ હોઈ, આ નોન પ્લાન રસ્તામાં આવતી વાત્રક નદી પર પુલ બનાવવાનું હાલમાં આયોજન નથી.

---------

**રંધોળા - વલ્લભીપુર - ધોલા (જં) પાસેના પુલની કામગીરી**

૨૪૫૪૭ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રંધોળા - વલ્લભીપુર - ધોલા (જં) પાસે આર.ઓ.બી(પુલ)નું કામ કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત કામ ક્યાં સુધીમાં કેટલા ખર્ચે કઈ એજન્સી દ્વારા પૂરું કરવામાં આવશે?

(૧) અને (૨) ધોળા જંકશન પાસે ધોળા-રંધોળા રોડ પર મંજૂર થયેલ રેલ્વે ઓવર બ્રિજની કામગીરી સ્થળ ફેરફાર કરી ધોળા બાયપાસ પર રેલ્વે ઓવર બ્રિજ બનાવવાની મંજૂરીની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

---------

**ભાવનગર જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળના લાભાર્થીઓ**

૨૨૮૧૨ **શ્રી આર.સી.મકવાણા** (મહુવા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કેટલા લાભાર્થી દાવાઓ મંજૂર કરવામાં આવ્યા, અને

(૧) ''મા'' યોજના હેઠળ-૫,૨૯૯ અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ-૫૩,૨૭૨ મળીને કુલ-૫૮૫૭૧- દાવાઓ મંજૂર કરવામાં આવ્યા.

(૨) ઉક્ત મંજૂર કરવામાં આવેલ દાવા માટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે?

(૨) કુલ રૂ.૧,૦૬,૪૮,૫૯,૨૩૮/- (અંકે રૂપિયા એકસો છ કરોડ અડતાળીસ લાખ ઓગણસાઠ હજાર બસો આડત્રીસ પૂરા)

તા.૩જી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**ગાંધીનગર જિલ્લામાં મીઠાઈમાં ભેળસેળ કરી વેચાણ કરતા એકમો**

૨૪૪૯૪ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં મીઠાઈમાં ટેલ્કમ પાઉડર ભેળવી મીઠાઈનું વેચાણ કરતા કેટલા એકમો પકડવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કયા એકમ સામે શું કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) ૦૨ એકમો

(૨) મે.જયમાં કૈલાદેવી મિલ્ક ફુડ પ્રોડક્ટસ, મુ.વલાદની મીઠાઈના ૨ નમૂનાઓ ભેળસેળવાળા જાહેર થતા જવાબદાર સામે ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટ–૨૦૦૬ હેઠળ નિયમોનુસાર નામદાર કોર્ટમાં ક્રિમીનલ કેસ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે તથા મે. માં રહાનાવાલી મિલ્ક ફુડસ પ્રોડક્ટસ, મુ.વલાદની મીઠાઈના ૦૨ નમૂનાઓ ભેળસેળવાળા જાહેર થતા જવાબદાર સામે ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટ–૨૦૦૬ હેઠળ એડજ્યુડીકેટીંગ ઓફીસર, ગાંધીનગર સમક્ષ કેસ દાખલ કરેલ છે.

આ બંને એકમોને ''ક્લોઝર નોટીસ'' આપી સીલ કરવામાં આવેલ છે તથા બંને એકમોના જવાબદાર વ્યક્તિઓ સામે પોલીસ ફરીયાદ કરતા તેઓની પોલીસે ધરપકડ કરેલ છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને કૃષિ વિષયક વીજ જોડાણ**

૨૨૬૭૩ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા અનુસૂચિત જાતિના લાભાર્થીઓને નવા કૃષિ વિષયક વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૨૫૩ વીજ જોડાણ આપવામાં આવ્યા.

(૨) રૂ. ૪૦૩.૬૪ લાખનો ખર્ચ થયો.

---------

**ભાવનગર સર ટી હૉસ્પિટલનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૨૨૭૬૯ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સર ટી હૉસ્પિટલ, ભાવનગરનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સર ટી હૉસ્પિટલ, ભાવનગરનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર |
|---|---|
| વર્ગ–૧ | ૦૧ |
| વર્ગ–૨ | ૪૦ |
| વર્ગ–૩ | ૫૦૩ |
| વર્ગ–૪ | ૧૭૮ |
| **કુલ** | **૭૨૨** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૦૧ | ૦૦ |
| વર્ગ–૨ | ૩૧ | ૦૯ |
| વર્ગ–૩ | ૩૪૩ | ૧૬૦ |

| | | |
|---|---|---|
| વર્ગ-૪ | ૧૭૮ | ૦૦ |
| **કુલ** | **૫૫૩** | **૧૬૯** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) નિમણૂંકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉક્ટરની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવશે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવશે.

---------

**દાહોદ જિલ્લામાં રસ્તાઓને જોબ નંબર આપવા બાબત**

૨૪૫૮૦ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં તાલુકાવાર મુખ્યમંત્રી સડક યોજના અન્વયે કેટલા રસ્તાઓને જોબ નંબર ફાળવવામાં આવ્યા,

(૧) અને (૨) દાહોદ જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર થયેલ રસ્તાઓના કામોની વિગત.

| **તાલુકો** | **૨૦૧૮** | | | **૨૦૧૯** | | |
|---|---|---|---|---|---|---|
| | **મંજૂર** | **પૂર્ણ** | **પ્રગતિ** | **મંજૂર** | **પૂર્ણ** | **પ્રગતિ** |
| દાહોદ | - | - | - | ૪૪ | - | ૧૧ |
| ગરબાડા | - | - | - | ૧૬ | - | ૪ |
| ઝાલોદ | ૧૫ | - | ૧૪- | ૫ | - | ૧ |
| ફતેપૂરા | - | - | - | ૫૨ | - | ૧૬ |
| સંજેલી | - | - | - | ૨૩ | - | ૬ |
| લીમખેડા | - | - | - | ૧૯ | - | ૧૫ |
| ધાનપુર | ૭ | - | ૭ | - | - | - |
| સીંગવડ | - | - | - | ૨ | - | ૧ |

(૨) ઉક્ત જોબનંબર ફાળવેલ રસ્તાઓ પૈકી કેટલા રસ્તાનું કામ પૂર્ણ થયું અને કેટલા રસ્તાનું પ્રગતિમાં છે, અને

(૩) શરૂ થયેલ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) બનતી ત્વરાએ.

---------

**કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં સીક ન્યુબોર્ન કેર યુનિટમાં દાખલ કરેલ બાળકો**

૨૪૪૩૬ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં સીક ન્યુબોર્ન કેર યુનિટમાં કેટલા બાળકો દાખલ થયા,

(૧)

| **ક્રમ** | **જિલ્લો** | **વર્ષ** | | **કુલ** |
|---|---|---|---|---|
| | | **૨૦૧૮** | **૨૦૧૯** | |
| ૧ | કચ્છ | ૧૭૭૪ | ૧૭૦૫ | **૩૪૭૯** |
| ૨ | બનાસકાંઠા | ૭૧૨ | ૭૭૮ | **૧૪૯૦** |

(૨) ઉક્ત દાખલ થયેલા બાળકો પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા બાળકોનો જન્મ સિવિલ હોસ્પિટલમાં થયો હોઈ અને તેને વધુ સારવાર માટે સીક ન્યુબોર્ન કેર યુનિટમાં દાખલ થયા અને કેટલા બાળકો સરકારી હોસ્પિટલો સિવાય જન્મ લેનાર તબદીલ થઇને દાખલ થયા,

(૨)

| **બાળકની વિગત** | **કચ્છ** | | **બનાસકાંઠા** | | **કુલ** |
|---|---|---|---|---|---|
| | **૨૦૧૮** | **૨૦૧૯** | **૨૦૧૮** | **૨૦૧૯** | |
| સરકારી હોસ્પિટલમાં જન્મેલ બાળકો | ૧૪૯૮ | ૧૪૯૪ | ૩૬૬ | ૨૯૮ | **૩૬૫૬** |
| તબદીલ થઈ દાખલ થયેલ | ૨૭૬ | ૨૧૧ | ૩૪૬ | ૪૮૦ | **૧૩૧૩** |

| | કુલ | ૧૭૭૪ | ૧૭૦૫ | ૭૧૨ | ૭૭૮ | ૪૯૬૯ |
|---|---|---|---|---|---|---|

(૩) તે પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર સીક ન્યુબોર્ન કેર યુનિટમાં સારવાર દરમ્યાન કેટલા બાળકોના મોત થયા, અને

(૩)

| ક્રમ | જિલ્લો | વર્ષ | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૧૮ | ૨૦૧૯ | |
| ૧ | કચ્છ | ૨૨૯ | ૧૩૭ | **૩૬૬** |
| ૨ | બનાસકાંઠા | ૮૭ | ૧૦૧ | **૧૮૮** |

(૪) સીક ન્યુબોર્ન કેર યનિટમાં બાળકોના મૃત્યુ અટકે તે માટે સરકારે શા પગલાં લીધા?

(૪) (૧) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં પિડીયાટ્રીશીયન અને મેડીકલ ઓફિસરની જગ્યાઓ અગ્રતાને ધોરણે ભરવામાં આવે છે. (૨) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર કરતાં ડૉક્ટરશ્રી તથા નર્સીંસ સ્ટાફને ફેસેલીટી બેઝ ન્યુબોર્ન કેરની ખાસ તાલીમ પણ આપવામાં આવે છે. (૩) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર માટે જરૂરિયાત અંગેની તમામ પ્રકારની દવાઓ અને સારવાર નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે. (૪) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં જરૂરી સાધન સામગ્રી પૂરતા પ્રમાણમાં ફાળવવામાં આવે છે.

---------

**અમદાવાદ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ**

૨૨૭૦૩ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૨૨૪૨ કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) કુલ રૂ. ૪૫૩૪.૨૯ લાખનો ખર્ચ થયો. |

---------

**કડી તાલુકાના નારદીપુર–વડુ–ધુમાસણ–ચાંદરડા રોડને પહોળો કરવાનું આયોજન**

૨૨૭૪૧ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ – મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના કડી તાલુકાના નારદીપુર–વડુ–ધુમાસણ–ચાંદરડા રોડને પહોળો કરવાનું સરકારશ્રીનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી લંબાઈના કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી ? | (૨) ૮.૬૦ કી.મી. લંબાઈ માટે રૂ.૫૦૦.૦૦ લાખ. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને કૃષિ વિષયક વીજ જોડાણ**

૨૨૬૭૨ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા અનુસૂચિત જાતિના લાભાર્થીઓને નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૨૫૩ વીજ જોડાણ આપવામાં આવ્યા. |
| (૨) તે માટે ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૪૦૩.૬૪ લાખનો ખર્ચ થયો. |

---------

ફાલ્ગુન ૧૩, ૧૯૪૧ શાકે

અતારાંકિત પ્રશ્નો

**ગરબાડા તાલુકાના રસ્તાનો મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં સમાવેશ કરવા બાબત**

૨૪૫૮૭ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના પાટાડુંગરી ક્રોસીંગથી પાંદડી, પટેલ ફળિયા, આંબલીયા તળાવ, કાછલા ફળિયા થઈ દેવધા ગામ સીમાડા સુધીના રસ્તાનું ડીપ નાળા સાથેના કામનો મુખ્યમંત્રીશ્રી ગ્રામ સડક યોજનામાં સમાવેશ કરવા અંગે કેટલી રજૂઆતો છેલ્લા બે વર્ષમાં મળી,

(૨) ઉકત મળેલ રજૂઆતો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉકત કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧ (એક) રજૂઆત મળેલ છે.

(૨) અને (૩) હાલ કોઈ આયોજન ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સાબરકાંઠા જિલ્લામાં ઘર વપરાશના વીજ જોડાણો**

૨૨૭૧૬ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુટિર જ્યોતિ યોજના હેઠળ કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૨૦૨૪ કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા.

(૨) કુલ રૂ.૮૫.૬૪ લાખનો ખર્ચ થયો.

---------

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં નવા રસ્તાઓની મંજૂરી**

૨૪૫૭૮ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં માર્ગ અને મકાન (પંચાયત) ના કેટલા રસ્તાઓ નવા અને કેટલા રસ્તાઓ સમારકામ કરવાની મંજૂરી આપવામાં આવી,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા રસ્તાનું કામ પૂર્ણ થયું,

(૩) તે પૈકી કેટલા રસ્તાનું કામ પ્રગતિમાં છે અને કેટલા રસ્તાનું કામ ક્યા કારણોસર શરૂ કરવાનું બાકી છે, અને

(૪) ઉકત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) વર્ષવાર રસ્તાઓની મંજૂરીની વિગત.

| જિલ્લો | વર્ષ | કામો | મંજૂર | પૂર્ણ | પ્રગતિ | શરૂ ન થયેલ (બાકી કામો) |
|---|---|---|---|---|---|---|
| મહીસાગર | ૨૦૧૮ | નવા | ૨૯ | ૧૫ | ૩ | ૧૧ |
| | | સમારકામ | ૩૪ | ૨૯ | ૧ | ૪ |
| | ૨૦૧૯ | નવા | ૧૨ | ૮ | ૧ | ૩ |
| | | સમારકામ | ૨૪ | ૬ | ૨ | ૧૬ |
| પંચમહાલ | ૨૦૧૮ | નવા | ૬૨ | ૩૬ | ૨૬ | – |
| | | સમારકામ | ૫૫ | ૪૯ | ૬ | – |
| | ૨૦૧૯ | નવા | ૬૯ | – | ૧૨ | ૫૭ |
| | | સમારકામ | ૯૭ | – | ૧ | ૯૬ |

બાકી રહેલા કામો પૈકી વર્કઓર્ડર તબક્કે–૪, ટેન્ડર મંજૂરી તબક્કે–૬૧, નકશા અંદાજ તબક્કે–૭ તથા ૫ કામો જંગલ પ્રશ્ન/રીવાઈઝડ જોબ નંબર વગેરે કારણોસર શરૂ થયેલ

---------

**ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સોનોગ્રાફી મશીન બંધ હોવા બાબત**

૨૪૪૭૫ **ડૉ. સી.જે.ચાવડા** (ગાંધીનગર–ઉત્તર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર–૨૦૧૯ માસમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઓપીડીમાં આવતા દર્દીઓની સોનોગ્રાફી બંધ કરવામાં આવેલ તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) ના, જી.

(૨) જો હા, તો ઓપીડી દર્દીઓની સોનોગ્રાફી બંધ કરવાના શા કારણો છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઓપીડીમાં આવતાં દર્દીઓને જરૂરીયાત મુજબ સોનોગ્રાફી થઈ શકે તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## ગીર સોમનાથ અને મહિસાગર જિલ્લામાં પાસ થયેલ એમ.બી.બી.એસ. ડૉકટરોની નિમણૂક

૨૪૫૩૮ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને મહિસાગર જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમ.બી.બી.એસ. પાસ કરેલ કેટલા ડૉકટરોને નિમણૂક આપવામાં આવી,

(૨) તે પૈકી ઉકત વર્ષવાર, જિલ્લાવાર કેટલા ડૉકટરો ફરજ પર હાજર થયા અને કેટલા ડૉકટરો હાજર ન થયા,

(૩) હાજર ન થયા હોય તેવા કેટલા ડૉકટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલી અને કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૪) ઉકત બોન્ડની બાકી રકમ વસૂલવા સરકારે શું કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) અને (૨) પત્રક-૧ આ સાથે સામેલ છે.

(૩) પત્રક-૨ આ સાથે સામેલ છે.

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**પત્રક-૧**

તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને મહિસાગર જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડૉકટરોની નિમણૂંકોની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૮ | | | વર્ષ ૨૦૧૯ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નિમણૂક આપેલ ડૉકટર | ફરજ પર હાજર થયેલ ડૉકટર | ગેરહાજર રહેલ ડૉકટર | નિમણૂક આપેલ ડૉકટર | ફરજ પર હાજર થયેલ ડૉકટર | ગેરહાજર રહેલ ડૉકટર |
| ૧ | ગીર સોમનાથ | ૧૧ | ૪ | ૭ | ૬ | ૨ | ૪ |
| ૨ | મહિસાગર | ૮ | ૨ | ૬ | ૬૩ | ૭ | ૫૬ |
| | કુલ | ૧૯ | ૬ | ૧૩ | ૬૯ | ૯ | ૬૦ |

**પત્રક-૨**

હાજર ન થયા હોય તેવા ડૉકટરોની બોન્ડની વસૂલાતની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૮ | | | વર્ષ ૨૦૧૯ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | બોન્ડની રકમની વસૂલાત કરેલ ડૉકટરોની સંખ્યા | વસૂલાત કરેલ બોન્ડની રકમ (રૂ.) | વસૂલાત કરવાની બાકી બોન્ડની રકમ (રૂ.) | બોન્ડની રકમની વસૂલાત કરેલ ડૉકટરોની સંખ્યા | વસૂલાત કરેલ બોન્ડની રકમ (રૂ.) | વસૂલાત કરવાની બાકી બોન્ડની રકમ (રૂ.) |
| ૧ | ગીર સોમનાથ | ૨ | ૩૦૦૦૦૦ | ૭૫૦૦૦૦ | ૧ | ૫૦૦૦૦૦ | ૧૫૦૦૦૦૦ |
| ૨ | મહિસાગર | ૨ | ૩૦૦૦૦૦ | ૬૦૦૦૦૦ | ૨ | ૧૦૦૦૦૦૦ | ૨૭૦૦૦૦૦૦ |
| | કુલ | ૪ | ૬૦૦૦૦૦ | ૧૩૫૦૦૦૦ | ૩ | ૧૫૦૦૦૦૦ | ૨૮૫૦૦૦૦૦ |

---------

## અમરેલી જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળના લાભાર્થીઓ

૨૨૮૦૯ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત-ઉત્તર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને ''મા'' અને ''મા વાત્સલ્ય'' ના કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) ઉકત જિલ્લામાં તમામ લાયક વ્યકિતઓને આ કાર્ડ મળી રહે તે માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) ''મા યોજના હેઠળ-૮૪
''મા વાત્સલ્ય'' યોજના હેઠળ-૬૪,૯૨૭
કુલ-૬૫૦૧૧/- કુટુંબોને કાર્ડ આપવામાં આવ્યા.

(૨) કુલ ૧૧ (અગિયાર) કિઓસ્ક કાર્યરત છે.

ફાલ્ગુન ૧૩, ૧૯૪૧ શાકે

અતારાંકિત પ્રશ્નો

**મોડાસા અને ધનસુરા તાલુકાના ગામોને પેવર રોડથી જોડવા બાબત**

૨૪૪૬૯ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ – મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના મોડાસા અને ધનસુરા તાલુકામાં તાલુકાવાર ૩૦૦ થી વધુ વસ્તી ધરાવતા કેટલા ગામોને પેવર રોડથી જોડવાના બાકી છે, અને

(૨) ઉકત બાકી ગામોને પેવર રોડથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) મોડાસા અને ધનસુરા તાલુકામાં ૩૦૦ થી વધુ વસ્તી ધરાવતા તમામ ગામ પેવર રોડથી જોડાયેલ છે.

---------

**મહેસાણા તાલુકામાં પુલ બનાવવા બાબત**

૨૨૭૨૯ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના મહેસાણા તાલુકાના નોન પ્લાન કક્ષાના નાનીદાઉ મોટીદાઉ રોડમાં આવતી રૂપેણ નદી પર પુલ બનાવવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા તો, આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૨૫૦.૦૦ લાખ.

---------

**તાપી જિલ્લામાં તાલુકાવાર હાથીપગા રોગના દર્દીઓ**

૨૨૭૯૦ **શ્રી નરેશભાઈ પટેલ** (ગણદેવી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં તાલુકાવાર હાથીપગા રોગના કેટલા દર્દી નોંધાયા,

(૨) ઉક્ત સ્થિતિએ નોંધાયેલ દર્દીઓને સારવાર માટે શું વ્યવસ્થા ઉપલબ્ધ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રોગ નિયંત્રણ માટે શું પગલા હાથ ધરવામાં આવ્યા?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ હાથીપગા રોગના નીચે મુજબના દર્દીઓ નોંધાયા,

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **નોંધાયેલ દર્દીઓ** |
|---|---|---|
| ૧. | વ્યારા | ૯ |
| ૨. | ડોલવણ | ૧૯ |
| ૩. | વાલોડ | ૧૨ |
| ૪. | સોનગઢ | ૭ |
| ૫. | ઉચ્છલ | ૧૪ |
| ૬. | નિઝર | ૦ |
| ૭. | કુકરમુંડા | ૦ |
| | **કુલ** | **૬૧** |

(૨) હાથીપગા રોગના દર્દીઓને દર્દમાં કાયમી રાહત મેળવી શકે તે માટે સર્જરી કરવામાં આવે છે. તેમજ સ્વ માવજત અંગેની તાલીમ તથા તે માટે જરૂરી સાધન સામગ્રી પૂરી પાડવામાં આવે છે.

(૩) રાજ્ય સરકાર દ્વારા રોગ નિયંત્રણ માટે નીચે મુજબના પગલાં હાથ ધરવામાં આવ્યા.

- હાથીપગા રોગના દર્દીઓની સર્વેલન્સ દ્વારા શોધખોળ અને સારવાર.
- મચ્છર ઉત્પતિ નિયંત્રણ.
- રોગના દર્દીને સ્વમાવજત અંગેની તાલીમ.
- દર્દીઓની વિના મુલ્યે સર્જરીની વ્યવસ્થા.
- આરોગ્ય શિક્ષણની કામગીરી.

તા.૩જી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**પાદરા તાલુકાની વિશાખામાંથી માઇનોર દ્વારા પૂરુ પાડેલ સિંચાઇનું પાણી**

૨૨૭૫૭ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાદરા તાલુકાની મજાથણ વિશાખામાંથી નીકળતી ચિત્રાલ માઇનોર દ્વારા કેટલા વિસ્તારમાં સિંચાઇનું પાણી આપવામાં આવ્યું,

(૨) તેની યુજીપીએલ સબમાઇનોરની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાદરા તાલુકાની મજાથણ વિશાખામાંથી નીકળતી ચિત્રાલ માઇનોર દ્વારા ૬૩૭ એકર વિસ્તારને સિંચાઇ માટે પાણી પૂરું પાડવામાં આવેલ છે.

(૨) ચિત્રાલ માઇનોર હેઠળની તમામ ૯ યુજીપીએલ સબમાઇનોરની કામગીરી પૂર્ણ થયેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ચિત્રાલ માઇનોરમાં રૂ. ૧.૨૬ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં પાસ થયેલ એમ.બી.બી.એસ. ડોક્ટરોની નિમણૂક**

૨૪૪૫૨ **શ્રી શીવાભાઇ ભુરીયા** (દિયોદર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ કેટલા ડોક્ટરોને નિમણૂક આપવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા ડોક્ટરો ફરજ પર હાજર થયા અને કેટલા ડોક્ટરો હાજર ન થયા,

(૩) હાજર ન થયા હોય તેવા કેટલા ડોક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલી અને કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૪) ઉક્ત બોન્ડની બાકી રકમ વસૂલવા સરકારે શું કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) અને (૨) પત્રક–૧ આ સાથે સામેલ છે.

**પત્રક–૧**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૮ | | | વર્ષ ૨૦૧૯ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નિમણૂક આપેલ ડોક્ટર | ફરજ પર હાજર થયેલ ડોક્ટર | ગેરહાજર રહેલ ડોક્ટર | નિમણૂક આપેલ ડોક્ટર | ફરજ પર હાજર થયેલ ડોક્ટર | ગેરહાજર રહેલ ડોક્ટર |
| ૧ | બનાસકાંઠા | ૭૯ | ૮ | ૭૧ | ૧૦૫ | ૨૦ | ૮૫ |
| ૨ | પાટણ | ૪૧ | ૮ | ૩૩ | ૧૩ | ૩ | ૧૦ |

(૩) પત્રક–૨ આ સાથે સામેલ છે.

**પત્રક–૨**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૮ | | | વર્ષ ૨૦૧૯ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | બોન્ડની રકમની વસૂલાત કરેલ ડોક્ટરોની સંખ્યા | વસૂલાત કરેલ બોન્ડની રકમ (રૂ.) | વસૂલાત કરવાની બાકી બોન્ડની રકમ (રૂ.) | બોન્ડની રકમની વસૂલાત કરેલ ડોક્ટરોની સંખ્યા | વસૂલાત કરેલ બોન્ડની રકમ (રૂ.) | વસૂલાત કરવાની બાકી બોન્ડની રકમ (રૂ.) |
| ૧ | બનાસકાંઠા | ૧૬ | ૨૪૦૦૦૦૦ | ૮૨૫૦૦૦૦ | ૫ | ૨૧૫૦૦૦૦ | ૪૦૦૦૦૦૦૦ |
| ૨ | પાટણ | ૩ | ૪૫૦૦૦૦ | ૪૫૦૦૦૦૦ | ૧ | ૧૫૦૦૦૦ | ૪૫૦૦૦૦૦ |
| | **કુલ** | **૧૯** | **૨૮૫૦૦૦૦** | **૧૨૭૫૦૦૦૦** | **૬** | **૨૩૦૦૦૦૦** | **૪૪૫૦૦૦૦૦** |

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ વીજ જોડાણ**

૨૨૬૬૬ **શ્રી વલ્લભભાઇ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ કેટલા ઘરવપરાશના વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૧૧૩૮ વીજ જોડાણ આપવામાં આવ્યા.

(૨) રૂ. ૭૦.૦૨ લાખનો ખર્ચ થયો.

---------

અતારાંકિત પ્રશ્નો

## રાજકોટ પી.ડી.યુ. હોસ્પિટલનું સંવર્ગવાર મંજૂર મહેકમ

૨૨૭૭૪ **શ્રી અરવિંદ રૈયાણી** (રાજકોટ–પૂર્વ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ પી.ડી.યુ. હોસ્પિટલ, રાજકોટનું સંવર્ગવાર કુલ કેટલુ મહેકમ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ પી.ડી.યુ. હોસ્પિટલ, રાજકોટનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર |
|---|---|
| વર્ગ–૧ | ૨૭ |
| વર્ગ–૨ | ૮૪ |
| વર્ગ–૩ | ૯૧૬ |
| વર્ગ–૪ | ૧૭૧ |
| **કુલ** | **૧૧૯૮** |

**પ્રશ્ન**

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિેએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૦૧ | ૨૬ |
| વર્ગ–૨ | ૩૫ | ૪૯ |
| વર્ગ–૩ | ૬૦૭ | ૩૦૯ |
| વર્ગ–૪ | ૧૭૧ | ૦૦ |
| **કુલ** | **૮૧૪** | **૩૮૪** |

**પ્રશ્ન**

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૩) નિમણૂંકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવશે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવશે.

---------

## ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ આપવા અંગે

૨૪૪૭૮ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ આપવામાં આવે છે તેમાં હોર્સ પાવર આધારિત બિલના બદલે મીટર ફરજિયાત આપવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તેના કારણો શા છે, અને

**જવાબ**

(૧) અને (૨) જી હા, વીજ અધિનિયમ, ૨૦૦૩ માં કરેલ જોગવાઇઓ મુજબ વીજ વિતરણ કંપનીઓને વીજ પુરવઠો પૂરો પાડવાની સાથે પૂરી પાડેલ વીજળીની નોંધ કરવી આવશ્યક હોઇ વીજ અધિનિયમ, ૨૦૦૩ ની કલમ મુજબ વીજ વિતરણ કંપનીઓને તમામ કેટેગરીના ગ્રાહક માટે નામ. વીજ નિયમન આયોગે નક્કી કરેલા ધારા ધોરણો મુજબના યોગ્ય મીટર સ્થાપિત કરી નવા વીજ જોડાણ આપવાની જોગવાઇ કરેલ છે. તદ્ઉપરાંત નામ. આયોગના તારીખ ૧૦.૧૦.૨૦૦૦ના હુકમથી વીજ વિતરણ કંપનીઓને નિર્દેશ કરેલ છે કે રાજ્યના તમામ કૃષિ વિષયક નવા વીજ જોડાણો ફક્ત મીટર આધારિત જ આપવા જેથી તારીખ ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ નવા કૃષિ વિષયક વીજ જોડાણો ફક્ત મીટરવાળા જ આપવામાં આવે છે.

**પ્રશ્ન**

(૩) કૃષિ વિષયક વીજ જોડાણમાં હોર્સ પાવર આધારિત બિલનો વિકલ્પ આપવા અંગેની કાર્યવાહી ક્યા તબક્કે છે?

**જવાબ**

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

તા.૩જી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**કરજણ તાલુકાની વિશાખામાંથી માઇનોર દ્વારા પૂરૂ પાડેલ સિંચાઇનું પાણી**

૨૨૭૬૦ **શ્રી કેતનભાઇ ઇનામદાર** (સાવલી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કરજણ તાલુકાની દેથાણ વિશાખામાંથી નીકળતી દેથાણ ડાયરેક્ટ માઇનોર દ્વારા કેટલા વિસ્તારમાં સિંચાઇનું પાણી આપવામાં આવ્યું, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કરજણ તાલુકાની દેથાણ વિશાખામાંથી નીકળતી દેથાણ ડાયરેક્ટ માઇનોર દ્વારા ૬૪૫ એકર વિસ્તારને સિંચાઇ માટે પાણી પૂરું પાડવામાં આવેલ છે. |
| (૨) તેની યુજીપીએલ સબમાઇનોરની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૨) દેથાણ ડાયરેક્ટ માઇનોરમાંથી નીકળતી તમામ ૯ યુજીપીએલ સબમાઇનોરની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) ઉક્ત સ્થિતિએ તેમાં રૂ.૯૩.૭૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

**ખેડા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ**

૨૨૬૯૬ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૩૭૧૦ કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૨) કુલ રૂ.૪૬૨૩.૦૬ લાખનો ખર્ચ થયો. |

---------

**ગીર સોમનાથ જિલ્લામાં ખેડૂતોને દિવસે વિજળી આપવા બાબત**

૨૩૭૫૭ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં ક્યા ક્યા તાલુકાઓમાં ખેડૂતોને દિવસે વીજળી આપવામાં આવે છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં નીચેના તાલુકા જરૂરીયાત વાળા ફીડરોમાં ફક્ત દિવસે વીજળી આપવામાં આવે છે.

| ક. નં. | તાલુકાનું નામ | દિવસ દરમ્યાન વીજ પુરવઠો મેળવતા ખેતીવિષયક વીજ ફિડરોની સંખ્યા |
|---|---|---|
| ૧ | તાલાલા | ૨૦ |
| ૨ | વેરાવળ | ૫ |
| ૩ | સુત્રાપાડા | ૦ |
| | **કુલ** | **૨૫** |

અન્ય ફીડરોમાં વીજની માંગ અને પુરવઠાની સમતુલા જળવાઇ રહે તે બાબતે ધ્યાને રાખીને દરેક ખેતીવાડી ગ્રુપને મહિનામાં એક અઠવાડિયું સંપૂર્ણ દિવસ દરમ્યાન થ્રી ફેઇઝ વીજ પુરવઠો ઉપલબ્ધ થાય તે રીતે મહિનામાં વારાફરથી (રોટેશનથી) બે અઠવાડીયા દરરોજ સરેરાશ ૮ કલાક દિવસે વીજ પુરવઠો મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવેલ છે.

**પ્રશ્ન**

(૨) તે અન્વયે જે તાલુકામાં ખેડૂતોને દિવસે વિજળી નથી અપાતી તેવા તાલુકાઓમાં કેટલા સમયમાં દિવસે વીજળી આપવામાં આવશે?

**જવાબ**

(૨) આગામી સમયમાં માળખાગત સુવિધા વધારી ખેડૂતોને ફક્ત દિવસે વીજળી આપવાનું આયોજન વિચારણા હેઠળ છે.

---------

**વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૨૨૭૭૭ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરાનું સંવર્ગવાર કુલ કેટલુ | (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરાનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની |

મહેકમ મંજૂર થયેલ છે,

વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર મહેકમ |
|---|---|
| વર્ગ–૧ | ૦૯ |
| વર્ગ–૨ | ૩૮ |
| વર્ગ–૩ | ૧૧૪૭ |
| વર્ગ–૪ | ૫૮૬ |
| **કુલ** | **૧૭૮૦** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૦૩ | ૦૬ |
| વર્ગ–૨ | ૧૪ | ૨૪ |
| વર્ગ–૩ | ૮૪૫ | ૩૦૨ |
| વર્ગ–૪ | ૫૮૬ | ૦૦ |
| **કુલ** | **૧૪૪૮** | **૩૩૨** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) નિમણૂંકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તૂર્તજ ભરવામાં આવશે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવશે.

## અમદાવાદ જિલ્લામાં જર્જરિત વીજ વાયરો અને થાંભલા બદલવા બાબત

૨૨૭૬૪ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા કિ.મિ. જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે પાછળ કૂલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૪૫.૭૦ કી.મી. જર્જરિત વીજ વાયરો અને ૧૭૫૨ નંગ વીજ થાંભલા બદલવામાં આવેલ છે.

(૨) રૂ.૧૩૫.૦૭ લાખનો ખર્ચ થયેલ છે.

---------

## દાંતા અને અમીરગઢ તાલુકાના વન ખાતા હેઠળના રસ્તાઓ

૨૩૫૮૩ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાના કયા રસ્તાઓ વન વિસ્તારમાં આવતા હોઇ મંજૂર થયા હોવા છતાં ડામર કામ થઈ શકેલ નથી,

(૨) ઉક્ત રસ્તાઓ ક્યારે મંજૂર થયેલ છે, અને

(૩) વન વિભાગની મંજૂરી મેળવવા ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧), (૨), અને (૩) પરિશિષ્ટ–મુજબ

**પરિશિષ્ટ**

| તાલુકો | રસ્તાનું નામ | મંજૂર થયા તારીખ | કરવામાં આવેલ કાર્યવાહીની વિગત |
|---|---|---|---|
| દાંતા | રાણપુર બંગલો થી ઉદાવાસપરા રોડ | ૦૭–૦૪–૨૦૧૬ | દરખાસ્ત મંજૂરી અર્થે રીજીયોનલ ઓફીસ ભોપાલ ખાતે મોકલેલ છે. |
| અમીરગઢ | ખારા થી ઝાલરા કરઝા રોડ | ૦૮–૦૨–૨૦૧૭ | વન વિભાગની સુચના મુજબ કલેક્ટરશ્રી દ્વારા ફાળવેલ જમીનની માપણી માટે ડી.આઈ.એલ.આર., પાલનપુરને મોકલવામાં આવેલ છે. |

તા.૩જી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**ભરૂચ જિલ્લામાં આદિજાતી વિસ્તાર પેટા યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ**

૨૨૮૩૮ **શ્રી દુષ્યંતભાઈ પટેલ** (ભરૂચ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૧૩૮૪ વીજ જોડાણો આપવામાં આવેલ છે.

(૨) રૂ.૩૩૪૦.૮૪ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**તાપી જિલ્લામાં તાલુકાવાર હાથીપગા રોગના દર્દીઓ**

૨૨૭૯૧ **શ્રી મોહનભાઈ ઢોડીયા** (મહુવા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં તાલુકાવાર હાથીપગા રોગના કેટલા દર્દી નોંધાયા,

(૨) ઉક્ત સ્થિતિએ નોંધાયેલ દર્દીઓને સારવાર માટે શું વ્યવસ્થા ઉપલબ્ધ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રોગ નિયંત્રણ માટે શું પગલાં હાથ ધરવામાં આવ્યા?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ હાથીપગા રોગના નીચે મુજબના દર્દીઓ નોંધાયા.

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ દર્દીઓ |
|---|---|---|
| ૧ | વ્યારા | ૯ |
| ૨ | ડોલવણ | ૧૯ |
| ૩ | વાલોડ | ૧૨ |
| ૪ | સોનગઢ | ૭ |
| ૫ | ઉચ્છલ | ૧૪ |
| ૬ | નિઝર | ૦ |
| ૭ | કુકરમુંડા | ૦ |
| **કુલ** | | **૬૧** |

(૨) હાથીપગા રોગના દર્દીઓને દર્દમાં કાયમી રાહત મેળવી શકે તે માટે સર્જરી કરવામાં આવે છે. તેમજ સ્વ માવજત અંગેની તાલીમ તથા તે માટે જરૂરી સાધન સામગ્રી પૂરી પાડવામાં આવે છે.

(૩) રાજ્ય સરકાર દ્વારા રોગ નિયંત્રણ માટે નીચે મુજબના પગલાં હાથ ધરવામાં આવ્યા.

- હાથીપગા રોગના દર્દીઓની સર્વેલન્સ દ્વારા શોધખોળ અને સારવાર.
- મચ્છર ઉત્પતિ નિયંત્રણ.
- રોગના દર્દીઓની સ્વમાવજત અંગેની તાલીમ.
- દર્દીઓની વિના મુલ્યે સર્જરીની વ્યવસ્થા.
- આરોગ્ય શિક્ષણની કામગીરી.

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જર્જરિત વીજ વાયરો અને થાંભલા બદલવા બાબત**

૨૨૬૭૭ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ કેટલા કિ.મિ. જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૧૩૬૬.૯૪ કી.મી. જર્જરિત વીજ વાયરો અને ૨૭૩૪ નંગ વીજ થાંભલા બદલવામાં આવ્યા.

(૨) રૂ.૫૬૫.૩૨ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**ભાવનગર જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળના લાભાર્થીઓ**

૨૨૮૧૩ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

**જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કેટલા લાભાર્થી દાવાઓ મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત મંજૂર કરવામાં આવેલ દાવા માટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે?

(૧) ''મા'' યોજના હેઠળ-૫,૨૯૯ અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ-૫૩,૨૭૨ દાવાઓ મળી કુલ-૫૮,૫૭૧- દાવાઓ મંજૂર કરવામાં આવ્યા.

(૨) કુલ રૂ.૧,૦૬,૪૮,૫૯,૨૩૮/- (અંકે રૂપિયા એકસો છ કરોડ અડતાળીસ લાખ ઓગણસાઠ હજાર બસો આડત્રીસ પૂરા)

---------

**સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં સીક ન્યુબોર્ન કેર યુનિટમાં દાખલ કરેલ બાળકો**

૨૪૪૯૯ **શ્રી સોમાભાઈ કોળીપટેલ** (લીંબડી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં સીક ન્યુબોર્ન કેર યુનિટમાં કેટલા બાળકો દાખલ થયા,

(૨) ઉક્ત દાખલ થયેલા બાળકો પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા બાળકોનો જન્મ સિવિલ હોસ્પિટલમાં થયો હોઈ અને તેને વધુ સારવાર માટે સીક ન્યુબોર્ન કેર યુનિટમાં દાખલ થયા અને કેટલા બાળકો સરકારી હોસ્પિટલો સિવાય જન્મ લેનાર તબદીલ થઈને દાખલ થયા,

(૩) તે પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર સીક ન્યુબોર્ન કેર યુનિટમાં સારવાર દરમ્યાન કેટલા બાળકોના મોત થયા, અને

(૪) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં બાળકોના મૃત્યુ અટકે તે માટે સરકારે શા પગલાં લીધાં?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **જિલ્લો** | **વર્ષ** | | **કુલ** |
|---|---|---|---|---|
| | | **૨૦૧૮** | **૨૦૧૯** | |
| ૧ | સુરેન્દ્રનગર | ૨૫૯ | ૩૮૮ | ૬૪૭ |
| ૨ | બોટાદ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૨)

| **બાળકની વિગત** | **સુરેન્દ્રનગર** | | **બોટાદ** | | **કુલ** |
|---|---|---|---|---|---|
| | **૨૦૧૮** | **૨૦૧૯** | **૨૦૧૮** | **૨૦૧૯** | |
| સરકારી હોસ્પિટલમાં જન્મેલ બાળકો | ૨૦૪ | ૨૯૪ | ૦૦ | ૦૦ | ૪૯૮ |
| તબદીલ થઈ દાખલ થયેલ બાળકો | ૫૫ | ૯૪ | ૦૦ | ૦૦ | ૧૪૯ |
| **કુલ** | **૨૫૯** | **૩૮૮** | **૦૦** | **૦૦** | **૬૪૭** |

(૩)

| **ક્રમ** | **જિલ્લો** | **વર્ષ** | | **કુલ** |
|---|---|---|---|---|
| | | **૨૦૧૮** | **૨૦૧૯** | |
| ૧ | સુરેન્દ્રનગર | ૦૪ | ૦૩ | ૦૭ |
| ૨ | બોટાદ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૪) (૧) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં પિડીયાટ્રીશીયન અને મેડીકલ ઓફિસરની જગ્યાઓ અગ્રતાને ધોરણે ભરવામાં આવે છે. (૨) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર કરતાં ડૉક્ટરશ્રી તથા નર્સીંગ સ્ટાફને ફેસેલીટી બેઝ ન્યુબોર્ન કેરની ખાસ તાલીમ પણ આપવામાં આવે છે. (૩) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર માટે જરૂરિયાત અંગેની તમામ પ્રકારની દવાઓ અને સારવાર નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે. (૪) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં જરૂરી સાધન સામગ્રી પૂરતા પ્રમાણમાં ફાળવવામાં આવે છે.

---------

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં ગેરકાયદેસર પીવાના પાણીના પેકિંગ/વેચાણ**

૨૪૫૧૪ **શ્રી લલિત વસોયા** (ધારોજી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ અને પોરબંદર જિલ્લામાં લાઈસન્સ વગર પીવાના પાણીનું ઉત્પાદન/પેકિંગ કરીને ગેરકાયદેસર વેચાણ થતું હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી,

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લાની-૧ તથા પોરબંદર જિલ્લાની ૧ એમ કુલ ૦૨ ફરિયાદ મળેલ છે.

(૨) તે અન્વયે કયા એકમોની ક્યારે તપાસ કરવામાં આવી,

(૨) રાજકોટ ખાતેના નિયતી બેવરેજીસ એકમની તા.૨૪–૦૬–૨૦૧૯ના રોજ તથા પોરબંદર જિલ્લાના ખાભોદર/બગવદર ખાતેના ક્રિષ્ના બેવરેજીસ અને ક્રિષ્ના કોમોડીટી આઈ એન્ડ ઈ ના એકમોની તા.૧૭–૦૧–૨૦૨૦ના રોજ તપાસ કરવામાં આવી.

(૩) તપાસ દરમ્યાન કેટલા એકમમાં કેવા પ્રકારની ગેરરીતિઓ સામે આવી અને કેટલા એકમો પાણીનું પેકેજીંગ કરવાના લાઈસન્સ વગર ઉત્પાદન કરતા હોવાનું સામે આવ્યું, અને

(૩) તપાસ દરમ્યાન રાજકોટ જિલ્લામાં સદર એકમ પાણીનું પેકેજીંગ કરવા અંગેનું લાયસન્સ ધરાવતુ ન હોવાની તથા પેક્ડ બોટલ ઉપર બેચ નંબર તથા ઉત્પાદકનું સરનામું દર્શાવેલ ન હોવાની ગેરરીતિઓ સામે આવેલ તથા પોરબંદર જિલ્લામાં સદર એકમો પેકેઝડ ડ્રીંકીંગ વોટરનું ઉત્પાદન કરતા ન હોવાનું સામે આવેલ.

(૪) તે અન્વયે કેટલા એકમ સામે શા પગલાંઓ લેવામાં આવ્યાં?

(૪) રાજકોટ જિલ્લાના સદર એકમને વગર પરવાને પાણીનું પેકેજીંગ ઉત્પાદન કરવા બદલ ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટ–૨૦૦૬ અન્વયે નિયમોનુસારની કાર્યવાહી કરી નોટીસ આપવામાં આવેલ છે તથા પોરબંદર જિલ્લામાં સદર એકમો પેકેઝડ ડ્રીંકીંગ વોટરનું ઉત્પાદન કરતા ન હોઈ કોઈ પગલાં લેવામાં આવેલ નથી.

---------

## મહીસાગર જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજનાના લાભાર્થીઓ

૨૨૬૮૮ **શ્રી જીગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત મહીસાગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૧) ૧૦૨૬ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવેલ છે.

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો?

(૨) રૂ. ૭૫.૪૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

## અમદાવાદ અને રાજકોટ શહેરમાં બાળમૃત્યુના કેસ

૨૪૪૮૮ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને રાજકોટ શહેરમાં બાળમૃત્યુના કેટલા કેસ નોંધાયા,

(૧)

| **ક્રમ** | | **વર્ષ** | | **કુલ** |
|---|---|---|---|---|
| | | **૨૦૧૮** | **૨૦૧૯** | |
| ૧ | અમદાવાદ શહેર | ૬૪૮૭ | ૫૨૭૧ | ૧૧૭૫૮ |
| ૨ | રાજકોટ શહેર | ૧૫૦ | ૨૦૯ | ૩૫૯ |

(૨) ઉક્ત શહેરવાર બાળમૃત્યુ પૈકી રાજ્ય અને રાજ્ય બહારના કેટલા બાળકો હતા, અને

(૨)

| **ક્રમ** | **વર્ષ** | **અમદાવાદ શહેર** | | **રાજકોટ શહેર** | | **કુલ** |
|---|---|---|---|---|---|---|
| | | **રાજ્યના કેસો** | **રાજ્ય બહારના કેસો** | **રાજ્યના કેસો** | **રાજ્ય બહારના કેસો** | |
| ૧ | ૨૦૧૮ | ૫૯૨૪ | ૫૬૩ | ૧૫૦ | ૦ | ૬૬૩૭ |
| ૨ | ૨૦૧૯ | ૪૮૨૦ | ૪૫૧ | ૨૦૯ | ૦ | ૫૪૮૦ |

(૩) ઉક્ત બાળ મૃત્યુ અટકાવવા સરકારે શા પગલા લીધા?

(૩)
(૧) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં પિડીયાટ્રીશીયન અને મેડીકલ ઓફિસરની જગ્યાઓ અગ્રતાને ધોરણે ભરવામાં આવે છે.
(૨) નવજાત શિશુઓની સારવાર કરતાં ડૉક્ટરશ્રી તથા નર્સીંગ સ્ટાફને ફેસેલીટી બેઝ ન્યુબોર્ન કેરની ખાસ તાલીમ પણ આપવામાં આવે છે.

(૩) નવજાત શિશુઓની સારવાર માટે જરૂરિયાત અંગેની તમામ પ્રકારની દવાઓ અને સારવાર નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે.

(૪) જરૂરી સાધન સામગ્રી પૂરતા પ્રમાણમાં ફાળવવામાં આવે છે.

(૫) જિલ્લા હોસ્પિટલમાં બાળક રીફર થાય એના નર્સીંગ સ્ટાફને પણ રીફર કરતા પહેલાં બાળકને પ્રાથમિક સારવાર અને શ્રેષ્ઠ રીતે ટ્રાન્સપોર્ટ કરાય તેવી તાલીમ આપવામાં આવે છે.

(૬) માતાઓને પોષણયુક્ત આહાર લેવા, સરકારશ્રીની વિવિધ યોજનાઓ જેવી કે જનની શિશુ સુરક્ષા, કસ્તુરબા પોષણ સહાય યોજનાનો લાભ લેવા સગર્ભા બાદ નિયમીત સેવાઓ લેવાની અને સંસ્થાકીય સુવાવડ માટે પ્રેરીત કરવામાં આવે છે.

(૭) અધુરા માસે જન્મ થયેલ બાળકોને બાળસખા યોજનાનો ઘનિષ્ટ રીતે લાભ લેવા અને જ્યારે રજા આપવામાં આવે ત્યારે આશા દ્વારા વખતોવખત તેની ગૃહ મુલાકાત લેવામાં આવે છે. અને બાળકનું સંપૂર્ણકરણ થાય તે સુનિશ્ચિત કરવામાં આવે છે.

(૮) સગર્ભાની પ્રથમ ત્રિમાસીકમાં રજિસ્ટ્રેશન, પ્રસુતિ સુધીનું ફોલોઅપ, હાઇ રીસ્ક સગર્ભાની ઓળખ, તેમજ સંસ્થાકીય સુવાવડને પ્રોત્સાહન આપવામાં આવે છે.

(૯) સરકારી યોજના જેવી કે જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ અંતર્ગત ૧૦૮ ઇમરજન્સી સેવા થકી સંસ્થાકીય સુવાવડ અને ડ્રોપ બેકની સુવિધા આપવામાં આવે છે.

---------

## નવસારી અને સુરત જિલ્લામાં નવા રસ્તાઓની મંજૂરી

૨૪૬૧૩ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને સુરત જિલ્લામાં માર્ગ અને મકાન (પંચાયત)ના કેટલા રસ્તાઓને નવા અને કેટલા રસ્તાઓ સમારકામ કરવાની મંજૂરી આપવમાં આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તાનું કામ પૂર્ણ થયું,

(૩) તે પૈકી કેટલા રસ્તાનું કામ પ્રગતિમાં છે અને કેટલા રસ્તાનું કામ કયા કારણોસર શરૂ કરવાનું બાકી છે, અને

(૪) ઉક્ત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) વર્ષવાર રસ્તાઓની મંજૂરીની વિગત.

| જિલ્લો | વર્ષ | કામો | મંજૂર | પૂર્ણ | પ્રગતિ | શરૂ ન થયેલ (બાકી કામો) |
|---|---|---|---|---|---|---|
| નવસારી | ૨૦૧૮ | નવા | ૮૬ | ૬૩ | ૨૩ | – |
| | | સમાર કામ | ૧૦૭ | ૧૦૪ | ૨ | ૧ |
| | ૨૦૧૯ | નવા | ૧૨૮ | ૪ | ૨૫ | ૯૯ |
| | | સમાર કામ | ૧૪૬ | ૮ | ૧૦ | ૧૨૮ |
| સુરત | ૨૦૧૮ | નવા | ૮૮ | ૪૦ | ૪૫ | ૩ |
| | | સમાર કામ | ૪૦ | ૨૯ | ૧૧ | – |
| | ૨૦૧૯ | નવા | ૫૧ | ૨ | ૧૦ | ૩૯ |
| | | સમાર કામ | ૯૮ | – | ૩ | ૯૫ |

બાકી કામો પૈકી ૨૨૯ ટેન્ડર મંજૂરી તબક્કે, ૧૩૪ કામો નિવિદાના તબક્કે, ૧ કામ જમીન પ્રશ્ન તથા ૧ કામ નકશા અંદાજ તબક્કે હોઈ શરૂ થયેલ નથી. જે વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી બનતી ત્વરાએ.

---------

તા.૩જી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**પાટણ તાલુકામાં કાચા રસ્તાઓને ડામરના બનાવવા બાબત**

૨૪૬૩૧ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : ૧૪મી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૧૯-૭-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજુ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૮૮૪૭ (અગ્રતા-૨૬૪) અન્વયે **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ પાટણ તાલુકામાં કાચા રસ્તાને ડામર સપાટીના બનાવવાની ૩૫ અને રીકાર્પેટ/રીસરફેશન કરવાની બે માંગણીઓ પડતર હતી, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ પડતર માંગણીવાળા કેટલા રસ્તાના કામો ૩૧ જાન્યુઆરી-૨૦૨૦ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા છે, અને

(૩) ઉક્ત પૈકી બાકી રહેલા કેટલા રસ્તાના કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ કાચા રસ્તાઓને ડામર સપાટીના બનાવવાની ૨૪ માંગણીઓ (૩૫ રસ્તાના કામો) અને રીકાર્પેટ/રીસરફેશ કરવાની ૨ રસ્તાની માંગણીઓ પડતર છે.

(૨) અને (૩) મંજૂર થયેલ ૨ રસ્તાના કામો ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી બનતી ત્વરાએ અને બાકીના કામો બાબતે હાલ આયોજન નથી.

---------

**ડભોઈ તાલુકાની પોર શાખામાંથી માઈનોર દ્વારા પૂરૂ પાડેલ સિંચાઈનું પાણી**

૨૨૮૪૭ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડભોઇ તાલુકાની પોર શાખામાંથી નીકળતી અંગુઠણ માઈનોર દ્વારા કેટલા વિસ્તારમાં સિંચાઈનું પાણી આપવામાં આવ્યું,

(૨) તેની યુજીપીએલ સબમાઈનોરની કામગીરી કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડભોઇ તાલુકાની પોર શાખામાંથી નીકળતી અંગુઠણ માઈનોર દ્વારા ૧૦૬૭ એકર વિસ્તારને સિંચાઈ માટે પાણી પૂરું પાડવામાં આવેલ છે.

(૨) અંગુઠણ માઈનોરમાંથી નીકળતી કુલ ૧૧ સબમાઈનોરમાંથી ૮ સબમાઈનોરની કામગીરી પૂર્ણ થયેલ છે. અને ૩ સબમાઈનોરની કામગીરી પ્રગતિમાં છે.

(૩) ઉક્ત સ્થિતિએ તેમાં રૂ.૭૭.૯૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**અરવલ્લી અને ગાંધીનગર જિલ્લામાં સીક ન્યુબોર્ન કેર યુનિટમાં દાખલ કરેલ બાળકો**

૨૪૪૬૬ **ડૉ. અનિલ જોષિયારા** (ભિલોડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને ગાંધીનગર જિલ્લામાં સીક ન્યુબોર્ન કેર યુનિટમાં કેટલા બાળકો દાખલ થયા,

(૨) ઉક્ત દાખલ થયેલા બાળકો પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા બાળકોનો જન્મ સિવિલ હોસ્પિટલમાં થયો હોઈ અને તેને વધુ સારવાર માટે સીક ન્યુબોર્ન કેર યુનિટમાં દાખલ થયા અને કેટલા બાળકો સરકારી હોસ્પિટલો સિવાય જન્મ લેનાર તબદીલ થઈને દાખલ થયા,

(૩) તે પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર સીક ન્યુબોર્ન કેર યુનિટમાં સારવાર દરમ્યાન કેટલા બાળકોના

**જવાબ**

(૧)

| **ક્રમ** | **જિલ્લો** | **વર્ષ** | | **કુલ** |
|---|---|---|---|---|
| | | **૨૦૧૮** | **૨૦૧૯** | |
| ૧ | અરવલ્લી | ૦ | ૦ | **૦** |
| ૨ | ગાંધીનગર | ૧૩૫૦ | ૧૩૫૨ | **૨૭૦૨** |

(૨)

| **બાળકની વિગત** | **અરવલ્લી** | | **ગાંધીનગર** | | **કુલ** |
|---|---|---|---|---|---|
| | **૨૦૧૮** | **૨૦૧૯** | **૨૦૧૮** | **૨૦૧૯** | |
| સરકારી હોસ્પિટલમાં જન્મેલ બાળકો | ૦ | ૦ | ૯૦૯ | ૧૦૧૬ | **૧૯૨૫** |
| તબદીલ થઈ દાખલ થયેલ બાળકો | ૦ | ૦ | ૪૪૧ | ૩૩૬ | **૭૭૭** |

(૩)

| **ક્રમ** | **જિલ્લો** | **વર્ષ** | **કુલ** |
|---|---|---|---|

મોત થયા, અને

| | | ૨૦૧૮ | ૨૦૧૯ | |
|---|---|---|---|---|
| ૧ | અરવલ્લી | ૦ | ૦ | ૦ |
| ૨ | ગાંધીનગર | ૨૧૯ | ૨૧૩ | ૪૩૨ |
| | કુલ | ૨૧૯ | ૨૧૩ | ૪૩૨ |

(૪) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં બાળકોના મૃત્યુ અટકે તે માટે સરકારે શા પગલાં લીધા?

(૪) (૧) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં પિડીયાટ્રીશીયન અને મેડીકલ ઓફિસરની જગ્યાઓ અગ્રતાને ધોરણે ભરવામાં આવે છે. (૨) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર કરતાં ડૉક્ટરશ્રી તથા નર્સીંસ સ્ટાફને ફેસેલીટી બેઝ ન્યુબોર્ન કેરની ખાસ તાલીમ પણ આપવામાં આવે છે. (૩) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર માટે જરૂરિયાત અંગેની તમામ પ્રકારની દવાઓ અને સારવાર નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે. (૪) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં જરૂરી સાધન સામગ્રી પૂરતા પ્રમાણમાં ફાળવવામાં આવે છે.

---------

**ભુજ તાલુકામાં પુલ બનાવવા બાબત**

૨૨૭૩૦ **ડૉ. નિમાબેન આચાર્ય** (ભુજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના કોટડા (ઉગમણા) થી કોટડા(આથમણા) રોડ પર પુલ બનાવવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૨૫૦.૦૦ લાખ

---------

**વડોદરા જિલ્લામાં ‘‘મા’’ અને ‘‘મા વાત્સલ્ય’’ યોજના હેઠળના લાભાર્થીઓ**

૨૨૮૦૨ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ‘‘મા’’ અને ‘‘મા વાત્સલ્ય’’ યોજના હેઠળ કેટલા કાર્ડ કાઢવામાં આવ્યા,

(૨) ઉક્ત જિલ્લામાં આ કાર્ડ મળી રહે તે માટે કેટલા કેન્દ્રો કાર્યરત છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં ‘‘મા’’ અને ‘‘મા વાત્સલ્ય’’યોજના હેઠળ કેટલા લાભાર્થી દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે, અને

(૪) ઉક્ત મંજૂર કરવામાં આવેલ દાવા માટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે?

**જવાબ**

(૧) બે વર્ષમાં ‘‘મા’’ યોજના હેઠળ – ૪૪૮ અને ‘‘મા વાત્સલ્ય’’ યોજના હેઠળ – ૯૯,૩૭૮ લાભાર્થી કુટુંબોને કાર્ડ આપવામાં આવ્યા.

(૨) કાર્ડ મળી રહે તે માટે કુલ – ૧૫ કેન્દ્રો કાર્યરત છે.

(૩) ‘‘મા’’ યોજના હેઠળ–૬,૬૦૧ અને ‘‘મા વાત્સલ્ય’’ યોજના હેઠળ–૧,૦૭,૪૧૨ લાભાર્થી દાવાઓ મંજૂર કરવામાં આવ્યા.

(૪) કુલ – રૂ. ૧૫૩,૪૧,૦૪,૧૨૧ (અંકે રૂપિયા એકસો ત્રેપ્પન કરોડ એકતાળીસ લાખ ચાર હજાર એકસો એકવીસ પૂરા.) દાવાની રકમ મંજૂર કરવામાં આવી.

---------

**અમદાવાદ સિવિલ હોસ્પિટલનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૨૨૮૫૩ **શ્રી કનુભાઈ દેસાઈ** (પારડી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સિવિલ હૉસ્પિટલ, અમદાવાદનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર મહેકમ |
|---|---|

| | |
|---|---|
| વર્ગ–૧ | ૩૩ |
| વર્ગ–૨ | ૧૨૩ |
| વર્ગ–૩ | ૨૮૪૨ |
| વર્ગ–૪ | ૧૭૦૧ |
| **કુલ** | **૪૬૯૯** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૨૨ | ૧૧ |
| વર્ગ–૨ | ૫૩ | ૭૦ |
| વર્ગ–૩ | ૨૧૫૮ | ૬૮૪ |
| વર્ગ–૪ | ૧૭૦૧ | ૦૦ |
| **કુલ** | **૩૯૩૪** | **૭૬૫** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) નિમણૂંકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવશે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવશે.

---------

**અરવલ્લી જિલ્લામાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને કૃષિ વિષયક વીજ જોડાણ**

૨૨૬૭૪ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં કેટલા અનુસૂચિત જાતિના લાભાર્થીઓને નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૯૬ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવેલ છે.

(૨) રૂ. ૧૪૩.૯૬ લાખનો ખર્ચ થયેલ છે..

---------

**આણંદ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ**

૨૨૭૦૦ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લિંબાયત) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૬૮૦ કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા.

(૨) કુલ રૂ. ૨૦૯૪.૦૮ લાખનો ખર્ચ થયો.

---------

**બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને કૃષિ વિષયક વીજ જોડાણ**

૨૨૬૯૧ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા અનુસૂચિત જાતિના લાભાર્થીઓને નવા કૃષિ વિષયક વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૨૫૩ વીજ જોડાણો આપવામાં આવ્યા.

(૨) રૂ. ૪૦૩.૬૪ લાખનો ખર્ચ થયો.

---------

અતારાંકિત પ્રશ્નો

## સુરત નવી સિવિલ હોસ્પિટલનું સંવર્ગવાર મંજૂર મહેકમ

૨૨૭૭૫ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ નવી સિવિલ હોસ્પિટલ, સુરતનું સંવર્ગવાર કુલ કેટલુ મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ નવી સિવિલ હોસ્પિટલ, સુરતનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે.

| **સંવર્ગ** | **મંજૂર** |
|---|---|
| વર્ગ–૧ | ૧૯ |
| વર્ગ–૨ | ૪૨ |
| વર્ગ–૩ | ૬૯૧ |
| વર્ગ–૪ | ૩૮૪ |
| **કુલ** | **૧૪૦૬** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરેલી અને ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| **સંવર્ગ** | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૦૮ | ૧૧ |
| વર્ગ–૨ | ૨૫ | ૧૭ |
| વર્ગ–૩ | ૬૬૦ | ૩૦૧ |
| વર્ગ–૪ | ૩૮૪ | ૦૦ |
| **કુલ** | **૧૦૭૭** | **૩૨૯** |

(૩) નિમણૂંકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવશે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવશે.

---------

## અમદાવાદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસ દરમ્યાન ગંભીર બિમારી ધરાવતા બાળકો

૨૨૮૨૬ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગંભીર રોગોના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી, અને

(૩) ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી?

**જવાબ**

(૧) કુલ–૪,૦૧,૭૮૪/– બાળકો.

(૨)

| **રોગ** | **બાળકોની સંખ્યા** |
|---|---|
| હૃદય | ૧૯૯ |
| કીડની | ૬૧ |
| કેન્સર | ૪૫ |
| **કુલ** | **૩૦૫** |

(૩) રાજ્ય સરકાર દ્વારા ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે નીચે દર્શાવેલ હોસ્પિટલો ખાતે વિના મૂલ્યે સારવારની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| **રોગ** | **હોસ્પિટલનું નામ** |
|---|---|
| હૃદય | યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર અમદાવાદ |
| કીડની | ઈન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

---------

તા.૩જી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

**ખેડા અને ભરૂચ જિલ્લામાં નવા રસ્તાઓની મંજૂરી**

૨૪૫૬૮ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને ભરૂચ જિલ્લામાં માર્ગ અને મકાન (પંચાયત) ના કેટલા રસ્તાઓને નવા અને કેટલા રસ્તાઓને સમારકામ કરવાની મંજૂરી આપવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તાનું કામ પૂર્ણ થયું,

(૩) તે પૈકી કેટલા રસ્તાનું કામ પ્રગતિમાં છે અને કેટલા રસ્તાનું કામ ક્યા કારણોસર શરૂ કરવાનું બાકી છે, અને

(૪) ઉક્ત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૧), (૨), (૩) અને (૪) વર્ષવાર પંચાયત પ્રભાગના રસ્તાઓની વિગત.

| **જિલ્લોઃ ખેડા** | | | | | |
|---|---|---|---|---|---|
| **વર્ષ** | **કામો** | **મંજૂર** | **પૂર્ણ** | **પ્રગતિ** | **બાકી કામો** |
| ૨૦૧૮ | નવા | ૭૬ | ૧૩ | ૫૪ | ૯ |
| | સમારકામ | ૮૨ | ૩૬ | ૪૨ | ૪ |
| ૨૦૧૯ | નવા | ૩૬ | – | – | ૩૬ |
| | સમારકામ | ૬૦ | – | – | ૫૮ |
| **જિલ્લોઃ ભરૂચ** | | | | | |
| **વર્ષ** | **કામો** | **મંજૂર** | **પૂર્ણ** | **પ્રગતિ** | **બાકી કામો** |
| ૨૦૧૮ | નવા | ૨૪ | ૫ | ૧૫ | ૪ |
| | સમારકામ | ૨૯ | ૧૩ | ૯ | ૭ |
| ૨૦૧૯ | નવા | ૧૧ | – | ૮ | ૩ |
| | સમારકામ | ૩૭ | – | ૩ | ૩૪ |

બાકી રહેલા કામો પૈકી ૬૨ કામો વર્ક ઓર્ડર તબક્કે, ૦૬ કામો ટેન્ડર મંજૂરી તબક્કે, ૩ કામો ટેન્ડર પ્રક્રિયામાં, ૧૫ કામો ડી.ટી.પી. તબક્કે, ૬૩ કામો નકશા અંદાજ તબક્કે તથા ૬ કામો સુધારેલી મંજૂરીના કારણે શરૂ થઈ શકેલ નથી. જે વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી બનતી ત્વરાએ

---------

**TECHO પ્રોજેક્ટ માટે મોબાઈલની ખરીદી**

૨૪૫૦૮ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ઈનોવેટીવ મોબાઈલ ફોન ટેકનોલોજી ફોર કોમ્યુનીટી હેલ્થ ઓપરેશન (TECHO) પ્રોજેક્ટની કામગીરી કઈ એજન્સીને સોંપવામાં આવેલ છે,

(૨) ઉક્ત પ્રોજેક્ટ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા ભાવે, કેટલા મોબાઈલની ખરીદી કઈ એજન્સી પાસેથી કરવામાં આવી, અને

(૩) તે અન્વયે કેટલી રકમ કઈ એજન્સીને ઉક્ત વર્ષવાર ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ઈનોવેટીવ મોબાઈલ ફોન ટેકનોલોજી ફોર કોમ્યુનીટી હેલ્થ ઓપરેશન (TECHO) પ્રોજેક્ટની કામગીરી આર્ગસોફ્ટ પ્રા. લી. ને સોપવામાં આવેલ છે.

(૨)

| **વર્ષ** | **ખરીદ કરાયેલ મોબાઈલ** | **એક મોબાઈલની કિંમત** | **એજન્સીનું નામ** |
|---|---|---|---|
| ૨૦૧૮ | ૧૨૦૯૮ | રૂ.૯૫૦૮.૮/– | આર્મી ઈન્ફોટેક પ્રા. લી. |
| ૨૦૧૮ | ૨૪૭૭ | રૂ.૯૫૦૭/– | આર્મી ઈન્ફોટેક પ્રા. લી. |
| ૨૦૧૯ | કોઈ ખરીદી થયેલ નથી. | | |

(૩)

| **વર્ષ** | **એજન્સીનું નામ** | **ચુકવેલ રકમ** |
|---|---|---|
| ૨૦૧૮ | આર્મી ઈન્ફોટેક પ્રા. લી. | રૂ. ૧૩,૮૧,૬૫,૭૭૭/– |
| ૨૦૧૯ | કોઈ ખરીદી થયેલ નથી. | |

---------

**અરવલ્લી જિલ્લામાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને કૃષિ વિષયક વીજ જોડાણ**

૨૨૬૭૧ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં કેટલા અનુસૂચિત જાતિના લાભાર્થીઓને નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૯૬ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવેલ છે.

(૨) રૂ. ૧૪૩.૯૬ લાખનો ખર્ચ થયેલ છે.

---------

ફાલ્ગુન ૧૩, ૧૯૪૧ શાકે

અતારાંકિત પ્રશ્નો

**મહેસાણા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસ દરમ્યાન ગંભીર બિમારી ધરાવતા બાળકો**

૨૨૮૨૮ **શ્રી જગદીશ વિશ્વકર્મા** (નિકોલ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગંભીર રોગોના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી, અને

(૩) ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી?

**જવાબ**

(૧) કુલ–૫,૨૨,૧૬૪/– બાળકો.

(૨)

| રોગ | બાળકોની સંખ્યા |
|---|---|
| હૃદય | ૧૧૦ |
| કીડની | ૨૧ |
| કેન્સર | ૦૯ |
| **કુલ** | **૧૪૦** |

(૩) રાજ્ય સરકાર દ્વારા ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે નીચે દર્શાવેલ હોસ્પિટલો ખાતે વિના મુલ્યે સારવારની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| રોગ | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદય | યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર અમદાવાદ |
| કીડની | ઈન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

---------

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં સીક ન્યુબોર્ન કેર યુનિટમાં દાખલ કરેલ બાળકો**

૨૪૫૨૬ **શ્રી ભીખાભાઈ જોષી (જૂનાગઢ)** : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં સીક ન્યુબોર્ન કેર યુનિટમાં કેટલા બાળકો દાખલ થયા,

(૨) ઉક્ત દાખલ થયેલા બાળકો પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા બાળકોનો જન્મ સિવિલ હોસ્પિટલમાં થયો હોઈ અને તેને વધુ સારવાર માટે સીક ન્યુબોર્ન કેર યુનિટમાં દાખલ થયા અને કેટલા બાળકો સરકારી હોસ્પિટલો સિવાય જન્મ લેનાર તબદીલ થઈને દાખલ થયા,

(૩) તે પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર સીક ન્યુબોર્ન કેર યુનિટમાં સારવાર દરમ્યાન કેટલા બાળકોના મોત થયા, અને

(૪) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં બાળકોના મૃત્યુ

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લો | વર્ષ | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૧૮ | ૨૦૧૯ | |
| ૧ | જૂનાગઢ | ૬૯૮ | ૧૦૧૮ | ૧૭૧૬ |
| ૨ | પોરબંદર | ૩૮૭ | ૫૧૩ | ૯૦૦ |

(૨)

| બાળકની વિગત | જૂનાગઢ | | પોરબંદર | | કુલ |
|---|---|---|---|---|---|
| | ૨૦૧૮ | ૨૦૧૯ | ૨૦૧૮ | ૨૦૧૯ | |
| સરકારી હોસ્પિટલમાં જન્મેલ બાળકો | ૩૬૯ | ૭૯૮ | ૩૫૩ | ૪૬૬ | ૧૯૮૬ |
| તબદીલ થઈ દાખલ થયેલ બાળકો | ૩૨૯ | ૨૨૦ | ૩૪ | ૪૭ | ૬૩૦ |
| **કુલ** | **૬૯૮** | **૧૦૧૮** | **૩૮૭** | **૫૧૩** | **૨૬૧૬** |

(૩)

| ક્રમ | જિલ્લો | વર્ષ | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૧૮ | ૨૦૧૯ | |
| ૧ | જૂનાગઢ | ૧૧૩ | ૮૫ | ૧૯૮ |
| ૨ | પોરબંદર | ૦ | ૨ | ૨ |

(૪) (૧) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં પિડીયાટ્રીશીયન

| | |
|---|---|
| અટકે તે માટે સરકારે શા પગલાં લીધાં? | અને મેડીકલ ઓફિસરની જગ્યાઓ અગ્રતાને ધોરણે ભરવામાં આવે છે. (૨) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર કરતાં ડૉક્ટરશ્રી તથા નર્સીંગ સ્ટાફને ફેસેલીટી બેઝ ન્યુબોર્ન કેરની ખાસ તાલીમ પણ આપવામાં આવે છે. (૩) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર માટે જરૂરિયાત અંગેની તમામ પ્રકારની દવાઓ અને સારવાર નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે. (૪) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં જરૂરી સાધન સામગ્રી પૂરતા પ્રમાણમાં ફાળવવામાં આવે છે. |

---------

**રાજ્યમાં તબીબી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વિદેશ જતા રહ્યા હોય તેવા ડોકટરો**

૨૪૫૭૫ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫-૦૧-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં તબીબી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ફરજિયાતપણે ગ્રામ્ય વિસ્તારમાં ફરજ/સેવા બજાવવા અંગેની નિયત સેવા મર્યાદાનો ભંગ કરીને વિદેશ જતા રહ્યા હોય તેવા કેટલા ડૉક્ટરો છે, | (૧) ૯૩ |
| (૨) તે પૈકી કેટલા ડૉક્ટરો પાસેથી નિયમોનુસાર બોંડની કુલ કેટલી રકમ વસૂલવામાં આવી, | (૨) રૂ. ૨,૬૩,૩૦,૦૦૦/- |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલાં ડૉક્ટરો પાસેથી બોંડની કુલ કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને | (૩) બોન્ડની રકમ વસૂલવાની બાકી રહેતી નથી. |
| (૪) તે ક્યાં સુધી વસૂલવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ**

૨૨૬૯૫ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણીનગર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૨૨૪૨ કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) કુલ રૂ. ૪૫૩૪.૨૯ લાખનો ખર્ચ થયો. |

---------

**સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં અપૂરતા વેન્ટીલેટર**

૨૪૪૮૪ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં પૂરતા વેન્ટીલેટર ઉપલબ્ધ ન હોવાથી દર્દીઓને વેઈટીંગમાં રાખવામાં આવે છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૧) તાઃ૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં પૂરતા વેન્ટીલેટર ઉપલબ્ધ છે. |
| (૨) જો હા, તો સિવિલ હોસ્પિટલમાં પૂરતા વેન્ટીલેટર ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ખેડા જિલ્લામાં કૃષિવિષયક વીજ જોડાણ**

૨૨૭૦૧ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપૂરા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૩૭૧૦ કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા. |

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? (૨) કુલ રૂ. ૪૬૨૩.૦૬ લાખનો ખર્ચ થયો.

---------

**રાજકોટ જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ યોજના હેઠળના લાભાર્થીઓ**

૨૨૮૦૬ **શ્રી લાખાભાઇ સાગઠીયા** (રાજકોટ-ગ્રામ્ય) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે, અને

(૨) ઉક્ત મંજૂર કરવામાં આવેલ દાવા માટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે?

**જવાબ**

(૧) મુખ્યમંત્રી અમૃતમ યોજના હેઠળ ૧૭,૭૦૩ લાભાર્થીઓના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા.

(૨) કુલ રૂ. ૧૭,૩૯,૪૭,૯૪૨/- (અંકે રૂપિયા સત્તર કરોડ ઓગણચાલીસ લાખ સુળતાળીસ હજાર નવસો બેતાળીસ પૂરા)

---------

**TECHO પ્રોજેક્ટ માટે મોબાઇલની ખરીદી**

૨૪૫૧૧ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ઈનોવેટીવ મોબાઇલ ફોન ટેકનોલોજી ફોર કોમ્યુનીટી હેલ્થ ઓપરેશન (TECHO) પ્રોજેક્ટની કામગીરી કઈ એજન્સીને સોંપવામાં આવેલ છે,

(૨) ઉક્ત પ્રોજેક્ટ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા ભાવે, કેટલા મોબાઇલની ખરીદી કઈ એજન્સી પાસેથી કરવામાં આવી, અને

(૩) તે અન્વયે કેટલી રકમ કઈ એજન્સીને ઉક્ત વર્ષવાર ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૩) તે પૈકી કેટલા રસ્તાનું કામ પ્રગતિમાં છે અને કેટલા રસ્તાનું કામ કયા કારણોસર શરૂ કરવાનું બાકી છે, અને

(૪) ઉક્ત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) વર્ષવાર રસ્તાઓની મંજૂરીની વિગત.

| જિલ્લો | વર્ષ | કામો | મંજૂર | પૂર્ણ | પ્રગતિ | શરૂ ન થયેલ (બાકી કામો) |
|---|---|---|---|---|---|---|
| ડાંગ | ૨૦૧૮ | નવા | – | – | – | – |
| | | સમારકામ | ૬ | ૬ | – | – |
| | ૨૦૧૯ | નવા | ૨૬ | – | ૮ | ૧૮ |
| | | સમારકામ | ૭ | – | ૧ | ૬ |
| છોટા ઉદેપુર | ૨૦૧૮ | નવા | ૧૦ | ૪ | ૬ | – |
| | | સમારકામ | ૨૬ | ૨૨ | ૪ | – |
| | ૨૦૧૯ | નવા | ૨૨ | – | ૧૫ | ૭ |
| | | સમારકામ | ૪૬ | ૧૦ | ૯ | ૨૭ |

બાકી કામો વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી બનતી ત્વરાએ.

---------

**વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં સીક ન્યુબોર્ન કેર યુનિટમાં દાખલ કરેલ બાળકો**

૨૪૫૯૨ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં સીક ન્યુબોર્ન કેર યુનિટમાં કેટલા બાળકો દાખલ થયા,

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લો | વર્ષ | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૧૮ | ૨૦૧૯ | |
| ૧ | વડોદરા | ૬૧૬૦ | ૬૬૬૨ | ૧૨૮૨૨ |
| ૨ | છોટાઉદેપુર | ૦૦ | ૧૦૭ | ૧૦૭ |

(૨) ઉક્ત દાખલ થયેલા બાળકો પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા બાળકોનો જન્મ સિવિલ હોસ્પિટલમાં થયો હોઇ અને તેને વધુ સારવાર માટે સીક ન્યુબોર્ન કેર યુનિટમાં દાખલ થયા અને કેટલા બાળકો સરકારી હોસ્પિટલો સિવાય જન્મ લેનાર તબદીલ થઇને દાખલ થયા,

(૨)

| બાળકની વિગત | વડોદરા | | છોટાઉદેપુર | | કુલ |
|---|---|---|---|---|---|
| | ૨૦૧૮ | ૨૦૧૯ | ૨૦૧૮ | ૨૦૧૯ | |
| સરકારી હોસ્પિટલમાં જન્મેલ બાળકો | ૨૯૭૨ | ૩૬૦૪ | ૦૦ | ૮૯ | ૬૬૬૫ |
| તબદીલ થઈ દાખલ થયેલ બાળકો | ૩૧૮૮ | ૩૦૫૮ | ૦૦ | ૧૮ | ૬૨૬૪ |

(૩) તે પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર સીક ન્યુબોર્ન કેર યુનિટમાં સારવાર દરમ્યાન કેટલા બાળકોના મોત થયા, અને

(૩)

| ક્રમ | જિલ્લો | વર્ષ | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૧૮ | ૨૦૧૯ | |
| ૧ | વડોદરા | ૧૨૦૧ | ૧૧૬૧ | ૨૩૬૨ |
| ૨ | છોટાઉદેપુર | ૦૦ | ૦૧ | ૦૧ |

(૪) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં બાળકોના મૃત્યુ અટકે તે માટે સરકારે શા પગલાં લીધા?

(૪) (૧) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં પિડીયાટ્રીશીયન અને મેડીકલ ઓફિસરની જગ્યાઓ અગ્રતાને ધોરણે ભરવામાં આવે છે. (૨) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર કરતાં ડૉક્ટરશ્રી તથા નર્સીંસ સ્ટાફને ફેસેલીટી બેઝ ન્યુબોર્ન કેરની ખાસ તાલીમ પણ આપવામાં આવે છે. (૩) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર માટે જરૂરિયાત અંગેની તમામ પ્રકારની દવાઓ અને સારવાર નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે. (૪) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં જરૂરી સાધન સામગ્રી પૂરતા પ્રમાણમાં ફાળવવામાં આવે છે.

---------

**ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં પૂરના પાણી**

૨૪૪૪૫ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા શહેરમાં આવેલ રેફરલ હોસ્પિટલમાં ચોમાસા દરમ્યાન પૂરના પાણીને કારણે હોસ્પિટલની વિવિધ આધુનિક મશીનરી અને અન્ય સાધનસામગ્રી ખરાબ થઈ જાય છે તેવી ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત રેફરલ હોસ્પિટલમાં ચોમાસામાં

(૨) નવીન બાંધકામની બાબત સરકારશ્રીની

પુરનું પાણી ન ફરી વળે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા ? વિચારણા હેઠળ છે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ વીજ જોડાણ**

૨૨૬૬૫ **શ્રી પ્રદિપભાઇ પરમાર** (અસારવા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ કેટલા ઘરવપરાશના વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૧૩૮ વીજ જોડાણો આપવામાં આવ્યા. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) રૂ.૭૦.૦૨ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

**અમરેલી જિલ્લામાં ખેડૂતોને દિવસે વીજળી આપવા બાબત**

૨૪૫૪૫ **શ્રી જે.વી.કાકડીયા** (ધારી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ખેડૂતોને દિવસે વીજળી આપવાની જાહેરાત કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) ના જી. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના ક્યા તાલુકાઓમાં ખેડૂતોને દિવસે વિજળી પૂરી પાડવામાં આવે છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.<br>અત્રે ઉલ્લેખનીય છે કે પ્રવર્તમાન પદ્ધતિ અનુસાર ખેતીવાડી વીજ ફિડરોમાં દિવસ-રાત્રી દરમિયાન વારાફરતી દરરોજ સરેરાશ ૮ કલાક થ્રી ફેઈઝ ગુણવત્તાસભર વીજ પુરવઠો મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવેલ છે.<br>વધુમાં, તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લાના અમરેલી, કુકાવાવ, ધારી અને બગસરા તાલુકાઓમાં ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવામાં આવેલ છે. |

---------

**બોરસદ તાલુકાના રોડની નબળી કામગીરી**

૨૪૫૫૯ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના ભાદરણ-સીસ્વા-દહેવાણ રોડનું કામ નબળી ગુણવત્તાનું થયું હોવા અંગેની કેટલી ફરિયાદો મળી,<br>(૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે ક્યારે તપાસ કરવામાં આવી, અને<br>(૩) તપાસ દરમિયાન કેવા પ્રકારની ગેરરીતીઓ સામે આવી અને આ ગેરરીતિઓ સબબ શી કાર્યવાહી કરવામાં આવી? | (૧), (૨) અને (૩) ઉક્ત સ્થિતિએ સદર રસ્તા બાબતે કોઈ ફરિયાદ મળેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**મોરબી અને માળીયા તાલુકામાં બ્રિજ બનાવવાની મંજૂરી**

૨૪૫૦૫ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી અને માળીયા તાલુકાના હયાત કોઝવે, સાંકળા નાળાની જગ્યાએ માઈનોર બ્રિજ બનાવવાની કામગીરી માટે કેટલી દરખાસ્તો મળી, અને | (૧) મોરબી તાલુકાની કુલ ૨ તથા માળીયા તાલુકાની કુલ ૯ દરખાસ્તો મળેલ છે. |
| (૨) આ દરખાસ્તોને ક્યારે મંજૂરી આપવામાં આવી અને ક્યાં સુધીમાં કામો પૂર્ણ કરવામાં આવશે? | (૨) મંજૂરી આપેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**મહેસાણા–પાલનપુર બાયપાસ હાઈવે પર ખારી નદીના ઓવર બ્રિજની કામગીરી**

૨૪૪૬૦ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૦ની સ્થિતિએ મહેસાણા–પાલનપુર બાયપાસ હાઈવે પર ખારી નદીનો બ્રિજ કયારે બનાવવામાં આવેલ,

(૨) ઉક્ત બ્રિજનું કામ કઈ એજન્સી દ્વારા કરવામાં આવેલ,

(૩) તે અન્વયે કેટલી રકમ કઈ એજન્સીને ચૂકવવામાં આવી,

(૪) ઉક્ત બ્રિજ નબળી કામગીરીના કારણે છેલ્લા એક વર્ષમાં તુટી ગયેલ, ડેમેજ થયેલ છે તે ફરીયાદથી સરકાર વાકેફ છે, અને

(૫) જો હા, તો તે અન્વયે કયા જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) અને (૨) ઉક્ત સ્થિતિએ સદર બ્રિજ વર્ષ ૨૦૧૩–૧૪ માં રણજીત બિલ્ડકોન લી. અમદાવાદ દ્વારા બનાવવામાં આવેલ છે.

(૩) રૂ.૫૯૨.૬૨ લાખની ચૂકવણી કરવામાં આવી છે.

(૪) અને (૫) નબળી કામગીરીના કારણે નહીં પરંતુ ઓવર વેઈટ કન્સાઈમેન્ટો પસાર થવાથી આ પુલના એક ગાળાને નુકસાનનો બનાવ બનેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નવા રસ્તાઓની મંજૂરી**

૨૪૫૨૩ **શ્રી વિક્રમભાઇ માડમ** (ખંભાળીયા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં માર્ગ અને મકાન (પંચાયત)ના કેટલા રસ્તાઓને નવા અને કેટલા રસ્તાઓ સમારકામ કરવાની મંજૂરી આપવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તાનું કામ પૂર્ણ થયું.

(૩) તે પૈકી કેટલા રસ્તાનુ કામ પ્રગતિમાં છે અને કેટલા રસ્તાનુ કામ ક્યા કારણોસર શરૂ કરવાનું બાકી છે, અને

(૪) ઉક્ત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) વર્ષવાર રસ્તાઓની મંજૂરીની વિગત

| જિલ્લો | વર્ષ | કામો | મંજૂર | પૂર્ણ | પ્રગતિ | શરૂ ન થયેલ (બાકી કામો) |
|---|---|---|---|---|---|---|
| જામનગર | ૨૦૧૮ | નવા | ૪ | ૨ | ૨ | ૦ |
| | | સમારકામ | ૬ | ૫ | ૦ | ૧ |
| | ૨૦૧૯ | નવા | ૨૫ | ૦ | ૦ | ૨૫ |
| | | સમારકામ | ૩૫ | ૦ | ૩ | ૩૨ |
| દેવભુમિ દ્વારકા | ૨૦૧૮ | નવા | ૧૦ | – | ૧ | ૯ |
| | | સમારકામ | ૧૯ | ૧૦ | ૩ | ૬ |
| | ૨૦૧૯ | નવા | ૫ | ૦ | ૦ | ૫ |
| | | સમારકામ | ૧૧ | ૧ | ૦ | ૧૦ |

બાકી રહેલા કામો પૈકી ૩ કામો વર્ક ઓર્ડર તબક્કે, ૨૭ કામો ટેન્ડર મંજૂરી તબક્કે, ૧૪ કામો ડી.ટી.પી તબક્કે, અને ૪૪ કામો નકશા અંદાજ તબક્કે છે. જે વહીવટી પ્રક્રિયા પૂર્ણ

૧---------

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં પાસ થયેલ એમ.બી.બી.એસ. ડૉક્ટરોની નિમણૂક**

**શ્રી પ્રેમસિંહભાઇ વસાવા** (નાંદોદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ કેટલા ડૉક્ટરોને નિમણૂક આપવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા ડૉક્ટરો ફરજ પર હાજર થયા અને કેટલા ડૉક્ટરો હાજર ન થયા,

(૩) હાજર ન થયા હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલી અને કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

**જવાબ**

(૧) અને (૨) **પત્રક–૧** આ સાથે સામેલ છે.

(૩) **પત્રક–૨** આ સાથે સામેલ છે.

(૪) ઉક્ત બોન્ડની બાકી રકમ વસૂલવા સરકારે શું કાર્યવાહી કરી?

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**પત્રક–૧**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૮ | | | વર્ષ ૨૦૧૯ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નિમણૂક આપેલ ડોક્ટર | ફરજ પર હાજર થયેલ ડોક્ટર | ગેરહાજર રહેલ ડોક્ટર | નિમણૂક આપેલ ડોક્ટર | ફરજ પર હાજર થયેલ ડોક્ટર | ગેરહાજર રહેલ ડોક્ટર |
| ૧ | નર્મદા | ૨૮ | ૩ | ૨૫ | ૬૧ | ૨ | ૫૯ |
| ૨ | ભરૂચ | ૨૭ | ૩ | ૨૪ | ૭૭ | ૨ | ૭૫ |
| | **કુલ** | **૫૫** | **૬** | **૪૯** | **૧૩૮** | **૪** | **૧૩૪** |

**પત્રક–૨**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૮ | | | વર્ષ ૨૦૧૯ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | બોન્ડની રકમની વસૂલાત કરેલ ડૉક્ટરોની સંખ્યા | વસૂલાત કરેલ બોન્ડની રકમ (રૂ.) | વસૂલાત કરવાની બાકી બોન્ડની રકમ (રૂ.) | બોન્ડની રકમની વસૂલાત કરેલ ડૉક્ટરોની સંખ્યા | વસૂલાત કરેલ બોન્ડની રકમ (રૂ.) | વસૂલાત કરવાની બાકી બોન્ડની રકમ (રૂ.) |
| ૧ | નર્મદા | ૫ | ૭૫૦૦૦૦ | ૩૦૦૦૦૦૦ | ૧ | ૫૦૦૦૦૦ | ૨૯૦૦૦૦૦૦ |
| ૨ | ભરૂચ | ૨ | ૩૦૦૦૦૦ | ૩૩૦૦૦૦૦ | ૯ | ૪૫૦૦૦૦૦ | ૩૩૦૦૦૦૦૦ |
| | **કુલ** | **૭** | **૧૦૫૦૦૦૦** | **૬૩૦૦૦૦૦** | **૧૦** | **૫૦૦૦૦૦૦** | **૬૨૦૦૦૦૦૦** |

---------

**અમદાવાદ જિલ્લામાં જર્જરિત વીજ વાયરો અને થાંભલા બદલવા બાબત**

૨૨૭૬૬ **શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ** (ઘાટલોડીયા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા,અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૪૫.૭૦ કી.મી. જર્જરિત વીજ વાયરો અને ૧૭૫૨ નંગ વીજ થાંભલા બદલવામાં આવેલ છે.

(૨) રૂ.૧૩૫.૦૭ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**અમદાવાદ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ**

૨૨૬૯૭ **શ્રી બાબુભાઇ પટેલ** (દસક્રોઈ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૨૨૪૨ કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા.

(૨) કુલ રૂ.૪૫૩૪.૨૯ લાખનો ખર્ચ થયો.

---------

**ભચાઉ તાલુકામાં રોડને મંજૂર કરવાનું આયોજન**

૨૨૭૩૬ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના સામખીયારી થી લખપત રોડ મંજૂર કરવાનું સરકારનું કોઇ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલી લંબાઈના કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી

(૨) ૭.૦૦ કી.મી. માટે રૂા.૨૭૦.૦૦ લાખ

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સીક ન્યુબોર્ન કેર યુનિટમાં દાખલ કરેલ બાળકો

૨૪૫૨૧ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સીક ન્યુબોર્ન કેર યુનિટમાં કેટલા બાળકો દાખલ થયા,

(૨) ઉક્ત દાખલ થયેલ બાળકો પૈકી ઉક્ત વર્ષવાર જિલ્લાવાર કેટલા બાળકોના જન્મ સિવિલ હોસ્પિટલમાં થયો હોઈ અને તેને વધુ સારવાર માટે સીક ન્યુબોર્ન કેર યુનિટમાં દાખલ થયા અને કેટલા બાળકો સરકારી હોસ્પિટલો સિવાય જન્મ લેનાર તબદીલ થઈને દાખલ થયા,

(૩) તે પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર સીક ન્યુબોર્ન કેર યુનિટમાં સારવાર દરમ્યાન કેટલા બાળકોના મોત થયા, અને

(૪) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં બાળકોના મૃત્યુ અટકે તે માટે સરકારે શા પગલાં લીધા?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **જિલ્લો** | **વર્ષ** | | **કુલ** |
|---|---|---|---|---|
| | | **૨૦૧૮** | **૨૦૧૯** | |
| ૧ | જામનગર | ૨૯૭૯ | ૩૦૩૦ | ૬૦૦૯ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૩૭૦ | ૫૧૨ | ૮૮૨ |
| | **કુલ** | **૩૩૪૯** | **૩૫૪૨** | **૬૮૯૧** |

(૨)

| **બાળકની વિગત** | **જામનગર** | | **દેવભૂમિ દ્વારકા** | | **કુલ** |
|---|---|---|---|---|---|
| | **૨૦૧૮** | **૨૦૧૯** | **૨૦૧૮** | **૨૦૧૯** | |
| સરકારી હોસ્પિટલમાં જન્મેલ બાળકો | ૨૧૨૩ | ૨૨૩૮ | ૩૬૧ | ૫૦૪ | ૫૨૨૬ |
| તબદીલ થઈ દાખલ થયેલ બાળકો | ૮૫૬ | ૭૯૨ | ૦૯ | ૦૮ | ૧૬૬૫ |

(૩)

| **ક્રમ** | **જિલ્લો** | **વર્ષ** | | **કુલ** |
|---|---|---|---|---|
| | | **૨૦૧૮** | **૨૦૧૯** | |
| ૧ | જામનગર | ૪૦૪ | ૪૩૫ | ૮૩૯ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૦૦ | ૦૦ | ૦૦ |

(૪)
(૧) સીક ન્યુ બોર્ન કેર યુનિટમાં પિડીયાટ્રીશીયન અને મેડીકલ ઓફિસરની જગ્યાઓ અગ્રતાને ધોરણે ભરવામાં આવે છે.
(૨) સીક ન્યુ બોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર કરતાં ડૉક્ટરશ્રી તથા નર્સીંગ સ્ટાફને ફેસેલીટી બેઝ ન્યુબોર્ન કેરની ખાસ તાલીમ પણ આપવામાં આવે છે.
(૩) સીક ન્યુ બોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર માટે જરૂરિયાત અંગેની તમામ પ્રકારની દવાઓ અને સારવાર નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે.
(૪) સીક ન્યુ બોર્ન કેર યુનિટમાં જરૂરી સાધન સામગ્રી પૂરતા પ્રમાણમાં ફાળવવામાં આવે છે.

---------

## કરજણ તાલુકાની વિશાખામાંથી માઈનોર દ્વારા પૂરું પાડેલ સિંચાઈનું પાણી

૨૨૮૫૦ **શ્રીમતી મનિષા વકીલ** (વડોદરા શહેર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કરજણ તાલુકાની દેથાણ વિશાખામાંથી નીકળતી દેથાણ ડાયરેક્ટ માઈનોર દ્વારા કેટલા વિસ્તારમાં સિંચાઈનું પાણી આપવામાં આવ્યું,

(૨) તેની યુજીપીએલ સબમાઈનોરની કામગીરી કયા

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કરજણ તાલુકાની દેથાણ વિશાખામાંથી નીકળતી દેથાણ ડાયરેક્ટ માઈનોર દ્વારા ૬૪૫ એકર વિસ્તારમાં સિંચાઈ માટે પાણી પૂરું પાડવામાં આવેલ છે.

(૨) દેથાણ ડાયરેક્ટ માઈનોરમાંથી નીકળતી તમામ

તબક્કે છે, અને

૯ યુજીપીએલ સબમાઈનોરની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૩) ઉક્ત સ્થિતિએ તેમાં રૂ. ૯૩.૭૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ વીજ જોડાણ**

૨૨૬૯૪ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ કેટલા ઘરવપરાશના વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૧૧૩૮ વીજ જોડાણ આપવામાં આવ્યા.

(૨) રૂ. ૭૦.૦૨ લાખનો ખર્ચ થયો.

---------

**સુરેન્દ્રનગર અને થાનગઢ શહેર ફરતે રીંગરોડ બનાવવા બાબત**

૨૪૫૦૪ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર શહેર અને થાનગઢ શહેર ફરતે રીંગ રોડ બનાવવા માટેની દરખાસ્ત સરકારને મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત દરખાસ્ત ક્યારે મળેલ છે,

(૩) મળેલ દરખાસ્ત અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) ઉક્ત દરખાસ્તોને કયાં સુધીમાં મંજૂર કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) ઉક્ત સ્થિતિએ સુરેન્દ્રનગર શહેરી ફરતે રીંગ રોડ બનાવવા એક દરખાસ્ત તા.૮–૧૦–૨૦૧૮ના મળેલ હતી. જ્યારે થાનગઢ શહેર ફરતે રીંગ બનાવવા કોઇ દરખાસ્ત મળેલ નથી. ઉક્ત શહેરોના ફરતે રીંગ રોડ બનાવવા બાબત હાલમાં કોઇ આયોજન નથી.

---------

**તાપી જિલ્લામાં પુલ બનાવવાની કામગીરી**

૨૪૬૦૬ **શ્રી પુનાભાઇ ગામીત** (વ્યારા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ તાપી જિલ્લાના તાપી લખાણી કોતર પર પુલ બનાવવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ બાકી કામ ક્યાં સુધીમાં કેટલા ખર્ચે કઈ એજન્સી દ્વારા પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) પુલ મંજૂર કરવાની દરખાસ્ત વિચારણા હેઠળ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમરેલી જિલ્લામાં આયુષ્યમાન ભારત યોજના–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળના લાભાર્થીઓ**

૨૨૮૨૧ **શ્રી વિનોદભાઇ મોરડીયા** (કતારગામ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં કેટલા લોકોને આયુષ્યમાન ભારત–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત જિલ્લામાં તમામ લાયક વ્યકિતઓને આ કાર્ડ મળી રહે તે માટે શું આયોજન છે?

**જવાબ**

(૧) એક વર્ષમાં ૨,૧૮,૬૩૦ લોકોને આયુષ્યમાન ભારત–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કાર્ડ આપવામાં આવ્યા.

(૨) આ યોજના માટેની પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓને યોજનાનું કાર્ડ મળી રહે તે માટે યોજના સાથે જોડાયેલ તમામ સરકારી હોસ્પિટલ, પ્રાઈવેટ હોસ્પિટલ, ગ્રામ્ય કક્ષાએ ઈ–ગ્રામ સેન્ટરો તેમજ કોમન સર્વિસ સેન્ટર પર ગોલ્ડન કાર્ડ કઢાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

---------

અતારાંકિત પ્રશ્નો

**જંબુસર ખાતે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં તબીબોની ખાલી જગ્યાઓ**

૨૪૬૦૦ **શ્રી સંજયભાઇ સોલંકી** (જંબુસર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના જંબુસર ખાતે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં તબીબોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧)

| **અનુ. નં.** | **સંવર્ગનું નામ** | **મંજૂર મહેકમ** |
|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ |
| ૨ | ગાયનેક વર્ગ-૧ | ૧ |
| ૩ | પીડીયાટ્રીશ્યન વર્ગ-૧ | ૧ |
| ૪ | ફિજીશિયન વર્ગ-૧ | ૧ |
| ૫ | જનરલ સર્જન વર્ગ-૧ | ૧ |
| ૬ | એનેસ્થેટીસ્ટ વર્ગ-૧ | ૧ |
| ૭ | ઓર્થોપેડીક સર્જન વર્ગ-૧ | ૧ |
| ૮ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૫ |
| ૯ | દંત સર્જન વર્ગ-૨ | ૧ |
| **કુલ વર્ગ-૧ અને વર્ગ-૨ તબીબોની મંજૂર જગ્યા** | | **૧૩** |

(૨)

| **અનુ. નં.** | **સંવર્ગનું નામ** | **ભરેલી** | **ખાલી** |
|---|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૦ |
| ૨ | ગાયનેક વર્ગ-૧ | ૦ | ૧ |
| ૩ | પીડીયાટ્રીશ્યન વર્ગ-૧ | ૦ | ૧ |
| ૪ | ફિજીશ્યન વર્ગ-૧ | ૦ | ૧ |
| ૫ | જનરલ સર્જન વર્ગ-૧ | ૦ | ૧ |
| ૬ | એનેસ્થેટીસ્ટ વર્ગ-૧ | ૦ | ૧ |
| ૭ | ઓર્થોપેડીક સર્જન વર્ગ-૧ | ૦ | ૧ |
| ૮ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૨ | ૩ |
| ૯ | દંત સર્જન વર્ગ-૨ | ૧ | ૦ |
| **કુલ વર્ગ-૧ અને વર્ગ-૨ તબીબોની ભરેલી અને ખાલી જગ્યા** | | **૪** | **૯** |

(૩)

- તબીબી અધિકારી વર્ગ-૨ ની મંજૂર થયેલ ૫ (પાંચ) જગ્યાઓ પૈકી ૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ ૩ (ત્રણ) જગ્યાઓ ખાલી હતી જે ૩ (ત્રણ) જગ્યાઓ તા.૦૨-૦૧-૨૦૨૦, તા.૨૭-૦૧-૨૦૨૦ અને તા.૧૩-૦૨-૨૦૨૦ ના રોજ ભરવામાં આવેલ છે.
- તજજ્ઞ સેવા વર્ગ-૧ ની જુદા જુદા સંવર્ગની જગ્યાઓ ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગને તા.૨૨-૧૧-૨૦૧૯, તા.૨૯-૧૧-૨૦૧૯ તથા તા.૦૭-૧૨-૨૦૧૯ થી માંગણાપત્રક મોકલવામાં આવેલ છે જે અન્વયે આયોગ દ્વારા યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરી શકાશે તેમજ કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી ખાતે તજજ્ઞ વર્ગ-

૧ ની ખાલી જગ્યાઓ ભરવા માટે દર સોમવારે વોક–ઈન–ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે.

**ખેડા જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

૨૪૫૭૩ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) *પત્રક–૧, *પત્રક–૨ તથા *પત્રક–૩ સામેલ છે.

(૩) નિમણૂંકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તૃર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિને ધ્યાને લઈ ભરવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**અમદાવાદ સિવિલ હોસ્પિટલનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૨૨૭૭૯ **શ્રી રાકેશભાઈ શાહ** (એલીસબ્રિજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર |
|---|---|
| વર્ગ–૧ | ૩૩ |
| વર્ગ–૨ | ૧૨૩ |
| વર્ગ–૩ | ૨૮૪૨ |
| વર્ગ–૪ | ૧૭૦૧ |
| **કુલ** | **૪૬૯૯** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૨૨ | ૧૧ |
| વર્ગ–૨ | ૫૩ | ૭૦ |
| વર્ગ–૩ | ૨૧૫૮ | ૬૮૪ |
| વર્ગ–૪ | ૧૭૦૧ | ૦૦ |
| **કુલ** | **૩૯૩૪** | **૭૬૫** |

(૩) નિમણૂંકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિ ના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તૃર્તજ ભરવામાં આવશે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવશે.

---------

અતારાંકિત પ્રશ્નો

### આણંદ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ

૨૨૬૯૮ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૬૮૦ કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા.

(૨) કુલ રૂ.૨૦૯૪.૦૮ લાખનો ખર્ચ થયો.

---------

### માંગરોળ અને માળીયા (હા) તાલુકામાં ખેડૂતોને દિવસે વિજળી આપવા બાબત

૨૪૫૩૪ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માંગરોળ અને માળીયા (હા) તાલુકામાં જંગલકાંઠા વિસ્તારમાં રહેતા ખેડૂતોને દિવસે કૃષિવિષયક વિજળી આપવા માટેની કાર્યવાહી કયા તબક્કે છે,

(૨) ઉક્ત તાલુકાવાર દિવસે વીજળી આપવા માટે કેટલા ફીડરોની પસંદગી કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત ખેડૂતોને ક્યાં સુધીમાં દિવસના ભાગમાં કૃષિવિષયક વીજળી પૂરી પાડવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨)

વીજળીની માંગ અને પુરવઠાની સમતુલા જળવાઈ રહે તે બાબત ધ્યાને રાખીને દરેક ખેતીવાડી ગ્રૃપને મહિનામાં એક અઠવાડિયું સંપૂર્ણ દિવસ દરમિયાન અને ત્યારબાદના અઠવાડિયા દરમિયાન મહદઅંશે દિવસ દરમિયાન થ્રી ફેઈઝ વીજ પુરવઠો ઉપલબ્ધ થાય તે રીતે મહિનામાં વારાફરતી (રોટેશનથી) બે અઠવાડિયા દરરોજ સરેરાશ ૮ (આઠ) કલાક દિવસે વીજપુરવઠો મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવેલ છે.

(૩) આગામી સમયમાં માળખાગત સુવિધા વધારી ખેડૂતોને ફક્ત દિવસે વીજળી આપવાનું આયોજન વિચારણા હેઠળ છે.

---------

### તાપી અને સુરત જિલ્લામાં નવા રસ્તાઓની મંજૂરી

૨૪૬૦૮ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને સુરત જિલ્લામાં માર્ગ અને મકાન (પંચાયત) ના કેટલા રસ્તાઓ નવા અને કેટલા રસ્તાઓ સમારકામ કરવાની મંજૂરી આપવામાં આવી,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા રસ્તાનું કામ પૂર્ણ થયું,

(૩) તે પૈકી કેટલા રસ્તાનું કામ પ્રગતિમાં છે અને કેટલા રસ્તાનું કામ કયા કારણોસર શરૂ કરવાનું બાકી છે, અને

(૪) ઉકત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) વર્ષવાર રસ્તાઓની મંજૂરીની વિગત.

| જિલ્લો | વર્ષ | કામો | મંજૂર | પૂર્ણ | પ્રગતિ | શરૂ ન થયેલ (બાકી કામો) |
|---|---|---|---|---|---|---|
| તાપી | ૨૦૧૮ | નવા | ૩ | – | ૩ | – |
| | | સમાર કામ | ૪૧ | ૩૮ | – | ૩ |
| | ૨૦૧૯ | નવા | ૧૭ | – | ૧ | ૧૬ |
| | | સમાર કામ | ૨૭ | ૨ | ૧૬ | ૯ |
| સુરત | ૨૦૧૮ | નવા | ૮૮ | ૪૦ | ૪૫ | ૩ |
| | | સમાર કામ | ૪૦ | ૨૯ | ૧૧ | – |
| | ૨૦૧૯ | નવા | ૫૧ | ૨ | ૧૦ | ૩૯ |
| | | સમાર કામ | ૯૮ | – | ૩ | ૯૫ |

બાકી કામો પૈકી ૫ કામો વર્કઓર્ડર તબક્કે, ૧૦ કામો ટેન્ડર મંજૂરી તબક્કે, ૧૪૯ કામો નિવિદા તબક્કે તથા ૧ કામ જમીન પ્રશ્ને શરૂ થયેલ નથી જે વહીવટી પ્રક્રિયા પૂર્ણ

---------

### અમદાવાદ શહેર અને જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વિજ જોડાણો

૨૩૧૮૫ **શ્રી ઈમરાનભાઈ ખેડાવાલા** (જમાલપુર-ખાડિયા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત અમદાવાદ શહેર અને જિલ્લામાં આ યોજના હેઠળ કેટલી અરજીઓ

**જવાબ**

(૧)

| અમદાવાદ જિલ્લો | અમદાવાદ શહેર |
|---|---|
| ૨૯૩૫ | ૦ |

મળેલ છે,

(૨) તે અન્વયે કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા, અને — (૨) ૨૯૩૫

(૩) કેટલા વીજ જોડાણો આપવાના બાકી છે? — (૩) ૦૦ (એક પણ નહીં)

---------

**અરવલ્લી જિલ્લાના ખુમાપુર પાટીયાથી વડવાસા રોડને પહોળો કરવાનું આયોજન**

૨૨૭૪૩ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર–દક્ષિણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ખુમાપુર પાટીયાથી વડવાસા રોડને પહોળો કરવાનું આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી? | (૨) રૂ.૧૬૪૮.૦૦ લાખ |

---------

**થરાદ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ**

૨૪૪૪૩ **શ્રી ગુલાબસિંહ રાજપુત** (થરાદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં થરાદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૧)

| સંવર્ગ | મંજૂર |
|---|---|
| વર્ગ–૧ | ૯ |
| વર્ગ–૨ | ૬ |
| વર્ગ–૩ | ૩૫ |
| વર્ગ–૪ | ૨૪ |
| **કુલ** | **૭૪** |

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલા કર્મચારીઓને નિયમિત અને કેટલાને કરાર આધારિત નિમણૂક આપવામાં આવી,

(૨)

| સંવર્ગ | નિયમિત | એન.એચ.એમ | આઉટસોર્સ |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૪ | ૩ | ૦ |
| વર્ગ–૨ | ૫ | ૦ | ૦ |
| વર્ગ–૩ | ૨૨ | ૧ | ૨ |
| વર્ગ–૪ | ૦૫ | ૦ | ૧૯ |
| **કુલ** | **૩૬** | **૦૪** | **૨૧** |

(૩) ઉક્ત સ્થિતિએ કરાર આધારિત નિમણૂક કેટલી એજન્સીઓ દ્વારા આપવામાં આવેલ છે, અને — (૩) એક એજન્સી

(૪) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી ખાલી છે ?

(૪)

| સંવર્ગ | ભરેલી | ખાલી |
|---|---|---|
| વર્ગ–૧ | ૭ | ૨ |
| વર્ગ–૨ | ૫ | ૧ |
| વર્ગ–૩ | ૨૫ | ૧૦ |
| વર્ગ–૪ | ૨૪ | ૦ |
| **કુલ** | **૬૧** | **૧૩** |

---------

**માલપુર અને બાયડ તાલુકાના પેટાપરાઓને એપ્રોચ રસ્તાઓથી જોડવા બાબત**

૨૪૪૭૪ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જીલ્લાના માલપુર અને બાયડ તાલુકામાં તાલુકાવાર ૫૦૦ | (૧) અને (૨) માલપુર અને બાયડ તાલુકામાં ૫૦૦ થી વધુ |

થી વધુ વસ્તી ધરાવતા કયા પેટા પરાને એપ્રોચ રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત પેટા પરાઓને એપ્રોચ રસ્તાઓ ક્યાં સુધીમાં મંજૂરી આપી બનાવવામાં આવશે?

વસ્તી ધરાવતા તમામ પેટા પરાઓ પાકા રસ્તાથી જોડાયેલ છે.

---------

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં સરકારી દવાખાનાઓમાંથી આઉટ સોર્સિંગથી ભરતી**

૨૪૫૪૮ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં સરકારી દવાખાનાઓ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં આઉટ સોર્સિંગથી કર્મચારીઓ પૂરા પાડવાની કામગીરી કઈ એજન્સીને સોંપવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૧૯ની સ્થિતિએ સરકારી દવાખાનાઓ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં

| અમરેલી જિલ્લો | ભાવનગર જિલ્લો |
|---|---|
| ૧. મેસર્સ એમ.જે.સોલંકી, પેરામેડીકલ સ્ટાફ સપ્લાયર, ભાવનગર | ૧. મેસર્સ એમ.જે.સોલંકી, પેરામેડીકલ સ્ટાફ સપ્લાયર, ભાવનગર |
| ૨. મેસર્સ ડી.જી.નાકરાણી, પેરામેડીકલ સ્ટાફ સપ્લાયર, ભાવનગર | ૨. મેસર્સ ડી.જી.નાકરાણી, પેરામેડીકલ સ્ટાફ સપ્લાયર, ભાવનગર |
| ૩. મેસર્સ, ઝર્સીસ એચ.આર. પ્રા.લી. ગાંધીનગર | – |
| ૪. મેસર્સ, વસુંધરા કંસ્ટ્રક્શન, ભાયવદર, અમરેલી | – |

આઉટસોર્સીગથી કર્મચારીશ્રીઓ પૂરા પાડવાની કામગીરી સોંપવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ કામગીરી કેટલા સમય માટે કર્મચારીઓ પૂરા પાડવા માટે સોંપવામાં આવેલ છે,

(૨)

| અમરેલી જિલ્લો | સમય |
|---|---|
| ૧. મેસર્સ એમ.જે.સોલંકી, પેરામેડીકલ સ્ટાફ સપ્લાયર, ભાવનગર | તા.૦૬.૦૮.૨૦૧૫ થી તા.૦૫.૦૮.૨૦૨૦ |
| ૨. મેસર્સ ડી.જી.નાકરાણી, પેરામેડીકલ સ્ટાફ સપ્લાયર, ભાવનગર | તા.૦૬.૦૮.૨૦૧૫ થી તા.૦૫.૦૮.૨૦૨૦ |
| ૩. મેસર્સ, ઝર્સીસ એચ.આર. પ્રા.લી. ગાંધીનગર | તા.૦૧.૦૮.૨૦૧૭ થી તા.૨૯.૦૨.૨૦૨૦ |
| ૪. મેસર્સ, વસુંધરા કંસ્ટ્રક્શન, ભાયવદર, અમરેલી | તા.૦૬.૦૬.૨૦૧૮ થી તા.૦૫.૦૮.૨૦૨૦ |

| ભાવનગર જિલ્લો | |
|---|---|
| ૧. મેસર્સ એમ.જે.સોલંકી, પેરામેડીકલ સ્ટાફ સપ્લાયર, ભાવનગર | તા.૦૬.૦૮.૨૦૧૫ થી તા.૦૫.૦૮.૨૦૨૦ |
| ૨. મેસર્સ ડી.જી.નાકરાણી, પેરામેડીકલ સ્ટાફ સપ્લાયર, ભાવનગર | તા.૦૬.૦૮.૨૦૧૫ થી તા.૦૫.૦૮.૨૦૨૦ |

સુધી તબક્કાવાર કર્મચારીશ્રીઓ પૂરા પાડવા માટે કામગીરી સોંપવામાં આવેલ છે.

(૩) ઉક્ત કામગીરી સોંપવા માટે ટેન્ડર પધ્ધતી અપનાવવામાં આવેલ છે કે કેમ,

(૩) હા, જી,

(૪) કયા સંવર્ગવાર કર્મચારી દીઠ કેટલી રકમ એજન્સીને ચૂકવવાની થાય છે, અને

(૪) *પત્રક–૧ સામેલ છે.

(૫) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર એજન્સીવાર કેટલા કર્મચારીઓ માટે કેટલી રકમ

(૫) *પત્રક–૨ સામેલ છે.

ચૂકવવામાં આવી?

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**અમદાવાદ અને દાહોદ જિલ્લામાં નવા રસ્તાઓની મંજૂરી**

૨૪૪૯૫ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને દાહોદ જિલ્લામાં માર્ગ અને મકાન (પંચાયત)ના કેટલા રસ્તાઓ નવા અને કેટલા રસ્તાઓ સમારકામ કરવાની મંજૂરી આપવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તાનું કામ પૂર્ણ થયું.

(૩) તે પૈકી કેટલા રસ્તાનુ કામ પ્રગતિમાં છે અને કેટલા રસ્તાનુ કામ ક્યા કારણોસર શરૂ કરવાનું બાકી છે, અને

(૪) ઉક્ત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) વર્ષવાર પંચાયત પ્રભાગના રસ્તાઓની વિગત

| **જિલ્લો : અમદાવાદ** | | | | | |
|---|---|---|---|---|---|
| **વર્ષ** | **કામો** | **મંજૂર** | **પૂર્ણ** | **પ્રગતિ** | **બાકી કામો** |
| ૨૦૧૮ | નવા | ૪૫ | ૧૨ | ૩૦ | ૩ |
| | સમારકામ | ૨૭ | ૧૩ | ૧૪ | - |
| ૨૦૧૯ | નવા | ૬૨ | - | ૨૮ | ૩૪ |
| | સમારકામ | ૪૭ | ૪ | ૬ | ૩૭ |
| **જિલ્લો : દાહોદ** | | | | | |
| **વર્ષ** | **કામો** | **મંજૂર** | **પૂર્ણ** | **પ્રગતિ** | **બાકી કામો** |
| ૨૦૧૮ | નવા | ૨૯ | - | ૨૫ | ૪ |
| | સમારકામ | ૮૨ | ૬૩ | ૧૯ | - |
| ૨૦૧૯ | નવા | ૮૦ | - | ૩૬ | ૪૪ |
| | સમારકામ | ૮૫ | - | ૧૮ | ૬૭ |

બાકી રહેલા કામો પૈકી ૬ કામો વર્ક ઓર્ડર તબક્કે, ૨૬ કામો ટેન્ડર મંજૂરી તબક્કે, ૭૪ કામો ટેન્ડર પ્રક્રિયામાં, ૭૭ કામો નકશા અંદાજ તબક્કે તથા ૬ કામો જમીન પ્રશ્નના કારણે શરૂ થઈ શકેલ નથી. જે વિવિધ તબક્કાની વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

---------

**ઢુવા વાયા પડવાળીયા રોડના કામને મંજૂરી**

૨૨૭૨૪ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના જુના ડીસા થી ઢુવા વાયા પડવાળીયા રોડનું મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલી લંબાઈના કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૩.૦૦ કી.મી. લંબાઈ માટે રૂ.૧૫૦.૦૦ લાખ

---------

**બોટાદ જિલ્લામાં આયુષ્યમાન ભારત યોજના-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળના લાભાર્થીઓ**

૨૨૮૧૬ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બોટાદ જિલ્લામાં કેટલા લોકોને આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત જિલ્લામાં તમામ લાયક વ્યકિતઓને આ કાર્ડ મળી રહે તે માટે શું આયોજન છે?

**જવાબ**

(૧) એક વર્ષમાં ૫૯,૭૧૪ લોકોને આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કાર્ડ આપવામાં આવ્યા.

(૨) આ યોજના માટેની પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓને યોજનાનું કાર્ડ મળી રહે તે માટે યોજના સાથે જોડાયેલ તમામ સરકારી હોસ્પિટલ, પ્રાઈવેટ હોસ્પિટલ, ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ સેન્ટરો તેમજ કોમન સર્વિસ સેન્ટર પર કાર્ડ કઢાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

---------

**દાહોદ જિલ્લામાં તાલુકાવાર કુટિર જ્યોત યોજના અન્વયે વિજ જોડાણો**

૨૪૫૮૨ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં તાલુકાવાર કુટિર જ્યોત યોજના અન્વયે કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા,

**જવાબ**

(૧) પત્રક મુજબ

**પત્રક**

| દાહોદ જિલ્લો | | |
|---|---|---|
| **તાલુકા** | **તા.૦૧.૦૧.૧૮થી તા.૩૧.૧૨.૧૮ દરમ્યાન આપેલ વીજ જોડાણની સંખ્યા** | **તા.૦૧.૦૧.૧૯થી તા.૩૧.૧૨.૧૯ દરમ્યાન આપેલ વીજ જોડાણની સંખ્યા** |
| દાહોદ | ૨૬૩૨ | ૨૯૩ |
| દેવગઢ બારીયા | ૭૧૩ | ૦ |
| ધાનપુર | ૪૪૫ | ૩૫૦ |
| ફતેપૂરા | ૨૧૧૨ | ૪૩૫ |
| ગરબાડા | ૨૩૨ | ૬૮ |
| ઝાલોદ | ૧૨૧૭ | ૮૧૩ |
| લીમખેડા | ૧૧૩૧ | ૬૦૩ |
| સંજેલી | ૦ | ૪૧ |
| સીંગવડ | ૦ | ૧૪૦ |

(૨) ઉક્ત યોજના અન્વયે તાલુકાવાર કેટલા વીજ જોડાણો આપવાના બાકી છે, અને

(૨) ૦૦ (એકપણ નહીં)

(૩) બાકી વીજ જોડાણો ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં નવા રસ્તાઓની મંજૂરી

૨૪૪૩૭ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ – મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં માર્ગ અને મકાન (પંચાયત)ના કેટલા રસ્તાઓ નવા અને કેટલા રસ્તાઓ સમારકામ કરવાની મંજૂરી આપવામાં આવી,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા રસ્તાનું કામ પૂર્ણ થયું,

(૩) તે પૈકી કેટલા રસ્તાનું કામ પ્રગતિમાં છે અને કેટલા રસ્તાનું કામ કયા કારણોસર શરૂ કરવાનું બાકી છે, અને

(૪) ઉકત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) વર્ષવાર પંચાયત પ્રભાગના રસ્તાઓની વિગત.

| જિલ્લો: કચ્છ | | | | | |
|---|---|---|---|---|---|
| **વર્ષ** | **કામો** | **મંજૂર** | **પૂર્ણ** | **પ્રગતિ** | **બાકી કામો** |
| ૨૦૧૮ | નવા | ૪૫ | ૨૧ | ૨૦ | ૪ |
| | સમારકામ | ૫૧ | ૩૩ | ૧૫ | ૩ |
| ૨૦૧૯ | નવા | ૫૩ | ૨ | ૧૩ | ૩૮ |
| | સમારકામ | ૭૫ | – | ૩ | ૭૨ |
| **જિલ્લો: બનાસકાંઠા** | | | | | |
| **વર્ષ** | **કામો** | **મંજૂર** | **પૂર્ણ** | **પ્રગતિ** | **બાકી કામો** |
| ૨૦૧૮ | નવા | ૨૮ | ૧૫ | ૧૨ | ૧ |
| | સમારકામ | ૭૨ | ૪૪ | ૨૮ | – |
| ૨૦૧૯ | નવા | ૬૧ | ૯ | ૩૭ | ૧૫ |
| | સમારકામ | ૫૭ | ૧ | ૧૬ | ૪૦ |

બાકી રહેલા કામો પૈકી ૩૨ કામો વર્ક ઓર્ડર તબક્કે, ૭ કામો ટેન્ડર પ્રક્રિયામાં, ૯૧ કામો ડી.ટી.પી. તબક્કે, ૩૮ કામો નકશા અંદાજ તબક્કે તથા ૫ કામો સુધારેલી મંજૂરીના કારણે શરૂ થઈ શકેલ નથી. જે વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી

---------

## મહેસાણા તાલુકાના નોન પ્લાન રસ્તાના કામને મંજૂરી

૨૨૮૬૩ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ – મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના મહેસાણા તાલુકાના નોન પ્લાન કક્ષાના નાનીદાઉ-મોટીદાઉ રોડમાં આવતી રૂપેણ નદી પર પુલ

**જવાબ**

(૧) હા, જી

બનાવવાનું કોઇ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી ?

(૨) રૂા.૨૫૦.૦૦ લાખ

---------

**મહેસાણા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસ દરમ્યાન ગંભીર બીમારી ધરાવતા બાળકો**

૨૨૮૨૭ **શ્રી રમણભાઇ પટેલ** (વિજાપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં મહેસાણા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે,

(૧) કુલ-૫,૨૨,૧૬૪/- બાળકો

(૨) ઉક્ત સ્થિતિએ ગંભીર રોગોના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી, અને

(૨)

| **રોગ** | **બાળકોની સંખ્યા** |
|---|---|
| હૃદય | ૧૧૦ |
| કીડની | ૨૧ |
| કેન્સર | ૦૯ |
| **કુલ** | **૧૪૦** |

(૩) ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી?

(૩) રાજ્ય સરકાર દ્વારા ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે નીચે દર્શાવેલ હોસ્પિટલો ખાતે વિના મૂલ્યે સારવારની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| **રોગ** | **હોસ્પિટલનું નામ** |
|---|---|
| હૃદય | યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કીડની | ઇન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

---------

**કચ્છ જિલ્લાના અંજાર તાલુકામાં રોડને મંજૂર કરવાનું આયોજન**

૨૨૭૩૧ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લાના અંજાર તાલુકાના હીરાપર થી વાયા ભુરાપીર મંદિર મોખાણા રોડને મંજૂર કરવાનું સરકારનું કોઇ આયોજન છે કે કેમ, અને

(૧) હા, જી

(૨) જો હા, તો કેટલી લંબાઇના કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી?

(૨) ૮.૦૦ કી.મી. માટે
રૂા.૩૬૦.૦૦ લાખ

---------

**દાહોદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોમાં ડૉકટરોની ખાલી જગ્યાઓ**

૨૪૫૮૮ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને પેટા આરોગ્ય કેન્દ્રો આવેલા છે,

(૧) *પત્રક-૧ સામેલ છે.

(૨) ઉક્ત કેન્દ્રવાર ડૉક્ટરોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૩) મંજૂર થયેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) અને (૩) *પત્રક-૨ સામેલ છે.

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તૂર્તજ ભરવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**અરવલ્લી જિલ્લાના વડાગામથી જીતપુર રોડને પહોળો કરવાનું આયોજન**

૨૨૭૩૭ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના વડાગામથી જીતપુર રોડને પહોળો કરવાનું આયોજન છે કે કેમ, અને

(૧) હા, જી

(૨) જો હા, તો આ કામગીરી માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે?

(૨) રૂ. ૧૧૨૫.૦૦ લાખ

---------

**ગાંધીનગર અને ભાવનગર જિલ્લામાં નવા રસ્તાઓની મંજૂરી**

૨૪૪૭૬ **ડૉ. સી.જે.ચાવડા** (ગાંધીનગર–ઉત્તર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને ભાવનગર જિલ્લામાં માર્ગ અને મકાન (પંચાયત)ના કેટલા રસ્તાઓ નવા અને કેટલા રસ્તાઓ સમારકામ કરવાની મંજૂરી આપવામાં આવી,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા રસ્તાનું કામ પૂર્ણ થયું,

(૩) તે પૈકી કેટલા રસ્તાનું કામ પ્રગતિમાં છે અને કેટલા રસ્તાનું કામ કયા કારણોસર શરૂ કરવાનું બાકી છે, અને

(૪) ઉકત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) વર્ષવાર પંચાયત પ્રભાગના રસ્તાઓની વિગત.

| **જિલ્લો: ગાંધીનગર** | | | | | |
|---|---|---|---|---|---|
| **વર્ષ** | **કામો** | **મંજૂર** | **પૂર્ણ** | **પ્રગતિ** | **બાકી કામો** |
| ૨૦૧૮ | નવા | ૮ | ૧ | ૫ | ૨ |
| | સમારકામ | ૧૮ | – | ૮ | ૧૦ |
| ૨૦૧૯ | નવા | ૭૩ | – | ૪ | ૬૯ |
| | સમારકામ | ૭૧ | ૧૦ | ૩ | ૫૮ |
| **જિલ્લો: ભાવનગર** | | | | | |
| **વર્ષ** | **કામો** | **મંજૂર** | **પૂર્ણ** | **પ્રગતિ** | **બાકી કામો** |
| ૨૦૧૮ | નવા | ૨૮ | ૬ | ૧૯ | ૩ |
| | સમારકામ | ૩૯ | ૭ | ૨૮ | ૪ |
| ૨૦૧૯ | નવા | ૩૯ | – | ૧૩ | ૨૬ |
| | સમારકામ | ૭૮ | ૫ | ૧૮ | ૫૫ |

બાકી રહેલા કામો પૈકી ૬૮ કામો વર્ક ઓર્ડર તબક્કે, ૧૦ કામો ટેન્ડર મંજૂરીની પ્રક્રિયામાં, ૬ કામો ટેન્ડર પ્રક્રિયામાં, ૧૭ કામો ડી.ટી.પી. તબક્કે, ૧૨૨ કામો નકશા અંદાજ તબક્કે, ૧ કામ પથરેખા વિવાદના કારણે તથા ૩ કામો સુધારેલી મંજૂરીના કારણે શરૂ થઈ શકેલ નથી. જે વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, નેશનલ હેલ્થ મિશન, ગાંધીનગર ખાતે ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓ**

૨૪૫૩૯ **શ્રી ભગાભાઇ બારડ** (તાલાલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, નેશનલ હેલ્થ મિશન, ગાંધીનગર ખાતે કેટલા કર્મચારીઓ અને અધિકારીઓ ફરજો બજાવે છે, અને

(૧) ૨૫૬

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારીઓ અને અધિકારીઓ કાયમી છે અને કેટલા કરાર, સીધી ભરતી અને કોન્ટ્રાક્ટ આધારીત ફરજો બજાવે છે?

(૨)

| કર્મચારીઓની વિગત | સંખ્યા |
|---|---|
| કાયમી કર્મચારી | ૦ |
| કાયમી અધિકારીઓ | ૦ |
| કરાર આધારિત | ૦ |
| સીધી ભરતી | ૦ |
| કોન્ટ્રાક્ટ આધારિત | ૨૫૬ |

---------

### મોડાસા તાલુકાના ઈસરોલ રાજલી વચ્ચે સ્લેબ ડ્રેઈન માટે મળેલ રજૂઆતો

૨૪૪૭૧ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ઈસરોલ–રાજલી વચ્ચે સ્લેબ ડ્રેઈન માટે કેટલી રજુઆતો/માંગણીઓ સરકારને મળેલ છે,

(૨) ઉક્ત મળેલ રજૂઆતો/માંગણીઓ અન્વયે શું કાર્યવાહી કરી, અને

(૩) ઉક્ત સ્લેબ ડ્રેઈનનું કામ ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩)

૪ (ચાર) માંગણીઓ મળેલ છે, આ રસ્તો ગ્રામ્ય માર્ગ કક્ષાનો છે તથા ઓવરટોપીંગથી બંધ રહે ત્યારે અન્ય વૈકલ્પિક રસ્તો ઉપલબ્ધ હોઇ, હાલ આયોજન નથી.

---------

### પાટણ જિલ્લામાં આયુષ્યમાન ભારત યોજના–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળના લાભાર્થીઓ

૨૨૮૨૪ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા લોકોને આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત જિલ્લામાં તમામ લાયક વ્યક્તિઓને આ કાર્ડ મળી રહે તે માટે શું આયોજન છે?

**જવાબ**

(૧) એક વર્ષમાં ૨,૭૧,૬૧૩ લોકોને આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કાર્ડ આપવામાં આવ્યા.

(૨) આ યોજના માટેની પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓને યોજનાનું કાર્ડ મળી રહે તે માટે યોજના સાથે જોડાયેલ તમામ સરકારી હોસ્પિટલ, પ્રાઈવેટ હોસ્પિટલ, ગ્રામ્ય કક્ષાએ ઈ–ગ્રામ સેન્ટરો તેમજ કોમન સર્વિસ સેન્ટર પર ગોલ્ડન કાર્ડ કઢાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

---------

### મહિસાગર જિલ્લામાં આયુષ્યમાન ભારત યોજના–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળના લાભાર્થીઓ

૨૨૮૨૦ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહિસાગર જિલ્લામાં કેટલા લોકોને આયુષ્યમાન ભારત–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) બાકી રહી ગયેલ લાયક વ્યક્તિઓની કાર્ડ આપવાની શી વ્યવસ્થા કરેલ છે?

**જવાબ**

(૧) એક વર્ષમાં ૨,૦૪,૯૫૪ લોકોને આયુષ્યમાન ભારત–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કાર્ડ આપવામાં આવ્યા.

(૨) આ યોજના માટેની પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓને યોજનાનું કાર્ડ મળી રહે તે માટે યોજના સાથે જોડાયેલ તમામ સરકારી હોસ્પિટલ, પ્રાઈવેટ હોસ્પિટલ, ગ્રામ્ય કક્ષાએ ઈ–ગ્રામ સેન્ટરો તેમજ કોમન સર્વિસ સેન્ટર પર કાર્ડ કઢાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

---------

### અમરેલી જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળના લાભાર્થીઓ

૨૨૮૦૮ **શ્રી વલ્લભભાઇ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને ''મા'' અને ''મા વાત્સલ્ય''ના કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત જિલ્લામાં તમામ લાયક વ્યક્તિઓને આ કાર્ડ મળી રહે તે માટે શું આયોજન છે?

**જવાબ**

(૧) ''મા'' યોજના હેઠળ – ૮૪
''મા વાત્સલ્ય'' યોજના હેઠળ – ૬૪,૯૨૭
કુલ–૬૫,૦૧૧/– કુટુંબોને કાર્ડ આપવામાં આવ્યા.

(૨) કુલ ૧૧ (અગિયાર) કિઓસ્ક કાર્યરત છે.

### સુરેન્દ્રનગર જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળના લાભાર્થીઓ

૨૨૮૦૪ **શ્રી અરવિંદ રૈયાણી** (રાજકોટ–પૂર્વ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કેટલા કાર્ડ કાઢવામાં આવ્યા,

(૨) સુરેન્દ્રનગર જિલ્લામાં આ કાર્ડ મળી રહે તે માટે કેટલા કેન્દ્રો કાર્યરત છે,

(૩) ઉક્ત સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય''યોજના હેઠળ કેટલા લાભાર્થીઓ દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે, અને

(૪) ઉક્ત મંજૂર કરવામાં આવેલ દાવા માટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે?

**જવાબ**

(૧) ''મા'' યોજના હેઠળ ૧,૦૨૬ અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ ૫૨,૮૭૪ મળી કુલ ૫૩,૯૦૦ કાર્ડ આપવામાં આવ્યા.

(૨) ૧૧ કેન્દ્રો કાર્યરત છે.

(૩) ''મા'' યોજના હેઠળ ૭,૧૧૫ અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ ૩૪,૧૪૪ મળી કુલ ૪૧૨૫૯ લાભાર્થી દાવાઓ મંજૂર કરવામાં આવ્યા.

(૪) ''મા'' યોજના હેઠળ રૂ.૧૦,૩૭,૦૩,૪૮૩/– અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ રૂ.૫૭,૧૨,૧૯,૧૪૪/– મળી કુલ રૂ. ૬૭,૪૯,૨૨,૬૨૭/– દાવાની રકમ મંજૂર કરવામાં આવી.

### ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં પાસ થયેલ એમ.બી.બી.એસ. ડૉક્ટરોની નિમણૂક

૨૪૪૭૯ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ કેટલા ડૉક્ટરોને નિમણૂક આપવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા ડૉક્ટરો ફરજ પર હાજર થયા અને કેટલા ડૉક્ટરો હાજર ન થયા,

(૩) હાજર ન થયા હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલી અને કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૪) ઉક્ત બોન્ડની બાકી રકમ વસૂલવા સરકારે શું કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) અને (૨) **પત્રક–૧** આ સાથે સામેલ છે.

(૩) **પત્રક–૨** આ સાથે સામેલ છે.

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**પત્રક–૧**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ–૨૦૧૮ | | | વર્ષ–૨૦૧૯ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નિમણૂક આપેલ ડૉક્ટર | ફરજ પર હાજર થયેલ ડૉક્ટર | ગેરહાજર રહેલ ડૉક્ટર | નિમણૂક આપેલ ડૉક્ટર | ફરજ પર હાજર થયેલ ડૉક્ટર | ગેરહાજર રહેલ ડૉક્ટર |
| ૧ | ગાંધીનગર | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ |
| ૨ | મહેસાણા | ૧૬ | ૫ | ૧૧ | ૫ | ૨ | ૩ |
| | **કુલ** | **૧૮** | **૬** | **૧૨** | **૬** | **૩** | **૩** |

**પત્રક–૨**

| ક્રમ | જિલ્લાનું | વર્ષ–૨૦૧૮ | વર્ષ–૨૦૧૯ |
|---|---|---|---|

| | નામ | બોન્ડની રકમની વસૂલાત કરેલ ડૉક્ટરોની સંખ્યા | વસૂલાત કરેલ બોન્ડની રકમ (રૂ.) | વસૂલાત કરવાની બાકી બોન્ડની રકમ (રૂ.) | બોન્ડની રકમની વસૂલાત કરેલ ડૉક્ટરોની સંખ્યા | વસૂલાત કરેલ બોન્ડની રકમ (રૂ.) | વસૂલાત કરવાની બાકી બોન્ડની રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૦ | ૦ | ૧૫૦૦૦૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | મહેસાણા | ૧ | ૧૫૦૦૦૦ | ૧૫૦૦૦૦૦ | ૧ | ૧૫૦૦૦૦ | ૧૦૦૦૦૦૦ |
| | **કુલ** | **૧** | **૧૫૦૦૦૦** | **૧૬૫૦૦૦૦** | **૧** | **૧૫૦૦૦૦** | **૧૦૦૦૦૦૦** |

---------

**વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલ વડોદરાનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૨૨૭૭૮ **શ્રી કેતનભાઇ ઇનામદાર** (સાવલી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરાનું સંવર્ગવાર કુલ કેટલુ મહેકમ મંજૂર થયેલ છે,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરાનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર |
|---|---|
| વર્ગ–૧ | ૦૯ |
| વર્ગ–૨ | ૩૮ |
| વર્ગ–૩ | ૧૧૪૭ |
| વર્ગ–૪ | ૫૮૬ |
| **કુલ** | **૧૭૮૦** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૦૩ | ૦૬ |
| વર્ગ–૨ | ૧૪ | ૨૪ |
| વર્ગ–૩ | ૮૪૫ | ૩૦૨ |
| વર્ગ–૪ | ૫૮૬ | ૦૦ |
| **કુલ** | **૧૪૪૮** | **૩૩૨** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉક્ટરરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવશે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવશે.

---------

**આણંદ તાલુકામાં રોડને પહોળો કરવાનું આયોજન**

૨૨૭૧૮ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ આણંદ જિલ્લાના આણંદ તાલુકાના કુંજરાવ–ભીલેશ્વર ખોબલીપૂરા ઓડ રોડને પહોળો કરવાનું કામ મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી

(૨) જો હા, તો આ કામ માટે કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી ?

(૨) રૂ. ૮.૦૦ કી.મી. લંબાઈ માટે રૂ. ૩૨૦.૦૦ લાખ

---------

અતારાંકિત પ્રશ્નો

**ગીર સોમનાથ જિલ્લામાં રસ્તાઓની મરામત**

૨૩૭૫૮ **શ્રી મોહનલાલ વાળા** (કોડિનાર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯માં ગીર સોમનાથ જિલ્લામાં પડેલ ભારે વરસાદના કારણે તાલુકાવાર કેટલા રસ્તાઓને કેટલી રકમનું નુકસાન થયું છે,

(૨) આ રસ્તાઓની મરામતની કામગીરી માટે સરકારે કેટલી રકમ ક્યારે ફાળવી, અને

(૩) આ રસ્તાઓની મરામતની કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) ઉક્ત સ્થિતિએ પંચાયત તથા રાજ્ય વિભાગમાં ગીર સોમનાથ જિલ્લામાં ભારે વરસાદના કારણે નુકસાન થયેલ રસ્તા.

| **તાલુકો** | **નુકસાન પામેલ રસ્તાની સંખ્યા** | **નુકસાનની રકમ રૂ. લાખમાં** |
|---|---|---|
| વેરાવળ | ૪ | ૪૪.૦૯ |
| તાલાલા | ૭ | ૪૩.૧૭ |
| સુત્રાપાડા | ૪ | ૨૬.૩૧ |
| કોડીનાર | ૯ | ૩૨.૯૩ |
| ઉના | ૩ | ૧૫.૭૬ |
| ગીરગઢડા | ૫ | ૨૪.૪૩ |

રસ્તાની મરામતની કામગીરી કરી રસ્તાઓને વાહન વ્યવહાર યોગ્ય બનાવેલ છે. મરામતની કામગીરી પેટે પ્રથમ તબક્કામાં રૂ. ૧૧૫.૦૦ લાખ ઓક્ટોબર–૨૦૧૯માં ફાળવેલ છે.

**વડોદરા ખોરાક અને ઔષધી પ્રયોગશાળા દ્વારા ઔષધના નમૂનાઓની ચકાસણી**

૨૨૭૮૯ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વડોદરા ખોરાક અને ઔષધી પ્રયોગશાળા દ્વારા સને ૨૦૧૯ના કેલેન્ડર વર્ષમાં ઔષધના કેટલા નમૂનાઓની ચકાસણી કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી કેટલા નમૂનાઓ પ્રમાણસર ધોરણના માલુમ પડ્યા,

(૩) કેટલા નમૂનાઓ અપ્રમાણસર ધોરણના માલુમ પડ્યા, અને

(૪) અપ્રમાણસર ઔષધીના કિસ્સામાં શા પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) ૧૨૧૨૯

(૨) ૧૧૯૫૨

(૩) ૧૭૭

(૪) સને ૧૯૪૦નો ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારો અને તે અન્વયેના નિયમો મુજબ અપ્રમાણસર ઔષધીના કિસ્સામાં નીચે મુજબના પગલા લેવામાં આવ્યા.

| **પગલાંની વિગત** | |
|---|---|
| ૬૭ | કિસ્સામાં ઉત્પાદક પેઢીને કારણદર્શક નોટીસ પાઠવવામાં આવી. |
| ૧૩ | કિસ્સામાં ઉત્પાદકના ઉત્પાદન પરવાના સ્થગિત કરવામાં આવ્યા. |
| ૦૪ | કિસ્સામાં ઉત્પાદકની બનાવટની પરવાનગી પરત ખેંચવામાં આવી અને પરવાના સ્થગિત કરવામાં આવ્યા. |
| ૦૧ | કિસ્સામાં ઉત્પાદક સામે નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યા. |
| ૦૨ | કિસ્સામાં ઉત્પાદકના પરવાના રદ થવાથી કેસ બંધ કરવામાં આવ્યા. |
| ૦૨ | કિસ્સામાં ઉત્પાદક દ્વારા નમૂનાને ચેલેન્જ કરવામાં આવેલ અને સેન્ટ્રલ ડ્રગ લેબોરેટરી, કલકત્તા દ્વારા નમૂનો પ્રમાણસર જાહેર કરવામાં આવતા કેસ બંધ કરવામાં આવ્યા. |

| | |
|---|---|
| ૮૮ | કિસ્સામાં ઉત્પાદક અન્ય રાજ્યના હોઈ જે તે રાજ્યના ડ્રગ કન્ટ્રોલરને ઉત્પાદક સામે પગલાં લેવા માટે રીફર કરવામાં આવેલ છે. |

---------

**જામનગર જી.જી. હોસ્પિટલનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૨૨૭૭૧ **શ્રી કનુભાઇ પટેલ** (સાણંદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ જી. જી. હોસ્પિટલ, જામનગરનું સંવર્ગવાર કુલ કેટલુ મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ જી.જી. હોસ્પિટલ, જામનગરનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર |
|---|---|
| વર્ગ–૧ | ૦૨ |
| વર્ગ–૨ | ૩૮ |
| વર્ગ–૩ | ૮૭૫ |
| વર્ગ–૪ | ૩૭૮ |
| **કુલ** | **૧૨૯૩** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૦૧ | ૦૧ |
| વર્ગ–૨ | ૧૨ | ૨૬ |
| વર્ગ–૩ | ૬૬૭ | ૨૦૮ |
| વર્ગ–૪ | ૩૭૮ | ૦૦ |
| **કુલ** | **૧૦૫૮** | **૨૩૫** |

(૩) નિમણૂંકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવશે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવશે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણની અરજીઓ**

૨૪૪૪૮ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખેતીવિષયક વીજ જોડાણ મેળવવા માટેની કેટલી અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, વર્ષવાર, તાલુકાવાર કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૩) ઉક્ત બાકી વીજ જોડાણ ક્યાં સુધીમાં આપવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) પત્રક – અ મુજબ.

(૩) ખેતી વિષયક વીજ જોડાણ આપવું એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિવર્ષ માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર નાણાકીય આયોજનને ધ્યાને લઇને વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવતું હોય છે. આમ, ખેતી વિષયક વીજ જોડાણો આપવામાં વીજ પ્રવહન અને વીજ વિતરણ એ તબક્કાઓ ઉપરાંત નાણાકીય પરિબળ મહત્વનું હોઇ તમામ બાબતો ધ્યાને લઇ

તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

**પત્રક – અ**

| | તાલુકો | તા. ૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પડતર ખેતીવિષયક વીજજોડાણો | વર્ષ ૨૦૧૮માં આપેલ વીજજોડાણો | વર્ષ ૨૦૧૯માં આપેલ વીજજોડાણો |
|---|---|---|---|---|
| બનાસકાંઠા જિલ્લો | અમીરગઢ | ૪૦૪ | ૩૯૫ | ૨૪૦ |
| | ભાભર | ૬૭૦ | ૨૨૬ | ૪૧૫ |
| | દાંતીવાડા | ૬૬૮ | ૪૨૬ | ૨૫૬ |
| | ડીસા | ૮૪૬ | ૩૫૫ | ૨૪૫ |
| | દીઓદર | ૨૮૭ | ૧૯૬ | ૭૭ |
| | ધાનેરા | ૮૬૮ | ૪૭૯ | ૩૬૨ |
| | કાંકરેજ | ૯૧૯ | ૫૩૭ | ૪૦૯ |
| | લાખણી | ૩૮૯ | ૨૦૦ | ૯૧ |
| | પાલનપુર | ૭૧૪ | ૫૩૨ | ૨૬૮ |
| | સુઈગામ | ૭૧૬ | ૫૧ | ૩૪૪ |
| | થરાદ | ૪૪૦૮ | ૧૧૩૪ | ૧૬૭૫ |
| | વડગામ | ૪૫૪ | ૩૮૫ | ૨૪૫ |
| | વાવ | ૩૧૪૪ | ૩૬૮ | ૬૬૨ |
| | દાંતા | ૭૭૯ | ૩૭૫ | ૧૪૭ |

---------

**આણંદ જિલ્લાના પીપળાવ-ચાંગા-રામોલ રોડને પહોળો કરવાનું આયોજન**

૨૨૭૪૪ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ આણંદ જિલ્લાના પીપળાવ-ચાંગા-રામોલ રોડને પહોળો કરવાનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કામગીરી માટે કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ. ૧૯૦૦.૦૦ લાખ.

---------

(૨) ઉક્ત દાખલ થયેલા બાળકો પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા બાળકોનો જન્મ સિવિલ હોસ્પિટલમાં થયો હોઈ અને તેને વધુ સારવાર માટે સીક ન્યુબોર્ન કેર યુનિટમાં દાખલ થયા અને કેટલા બાળકો સરકારી હોસ્પિટલો સિવાય જન્મ લેનાર તબદીલ થઈને દાખલ થયા,

(૨)

| બાળકની વિગત | મોરબી | | રાજકોટ | | કુલ |
|---|---|---|---|---|---|
| | **૨૦૧૮** | **૨૦૧૯** | **૨૦૧૮** | **૨૦૧૯** | |
| સરકારી હોસ્પિટલમાં જન્મેલ બાળકો | ૨૦૪ | ૨૦૯ | ૨૭૯૨ | ૩૨૨૪ | ૬૪૨૯ |
| તબદીલ થઈ દાખલ થયેલ બાળકો | ૮૮ | ૯૨ | ૨૧૪૧ | ૧૯૫૯ | ૪૨૮૦ |
| **કુલ** | **૨૯૨** | **૩૦૧** | **૪૯૩૩** | **૫૧૮૩** | **૧૦૭૦૯** |

(૩) તે પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર સીક ન્યુબોર્ન કેર યુનિટમાં સારવાર દરમ્યાન કેટલા બાળકોના મોત થયા, અને

(૩)

| ક્રમ | જિલ્લો | વર્ષ | | કુલ |
|---|---|---|---|---|
| | | **૨૦૧૮** | **૨૦૧૯** | |
| ૧ | મોરબી | ૨ | ૧ | ૩ |
| ૨ | રાજકોટ | ૮૬૯ | ૮૮૯ | ૧૭૫૮ |

(૪) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં બાળકોના મૃત્યુ અટકે તે માટે સરકારે શા પગલાં લીધાં?

(૪) (૧) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં પિડીયાટ્રીશીયન અને મેડીકલ ઓફિસરની જગ્યાઓ અગ્રતાને ધોરણે ભરવામાં આવે છે. (૨) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર કરતાં ડૉક્ટરશ્રી તથા નર્સીંગ સ્ટાફને ફેસેલીટી બેઝ ન્યુબોર્ન કેરની ખાસ તાલીમ પણ આપવામાં આવે છે. (૩) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર માટે જરૂરિયાત અંગેની તમામ પ્રકારની દવાઓ અને સારવાર નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે. (૪) સીક ન્યુબોર્ન કેર યુનિટમાં જરૂરી સાધન સામગ્રી પૂરતા પ્રમાણમાં ફાળવવામાં આવે છે.

---------

## પાદરા તાલુકાની વિશાખામાંથી માઈનોર દ્વારા પૂરુ પાડેલ સિંચાઈનું પાણી

૨૨૮૪૮ **શ્રીમતી સીમાબેન મોહિલે** (અકોટા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાદરા તાલુકાની મજાથણ વિશાખામાંથી નીકળતી ચિત્રાલ માઈનોર દ્વારા કેટલા વિસ્તારમાં સિંચાઈનું પાણી આપવામાં આવ્યું,

(૨) તેની યુજીપીએલ સબમાઈનોરની કામગીરી કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાદરા તાલુકાની મજાથણ વિશાખામાંથી નીકળતી ચિત્રાલ માઈનોર દ્વારા ૬૩૭ એકર વિસ્તારને સિંચાઈ માટે પાણી પૂરું પાડવામાં આવેલ છે.

(૨) ચિત્રાલ માઈનોર હેઠળની તમામ ૯ યુજીપીએલ સબમાઈનોરની કામગીરી પૂર્ણ થયેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ચિત્રાલ માઈનોરમાં રૂ.૧.૨૬ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

## ખંભાત તાલુકાના નોન પ્લાન રસ્તાના કામને મંજૂરી

૨૨૮૬૦ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ આણંદ જિલ્લાના ખંભાત તાલુકાની જુની આખોલથી નવી આખોલ નોન પ્લાન રસ્તાનું કામ મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,

**જવાબ**

(૧) હા, જી

અને

(૨) જો હા તો કેટલી લંબાઇના કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી ?

(૨) ૪.૦૦ કી.મી. લંબાઇ માટે રૂા.૧૮૧.૫૪ લાખ

---------

**રાજ્યમાં પેટ્રોલિયમ પેદાશો પર લેવાતો વેરો અને સેસ**

૨૪૪૯૨ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ ની સ્થિતિએ રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, પીએનજીસી, સીએનજી અને રાસાયણીક ખાતર ઉપર કેટલા વેરાઓ અને સેસ લેવામાં આવે છે, અને

**જવાબ**

(૧)

| **વિગત** | **વેટ** | **સેસ** |
|---|---|---|
| પેટ્રોલ | ૧૭% | ૪% |
| ડીઝલ | ૧૭% | ૪% |
| પી.એન.જી. | ૧૫% | – |
| સી.એન.જી. | ૧૫% | – |
| | **ગુજરાત માલ અને સેવા કર** | **કેન્દ્રીય માલ અને સેવા કર** |
| કેરોસીન–જાહેર વિતરણ વ્યવસ્થા | ૨.૫% | ૨.૫% |
| કેરોસીન–જાહેર વિતરણ વ્યવસ્થા | ૯% | ૯% |
| રાસાયણિક ખાતર. | રાસાયણિક ખાતર પર તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ વેટ અને સેસ લેવામાં આવતો નથી. પરંતુ ગુજરાત માલ અને સેવા કર અધિનિયમ (એસજીએસટી), ૨૦૧૭ હેઠળ ૨.૫ % વેરો અને કેન્દ્રીય માલ અને સેવા કર અધિનીયમ (સીજીએસટી), ૨૦૧૭ હેઠળ ૨.૫% વેરો મળીને કુલ ૫ % વેરો લેવામાં આવે છે. બ્રાન્ડ નેમ સાથે કન્ટેનરમાં વેચવામાં આવે તે સિવાયના સેન્દ્રીય ખાતર ગુજરાત માલ અને સેવા અધિનિયમ ૨૦૧૭ અને કેન્દ્રીય માલ અને સેવા અધિનિયમ અન્વયે વેરામુક્ત છે. | |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, પીએનજીસી, સીએનજી અને રાસાયણીક ખાતર પેટે વસુલેલ વેરા અને સેસની આવક કેટલી થઇ?

(૨) પત્રક–અ મુજબ

**પત્રક–અ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | **રકમ રૂ કરોડમાં** |
| | **૨૦૧૭–૧૮** | | **૨૦૧૮–૧૯** | | **૦૧/૦૪/૨૦૧૯ થી ૩૧/૧૨/૨૦૧૯** | |
| | **વેટ+સીએસટી** | **સેસ** | **વેટ+સીએસટી** | **સેસ** | **વેટ+સીએસટી** | **સેસ** |
| પેટ્રોલ | ૩૩૩૮.૩૪ | ૬૫૨.૮૬ | ૩૪૯૭.૫૬ | ૭૬૯.૧૧ | ૨૪૪૩.૩૯ | ૫૬૮.૬૭ |
| **કુલ આવક** | ૩૯૯૧.૨૦ | | ૪૨૬૬.૬૭ | | ૩૦૧૨.૦૬ | |
| ડીઝલ | ૭૪૩૦.૫૦ | ૧૪૫૩.૧૩ | ૮૦૨૨.૭૪ | ૧૭૧૧.૮૯ | ૫૪૩૮.૫૨ | ૧૨૬૫.૭૬ |
| **કુલ આવક** | ૮૮૮૩.૬૩ | | ૯૭૩૪.૬૩ | | ૬૭૦૪.૨૮ | |
| | **વેટ** | | | | | |
| સીએનજી | ૪૯૯.૯૧ | | ૪૧૧.૨૩ | | ૩૪૫.૧૨ | |
| પીએનજી | ૧૩૨૮.૭૭ | | ૭૦૨.૦૯ | | ૪૭૭.૦૪ | |
| | ૧/૪/૧૭ થી ૩૦/૬/૧૭ અને ૧/૭/૧૭ થી ૩૧/૩/૧૮ | | ૨૦૧૮–૧૯ | | **૦૧/૦૪/૨૦૧૯ થી ૩૧/૧૨/૨૦૧૯** | |
| રાસાયણિક ખાતર | વેટ+CST+GST | કુલ | GST | | GST | |
| | ૨૮.૧૬+૨.૫૫+૨૭.૬૮ | ૫૮.૩૯ | ૫૭.૪૭ | | ૪૭.૦૮ | |
| કેરોસીન | | ૦.૧૫ | ૦.૫૫ | | ૦.૪૪ | |

---------

તા.૩જી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

## રાજ્યમાં લિગ્નાઈટ આધારીત વિજ મથકો

૨૫૩૭૧ **શ્રી જીગ્નેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં લિગ્નાઈટ આધારિત કેટલા વીજ મથકો ક્યા સ્થળે ક્યારથી કાર્યરત છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં લિગ્નાઈટ આધારિત વીજ મથકોની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | વીજ મથકનું નામ અને સ્થળ | યુનિટ કાર્યરત થવાની તારીખ |
|---|---|---|
| ૧ | કચ્છ લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન, મુ.પો.પાનધ્રો, જિ.કચ્છ | યુનિટ ૧: ૨૯–૦૩–૧૯૯૦<br>યુનિટ ૨: ૨૫–૦૩–૧૯૯૧<br>યુનિટ ૩: ૩૧–૦૩–૧૯૯૭<br>યુનિટ ૪: ૨૦–૧૨–૨૦૦૯ |
| ૨ | ભાવનગર લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન, મુ.પો.પડવા, જિ. ભાવનગર | યુનિટ ૧: ૧૬–૦૫–૨૦૧૬<br>યુનિટ ૨: ૨૭–૦૩–૨૦૧૭ |
| ૩ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિમીટડ, મુ.પો.નાની નરોલી, જિ.સુરત | યુનિટ ૧: ૧૫–૦૨–૨૦૦૦<br>યુનિટ ૨: ૧૫–૦૨–૨૦૦૦<br>યુનિટ ૩: ૧૯–૦૪–૨૦૧૦<br>યુનિટ ૪: ૨૮–૦૪–૨૦૧૦ |
| ૪ | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન, મુ.પો. અક્રીમોટા, જિ.કચ્છ | યુનિટ ૧: ૧૨–૦૩–૨૦૦૭<br>યુનિટ ૨: ૦૧–૦૫–૨૦૦૬ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત વીજ મથકવાર ક્ષમતા સામે કેટલું વીજ ઉત્પાદન થયું, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, વીજ મથકવાર, વીજ ઉત્પાદન ક્ષમતા સામે થયેલ વીજ ઉત્પાદનની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | વીજ મથકનું નામ | વીજ ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) | તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયેલ વીજ ઉત્પાદન (મીલીયન યુનીટ્સ) | |
|---|---|---|---|---|
| | | | વર્ષ–૨૦૧૮ | વર્ષ–૨૦૧૯ |
| ૧ | કચ્છ લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન | ૨૯૦ | ૧૧૪૦ | ૧૦૨૯ |
| ૨ | ભાવનગર લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન | ૫૦૦ | ૫૦૬ | ૫૨૦ |
| ૩ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિમિટેડ | ૫૦૦ | ૩૦૯૦ | ૨૯૫૩ |
| ૪ | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન | ૨૫૦ | ૧૧૩૪ | ૬૩૨ |

(૩) ક્ષમતા સામે વીજ ઉત્પાદન ઓછું થતું હોઈ તો તેના શા કારણો છે?

(૩) રાજ્ય હસ્તકના લિગ્નાઈટ આધારિત વીજ મથકોમાંથી રાજ્યની કુલ વીજ ઉત્પાદન ક્ષમતામાંથી ગ્રીડની જરૂરિયાત મુજબ મેરીટ ઓર્ડર્સ પ્રમાણે વીજળીનું ઉત્પાદન મેળવવામાં આવે છે. આમ છતાં ક્યારેક વિવિધ કારણોસર જેવા કે તકનીકી સમારકામ, ઓછી વીજમાંગ, બળતણ

ઉપલબ્ધ ન હોવું અને મેરીટ ઓર્ડર અંતર્ગત પ્રાથમિકતા જો ન મળતી હોય તો તત્પૂરતા હંગામી સમય દરમ્યાન વિજ એકમોમાંથી ઉત્પાદન મેળવવામાં આવતું નથી. વધુમાં, રાજ્યમાં કોઈપણ સમયે ગ્રીડમાં જરૂરિયાત હોય છતા પણ વીજ ઉત્પાદન ન થઈ શકવાને કારણે લોડ શેડીંગ કે કાપ મુકવો પડે તેવા સંજોગો ક્યારેય ઉભા થયેલ નથી. આમ, ગ્રીડની જરૂરિયાત મુજબ વીજળી ઉત્પાદન કરી શકાતી હોવાથી ઓછું વીજ ઉત્પાદન મેળવવામાં આવેલ છે તેવો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અમરેલી જિલ્લાના ડીબીએમ મુજબના રસ્તાઓ**

૨૪૫૫૨ **શ્રી અંબરીષ ડેર** (રાજુલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ડીબીએમ, બીએમ અને એસડીબીસી મુજબ કેટલા રસ્તાઓ બનેલા છે, અને<br>(૨) ઉક્ત બાકી રસ્તાઓને ક્યાં સુધીમાં ડીબીએમ, બીએમ અને એસડીબીસી મુજબ બનાવવામાં આવશે ? | (૧) અને (૨) ઉક્ત સ્થિતિએ અમરેલી જિલ્લામાં રસ્તાના કામો માટે જે તે રસ્તાની સ્થળસ્થિતિની જરૂરિયાત મુજબ આઈ.આર.સી. કોડનાં આધારે રસ્તાની ડીઝાઈન કરી તે મુજબ જરૂરી લેયર લેવામાં આવે છે. |

---------

**ભરૂચ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ**

૨૨૮૩૭ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૧૩૮૪ વીજ જોડાણો આપવામાં આવેલ છે. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૩૩૪૦.૮૪ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

**છોટા ઉદેપુર જિલ્લામાં આરોગ્ય વિભાગમાં કરાર આધારિત નિમણૂક આપનાર એજન્સીને ચૂકવેલ રકમ**

૨૪૫૯૧ **શ્રી મોહનસિંહ રાઠવા (છોટા-ઉદેપુર)** : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લામાં આરોગ્ય વિભાગમાં સંવર્ગવાર કરાર આધારિત નિમણૂક આપનાર કઈ કઈ એજન્સીને સરકાર દ્બારા સંવર્ગવાર કેટલી રકમ ચૂકવવામાં આવી છે, અને | (૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની માહિતી માટે *પત્રક-૧ સામેલ છે. સા.આ.કે. જનરલ હોસ્પિટલ, ક્ષય કેન્દ્રોની વર્ષ ૨૦૧૮-૧૯ માટે *પત્રક-૨ સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કઈ કઈ એજન્સી દ્બારા સંવર્ગવાર પગારમાંથી કઈ કઈ રકમોની કેટલી કપાત કરવામાં આવે છે ? | (૨) ઉક્ત સ્થિતિએ એજન્સી મેસર્સ ડી.જી નાકરાણી મેસર્સ એમ.જે. સોલંકી તથા મેસર્સ એ.બી.એન્ટરપ્રાઈઝ દ્બારા પગારમાંથી સંવર્ગવાર કપાતની વિગત અંગે અનુક્રમે *પત્રક-૩, *પત્રક-૪ તથા *પત્રક-૫ સામેલ રાખેલ છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**રાજકોટ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસ દરમ્યાન ગંભીર બીમારી ધરાવતા બાળકો**

૨૨૮૨૯ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં રાજકોટ જીલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે, | (૧) કુલ-૪,૧૦,૦૫૬/- બાળકો |

(૨) ઉક્ત સ્થિતિએ ગંભીર રોગોના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી, અને

(૨)

| રોગ | બાળકોની સંખ્યા |
|---|---|
| હૃદય | ૨૦૨ |
| કીડની | ૪૭ |
| કેન્સર | ૫૩ |
| **કુલ** | **૩૦૨** |

(૩) ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી?

(૩) રાજ્ય સરકાર દ્વારા ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે નીચે દર્શાવેલ હોસ્પિટલો ખાતે વિના મુલ્યે સારવારની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| રોગ | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદય | યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કીડની | ઈન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

---------

**આણંદ અને વડોદરા જિલ્લામાં નવા રસ્તાઓની મંજૂરી**

૨૪૫૬૭ **શ્રી પુનમભાઇ પરમાર** (સોજીત્રા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને વડોદરા જિલ્લામાં માર્ગ અને મકાન (પંચાયત)ના કેટલા રસ્તાઓ નવા અને કેટલા રસ્તાઓ સમારકામ કરવાની મંજૂરી આપવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તાનું કામ પૂર્ણ થયું,

(૩) તે પૈકી કેટલા રસ્તાનું કામ પ્રગતિમાં છે અને કેટલા રસ્તાનું કામ ક્યા કારણોસર શરૂ કરવાનું બાકી છે, અને

(૪) ઉક્ત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) વર્ષવાર પંચાયત પ્રભાગના રસ્તાઓની વિગત

**જિલ્લો : આણંદ**

| વર્ષ | કામો | મંજૂર | પૂર્ણ | પ્રગતિ | શરૂ ન થયેલ (બાકી કામો) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૮ | નવા | ૮૭ | ૪૦ | ૪૭ | – |
| | સમારકામ | ૭૩ | ૪૬ | ૨૭ | – |
| ૨૦૧૯ | નવા | ૧૨૬ | ૮ | ૪૪ | ૭૪ |
| | સમારકામ | ૭૦ | ૧૭ | ૧૭ | ૩૬ |

**જિલ્લો: વડોદરા**

| વર્ષ | કામો | મંજૂર | પૂર્ણ | પ્રગતિ | શરૂ ન થયેલ (બાકી કામો) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૮ | નવા | ૪૩ | ૧૭ | ૨૪ | ૨ |
| | સમારકામ | ૩૫ | ૨૭ | ૫ | ૩ |
| ૨૦૧૯ | નવા | ૩૯ | ૨ | ૯ | ૨૮ |
| | સમારકામ | ૫૩ | ૩ | ૭ | ૪૩ |

બાકી રહેલા કામો પૈકી ૩ કામો વર્ક ઓર્ડર તબક્કે, ૧૧ કામો ટેન્ડર મંજૂરીની પ્રક્રિયામાં, ૨૬ કામો ટેન્ડર પ્રક્રિયામાં, ૧૩૯ કામો નકશા અંદાજ તબક્કે, ૧ કામ જમીન પ્રશ્નના કારણે ૩ કામ સુધારેલી મંજૂરીના કારણે શરૂ થઈ શકેલ નથી. જે વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**રાજ્યમાં બાળ મૃત્યુદર**

૨૫૧૯૦ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને રાજકોટની સરકારી હોસ્પિટલોમાં કેટલા બાળકો જન્મ બાદ મૃત્યુ પામ્યા,

**જવાબ**

(૧)

| ક્રમ | સરકારી હોસ્પિટલો | વર્ષ | | કુલ |
|---|---|---|---|---|
| | | ૦૧–૦૨–૨૦૧૮ થી ૩૧–૦૧– | ૦૧–૦૨–૨૦૧૯ થી ૩૧–૦૧– | |

| | | ૨૦૧૯ | ૨૦૨૦ | |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૫૪૫ | ૧૨૩૬ | ૨૭૮૧ |
| ૨ | રાજકોટ | ૯૨૩ | ૮૮૩ | ૧૮૦૬ |
| | **કુલ** | **૨૪૬૮** | **૨૧૧૯** | **૪૫૮૭** |

(૨) બાળ મૃત્યુદર વધવાના કારણો શા છે, અને

(૨) ગુજરાતમાં બાળમૃત્યુ દર ઘટવામાં છે. આમ છતા, બાળ મૃત્યુ થવાનું મુખ્ય કારણ બાળકનો અધુરા માસે (Premature) જન્મ થવાનું છે. અન્ય કારણોમાં જન્મ સમયે ખુબ જ ઓછુ વજન હોવાથી જન્મ સમયે ગુંગળામણ થવાથી, શ્વાચ્છોશ્વાસની તકલીફ થવાથી, ગર્ભનાળનું પાણી પી જવાથી, ચેપ (Septicemia) લાગવાથી, તેમજ જન્મજાત ખોડખાંપણ જેવા કારણો છે.

(૩) બાળ મૃત્યુદર ઘટાડવા સરકાર દ્ધારા શા પગલા ભરવામાં આવ્યા ?

(૩) (૧) સીક ન્યુ બોર્ન કેર યુનિટમાં પિડીયાટ્રીશીયન અને મેડીકલ ઓફીસરની જગ્યાઓ અગ્રતાને ધોરણે ભરવામાં આવે છે.

(૨) નવજાત શિશુઓની સારવાર કરતાં ડૉક્ટરશ્રી તથા નર્સીંગ સ્ટાફને ફેસેલીટી બેઝ ન્યુબોર્ન કેરની ખાસ તાલીમ પણ આપવામાં આવે છે.

(૩) નવજાત શિશુઓની સારવાર માટે જરૂરિયાત અંગેની તમામ પ્રકારની દવાઓ અને સારવાર નિ:શુલ્ક પૂરી પાડવામાં આવે છે.

(૪) જરૂરી સાધન સામગ્રી પૂરતા પ્રમાણમાં ફાળવવામાં આવે છે.

(૫) જિલ્લા હોસ્પિટલમાં બાળક રીફર થાય એના નર્સીંગ સ્ટાફને પણ રીફર કરતા પહેલાં બાળકને પ્રાથમિક સારવાર અને શ્રેષ્ઠ રીતે ટ્રાન્સપોર્ટ કરાય તેવી તાલીમ આપવામાં આવે છે.

(૬) માતાઓને પોષણયુક્ત આહાર લેવા, વિવિધ યોજનાઓ જેવી કે જનની શિશુ સુરક્ષા, કસ્તુરબા પોષણ સહાય યોજનાનો લાભ લેવા સગર્ભા બાદ નિયમીત સેવાઓ લેવાની અને સંસ્થાકીય સુવાવડ માટે પ્રેરીત કરવામાં આવે છે.

(૭) અધુરા માસે જન્મ થયેલ બાળકોને બાળસખા યોજનાનો ઘનિષ્ટ રીતે લાભ લેવા અને જ્યારે રજા આપવામાં આવે ત્યારે આશા દ્ધારા વખતોવખત તેની ગૃહ મુલાકાત લેવામાં આવે છે. અને બાળકનું સંપૂર્ણ રસીકરણ થાય તે સુનિશ્ચિત કરવામાં આવે છે.

---------

**દહેગામ તાલુકાના રોડને રીસરફેસ કરવા બાબત**

૨૨૮૬૫ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના બહીયલ–કનીપુર–હીલોલ–સરખેજ રોડ ને રીસરફેસ કરવા માટે મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી લંબાઇના કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી ? | (૨) ૮.૦૦ કી.મી. લંબાઈ માટે રૂા.૨૪૦.૦૦ લાખ. |

---------

તા.૩જી માર્ચ, ૨૦૨૦

અતારાંકિત પ્રશ્નો

### જી.એન.એમ ૩ વર્ષના નર્સીંગ કોર્ષને સ્નાતક કક્ષાનો ગણવા બાબત

૨૪૪૫૯ **શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ જીએનએમ ૩ વર્ષના નર્સીંગ કોર્ષને સ્નાતક કક્ષાનો ગણવામાં આવતો નથી. તે હકીકત સાચી છે,

(૨) જો હા તો તેના કારણો શા છે, અને ઉક્ત કોર્ષને સ્નાતક કક્ષાનો ગણવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને કેટલી ફરીયાદ મળી, અને

(૩) મળેલ ફરીયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) હા.

(૨) ઈન્ડિયન નર્સીંગ કાઉન્સિલના વર્ષ ૨૦૧૫ના સીલેબસ અને રેગ્યુલેશન મુજબ જીએનએમ ૩ વર્ષનો નર્સીંગ કોર્ષ એ ડીપ્લોમા કોર્ષ છે.

- જીએનએમ ૩ વર્ષના નર્સીંગ કોર્ષને સ્નાતક કક્ષાનો ગણવા અંગે છેલ્લા બે વર્ષમાં એક પણ ફરીયાદ મળેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### કચ્છ જિલ્લામાં સિંચાઈ માટે નર્મદાનું પાણી આપવા બાબત

૨૪૪૩૫ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને નર્મદાનું પાણી સિંચાઈ માટે આપવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ગામોને પાણી આપવાનું બાકી છે, અને

(૩) તે ક્યાં સુધીમાં આપવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં રાપર તાલુકાના ૩૦ અને ભચાઉ તાલુકાના ૧૪ ગામોને સિંચાઈ માટે નર્મદાનું પાણી આપવામાં આવે છે.

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબના ગામોને પાણી આપવાનું બાકી છે,

| તાલુકો | સિંચાઈ માટે પાણી આપવાનું બાકી હોય તે ગામોની સંખ્યા |
|---|---|
| રાપર | ૧૭ |
| ભચાઉ | ૧૯ |
| ગાંધીધામ | ૮ |
| અંજાર | ૨૪ |
| મુંદ્રા | ૩૪ |
| માંડવી | ૩૦ |
| ભુજ | ૬ |
| **કુલ** | **૧૩૮** |

(૩) કચ્છ જિલ્લામાં નહેરના બાકી કામો નવો જમીન સંપાદન ધારો, જમીન સંપાદનના પ્રશ્નો, અન્ય યુટીલીટી ક્રોસીંગ જેવાં કારણોથી છે. જે પ્રશ્નો હલ કરી કામો શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરી સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન છે.

---------

### મહિસાગર જિલ્લામાં આયુષ્યમાન ભારત યોજના-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળના લાભાર્થીઓ

૨૨૮૧૯ **શ્રી કુબેરભાઈ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહિસાગર જિલ્લામાં કેટલા લોકોને આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) બાકી રહી ગયેલ લાયક વ્યક્તિઓને કાર્ડ આપવાની શી વ્યવસ્થા કરેલ છે?

**જવાબ**

(૧) એક વર્ષમાં ૨,૦૪,૯૫૪ લોકોને આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કાર્ડ આપવામાં આવ્યા,

(૨) આ યોજના માટેની પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓને યોજનાનું કાર્ડ મળી રહે તે માટે યોજના સાથે જોડાયેલ તમામ સરકારી હોસ્પિટલ, પ્રાઈવેટ હોસ્પિટલ, ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ સેન્ટરો તેમજ કોમન સર્વિસ સેન્ટર પર કાર્ડ કઢાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

---------

### કડી તાલુકામાં રોડને પહોળો કરવાનું આયોજન

૨૨૮૭૩ **શ્રી જગદીશ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના કડી તાલુકાના નારદીપુર વડુ ધુમાસણ ચાંદરડા રોડને પહોળો કરવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો કેટલી લંબાઈના કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી? | (૨) ૮.૬૦ કી.મી. લંબાઈ માટે રૂ.૫૦૦.૦૦ લાખ |

---------

### ઉમરેઠ તાલુકાના રોડને રીસરફેસ કરવા બાબત

૨૨૮૫૮ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના ઓડ–ગંગાપૂરા પરવટા રોડને રીસરફેસ કરવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી લંબાઈ અને કેટલી રકમ મંજૂર કરવામાં આવી? | (૨) ૯.૦૦ કી.મી. લંબાઈ માટે રૂ. ૩૧૫.૦૦ લાખ |

---------

### આણંદ તાલુકામાં રોડને પહોળો કરવા બાબત

૨૨૮૫૯ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ આણંદ જિલ્લાના આણંદ તાલુકાના કુંજરાવ–ભીલેશ્વર ખોબલીપૂરા ઓડ રોડને પહોળો કરવાનું કામ મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી? | (૨) ૮.૦૦ કી.મી. લંબાઈ માટે રૂ. ૩૨૦.૦૦ લાખ |

---------

### બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલોના મંજૂર મહેકમ

૨૪૪૪૭ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલુ છે,

(૨) તે પૈકી તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી ખાલી છે, અને

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂરની વિગત નીચે મુજબ છે. (વિગતવાર પત્રક*૧, ૨ અને ૩ સામેલ છે.)

| હોસ્પિટલનું નામ સંખ્યા | સંવર્ગ | મંજૂર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| સરકારી હોસ્પિટલ, ડીસા તાલુકો–ડીસા | વર્ગ–૧ | ૨૧ | ૧૨ | ૦૯ |
| | વર્ગ–૨ | ૮ | ૮ | ૦ |
| | વર્ગ–૩ | ૭૬ | ૬૨ | ૧૪ |
| | વર્ગ–૪ | ૩૫ | ૩૫ | ૦ |
| સરકારી હોસ્પિટલ, થરાદ તાલુકો–થરાદ | વર્ગ–૧ | ૯ | ૭ | ૨ |
| | વર્ગ–૨ | ૬ | ૫ | ૧ |
| | વર્ગ–૩ | ૩૫ | ૨૫ | ૧૦ |
| | વર્ગ–૪ | ૨૪ | ૨૪ | ૦ |
| આદ્યશકિત જનરલ હોસ્પિટલ અંબાજી | વર્ગ–૧ | ૮ | ૪ | ૪ |
| | વર્ગ–૨ | ૬ | ૫ | ૧ |
| | વર્ગ–૩ | ૨૭ | ૧૦ | ૧૭ |
| | વર્ગ–૪ | ૨૪ | ૨૪ | ૦ |

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩)

- હોસ્પિટલો ખાતે વર્ગ–૧ની ખાલી જગ્યાઓ ભરવા ગુજરાત જાહેર સેવા આયોગને માંગણાપત્રક મોકલી આપવામાં આવેલ છે તથા આયોગ દ્વારા તા.૧૫–૭–૨૦૧૯ના રોજ કુલ–૧૪૯૩ તબીબી અધિકારી વર્ગ–૨ની સીધી ભરતીથી ખાલી જગ્યાઓ ભરવા માટેની જાહેરાત પ્રસિદ્ધ થયેલ છે. જે અન્વયે

પસંદગી પામેલ ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવે છે.

- હોસ્પિટલ ખાતે વર્ગ–૧ તજજ્ઞોની જગ્યા ભરવા માટે દર સોમવારે તેમજ તબીબી અધિકારી વર્ગ–૨ ની જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક–ઈન–ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવામાં આવે છે.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ગાંધીનગર દ્વારા સરકારી મેડીકલ કોલેજોમાંથી એમ.બી.બી.એસ. તથા એમ.ડી. પૂર્ણ કરેલ ઉમેદવારોને ત્રણ વર્ષ માટે બોન્ડેડ તબીબી અધિકારી વર્ગ–૨ અને બોન્ડેડ તજજ્ઞ વર્ગ–૧ તરીકે નિમણૂક આપવાની કાર્યવાહી કરવામાં આવે છે.
- વર્ગ–૧ની અધિક્ષક, નિવાસી તબીબી અધિકારી તથા વર્ગ–૨ની વહીવટી અધિકારીની જગ્યાઓ તેમજ વર્ગ–૩ની નર્સીંગ, પેરા મેડીકલ, ટેકનીકલ તેમજ અન્ય વહીવટી સંવર્ગની જગ્યાઓ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી સીધી ભરતી/બઢતીથી ભરવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

## આણંદ જિલ્લામાં રસ્તાઓનું સમારકામ

*૨૪૫૬૧ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં માર્ગ અને મકાન રાજ્ય હસ્તકના સબડીવીઝનવાર કેટલા રસ્તાઓ નવા બનાવવા અને મરામત માટે કેટલા ખર્ચે મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તાના કામો પૂર્ણ થયા અને કયા કામો પ્રગતિમાં છે, અને

**જવાબ**

(૧) અને (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય વિભાગમાં આણંદ જિલ્લામાં સબડીવીઝનવાર નવા રસ્તાઓ તેમજ મરામત માટે મંજૂર કરેલ ખર્ચ વાળા રસ્તાઓ

| સબડીવીઝન | વર્ષ | કામો | મંજૂર | પૂર્ણ | પ્રગતિ | મંજૂરીની રકમ રૂ.લાખમાં |
|---|---|---|---|---|---|---|
| આણંદ | ૨૦૧૮ | નવા રસ્તા | – | – | – | – |
| | | મરામત | ૩ | ૩ | – | ૪૮૭.૫૮ |
| | ૨૦૧૯ | નવા રસ્તા | – | – | – | – |
| | | મરામત | ૧૫ | ૧૦ | ૫ | ૩૨૮૧.૮૮ |
| ખંભાત | ૨૦૧૮ | નવા રસ્તા | – | – | – | – |
| | | મરામત | ૪ | ૧ | ૩ | ૩૨૦.૪૭ |
| | ૨૦૧૯ | નવા રસ્તા | – | – | – | – |

(૩) ઉક્ત શરૂ થયેલ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) બનતી ત્વરાએ.

## મોરબી અને માળીયા તાલુકાના રસ્તાઓની મરામત

૨૪૫૦૭ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ મોરબી અને માળીયા તાલુકામાં વર્ષ ૨૦૧૯નાં ચોમાસામાં અતિવૃષ્ટિનાં કારણે કેટલા રસ્તા, નાળા/પુલિયાને નુકસાન થયું છે, અને

**જવાબ**

(૧) અને (૨) ઉક્ત સ્થિતિએ મોરબી અને માળિયા તાલુકામાં અતિવૃષ્ટિનાં કારણે ૧૩ રસ્તા તથા ૩૦ નાળા/પુલિયાને નુકસાન થયેલ છે. નુકસાન પામેલ તમામ રસ્તા તથા નાળા/પુલિયાને જરૂરી

(૨) તે અન્વયે ઉક્ત મરામત કામગીરી ક્યારે શરૂ કરવામાં આવશે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે.

વધુ નુકસાન પામેલ ૭ રસ્તાઓના રિસરફેસિંગનું કામ મંજૂર કરવામાં આવેલ છે. જે વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## મહેસાણા શહેર/જિલ્લાની હોસ્પિટલોમાં ઘાયલોને સારવાર આપવાનો ઈન્કાર

૨૪૪૬૨ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અકસ્માતના કિસ્સામાં ઘાયલોને સમયસર સારવાર મળી રહે તે માટે રૂ.૫૦ હજાર સુધીની સહાય નજીકની કોઈપણ હોસ્પિટલે આપવાની રહેશે તેવી સરકારની નીતિ અન્વયે મહેસાણા શહેર/જિલ્લામાં કઈ હોસ્પિટલોમાં કેટલા ઘાયલોએ સારવાર લીધી,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર, હોસ્પિટલવાર કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩) ખાનગી હોસ્પિટલો આવા કિસ્સામાં ઉક્ત યોજના હેઠળ સારવાર આપવાની મનાઈ ફરમાવે છે તેવી ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ?

**જવાબ**

(૧) કુલ–૧૫ હોસ્પિટલમાં
વર્ષ–૨૦૧૮–૭૯ દર્દી
વર્ષ–૨૦૧૯–૨૨૫ દર્દીઓએ સારવાર લીધી.
**પત્રક–અ** સામેલ છે.

(૨) વર્ષ–૨૦૧૮માં રૂ.૧૬,૪૯,૧૭૯/–
વર્ષ–૨૦૧૯માં રૂ.૪૭,૩૮,૭૪૨/–ની સહાય ચૂકવવામાં આવી. **પત્રક–અ** સામેલ છે.

(૩) કોઈ ફરીયાદ મળેલ નથી.

**પત્રક–અ**

| **મહેસાણા શહેર/જિલ્લાની હોસ્પિટલોમાં ઘાયલોને સારવાર આપવા ઈન્કાર વિધાનસભા તારાંકિત પ્રશ્ન–૨૪૪૬૨** | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | **તા.૧૮–૦૫–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૮ સુધી** | | | | **તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯ સુધી** | | | |
| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **હોસ્પિટલનું નામ** | **કુલ ક્લેમ્સ** | **કુલ ક્લેમ્સ રકમ** | **ચૂકવેલ ક્લેમ્સ** | **ચૂકવેલ ક્લેમ્સ રકમ** | **કુલ ક્લેમ્સ** | **કુલ ક્લેમ્સ રકમ** | **ચૂકવેલ ક્લેમ્સ** | **ચૂકવેલ ક્લેમ્સ રકમ** |
| ૧ | મહેસાણા | લાયન્સ જનરલ હોસ્પિટલ | ૪૩ | ૮૦૮૭૦૭ | ૪૩ | ૮૦૮૭૦૭ | ૯૦ | ૨૧૭૨૫૦૭ | ૯૦ | ૨૧૪૪૫૦૪ |
| ૨ | | ઓર્થો પ્લસ ઓર્થોપેડિક | ૧૧ | ૪૪૭૫૦૦ | ૧૧ | ૪૪૭૫૦૦ | ૨૨ | ૮૯૦૫૦૦ | ૨૨ | ૮૯૦૫૦૦ |
| ૩ | | શંકુઝ મેડીસીટી હોસ્પિટલ | ૧૭ | ૧૭૦૨૨૨ | ૧૭ | ૧૭૦૨૨૨ | ૯ | ૧૪૧૭૬૯ | ૯ | ૧૪૧૭૬૯ |
| ૪ | | ભરત હોસ્પિટલ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૩ | ૩૯૮૨૫૦ | ૧૨ | ૩૫૮૦૦૦ |
| ૫ | | હોપ સ્પાઈન & જોઈન્ટ કલીનીક સુપર સ્પેશ્યાલિટી ઓર્થોપેડીક હોસ્પિટલ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૬ | ૬૧૦૭૫૦ | ૧૬ | ૬૧૦૭૫૦ |
| ૬ | | નૂતન જનરલ હોસ્પિટલ | ૩ | ૧૨૦૭૫૦ | ૩ | ૧૨૦૭૫૦ | ૬૭ | ૫૦૦૪૬૬ | ૨૮ | ૩૭૫૨૧૯ |
| ૭ | | નવસર્જન ઓરલ એન્ડ મેક્સિલોફેસિઅલ સર્જરી સેન્ટર | ૧ | ૪૦૨૫૦ | ૧ | ૪૦૨૫૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | | સામવેદ આઈ સી યુ હોસ્પિટલ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૯૦૨૫૦ | ૨ | ૯૦૨૫૦ |
| ૯ | | અભય ઓર્થોપેડીક હોસ્પિટલ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૪૭૨૫૦ | ૧ | ૪૭૨૫૦ |
| ૧૦ | | સ્વામી રામાનંદ સરસ્વતી ટ્રસ્ટ | ૨ | ૫૦૦૦ | ૨ | ૫૦૦૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | | માં ઉમા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ, ઉંઝા | ૧ | ૪૦૨૫૦ | ૧ | ૪૦૨૫૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | | આસ્થા આઈ સી યુ હોસ્પિટલ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૫૧૫૦૦ | ૦ | ૦ |
| ૧૩ | | જય ઓર્થોપેડીક હોસ્પિટલ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૪૦૨૫૦ | ૧ | ૪૦૨૫૦ |
| ૧૪ | | જનરલ હોસ્પિટલ, મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૮૦૫૦૦ | ૧ | ૪૦૨૫૦ |
| ૧૫ | | ઉપાસના કીડની હોસ્પિટલ | ૧ | ૧૬૫૦૦ | ૧ | ૧૬૫૦૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | **કુલ** | **૭૯** | **૧૬૪૯૧૭૯** | **૭૯** | **૧૬૪૯૧૭૯** | **૨૨૫** | **૫૦૨૩૯૯૨** | **૧૮૨** | **૪૭૩૮૭૪૨** |

---------

## પોઇન્ટ ઓફ કલેરીફીકેશન

## ટેબ્લેટ ખરીદી અંગે

શ્રી પરેશ ધાનાણી(વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૭મી તારીખે વિધાનસભા ગૃહ પ્રશ્નોત્તરીમાં સરકારે ખરીદેલા ટેબ્લેટને અનુલક્ષીને જે કાંઇ રજૂઆત કરી હતી. ગઇ ૨૭મી તારીખે તારાંકિત પ્રશ્નોત્તરીમાં ઉદભવેલા પેટા પ્રશ્નમાં સરકારે જે ૩ લાખ કરતા વધુ લેનોવો ટેબ્લેટ ખરીદ્યા છે એને અનુલક્ષીને મેં ગૃહ સમક્ષ રજૂઆત કરી હતી. ત્યારે પણ મેં ફલોરમાં કીધું હતું કે આ સરકાર જે લેનોવો ટેબ્લેટ ૬૬૬૭ રૂપિયા ચૂકવીને ખરીદી રહી છે. અલીબાબા ડોટ કોમ વેબસાઇટ ઉપર ઓન લાઇન એ મોડલ ૧૪૦૮ રૂપિયા સમથીંગ ભાવથી ઉપલબ્ધ થાય છે. માનનીય ગૃહના નેતાએ પણ એના ફીચર્સને લઇને આમાં વિસ્તૃત વાત કરી હતી અને ત્યારે પણ મેં કીધું હતું કે વધુ ભાવ ચૂકવવાથી ૧૬૪ કરોડ રૂપિયા બારોબાર વધારાના ચૂકવાયા છે. આની મંત્રીશ્રી તપાસ કરાવવા માંગે છે કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે ઓફિશિયલ જે કાંઇ સ્ક્રીપ્ટ હતી એ છે અને મેં ત્યારે પણ કીધું હતું કે મારો સરકાર ઉપર કોઇ આરોપ નથી, રખેને કાંઇ ચૂક થતી હોય તો. માનનીય મુખ્યમંત્રીશ્રીએ વિસ્તૃત સ્પષ્ટતા કર્યા પછી ગૃહના નેતાએ કીધું હતું કે કાંઇ ગેરસમજ થતી હોય તો સમય આપવામાં આવે. ફીચર્સને લઇને કયાંય ચર્ચા થઇ ત્યારે પણ મેં રેકર્ડ ઉપર એ વાતને કીધી હતી કે ટેકનોલોજી જે ફીચર્સ આપ્યા છે કદાચ મને ખબર ન હોય, સરકારને વિશેષ ખબર હશે આ સંદર્ભની સાથે માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજીએ આ ગૃહ સમક્ષ જે પ્રશ્ન ઉઠાવ્યો હતો અને વિરોધપક્ષના નેતા તરીકે મારી ફરજ પણ બને કે કયાંક ચૂક થઇ હોય તો એટલી સ્પષ્ટતા થવી જોઇએ. ભારત સરકારના વર્ષ ૨૦૧૭ના ગવર્નમેન્ટ રીઝોલ્યુશન નં.૧૪૯ મુજબ સરકારની કોઇપણ, માફ કરજો, આપની અનુમતિથી(આ તબકકે માનનીય અધ્યક્ષશ્રીને અને માનનીય મંત્રીશ્રીને રીઝોલ્યુશનની કોપી આપવામાં આવી) માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૭ના ભારત સરકારના રીઝોલ્યુશન નં.૧૪૯ મુજબ સરકારની કોઇપણ ખરીદી ગવર્નમેન્ટ ઇ માર્કેટ એટલે કે જી.એમ. પોર્ટલ ઉપરથી કરવાનો ભારત સરકારે દરેક રાજયને આદેશ કર્યો હતો. ભારત સરકારના આદેશ અન્વયે ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૪-૧૦-૨૦૧૭ના ઠરાવથી રાજયના વહીવટી વિભાગો, ખાતાના વહીવટી વડાઓ તેમજ જિલ્લા, તાલુકા કચેરીઓ, જિલ્લા, તાલુકા પંચાયત અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ દ્વારા થતી ખરીદી ગવર્નમેન્ટ ઇ માર્કેટ એટલે કે જી.એમ. પોર્ટલ મારફત જ કરાવવા માટે ઠરાવ પણ બહાર પાડયો હતો. જે સૂચિત ખરીદી કરવામાં આવી છે એ જી.એમ.માંથી ખરીદી કરવાના બદલે રાજય સરકારે જી.આઇ.એલ. ગુજરાત...

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આમાં આટલો સમય જાય એ પોસાય નહીં એટલા માટે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે સ્પષ્ટતા કરવાની છે.

અધ્યક્ષશ્રી :નહીં, આમાં આટલી જ સ્પષ્ટતા હોય કે આ ખરું છે કે ખોટું છે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એ જ આપું છું.

શ્રી વિજયકુમાર રૂપાણી : સાહેબ, એક મિનિટ, મૂળ આપનો જવાબ એટલો જ જોઇએ છે અમારે કે તમે જે ૧૪૦૦ રૂ.ની વાત કરો છો એ સાચું છે કે ખોટું છે? અમને શેની શિખામણ આપે છે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતાશ્રી, મેં નકલ મોકલી છે. સાહેબ, મેં આપને નકલ મોકલી છે.

## પોઇન્ટ ઓફ કલેરીફીકેશન

શ્રી વિજયકુમાર રૂપાણીઃ માનનીય અધ્યક્ષશ્રી, ના, ના, સીધી વાત ૧૪૦૦ રૂપિયામાં તમે કહો છો એ વાત સાચી હોય તો અમે જવાબદાર છીએ. રૂપિયા ૧૪૦૦ની વાતની માફી માંગવી પડે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેં નકલ મોકલી છે માનનીય સ્પીકર સાહેબને, મંત્રી સાહેબને નકલ મોકલી છે. મને સાંભળો તો ખરા.

શ્રી વિજયકુમાર રૂપાણીઃ માનનીય અધ્યક્ષશ્રી, આ ખુલાસો નથી. ખુલાસો એટલો જ જોઇએ છે ૧૪૦૦ રૂપિયામાં ટેબ્લેટ મળે છે અને તમે રૂપિયા ૬૦૦૦માં આપો છો. આ બાબતનો ખુલાસો જોઇએ છે.

શ્રી પરેશ ધાનાણી : સાહેબ, સાંભળો તો ખરા, હું એ જ કરવા માગું છું.

અધ્યક્ષશ્રી : એક બાજુ ગૃહના નેતા છે આ બાજુ વિપક્ષના નેતા છે. વાત થવા દો બે જણા વચ્ચે. એકએક કરીને બોલીએ. માનનીય પરેશભાઇ, બે મિનિટ બેસી જાવ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, તે દિવસે એટલું જ બાકી રહ્યું હતું કે ૧૪૦૮ રૂપિયામાં આખું ટેબ્લેટ મળે કે નહીં? એમેણે કહ્યું હતું કે ૧૪૦૮ રૂપિયામાં મળે. મેં કહ્યું હતું કે ૧૪૦૮ રૂપિયામાં રીપ્લેસમેન્ટ પાર્ટ મળે આખું ટેબ્લેટ મળે નહીં આ મારો જવાબ હતો. પછી એમણે કહ્યું કે મને થોડો સમય આપવામાં આવે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને આપે સમય આપ્યો હતો. આજે એટલો જ ખુલાસો કરવાનો છે કે ૧૪૦૮ રૂપિયામાં ટેબ્લેટ મળે છે કે નથી મળતું? નથી મળતું તો તેમના આક્ષેપ પાછા ખેંચે અને માફી માગે. આટલો જ પ્રશ્ન છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આમાં બાપુ સાહેબ, હું બહુ સકારાત્મક છું. કયાંય ગેરસમજ ન થવી જોઇએ. આપને જે મેં નકલ આપી છે. આ સરકારે જે ટેન્ડર ઇન્વાઇટ કર્યું હતું તેની ઓફિશિયલ નકલ છે. આધાર પુરાવા સાથે છે. જે ચૂક થઇ છે તે હું સ્વીકારીશ.

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, બીજી કોઇ વાત સાંભળવી નથી. એના સિવાય બીજી કોઇ વાત સાંભળવી નથી. આક્ષેપ સાચો છે(અંતરાય)આક્ષેપ ખોટો હોય તો પાછો ખેંચે. બીજી કોઇ વાત ન હોય.(અંતરાય) અલીબાબાની વાતનો જવાબ આપે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપને મેં સાંભળ્યા છે અને હવે મને સાંભળવો પડે. મળે છે. મળે છે. તમે લીધું એનાથી સસ્તું મળે છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ બેસી જાઓ.

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, અલીબાબાની વાતનો જવાબ આપે. પ્રોસિજરની ચર્ચા જ નથી. એક જ વાતનો જવાબ જોઇશે. આ પ્રોસિજરની કોઇ ચર્ચા નથી.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, બેસી જાઓ, પ્લીઝ, આપ બેસી જાઓ(અંતરાય) માનનીય અમિતભાઇ, પ્લીઝ બેસી જાઓ. માનનીય બળદેવભાઇ, પ્લીઝ. આપણે કોઇ ઉભા નહિ થઇએ. એકસરખી વાત ચાલી રહી છે. સાંભળીએ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા ઉશ્કેરવાની વાત કરે છે.

અધ્યક્ષશ્રી : આમાં ઉશ્કેરવાની વાત નથી. પ્લીઝ, બેસી જાઓ. હવે આને શું કહેવાય? માનનીય પુંજાભાઇ આને શું કહેવાય? બેસી જાઓ. આપ બધા બેસી જાઓ. આપના નેતા ઉભા છે. પ્લીઝ, બેસી જાઓ. ગૃહના નેતાશ્રી ઉભા છે. પ્લીઝ, બેસી જાઓ. આપ પણ બેસી જાઓ. શેના માટે ઉભા છો? માનનીય બળદેવભાઇ પ્લીઝ, માનનીય પરેશભાઇ, અત્યારે આટલી જ વાતનો પહેલા ખુલાસો ટૂંકમાં કરી દો. આપે જે કહ્યું તે સાચું છે કે સરકારની વાત સાચી છે? ખુલાસો એના પૂરતો જ છે. એનાથી વધારે કોઇ વાત રેકર્ડ ઉપર જશે નહિ. હું આ બાબતે બહું સ્પષ્ટ છું.(અંતરાય) એ બધું આપ્યું.

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમે કીધી છે. જવાબમાં દીધી છે. ચર્ચા એની નથી. સાહેબ. સવાલ ૧૪૦૦ રૂપિયામાં મળતું હોય તો શ્રી પરેશભાઇ વાત કરે. ન મળતું હોય તો સવાલ નથી.(અંતરાય).

અધ્યક્ષશ્રી : આપણે ગૃહની અંદર બધા જવાબદાર સભ્યો છીએ. એક જવાબદાર ધારાસભ્ય અને લોકપ્રતિનિધિ તરીકે વર્તીએ. પ્રમાણિકતાથી આટલો જ ટૂંકો પ્રશ્ન છે. આ પ્રશ્નમાં ગેરસમજ કોઇની પણ થઇ શકે. પણ બીજી બધી લાંબી વાત ન હોય. આપ ટૂંકી વાતમાં કહો કે આટલામાં ટેબ્લેટ મળે કે ના મળે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ મારી ગોળીની વાત આવે તો કાઢી નાખજો. હું ટેબ્લેટને સંબંધિત..

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન પુરતી જ વાત છે. આમાં ચર્ચા, ભાષણ ન હોય. આમાં ચર્ચાનો કોઇ અવકાશ નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે ટેબ્લેટ ખરીદ્યું છે તેની વાત કરું છું. ગોળી નથી પાતો. ટેબ્લેટની જ વાત કરું છું.

અધ્યક્ષશ્રી : બીજી કોઇ ચર્ચા નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, બીજી ચર્ચા હોય જ નહીં.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, હું કોઇને બોલવા દેવા માગતો નથી. આ ચર્ચાનું કલોઝર આપું છું. આપ ખુલાસો આપી શકતા નથી. પ્લીઝ, આપ બેસી જાઓ.(અંતરાય)(ટ્રેઝરી બેન્ચ, શાસકપક્ષ અને વિરોધપક્ષના બધા જ સભ્યશ્રીઓ ઉભા થઇ જતાં) આમાં ન હોય. તમારી પાસે કોઇ ખુલાસો નથી એનો અર્થ એવો થયો. આમાં ન હોય(અંતરાય) આમાં

## પોઇન્ટ ઓફ કલેરીફીકેશન

સત્તાધારી પક્ષને મારી વિનંતી છે કે તમે શા માટે ઉભા થાઓ છો? તમે સાચા છો? તો તમે બેસી જાઓ. તમે સાચા છો? તો તમે બેસી જાઓ. તમે સાચા હોવ તો તમે બેસી જાઓ. તમે સાચા છો? તો બેસી જાઓ. શ્રી પંડયાજી, બેસી જાઓ, પ્લીઝ, પ્લીઝ તમે સાચા છો ને તો બેસી જાઓ પછી. જે સાચા હોય તે બેસી જાય, જે સાચા હોય તે બેસી જાય (અંતરાય) માનનીય બંને લલીતભાઇ, શેના માટે બોલો છો? ખોટી વાતમાં જોર વધારે આવે, તમે બેસો શાંતિથી. તમે સાચા છો ને તો બેસોને.(આ તબક્કે ટ્રેઝરી બેન્ચ, શાસકપક્ષ અને વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ બેસી ગયા.)

શ્રી શૈલેષ  મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીની માફી માગવાની વાત છે. માનનીય વિપક્ષના નેતાશ્રી જ્યારે ગૃહની અંદર માફી માગવી કે નહીં તેની જે સ્પષ્ટતા કરી રહ્યા છે અને પછી સરકારને એમ લાગે સાહેબ, એવું ન હોય (અંતરાય) સરકારની સાથે વિધાનસભાગૃહની વાત છે. સરકારને એમની વાતની સ્પષ્ટતામાં કંઇક લાગતું હોય અને પછી પ્રશ્ન ઉભો કરે તો બરાબર છે પણ વિપક્ષના નેતાને તમે માફી માગવાની વાત કરો છો અને તેઓ જવાબ રજૂ ન કરી શકે એ વાત અયોગ્ય છે.

અધ્યક્ષશ્રી : મારી ગૃહને વિનંતી છે કે, એમણે જે કંઇ લેખીતમાં આપવું હોય તે અધ્યક્ષને આપી દે આ એક વાત. તમે નક્કી કરશો?  કાં તો અધ્યક્ષને આપી દે કાં તો (અંતરાય) તે શ્રદ્ધા તમારે રાખવી પડે, કાં તો આપ ટૂંકમાં કહી દો કે આટલી કિમતમાં આ મળે કે ન મળે? બસ વાત પૂરી થઇ જાય. પછી તેના એક્સપ્લેશન આપવા હશે તો આપીશું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ચર્ચામાં તેમણે પ્રોસિજર ચેલેન્જ નથી કરી. જો પ્રોસિજર ચેલેન્જ કરી હોત તો તેની સ્પષ્ટતાની જરૂર હતી. તેમણે માત્ર કિમત ચેલેન્જ કરી છે. એટલે અમારી ચેલેન્જ હતી તે સાબિત કરીને બતાવે... whether it can be 1408 rupees or...

અધ્યક્ષશ્રી : બહુ ટૂંકો પ્રશ્ન છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ  મ. ચુડાસમા : તેમણે પ્રોસિજર ચેલેન્જ કરી નથી.

અધ્યક્ષશ્રી : તમે આમાં કયાંય ચિત્રમાં પણ આવતા નથી. આમાં માત્ર ત્રણ જ લોકો છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એ છે કે, તેમણે પ્રોસિજર ચેલેન્જ કરી નથી. એટલા માટે...

અધ્યક્ષશ્રી : પ્રોસિજરની આમાં કયાંય વાત આવતી જ નથી. પ્રોસિજરની વાત નથી તે આપણે બધા જ જાણીએ છીએ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રોસિજરની સ્પષ્ટતા કરવા માગે છે એટલા માટે હું કહું છું.

અધ્યક્ષશ્રી : માનનીય વિપક્ષના નેતાને આગ્રહભરી વિનંતી કરું છું, હમણાં માફીની વાત રહેવા દો. મંત્રીશ્રી બેઠા છે તે કહેશે જે વાત થઇ છે તે. તેમણે કહ્યું છે કે હું માફી માગીશ. તેમણે પોતે કહ્યું છે અને માફી માગવામાં તે કોઇ શેહશરમ નહીં રાખે. મૂળ વાત એ છે. માનનીય પરેશભાઇ, આ પ્રશ્ન ટૂંકમાં ઉકલે તેનો રસ્તો આ જ છે કે પહેલાં એકવાર આપ કહી દો કે આપે જે સ્ટેટમેન્ટ તે દિવસે કર્યું અને જે સનસનાટી બધા છાપાઓમાં આવી, મીડિયામાં આવી અને એવું લાગ્યું કે સરકારમાં કોઇ મોટી ગરબડ આની અંદર થઇ ગઇ છે. એટલે પહેલા આ વાતની સ્પષ્ટતા થાય પછી બીજી વાત માટે હું પરમિશન આપીશ. પહેલાં આપ આટલું કહો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતા અને મંત્રીશ્રીએ મને સાંભળ્યો હોત તો તેમની છાતી ગદગદ ફૂલત. એટલા માટે.....

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારે નથી ફૂલાવવી!

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, ફરીવાર વિનંતી કરું...

શ્રી પરેશ ધાનાણી : વિધાનસભામાં પણ...

અધ્યક્ષશ્રી : આપ શોર્ટમાં કહી દો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભામાં પણ આ વાતને મેં દોહરાવી હતી કે રખેને મેં કીધું એમાં મારી કોઇ ચૂક થઇ હોય....

અધ્યક્ષશ્રી : તો ચૂક થઇ હોય તો કહી દો ને કે ચૂક થઇ છે.

શ્રી પરેશ ધાનાણી : નથી થઇ.

અધ્યક્ષશ્રી : નથી થઇ? ચૂક નથી થઇ એમ કહે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતાએ ફલોર પર સ્પેશિફિકેશન આપ્યું હતું કે, આ પ્રકારના ટેબ્લેટ ખરીદવા માટેનું અમે ટેન્ડર બહાર પાડયું છે. સાત–આઠ કંપનીઓએ આ ટેન્ડર કોટ કર્યા હતા. આ વર્બેલ મારી પાસે છે.

અધ્યક્ષશ્રી : અત્યારે તે વાત નથી. અલીબાબા ડોટ કોમ પર આટલામાં મળે છે તેવું કંઇ હોય તો બતાવો, હમણાં જ હું સરકારનો જવાબ લઉં.

ફાલ્ગુન ૧૩, ૧૯૪૧ શાકે

પોઇન્ટ ઓફ કલેરીફીકેશન

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અલીબાબા ડોટકોમ વેબસાઇટ ઉપર જે સરકારે લેનોવા ટેબ્લેટ ખરીદયું એનું મોડેલ હતું TB7504X. મારી ભૂલ ન થતી હોય તો બાપુશ્રી, આ જ ટેબ્લેટ હતું અને આનું જે સ્પેસિફિકેશન છે આ લેનોવા પણ ચાઇનાની કંપની છે. એવું જ PC FT 6753 ૩૨૮૫ રૂપિયામાં મળે છે.

અધ્યક્ષશ્રી : બીજાની વાત જ નથી. સરકારે જે ખરીદેલું છે, તમે જે અલીબાબા ડોટકોમ ઉપર બતાવતા હતા, માનનીય પરેશભાઇ, આપ ટૂંકમાં જ કહો કે તમે જે અલીબાબા ડોટકોમની વાત કરતા હતા એ આખા પી.સી. માટે હતી કે એના કોઇ એક પાર્ટ્સ માટે હતી?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ વાત પર આવતો હતો. (અંતરાય) આ મૂળ મુદ્દા ઉપર લેનોવાની સ્પષ્ટતામાં આવું છું, મૂળ મુદા ઉપર આવું છું. જે તે સમયે મારી પાસે જે જાણકારી હતી એ માનનીય મંત્રીશ્રીને મોકલી હતી.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, એક મિનિટ, મારે મંત્રીશ્રીને પણ સાંભળવા છે. પ્લીઝ, બે મિનિટ બેસી જાવ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ અત્યારે જે માનનીય પરેશભાઇ જે વર્ણન કરે છે એ ક્યારે જરૂર હોય, જે તે વખતે જો એમણે સ્પેસિફિકેશન ચેલેન્જ કર્યા હતા? ના, પ્રોસિઝર ચેલેન્જ કરી હતી? ના. માત્ર ચેલેન્જ કર્યો છે એ ભાવ ચેલેન્જ કર્યો છે. તો જે કાંઇ સ્પષ્ટતા કરવી હોય તે ભાવ માટે જ કરે. બાકી તો જે કાંઇ પ્રોસિઝર કરી એ હું વર્ણન કરી ગયો છું અને બધી જ બાબતોનું વર્ણન અમે કરેલ છે, અમે સ્પષ્ટતા કરી, બીજે દિવસે પણ કરી, ત્રીજે દિવસે પણ કરી અને મીડિયામાં પણ કરી કે, સ્પેરપાર્ટ્સ, સ્પેસિફિકેશન, બધું જ અમે કહ્યું છે તો અત્યારે એમનો જવાબ છે એ પ્રોસિઝરનો કે સ્પેસિફિકેશનનો આપવાનો છે જ નહીં. એ બધું વર્ણન કરવાની જરૂર છે જ નહીં. એમણે જે વાતની ચેલેન્જ કરી હતી અને જે આક્ષેપ કર્યો હતો એ આક્ષેપ પૂરતો જ એ જવાબ આપે.

અધ્યક્ષશ્રી : આમાં કોઇ ચર્ચાને અવકાશ નથી. મારું સ્પષ્ટ મંતવ્ય છે કે સરકારની સામે જે આક્ષેપ થયેલો એ આક્ષેપનો આમાં કોઇ ખુલાસો આવતો નથી એટલે હવે આગળ આની કોઇ ચર્ચા હું કરવા દેતો નથી. વી ગો નેક્સ્ટ, પ્લીઝ, વી ગો નેક્સ્ટ. (અંતરાય) મેં આપને કહ્યું કે આપ લેખિતમાં આપો, આપવા માટેની આપ ના પાડો છો, જે આપે આપ્યું છે એ ઓન ફ્લોર ન કહેવાય.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને સાંભળો, માનનીય પરેશભાઇ, મને માનનીય અધ્યક્ષશ્રીએ તક આપી છે, આપ બેસો, પ્લીઝ. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભૂપેન્દ્રસિંહજીએ ખૂબ સાચું કહ્યું, આપે પણ કહ્યું. એ દિવસે ફક્ત કિંમત અંગે સરકારે ખરીદેલી કિંમત ઉંચી છે અને અલીબાબા ઉપર સસ્તામાં મળે છે, કરોડોનો ભ્રષ્ટાચાર થયો છે. આપે સાહેબ, સાચું કહ્યું કે બીજા દિવસે છાપાઓમાં આવ્યું અને અહીંથી નીકળીને તુરત જ શ્રી પરેશભાઇએ અને બીજા કોંગ્રેસના મિત્રોએ નીચે મીડિયામાં માઇકોનો મારો ચલાવ્યો કે જાણે અમારી સરકારે કરોડો કરોડો રૂપિયાની ગેરરીતિ કરી ભ્રષ્ટાચાર કર્યો હોય (અંતરાય) શ્રી પરેશભાઇ, હું તમને વચ્ચે ખલેલ કરતો નથી. શ્રી પરેશભાઇ, હું તમને જયારે તમે બોલતા હોય ત્યારે ખલેલ નથી કરતો, માટે હું બોલી લઉં પછી બોલજો અને સાહેબ તક આપે તો બોલજો હું બેસીસ. સાહેબ તક આપે તો બોલજો પણ અત્યારે મને મારી વાત કહેવા દો. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલે પણ જયારે આ વિષય નીકળ્યો, હું બધાને યાદ કરાવું કે માનનીય પરેશભાઇએ ત્યારે એમ કહ્યું કે, મારે આ બધી માહિતી મેળવવાનું અને એકત્ર કરવાનું ચાલુ છે અને મને મારી બેક ઓફીસમાંથી બધી માહિતી મળે એટલે હું ખુલાસો કરીશ અને મારી ભૂલ હશે તો માફી માગીશ. એ વખતે પણ મેં એમને કહ્યું હતું કે કોઇ કાગળીયું આપે એ કોઇ પકડી ન લેતા. એવું મેં એમને કહ્યું હતું, આ કોઇકનું કાગળીયું પકડી અને ખોટો આક્ષેપ કર્યો. હવે સાહેબ, આપ એમ કહો છો કે એ વાત લંબાવે છે એટલે વિષય પૂરો કરો. અમારી સરકાર પક્ષની એવી લાગણી છે કે આ વિષય પૂરો ન થાય, એ માફી માગે અને કદાચ જો ના માગે તો ગૃહ તરફથી જાહેરમાં સન્માનનીય ગૃહમાં *(xxx) આપે ઠપકો આપવો જોઇએ એવી મારી દરખાસ્ત છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મૂળ મુદ્દાને વળગીને મારે સ્પષ્ટતા તરફ આગળ વધવું છે.

અધ્યક્ષશ્રી : આપ એ વાત ઉપર અટલ છો કે તમે જે કહેલું એ દિવસનું એ સાચું જ છે? એના માટે આજે પણ તમે અટલ છો? આજે પણ એ વાતમાં અટલ છો? (અંતરાય) મને પહેલાં એ તો કહો.

શ્રી પરેશ ધાનાણી : હા, સાહેબ, મારી એ વાતમાં હું અટલ છું.

અધ્યક્ષશ્રી : તમે તે દિવસે જે કહેલું એટલામાં જ મળે છે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એમાં થોડુંક કરેક્શન છે, મેં રૂપિયા ૧૬૨ કરોડ કહ્યા હતા એના બદલે ૫૧ કરોડ, ૬૧ લાખ, ૮૮ હજાર, ૨૧૭ રૂપિયા વધુ ચૂકવાયા છે.

અધ્યક્ષશ્રી : એ વધુ ચૂકવાયાની વાત ચાલતી નથી. વધુ ઓછાંની વાત નથી. વધુ ઓછાંની કોઇ વાત નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે જે ટેબ્લેટ ખરીદ્યા છે એ જે તે તારીખે ડોલર રેટ, એનું રૂપિયા સામે મૂલ્ય અને એનો હિસાબ કરીએ તો બાવન કરોડ રૂપિયાની વધુ ચૂકવણી થઇ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ બોલે છે તો ચારેય બાજુ બધાને ખબર પડે છે.

---

* આ શબ્દો અસંસદીય હોવાથી અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા.૩જી માર્ચ, ૨૦૨૦

પોઈન્ટ ઓફ કલેરીફીકેશન

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, તો પછી મને સ્પષ્ટતા કરવા દોને. તો પછી સ્પષ્ટતા કરવા દો ને. તમે ખાલી આરોપ લગાવીને બેસી જાઓ, સાંભળવાની તૈયારી રાખવી પડે. તમે કહો એ જ સાચું?

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, તમે કહો છો એ જ સાચું? બાકી તમારા આંકડા કહે છે,

અધ્યક્ષશ્રી : પ્લીઝ, બધા ઉભા થશો નહિ. પ્લીઝ, બધા ઉભા ન થાઓ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આજે પણ ઓનલાઇન પ્લેટફોર્મ ઉપર જે તમે ક્વોલિફિકેશન માગ્યું છે એ મળે છે અને મેં કહ્યું એ જ ભાવે મળે છે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, બધા ઉભા થશો નહિ, બધા ઉભા ન થાઓ, પ્લીઝ.

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારું એટલું જ કહેવું છે કે એમણે આ સભાગૃહમાં આ અલીબાબાની સાઇટ ઉપરનો કાગળ કાઢીને દેખાડ્યો હતો કે ૧૪૦૦ રૂપિયામાં આ ટેબ્લેટ મળે છે, આ સાઇટ તમે જોઇ લો અને અમને સાઇટ જોવાનું કહ્યું અમે એ સાઇટ ચેક કરી, એ સાઇટ ઉપર માત્ર પાર્ટસના પૈસા ૧૯ ડોલર એમાં લખેલા અને સાથે બીજું, કાગળીયું અમે જોઇને એમને આપ્યું અને કહ્યું કે આ લિનોવાનું મોડેલ ૯૯ ડોલરમાં મળે છે, શ્રી પરેશભાઇએ એમ કહ્યું કે આ બાબત મારે ચેક કરવી પડશે. શુક્રવારે કહ્યું, એમણે કહ્યું અમને થોડોક સમય આપો, આપે ચાર દિવસ સમય આપ્યો. એટલે આ કાગળનો જવાબ આપે, હવે એ લિનોવાના બીજા મોડેલ, ફલાણા મોડેલ એની વાત કરે એનો કોઇ મતલબ નથી. એમણે જે કાગળ આપ્યો અને બધાને, પ્રેસને પણ લખાવ્યું આ સાઇટ ઉપર આ ૧૪૦૦ રૂપિયામાં મળે છે તો એ ૧૪૦૦ રૂપિયામાં લઇ આવે કાં માફી માગે આટલી જ મારી વાત છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે ટેબ્લેટ ખરીદવા માટે સ્પેસિફિકેશન્સ ઇન્વાઇટ કરેલ, મોડેલ ઇન્વાઇટ કરેલ નહોતું નંબર વન. હવે જે મોડેલની ચર્ચા છે, મારે રાજકીય ટીકાટીપ્પણીમાં નથી પડવું. માનનીય મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીશ્રીએ કરેલા ખુલાસા મુજબ.. (અંતરાય) બાપુ, એક મિનિટ, ૬૬૬૭ રૂપિયા પ્રતિ ટેબલેટ લેખે..

અધ્યક્ષશ્રી : મને આમાં કોઇ ખેલદીલી દેખાતી નથી.

શ્રી પરેશ ધાનાણી : સાહેબ, બે મિનિટ મને સાંભળી લો પછી એની ટીકા કરશો, મારી વાત સાંભળો હું સ્વીકારીશ, આમાં તમારી ક્ષતિ નથી, મારી પણ ક્ષતિ નથી. મને સ્પષ્ટતા તો કરવા દો, સ્પષ્ટતા તો કરવા દો, સાહેબ, સ્પષ્ટતા તો કરવા દો,

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એક મિનિટ ભાઇ, માઇક બંધ કરો પહેલાં.

શ્રી પરેશ ધાનાણી :૩,૦૯,૬૫૧ અરજદારો માટે...

અધ્યક્ષશ્રી : એક મિનિટ, મારી વાત સાંભળી લો માનનીય પરેશભાઇ, પ્લીઝ, મારી વાત સાંભળી લો. આમાં તમે કંઇક કહ્યા કરો, ટ્રેઝરી બેન્ચમાંથી પણ વિગતો આવે, આ લંબાય એ આપણા સાથી તમામ ધારાસભ્યશ્રીઓ માટે સારું નથી દેખાતુ, ગુજરાત રાજ્યની અંદર પણ આપણું ખરાબ દેખાય છે. (અંતરાય) માનનીય પરેશભાઇ પ્લીઝ, હું એક રસ્તો કાઢું છું, આપને જે કંઇ વિગત કહેવી હોય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજીને, માનનીય નીતિનભાઇને, આપ વિગતો આપો. આપ પહેલાં ચર્ચા કરી લો અને હું આ બાબત આવતીકાલ ઉપર મુલતવી રાખું છું. નેકસ્ટ. નેકસ્ટ, તેમને આવવા દો, સમજાવવા દો. આપને કાં મને કાંઇ દરખાસ્ત મૂકો. મેં તો પહેલાં જ જાહેર કર્યું હતું કે ખુલાસો આપી શકતા નથી, મેં જાહેર કરી જ દીધું છે. મારી પાસે આમાં બીજો કોઇ ઉપાય નથી. (અંતરાય) મૂકોને, દરખાસ્ત મૂકો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપનું રક્ષણ માગું છું આપે કહ્યું તે આંખ, માથા ઉપર પણ તે દિવસે તેમણે ચેલેન્જ શું કર્યું હતું ?

અધ્યક્ષશ્રી : તેનાથી આગળ હું બોલવા નથી દેવાનો અને તેનાથી આગળ કોઇ ગૃહની વાત રેકર્ડ પર જશે પણ નહીં.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે તે દિવસે જે ચેલેન્જ નહોતું કર્યું તેની સ્પષ્ટતા કરવાની કયાં જરૂર છે.

અધ્યક્ષશ્રી : સ્પષ્ટતાની વાત આટલી જ છે કે આ ભાવમાં મળે છે, લાવો. નથી મળતું તેમાં આગળ માણસની માનવીય ભૂલ થાય, સમજણની ભૂલ થાય તો એ સ્વીકારાય તેમાં કોઇ મોટી વાત છે નહીં.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અમે મોટા મનના માણસો છીએ (અંતરાય) એ દિવસે સાહેબ શુક્રવારે કહ્યું, સોમવારે પણ કહ્યું, મુખ્યમંત્રીએ કહ્યું (અંતરાય )...

અધ્યક્ષશ્રી : તમારે ના નથી કહેવાની ભાઇ, કે આમણે હા કહેવાની નથી. આમાં ના કે હા નો કોઇ પ્રશ્ન નથી આજનું મોત કાલ ઉપર જશે જેનું પણ હશે ચાલો. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન એવો નથી કે જેથી અમને સત્તાધારી પક્ષે અમારા સન્માનનીય ધારાસભ્યશ્રીઓની કોઇ ભૂલ નથી, કોઇ ઠપકો અમે સાંભળવા તૈયાર નથી. ભૂલ એમની છે એ ખોટું બોલે છે, એમણે સરકારને બદનામ કરી છે, એમણે માફી માગવી જોઇએ આ વાત છે અને અમે તો સાચા છીએ. (અંતરાય) ખોટું એ બોલે છે આપ મંજૂરી આપો.

પોઇન્ટ ઓફ કલેરીફીકેશન

અધ્યક્ષશ્રી : આપ શું ઇચ્છો છો ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ ઇચ્છું છું કે શ્રી પરેશભાઇ ખેલદિલીપૂર્વક (અંતરાય) તો માફી માગી લો વાત પતી જાય. અમે કંઇ બોલીએ છીએ તો અમારી પણ ભૂલ થાય તો અમે સુધારી નથી લેતા? સાહેબ, આ માહિતી મેં આપી હતી તે મારી ભૂલ હતી, પૂરું થઇ ગયું. તમે શું કામ જીદ્દી બનો છો? જીદ શું કામ કરો છો ? તમે ખોટી જીદ શું કામ કરો છો ? સાહેબ, અમે કોઇ પ્રવચનમાં કે પ્રશ્નોત્તરીમાં માહિતી આપી હોય તો અમે સુધારો નથી કરતા?

અધ્યક્ષશ્રી : અરે, દિલગીરી વ્યકત કરી લો વાત પૂરી થાય.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દિલગીરી વ્યકત કરે સાહેબ, પૂરું થઇ ગયું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે પણ કહું છું (અંતરાય) તમે શ્રી નીતિનભાઇ, બે મિનિટ તો મને સાંભળ્યો હોતને...

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પણ દિલગીરી વ્યકત કરી લો પૂરું થઇ જાય.

શ્રી પરેશ ધાનાણી : અરે પણ મારી ભૂલ થાતી હોય તો દસ વખત દિલગીરી વ્યકત કરું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમારી ભૂલ જ છે.

શ્રી પરેશ ધાનાણી : પણ સાંભળો તો ખરાં.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એમાં સાંભળવાનું જ ના હોય.

શ્રી પરેશ ધાનાણી : એમ થોડું હોય, સાહેબ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : રૂપિયા ૧૪૦૦માં મળે છે એવું રેકર્ડ સાબિતી સાથે સાહેબને આપો.

શ્રી પરેશ ધાનાણી : છે, અરે આ અત્યારે આપ્યું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપોને, તો અમે બધા બહાર નીકળી અને ૧૪૦૦ રૂપિયામાં ખરીદીનો ઓર્ડર આપીએ.

અધ્યક્ષશ્રી : મને તેમણે જે રેકર્ડ ઉપર આપ્યું છે (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : ત્રણ મોડલ અને કહેલા એ ભાવથી (અંતરાય)

અધ્યક્ષશ્રી : હું રેકર્ડ ઉપર લેતો નથી જયાં સુધી...

શ્રી પરેશ ધાનાણી : અને મારે તો બાપુએ મને ઠરાવ આપ્યો તેના ઉપર સ્પષ્ટતા કરવી છે. (અંતરાય) મને બોલવા દીધો હોત તો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભૂલ થઇ ગઇ, વાત પૂરી થઇ ગઇ માફી માગી લો અને દિલગીરી વ્યકત કરી લો. શ્રી અમિતભાઇ તમે કહો, તમે કોંગ્રેસ પક્ષના પ્રમુખ છો તમારી જવાબદારી છે. તમારા પક્ષની પ્રતિષ્ઠા બચાવવાની તમારી જવાબદારી છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે પ્રશ્ન છે તેમાં અમારા માનનીય નેતાએ પણ સ્પષ્ટતા કરવા માટેની વાત કરી છે એટલે તેમના તરફથી પણ વાત થઇ છે અને આપે જયારે એક વખત રૂલીંગ આપી દીધું.

અધ્યક્ષશ્રી : ના, ના રૂલીંગ તો ઘણાં બધા આપ્યા, પહેલાં પણ રૂલીંગ આપ્યું પણ તમે કયાં બધા માનો છો?

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે એક દિવસ ચકાસણી કરી લો એમણે આપને પણ પેપર્સ આપ્યા છે તે પણ જોઇ લે અને ભૂપેન્દ્રસિંહજીને પણ કોપી આપી છે તેઓ પણ જોઇ લે. કારણ કે પૂરક માગણીઓનો આજે છેલ્લો દિવસ છે અને સભ્યશ્રીઓનો સમય ના બગડે એવું અમે પણ ઇચ્છીએ છીએ અને તમે માનો કે જે નિર્ણય કાલે કરશો તો એ બધાને સ્વીકાર્ય હશે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મેં બે વખત કહ્યું ફરી વખત કહું છું કે તેમની સ્પષ્ટતા અસ્થાને છે, સાવ અસ્થાને છે. એ ખુલાસો નથી કરી શકતા એટલા માટે એમને ઠપકો આપવો જોઇએ એવી હું દરખાસ્ત મૂકું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પરેશભાઇ, મને એલાઉ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, હું દરખાસ્ત મૂકું છું, ટેકો આપું છું કે, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ વિરોધપક્ષના નેતાશ્રીને વારંવાર કહેવા છતાં એના અંગેની હજી સુધી સ્પષ્ટતા નથી કરી તો એના અંગે હું ટેકો આપું છું.

અધ્યક્ષશ્રી : દરખાસ્ત ફરીથી રિપિટ કરો આટલા અવાજમાં મેં સાંભળીનથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા :માનનીય અધ્યક્ષશ્રી, ગુરૂવારની પ્રશ્નોત્તરી, એમાં પણ મારી સ્પષ્ટતા, શુક્રવારની (અંતરાય) એમણે જે આક્ષેપ કર્યો હતો એનો ખુલાસો કરી શકયા નથી, ગૃહને ગેરમાર્ગે દોર્યું છે અને સરકારને બદનામ કરવાનો ખોટો પ્રયાસ કર્યો છે. એનો ખુલાસો આપી શકયા નથી, એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી આપે એમને ઠપકો આપવો જોઇએ.
(ભાજપ તેરી દાદાગીરી નહીં ચલેગીના સૂત્રોચ્ચાર વિપક્ષના સભ્યશ્રીઓએ પોત પોતાના સ્થાન ઉપર ઉભા થઇ શરૂ કર્યા.)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજીએ વિપક્ષના નેતા દ્વારા જે સ્પષ્ટતા નહીં કરવાના કારણે એમને ઠપકો આપવા માટેની જે દરખાસ્ત મૂકી છે, તે દરખાસ્તને હું ટેકો આપું છું.

શ્રી પરેશ ધાનાણી : મેં આના આધાર પૂરાવા માનનીય અધ્યક્ષશ્રી સાહેબ આપને આપ્યા છે.

તા.૩જી માર્ચ, ૨૦૨૦

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપને ફરી એકવાર તક આપું છું, માનનીય પરેશભાઇ આપ, માનવીય ક્ષતિ થઇ હોય, ચૂક થઇ હોય જો તમે સ્વીકારતા હોય તો હા પાડો તો આગળ વાત ચાલે. (અંતરાય)

શ્રી શૈલેષ  મ. પરમાર : સાહેબ, મારી આપશ્રીને અને સરકારશ્રીને પણ વિનંતી છે કે જે માહિતી શ્રી પરેશભાઇ વાંચી રહ્યા છે કે અત્યારે આપી રહ્યા છે એના ડોકયુમેન્ટ આપને પણ આપેલા છે અને શ્રી ભૂપેન્દ્રસિંહજીને પણ આપેલા છે. આપ સાહેબ નિર્ણય કરી શકો છો, સાહેબ, આપ કરી શકો છો અને હું આપને વિનંતી કરું છું કે આપનો જે કંઇ નિર્ણય આવશે એ અમારા પક્ષે પણ માન્ય રહેશે. મારી સરકારશ્રીને પણ વિનંતી છે કે જે તમે ઠપકા માટેની દરખાસ્ત લાવ્યા છો તે દરખાસ્ત ન લાવો સાહેબ, અને આપ નિર્ણય લો તે અમારા માટે માન્યકર્તા હશે સાહેબ.

અધ્યક્ષશ્રી : અત્યારે ટૂંકમાં જ.

શ્રી વિજયકુમાર રૂપાણી : આના સંદર્ભમાં જ મારે કહેવું છે એટલે આ વિષયને પૂરો કરીએ. અમે તો દરખાસ્ત મૂકી છે, પરંતુ શ્રી શૈલેષભાઇએ જે વાત કરી છે. અમારી તો સાહેબ વાત એટલી જ છે કે આવતીકાલ પૂરતો આપ નિર્ણય કરો અમને વાંધો નથી. પરંતુ  માત્ર મૂળ રેકર્ડ પર એમણે જે કરેલા આક્ષપનો જ જવાબ જોઇએ છે, સાહેબ. બાકી એકેય જવાબ એમનો લેખિતમાં કે મૌખિકમાં જોઇતો નથી. એ જવાબ મુજબ કાં પોતે એને વળગી રહે ચૌદસો રૂપિયામાં ટેબ્લેટ આપે, આઇઘર માફી માગે. સાહેબ, આ જવાબ હોય તો અમારી કાલ પૂરતી તૈયારી છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, અત્યારે કોઇ ખુલાસો નથી. અત્યારે કોઇ ખુલાસો નહીં આપવા દઉં.

શ્રી પરેશ ધાનાણી : સાહેબ, મારી વાત તો સાંભળો. અરે ખાલી મને સાહેબ એક મિનિટ સાંભળો, કાલે હું ગૃહ સમક્ષ નથી એટલા માટે કહું છું કે મને દશ મિનિટ આપો તો તમે ખુશ થશો, મને સાંભળો, મને સાંભળો, મને સાંભળ્યા વગર ખાલી આરોપ લગાવીને વાત પૂરી ન કરો, મારી આપને વિનંતી છે કે આવતી કાલે હું ગૃહ સમક્ષ નથી.

શ્રી વિજયકુમાર રૂપાણી : એમણે લેખિત આપવાનું છે, એમને સાંભળવાની જરૂર નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આવતી કાલે હું ગૃહ સમક્ષ નથી એટલા માટે મારી વિનંતી છે. મને આજે દશ મિનિટ સાંભળી લો. મને મારી સ્પષ્ટતા પૂરી કરી લેવા દો.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, મેં પહેલાં જ કહ્યું કે આપને જે આ ટૂંકી બાબત છે એના પૂરતું એક જ કાગળમાં ચાર લીટીમાં મને લખીને આપી દો કે કયાં તો વળગી રહો છો, કયાં તો આપ સ્વીકારો છો, કાં સ્વીકારતા નથી. માનવીય ક્ષતિ થઇ હોય તો તમે દિલગીરી વ્યકત કરી દો. તો વાત પૂરી થાય પછી જે કહેવું હોય તેની વાત આવે, તે સિવાય કોઇ વાત સાંભળવામાં ન આવે. એ યોગ્ય પણ નથી. કારણ કે બહુ જ ટૂંકી વાત માટે તે દિવસે પ્રશ્ન ઉભો થયેલો હતો.

શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આપ એને મતદાન પર મૂકો, પણ સિનિયર સભ્યએ જે દરખાસ્ત મૂકી છે, અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉદારતાથી કહ્યું છે, અને છતાં પછી એ ટાઇમ બગાડે અને અત્યારે પ્રસ્તાવના કરે છે એનો મતલબ શું છે? શ્રી શૈલેષભાઇ, આપે કહેવું જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય ગૃહના નેતાશ્રીએ જયારે ઉદારતાપૂર્વક આ પ્રશ્નના સંદર્ભમાં વિપક્ષના નેતાશ્રી માટે લેખિતમાં જે કંઇ એમણે આપવું હોય, મને આજના દિવસમાં આપી દે. હું કાલે આ બાબત હાથ પર લઇશ.

**તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

**ખંભાત શહેરમાં તોફાનો અંગે**

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ અન્વયે નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય  મુખ્યમંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોરું છું અને તેમને તે અંગે નિવેદન કરવા વિનંતી કરું છું.

''તાજેતરમાં ખંભાત શહેરમાં અકબરપુરા સહિત અનેક વિસ્તારોમાં કોમી તોફાનો તેમજ આગચંપીના બનાવો બનતા માલ મિલકતને વ્યાપક નુકસાન થયેલ છે તેમજ ચાર જેટલા પોલીસ કર્મીઓ ઘાયલ થયેલ છે, આથી આમ જનતામાં ભય અને ગભરાટ ફેલાયેલ છે જે નિવારવા રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં''

શ્રી પ્રદિપસિંહ  ભ. જાડેજા (રા.ક.ના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૨૩/૦૨/૨૦૨૦ના રોજ ૧૩-૩૦ કલાકે આણંદ જિલ્લાના ખંભાત શહેર પોલીસ સ્ટેશન વિસ્તારનાં અકબરપુરા, મદારનગર, ભોઇ બારી, લાલ દરવાજા, પીરજપુરા, ભાવસાર વાડ, પ્રજાપતિ વાસ અને ત્રણ દરવાજા વિસ્તારમાં કોમી અથવાડમણના બનાવો બનવા પામેલ છે. તા.૨૩-૦૨-૨૦૨૦ના રોજ બપોરે ૦૧-૩૦ વાગ્યાનાં સુમારે અકબરપુરા, મદારનગર ખાતે પથ્થરો પડવાના વહેમ પર અફવા ફેલાતાં અકબરપુરામાં લોકોના ટોળાં એકત્રીત થઇ ગયેલ અને એકબીજાની વિરૂદ્ધ પથ્થરમારો કરેલ તથા આગ ચંપીના બનાવો થયેલ. જે સંબંધમાં તા.૨૩-૨-૨૦૨૦ના રોજ ૪ ગુના દાખલ કરવામાં આવ્યા છે. તા. ૨૪-૨-૨૦૨૦ના રોજ પોલીસ કોમ્બીંગ ઓપરેશન દરમિયાન કેટલાક અસામાજિક તત્વોએ ઓપરેશનમાં રોકાયેલ પોલીસ કોન્સ્ટેબલ પર હુમલો કરી પોલીસ ઉપર પથ્થરમારો કરી નાની મોટી ઇજાઓ કરી સરકારી વાહનોને નુકસાન કરેલ, જે બદલ ગુનો નોંધવામાં આવેલ છે. તા.૨૫-૦૨-૨૦૨૦ના રોજ ગવારા ટાવર પાસે આરોપીઓએ ઉશ્કેરણીજનક ભાષણો કરવા અંગે તથા ગેરકાયદેસર મંડળી

રચી મકાનો-દુકાનોમાં તોડફોડ કરી આગચંપી કરવા સંબંધમાં કુલ બે ગુનાઓ નોંધાયેલ છે. કુલ ૭ ગુનામાં એકત્ર કરવામાં આવેલ પૂરાવાઓને એફ.એસ.એલ.માં ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે.

તોફાની તત્ત્વોને કાબુમાં લેવા પોલીસ દ્વારા રબ્બર બુલેટના ૨૦ રાઉન્ડ, ટીયરગેસના ૬૦ સેલ તથા ટીયરગેસના ૧૨ હેન્ડ ગ્રેનેડનો ઉપયોગ કરેલ હતો.

નોંધાયેલ કુલ ૭ ગુનાઓમાં મકાનો, વાહનો, દુકાનો, લારી-ગલ્લા વિગેરે જેવી ખાનગી તથા જાહેર મિલકતને નુકસાન થયું છે. અકબરપુરા, મદારનગર, ભોઇ બારી, લાલ દરવાજા, પીરજપુરા, ભાવસાર વાડ, પ્રજાપતિ વાસ અને ત્રણ દરવાજા વિસ્તારમાં બનેલા બનાવોમાં પથ્થરમારો અથવા અન્ય કારણોસર કુલ ૪૧ વ્યક્તિઓને ઇજાઓ થયેલી છે. જયારે ૮ પોલીસ કર્મચારીઓ ઘવાયા છે.

આ ગુનાઓ સંબંધમાં કુલ ૧૧૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે. આરોપીઓ પાસેથી લાકડી, ચપ્પુ, ધારીયા, સળીયા, ગુપ્તી, છરા જેવા મારક હથિયારો મળી આવેલ છે.

ઘટનાની જાણ થતાં એડીશનલ ડી. જી. (લો એન્ડ ઓર્ડર), આઇ. જી. (આર્મ્ડસ યુનિટ), અમદાવાદ રેન્જના આઇ. જી., પોલીસ અધિક્ષક-ખેડા, પોલીસ અધિક્ષક-અમદાવાદ ગ્રામ્ય તથા એસ.આર.પી. કમાન્ડન્ટ તેમજ એસ.એમ.સી.ને તુર્તજ મોકલવામાં આવેલ. રાજય પોલીસ વડાએ પણ ખંભાતની મુલાકાત લઇ સ્થાનિક વહીવટી તંત્ર પાસેથી તમામ વિગતો મેળવેલ તેમજ વધારાનાં બે ગુનાઓ નોંધવા સૂચના આપેલ.

જિલ્લા પ્રશાસન અને પોલીસ દ્વારા આરોપીઓની અટક, પોલીસ એરીયા ડોમીનેશન, અસામાજિક તત્ત્વો સામે અટકાયતની કાર્વાહી, ફલેગ માર્ચ, સ્ટેટીક ડીપ્લોયમેન્ટ, ધાબાં પોઇન્ટ, કોમ્બીંગ તથા સિનિયર અધિકારીઓ દ્વારા પેટ્રોલીંગ જેવા ત્વરીત પગલાં લેવાના કારણે પરિસ્થિતિને તુર્તજ નિયંત્રણમાં લાવી શકાયેલ.

ખંભાત શહેરમાં અકબરપુરા સહિત અનેક વિસ્તારોમાં કોમી તોફાનો થતાં સ્થાનિક પોલીસ ઉપરાંત એસ.આર.પી.એફ.ની પાંચ કંપની, આર.એ.એફ.ની બે કંપની તથા ઉચ્ચ પોલીસ અધિકારીઓનો વધારાનો બંદોબસ્ત ગોઠવવામાં આવેલ હતો.

સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા દસ ફાયર ટેન્કરનો ઉપયોગ કરવામાં આવેલ તથા કાટમાળને ખસેડવાની કાર્યવાહી તુર્તજ હાથ ધરવામાં આવી હતી.

જિલ્લા પ્રશાસન અને ઉચ્ચ પોલીસ અધિકારીઓએ બન્ને સમાજના અગ્રણીઓ સાથે બેઠકો યોજી કોમી શાંતિ અને એખલાસ જળવાઇ રહે તેવા પ્રયત્નો કરેલ હતા.

આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા, વહીવટીતંત્ર દ્વારા ત્વરિત પગલાં લેવાના કારણે પરિસ્થિતિ નિયંત્રણ પર આવી ગયેલ હતી. પ્રશાસન દ્વારા લેવાયેલ વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાના પ્રયાસોના કારણે પરિસ્થિતિ ઝડપથી સામાન્ય થઇ ગયેલ છે. હાલમાં, લોકોમાં કોઇ ભયની લાગણી પ્રવર્તતી નથી.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું હિન્દીમાં પ્રશ્ન પૂછી શકું ?

અધ્યક્ષશ્રી : હા, હિન્દીમાં બોલો.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, हम आह भी भरते है तो हो जाते है बदनाम वो कत्ल भी करते है तो चर्चा नहीं होती। माननीय अध्यक्षजी, खंभात के अकबरपुरा में पिछले 11 महीने से तीन तीन बार अध्यक्षजी कौमी तुफान हुए हैं। वहाँ के आसामाजिक तत्वों ने जो माल मिल्कतों को नुकसान पहुंचाया है और साथ साथ आग लगाकर वहाँ के लोगों के अंदर एक भय का माहौल पैदा कर दिया है। (શ્રી જેઠાભાઇ બેઠાં બેઠાં બોલતાં)(અંતરાય) ભાઇ, *(xxx)જ દેખાશે.

અધ્યક્ષશ્રી : જે *(xxx) બોલ્યા છે એ શબ્દો હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું. કોણ બોલ્યું *(xxx) ઉભા થઇ જાઓ? આપને હું ફરી વાર વિનંતી કરું છું કે આ રીતે ફરી વાર ન બોલશો. અહીં કોઇ *(xxx) નથી, બધા હિન્દુસ્તાની છીએ.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : तीन महीने पहले वहाँ तूफान हुए थे वहाँ पर तीन महीने पहले भी एक व्यक्ति का रिक्शा में बैठे हुए व्यक्ति का पुलिस की गोली से मृत्यु हो गई थीं। इसके पहले खंभात में जो तुफान हुए थे, वो गुनहगार आज तक पकडे न जाने से उन लोगों के अंदर एक पुलिस का कोई डर नहीं रहा, जिसके कारण बार बार खंभात के अंदर तुफान हो रहे हैं। गुजरात में सिर्फ खंभात के अंदर ही क्यों तुफान हो रहे हैं ? इसकी भी तपास करने की जरुरत हैं। पुलिस ने वहाँ पर सभा, जुलुस की कोई भी

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

इजाजत नहीं दी थी फीर भी वहॉ पर हजारों लोग इकटठे हुए थे। वहॉ पर 144 की कलम होने के बावजूद भी वहॉ पर 10 हजार लोग इकटठे हुए। वहॉ पर माननीय अध्यक्षजी...

અધ્યક્ષશ્રી : यह बात आप धमाल के बाद कह रहे हैं।

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : हा, साहब, धमाल के बाद की ही मैं बात कर रहा हूं। साहब, इसमें कोई भी बात मेरी गलत हो तो मैं खुद जाकर देखकर आया हूं। जो मैंने ऑखों से देखा है एवं वो दिल से बता रहा हूं ।( अंतराय) सूनो यह सब आपको अच्छा नहीं लगेगा। सरदारबाग के पास वहॉ 10 हजार लोग जमा हुए थे। यह एक राजनीतिक लडाई है ऐसी मुझे बू आ रही हैं। वहॉ पर *(xxx) दोनों मिलकर साथ रह रहे हैं। वहॉ ऐसा कोई तूफान के अंदर, *(xxx) को कोई तकलीफ नहीं थी वहॉ पर, पालिटिकली वहॉ पर पूर्व एम एल ए, वहॉ के पार्षद थे उनके नाम नहीं बोलता हूं उश्केरने का काम किया था। मैं आभारी हूं वहॉ के सीटिजन एम एल ए हैं। जब तुफान होता था मैं उनसे फोन पर बात करता था मयुर भाई का और वो होम मिनिस्टर साहब को, एवं चीफ मिनिस्टर साहब को भी बताते थे। मैं उनका आभारी हुं। गुजरात में शांति बनी रहें हम सब चाहते हैं लेकिन, खंभात के अंदर जो यह बनाव बन रहा हैं उससे बहुत दु:ख होता हैं। माननीय अध्यक्षजी, गुजरात में कहीं भी तुफान नहीं हो रहे हैं, सिर्फ खंभात में ही क्यों हो रहे हैं ? इसकी भी तपास करने की जरुरत हैं। *(xxx) यह बहुत दुख की बात हैं। *(xxx) वहॉ पर अशांत धारा का कानून वहॉ अभी लगाया है वो इसलिए लगाया है वहॉ के लोगों का हैं...

પોઇન્ટ ઓફ ઓર્ડર

હિન્દુ મુસ્લીમનો ઉલ્લેખ ન કરવા અંગે

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે આ ખૂબ અગત્યનો પ્રશ્ન છે. માનનીય સભ્યશ્રી ખેડાવાલા *(xxx) મારી દ્રષ્ટિએ યોગ્ય નથી. આપણે હંમેશા એમ કહીએ છીએ કે એક જૂથ આમ હતું એક જૂથ આમ હતું. આપણે એમ નથી કહેતા કે *(xxx) તમારે જે વર્ણન કરવું હોય એ કરો મને વાંધો નથી.* (xxx) આ ઉશ્કેરણીનો એક ભાગ છે આ વાત બહાર જાય એ યોગ્ય નથી. આ વિધાનસભા ગૃહમાં *(xxx) વાત કેવી રીતે થાય? આ રીતે વાત ન થાય. કોઇ અમારા સભ્ય એમ કહેશે.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર ગ્રાહ્ય રાખવામાં આવે છે એ શબ્દો રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે અને હવે પછી એ રીતે ન બોલશો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ખંભાત એ પૌરાણિક શહેર છે અને એક જ મહોલ્લામાં બધા હિન્દુસ્તાની વિવિધ ધર્મ પાળતા લોકો રહે છે એમાં ભાઇચારો હતો અને એમાં ફૂટ પડાવવાનું કામ કોઇકે કર્યું છે એનો કાન આંબળો, આ તો સીધો માણસ છે, એ તો સરકારનું ધ્યાન દોરે છે તમે ખાલી એટલું સાંભળો. સારુ કર્યું છે ત્યાં આભાર પણ માન્યો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx)

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : तूफान करनेवाले चाहे कोई भी जाति के हो ....

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આઠ મિનિટથી બોલી રહ્યા છે પરંતુ એમનો પ્રશ્ન શું છે એની ખબર પડતી નથી.

અધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, ૧૧૬માં વિગતો આવી ગઇ છે, સરકારે જવાબ આપી દીધો છે. તમારે એક બે પ્રશ્નો પૂછવા હોય એ કહો.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, तुफान करने वाले कोई भी जाति के हो उसको कडक से कडक सजा मिलनी चाहिए उसको बचाने की हम कोशीश नहीं कर रहे हैं। जो पुलिस कर्मचारी को लगा हैं, जो पुलिस कर्मचारी घायल हुआ हैं उसके लिए भी खेद व्यक्त करते हैं। मुख्यमंत्री और गृहमंत्री का आभार इसलिये व्यक्त करता हूं कि जब जब भी मैंने फोन किया था उस समय उन्होंने फौरन पुलिस फोर्स भेजी, डी जी पी साहब को भेजा, वहॉ पर कलेक्टर साहब को भी भेजा, पुलिस कमिश्नर साहब को

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

भी भेजा। तुफान को दो दिन के अंदर पूरा नियंत्रित करने की कोशिश की हैं। जो हकीकत हैं मैं आपके सामने बयान कर रहा हूं। यह कोई बात गलत नहीं हैं, उन्होंने पूरी कोशिश की हैं इसीलिए मै इस वक्त मैं उनका आभार भी व्यक्त करता हुं। लेकिन बार बार वहॉ तुफान न हो, वहॉ पर लोग शांति से रहें, मैं इतना ही चाहता हूं। जिस तरह से यू पी में हुआ है वहॉ के मुख्यमंत्री ने किया हैं, जिन दंगाईयों ने वहॉ पर नुकसान किया है ( अंतराय) सुनिए यह सब बातें आपके काम आएगी।

અધ્યક્ષશ્રી : सुनिए, वे काम की बात कर रहे हैं।

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : जिस तरह से यू पी के मुख्यमंत्री श्री योगीजी ने तूफान करने वाले लोग थे, उनको पकडकर वसूली करवाई। जो दंगा करते थे उनसे ही वसुली की गई। इस तरह गुजरात के अंदर मैं सरकार से कहना चाहूगॉ कि जो तूफान करनेवाले हैं उनकी मिल्कत को जब्त करके, जो दंगा करने वाले हैं उनकी संम्पत्ति को, वो गरीब लोगों का जिनका नुकसान हुआ हैं उनको देना चाहिए। माननीय अध्यक्षजी, जिस तरह दिल्ली के अंदर जो मारे गए उन लोगों 1 लाख रुपए और मकान जिनके जल गए हैं उनको 5 लाख की सहायता दी गई। ऐसा ही गुजरात के अंदर जहॉ ये खंभात के अंदर ये हुआ हैं। एक कमेटी बनाकर सर्वे हो, जो गरीब लोग हैं, जिनके मकान जल गए, उनको सरकार की तरफ से सहायता मिलनी चाहिए। मैं एक शैर पढकर अपनी बात पूरी करना चाहता हूं।

लोग टूट जाते हैं, एक घर बनाने में, तुम तरस भी नहीं खाते, बस्तीयॉ जलाने में॥

અધ્યક્ષશ્રી : આ માણસ સારો છે, એટલે હું હંમેશા એલાવ કરું છું. માનનીય રાવલભાઇ.

શ્રી મહેશકુમાર ક. રાવલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૩મી તારીખના રોજ ખંભાત ખાતે બપોરના સુમારે લગભગ દોઢ વાગ્યાની આસપાસ સમગ્ર ખંભાતમાં અસામાજિક તત્વો દ્વારા ખંભાતને બાનમાં લેવાનો પ્રયત્ન થયો.

આ વાતની મને જાણ થતાં મેં તુરત જ ત્યાંના સ્થાનિક અધિકારીઓ, જિલ્લા લેવલના અધિકારીઓનો સંપર્ક કર્યો. પરંતુ ધમાલનું પ્રમાણ એટલું વ્યાપક હતું કે, સમગ્ર તંત્ર એક સાથે કામે લાગે તો પણ એનો ઝડપી નિકાલ થાય એમ નહતો. આ વાતની જાણ મેં તરત આ રાજ્યના આપણા સંવેશનશીલ ગૃહમંત્રી માનનીય શ્રી પ્રદિપસિંહ જાડેજા સાહેબ અને મુખ્યમંત્રી માનનીય શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને સિનિયર મંત્રી માનનીય શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબને જાણ કરી કે, ખંભાતમાં સમગ્ર વિસ્તારમાં એક સાથે આ તોફાનો ફાટી નિકળ્યા છે તો આને કંટ્રોલ કરવા ખૂબ જરૂરી છે. એ વખતે આપણા બાહોશ ગૃહમંત્રી માનનીય શ્રી પ્રદિપસિંહ જાડેજા સાહેબે કહ્યું કે, શ્રી મહેશભાઇ, તમે ચિંતા ના કરો, સમગ્ર રાજ્યમાંથી જ્યાં પણ જરૂર પડશે ત્યાંથી એક કલાકમાં ખંભાતમાં પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા ગોઠવાશે.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લો હોય, ખેડા જિલ્લો હોય કે આણંદ જિલ્લો હોય. સમગ્ર તંત્રને રાજ્ય સરકારે ખંભાત તરફ રવાના કર્યું. અમારા આઇ.જી. સાહેબ પણ ખૂબ ઝડપથી ખંભાત પહોંચ્યા અને પરિસ્થિતિને ખૂબ ઝડપથી કંટ્રોલમાં કરી. સરકારે જો આમાં ત્વરિત પગલાં ન લીધાં હોત તો કદાચ આ થયું તેનાથી મોટું નુકસાન થયું હોત. રાજ્ય સરકારે અને ખાસ કરીને મુખ્યમંત્રી સાહેબે આની ગંભીરતા ખૂબ લીધી. ગુજરાતના ડી.જી. સાહેબને પણ ખંભાત મોકલ્યા, એ.ટી.એસ.ને પણ ખંભાત મોકલી, રાજ્ય લેવલના અધિકારીઓને પણ ખંભાત મોકલી. સમગ્ર પરિસ્થિતિ ઉપર ચાંપતી નજર રાખી પરિસ્થિતિ કંટ્રોલમાં લીધી. ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને એ પૂછવું છે કે ઘટનાની જાણ થતાં વહીવટી તંત્ર દ્વારા કયા કયા પગલાં લેવામાં આવ્યા? ભવિષ્યમાં બે કોમો વચ્ચે વારંવર બનતા ઘર્ષણના બનાવોના કારણે લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડે છે તો તે અટકાવવા કોઇ પગલાં લેવા માગો છો કે કેમ? તેમજ ભાવસારવાડા અને અકબરપુરા ખાતે નવી પોલીસ ચોકી કરવાની અમારી માગણી છે. તે માટે સરકાર કંઇ કરવા માગે છે કે કેમ?

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ શહેરનો ધારાસભ્ય છું. હમણાં હમણાં કોટ વિસ્તારમાં લઘુમતિ વિસ્તારમાં મોડી રાત્રે જુદા જુદા સૂત્રો સાથે સરઘસો નીકળે છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સુરેશભાઇ, એક મનિટ. (અંતરાય) નામ છે પણ તેમને બોલવું છે કે નહીં એ મને અહેસાસ તો થવો જોઇએ. કંઇ નહીં, સભ્યશ્રી પૂરું કરે પછી આપની વાત લઇ લઇએ.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં હમણાં કોટ વિસ્તારના લઘુમતિ વિસ્તારમાં મોડી રાત્રે જુદા જુદા સૂત્રોચ્ચાર સાથે સરઘસો નીકળે છે. મને ભય અને શંકા છે કે આના કારણે તોફાનો તો નહીં થાય ને? તો આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ તોફાન ન થાય તેના માટે સરકારે કોઇ આયોજન કરેલું છે કે કેમ?

તા.૩જી માર્ચ, ૨૦૨૦

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૧૬ની મારી નોટિસ છે એ બાબતે હું પણ થોડી વાત આપની સમક્ષ મૂકવા માગું છું. તા.૨૯-૧-૨૦૨૦ના દિવસે દિલ્હી ખાતે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબને હું અને ઇમરાન ખેડાવાલા મળ્યા હતા. એમનું એ બાબત ઉપર ધ્યાન દોર્યું હતું કે માનનીય મુખ્યમંત્રીશ્રી, આણંદ જિલ્લાના ખંભાત અને વડોદરામાં વારંવાર કેમ તોફાનો થાય છે, એની થોડી આપણે કાળજી લેવી જોઇએ. મુખ્યમંત્રીશ્રીએ મારી વાતને તે વખતે બહુ ધ્યાનથી સાંભળી હતી. તે પછી તા.૧૧-૨-૨૦૨૦ના દિવસે ખંભાત શહેરના સ્થાનિક લોકોએ પોલીસ સ્ટેશનમાં લેખિતમાં એક અરજી આપી હતી, તેમાં તેમણે જણાવ્યું હતું કે અમને એવી આશંકા છે કે ખંભાતની અંદર તોફાન થાય એટલે પોલીસ બંદોબસ્ત ગોઠવવો જોઇએ. એની રીસીવ્ડ કોપી પણ છે. એટલે આ વાત પોલીસ જાણતી હતી. ત્વરિત પગલાં ન લીધા એટલે આ પરિસ્થિતિનું નિર્માણ થયું. જો કદાચ મારી વાત સાંભળી હોત, પરંતુ હું કોઇ રાજકારણ નહીં કરું. દેરસે આયે દુરસ્ત આયે. જ્યારે થયું એ વખતે ગૃહમંત્રી, મુખ્યમંત્રીશ્રીને વાત થઇ. બહુ ચિંતા કરી અને આપણા બાહોશ ડી.જી.પી. સાહેબને ત્યાં મોકલ્યા અને ત્યાં કંટ્રોલ થયું. જો ડી.જી.પી. સાહેબને ત્યાં સમયસર એકાદ દિવસ પહેલાં મોકલ્યા હોત તો હું માનું છું કે ઘટનાઓ આટલી આગળ વધી ન હોત. ઘટના બાબતમાં મારું એટલું જ કહેવું છે કે આખા રાજ્યમાં શાંતિ છે. આખા શહેરમાં શાંતિ છે. ફક્ત ખંભાત અને વડોદરામાં વારંવાર તોફાનો થતાં હોય તેની આપણે ઇન્ટેલીજન્સ દ્વારા તપાસ કરાવવી જોઇએ અને ત્યાં આવી ઘટનાઓ ન બને તે માટેની આપણે પૂરતી તકેદારી રાખવી જોઇએ. હું જે નિષ્કર્ષ પર પહોંચ્યો છું એ એ છે કે જે પોલીસ સાથેનો લોકોનો સંવાદ છે એ થોડો ઓછો થયો હોય એમ મને લાગે છે. કેમ કે શાંતિ સિમિતિની અંદર પહેલાં શું થતું કે સમાજના વિવિધ વર્ગના લોકોને, પ્રબુદ્ધ નાગરિકોને તેમાં લેતા. અત્યારે કેવું છે કે બેય રાજકીય પક્ષોના કાર્યકરોને જ લે છે. એના લીધે પરિસ્થિતિ શું થાય છે કે જે સંવાદ થવો જોઇએ, જે વાત પહોંચવી જોઇએ એ વાત પહોંચતી નથી. બીજું કારણ એ છે કે જે પ્રેક્ટીકલ અધિકારીઓ હતા, એ જે લોકોએ વર્ષ ૧૯૮૫ના રાયટસ હોય, વર્ષ ૧૯૯૨ના હોય કે વર્ષ ૨૦૦૨ના હોય એ જે લોકોએ કંટ્રોલ કર્યા હતા, એ લોકોને આખી મોબ સાયકોલોજી ખબર છે એ અધિકારીઓ ધીમે ધીમે નિવૃત્ત થાય છે. અમને તો હજી ચિંતા થાય છે એ એ છે કે ડી.જી.પી. સાહેબ પણ બે મહિના પછી નિવૃત્ત થશે. એટલે જે સારા અધિકારીઓ હતા એ લોકોને સમજી શકતા હતા, લોકોની સાયકોલોજી સમજી શકતા એટલે હું એવું માનુ છું કે જે નવા આઇ.પી.એસ. કે જે નવા અધિકારીઓ આવે છે એ મોબ સાયકોલોજી સમજે, પ્રજા સાથેનો સંવાદ, બે સમાજ સાથે કેવી રીતે જોડાણ થાય, આગેવાનોનો કેવી રીતે ઉપયોગ થાય એ સમજે તો હું માનું છું કે તોફાન સામે આની અંદર કંટ્રોલ કરી શકાય. એક વખત તોફાનો થાય એટલે ૫૦:૫૦, ૩૦ : ૭૦ આ બાજુથી આટલા લઇ લો, આ બાજુથી આટલા લઇ લો. હું માનુ છું કે આનાથી તોફાનો કદી બંધ થવાના નથી. હિન્દુ-મુસ્લિમ લડવા માગતા નથી. * (xxx) અમારી જીદ એવી હોય છે કે જેના કારણે પ્રજાને લડવું પડતું હોય છે. હું ચોખ્ખા શબ્દોમાં કહેવા માગું છું કે જે કાવતરાખોરો છે એમને જયાં સુધી નહીં પકડો ત્યાં સુધી તોફાનો ઉપર કયારેય કાબુ થવાનો નથી.

અધ્યક્ષશ્રી : *(xxx)એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : ભલે કાઢી નાખો પણ આ વાસ્તવિકતા છે. લોકોને લડવામાં કોઇ રસ નથી. *(xxx)લડવામાં રસ રહે તો એ કયારેય ભેગા રહે જ નહીં એટલે મારી સ્પષ્ટ માગણી છે કે અધિકારીઓને સારી ટ્રેનીંગ આપવામાં આવે. ઇન્ટેલીજન્સનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં આવે. નવા વિકટ પરિસ્થિતિને કંટ્રોલ કરી શકે એવા નિષ્પક્ષ અધિકારીને મૂકવામાં આવે અને વૈમન્સય ફેલાવતા જે વિડીયોની કલીપો જે ચાલે છે એના ઉપર કંટ્રોલ કરવામાં આવે. વિશેષ કરીને બે સમાજની અંદર વૈમનસ્ય ઉભું થાય એવા ભડકાઉ ભાષણ કરતા હોય એમની સામે સરકાર કાયદો બનાવે. જો આ હેટ સ્પીચ કરનારા લોકોને જો આપણે કંટ્રોલ નહીં કરીએ તો હું માનું છું કે આ કદી પણ રોકાવાનું નથી. જો સરકાર કાયદો નહીં બનાવે તો હું આપને કહું છું કે મારે ગુજરાત હાઇકોર્ટની અંદર પી.આઇ.એલ. દાખલ કરવી પડશે કે આ હેટ સ્પીચ કરનારાઓની સામે કડકમાં કડક પગલા લેવાય જેનાથી બે સમાજનું વૈમનસ્ય બંધ થાય. છેલ્લે એક જ વાત કરીને મારી વાત પૂરી કરું છું કે ખાસ વડોદરા અને ખંભાતની તકેદારી લેતા....

અધ્યક્ષશ્રી : આ તમે વારે વારે વડોદરા કહો છો તો મને જરા આંચકો લાગે છે. વડોદરામાં બધું બંધ થઇ ગયું છે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : સાહેબ, હમણાં જ થયું છે. એક-બે વર્ષના આંકડા કાઢો. બે વર્ષના આંકડા કાઢો, વડોદરા, ખંભાત સિવાય કયાંય નથી. સારી બાબત છે, સરકાર માટે પણ બે જગ્યાએ પણ ના થાય તો એનાથી પણ વધારે સારું થાય, સોને પે સુહાગા.

અધ્યક્ષશ્રી : વડોદરામાં બંધ થઇ ગયું છે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, જે લોકોને ખંભાતમાં નુકસાન થયું છે એ લોકો આર્થિક રીતે બહુ સદ્ધર નથી. ત્યાં ગરીબ લોકો રહે છે. મારી એવી વિનંતી છે કે માનવતાના ધોરણે એ લોકો બિલકુલ પાયમાલ થયા છે એ લોકોને સરકાર કંઇ વળતર ચૂકવવાનો નિર્ણય લે અને આપણા સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે જે ગરીબ લોકોને નુકસાન થયું છે એમને વળતર ચૂકવવાની જાહેરાત કરે એટલી વાત કરીને હું મારી વાત પૂરી કરું છું.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા: માનનીય અધ્યક્ષશ્રી, મારે માત્ર બે થી ત્રણ પ્રશ્નો જ કરવા છે. એક ખંભાતમાં જે તોફાનીઓ દ્ધારા જે ગરીબ, નિર્દોષ વેપારીઓની મિલકતો સળગાવી દેવામાં આવી, નુકસાન પહોંચાડવામાં આવ્યું એ નિર્દોષ લોકોને જેમને નુકસાન થયું હોય એમને વધારેમાં વધારે વળતર આપે એવી મારી વિનંતી છે અને બીજો પ્રશ્ન એ છે કે ખંભાતમાં જે તોફાનીઓને પોલીસે પકડયા છે એ તોફાની ઇસમોમાં જે પકડાણા છે એમાં સ્થાનિક કેટલા છે અને બહારના કેટલા તોફાનીઓને પકડવામાં આવ્યા છે? જયાં સુધી મને માહિતી મળી છે અને હું જાણું છું ત્યાં સુધી આ તોફાનો થયા એના પહેલા ત્યાં સટ્ટા બજારમાં રમતા સટ્ટાખોરો એવો સટ્ટો લગાડતા હતા કે તોફાન થશે કે નહીં થાય? તો એની પણ પોલીસ તપાસ કરી એમની સામે પગલા લો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભામાં અમે અમારો જવાબ રજૂ કર્યો છે અને અમે સંપૂર્ણ રીતે સ્પષ્ટ છીએ અને આમાં પ્રશ્નો કરતાં લાંબુ વિવરણ વધારે થયું છે. (ધારાસભ્યશ્રી પુનમભાઇ પરમાર બેઠા બેઠા કંઇક બોલતાં) ૩૫ મિનિટ સુધી ચાલ્યું અને એમાં ૪ પ્રશ્નો ઉભા થયા છે.

અધ્યક્ષશ્રી : આપની જાણ માટે સમય કરતા પણ વધારે શ્રી ઇમરાનભાઇ ખેડાવાલાને સમય આપ્યો, માનનીય ગ્યાસુદ્દીનભાઇને વધારે સમય આપ્યો છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : મારો વિસ્તાર છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આપના ધ્યાને મૂકું છું કે ૧૧૬નો નિયમ છે. નિયમમાં સ્પષ્ટ લખ્યું છે કે ૧૫ મિનિટનો સમય. જવાબથી કોઇ અસંતોષ હોય તો એકાદ-બે પ્રશ્નો પૂછી શકે.

અધ્યક્ષશ્રી : એકાદ પ્રશ્ન સાંભળી લઇએ.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો એક જ પ્રશ્ન છે વધારે નહીં બોલું કારણ કે સમય વધારે થયો છે. આ જે તોફાનો થયા છે એ કોની ઉશ્કેરણીથી થયા છે? જેણે ઉશ્કેરણી કરી છે એની સામે કાયદેસરની કાર્યવાહી કરવા માગો છો કે કેમ? ગરીબ લોકોને નુકસાન થયું છે એનો સરવે કરીને સહાય કરવી જોઇએ એ કરવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, બધા પ્રશ્નોના એક સાથ જવાબ આપું તો જે પ્રમાણે વાત થઇ કે ૨૩મી તારીખે ૧-૩૦ વાગ્યે આણંદ જિલ્લાના ખંભાત શહેરના અકબરપુરા, મદારનગર, ભોઇ બારી, લાલ દરવાજા, પીરજપુરા, ભાવસાર વાડ, પ્રજાપતિ વાસ એ જુદી જુદી જગ્યાએ ક્યાંકથી પથ્થરો પડી રહ્યા છે એવા વહેમના કારણે અફવા ફેલાતા આખા વિસ્તારની અંદર જે તોફાનો થયા અને એ તોફાનોના સંદર્ભમાં જેમ સ્થાનિક ધારાસભ્યશ્રી મહેશભાઇએ વાત કરી, હું સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે, ઘટનાના અગાઉના બે દિવસ પહેલા મયુરભાઇ રાવલ પોતે વાયરલ ઇન્ફેક્શનનો ભોગ બન્યા હોવાથી હોસ્પિટલમાં હતા. એમાંથી રજા લઇને આવીને એમણે આખા ખંભાતમાં કેવી રીતે ઝડપથી પરિસ્થિતિ કાબુમાં આવે એટલા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી, અધિકારીઓ અને અમારા બધાનો સંપર્ક કરીને કર્યું. વાત એવી કરવામાં આવે છે કે અગાઉ અમને કહેવામાં આવ્યું હતું. પરંતુ અમારા ઇન્ચાર્જ એસ.પી. આગળના દિવસે રાત્રે પણ ત્યાં હતા. જેવી ઘટનાની માહિતી મળી એટલે સ્થાનિક એસ.પી. પોતાના ઘરમાં કોઇ મરણ થવાના કારણે રજા ઉપર હતા એટલે ખેડાના એસ.પી. ત્યાં પહોંચી ગયા હતા. અમદાવાદ રેન્જના આઇ.જી. પણ પહોંચી ગયા હતા અને ડી.જી.પી.ના ધ્યાને આખી ઘટના આવતાં એડિશનલ ડી.જી.-લો એન્ડ ઓર્ડર, એસ.પી. અમદાવાદ-ગ્રામ્ય, આણંદ જિલ્લાના એલ.સી.બી., એસ.ઓ.જી. બધા લોકોને ત્યાં મોકલ્યા. જિલ્લા કક્ષાના પી.આઇ., પી.એસ.આઇ. ત્યાં શિફ્ટ કરવામાં આવ્યા. તત્કાલ અસર લાવવા માટે રેપિડ એકશન ફોર્સ અને એસ.આર.પી.ની કંપનીઓને ત્યાં મોકલવામાં આવ્યા. આના સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ ગંભીરતા જોઇને મિટિંગ બોલાવી અને મિટિંગમાં એમના કાર્યાલયના ઉચ્ચ અધિકારીઓ, એ.સી.એસ.-હોમ, ડી.જી.પી.-લો એન્ડ ઓર્ડર આ બધા લોકોને ભેગા કરીને આખી પરિસ્થિતિનું વિશ્લેષણ કરીને કોઇપણ હિસાબે આવા તોફાનોને ડામવા માટે કડકમાં કડક પગલાં લેવા માટે સૂચનાઓ આપી. રાજ્યના ડી.જી.પી. ખંભાતની મૂલાકાત લેવા માટે ગયા. એમણે ત્યાં સ્થળ ઉપર મૂલાકાત લઇ અને આનુષાંગિક ત્યાંના લોકોને સૂચના આપીને તાત્કાલિક ત્યાં એસ.પી.ની નિમણૂક કરવામાં આવી. રજા ઉપર હોવાના કારણે અવેલેબલ ન હતા. ત્યાં ડી.વાય.એસ.પી.ની પણ નિમણૂક કરવામાં આવી. પી.આઇ., પી.એસ.આઇ.ની પણ નિમણૂક કરવામાં આવી અને ૫ એસ.આર.પી.ની કંપની અને આર.એ.એફ.ની કંપનીઓ પણ પહોંચાડવામાં આવી. અમારું તંત્ર કલેકટર સાથે સંપર્કમાં રહીને બોરસદ, પેટલાદ અને તારાપુરથી ફાયર ટેન્ડર ત્યાં પહોંચાડવામાં આવ્યા અને તાત્કાલિક કોઇપણ હિસાબે સૌથી પહેલા પરિસ્થિતિ અંકુશમાં આવે એના માટે પ્રયાસો કર્યા છે. આ પ્રયાસોની સફળતા પણ આપણને મળી છે. જે માનનીય ધારાસભ્યશ્રીની રજૂઆત હતી કે અમારા વિસ્તારમાં કેટલાક લોકો એવું કહે છે કે તમે તમારું મકાન અમને આપો. નહીં તો અમે તમારા બધા મકાનો ખાલી કરાવી દઇશું.

માનનીય અધ્યક્ષશ્રી, એક-બે જણા મકાન લે અને રહન-સહન, ખાવા-પીવાની રીતભાત અલગ હોવાના કારણે ધીમે ધીમે ત્યાંનો આખો વિસ્તાર ખાલી થઇ જાય અને એના કારણે ડેમોગ્રાફીકલ ચેઇન્જ થવાના કારણે, આંતરિક પડોશીઓ-પડોશીઓ જુદા હોવાના કારણે અવાર નવાર આ પ્રકારની ઘટનાઓ બને. ગુજરાત સરકાર આવા કોઇ પણ પ્રકારના કૃત્યો કરીને કોઇ જો મકાનો ખાલી કરાવીને પોતાના ધંધા ચલાવવા માગતા હોય તો અમે હરગીજ ચલાવી લેવા માટે તૈયાર નથી અને એના માટે માનનીય ધારાસભ્યની જે રજૂઆત હતી એ ધારાસભ્યશ્રીની રજૂઆતના આધારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ તાત્કાલિક

અશાંત ધારો લગાડ્યો અને અશાંત ધારાના કારણે જે આ તોફાનો થવામાં જે લોકોને પોતાના મકાનો ખાલી કરાવીને પોતાની દુકાન ચલાવવાની છે એને રૂકજાવનો આદેશ આપવામાં આવ્યો. માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત અકબરપુરામાં સંપૂર્ણ લઘુમતિ સમાજના જ લોકો રહે છે. ભાવસારવાડા આ પ્રકારના વિસ્તારમાં જે અવારનવાર જે નાની મોટી અસામાજિક પ્રવૃત્તિઓના કારણે ત્યાં તોફાનો થાય છે એ કોઇપણ સંજોગોમાં ના ચલાવી લેવા માટે માનનીય ધારાસભ્યશ્રી દ્વારા અમારી સમક્ષ રજૂઆત કરવામાં આવી અને ત્યાં બે નવી પોલીસ ચોકીઓ ઊભી કરવાનો રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય સરકાર ગુજરાતની શાંતિ, સલામતિ અને સુરક્ષાને વરેલી સરકાર છે અને જ્યારથી શ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતમાં આવ્યા ત્યારથી ગુજરાતની અંદર કોઇપણ પ્રકારના કોમી તોફાનોને રોકવાની અંદર આપણે સફળ રહ્યા છીએ. છેલ્લા ૨૦ વર્ષમાં ગુજરાતની અંદર અમે કરફ્યુમુક્ત શાસન આપ્યું છે. **''સૌનો સાથ, સૌનો વિશ્વાસ અને સૌનો વિકાસ''** એ અમારું સૂત્ર છે. અમે ગુજરાતના કોઇ પણ ખૂણે કોમી અશાંતિ થાય, તોફાન થાય એ ચલાવી લેવા માટેના કોઇપણ પ્રકારના પ્રયાસોને સાંખી લેવાના નથી એ પ્રમાણે આ ઘટનાની અંદર અમે પૂરેપૂરા પ્રયાસ કર્યા છે. જે માનનીય ધારાસભ્યશ્રી દ્વારા કહેવામાં આવ્યું આના સંદર્ભમાં અમે ૧૧૫ કરતા વધારે લોકોની ધરપકડ કરી છે. અમે જે તોફાનો કરવાવાળા હોય છે એના કપાળ ઉપર હિન્દુ કે મુસ્લિમ લખેલું નથી જોતા. અમે એને અસામાજિક તત્ત્વ તરીકે ટ્રીટ કરીએ છીએ. અમે તમારી જેમ એવા કોઇ * (xxx)પાડતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, જેણે તોફાનો કર્યા છે એને પકડી પકડીને જેલના હવાલે કરવાનું કામ (અંતરાય ) મારો જવાબ બાકી છે. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રીએ એમના મંતવ્ય દરમ્યાન વિરોધપક્ષને ઉદ્દેશીને કીધું કે તમારી જેમ *(xxx) (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : તમે *(xxx) રાખો જ છો.

અધ્યક્ષશ્રી : એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ આખી ખંભાતની ઘટનાનો જેમ ઉલ્લેખ કરવામાં આવ્યો કે અગાઉના બનાવમાં પોલીસ ગોળીબાર થયો હતો. આવો કોઇ પોલીસ ગોળીબારના આધારે મૃત્યુ થયું હોય એવી કોઇ ઘટના પોલીસના ચોપડે નથી અને એના સંદર્ભમાં સી.આઇ.ડી. ક્રાઇમ બ્રાંચ દ્વારા એની તપાસ ચાલુ છે. (અંતરાય) અરે, હું ઓન રેકોર્ડ સભાગૃહમાં કહું છું. માનનીય અધ્યક્ષશ્રી, આના ઉપરાંત (અંતરાય)..

અધ્યક્ષશ્રી : માનનીય દૂધાતભાઇ, માનનીય પ્રતાપભાઇ, માનનીય પ્રતાપભાઇ એ ઉશ્કેરાઇ જાય એટલે તમારે ઉશ્કેરાઇ જવું એવું ખરું? નહીંને? તમે ના બોલ્યા હોત તો હું બોલવાનો હતો. હું બોલું એ પહેલા તો તમે બધા જ ઊભા થઇ જાવ અને શ્રી ઇમરાનભાઇ, એક મિનિટ, આપનો જે પ્રશ્ન છે એમાં કાંઇ એવું લાગતું હોય તો પછી ધ્યાન દોરજો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ૯ જેટલા ગુના નોંધાયા છે એમાં ૧૧૫ની ધરપકડ કરી છે અને એ લોકોને જેમ ભૂતકાળની અંદર તોફાનોની અંદર બેલેન્સીંગ નહીં. તોફાનીઓને અમે જેલના હવાલે કર્યા હતા, ત્યારબાદ તડીપાર કર્યા છે, ત્યારબાદ પાસા પણ કર્યો છે. આમ અટકાયતી પગલાઓમાં આ સરકાર કોઇ કચાસ રાખવા માગતી નથી. એમણે કહ્યું કે, ૧૦,૦૦૦ લોકો ભેગા થયા હતા તો શું કર્યું? એના સંદર્ભમાં પણ અમે ગુનો રજિસ્ટર કર્યો છે અને એના આધાર ઉપર પણ અમે ધરપકડો કરી છે. જે લોકો સોશિયલ મીડિયાના માધ્યમથી ખંભાતની અંદર અશાંતિ ફેલાવવા માટેનો પ્રયાસ કરતા હતા એના સંદર્ભમાં પણ અમે ગુનો રજિસ્ટર કર્યો છે. શ્રી સુરેશભાઇએ જે ચિંતા વ્યકત કરી કે અમદાવાદ શહેર અને આખા રાજ્યની અંદર કયાંક કયાંક કેટલાક લોકો જે દેશમાં નિર્ણય લેવાયો છે અને દેશના પ્રધાનમંત્રી અને ગૃહમંત્રી તરીકે કે અમે સીટીઝન એમેડમેન્ટ એકટનો નિર્ણય લીધો છે અને અમે સીટીઝન એમેડમેન્ટ એકટનો કોઇપણ હિસાબે અમલ કરવાના છીએ. આની લઘુમતિ ઉપર કોઇ અસર થવાની નથી. છતાં પણ કેટલાક લોકો પોતાનું સર્વસ્વ લુંટાઇ ગયું છે એમ શાહીનબાગની અંદર જઇને ભારત વિરોધી વાતો કરે છે. એવા લોકો ફરી એકવાર અમદાવાદની અંદર મોડી રાત્રે હમેં ચાહીયે આઝાદીના નારાના માધ્યમથી અમદાવાદની અંદર અશાંતિ ફેલાવવા માટેનો જે પ્રયાસ કરે છે, કોટની અંદરના વિસ્તારમાં થાય છે શ્રી ગ્યાસુદ્દીનભાઇ, તમારા વિસ્તારમાં જ થાય છે આ બધું આને રોકવું જોઇએ. શ્રી ગ્યાસુદ્દીનભાઇ, જો તમે સારી સારી વાતો કરો છો તો. આજે હું કહેવા માંગું છું કે આવા તમારા આકાઓના ઇશારે જે તોફાન કરવા માંગે છે એને કોઇપણ રીતે અમે સફળ થવા દેવાના નથી અને તમારા આકાઓને કહી દેજો કે આ શ્રી નરેન્દ્ર મોદીનું ગુજરાત છે. આ ગુજરાતની અંદર અમે શાંતિ, સલામતિ અને (અંતરાય)...

અધ્યક્ષશ્રી : તમને નથી કહેતા.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : તમારા આકાઓને કહું છું, તમને નહીં. પછી મને એવું કહેવામાં આવે છે કે તમે આલીયો, માલીયો, જમાલીયો શબ્દનો ઉપયોગ કરો છો. અમદાવાદમાં તોફાન કરે એને મારે શું કહેવું મને ખબર પડતી નથી. અમે શું આગોતરું આયોજન કર્યું છે. અમે રાજયના અમદાવાદ શહેર સહિત સમગ્ર ગુજરાતમાં કોઇપણ પ્રકારના તોફાનો ન થાય (અંતરાય)...

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૧૩, ૧૯૪૧ શાકે

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, દિલ્હી હાઇકોર્ટે એફ.આઇ.આર. દાખલ કરવાનું કીધું જેણે ઉશ્કેરણીજનક ભાષણ દિલ્હીમાં કર્યા. મુરલીધરનની રાતોરાત બદલી કરી નાખી.

અધ્યક્ષશ્રી : શ્રી પુંજાભાઇ, કયાં પાછું નવું નવું લાવો છો? અત્યારે અહીંયા કંઇ નહીં.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ડી.જી.પી. દ્વારા સમગ્ર રાજયની અંદર વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જરૂરી સૂચના આપી છે. આના સંદર્ભમાં જે સારા લઘુમતિના લોકો છે જેને ગુજરાતમાં શાંતિ જોઇએ છે એની સાથે વાટાઘાટો અને મહોલ્લા મિટીંગનું કામ ચાલુ છે. અમે ખુદ પેટ્રોલીંગ કરીએ છીએ, વાહન ચેકીંગ કરીએ છીએ, મેન પાવર વધારીએ છીએ. સોશિયલ મિડીયાના માધ્યમથી કોઇ અફવા ફેલાવીને આપણા ગુજરાતની શાંતિને ડીસ્ટર્બ કરવા માટેનો પ્રયાસ કરે તો એના સંદર્ભમાં પણ હાલ નિરીક્ષણ ચાલુ છે. રેપીડ એકશન ફોર્સ અને એસ.આર.પી. તૈયાર છે. ટેકનિકલ ઇન્ટેલીજન્સ અને સી.સી.ટી.વી.ના માધ્યમથી આ બધા વિસ્તારોની અંદર જો કોઇ શંકાસ્પદ લોકો તોફાન કરવાની માનસિકતાથી આવતા હોય તો એની પણ અમે હાલ પૂરેપૂરી નિગરાની રાખીએ છીએ. એમ આ રાજયની અંદર ખંભાત હોય, શાહપુર હોય, કાલુપુર હોય, દરિયાપુર હોય, ગુજરાતના કોઇપણ ખૂણે કોઇપણ લોકો ઉશ્કેરણી કરીને ગુજરાતને અશાંત કરવા માટેનો જો કોઇ પ્રયત્ન કરશે તો ગુજરાતની પોલીસ એની સામે કડકમાં કડક કાર્યવાહી કરશે એ હું સન્માનનીય સભાગૃહને ખાતરી આપું છું.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમંત્રી જયાં સુધી જોરજોરથી •(xxx) ત્યાં સુધી એમને સંતોષ થતો નથી. (અંતરાય) તમે તબિયત સાચવો શ્રી કૌશિકભાઇ, તમારે બીજે જવું પડયું છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : સામસામે ન હોય ભાઇ, પ્લીઝ.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, એક પણ ઘટના શાહપુરમાં કે કોટ વિસ્તારમાં અશાંતિની બની હોય તો એફ.આઇ.આર. કેમ નથી નોંધાઇ? કેમ આરોપીઓ નથી પકડાયા? ખાલી આક્ષેપો કરવા છે તમારે? આ સમિતિનો અવાજ રજૂ કરવાનો તમામને અધિકાર છે. સી.એ.એ. અને એન.આર.સી.નો વિરોધ કરીએ છીએ અને કરતા રહીશું. બંધારણે અધિકાર આપ્યો છે. ગાંધી ચીંધ્યા માર્ગે અહિંસક રીતે કરવાનો અધિકાર છે. તેને કોઇ રોકી શકે નહીં.(અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી ગ્યાસુદીનભાઇ, આપની વાત આવી ગઇ. એમનું માઇક બંધ કરો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું ડંકાની ચોટ ઉપર કહું છું. આ સભાગૃહની અંદર કહું છું. અમદાવાદ શહેરમાં જે તોફાનો શાહઆલમની અંદર કરાવ્યા હતા, એ કોંગ્રેસના કોર્પોરેટર દ્વારા કરાવવામાં આવ્યા હતા અને હજુ પણ જે લોકો કરી રહ્યા છે, એના ઉપર આગામી દિવસોમાં એને વીણીવીણીને જેલના હવાલે કરવામાં સરકાર ખચકાવવાની નથી. તેમના મનસુબા અમે કોઇપણ હિસાબે પૂરા થવા નહિ દઇએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, દર વખતે માનનીય પ્રદિપસિંહભાઇ મારા વિધાનસભા વિસ્તાર શાહઆલમની વાત કરે છે. હું આજે પણ વિધાનસભાગૃહ ઉપર, ફ્લોર ઉપર કહેવા તૈયાર છું અને ખાસકરીને કોંગ્રેસનું નામ દઇને કહે છે. તો હું ડંકાની ચોટ ઉપર કહેવા માગું છું કે, મારા કોર્પોરેટર શનીબાબાનો જો એમનો પથ્થર મારતો ફોટો લઇ આવો અને કોંગ્રેસના કોર્પોરેટરને ફાંસીના માચડે ચડાવો, હું તમારી સાથે છું. ફકતને ફકત રાજકીય રીતે કોંગ્રેસને બદનામ કરવા માટે કોંગ્રેસના કોર્પોરેટર સામે ૩૦૭ની કલમ લગાવી હતી. પહેલી વાત અને બીજી વાત હું રાજકીય અવલોકન નથી કરતો. જે રીતે શ્રી ગ્યાસુદીનભાઇએ, શ્રી પુનમભાઇએ, શ્રી ઇમરાનભાઇએ અને શ્રી પિરજાદાજીએ કહ્યું કે ખંભાતની અંદર તોફાનો થયેલ છે. એ ખંભાતના તોફાનોમાં જે મકાનોને નુકસાન થયું છે, જે લોકો મૃત્યુ પામ્યા છે, એનો જવાબ આપ્યો નથી. એનો જવાબ આપો તેવી વિનંતી છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી. માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા પહેલા તો જે લોકોએ આવું કૃત્ય કર્યું છે, તેને પકડીને જેલના હવાલે કરવા માટે અને રાજ્યમાં શાંતિ સ્થપાય તેના માટે પોલીસ તંત્રને કડકમાં કડક હાથે કાર્યવાહી કરવા માટેની સૂચના આપી છે અને ગુજરાતની અંદર આ પ્રમાણે કોઇપણ ઘટના બને તો એ ઘટનામાં જે દંગાઇઓ છે, જે આરોપીઓ છે, એની પાસેથી આ થયેલ નુકસાન વસૂલાત કરવા માટેની માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા ચકાસણી કરવા માટે વહીવટી તંત્રને સૂચના આપી દેવામાં આવી છે. એટલે ગુજરાતમાં શાંતિ એટલા માટે છે કે અમે પ્રબળ રાજકીય ઇચ્છાશક્તિના આધાર ઉપર શાસન કરીએ છીએ. માનનીય શૈલેષભાઇએ કહ્યું કે તમે ફોટો બતાવો તો જેણે *(xxx) બનાવવાનું હોય એ *(xxx) બનાવીને પોલીસ ધરપકડ કરે, પણ જેણે કાવતરું કર્યું હોય એનો ફોટો ન હોય શ્રી શૈલેષભાઇ. એ ૧૨૦ બી નો ભાગ છે. *(xxx) બનાવવા, દેખાવો કરવા, ધરપકડ કરી લેવી અને પાછળ તોફાનો કરવા એને શું કહેવાય? આ જ પ્રમાણે તમે શ્રી ગ્યાસુદ્દીનભાઇની વાત કરી. ભારત બંધના દિવસે એમના જ મત વિસ્તારમાં લકી રેસ્ટોરન્ટ પાસે એ.એમ.ટી.એસ.ના કાચ તોડવાનું કામ કોણે કર્યું હતું? આ બધી જ વસ્તુ જાણે છે. હું સન્માનનીય ગૃહને એક બાબતમાં સ્પષ્ટ કરવા માગું છું કે ગુજરાતની પોલીસની અંદર એક શંકા છે. ભલે શ્રી ઇમરામનભાઇ કહેતા હોય કે પોલીસની નિષ્ક્રિયતાના કારણે થયું હોય. શ્રી

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગ્યાસુદ્દીનભાઇ કહેતા હોય કે પોલીસની નિષ્ફળતાના કારણે થયું હોય. ગુજરાતના એક લાખ કરતા વધારે પોલીસ ગુજરાતની સાડા છ કરોડની પ્રજાને, તમારા ગમે તે મનસુબા હશે, પરંતુ ગુજરાતની શાંતિ સલામતિની અને સુરક્ષા માટે કટિબદ્ધ છીએ.

**પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ અને છેલ્લો દિવસ)**

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

**પૂરક માગણી ક્રમાંકઃ ૪૯**

**શ્રી**નીતિનભાઇ ર. પટેલ **(**નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગો સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૬,૮૪,૪૯,૬૦,૦૦૦/- ની પૂરક માગણી ક્રમાંક- ૪૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક-૪૯ રજૂ કરવામાં આવી .**

શ્રી અક્ષયકુમાર ઈ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**

**પૂરક માગણી ક્રમાંકઃ૧૦૨**

શ્રી નીતિનભાઇ ર. પટેલ **(**નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૦,૧૯,૪૪,૦૧,૦૦૦/- ની પૂરક માગણી ક્રમાંક- ૧૦૨ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક-૧૦૨ રજૂ કરવામાં આવી .**

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.**

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.**

**માર્ગ અને મકાન વિભાગ**

**પૂરક માગણી ક્રમાંકઃ૮૬**

શ્રી નીતિનભાઇ ર. પટેલ **(**નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગો અને પુલ સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મૂડી ખર્ચ માટેની રૂ. ૧,૯૮,૬૨,૯૯,૦૦૦/- ની પૂરક માગણી ક્રમાંક- ૮૬ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક-૮૬ રજૂ કરવામાં આવી .**

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.**

**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**પૂરક માગણી ક્રમાંકઃ ૭૧**

શ્રી નીતિનભાઇ ર. પટેલ **(**નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ સેવાને લગતી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મૂડી ખર્ચ માટેની રૂ. ૨,૫૭,૭૭,૦૦૦/- ની પૂરક માગણી ક્રમાંક- ૭૧ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક-૭૧ રજૂ કરવામાં આવી .**

શ્રી ભરતજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.**

**મહેસૂલ વિભાગ**

**પૂરક માગણી ક્રમાંકઃ૭૯**

શ્રી નીતિનભાઇ ર. પટેલ **(**નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કુદરતી આફત અંગેની રાહત સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૪,૮૦,૮૭,૭૩,૦૦૦/- ની પૂરક માગણી ક્રમાંક- ૭૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક-૭૯ રજૂ કરવામાં આવી .**

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.**

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.**

સન ૨૦૧૯-૨૦૨૦ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી મંગળવાર તા.૦૩-૦૩-૨૦૨૦
(બીજો અને છેલ્લો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાયેલ માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ અને છેલ્લો દિવસ)

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>**માગણી નં. ૪૯** | | |
| ૧ | ૨૮૫૨– ઉદ્યોગો<br>૮૦–સામાન્ય<br>૮૦૦– અન્ય ખર્ચ<br>૩૬– મોટા...સહાય<br>રૂ. ૬,૮૪,૪૯,૬૦,૦૦૦<br>પાના નં. ૫૪ | ૧૦૦ | GSTના અમલ બાદ ઔદ્યોગિક એકમોને મંજુર થયેલ પ્રોત્સાહનની રકમ ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જશુભાઇ પટેલ (અક્ષયકુમાર પટેલ) |
| ૨ | -- " -- | ૧૦૦ | ઔદ્યોગિક એકમના GSTના પ્રોત્સાહન અન્વયેની દાવા અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા (ડૉ. અનિલ જોષિયારા, ચંદ્રીકાબેન બારીયા) |
| | | **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**<br>**માગણી નં. ૧૦૨** | | |
| ૩ | ૨૨૧૭– શહેરી વિકાસ<br>૦૩–નાના...વિકાસ<br>૧૯૧–મહાનગરપાલિકાઓને સહાય<br>રૂ.૩,૮૪,૮૪,૦૨,૦૦૦<br>પાના નં. ૧૦૭ | ૧૦૦ | મહાનગરપાલિકાઓને અટલ મીશન હેઠળ સહાયો આપવા છતાં પ્રજાલક્ષી કામો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ (મહેશકુમાર પટેલ) |
| ૪ | -- " -- | ૧૦૦ | મહાનગરપાલિકાઓને પૂરતી સહાય આપ્યા પછી પણ નબળા કામો થાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિનભાઇ કોટવાલ (સંજયભાઇ સોલંકી) |
| | | **માર્ગ અને મકાન વિભાગ**<br>માગણી નં. ૮૬ | | |
| ૫ | ૫૦૫૪–માર્ગ...જોગવાઇ<br>૦૧–રાષ્ટ્રીયધોરી માર્ગો<br>૩૩૭– માર્ગ કામો<br>૧૧–મૂળકામો<br>રૂ. ૨,૦૦,૦૦,૦૦૦<br>પાના નં. ૯૨ | ૧૦૦ | રાષ્ટ્રીય ધોરી માર્ગની મરામત કામગીરીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ચંદનજી ઠાકોર (ગેનીબેન ઠાકોર) |
| | | **પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**<br>માગણી નં. ૭૧ | | |
| ૬ | ૬૨૧૬–આવાસન...લોન<br>૦૩–ગ્રામીણ આવાસન<br>૨૦૧–આવાસન બોર્ડને લોન<br>રૂ. ૨,૫૭,૭૭,૦૦૦<br>પાના નં. ૭૬ | ૧૦૦ | ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ હસ્તકની જમીનો પર આવાસ બાંધવાની કામગીરી કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભરતજી ઠાકોર (શ્રી કાન્તીભાઇ ખરાડી) |
| | | **મહેસૂલ વિભાગ**<br>માગણી નં. ૭૯ | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | ૨૨૪૫- કુદરતી...રાહત<br>૦૨-પૂર...વગેરે<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૬-નાના...સહાય<br>રૂ. ૧૯,૧૪,૧૭,૭૩,૦૦૦<br>પાના નં. ૮૨ | ૧૦૦ | ભારે વરસાદના કારણે નાના સીમાંત ખેડૂતોને સહાય સત્વરે ચુકવવામાં તેમજ થયેલ નુકશાન સામે યોગ્ય વળતર ચુકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેશભાઇ ગોહિલ (ગુલાબસિંહ રાજપુત) |
| ૮ | -- " -- | ૧૦૦ | કુદરતી આફતો સમયે જાહેર મિલકતોને થતા નુકશાનના સર્વેની કામગીરી ઝડપથી પૂર્ણ કરી મરામત કામગીરી હાથ ધરાય તેવુ આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કીરીટકુમાર પટેલ (ઇન્દ્રજીતસિંહ પરમાર) |
| | | **<u>પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ</u>**<br>માગણી નં. ૭૧ | | |
| ૬ | ૬૨૧૬-આવાસન...લોન<br>૦૩-ગ્રામીણ આવાસન<br>૨૦૧-આવાસન બોર્ડને લોન<br>રૂ. ૨,૫૭,૭૭,૦૦૦<br>પાના નં. ૭૬ | ૧૦૦ | ગુજરાત ગ્રામ આવાસ બોર્ડ હસ્તકની ખાલી જમીનો ઉપર આવાસ બાંધવાની કામગીરી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભરતજી ઠાકોર (શ્રી કાન્તીભાઇ ખરાડી) |
| | | **<u>મહેસૂલ વિભાગ</u>**<br>માગણી નં. ૭૯ | | |
| ૭ | ૨૨૪૫- કુદરતી...રાહત<br>૦૨-પૂર...વગેરે<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૬-નાના...સહાય<br>રૂ. ૧૯,૧૪,૧૭,૭૩,૦૦૦<br>પાના નં. ૮૨ | ૧૦૦ | ભારે વરસાદના કારણે નાના સીમાંત ખેડૂતોને સહાય સત્વરે ચુકવવામાં તેમજ થયેલ નુકશાન સામે યોગ્ય વળતર ચુકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેશભાઇ ગોહિલ (ગુલાબસિંહ રાજપુત) |
| ૮ | -- " -- | ૧૦૦ | કુદરતી આફતો સમયે જાહેર મિલકતોને થતા નુકશાનના સર્વેની કામગીરી ઝડપથી પૂર્ણ કરી મરામત કામગીરી હાથ ધરાય તેવુ આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કીરીટકુમાર પટેલ (ઇન્દ્રજીતસિંહ પરમાર) |

**અધ્યક્ષશ્રી :** શ્રી રાજેશભાઇ બહુ ધમાલ કરે છે સંતાઇ સંતાઇને હું જોઉં છું. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન માટે આજે બીજો અને છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠકનો સમય બપોરના ૧૨.૦૦ થી ૫.૦૦ વાગ્યા સુધીનો છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૪) મુજબ પૂરક માગણીઓના ચર્ચાના છેલ્લા દિવસે સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલાં એટલે કે ૪.૦૦ વાગ્યે માગણીઓ ઉપરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય. તદઅનુસાર બપોરના ૪.૦૦ વાગ્યે જે પૂરક માગણીઓ ઉપર ચર્ચા ચાલતી હશે તે તેમજ બાકીની બીજી બધી જ પૂરક માગણીઓ સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે. માનનીય હિંમતસિંહ પટેલ.

**શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ(બાપુનગર) :** માનનીય અધ્યક્ષશ્રી, આજે પૂરક માગણીઓ ઉપર શહેરી વિકાસ વિભાગ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતમાં શહેરી વિસ્તાર ખૂબ જ મોટા પ્રમાણમાં છે. આઠ મહાનગરપાલિકા અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જૂનાગઢ, જામનગર, ભાવનગર, ગાંધીનગર અને ૧૫૯ નગરપાલિકાઓ એવા અનેક વિસ્તારો જે છે એના શહેરીકરણનો ખૂબ જ વ્યાપ વધતો જાય છે. દિવસેને દિવસે મહાનગરપાલિકા તરફ લોકો માઇગ્રેડ થઇ રહ્યા છે અને અમદાવાદ શહેરમાં પણ આજે લગભગ ૭૦ લાખની વસતિ થઇ ગઇ છે. લોકોનું જીવન ધોરણ ઘણું બદલાઇ ગયું છે અને એના કારણે શહેરોમાં જે સમસ્યાઓ છે એ દિવસેને દિવસે વધારે જટિલ થતી જાય છે. સરકાર બજેટ આપે, બજેટમાં લાખો-કરોડો રૂપિયા પ્રજાજનોની સુખાકારી માટે ખર્ચવામાં આવે પણ લોકોની જે ફરિયાદો છે અને લોકોની જે મુશ્કેલી છે, લોકોની જે પરિસ્થિતિ છે એ દિવસેને દિવસે શહેરોમાં બગડતી જાય છે. આજે શહેરોમાં રહેતા નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી જોઇએ, ઉભરાતી ગટરોથી મુક્તિ જોઇએ, ઉબડ-ખાબડ અને તૂટેલા બિસ્માર રસ્તાઓની જગ્યાએ સારા રસ્તા જોઇએ આ તમામ બાબતોમાં ક્યાંકને ક્યાંક વહીવટી તંત્ર નિષ્ફળ ગયું છે અને ઘણી વખતે તો એવી ઘટના બને છે કે નામદાર કોર્ટે પણ ગંભીરતા લઇને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને અને મહાનગરપાલિકાઓને આદેશો આપ્યા છે. જયારે આવી પરિસ્થિતિમાં

સરકાર જુદી જુદી જાહેરાતો કરે એ જુદી વાત છે પણ જાહેર હિતમાં કામ કરે એ ખૂબ જરૂરી છે. એક સમય એવો હતો કે જૂના સમયમાં રાજા-મહારાજાઓનું રાજ હતું પણ રાજા-મહારાજા વેશ પલટો કરીને નગરચર્યા કરવા નિકળતા અને નાગરિકોની શું પરિસ્થિતિ છે એની ગુપ્ત માહિતી મેળવીને વાચા આપતા હતા. આજે પરિસ્થિતિ કાંઇક જુદી છે, લોકો આંદોલન કરે, લોકો પોતાના હક્ક અને અધિકારો માટે રજૂઆત કરે અને છાપા અને મીડિયાના માધ્યમથી સરકાર અને તંત્રનું ધ્યાન આકર્ષિત કરવામાં આવે પણ બહુ દુઃખ સાથે કહેવું પડે છે કે આજે ફરિયાદો હતી ત્યાંની ત્યાં જ રહે છે. આજે આપણે જોઇએ છીએ કે શહેરોમાં દર વર્ષે ખૂબ જ મોટી સંખ્યામાં પાણીજન્ય રોગચાળો ફાટી નીકળે છે. પોલ્યુશનવાળું પાણી હોય, ગટર અને પીવાનું પાણી મિશ્રિત થયું હોય અને એના કારણે હજારો માણસો મોતના મુખમાં ધકેલાય છે અને મોટી સંખ્યામાં હજારો માણસો બિમાર પડે છે. કોઇને જોઇન્ડીસ થાય, કોઇને ટાઇફોઇડ થાય, કોઇને ઝાડા ઉલ્ટી થાય, મેલેરિયાના રોગો, સ્વાઇન ફ્લુના રોગો દિવસે દિવસે શહેરોમાં વધતા જાય છે અને ભરડો લેતા જાય છે. આપણે અમલ કરીએ છીએ પણ એ અમલ પ્રજામાં ક્યાંય દેખાતો નથી અને આજે વારંવાર શહેરોમાં આપણે જોઇએ છીએ કે રોડ રસ્તા ઉપર ડ્રેનેજ લાઇનો ઉભરાવા અંગેની લોકોની ફરિયાદો આવતી હોય અને ઘણી વખતે પ્રજા અને વહીવટી તંત્ર વચ્ચે આને કારણે ઘર્ષણ પણ થતું હોય છે અને મારા-મારી અને પોલીસ ફરિયાદ પણ થતી હોય છે અને લોકોએ અને અધિકારીઓએ એના માટે પોલીસ સ્ટેશન સુધી જવું પડે, કોર્ટમાં જવું પડે એવી પરિસ્થિતિ નિર્માણ થતી હોય છે. આવી પરિસ્થિતિમાં આપણે લોકો માટે શું વ્યવસ્થા કે સુવિધા કરવા માગીએ છીએ? આપણે વિદેશ પ્રવાસમાં જોઇએ છીએ, સ્ટડી કરીએ છીએ, ત્યાંના લોકો અહીં આવતા હોય છે અને આપણા ઉપર એ સ્ટડી કરતા હોય છે પણ આજે આપણે ત્યાં મોટા શહેરોમાં સારા ટાઉન પ્લાનરો નથી, સારા સિવિલ એન્જિનિયર કે સીટી એન્જિનિયર હોય કે જે શહેરને એક સારું વહીવટી તંત્ર આપી શકે, સારી સુવિધા આપી શકે એવા એન્જિનિયરો નથી. મારી ખાસ વાત એ છે કે આ લાખો કરોડો રૂપિયાનો ખર્ચ કર્યા પછી માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી ખૂબ જ અનુભવી છે ત્યારે મારી એક જ વિનંતી છે કે, આ ખૂબ જ સંવેદનશીલ વિષય છે ત્યારે વહીવટી તંત્ર ઉપર ખૂબ જ અંકુશ હોવો જોઇએ અને જવાબદારી નક્કી કરવી પડે. ગેરવહીવટને ભ્રષ્ટાચારના કારણે ઘણા કામો છે એ કામોમાં બહુ ગેરરીતિ થાય છે અને રોડ-રસ્તાના કામોમાં ખૂબ પૈસા વપરાય છે પણ એની અસર દેખાતી નથી ત્યારે એની ઉપર સરકાર અંકુશ કરે.

**( વિરામ ૨.૩૦થી ૩.૦૦ )**

**સભાપતિ શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રીની જાહેરાત

વિશ્વ વન્યજીવ દિવસ અંગે સભ્યશ્રીઓને પુસ્તકો આપવા અંગે

**સભાપતિશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે. વન વિભાગ તરફથી આજે આમ ત્રીજી માર્ચ વિશ્વ વન્યજીવ દિવસ છે તો એ નિમિત્તે ગીર ફાઉન્ડેશન દ્વારા પ્રકાશિત ગુજરાતની પ્રાકૃતિક વિરાસત તથા ગુજરાતની ગરિમા સારસકુંજ અને કરકરા આવા બે સરસ પુસ્તકો દરેક માનનીય ધારાસભ્યશ્રીના પીજીયન બોક્સમાં મૂકવામાં આવેલ છે આ પુસ્તક ખરેખર ખૂબ સરસ અને સુંદર છે અને આજીવન આપણી સાથે રાખવામાં આવે એવા પુસ્તકો મૂકવામાં આવેલ છે, આપ સૌ એને વાંચશો અને નિહાળશો તેવી વિનંતી.

નેક્સ્ટ માનનીય અરવિંદભાઇ પટેલ.

**શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ ઉદ્યોગ અને ખાણ વિભાગની પૂરક માગણી નંબર-૪૯ જે સન્માનનીય ગૃહમાં લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા અને તેને સમર્થન આપવા માટે ઉભો થયો છું. ગુજરાતની જનતાએ વર્ષ ૧૯૯૫થી અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર એટલે અમારા પક્ષને ગુજરાતનો સર્વાંગી વિકાસ થાય અને ગુજરાત દેશની અંદર એક રોડ મોડેલ બને તેના માટે સતત પચ્ચીસ પચ્ચીસ વરસથી આ રાજ્યની અંદર શાસન માટેની ધૂરા સોંપી છે. આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાન એવા માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું એક સૂત્ર છે, સૌનો સાથ સૌનો વિકાસ અને એની સાથે સાથે સૌનો વિશ્વાસ. એને ચરિતાર્થ કરવા માટે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર હરહંમેશ પ્રયત્નશીલ છે. જે રાજ્યની અંદર વિકાસ એટલે કે રોડ, રસ્તા, વીજળી, કૃષિ, ઉદ્યોગ, પાણી, આરોગ્ય, શિક્ષણ, શાંતિ અને સલામતિ જેવો સર્વાંગી વિકાસ હોય એ રાજ્ય આગળ હરણફાળ ભરતું હોય છે. આ સુવિધાઓની ઉપલબ્ધી માટે દેશ અને વિદેશના ઉદ્યોગપતિઓ જ્યાં આ સંપૂર્ણ સગવડો મળતી હોય એવા રાજ્યની અંદર પોતે ઉદ્યોગધંધો સ્થાપવા માટે હરહંમેશ તત્પર હોય છે અને ગુજરાતની અંદર એ સૌથી પહેલાં પસંદગી ઉતારે છે. એનાથી પણ વિશેષ આગળ વાત કરીએ તો આપણા ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વર્ષ ૨૦૦૩ની અંદર ગુજરાત એક રોલ મોડેલ બને એના માટે વાયબ્રન્ટ ગુજરાતની યોજના અમલમાં મૂકી હતી. આજે મને કહેતા આનંદ થાય છે કે વાયબ્રન્ટ ગુજરાતના આધારે ગુજરાતે ઉદ્યોગોની અંદર હરણફાળ ભરી છે. એનાથી વિશેષ વાત કરું તો એમાં અનેક ઉદ્યોગ સાહસિકોએ ગુજરાતની અંદર ઉદ્યોગધંધા સ્થાપવા માટે એમ.ઓ.યુ. કર્યા હતા. ગુજરાતમાં ૧૦૦ ટકા વિશ્વાસ સાથે ઉદ્યોગની એક આગવી ઓળખ ઉભી થઇ છે. આજે આ એમ.ઓ.યુ.ના આધારે અને વાયબ્રન્ટ ગુજરાતના આધારે ગુજરાતની અંદર ઓટોમોબાઇલ હબ ઉભું થયેલ છે. આ ઓટોમોબાઇલ ઉદ્યોગમાં સમગ્ર દેશની અંદર ગુજરાત પ્રથમ નંબરે છે. ગુજરાતમાં અનેક એવી યોજનાઓ પણ અમલમાં મૂકી

છે. આ રાજ્ય સરકારે અનેક ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા માટે, ડેવલપમેન્ટ માટે, અનેક વ્યાજ, સબસિડીની સાથે સાથે જે પ્રમાણેની જરૂરિયાત હોય તે પ્રમાણેના ઉદ્યોગોમાં આગળ વધે એના માટેની યોજના અમલમાં મૂકી છે. તાજેતરમાં જ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના અધ્યક્ષસ્થાને ગુજરાતમાં એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગ સ્થાપવા માટે એક વટહુકમ બહાર પાડેલ છે અને એ રીતે એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગ સ્થાપવા માટે પ્રોત્સાહન આપેલ છે.

**શ્રી વિક્રમભાઇ અ. માડમ(ખંભાળીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, ખાણ અને ખનિજ વિભાગ માટે મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. આજે જ્યારે ખાણ ખનિજની વાત કરું તો મારા વિસ્તારની અંદર બોકસાઇટનો બહુ વિપુલ પ્રમાણમાં જથ્થો છે અને ઘણી બધી કંપનીઓને લીઝ આપી છે. આજે પરિસ્થિતિ એ છે કે, તેમની જે રોયલ્ટી હતી તે ૧૨૦ રૂપિયા હતી. હમણાં કમિટીએ કંઇ નિર્ણય કર્યો અને તેના હિસાબે રોયલ્ટી ૧૨૦માંથી ૫૬૦ રૂપિયા થઇ ગયા. દરરોજ મારા વિસ્તારમાંથી અંદાજીત સરકારને એક કરોડ રૂપિયાની રોયલ્ટીની આવક હતી તે છેલ્લાં ૧૪-૧૫ મહિનાથી આ રોયલ્ટીની આવક બંધ થઇ તેની સાઇડ ઇફેકટ પણ થઇ કે લીગલી માલ ના જતાં બોકસાઇટ માફીયાઓને ખુલ્લી છૂટ મળી ગઇ અને ચોરીનું પ્રમાણ પણ વધી ગયું. મજદૂરો બેકાર થયા, સરકારની આવક બંધ થઇ, રોયલ્ટીનો જે ભાવ-વધારો કરવામાં આવ્યો છે તે મંત્રીશ્રીને આપના માધ્યમથી વિનંતી કરૂં છું કે આ રોયલ્ટીનો જે ભાવ-વધારો છે તે પાછો ખેંચવામાં આવે તો જે જેન્યુઇન ઉદ્યોગપતિઓ છે તે કામ કરી શકે, લોકોને રોજીરોટી મળી શકે અને આ માફીયાઓ બેનંબરી જે કામ કરે છે તે બેનંબરી કામ પણ બંધ થાય. રેતી ચોરીનું પ્રમાણ મારા બન્ને જિલ્લાઓમાં દેવભૂમિ જિલ્લો અને જામનગર જિલ્લામાં એટલું બધુ વધી ગયું છે ખાસકરીને જોડીયાની અંદર રેતી ચોરીનું દૂષણ એટલું બધું છે, વચ્ચે તો એક બનાવ એવો બન્યો કે પોલીસ અને ખાણ ખનિજ અધિકારીઓએ રેડ કરી, માણસ ભાગીને નદીમાં પડયો અને માણસ મરી ગયો. આવા બનાવો ના બને તેટલા માટે ત્યાં યોગ્ય પગલાં લેવાવા જોઇએ અને રોયલ્ટીની આવક છે તે સરકારની તિજોરીમાં જવી જોઇએ. દેવભૂમિ દ્વારકાની અંદર લાંબા બંદરની બાજુમાં નાવદ્રા કરીને ગામ છે. વારંવાર બે-બે હજાર લોકોએ ટોળાં સાથે નીકળીને સરકારશ્રીને રજૂઆત કરી, આવેદનપત્ર આપ્યા રેતી માફીયાઓ એટલા બધા બેફામ છે કે ખેડૂતોની જમીનો ડૂબી ગઇ અને સમુદ્રનું પાણી ગામની અંદર પાણી આવવા લાગ્યું છતાંપણ તંત્ર કોઇપણ જાતના પગલાં લેતું નથી. આ પરિસ્થિતિની અંદર જો સરકાર આવા જેન્યુઇન પ્રશ્નોની અંદર ધ્યાન ના આપે અને ખનિજ ચોરો અને માફીયાઓને મોકળું મેદાન મળે તો જે જેન્યુઇન લોકો છે, જે ખેડૂતો છે, જે ગામવાસીઓ છે તેના ગામની અંદર ખેતીની જમીન બરબાદ થઇ હોય અને ગામની અંદર સમુદ્રનું પાણી આવી જાય ત્યાં સુધી બે-બે હજારના ટોળાંઓ આવેદનપત્ર આપે, આંદોલન કરે અને કોઇ નિરાકરણ ના આવે તો એમના માટે પણ આપણે વિચારવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, રહી ઉદ્યોગોની વાત તો જામનગર જિલ્લાની અંદર મહાકાય ઉદ્યોગો છે દેવભૂમિ અને જામનગર બન્નેની વચ્ચે સ્થાનિક લોકોને રોજીરોટી મળવી જોઇએ. એના માટેના પ્રશ્નો વારંવાર ઉદભવે છે. આ મહાકાય કંપનીઓ બહારથી મજદૂરોને લઇ અને સામાન્ય રીતે અહીંયા પરપ્રાંતિય શબ્દ આપણે ત્યાં વપરાય છે. આવા લોકો અહીંયા મોટા પાયે કામ કરે છે. જેથી સ્થાનિક લોકોને રોજગાર મળતો નથી. સંકલનની મિટિંગ મળે છે, સંકલનની મિટિંગની અંદર મારે ત્યાં ન્યારા કંપની છે તેનું જૂનું નામ એસ્સાર હતું. (સમય-સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો ત્રણ જ મિનિટ થઇ છે, મારી સાત મિનિટ છે.

સભાપતિશ્રી : જી, આપની એક જ મિનિટ બાકી છે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહું છું આપ જોઇ લો.

સભાપતિશ્રી : પ્રૉરેટા પ્રમાણે જે થયું છે તે અહીંયા આવે છે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : એવું છે.

સભાપતિશ્રી : આપના દંડકે આપ્યું છે તે પ્રમાણે છે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, કંપનીને પૂછવામાં આવ્યું કે આપની કંપનીમાં કેટલા લોકો કામ કરે છે તો કહે ૮૭ ટકા, ઓ.કે તમે તેના નામ આપો. તો કહે નામ ના આપી શકાય. હવે નામ ના આપી શકાય તો કયા ગામના કેટલા લોકો કામ કરે છે તે તો જણાવવું પડે અને નામ વિના કેવી રીતે નક્કી થાય કે કયા ગામના કેટલા લોકો છે? આ રીતે કંપનીઓ આ બધા વાંધા-વચકાઓ લઇને જેમનું પણ પીઠબળ તેમને મળતું હોય તેમને મુબારક. અમારી વાત તો એટલી છે કે સ્થાનિક લોકો કે જેમની જમીનો કંપનીમાં ગઇ છે, જેમની રોજીરોટી ગઇ છે, તેમને નોકરી મળવી જોઇએ એવા જરૂરિયાતમંદ લોકોને નોકરીઓ મળતી નથી, એમની સામે આંદોલનો થાય છે ત્યારે તેઓ લેખિતમાં ખાતરી આપે છે કે અમે નોકરી આપીશું.

શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી માગણી નંબરઃ૮૬ લઇને આવ્યા છે, તેને સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગની વર્ષ ૨૦૧૯-૨૦ની બજેટની જોગવાઇમાં વિકાસના કામો માટેની વધારાની માગણી કરેલ છે. સૌનો સાથ અને સૌનો વિકાસના મંત્ર સાથે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર કામ કરી રહી છે. ત્યારે માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજયના ધોરી રસ્તાના માર્ગોનું બાંધકામ કરવામાં આવે છે. પ્રગતિપથ યોજના, બંદરોને જોડતા રસ્તા, ઔદ્યોગિક વિસ્તારો અને યાત્રાધામોને જોડતા, જિલ્લાને જિલ્લા મથક સાથે જોડતા, પહોળા કરવાના

રસ્તા, કિસાનોના ખેત ઉત્પાદનના વહન માટે કિસાનપથ યોજના, છેલ્લા થોડાક વર્ષથી ખૂબ લોકપ્રિય બનેલી મુખ્યમંત્રીશ્રી સડક યોજના પણ ગુજરાતમાં અને આ યોજનાથી આદિવાસી વિસ્તારમાં કામ થયું છે અને બધાને રસ્તાનો લાભ મળ્યો છે. ૧૧,૦૪, ૪૧૨ કિલોમીટરના એક્સપ્રેસ અને રાજયના ધોરી માર્ગનું કામ થયું છે. ટ્રાફિકનું પ્રમાણ વધતાં, ટ્રાફિકને અનુરૂપ રસ્તા બનાવવાના અને રસ્તા પહોળા કરવાનું આયોજન આ સરકારે કર્યું છે.

ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી, ડાકોર, પાવાગઢ, પાલીતાણા, સોમનાથ, દ્વારકા વગેરે પગદંડી સહિતના ચાર માર્ગીય રસ્તાઓ બનાવવાની કામગીરી પણ કરી છે. સુવિધાપથની યોજનામાં પણ ખૂબ સારું કામ થાય છે. રસ્તાની લંબાઇમાં પાણીના નિકાલના કારણે રસ્તા એમાંયે ડામર સપાટીના રસ્તાને થતા નુકસાનને નિવારવા સરળ બારમાસી વાહન વ્યવહાર માટેના રસ્તાઓ ૫ થી ૭ મીટર પહોળા કરવાનું આ સરકાર કામ કરી રહી છે. આ યોજના અન્વયે ૨૨૯૩ ગામો માટે ૯૧૯ કરોડ રૂપિયાની ફાળવણીનાં કામો મંજૂર કરેલ છે. મારા મત વિસ્તારમાં બોડેલી તાલુકા મથકમાં રૂ.૪૫૦ લાખના ખર્ચે બે કિલોમીટરના રસ્તાઓ ફૂટપાથ સહિત ચારમાર્ગીય પહોળા કરવાની કામગીરી પૂર્ણ થયેલ છે. ચાંણોદ-રતનપુર રૂ.૭૪૦ના ખર્ચે સાત મીટર રસ્તો પહોળો કરવાની કામગીરી પણ પૂર્ણ થયેલ છે. પંચાયત વિભાગમાંથી તબદીલ થયેલ સંખેડા, માક્રીમ, બોડેલી, ૧૭ કિલોમીટરનો રસ્તો રૂ.૧૦ કરોડનો મંજૂર કરેલ છે, જેનું કામ પ્રગતિમાં છે. નસવાડી- ભાકા રોડ ૧૭૫૦ લાખ રૂપિયાના ખર્ચે થયો છે. કોસીંદ્રા- ચીખોદ્રા પુલને પણ ૧૨ કરોડ રૂપિયાના ખર્ચની મંજૂરી મળી છે. આદિવાસી વિસ્તારમાં આ રસ્તાઓની કામગીરી શરૂ થઇ છે. આ પૂરક માગણી લઇને આવ્યા છે, તેને મારું સમર્થન કરું છું.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**વિભાગની ચર્ચા દરમ્યાન સંબંધિત મંત્રીશ્રીએ સભાગૃહમાં હાજર રહેવા અંગે**

શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાગૃહની એક પ્રણાલી રહેલી છે કે ભૂતકાળના અધ્યક્ષશ્રીના રૂલિંગ પણ છે. જયારે પૂરક માગણીઓ અથવા માગણીઓ પરની ચર્ચા થતી હોય ત્યારે એ વિભાગના મંત્રીશ્રીએ વિધાનસભા ગૃહમાં હાજર રહેવું ખૂબ જરૂરી છે. રિશેષ પૂરી થયા પછી ૧૩ મિનિટ જેટલો સમય થઇ ગયો છે અને પૂરક માગણીઓ પર ચર્ચા થઇ રહી છે ત્યારે રાજયના નાણાંમંત્રીશ્રી જયારે હાજર નથી ત્યારે મારી આપને વિનંતી છે કે આ બાબતમાં આપ નાણામંત્રીશ્રીને બોલાવીને ધ્યાન દોરો. કારણ કે પૂરક માગણીઓની ચર્ચામાં સભ્યશ્રીઓ જે ચર્ચા કરી રહ્યા છે એની એમની રજૂઆતોની લેખિતમાં નોંધણી આજે પોતે હાજર ન હોવાના કારણે કોણ કરે? એટલા માટે હું માનું છું કે જયાં સુધી રાજયના નાણામંત્રીશ્રી હાજર ન રહે ત્યાં સુધી આ ચર્ચા બંધ રાખવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, એવું મારું સ્પષ્ટ માનવું છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દ્વારા જે મુદ્દો ઉપસ્થિત કર્યો એમાં અમે ટ્રેઝરી બેન્ચવાળા, we represent the Government, માનનીય નાણામંત્રીશ્રી અમને કહીને ગયા છે. મારા સાથી મંત્રીશ્રી નોંધ કરી રહ્યા છે. એટલે જે તે વિભાગના માનનીય અધ્યક્ષશ્રી, કોઇ વખત આવું બનતું હોય છે કે જે તે વિભાગના મંત્રી હાજર ન હોય તો એમના વતી બીજા મંત્રી ઉભા થઇને કાર્યવાહી કરતા હોય છે. એટલે એવું જરૂરી નથી કે અને તેઓશ્રી થોડીવારમાં જ આવે છે, એટલે એટલા સમય પૂરતું એ ગૃહની કાર્યવાહી બંધ રાખવી એ ઉચિત નથી. અહીં નોંધ થાય જ છે.

શ્રી શૈલેષભાઇ પરમાર : અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોમાં પાના નંબર ૪૧ ઉપર અધ્યક્ષશ્રીનું રૂલિંગ છે, એ વખતે તા. ૨૧ માર્ચ ૨૦૦૨ના રોજ શિક્ષણ મંત્રી તથા નાગરિક પુરવઠા મંત્રીશ્રીએ માગણીઓ રજૂ કરી તેમાં શ્રી ગુણવંતભાઇ મકવાણા ચર્ચામાં ભાગ લેવા ઉભા થયા ત્યારે નાગરિક પુરવઠા મંત્રીશ્રી ગૃહમાં ગેરહાજર રહેવાના કારણોસર તે વખતના અધ્યક્ષશ્રીએ રૂલિંગ આપેલું છે કે માનનીય નરહરીભાઇની વાત સાચી છે કે જયારે જે વિભાગની માગણીઓ હોય ત્યારે તેના મંત્રીશ્રીએ ચોક્કસપણે હાઉસમાં હાજર રહેવું જોઇએ પરંતુ તેઓ એકાદ બે મિનિટ માટે બહાર ગયા હોય અને તેમના સિનિયર મંત્રીશ્રીને કહીને ગયા હોય, દરેક મંત્રીશ્રીઓને ખાસ સૂચના છે કે જયારે જયારે વિભાગની ચર્ચા હોય ત્યારે આ પ્રણાલિ ખોટી છે. પંદર મિનિટનો સમય ગયો સોળ મિનિટ પછી માનનીય નાણા મંત્રીશ્રી આવ્યા છે. વિધાનસભા જયારે નિયમોથી ચાલતી હોય ત્યારે દરેક મંત્રીશ્રીએ હાજર રહેવું જોઇએ એ વિધાનસભાના નિયમોમાં લખેલું છે.

સભાપતિશ્રી : આમાં એક જ વિભાગની માગણી હોય તો આ વાત હું ગ્રાહ્ય રાખત. પણ ૩-૪ વિભાગની માગણીઓ છે અને ૩ મંત્રીશ્રીઓ બેઠા છે અને નોંધે છે. માટે આગળ વધીએ.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. ગુજરાતમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે સમગ્ર ગુજરાતની અંદર અલગ અલગ જિલ્લાઓમાં અલગ અલગ તાલુકાઓમાં જી.આઇ.ડી.સી.ઓ બનાવવામાં આવી, આ જી.આઇ.ડી.સી.ઓમાં વિશ્વમાં સૌથી મોટી જી. આઇ. ડી. સી. અંકલેશ્વરથી લઇને મોટા ભાગની જી.આઇ.ડી.સી. કોંગ્રેસના સમયમાં બનાવવામાં આવી હતી. ગઇ કાલે મંત્રીશ્રીએ જવાબ આપ્યો ત્યારે દુ:ખ થયું કે હવે કોઇ રોકાણ કરવા આવતું નથી. એના કારણે નવી જી.આઇ.ડી.સી.ઓ બનતી નથી. ગતિશીલ ગુજરાત છે, વિકાસશીલ ગુજરાત છે તો આ વિકાસશીલ ગુજરાતમાં કોઇ નવા રોકાણો ન આવે અને જે નવા તાલુકાઓ છે અને જેની વર્ષોથી માગણીઓ છે, નવી જી.આઇ.ડી.સી.ઓ બનાવવાની, તે વિસ્તારોમાં આજે પણ જી.આઇ.ડી.સી. ની ઝંખના અને માગણી છે. ઘણા બધા

મંત્રીશ્રી પાસે પણ રજૂઆત કરીએ છીએ અને નાણા મંત્રીશ્રી પાસે પણ રજૂઆત કરી છે કે અમારા વિસ્તારની અંદર ઉદ્યોગો આવે, અમારા વિસ્તારનો વિકાસ થાય. પણ આ કોંગ્રેસે જે જી.આઇ.ડી.સી. બનાવી એ સિવાય આ સરકારની કોઇ એવી સિદ્ધિઓ નથી. એ જે ઉદ્યોગો લાવ્યા, ટાટા લાવ્યા કે મારુતી સુઝુકી કે જેટલા લાવ્યા તેની અંદર આજે ગુજરાતના યુવાનોને રોજગારી મળતી નથી. મંત્રીશ્રીએ એમના જવાબમાં પણ કહ્યું છે કે ૮૫ ટકા સ્થાનિક રોજગારી મળવી જોઇએ, પણ આજે એ મળતી નથી. શા માટે આ ઉદ્યોગો માટે પૈસાની લ્હાણી કરીએ છીએ? ટાટાને ૩૩ લાખ કરોડ રૂપિયા અને મફત જમીનો આપીએ અને ગુજરાતના યુવાનોને રોજગારી ન મળતી હોય ત્યારે ઉદ્યોગ નીતિ બનાવી છે, એમાં કયાંક ફેરવિચારણા કરવી જોઇએ. ગુજરાતના યુવાનોને પ્રોત્સાહન અને રોજગારી ન મળતી હોય તો શા માટે આ ઉદ્યોગોને આટલી લ્હાણી કરવામાં આવે છે?

મહેસૂલ વિભાગની વાત કરીએ તો હું મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું કે એમણે સ્વીકાર્યું કે સૌથી મોટો ભ્રષ્ટાચાર થતો હોય તો એ મહેસૂલ વિભાગમાં થાય છે. એ માટે એમને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. આજે હું મારા જિલ્લાની વાત કરી લઉં. બનાસકાંઠામાં રી-સરવેની જે અરજીઓ થઇ અને માપણી થઇ એની અંદર ૬૦ હજાર કરતા પણ વધુ ખેડૂતોની જમીનો ઓછી થઇ છે. આટલો મોટો આંકડો ગુજરાતમાં કોઇ જગ્યાએ નથી. ૬૦ હજાર ખેડૂતોની જમીન ઓછી થઇ છે. પણ ઘણા બધાની, સરકારના નજીકના માણસોની, જમીન માફીયાઓની જેની પણ જમીનો વધી છે એ લોકોએ તો અરજીઓ કરી નથી. ગૌચરની બાજુમાં જમીનો આવેલ છે અને એક એકર બે એકર કે પાંચ એકર જેટલી જમીનો વધી છે તે લોકોએ તો અરજીઓ કરી નથી. એટલે ઓછામાં ઓછી એક લાખ કરતા પણ વધુ (હજુ તો બે જ મિનિટ થઇ છે) આવા બધા પ્રશ્નો છે. શહેરી વિસ્તારની વાત કરું તો નગરપાલિકા વિસ્તારમાં નવા રાહતના પ્લોટ ગરીબોને આપવામાં આવતા નથી. માર્ગ અને મકાનની વાત કરીએ તો કોંગ્રેસ પાર્ટીએ કલમ-૪ અને ૬નું જાહેરનામું બહાર પાડી પાડીને ઓછામાં ઓછા દસ હજાર કિલોમીટરના રોડ રસ્તા બનાવ્યા પણ ભાજપની સરકારના ૨૫ વર્ષના શાસનમાં કલમ-૪ અને ૬નું જાહેરનામું બહાર પાડીને એક હજાર કિલોમીટરના રસ્તા બનાવ્યા હોત તો પણ એમને અભિનંદન આપત. આટલા બધા રૂપિયા વપરાય છે પરંતુ જે વિસ્તારમાં રોડ રસ્તાની જરૂર છે ત્યાં બનતા નથી. શહેરી વિસ્તારો છે એમાં ટાઉનહોલ બનાવવા જોઇએ, સ્પોર્ટસના કોમ્પ્લેક્ષો બનાવવા જોઇએ એ બનતા નથી. ત્યારે જે પૂરક માગણી લઇને આવ્યા છે એમાં મેં મારા વિચારો રજૂ કર્યા છે.

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું અને એને અનુમોદન આપું છું.

અગાઉની સરકારોમાં જયારે કુદરતી આપતિઓ આવતી હતી પછી એ ભારે વરસાદ હોય, વાવાઝોડું હોય ત્યારે જે કંઇ કેશ ડોલ્સ આપવામાં આવતી હતી એ નહિવત પ્રમાણમાં આપવામાં આવતી હતી. પરંતુ આપણા મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાતમાં છેવાડાના ખેડૂત અને છેવાડાના વ્યકિતના અનુસંધાનમાં જયારે કુદરતી આપતિ આવે ત્યારે ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના ઠરાવ તા.૨૭-૪-૨૦૧૫ અને તા.૫-૮-૨૦૦૬થી કુદરતી આપતિ જેવી કે ભારે વરસાદ, પૂર, વાદળ ફાટવું, વાવાઝોડું, દુષ્કાળ, સુનામી, જમીન ધસી પડવી, હિમ પ્રપાત, કરાની વૃષ્ટિ, ઠાર, શીત લહેર, જીવાતનું આક્રમણ, આગ અને આકાશી વીજળીથી થતાં નુકસાનની સહાય માટેના ધોરણો કે જે વ્યકિત મૃત્યુ પામે એને રૂપિયા ૪ લાખ સુધીની સહાય આપવામાં આવે છે. જેનું મકાન સંપૂર્ણ રીતે નાશ થાય એને લગભગ રૂપિયા ૯૫ હજારથી એક લાખ સુધીની સહાય આપવામાં આવે છે. આંશિક નુકસાન થાય એને પણ સહાય આપવામાં આવે છે અને છેવટે ઝૂંપડા જે ગરીબ લોકો છે એને નુકસાન થાય તો એને પણ સહાય આપવાનું નક્કી કરેલ છે. કોઇ કેસની અંદર અપંગતાની અંદર ૪૦ થી ૬૦ ટકા હોય તો એમાં રૂપિયા ૫૯ હજાર અને ૬૦ ટકાથી વધારે અપંગતા હોય એને રૂપિયા બે લાખ સુધીની સહાય ગુજરાત સરકાર તરફથી આપવામાં આવે છે. દૈનિક સહાય પણ આપવામાં આવે છે. પશુ મૃત્યુ જો થાય તો દૂધાળા ઢોર માટે રૂપિયા ૩૦ હજાર સુધી અને બિન દૂધાળા ઢોરને ૨૫ હજાર રૂપિયા સુધીની સહાય ચૂકવવામાં આવે છે. ખેડૂતોની પણ જયારે ચિંતા આ રાજય સરકાર કરે છે ત્યારે એ કૃષિ ક્ષેત્રે પણ જો નુકસાન થયેલ હોય તો બે હેકટર સુધી એટલે કે ૧૨ હજાર રૂપિયા અને લેન્ડ સ્લાઇડ અને નદીનું વહેણ બદલાય તો રૂપિયા ૩૭,૫૦૦ આ પ્રમાણે સહાયના જુદા જુદા ધોરણો છે એ પ્રમાણે ચૂકવવામાં આવે છે. ગયા વર્ષે પણ જે કુદરતી આપત્તિમાં જાહેર મિલકતોને ભારે વરસાદથી નુકસાન થયેલ હતું, એવા રોડ, રસ્તા અને પુલો માટે એસ.ડી.આર.એફ. તરફથી રૂપિયા ૨૪૮ કરોડની માતબર રકમની માગણી કરીને ૬૨૩૯ રસ્તાઓને નુકસાન થયું હતું એને તાત્કાલિક ધોરણે લગભગ ૨૨,૩૮૧ કિલોમીટરની લંબાઇવાળા રસ્તાને રાજય સરકારે મરામત કરેલ છે. એની સાથે સાથે ભારે નુકસાનથી રાજયની નર્મદા જળ સંપતિ વિભાગમાં જે કોઇ વિભાગો છે એમાં ૬૮ મધ્યમ અને ૯૮૦ નાની સિંચાઇ યોજનાઓ એમાં ૨૩ જિલ્લામાં લગભગ રૂપિયા ૧૨ કરોડ અને ૬૮ લાખ રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરી એને પણ સત્વરે સિંચાઇની ક્ષમતામાં વધારો કરીને રાજય સરકારે કામ કરેલ છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભી થઇ છું.

માનનીય કૃષિ મંત્રીશ્રી અને ઉર્જા મંત્રીશ્રીએ બજેટની અંદર ૧ લાખ ૧૧ હજાર ૮૮ કૃષિ વિષયક વીજ જોડાણ આપવા માટેની વાત કરી છે એ ખૂબ જ સારી બાબત છે. પરંતુ હજી બનાસકાંઠાની અંદર આજની તારીખે ૧૯ હજાર વીજ જોડાણ

આપવાના બાકી છે. ઉર્જા મંત્રાલય મારફત એવો દાવો કરવામાં આવે છે કે વાર્ષિક ૨૫ હજાર મેગાવોટ વીજળી ઉત્પન્ન કરતું ગુજરાત એ ભારતનું નહિ પરંતુ વિશ્વનું સૌથી મોટું રાજય બનશે. આવું થવાનું હોય ત્યારે ખૂબ અભિનંદન કહેવાય અને વારંવાર મંત્રીશ્રી અને જે અન્ય મંત્રીશ્રીઓએ દાવો કર્યો કે, ખેડૂતોને દિવસે વીજળી આપવામાં આવશે. મારો મત વિસ્તાર રાધામેડા મુકામે ૭૦૦ મેગાવોટ સોલાર પ્રોજેક્ટ માટે ૧,૪૦૭ હેકટર જમીન એ જી.પી.સી.એલ. મારફત અલગ અલગ કંપનીઓને ફાળવવામાં આવેલ છે. તે ૧,૪૦૭ હેકટર પૈકીમાં જે કોઇ કંપનીઓને જમીન ફાળવવામાં આવી એમાં ટાટાને ૨૭૫ હેકટર, યુ.જી.સી.એલ.ને ૩૭૫ હેકટર, ભેલ કંપનીને ૩૭૫ હેકટર. એમ કુલ મળીને ૧,૪૦૭ હેકટર જેટલી સરકારી જમીન એ વીજ ઉત્તપન્ન કરવા માટે જ્યારે ખાનગી કંપનીઓને આપવામાં આવી હોય ત્યારે, માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ગ્રામ પંચાયતે ઠરાવ કરીને આ જમીન એ જી.પી.સી.એલ.ને આપી ત્યારે ત્યાંના સ્થાનિક લોકોની ઘણી આશા અને અપેક્ષાઓ હતી. એ સમયે ગ્રામ પંચાયતને અને ત્યાંના સ્થાનિક લોકોને એવું કહેવામાં આવ્યું હતું કે, આ સોલારના માધ્યમથી અહીંના જે યુવાનો છે એમને રોજગારી મળશે, અહીંના લોકલ લોકો છે એને કામ આપવામાં આવશે. પણ ગઇ વખતે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, અત્યારે જ ગૃહમાં હાજર છે અને એ સમયે પણ હાજર હતા અને આ જ મુદ્દો ગૃહમાં ચર્ચવામાં આવ્યો હતો. એ સમયે ગૌચર માટેનો પ્રશ્ન હતો અને એનું સોલ્યુશન કરવા માટેની મંત્રીશ્રીએ આ ગૃહની અંદર ખાતરી પણ આપી હતી. તેમણે ખાતરી આપ્યા પછી સ્થાનિક લોકોને સમજાવીને એનું કામ આગળ વધારવા માટેના અમે પણ પ્રયત્નો કર્યા હતા. પણ એના પછી જે વારંવાર સ્થાનિક લોકોને જે કાંઇ ખાનગી કંપનીના માણસો હોય એ માણસો મારફત જે હિન્દી ભાષી છે, આઉટ ઓફ ગુજરાત સ્ટેટના છે તેઓ સ્થાનિકો નથી. એમને રોજગારી આપતા નથી, એમને ખેતરમાં જવા માટેના કોઇ રસ્તા મૂકતા નથી. એટલે એના માટે અમારા કોંગ્રેસ પક્ષના અગિયાર ધારાસભ્યોના ડેલીગેશને સ્થળ ઉપર મૂલાકાત લઇને આ બાબતની તમામ વિગતો આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીને પણ આપી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે આવડી મોટી જમીનો ૧,૪૦૭ હેકટર જેટલી જમીન આપણે ખાનગી કંપનીઓને આપતા હોઇએ ત્યારે એમાં ગુજરાત સરકારનું હાલની તારીખમાં કોઇ નિયંત્રણ નથી કે જી.પી.સી.એલ.નું પણ આ કંપનીઓ ઉપર કોઇ નિયંત્રણ નથી. એના કારણે મેં અગાઉ કહ્યું એ પ્રમાણે સ્થાનિક લોકોને નથી કોઇ રોજગારી આપવામાં આવતી અને જે કાંઇ ગૌચરની જમીન છે એ જમીનમાં પણ દબાણ થાય છે. તો માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, જે કાંઇ આપણા જી.પી.સી.એલ.ના અધિકારીઓ હોય કે ઉર્જા મંત્રાલય મારફત આ લોકોને અન્યાય ન થાય એના માટે ત્યાં સ્થળની મૂલાકાત લઇને સ્થાનિક લોકોને સાંભળે અને એમની જે કાંઇ નાની મોટી સમસ્યાઓ હોય એ સમસ્યાઓ હલ કરવા માટેના પ્રયત્નો કરે. નહીંતર પછી અમારે માનનીય અધ્યક્ષશ્રી, આપને વિનંતી કરવાની અમારી ફરજ છે અને છતાં એનું કોઇ સોલ્યુશન નહીં થાય અને લોકોને અવારનવાર મુશ્કેલીઓ પડશે. માનનીય નાયબ મુખ્યમંત્રી સાહેબ, એ બે ગામોની અંદર બારમું કે દસમું ધોરણ ભણેલું પણ કોઇ નથી અને એટલા ગરીબ લોકો છે અને એમને હિન્દી ભાષી જે કાંઇ કંપનીઓવાળા માણસો છે એ જે કાંઇ પ્રશ્ન હોય તો એમ કહે કે, "આપ સરકાર કે પાસ જાઓ, હમારે પાસ આપ કો નહીં આને કા", એવી વાતો કરીને વારંવાર હેરાન કરે છે. એટલે પછી પેલા નર્મદાની અંદર એવું કહેતા હોવ છો વારંવાર કે, કોંગ્રેસે રોડા નાખ્યા હતા. એમ પછી અમારે પણ ન્યાય માટે ક્યાંક ગાંધી ચિંધ્યા માર્ગે ન ચાલવું પડે! એટલે સ્થાનિક લોકોને આ બાબતમાં ન્યાય આપો એવી આ ગૃહના મંત્રીશ્રીને અને સરકારને મારી વિનંતી છે.

બીજું, માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ. શ્રી નીતિનભાઇ સાહેબ અત્યારે હાજર છે ત્યારે હજી મારે જોબ નંબર તો જે કાંઇ હશે એ આવી જશે પણ મેં આપને ઓફિસમાં મળીને એક વિનંતી કરી હતી કે, જે રસ્તાઓ એન.આર.જી.એ.ની અંદર માટી અને મેટલ થઇ ગયા હોય એનો ડામરમાં સમાવેશ કરવામાં આવે અને જે અમારા ધારાસભ્યોને રૂપિયા દસ કરોડના જોબ નંબર આપવામાં આવે એ જે ગામોની અંદર એન.આર.જી.એ. મારફતે માટી અને મેટલનું કામ કરેલું હોય એવા રસ્તાઓનું પુન: ગણી અને માત્ર એનું ડામરનું જ એસ્ટીમેન્ટ બનાવવામાં આવે. જેથી કરીને થોડા વધારે રસ્તાઓ થઇ શકે એવી પણ મારી માગણી છે.

શ્રી અજમલજી વ. ઠાકોર(ખેરાલુ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ સાહેબ ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની રૂપિયા ૨,૫૭,૭૭,૦૦૦ની પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા સમર્થન સાથે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય ગૃહ નિર્માણ બોર્ડ જરૂરિયાતમંદ લોકોને મકાન એ પાણી, ખોરાક અને કપડાં પછીના ક્રમે આવતી જીવનની મૂળભૂત જરૂરિયાત છે. ગ્રામ ગૃહ નિર્માણ પ્રભાગનો ઉદ્દેશ આર્થિક રીતે નબળા, પછાતવર્ગ, ઓછી આવક જૂથ, મધ્યમ આવક જૂથ પ્રકારની આવાસ યોજના બનાવી ન્યૂનતમ કિંમતે જરૂરિયાતમંદ લોકોને આપવા બોર્ડની પોતાની સ્થાપનાથી આજ દિન સુધી ૬૬,૦૦૦થી વધુ આવાસો બનાવવામાં આવ્યા છે. સમ્રગ ગુજરાતમાં ૨૬૦ જેટલા લેન્ડ પોકેટમાં કુલ ૧૯ લાખથી વધુ ચોરસમીટર જમીન ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ પાસે છે. ૪૬ જેટલા લેન્ડ પોકેટ્સ હેઠળ ૭ લાખ ચોરસ મીટર જમીન શહેરી વિસ્તાર નજીક, જી.આઇ.ડી.સી. નજીક હાઇવે ઉપર હોઇ જરૂરિયાતમંદ લોકોની આવાસની માગણી આ વિસ્તારમાં વધુ થઇ છે. ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ ગાંધીનગર દ્વારા ૧૫ પ્રોજેક્ટની સૈદ્ધાંતિક મંજૂરી આપેલ હોઇ આવનાર દિવસોમાં વધુ યોજનાઓ અમલમાં મૂકાશે. ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડે સને ૨૦૧૫થી પોતાના આવાસ

બાંધવાની પ્રવૃત્તિ પુનઃ શરૂ કરેલ. હાલમાં આ બોર્ડની બાંધકામની પ્રવૃત્તિને અપ્રતિમ વેગ મળેલ છે. જેની ફલશ્રુતિરૂપે અડાલજ ગાંધીનગર ખાતે લોઅર ઇન્કમ સ્કીમ ગ્રુપ પ્રકારના ૫૦૪, સુરત રૂટ ખાતે એલ.આઇ.જી. પ્રકારના ૨૦૮ આવાસો માટે આવેલી માન્ય અરજીઓનો કોમ્પ્યુટરાઇઝ ડ્રો માનનીય પંચાયત મંત્રીશ્રી જયંતિભાઇ કવાડીયાના વરદ્ હસ્તે કરાવીને આવાસોના લાભાર્થીઓની પસંદગી કરવામાં આવેલ છે. ત્યારબાદ ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા નિયત કરેલ ૧૦ ટકા અને ૧૦ ટકા એમ બે હપ્તા નિયમિત ભરપાઇ કરવામાં આવતા તા.૬-૩-૨૦૧૯ના રોજ માનનીય ગૃહ નિર્માણ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાના હસ્તે થયેલ ભૂમિપૂજન બાદ આવાસોનું બાંધકામ શરૂ કરવામાં આવેલ છે. ભારતના લોકલાડીલા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કરેલ નિર્ધાર મુજબ આપણા દેશના તમામ લોકોને ઘરનું ઘર મળી રહે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અને માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ.

સભાપતિશ્રી : શ્રી અજમલજી, આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી રઘુભાઇ મે. દેસાઇ(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂરક માગણીઓ ઉપર મારો મત રજૂ કરું છું. રાધનપુર મત વિસ્તાર ભારત પાકિસ્તાનની બોર્ડરને અડીને આવેલો વિસ્તાર. એક બાજુ વરસાદની અછત, અતિવૃષ્ટિ, વારંવાર દુષ્કાળ. સરકાર પાસે હું માગણી કરું છું કે અમારા વિસ્તારમાં જી.આઇ.ડી.સી.ની તાત્કાલિક માગણી હોવાથી તાત્કાલિક ઝોન આપવામાં આવે. નોટબંધી અને જી.એસ.ટી.ના કારણે આખા દેશમાં ઉદ્યોગ ધંધા ભાંગી પડ્યા છે. ત્યારે હું સરકારને વિનંતી કરું છું કે મારા વિસ્તારમાં ટેક્સ ફ્રી ઝોન તરીકે જી.આઇ.ડી.સી. સરકાર ફાળવે તો જ ત્યાં ઉદ્યોગો વિકસી શકે તેમ છે. મારા વિસ્તારના ખેડૂતો અને ખેડૂત પુત્રો પોતાની આવકના સાધનો વિકસાવી શકે તેમ નથી. તો તાત્કાલિક અમારી જી.આઇ.ડી.સી.ની માગણી પૂરી કરવામાં આવે. તે જ રીતે રાધનપુર નગરપાલિકામાં જે પરિસ્થિતિ છે. આવકના સાધનો નહીંવત્ છે. ઓક્ટ્રોયનાકા બંધ થવાથી નગરપાલિકાની આવકો સિમિત થઇ ગઇ છે. વર્ષ ૨૦૧૭-૨૦૧૮-૨૦૧૯ની વાત. આજે તમે જુઓ તો નગરપાલિકા વોટર વર્કસના બિલો ભરી શકતી નથી. આગળની સરકારો વર્ષ ૧૯૯૭-૯૮ની કોંગ્રેસની સરકારે ગ્રામ પંચાયતના વોટર વર્કસના બિલો માફ કર્યા હતા. નગરપાલિકાના બિલો પણ સરકારે માફ કરવા જોઇએ તેવી મારી માગણી છે.

એક બાજુ માર્ગ મકાન વિભાગની વાત કરતા હોઇએ ત્યારે રાધનપુરથી મહેસાણાના હાઇવેનું અત્યારે રૂપિયા ૧૩૦ કરોડના ખર્ચે કામ ચાલુ છે. પરંતુ ફોરલેન નહીં થવાને કારણે વારંવાર ત્યાં ગમખ્વાર અકસ્માતો થાય છે અને નાગરિકોના મોત થાય છે. માનનીય નાણામંત્રીશ્રીને મારી માગણી અને સૂચન છે કે તાત્કાલીક આ વિસ્તારમાં આ રોડ ફોરલેન અને ડીવાઇડર સાથેના બને તો જ આ કામ પૂર્ણ થાય એમ છે. સાથેસાથે મહેસૂલ વિભાગને હું વિનંતી કરું છું કે રાધનપુર, સમી, સાંતલપુર, હારીજ અને શંખેશ્વર તાલુકામાં સૌથી વધારે નવી શરતની જમીન અમારા વિસ્તારમાં છે. ખેડૂતોની બેહાલ પરિસ્થિતિના લીધે સરકારની જંત્રી પ્રમાણેના પ્રિમિયમો ભરી શકે એમ નથી તો સરકારને હું વિનંતી કરું છું કે અમારા વિસ્તારને પછાત વિસ્તાર ગણીને ત્યાં ખેડૂતોની આ જમીનોને તાત્કાલિક અસરથી તેમને નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવામાં સરકાર મદદ કરે. એક બાજુ સરકારની વાતો માનનીય હાઇકોર્ટ, સુપ્રીમ કોર્ટે પણ ઠરાવ્યું હોય કે ધારાધોરણ મુજબ રાજ્ય સરકારે પણ ગૌચરની જમીનોને નીમ કરવી જોઇએ. ૧૦૦ ઢોરોએ ૪૦ એકર જમીન સરકારે નીમ કરવી જોઇએ પરંતુ ઉદ્યોગ ગૃહોને મફતમાં લ્હાણી કરીને આજે ગૌચર અને ગાયમાતાની વાતો કરનારી આ સરકારને હું કહેવા માગું છું કે જો ગાયમાતાનું રક્ષણ કરવું હોય તો આ જે ગૌચર ભૂમી નષ્ટ થઇ છે એને ફરીથી નીમ સરકારે કરવી જોઇએ. જયારે જયારે ચૂંટણીઓ આવે ત્યારે અમારે ત્યાં કહે કે જી.આઇ.ડી.સી. બનાવીશું, નવા રોડ-રસ્તા આપીશું, આવી વાતો કરતી આ સરકારને હું એમ કહેવા માગું છું કે આ ફક્ત જુમલા છે કે પ્રજાની વાતો છે. એક બાજુ નેતા, લેતા, દેતા અને *(xxx) મને જોતા દેખાય છે. નેતા એટલે વાયદા કરતા એને નેતા, મત લેતા એ લેતા, દેતા એટલે જૂઠ્ઠા જુમલા દેતા અને ચૂંટણી પછી કરતા *(xxx) એટલે હું સરકારને કહું છું કે નેતા, લેતા, દેતા અને *(xxx) માંથી નીકળીને સરકારે પ્રજાની અને પ્રજાના હીતની વાત કરવી જોઇએ. મારી માનનીય નાણામંત્રીશ્રીને પણ વિનંતી છે કે તમારી પૂરક માગણીઓ ઉપર જે પણ બજેટ ફાળવવામાં આવ્યું છે એ પ્રજાથી વિહિન છે. પ્રજાને પણ આનો ફાયદો મળે એ દિશામાં સરકારે વિચારવું જોઇએ તેવી મારી માગણી છે. માનનીય નાણામંત્રીશ્રી આ મારી વાત સ્વીકારીને આગળ વધે તેવી મારી માગણી છે અને મારા સૂચનો ધ્યાનમાં લેવા વિનંતી છે.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે(અકોટા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી શહેરી વિકાસ માટે જે પૂરક માગણી ક્રમાંકઃ૧૦૨ લઇને ગૃહમાં આવ્યા છે એમને હું મારું સમર્થન આપુ છું અને મારા વિચારો વ્યકત કરું છું. ગુજરાત એ દેશનું ગ્રોથ એન્જિન છે સાથે સાથે આખા દેશનું રોલ મોડેલ છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે વિકાસ થકી ગુજરાતની આગવી ઓળખ આખાએ દેશમાં ઉભી કરી છે. રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબની પ્રબળ ઇચ્છા શકિત અને કામ કરવા માગતી સંવેદનશીલ સરકાર વધુ તેજ ગતિથી કામ કરે એના માટે આ પૂરક માગણીને હું સમર્થન આપું છું. રાજયના શહેરી વિસ્તારોમાં વસતા નાગરિકોની જરૂરિયાત પૂરી થાય અને શહેરોનો સર્વાંગી વિકાસ થાય તે આ સરકારની નેમ છે. ગુજરાતમાં સને ૨૦૦૦ની વસ્તી ગણતરી મુજબ શહેરની વસ્તી રાજયની કુલ વસ્તીના ૪૨ ટકા છે. એટલે કે રાજયના છ

---

* માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કરોડમાંથી બે થી અઢી કરોડ લોકો શહેરમાં વસવાટ કરે છે. શહેરો વધુ સ્વચ્છ બને અને નાગરિકોને આરોગ્યપ્રદ વાતાવરણ મળે તે માટે સ્વચ્છ પર્યાવરણ અને કલાયમેટ ચેન્જ માટે જાગૃત રહી સ્વચ્છ ભારત મિશન હેઠળ નોંધપાત્ર કામગીરી કરવામાં આવી રહી છે. આ બજેટમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શહેરોને સ્વચ્છ બનાવી અને નાગરિકોને આરોગ્યપ્રદ વાતાવરણ પૂરું પાડવા માટે રૂપિયા ૨૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જયાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા આ યુકિતને સાર્થક કરવા પૂજય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિને ધ્યાનમાં રાખીને મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અમલમાં મૂક્યું અને એના હેઠળ ગુજરાત રાજયના શહેરો અને ગામડામાં એક ઇનિશિએટીવ લઇને આ મિશનનું કામ કરવામાં આવ્યું એ સરાહનીય છે. આખા દેશમાં અને ગુજરાતની અંદર મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ ઘરદીઠ શૌચાલયો બનાવવામાં આવ્યા, સમગ્ર ભારતમાં ગુજરાત રાજયની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ સો ટકા જાહેર શૌચક્રીયાથી મુકત થયેલ છે. સાથે સાથે ૧૫૬ નગરપાલિકા પણ જાહેર શૌચક્રીયાથી મુકત થયેલ છે. સ્વચ્છતા મિશન સમય ગાળા દરમિયાન વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી ધ્યાનમાં લેતા કુલ ૫,૬૦,૦૪૬ વ્યકિતગત શૌચાલય તૈયાર કરવામાં આવ્યા છે. તેનો કુલ ખર્ચ રૂપિયા ૬૭૮ કરોડ થયેલ છે. હાલ ૧૫૦૦થી વધુ શહેરી વિસ્તારોમાં પે એન્ડ યુઝ શૌચાલયોનો ઉપયોગ કરવામાં આવે છે. પે એન્ડ યુઝ શૌચાલયના ૩૭૩ બ્લોક રૂપિયા ૧૩ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યા છે. સ્વચ્છતા મિશનના સમયગાળા દરમિયાન રૂપિયા ૭ કરોડના ખર્ચે ૨૩૮ કોમ્યુનિટી ટોઇલેટ્સ સેન્ટર તૈયાર કરવામાં આવ્યા છે. શહેરના વિકાસમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની પણ એટલી જ જરૂરિયાત છે. એને પણ મહત્વ આપવામાં આવ્યું છે. ઘન કચરાના નિકાલ કરવા માટે સરકારે બારીકાઇથી આયોજન કર્યું છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટ તૈયાર કર્યા છે. ૧૭૦ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ૧૪૦૦ વોર્ડમાં ઘન કચરાને ૧૦૦ ટકા ડોર ટુ ડોર કલેકશન કરવામાં આવે છે. રાજ્ય સરકાર આ જે કામ કરી રહી છે એને હું બિરદાવું છું. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટે દરેક મહાનગરપાલિકાને અલગથી ગ્રાન્ટ આપવામાં આવે છે અને એ ગ્રાન્ટ ખાસ કરીને ૧૬૨ નગરપાલિકાને રૂપિયા ૧૩૦ કરોડની ફાળવણી કરી છે. આમ, મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં કુલ ૩૨૩ કરોડની ફાળવણી કરવામાં આવી છે ત્યારે એને હું બિરદાવું છું.

સભાપતિશ્રી : માનનીય રઘુભાઇ વકતવ્ય કરતા હતા ત્યારે *(xxx) શબ્દ બોલ્યા હતા એ રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી મહેશભાઇ છો. વસાવા(દેડીયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં મારે ખાસ કરીને ઉદ્યોગ અને ખાણ પર બોલવું છે. અત્યારે અમારા વિસ્તારમાં ઉદ્યોગો આવ્યા છે પણ ઉદ્યોગોની અંદર જે લેન્ડ લુઝર થયા છે અને જેની જમીનો ગઇ છે એને સરખા ભાવ આપવામાં આવ્યા નથી. અત્યારે ઉદ્યોગોની અંદર કાયમી નોકરી ૮૫ ટકાને આપવી જોઇએ એ આપવામાં આવી નથી. જે લેન્ડ લુઝરો છે એમના એક ઘરમાંથી બે લોકોને કાયમી નોકરી મળવી જોઇએ. અત્યારે કોન્ટ્રાકટ સિસ્ટમ પર કામ ચાલે છે. જેની જમીન ગઇ છે એ લોકો અત્યારે ટિફીન લઇને ત્યાં કામે જાય છે અને ૩ થી ૬ હજારની અંદર મજૂરી કરે છે. આવા લોકો માટે સરકારે વિચારવું જોઇએ. ખાસ કરીને માર્ગ અને મકાનમાં અમારા નર્મદા જિલ્લો છે અને ખાસ કરીને પહાડી અને જંગલ વિસ્તાર છે એમાં ગયા વર્ષે પણ વધારે વરસાદ થયો હતો અને આ વર્ષે પણ વધારે વરસાદ થયો છે. એના કારણે અનેક પુલો ધોવાઇ ગયા છે છતાં એને બનાવવામાં આવ્યા નથી. એના માટે કાંઇક કરવું જોઇએ. ખેતીમાં ઘણા પાકોમાં નુકસાન થયું છે તો એના માટે વિચારવું જોઇએ. ખાણ અને ખનિજમાં અમારા ટ્રાયબલ વિસ્તારમાં જે ખનિજો થાય છે એમાં બેફામ ચોરી થાય છે. ખાણદારો છે એ પોતાના એરિયામાં ખોદતા નથી પણ બીજેથી ખનિજની ચોરી કરી મોટી ટ્રકો ભરે છે. ઓવર લોડ ગાડીઓ ચાલે છે. ખાસ કરીને રેતીની રોયલ્ટી હોય કે પથ્થરની રોયલ્ટી હોય એ જ્યારે સરકાર પાસે આવે છે, એમાં ખરેખર પંચાયત એની ભાગીદાર છે. એમાં એની ૫૦ ટકા ભાગીદારી હોવી જોઇએ તો જ ગામડાનો વિકાસ થશે. ખાસ કરીને ખાણ ખનિજની વાત કરીએ તો એની અંદર ચોરીઓ થાય છે એ કોણ કરે છે? કારણ કે બેફામ રીતે બોડેલીથી રેતી એટલી બધી આવે છે કે જો તમારી પાસે ૨ ટન વધારે આવે કે રોયલ્ટી ન હોય તો વાંધો કાઢે એ બરાબર છે. પણ ભ્રષ્ટાચાર એટલો બધો છે કે એક એક ગાડી પાછળ ૨૦ હજાર રૂપિયા માગે છે. આ અમે જોયું છે અને સાંભળ્યું છે. ખાસ કરીને અમને જોબ નંબર મળવા જોઇએ. ગયા વર્ષે ચૂંટણી થઇ ત્યારે મારું એક પણ કામ જોબ નંબરનું નથી આવ્યું. આ વખતે થોડો સહકાર આપ્યો તો થોડા ઘણા કામ મળ્યા છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે પૂરક માગણીઓ હું લઇને આવ્યો છું એના ઉપર ૧૦ જેટલા માનનીય સભ્યશ્રીઓએ એમના વિચારો વ્યક્ત કર્યા છે. સર્વેના વિચારોની મેં અને મારા સાથી મંત્રીશ્રીઓએ નોંધ લીધી છે. શ્રી મહેશભાઇની લાગણી કે મારા વિસ્તારમાં જંગલ અને પર્વત વિસ્તાર છે એટલે વધુ જોબ નંબરો મળે. આમ તો અમે શરૂઆત કરી દીધી છે. હજુ પણ વધુ જોબ નંબર એમને ફાળવી આપીશું. કારણ કે, આદિવાસી વિસ્તાર છે, પર્વતાળ વિસ્તાર છે અને શાંત, સરળ સ્વભાવના સતત વિધાનસભામાં એમની નિયમતિ હાજરી અહીંયા હોય છે એની અમે નોંધ લીધી છે. એટલે એમને જે સારી રીતે વિધાનસભામાં સહયોગ આપ્યો એમને આપણે પ્રોત્સાહન આપીએ છીએ. આ વખતે તો એમના જોબ નંબર અપાઇ ગયા છે. નવા જોબ નંબર માટે મેં ગઇકાલે જ કીધું કે તમારો પત્ર આપો. આપીશું બધાને

* માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આપવાના છીએ. બધાને અપાય છે અને આપીશું. જોબ નંબરનું હવે બહુ મહત્વ નથી રહ્યું અને દરેકને આપણે આપીએ છીએ. શ્રી પુનાભાઇ ગઇકાલે જ મને મળ્યા હતા. આજે એમણે પ્રશ્નોત્તરી કરી હતી પણ એમનો પ્રશ્ન ના આવ્યો. બહું લાંબું લાંબું બીજું ચાલ્યું. એમની પણ લાગણીની મેં ગઇ કાલે નોંધ લીધી અને હકારાત્મક રીતે શ્રી પુનાભાઇને મેં કીધું છે કે તમારો વિસ્તાર પણ ૧૦૦ ટકા આદિવાસી વિસ્તાર છે એટલે આદિવાસી વિસ્તારમાં રસ્તા આપીશું. આપણે પણ આપીશું, બધાને આપીએ જ છીએ અને આપવાના છીએ. કારણ કે બજેટ તમે મોટું આપ્યું છે. વિધાનસભાએ જ આપ્યું છે એટલે એનો લાભ ગુજરાતની જનતાને આપણે આપીશું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી વિક્રમભાઇ ઉપસ્થિત નથી એટલે એમના જે પ્રશ્નો હતા કે રજૂઆત હતી એના અંગે હું કાંઇ જવાબ નહીં આપું. અહીંયા શ્રી ગુલાબસિંહ એ પણ નીકળી ગયા છે એમને પણ જવાબ નહીં આપું. શ્રી સી.કે. રાઉલજીએ ખાસ કરીને મહેસૂલ વિભાગની સરકારી કામગીરીને બિરદાવી છે એમનો આભાર માનું છું. શ્રી અભેસિંહભાઇએ પણ સરકારની કામગીરીને બિરદાવી છે. શ્રી અરવિંદભાઇએ પણ બિરદાવી છે અને સરકારવતી પણ એમણે કેટલીક સ્પષ્ટતાઓ કરી છે એ બદલ એમનો પણ આભાર માનું છું. શ્રીમતી ગેનીબેન, ખેડૂતોને દિવસે વીજળી અપાશે, આપવાના જ છીએ. વારંવાર જાહેરાત કરી છે. બજેટમાં પણ આ વખતે રૂપિયા ૩૫૦૦ કરોડની જોગવગાઇ કરી છે, પહેલા બિલકુલ ન હતી. માનનીય અધ્યક્ષશ્રી, આ બધું એવું જ છે કે ન હતું એનું ઘણું કર્યું. કરનાર પાસે બધા અપેક્ષા રાખતા હોય છે. ના કરનારને કોઇ પૂછતું નથી અને ના કરનાર અત્યારે બધા માગણી પણ કરે છે. કરવા દો, એમનો હક્ક પણ છે. અમને કોઇ વાંધો નથી પણ જ્યારે પોતાને તક હતી ત્યારે કરવાપાત્ર ઘણું ઘણું ઘણાં લોકો કરી શક્યાં નહીં. પણ અમે તો આમાં સમયની એક એક મિનિટ પ્રજા માટે, યોજનાઓનો એક એક રૂપિયાનો પ્રજા માટે અમે ઉપયોગ કરીએ જ છીએ અને એમાં તમામ પ્રકારની સુવિધા આવી જશે અને ખેડૂતોને દિવસે વીજળી આપવાના છીએ. એક વાત કરી દઉં કે, અહીંયા વાત વાતમાં ચર્ચાઓ થાય છે એટલે વાતાવરણ એવું ઊભું થાય કે જે ગામડાની ખેતીને ના જાણતા હોય એમને બધી વીજળી બારે મહિના રાત્રે જ અપાય છે, આ સાચું નથી. ખેડૂતોને દિવસે પણ વીજળી મળે છે, સાંજે પણ મળે છે એનું રોટેશન હોય છે. જેમ ફેકટરીમાં રોટેશન હોય, દિવસની પાળી હોય, રાતની પાળી હોય, બીજી પાળી હોય, ત્રીજી પાળી હોય એમ વીજળીમાં પણ બધા ખેડૂતોને કોઇ એક વિભાગનો દિવસે વારો આવે તો ૧૫ દિવસ પછી એનું રોટેશન બદલાય તો એનો સાંજે વારો આવે. ત્રીજા ગ્રૂપવાળાનો રાત્રે વારો આવે. એટલે એવું નથી કે આખા રાજ્યના બધા જ ખેડૂતોને રાત્રે જ વીજળી મળે છે, દિવસે પણ વીજળી ખેડૂતભાઇઓને  અમારી સરકાર પુરતો પુરવઠો એટલે કે પૂરા વોલ્ટેઝથી બધાને ૮ કલાક આપવાની હોય ત્યારે નિયમિત રીતે ૮ કલાક વીજળી આપીએ છીએ અને જ્યારે વરસાદ ખેંચાયો હોય, ખેડૂતોને વરસાદ ના આવવાના કારણે પાક સૂકાતો હોય, ટ્યુબવેલ, કૂવા, બોર ચલાવવા હોય તો એ વખતે ૧૦ કલાક વીજળી પણ અમારી રાજ્ય સરકારે જ્યારે ખેડૂતોએ માગી ત્યારે આપી છે અને એની વધારની સબસિડી. આ ઊર્જા વિભાગ સબસિડી આપે છે. રાજ્ય સરકાર સબસિડી આપે છે. લગભગ ૭૦૦૦ કરોડ રૂપિયા ચાલુ વર્ષે ગુજરાત સરકાર ૭૦૦૦ કરોડ રૂપિયા ખેડૂતો વતી જી.ઇ.બી.ને સબસિડી આપવાનું છે અને ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજળી કરીએ તો એની પણ વધારાની સબસિડી અમારે ખેડૂતોવતી જી.ઇ.બી.ને ચૂકવવાની હોય છે. વીજળીના કનેકશન વધારે આપીએ તો ગઇકાલે મેં કીધું હતું ફરી કહું કે એક કનેકશન દીઠ લગભગ સવાથી દોઢ લાખ રૂપિયા રાજય સરકારને ખર્ચો કરવો પડે છે. આ બધું કંઇ એમને એમ નથી થતું. આ બધા જ પૈસા, રકમ આપણે ગુજરાતના ખેડૂતો માટે વાપરીએ છીએ. અહીંયા સૂર્ય ઉર્જાની પણ વાત થઇ. સોલાર પાવર પ્રોજેકટની ગુજરાતે શરૂઆત કરી હતી, બનાસકાંઠાથી શરૂઆત થઇ હતી. હવે એને કચ્છ, બનાસકાંઠા, પાટણ જયાં મોટા પ્રમાણમાં પડતર જમીનો ઉપલબ્ધ છે. આપણે કોઇ ફળદ્રુપ જમીન કયાંય બગાડતા નથી પણ જે પડતર જમીન હોય, ખરાબાની જમીન હોય, જયાં કશું ન ઉગે એવી રણ વિસ્તારની જમીન હોય ત્યાં ૨૫૦૦૦ મેગાવોટ સોલાર ઉર્જા અને વિન્ડ ઉર્જા, પવન ઉર્જા બંનેનો ઉપયોગ આપણે કરીને આખા દેશમાં પહેલા નંબરનું ગુજરાત બનવા તરફ જઇ રહ્યું છે એનો આપણને આનંદ થવો જોઇએ. હું ફરીથી સ્પષ્ટતા કરું કે એવી જમીનનો સરકાર ઉપયોગ કરે છે જયાં પહેલા કશું નહોતું. અહીંયા શ્રીમતી ગેનીબેને રાધાનેસડાની વાત કરી. શ્રીમતી ગેનીબેન ઉભા થઇને કહે કે રાધાનેસડામાં પહેલા શું હતું? એ જમીનનો શું ઉપયોગ થતો હતો? કોઇ ઉપયોગ થતો નહોતો. પડતર ખરાબો, પડી રહેલી વણઉપજાઉ જમીનો હતી એવી વણઉપજાઉ જમીનોનો અમારી સરકાર ગુજરાતના અને દેશના હિતમાં મોટો ઉપયોગ કરે છે અને કોઇને જમીન મફત અપાતી નથી. ભાડે આપીએ છીએ. ભાડુ પણ ગયા વર્ષ સુધી ૧૦૦૦૦ રૂપિયા હતું. પડતર જમીનોનું દૂર દૂરની વણખેડાઉ, વણઉપજાઉ જમીનોનું એ પણ અમે વધારીને ૧૫૦૦૦ રૂપિયા કર્યું છે. બીજી પણ આવક થાય છે એક સોલારનો પ્લાન્ટ નંખાય તો એમાં રૂપિયા ૧૦૦૦થી  ૨૦૦૦ કરોડનું રોકાણ થાય. તો જે રોકાણ થાય એ ચીજવસ્તુઓ ઉપર જી.એસ.ટી.નો  ટેક્સ એ ગુજરાત સરકારને પ્રાપ્ત થાય છે. સેંકડો લોકોને રોજગારી મળે છે. ધંધા ઉદ્યોગો વધે છે. એમ અમે ગુજરાતના હિતમાં, પ્રજાના હિતમાં જ બધા વિચારો કરી અને પ્રજાને, ખેડૂતોને, ગ્રાહકોને ફાયદો થાય એ રીતે સૂર્ય ઉર્જા અને પવન ઉર્જાનું કામ વધારી રહ્યા છીએ. શ્રી રઘુભાઇએ એમ કહ્યું કે મારે રાધનપુરમાં જી.આઇ.ડી.સી. જોઇએ છે. આજે પ્રશ્નોત્તરીમાં પણ અમે સ્પષ્ટ કહ્યું છે પહેલા જયાં જી.આઇ.ડી.સી. કરીએ ત્યાં લોકોને જવું પડતું હતું. આજે જ માનનીય સૌરભભાઇએ જવાબ આપ્યો કે કેટલીક જી.આઇ.ડી.સી. બનાવેલી ખાલી પડી છે કેમ કે ઉદ્યોગકાર ત્યાં જતા નથી. હવે સરકારે નીતિ બદલી છે. કોઇપણ તાલુકામાંથી, કોઇપણ વિસ્તારમાંથી ૨૫, ૫૦, ૧૦૦, ૨૦૦ ઉદ્યોગકારો ભેગા થઇને એમ કહે કે અમારે અહીંયા ઉદ્યોગો સ્થાપવા છે, સરકાર

જી.આઇ.ડી.સી. બનાવે તો તરત જ અમે ત્યાં જી.આઇ.ડી.સી. બનાવીશું. એટલે શ્રી રઘુભાઇને પણ હું કહું કે તમારે ત્યાંથી રોકાણકાર, ઉદ્યોગકાર એમની ડીમાન્ડ લાવો, એમની માગણી લાવો તો રાધનપુર એકલું નહીં ગુજરાતના કોઇપણ તાલુકામાં રાજય સરકાર જી.આઇ.ડી.સી. બનાવવા તૈયાર છે અને જી.આઇ.ડી.સી. બને તો જી.આઇ.ડી.સી. બનવાના કારણે જે સબસિડી, જે લાભો ઉદ્યોગકારને મળવાપાત્ર છે, ઇન્ફ્રાસ્ટ્રકચર, રોડ રસ્તા એ પણ સરકાર અને જી.આઇ.ડી.સી. સામેથી આપે છે એટલે જી.આઇ.ડી.સી.માં હવે જેને પણ જરૂર હોય જી.આઇ.ડી.સી. બનાવી શકાય એ કક્ષાના માગણીદારો સીરીયસલી માગણી કરશે તો ચોકકસ સરકાર ત્યાં જી.આઇ.ડી.સી. બનાવવા વિચારણા કરશે. સ્થાનિકોને નોકરી મોટા પ્રમાણમાં આપવામાં આવે જ છે પણ કેટલાક કામ એવા પ્રકારના હોય છે. ભારે કામ, ગરમીમાં કામ કે જે હોય એ આપણા ગુજરાતના ભાઇઓ ઓછા કરતા હોય છે તો એવા લોકો પણ ત્યાં નોકરી પ્રાપ્ત કરે છે. ગુજરાતીઓને વધુ નોકરી મળે એ માટે અમારી સરકાર કટિબદ્ધ છે. ગુજરાતમાં ગમે ત્યાં નોકરી મળવી જોઇએ. એવું નહિ કે મારા ગામના કારખાનામાં મળે તો જ હું કરું. જેવું કારખાનું, જેવી જરૂરિયાત, જેવી ક્વોલિફિકેશન, જેવી ટેકનિકલ આવડત એ પ્રમાણે ફેક્ટરીવાળા કામદારને રાખતા હોય છે. એ પ્રમાણે વિદ્યાર્થીઓને તાલીમ આપવા આપણે આઇ.ટી.આઇ. ચલાવીએ છીએ. આપણે મોટી સ્કીલની તાલીમની પ્રક્રિયા ઉપર મોટા પ્રમાણમાં જે રોજગાર માટે જરૂરી છે એ યુવાનોને આપીએ છીએ. મહેસૂલ વિભાગની જે વાત છે. એમાં પણ જે જરૂરિયાત છે, એ પ્રમાણે મેં ગઇકાલે કહ્યું હતું કે કુદરતી આપત્તિ હોય, બીજો કોઇ પ્રશ્ન ઉભો થયો હોય અને રાહત આપણે નાગરિકોને આપવી હોય તો આપણે આપીએ છીએ. ઉદ્યોગોની માગણી છે એ ઉદ્યોગકારોને જી.એસ.ટી. ના કારણે જે લાભ આપવા પડે એના માટે માગણી છે. શ્રી હિંમતસિંહભાઇ નથી, નીકળી ગયા છે. એમણે શહેરી વિસ્તારની લાગણી રજૂ કરી છે. એવી રીતે ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ અમારા સભ્યશ્રીએ કહ્યું છે કે નાનામાં નાના ગરીબ માણસો માટે, ગામડાની વ્યક્તિ માટે પણ જેમ શહેરમાં ગૃહ નિર્માણ બોર્ડ, હાઉસિંગ બોર્ડ છે, પ્રધાનમંત્રી આવાસ યોજના છે, મુખ્યમંત્રી આવાસ યોજના છે એમ ગરીબ માણસો માટે, નાની વ્યક્તિઓ માટે અમે આ ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ કામગીરી કરે છે, એના મકાનો પણ અડાલજ પાસે અત્યારે બની રહ્યા છે. મહેસૂલ વિભાગની માગણી છે, એમાં ભારે વરસાદના કારણે સીમાંત ખેડૂતોને જે નુકસાન થયું હતું, એનું વળતર સરકારે આપ્યું, એના માટેની વધારાની જોગવાઇની માગણી કરી છે. અમે જે જરૂરિયાત હતી એ પ્રમાણે નાગરિકોને, ખેડૂતોને, અસરગ્રસ્તોને જે લાભ સરકારે આપ્યા, એના કારણે જે વધારે ખર્ચ થયો, એને આ જે પૂરક માગણીઓ રજૂ કરી છે તેને સૌ સભ્યશ્રીઓ મંજૂર કરે તેવી મારી વિનંતી છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**
**પૂરક માગણી ક્રમાંક– ૪૯, ૧૦૨, ૮૬, ૭૧ અને ૭૯ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

ગીલોટીન કરેલી માગણીઓ

શ્રી નીતિનભાઇ ર. પટેલ : (નાયબ મુખ્યમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૯–૨૦ના પૂરક માગણીઓના પત્રકમાં કુલ ૪૯ પૂરક માગણીઓનો સમાવેશ થયેલો છે. એમાંથી કુલ ૧૦ પૂરક માગણીઓ આ ગૃહમાં ચર્ચા દ્વારા પસાર કરવામાં આવેલી છે. બાકી રહેતી ૩૯ માગણીઓ પૈકી ૧૦ માગણીઓ બિન મતપાત્ર હોવાથી એ સિવાયની બાકી રહેતી કુલ ૨૯ માગણીઓ, પૂરક માગણી ક્રમાંક–૧, ૧૦, ૧૪, ૧૯, ૨૬, ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૪૦, ૪૧, ૪૩, ૫૦, ૫૫, ૫૮, ૫૯, ૬૦, ૭૫, ૮૧, ૮૨, ૮૮, ૯૫, ૯૬, ૯૮, ૧૦૪, ૧૦૬ અને ૧૦૭ હું મતદાન માટે રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક– ૧, ૧૦, ૧૪, ૧૯, ૨૬, ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૪૦, ૪૧, ૪૩, ૫૦, ૫૫, ૫૮, ૫૯, ૬૦, ૭૫, ૮૧, ૮૨, ૮૮, ૯૫, ૯૬, ૯૮, ૧૦૪, ૧૦૬ અને ૧૦૭ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાપતશ્રીઃ** હું રાજય વિધાન મંડળને લગતી પૂરક માગણી ક્રમાંક–૩૬ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક–૩૬ મત પર મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૪–૦૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૪થી માર્ચ, ૨૦૨૦ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| પુસ્તક–૭૦ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| અક્ષયકુમાર પટેલ | વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં સ્થાનિકોને રોજગારી | ૫૪ |
| | વડોદરા અને છોટાઉદેપુર જીલ્લામાં પાઇપ લાઇનથી પીવાનું પાણી પૂરું પાડવા બાબત | ૧૦૬ |
| અજમલજી ઠાકોર | ખેરાલુ શહેરની ભૂગર્ભ ગટર યોજનાના કામો | ૨૬૪ |
| | પાટણ જિલ્લામાં આયુષ્યમાન ભારત યોજના–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ લાભાર્થીઓ | ૪૫૭ |
| | મહેસાણા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૯ |
| | મહેસાણા જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાયની મળેલ અરજીઓ | ૮૦ |
| | વલાસણા બેરેજ બનાવવાની કામગીરી | ૨૧૬ |
| | હારીજ તાલુકામાં રોડને મંજૂર કરવાનું આયોજન | ૪૧૧ |
| | વિશ્વ વન્યજીવ દિવસ અંગે સભ્યશ્રીઓને પુસ્તકો આપવા અંગે | ૫૦૭ |
| અજીતસિંહ ચૌહાણ | કપડવંજ તાલુકામાં પીવાના પાણીની વ્યવસ્થા | ૫૫ |
| | ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાની ક્વોરીઓમાં ગેરરીતી | ૨૯૬ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં નવા રસ્તાઓની મંજૂરી | ૩૭૭ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં યાત્રાધામના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ | ૧૦૭ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં સ્થાનિકોને રોજગારી | ૧૫૦ |
| | મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં સફેદ પથ્થરની લીઝોમાં ગેરરીતિ | ૨૫૪ |
| | વીરપુર અને બાલાસિનોર તાલુકાના તળાવો પાઈપ લાઈનથી ભરવા બાબત | ૨૦૩ |
| અનંતકુમાર પટેલ | નવસારી અને ડાંગ જિલ્લામાં યાત્રાધામના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ | ૬૮ |
| | નવસારી અને નર્મદા જિલ્લા/શહેરમાં દારૂના બુટલેગરો/અડ્ડાઓની ફરિયાદો | ૨૮૩ |
| | નવસારી અને નર્મદા જિલ્લામાં સ્થાનિકોને રોજગારી | ૧૬ |
| | નવસારી અને ભાવનગર જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ અને પશુધન નિરિક્ષકની મંજૂર જગ્યાઓ | ૧૧૭ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં કાર્યરત જી.આઈ.ડી.સી. | ૩૨૦ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં સીક ન્યુબોર્ન કેર યુનિટમાં દાખલ કરેલ બાળકો | ૪૩૭ |
| | નવસારી અને સુરત જિલ્લામાં નવા રસ્તાઓની મંજૂરી | ૩૮૭ |
| | સામુહિક બળાત્કારના બનાવો | ૨૩૭ |
| અનિલ જોષિયારા | અરવલ્લી અને ગાંધીનગર જિલ્લામાં સીક ન્યુબોર્ન કેર યુનિટમાં દાખલ કરેલ બાળકો | ૩૮૮ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નવા રસ્તાઓની મંજૂરી | ૪૩૯ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પાઈપ લાઇનથી પીવાનું પાણી પૂરું પાડવા બાબત | ૧૪૩ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૩૩૬ |
| | રાજ્યમાં એસ.જી.એસ.ટી.ની આવક | ૪૭૩ |
| | સાબરકાંઠા અને પાટણ જિલ્લામાં સ્થાનિકોને રોજગારી | ૯૯ |
| | હિંમતનગર ખાતે વેટરનરી કોલેજની સ્થાપના | ૪૬ |
| અંબરીષ ડેર | અમરેલી અને ભાવનગર જિલ્લાના ઔદ્યોગિક એકમો પાસેથી વેરાની બાકી વસૂલાત | ૪૪૮ |
| | અમરેલી અને ભાવનગર જિલ્લામાં યાત્રાધામ વિકાસ તરીકે સમાવેશ કરેલ સ્થળો | ૧૪૦ |
| | અમરેલી જિલ્લાના ડીબીએમ મુજબના રસ્તાઓ | ૪૭૯ |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ) | ૧૬૯ |
| | અમરેલી જિલ્લામાં બિસ્માર હાલતના રસ્તાઓ | ૩૯૯ |
| | અમરેલી જિલ્લામાં મીઠાના અગરો અને જીંગા ફાર્મ માટે ફાળવેલ જમીન | ૪૫ |
| અભેસિંહ તડવી | છોટાઉદેપુર જિલ્લા રોજગાર કચેરીમાં નોંધાયેલ બેરોજગારો | ૧૧૪ |
| | છોટાઉદેપુર જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૬૫ |
| | છોટાઉદેપુર જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૧૦ |
| | ડભોઇ તાલુકાની પોર શાખામાંથી માઈનોર દ્વારા પૂરું પાડેલ સિંચાઇનું પાણી | ૩૫૮ |
| | સુજલામ સુફલામ યોજના દ્વારા તળાવો ઉંડા કરવા બાબત | ૨૨૮ |
| | સંતરામપુર શહેરની ભૂગર્ભ ગટર યોજનાના કામો | ૨૭૪ |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ) | ૧૭૨ |
| | વિશ્વ વન્યજીવ દિવસ અંગે સભ્યશ્રીઓને પુસ્તકો આપવા અંગે | ૫૦૪ |
| અમિત ચાવડા | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ) | ૧૫૯ |

| પુસ્તક–૭૦ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | આણંદ અને વડોદરા શહેર/ જિલ્લામાં ગુનાહિત કૃત્યો | ૨૨૭ |
| | આણંદ જિલ્લામાં જિલ્લા કક્ષાની સિવિલ હોસ્પિટલની સુવિધા બાબત | ૪૦૩ |
| | રાજ્યમાં બાળ મૃત્યુદર | ૪૮૦ |
| | વાસદ–બગોદરા માર્ગને ૬ માર્ગીય બનાવવા બાબત | ૪૫૧ |
| અર્જુનસિંહ ચૌહાણ | આણંદ જિલ્લામાં "મા" અને "મા વાત્સલ્ય" યોજના હેઠળના લાભાર્થીઓ | ૪૬૬ |
| | આણંદ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ | ૪૨૩ |
| | ખેડા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૬ |
| | પંચમહાલ જિલ્લામાં તળાવો ઉંડા કરવાની કામગીરી | ૨૨૫ |
| | મહીસાગર જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજનાના લાભાર્થીઓ | ૩૭૧ |
| | લુણાવાડા અને બાલાશીનોર તાલુકાના વિસ્તારની સિંચાઈનો લાભ | ૨૭૦ |
| અરુણસિંહ રણા | ભરૂચ જિલ્લામાં ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબીલીટી પેન્શન સ્કીમ હેઠળ મળેલ અરજીઓ | ૨૬ |
| | ભરૂચ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ | ૩૭૧ |
| | ભરૂચ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૭૮ |
| | ભરૂચ જિલ્લામાં પ્લાસ્ટિક ઉદ્યોગોને સહાય યોજના | ૨૩૯ |
| અરવિંદ છો. પટેલ | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૩૪૫ |
| | વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા | ૬૬ |
| | વલસાડ જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૧૧ |
| અરવિંદ રૈયાણી | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઈ–હરાજીથી ખનિજોની ફાળવણી | ૩૨૦ |
| | બોટાદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાકના મકાનો | ૨૩૬ |
| | મોરબી જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૨ |
| | રાજકોટ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા | ૯૪ |
| | રાજકોટ પી.ડી.યુ. હોસ્પિટલનું સંવર્ગવાર મંજૂર મહેકમ | ૩૮૧ |
| | વિસાવદર શહેરની પાણી પુરવઠા યોજનાના બાકી રહેતા કામો | ૨૮૩ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં "મા" અને "મા વાત્સલ્ય" યોજના હેઠળના લાભાર્થીઓ | ૪૩૧ |
| અરવિંદ રાણા | અમરેલી જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાયની મળેલ અરજીઓ | ૨૯ |
| | ગોધરા તાલુકા અને કલોલ તાલુકાની પાનમ હાઈલેવલ કેનાલ યોજના | ૨૦૨ |
| | સુરત નવી સિવિલ હોસ્પિટલનું સંવર્ગવાર મંજૂર મહેકમ | ૪૧૨ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૩૪૧ |
| અરવિંદકુમાર ગાં. પટેલ | વિશ્વ વન્યજીવ દિવસ અંગે સભ્યશ્રીઓને પુસ્તકો આપવા અંગે | ૫૦૩ |
| | અમદાવાદ જિલ્લામાં ઈન્દિરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન સ્કીમ હેઠળ મળેલ અરજીઓ | ૫૩ |
| | અમદાવાદ જિલ્લામાં ઈ–હરાજીથી ખનિજોની ફાળવણી | ૨૬૦ |
| | અમદાવાદ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ | ૩૭૬ |
| | મહેસાણા જિલ્લામાં સ્પીનીંગ એકમો મંજૂર કરવા બાબત | ૨૧૧ |
| | મહેસાણા તાલુકાના નોન પ્લાન રસ્તાના કામને મંજૂરી | ૪૨૭ |
| | લશ્કરી ભરતી મેળાનું આયોજન | ૧૦૫ |
| | વલસાડ જિલ્લામાં સીએનજી સ્ટેશનો | ૨૩૬ |
| અશ્વિનભાઈ કોટવાલ | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ અને પશુધન નિરિક્ષકની મંજૂર જગ્યાઓ | ૧૧૦ |
| | અરવલ્લી અને ગાંધીનગર જિલ્લામાં કાર્યરત જી.આઈ.ડી.સી. | ૧૯૦ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો | ૫૯ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા / શહેરમાં ગુનાહિત કૃત્યો | ૨૪૩ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પાસ થયેલ એમ.બી.બી.એસ. ડૉક્ટરોની નિમણૂક | ૪૧૩ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સરકારી જમીન પર દબાણ | ૧૫૩ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સીક ન્યુબોર્ન કેર યુનિટમાં દાખલ કરેલ બાળકો | ૪૫૯ |
| આનંદભાઈ ચૌધરી | સુરત અને ડાંગ જિલ્લા/શહેરમાં ગુનાહિત કૃત્યો | ૨૫૬ |
| | સુરત અને જામનગર જિલ્લા/શહેરમાં દારૂના બુટલેગરો/અડ્ડાઓની ફરિયાદો | ૨૦૭ |
| | સુરત અને તાપી જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો | ૧૪૬ |

| પુસ્તક–૭૦ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | સુરત અને તાપી જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ અને પશુધન નિરિક્ષકની મંજૂર જગ્યાઓ | ૧૦૩ |
| | સુરત અને તાપી જિલ્લામાં પાસ થયેલ એમ.બી.બી.એસ. ડૉક્ટરોની નિમણૂક | ૪૫૦ |
| | સુરત અને તાપી જિલ્લામાં સીક ન્યુબોર્ન કેર યુનિટમાં દાખલ કરેલ બાળકો | ૪૦૨ |
| | સુરત અને નર્મદા જિલ્લામાં સરકારી જમીન પર દબાણ | ૪૯ |
| આર.સી.મકવાણા | ભાવનગર જિલ્લામાં "મા" અને "મા વાત્સલ્ય" યોજના હેઠળના લાભાર્થીઓ | ૩૭૩ |
| | ભાવનગર જિલ્લામાં ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાયની મળેલ અરજીઓ | ૧૦૪ |
| | ભાવનગર જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૫૩ |
| આશાબેન પટેલ | ખેરાલુ શહેરની ભૂગર્ભ ગટર યોજનાના કામો | ૨૧૭ |
| | મહેસાણા જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા | ૮૦ |
| | મહેસાણા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ મળેલ અરજીઓ | ૩૦ |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ) | ૧૭૫ |
| ઈન્દ્રજીતસિંહ ન. પરમાર | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૩૫૦ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં કાર્યરત જી.આઈ.ડી.સી. | ૨૬૪ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં પાસ થયેલ એમ.બી.બી.એસ. ડૉક્ટરોની નિમણૂક | ૪૭૪ |
| | ખેડા અને મહીસાગર જિલ્લામાં સીક ન્યુબોર્ન કેર યુનિટમાં દાખલ કરેલ બાળકો | ૪૪૧ |
| | મોડાસા તાલુકાના સાયરા ગામે સામુહિક બળાત્કારનો બનાવ | ૨૧૬ |
| ઈમરાન ખેડાવાલા | અમદાવાદ શહેર જિલ્લામાં ચોરી, ધાડ, લુંટ, ખૂન, અપહરણ, આત્મહત્યા અને બળાત્કારના બનાવો | ૨૭૭ |
| | અમદાવાદ શહેર તથા જિલ્લામાં વેટ કે જી.એસ.ટી.ની બાકી વસૂલાત હોય તેવા એકમો | ૪૬૭ |
| | અમદાવાદ શહેરમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય | ૧૨૫ |
| | ખંભાત શહેરમાં તોફાનો અંગે | ૪૯૨ |
| ઈન્દ્રજીતસિંહ પરમાર | ખેડા અને આણંદ જિલ્લામાં સ્થાનિકોને રોજગારી | ૮૩ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લા/શહેરમાં ગુનાહિત કૃત્યો | ૩૦૫ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ અને પશુધન નિરિક્ષકની મંજૂર જગ્યાઓ | ૧૨૭ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં પાઈપ લાઈનથી પીવાનું પાણી પૂરું પાડવા બાબત | ૩૩ |
| | ખેડા અને ભરૂચ જિલ્લામાં નવા રસ્તાઓની મંજૂરી | ૩૯૨ |
| ઈમરાન ખેડાવાલા | અમદાવાદ શહેર અને જિલ્લામાં જમીનોને ખેતીમાંથી બિનખેતીમાં ફેરવવાની અરજીઓ | ૭૯ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં દર્દીઓની મા અમૃતમ યોજના અંતર્ગત સારવાર | ૩૭૨ |
| | અમદાવાદ શહેર જિલ્લામાં ગુમ થયેલ બાળકો | ૨૩૦ |
| | લઘુમતીઓના કલ્યાણ માટે કેન્દ્ર સરકાર પાસે ગ્રાન્ટની માગણી | ૨૮ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વિજ જોડાણો | ૪૨૩ |
| ઋત્વિકભાઈ મકવાણા | ઘોઘા–દહેજ રો–રો ફેરી સર્વિસ | ૧૯૫ |
| | ચોટીલા તાલુકામાં દિવસે પિયત માટે વીજપુરવઠો પૂરો પાડવા બાબત | ૩૬૮ |
| | સુરેન્દ્રનગર અને થાનગઢ શહેર ફરતે રીંગરોડ બનાવવા બાબત | ૪૨૦ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં ખનીજ ચોરીની ફરિયાદો | ૨૪૫ |
| | સુરેન્દ્રનગર નગરપાલિકાના રસ્તા, ગટરના કામોમાં ગેરરીતિ | ૨૮૫ |
| ઋષિકેશ પટેલ | પાટણ જિલ્લામાં આયુષ્યમાન ભારત યોજના–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળના લાભાર્થીઓ | ૪૩૦ |
| | મહેસાણા જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા | ૯૧ |
| | મહેસાણા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૩૯ |
| | મહેસાણા જિલ્લામાં સ્પીનીંગ એકમો મંજૂર કરવા બાબત | ૨૩૦ |
| | મહેસાણા તાલુકામાં પુલ બનાવવા બાબત | ૩૭૯ |
| | સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ દ્વારા ભરાતા તળાવો | ૨૭૭ |
| | કડી તાલુકામાં રોડ બનાવવાનું આયોજન | ૪૭૦ |
| કેતનભાઈ ઈનામદાર | વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલ વડોદરાનું સંવર્ગવાર મંજૂર મહેકમ | ૪૩૨ |
| | સુજલામ સુફલામ યોજના દ્વારા તળાવો ઉંડા કરવા બાબત | ૨૫૭ |
| | વડોદરા જિલ્લામાં શ્રવણતીર્થ દર્શન યોજનાના લાભાર્થીઓ | ૩૩ |
| | પંચમહાલ જિલ્લામાં નવા મોટા ચેકડેમના બાંધકામની કામગીરી | ૨૦૮ |

| પુસ્તક–૭૦ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | વડોદરા જિલ્લામાં ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાયની મળેલ અરજીઓ | ૮૩ |
| કનુભાઇ પટેલ | અમદાવાદ જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૦ |
| | અમદાવાદ જિલ્લામાં ગુજરાત ટેક્સટાઇલ પોલિસી હેઠળ મળેલ અરજીઓ | ૨૫૫ |
| | અમદાવાદ જિલ્લામાં જર્જરિત વીજ વાયરો અને થાંભલા બદલવા બાબત | ૩૮૩ |
| | અમદાવાદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો | ૨૦૬ |
| | અમદાવાદ જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાયની મળેલ અરજીઓ | ૭૨ |
| | જામનગર જી.જી. હોસ્પિટલનું સંવર્ગવાર મંજૂર મહેકમ | ૪૩૪ |
| કનુભાઇ બારૈયા | ભાવનગર અને અમરેલી જિલ્લા/શહેરમાં ગુનાહિત કૃત્યો | ૩૦૦ |
| | ભાવનગર અને અમરેલી જિલ્લા/શહેરમાંથી પકડાયેલ ગૌમાંસ અને ગૌવંશ | ૨૫૮ |
| | ભાવનગર અને અમરેલી જિલ્લામાં પાઇપલાઇનથી પીવાનું પાણી પૂરું પાડવા બાબત | ૭૫ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો | ૧૨૧ |
| કનુભાઇ મો. દેસાઇ | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૩૩૬ |
| | અમદાવાદ સિવિલ હોસ્પિટલનું સંવર્ગવાર મંજૂર મહેકમ | ૩૮૯ |
| | વલસાડ જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૩૮ |
| | વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા | ૯૦ |
| | વલસાડ જિલ્લામાં સીએનજી સ્ટેશનો | ૨૪૧ |
| કનુભાઈ બારૈયા | તળાજા તાલુકા પશ્ચિમઝોન સુધારણા પાણી પુરવઠા યોજનાની કામગીરી | ૨૩ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં કાર્યરત જી.આઇ.ડી.સી. | ૨૦૯ |
| કુબેરભાઈ ડીંડોર | પંચમહાલ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ મળેલ અરજીઓ | ૧૨૯ |
| | પાદરા તાલુકાની વિશાખામાંથી માઈનોર દ્વારા પૂરું પાડેલ સિંચાઈનું પાણી | ૪૫૫ |
| | મહિસાગર અને દાહોદ જિલ્લામાં ચેકડેમો બનાવવાની મંજૂરી | ૨૪૭ |
| | મહિસાગર અને દાહોદ જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત | ૧૯૮ |
| | મહિસાગર જિલ્લામાં આયુષ્યમાન ભારત યોજના–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળના લાભાર્થીઓ | ૪૮૨ |
| | મહિસાગર જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૩૫ |
| | મહીસાગર જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજનાના લાભાર્થીઓ | ૪૦૮ |
| | રાજ્યમાં આવેલ સમરસ છાત્રાલયો | ૮૭ |
| | સંતરામપુર શહેરની ભૂગર્ભ ગટર યોજનાના કામો | ૨૯૦ |
| કરશનભાઇ સોલંકી | કડી તાલુકામાં રોડના કામને મંજૂરી | ૪૪૨ |
| | ખેરાલુ શહેરની ભૂગર્ભ ગટર યોજનાના કામો | ૨૯૯ |
| | અરવલ્લી જિલ્લામાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને કૃષિ વિષયક વીજ જોડાણ | ૩૯૨ |
| | ભાસરીયા સામેત્રા પાઈપલાઈનથી તળાવો ભરવા બાબત | ૨૦૮ |
| | મહેસાણા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૫ |
| | મહેસાણા જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૭૭ |
| | હિરપુરા બેરેજ બનાવવાની કામગીરી | ૨૫૭ |
| કેશુભાઈ નાકરણી | ભાવનગર જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ | ૨૦૮ |
| | બોટાદ જિલ્લામાં આયુષ્યમાન ભારત યોજના–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળના લાભાર્થીઓ | ૪૨૬ |
| | ભાવનગર જિલ્લામાં ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાયની મળેલ અરજીઓ | ૭૮ |
| | ભાવનગર જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૫ |
| | ભાવનગર સર ટી હૉસ્પિટલનું સંવર્ગવાર મંજૂર મહેકમ | ૩૭૪ |
| કેસરીસિંહ સોલંકી | આણંદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો | ૨૦૨ |
| | આણંદ તાલુકામાં રોડને પહોળો કરવાનું આયોજન | ૪૩૨ |
| | ખેડા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૦ |
| કાંતિભાઈ બલર | અમરેલી જિલ્લામાં "મા" અને "મા વાત્સલ્ય" યોજના હેઠળના લાભાર્થીઓ | ૩૭૮ |
| | અમરેલી જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા | ૬૧ |
| | ભાવનગર જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ | ૨૦૮ |
| કાન્તિભાઇ પરમાર | ખેડા અને મહીસાગર જિલ્લા/શહેરમાં દારૂના બુટલેગરો/અડ્ડાઓની ફરિયાદો | ૨૯૮ |

| પુસ્તક–૭૦ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | ખેડા જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ | ૪૨૨ |
| | ખેડા અને મહીસાગર જિલ્લામાં/શહેરમાંથી પકડાયેલ ગૌમાંસ અને ગૌવંશ | ૩૧૦ |
| | ખેડા જિલ્લામાં આવેલ છાત્રાલય | ૪૯ |
| | ખેડા જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ પાણી પૂરુ પાડવા બાબત | ૧૦૨ |
| | ખેડા જિલ્લામાં ઠાસરા અને ડાકોર નગરપાલિકા માટે ભૂગર્ભ ગટર યોજના | ૨૨૧ |
| | ઠાસરા તાલુકાના ડાકોરમાં રીંગ રોડ બનાવવાની કામગીરી | ૩૭૧ |
| કાન્તીભાઈ ખરાડી | દાંતા અને અમીરગઢ તાલુકાના વન ખાતા હેઠળના રસ્તાઓ | ૩૮૩ |
| | બનાસકાંઠા જિલ્લાના ડેમ, તળાવ, ચેકડેમ રીપેર કરવા બાબત | ૨૪૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં આવેલ આયુર્વેદિક દવાખાનાઓમાં મંજૂર મહેકમ | ૪૭૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં ઓવરહેડ ટાંકીઓ મંજૂર કરવા બાબત | ૩૫ |
| | બનાસકાંઠા જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણની અરજીઓ | ૪૩૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં પીવાના પાણીના કનેકશન આપવા બાબત | ૮૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં સીસીટીવી કેમેરા લગાવવા બાબત | ૨૮૪ |
| કાળાભાઈ ડાભી | ખેડા અને આણંદ જિલ્લામાં કાર્યરત જૂથ પાણી પુરવઠા યોજના | ૫૬ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં નવા બોર/કુવા બનાવવા બાબત | ૧૦૮ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં નાગરિકોએ કરેલ આત્મહત્યાના પ્રયાસો | ૧૯૩ |
| | ખેડા અને જૂનાગઢ જિલ્લા/શહેરમાં દારૂના બુટલેગરો/અડ્ડાઓની ફરિયાદો | ૨૪૪ |
| | રાજ્યમાં તબીબી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વિદેશ જતા રહ્યા હોય તેવા ડોકટરો | ૩૯૪ |
| કિર્તીસિંહ વાઘેલા | ડીસાથી લાખણી રસ્તાને ચાર માર્ગીય કરવા બાબત | ૪૪૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને કૃષિ વિષયક વીજ જોડાણ | ૩૯૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાયની મળેલ અરજીઓ | ૨૯ |
| | ભચાઉ તાલુકામાં રોડ મંજૂર કરવા બાબત | ૪૭૪ |
| | રાપર શહેરની પાણી પુરવઠા યોજનાના બાકી રહેતા કામો | ૨૫૪ |
| | વલાસણા બેરેજ બનાવવાની કામગીરી | ૨૦૨ |
| કિશોર ચૌહાણ | અમદાવાદ જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાયની મળેલ અરજીઓ | ૧૧૧ |
| | અમદાવાદ સિવિલ હોસ્પિટલનું સંવર્ગવાર મંજૂર મહેકમ | ૪૧૧ |
| | અરવલ્લી જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૬૦ |
| કીરીટકુમાર ચી. પટેલ | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૩૪૩ |
| | પાટણ જિલ્લામાં ખેતમજૂરોને અકસ્માતે મૃત્યુ સહાય વીમો ચૂકવવાની મળેલ અરજીઓ | ૧૩૦ |
| | પાટણ શહેરમાં અને તાલુકામાં મા અને મા વાત્સલ્ય યોજના માટે માન્ય હોસ્પિટલો | ૪૩૮ |
| | પાટણ શહેરમાં બીપીએલ યાદીમાં સમાવેશ માટે મળેલ અરજીઓ | ૨૧૧ |
| | રાજ્યમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવાની અને સ્થળ પસંદ કરવાની કામગીરી | ૨૬૦ |
| ગજેન્દ્રસિંહ પરમાર | અરવલ્લી જિલ્લાના ખુમાપુર પાટીયાથી વડવાસા રોડને પહોળો કરવાનું આયોજન | ૪૭૪ |
| | અરવલ્લી જિલ્લામાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને કૃષિ વિષયક વીજ જોડાણ | ૩૯૦ |
| | અરવલ્લી જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાક મકાનો | ૨૩૬ |
| | તલોદ તાલુકામાં નોન પ્લાન રસ્તાનું કામ મંજૂર કરવા બાબત | ૪૪૦ |
| | વડાલી શહેરની ભૂગર્ભ ગટર યોજનાના કામો | ૨૮૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૫૧ |
| ગેનીબેન ઠાકોર | કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં સરકારી જમીન પર દબાણ | ૧૧૫ |
| | ડેરી ફાર્મ સ્થાપવા બાબત | ૧૧ |
| | બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો | ૬૬ |
| | બનાસકાંઠા જિલ્લાના ગામોને નર્મદાના કમાંડ એરીયામાં સમાવવા બાબત | ૪૦૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં ભાભર શહેર અને ગ્રામ્યનું પોલીસ સ્ટેશન | ૨૮૪ |
| | વાવ તાલુકાના ગામોમાં નર્મદાની કેનાલ તૂટવાના બનાવો | ૪૫૫ |
| | વાવ, ભાભર અને સુઈગામ તાલુકાના તળાવો પાઈપ લાઈનથી ભરવા બાબત | ૨૪૨ |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ) | ૧૭૪ |

| પુસ્તક–૭૦ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| | વિશ્વ વન્યજીવ દિવસ અંગે સભ્યશ્રીઓને પુસ્તકો આપવા અંગે | ૫૦૬ |
| ગ્યાસુદ્દીન શેખ | અમદાવાદ અને રાજકોટ શહેરમાં બાળમૃત્યુના કેસ | ૩૮૬ |
| | અમદાવાદ જિલ્લામાં એમ.બી.બી.એસ. ડૉક્ટરોની નિમણૂક | ૪૩૭ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં લઘુમતીઓના ધર્મસ્થાનોનો પવિત્ર યાત્રાધામમાં સમાવેશ | ૧૨૬ |
| | અમદાવાદ શહેરમાં રાઈફલ, પિસ્તોલ અને રીવોલ્વરનું વેચાણ | ૨૪૨ |
| | અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ શહેરમાં સાઈબર ક્રાઈમની ફરિયાદ | ૧૮૪ |
| | માઈનોરીટી કમિશનની રચના | ૮૨ |
| | લઘુમતીઓના વિકાસ માટે કેન્દ્ર સરકાર પાસે ગ્રાન્ટની માગણી | ૩૧ |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ) | ૧૬૪ |
| ગુલાબસિંહ પી. રાજપુત | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ) | ૧૭૨ |
| | વિશ્વ વન્યજીવ દિવસ અંગે સભ્યશ્રીઓને પુસ્તકો આપવા અંગે | ૫૦૫ |
| | થરાદ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ | ૪૨૪ |
| | થરાદના સામૂહિક આરોગ્ય કેન્દ્રને અપગ્રેડ કરવા બાબત | ૩૭૩ |
| | પાટણ તથા બનાસકાંઠા જિલ્લામાં ગામતળ, સીમતળના ખડા અને બોવાડા નિયમિત કરવા બાબત | ૩૮ |
| | બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં પ્રમોલગેશનમાં ક્ષતિ | ૯૦ |
| | બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકામાં નવી જી.આઈ.ડી.સી. | ૨૦૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં આવેલ કૌશલ્યવર્ધન કેન્દ્રો | ૧૩૨ |
| ગીતાબા જાડેજા | રાજકોટ જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૯૧ |
| | મોરબી જિલ્લામાં આયુષ્યમાન ભારત યોજના પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળના લાભાર્થીઓ | ૪૦૫ |
| | રાજકોટ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા | ૯૫ |
| | મોરબી જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૪ |
| ગોવિંદભાઈ પરમાર | આણંદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૨ |
| | આણંદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો | ૨૨૯ |
| | આણંદ જિલ્લાના પીપળાવ–ચાંગા–રામોલ રોડને પહોળો કરવાનું આયોજન | ૪૬૦ |
| | આણંદ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ | ૨૭૬ |
| | આણંદ તાલુકામાં રોડને પહોળો કરવા બાબત | ૪૮૩ |
| | ઉમરેઠ તાલુકાના ઓડ–ગંગાપૂરા–પરવટા રોડને રીસરફેશ કરવા બાબત | ૪૧૩ |
| | વલ્લભ વિદ્યાનગર શહેરની પાણી પુરવઠા યોજનાના બાકી રહેતા કામો | ૩૧૪ |
| ચંદનજી ઠાકોર | જી.એન.એમ ૩ વર્ષના નર્સિંગ કોર્ષને સ્નાતક કક્ષાનો ગણવા બાબત | ૪૮૨ |
| | પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં પીવાના પ્રદૂષિત પાણીની ફરિયાદો | ૩૮ |
| | પાટણ જિલ્લાની સરસ્વતી નદીના ચેકડેમ | ૨૬૭ |
| | પાટણ જિલ્લામાં કાંકોશી ખાતે જીઆઇડીસી | ૨૨૦ |
| | પાટણ જિલ્લામાં તાલુકાને વિકાસશીલ જાહેર કરવા બાબત | ૩૦૯ |
| | પાટણ જિલ્લામાં તાલુકાવાર ઝૂંપડપટ્ટીમાં વિજ જોડાણ આપવા બાબત | ૪૫૪ |
| | સિધ્ધપુર તાલુકામાં આવેલ હોસ્પિટલમાં એમ.આર.આઈ. મશીન બગડી જવા બાબત | ૪૦૬ |
| ચંદ્રિકાબેન બારીયા | ગરબાડા તાલુકાના રસ્તાનો મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં સમાવેશ કરવા બાબત | ૩૭૭ |
| | દાહોદ અને નવસારી જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો | ૧૫૧ |
| | દાહોદ જિલ્લામાં ગુનાહિત કૃત્યો | ૩૦૪ |
| | હાફેશ્વર અને કડાણા જળાશય દ્વારા પીવાનું પાણી પૂરું પાડવા પાઇપ લાઇન નાંખવા બાબત | ૫૭ |
| | દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં સરકારી જમીન પર દબાણ | ૧૦૯ |
| | દાહોદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોમાં ડૉકટરોની ખાલી જગ્યાઓ | ૪૨૮ |
| | દાહોદ જિલ્લામાં પકડાયેલ દારૂ | ૨૬૩ |
| | દાહોદ જિલ્લામાં સલામતી રક્ષક પૂરા પાડવા બાબત | ૨૧૫ |
| ચિરાગભાઈ કાલરીયા | જામનગર અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો | ૧૨૧ |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પાઇપ લાઇનથી પીવાનું પાણી પૂરું પાડવા બાબત | ૨૧ |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં યાત્રાધામના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ | ૭૨ |

| પુસ્તક-૭૦ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પાસ થયેલ એમ.બી.બી.એસ. ડૉક્ટરોની નિમણૂક | ૩૬૨ |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સીક ન્યુબોર્ન કેર યુનિટમાં દાખલ કરેલ બાળકો | ૪૧૯ |
| જે.વી. કાકડીયા | અમરેલી જિલ્લાના ધારી તાલુકાને સિંચાઇના લાભો | ૨૨૬ |
| | અમરેલી અને ભાવનગર જિલ્લામાં પાસ થયેલ એમ.બી.બી.એસ. ડૉક્ટરોની નિમણૂક | ૪૬૨ |
| | અમરેલી અને ભરૂચ જિલ્લામાં સરકારી જમીન પર દબાણ બાબત | ૨૨ |
| | અમરેલી અને ભાવનગર જિલ્લામાં યાત્રધામના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ | ૭૩ |
| | અમરેલી જિલ્લાના ધારી તાલુકામાં નવી જી.આઇ.ડી.સી. | ૩૧૩ |
| | અમરેલી જિલ્લાના બગસરા તાલુકામાં નવી જી.આઇ.ડી.સી. | ૨૭૩ |
| | અમરેલી જિલ્લામાં ખેડૂતોને દિવસે વીજળી આપવા બાબત | ૪૧૬ |
| જગદીશ ઇ. પટેલ | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૩૩૯ |
| | અમદાવાદ જિલ્લામાં "મા" અને "મા વાત્સલ્ય" યોજના હેઠળના લાભાર્થીઓ | ૪૫૬ |
| | અમદાવાદ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ મળેલ અરજીઓ | ૭૯ |
| | અરવલ્લી જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાયની મળેલ અરજીઓ | ૧૨૫ |
| | વલાસણા બેરેજ બનાવવાની કામગીરી | ૨૨૪ |
| | કડી તાલુકામાં રોડને પહોળો કરવાનું આયોજન | ૪૮૩ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ વીજ જોડાણ | ૪૧૦ |
| જગદીશ વિશ્વકર્મા | અમદાવાદ જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૪ |
| | મહેસાણા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસ દરમ્યાન ગંભીર બિમારી ધરાવતા બાળકો | ૩૯૩ |
| | અમદાવાદ જિલ્લામાં ગુજરાત ટેક્સટાઇલ પોલિસી હેઠળ થયેલ અરજીઓ | ૨૩૪ |
| | અમદાવાદ જિલ્લામાં માઈ રમાબાઈ આંબેડકર સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૯૬ |
| | કડી તાલુકામાં રોડ બનાવવાનું આયોજન | ૪૪૨ |
| જેઠાભાઇ ઘે. આહિર | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ) | ૧૭૦ |
| | પંચમહાલ જિલ્લામાં ઈન્દિરા ગાંધી વૃદ્ધ પેન્શન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૮૨ |
| | પંચમહાલ જિલ્લામાં દીકરીઓ ભગાડી જવાના બનાવો | ૨૧૦ |
| | પંચમહાલ જિલ્લામાં લેન્ડ કમિટીની મળેલ બેઠકો | ૩૧ |
| | પાનમ ડેમના અછતગ્રસ્ત ખેડૂતોને જમીન આપવા બાબત | ૧૨૬ |
